કાઠિયાવાડ: વાળા અને કાઠી રાજવંશો

નાજભાઈ હ. વાળા



કાઠિયાવાડ:
વાળા અને કાઠી રાજવંશો

લેખક

નાજભાઈ હરસુરભાઈ વાળા (ધારી)

પ્રાપ્તિસ્થાન :

શ્રી દેસાઈ જે. ધાધલ

બ્રાહ્મણ સોસાયટી, શીવનગર સામે, અમરેલી.

શ્રી મનુભાઈ જી. ડાવેરા

૪૯, સાંઈ બાબા પાર્ક, પાણીના ટાંકા પાછળ, કાલાવડ રોડ,

રાજકોટ-૩૬૦ ૦૦૫

ફોન : ૭૮૯૦૯

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

KATHIAWAD : VALA ANE KATHI RAJVANSHO

By : Najbhai Harsurbhai Vala (Dhari)

પ્રકાશક :
ગીતમભાઈ નાજભાઈ વાળા
"શીવકુંજ" સ્ટેશન પ્લોટ, ધારી - ૩૬૫૬૪૦
મનુભાઈ ગીગાભાઈ ડાવેરા (રાજકોટ)
૪૯, સાંઈ બાબા પાર્ક, પાણીના ટાંકા પાછળ, કાલાવડ રોડ,
રાજકોટ-૩૬૦ ૦૦૫
ફોન : ૭૮૯૦૯

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૯

કિંમત : રૂા. ૨૨૫

મુદ્રક :
શ્રી પ્રવીણ પ્રકાશન પ્રા. લી.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.
ફોન :(028275) 2764 / 2967

ॐ શ્રી આદિત્યાય નમઃ

અર્પણ



સ્વ. દરબાર શ્રી ઉનડવાળા રાણાવાળા તાલુકદાર, નડાળા તાલુકા.

તે પ્રાત: સ્મરણિય પુજય મોટા બાપુ જીરવી જાણ્યા અને જીવી જાણ્યા .
તેવી જુનવટ, રાજવટ અને રખાવટને....



સ્વ. વાળા હરસુરભાઈ
ડોસાભાઈ, ધારી

તે પ્રાત: સ્મરણિય પૂજ્ય પિતાશ્રીએ રેડેલા
કર્તવ્યભાવનાના સંસ્કાર સિંચનને.....



આદરણીય
શ્રી વીઠ્ઠલભાઈ ધાધલ, અડાલજ

તે કન્યા કેળવણીના દિપમાં અમી પૂરનાર
મૂક આગેવાનના જ્ઞાતિ પ્રેમને....

આશીર્વાદ અને આવકાર

મુરબ્બીશ્રી નાજભાઈ વાળા દ્વારા કાઠી સમાજના ઇતિહાસનું પુસ્તક પ્રકાશિત થાય છે ત્યારે ખૂબ હર્ષ અનુભવું છું. આ પુસ્તક ઇતિહાસ અંગે સંદર્ભ ગ્રંથ તરીકે ઉપયોગી થશે તેવું મારું માનવું છે. ઇતિહાસ બાબત એમ કહેવાય છે કે દરેક વ્યક્તિએ પોતાની કોમનો અને પૂર્વજનો ઇતિહાસ વાંચવો જોઈએ. જેનાથી બે ફાયદા થાય છે. એક તો પોતાની કોમમાં અને કુળમાં થઈ ગયેલા આદિપુરુષોનો ઉજળો ઇતિહાસ વાંચવાથી અને જાણવાથી વ્યક્તિમાં કુળ ગૌરવ પેદા થાય છે. અને પોતે પણ સારું જીવન જીવીને ઇતિહાસના ઉજળા પાત્ર બનવાની ઉત્કંઠા જાગે છે. બીજી બાબત પણ ઘણી મહત્ત્વની છે કે ઇતિહાસમાં પૂર્વે થયેલી ભૂલોનું મૂલ્યાંકન થઈ શકે છે. અને આવી ભૂલોનું પુનરાવર્તન ન થાય તેના પાઠ શીખવા મળે છે. આમ બન્ને રીતે ઇતિહાસ જાણવો ખૂબ જરૂરી છે.

કદાચ ભાષાકિય વિશાળ દરિયામાં વધારેમાં વધારે ઊંડો અને વધારેમાં વધારે વિશાળતા ધરાવતો કોઈપણ શબ્દ હોય તો તે "ઇતિહાસ" શબ્દ છે. જે ચાર અક્ષરનો બનેલો છે, છતાં માનવ ઉત્પત્તિથી લઈને અત્યારે વર્તમાન સમય સુધીના જીવનની સારી-નરસી વ્યાખ્યા તેમાં સમાઈ જાય છે. માટે આ શબ્દ જેટલો સરળ છે, તેટલો જ ગંભીર અને અઘરો પણ છે. તેથી આવા અઘરા વિષયને ન્યાયી સ્વરૂપ આપવા માટે ઇતિહાસકાર કે લેખક ખૂબ જ તટસ્થ હોવો જરૂરી છે. આવા અઘરા વિષયના પુસ્તક માટે મુરબ્બી શ્રી નાજભાઈએ જે પ્રયત્ન કરેલ છે, તે ખૂબ જ પ્રશંસનિય છે.

જેઓ ઇતિહાસકાર કે વ્યવસાયિક લેખક તરીકે ન હોવા છતાં જેઓમાં ઇતિહાસના પાત્રો અને પૃષ્ઠો ઉકેલવાની આગવી સુઝ છે. તે ખરેખર આશ્ચર્ય પમાડે છે.

આજે જ્યારે સ્વતંત્ર વિચારો અને લેખનો રજૂ કરવાના ઓઠા નીચે ઐતિહાસિક પુસ્તકોમાં પોતાની કલ્પના ભેળવીને જે ભેળસેળ કરવાનો યુગ ચાલી રહ્યો છે, ત્યારે ખૂબ જ તટસ્થ રીતે ઐતિહાસિક દૃષ્ટિકોણથી મુરબ્બી શ્રી નાજભાઈ વાળાએ પોતાના પુસ્તકને ઐતિહાસિક સંદર્ભ પુસ્તક તરીકે કામ લાગે તેવું પુસ્તક આપણા સામે મૂક્યું છે. અને તેથી જ પહેલા બતાવેલ લેખકોના દોષોથી મુક્ત રહ્યા છે તેમ જણાવું તો ખોટું નથી.

આ પુસ્તક સમાજમાં ખૂબ આદર પામશે તેવું મારું માનવું છે. તેમના આ મેધાવી પુરુષાર્થને મારી શુભકામના સાથે આશીર્વાદ છે.

લી.

- મહંત મહારાજશ્રી વલકુબાપુ

પૂ. શ્રી દાનમહારાજની જગ્યા,

ચલાલા.

ઇતિહાસ અને આપણે...

મારા શુભેચ્છક મિત્ર અને જ્ઞાતિહિતનાં સારા કામ કરવા સદાય તત્પર એવા નાજભાઈ હરસુરભાઈ વાળા આપણી જ્ઞાતિના વિદ્યમાન વ્યક્તિ છે. મારો એમની સાથેનો પરિચય જ્ઞાતિનાં સાહિત્યનાં કારણોસર અવારનવાર થતો રહ્યો છે. એમણે જ્ઞાતિનાં - વ્યક્તિગત અને સામૂહિક હિતકર કામો કાયમ હૈયે રાખ્યાં છે એનો હું ઘણી રીતે સાક્ષી છું.

ઘણા સમયથી નાજભાઈની મહેચ્છા હતી કે જ્ઞાતિનો વ્યવસ્થિત અને બિન-વિવાદાસ્પદ ઇતિહાસ લખવો. પરંતુ દૂર દૂરના પ્રદેશોમાં, છૂટક છૂટક પથરાયેલી કાઠી-ક્ષત્રિય જ્ઞાતિનો ઇતિહાસ મેળવવો - મિંડવવો અને તેનાં તથ્યો સુધી પહોંચવાનું - એવું તો અઘરું છે કે ઝવેરચંદ મેઘાણીએ પણ આ કામને "સાગર વલોવવા" જેવું અઘરું તો ગણાવ્યું પણ પાંચ વરસનો સળંગ સમય પણ ઓછો પડે એમ કહેલું. આમ છતાં નાજભાઈ, એના સંકલ્પ પર અડગ હતા. ગયા વરસે, એમણે જૂનાગઢ મુકામે કાઠી કન્યા છાત્રાલયમાં જ્ઞાતિના વહીવંચા બારોટો અને ઇતિહાસના જાણકાર એવા જ્ઞાતિના વિદ્વાનોની એક સભા બોલાવેલી. એમાં હું પણ હતો અને ભાઈ પ્રદ્યુમ્ન ખાચર પણ હતા. આખા દિવસની ચર્ચાવિચારણા પછી જાણકારો મારફતે જે વિગતો મળી તે મેળવી. વત્તા કાઠી ક્ષત્રિયો વિશેના ઇતિહાસવિદોના લેખો, નોંધો પણ મેળવ્યાં અને આ વિષે પોતે વિસ્તૃત રીતે લખશે એવો નિર્ણય જાહેર કર્યો હતો પણ આ પહેલાં ભાઈ ખાચરે ઉતાવળે, પોતે મેળવેલી વિગતો કે નોંધોના આધારે પુસ્તિકા પ્રગટ કરી દીધી અને ઘણી બાબતો અધ્યાહાર અને અપૂર્ણ રહી ગઈ અને પુસ્તક માટે ઘણા વાદવિવાદ પણ થયા.

ખેર! આજે શ્રી નાજભાઈએ પોતાના સંકલ્પને સિદ્ધ કરવા ત્રણેક વર્ષની મહેનત અને મથામણ કરીને "વાળા અને કાઠી રાજવંશો"ના ઇતિહાસની હસ્તપ્રત પ્રેસમાં મોકલી આપી છે. આર્થિક રીતે, વ્યક્તિગત કોઈનેય ન પરવડે તેવું કામ, અત્યારે નાજભાઈએ મોટું ખર્ચ કરીને પણ આરંભ્યું છે. મેં પ્રત જોઈ નથી પણ નાજભાઈની ધગશ અવશ્ય જોઈ છે. તેમણે વાળાવંશથી અન્ય સાખાયત અને અવરતિયા શાખાઓનું સંકલન કર્યું છે. વત્તા પ્રાચીનતમ વિગતો ઉપલબ્ધ કરીને, શક્ય પ્રમાણમાં ઇતિહાસને વફાદાર ને વફાદાર રહેવાનો તેમનો પ્રયાસ છે.

આ પુસ્તક હવે ટૂંક સમયમાં બહાર પડશે ત્યારે જ્ઞાતિના સંપન્ન અને સમૃદ્ધ મિત્રોને વિનંતી કરવાનું ઉચિત સમજાય છે કે આ મિત્રો કમ સે કમ સારા પ્રમાણમાં - વધારેમાં વધારે પુસ્તકની નકલો ખરીદીને સૌને વહેંચે. જેથી લેખકના શ્રમને ન્યાય મળી રહે - વાત ઘર ઘર સુધી પહોંચે.

પુસ્તક જ્યારે જ્ઞાતિજનોના હાથમાં આવશે ત્યારે હું માનું છું કે જ્ઞાતિના વિશદ્દ ઇતિહાસનો પ્રમાણબદ્ધ અને વ્યવસ્થિત ગ્રંથ સૌને માટે ઉપલબ્ધ બનશે.

સમાજની ઊછરતી પેઢીને, આ પુસ્તકમાંથી ગૌરવભર્યું જ્ઞાન મળશે અને પોતે કેવા પ્રતાપી પુરુષોના વારસદાર છે તેનો બોધ પણ થશે. ઉપરાંત એ થોડા સાવધાન પણ બનશે કે અમારા થકી થતો સામાજિક વહેવાર અને વર્તન કેવાં હોવાં જોઈએ. કમ સે કમ દુર્વ્યવહાર તો ન જ કરાય એવું આત્મભાન પણ પ્રગટશે.

કાઠી ક્ષત્રિયોનો ઇતિહાસ વાંચીને, એના સમર્પણ અને શહીદીને કારણે અન્ય જ્ઞાતિઓ પણ પોતાની સમજણ સુધારશે. જ્ઞાતિ માટેના આડેધડનાં વિધાનો અને પૂર્વગ્રહો માટે પુનઃવિચારણા કરતા થશે. **ભવિષ્યમાં આ જ્ઞાતિ પ્રત્યેની પૂર્વગ્રહયુક્ત માન્યતાઓમાં પરિવર્તન આવશે.** આમ પરસ્પરની સમજણથી શાંતિ અને સંપ જળવાતાં સામાજિક સમતુલા સ્થપાશે. આપણા ઇતિહાસનું હાર્દ અને હેતુ આ હોવાં ઘટે...

કોઈ પણ વિદ્યાવાન વિદ્વાન જ્ઞાતિજન સહજ રીતે એવું ઇચ્છે કે આ ઇતિહાસ વાંચીને, એના મંથન પછી, વર્તમાન સંજોગો અને સ્થિતિનો સમજણપૂર્વક સ્વીકાર થાય અને ધરાતળે જિવાતાં જીવનનો વાસ્તવિક વિચાર થાય, કલ્પનાના તરંગો અને અતિશયોક્તિ બાદ થાય. ભૂતકાળની ઘટનાઓ વાગોળી શકાય પણ અમલી ન બનાવાય, અને જો આમ થાય તો જ, પાછળની પેઢીઓ, પૂર્વજોનો ઐતિહાસિક ભાર ઝીલી શકે અને જાળવી શકે.

કાઠી ક્ષત્રિયોનો ઇતિહાસ અલબત્ત ઊજળો છે. પણ આપણી પાસે, અત્યાર સુધી જે રીતે એ રજૂ થતો રહ્યો છે, વાર્તારૂપે એને આપણે કાનસ્થ કર્યો છે, એટલો બધો એ ગુણલક્ષી નથી જ. ભૂતકાળમાં આપણે ન કરાય એવી અને એટલી ભૂલો પણ કરી છે. પરિણામે આપણી શક્તિ, સંગઠન, સમજણ અને ડહાપણને સારી એવી હાનિ પહોંચી છે. આપણી આગળ શિક્ષણ નહિવત્ હોવાના કારણે, આપણે એવા ગ્રંથો વાંચી શક્યા નથી અને કથનકળાની સારી રીતે આપણી પાસે આવેલી વાતો પર મુસ્તાક રહ્યા છીએ. આપણી આગળ કથાઓ, કહેણીઓ અને દુહાઓ દ્વારા યુદ્ધકથાઓ, ગર્વકથાઓ, દાતારીની કથાઓ રજૂ થઈ છે. આ બધું આપણા માટે અહંકારને પોષક બન્યું છે. પરિણામ એ આવ્યું કે યાસે-અનાયાસે, એને જીવવાનો આપણો અભરખો ઊછરતો રહ્યો! આપણે અકારણ વટ, વેર, અહમ્, ઈર્ષા, મોટપ, મોભો અને ઉદારતાનાં તકલાદી પગથિયાં પર ઊભા રહ્યા! વાસ્તવિક જીવન પ્રત્યે આંખો મીંચી દીધી અને આના લઈને આજે પણ આપણે મોભાની, મોટપની અને અહંકારની ગાંસડીઓ માથા પર લઈને ફરતા હોવાથી આપણે ન તો સંગઠન સાધી શક્યા કે ન તો સમાજ સાથેની સમરસતા! તક મળી છે ત્યારે હાથ જોડીને કહેવાનું મન થાય છે કે આવી યુદ્ધકથાઓ, દાનકથાઓ, વટકથાઓથી આપણે વર્તમાનમાં નથી તો જીવી શક્યા કે નથી તો તેમાંથી છૂટી શક્યા. પરિણામે સમાજના ઉત્કર્ષનાં, વિકાસનાં જે બારીબારણાંઓ છે તે આપણે હાથે જ, આપણે બંધ કરીને તાળાં વાસી રહ્યા છીએ! આપણાં મુખપત્રો બંધ થતાં જાય છે. આપણી બોર્ડિંગોમાં કાગડા ઊડે છે. રાજકારણમાં પ્રવેશી ચૂંટણી લડતા આપણા જ ભાઈઓ, આપણા થકી જ હારી રહ્યા છે. મતભેદો ભલે હોય પણ આપણા

મનભેદો આવા અણીના સમયે પણ સપાટી પર આવી જાય છે. આપણો કુસંપ, ઈર્ષા અને ચરણખેંચ, સૌ જુવે એ રીતે ખુલ્લા પડે છે. આપણા કુસંપનો લાભ સામા પક્ષે ભરપેટે લેવાય છે. આપણે વેરવિખેર, બિનસંગઠક અને અશક્ત છીએ તેવી નોંધ રાજકારણીઓ લ્યે છે. આથી આપણો અવાજ કે આપણું વજન ત્યાં પણ નથી રહ્યાં!

કારજ કે ઉત્તરક્રિયામાં હજારોની સંખ્યામાં આપણે ઊભરીએ છીએ, પણ જ્ઞાતિના સંગઠન કે શિક્ષણની વાતે ભેગા થવાનું હોય તો માંડ દશમો ભાગ હાજર રહે છે! હજી આજની તારીખ સુધી આપણી મૂડી શિક્ષણને બદલે, કાવા-કસુંબા અને ચાના રંધેડામાં ખર્ચાય છે. આ બધું ક્યાં સુધી નભશે? ભાવિ પેઢીને આપણે શું આપવાના છીએ? આવો વિચાર કરવા માટે પણ આપણી પાસે સમય નથી. સમય આપણો ખટપટ, ઈર્ષા, આધાપાછીમાં વપરાય છે - ભરપૂર...!

માટે ભૂતકાળની વાતોને અત્યારના સમયમાં અને સંદર્ભમાં મૂલવવી કે લેવી જોઈએ. આપણું શૌર્ય અને સમર્પણ આપણા સંગઠન માટે વાપરીએ. આપણો વટ અને ગર્વ, આપણા ભાવિ વિકાસનો માર્ગ ખુલ્લો કરવામાં ખર્ચીએ. આજે માથા આપવાનો સમય નથી. પણ માથામાં ભરાઈ બેઠેલી ભૂલોને કાઢવાનો છે. આપણી જાનફેસાની, આપણાથી ગરીબ અને પાછા પડી ગયેલા આપણા ભાઈઓ માટે કરીએ. મહેમાની, વિવેકનો અતિરેક, માન-સન્માનની વધારે પડતી અપેક્ષાઓ છોડીએ. સમય સાથે અનુકૂલન સાધીએ. સમાજમાં જે વાત અસ્વીકાર્ય છે તે રસ્તે સાવધાન રહીને ચાલીએ. ખોટાં ગુમાન અને ગુલબાંગો પર કાબૂ મેળવીએ. નેતાગીરી ઊભી કરીને તેનો આદર કરીએ. આપણે છીએ એટલા સૌ નેતા નથી બની શકવાના. નેતાગીરી ઊભી કરવાની જરૂર છે.

આ બધું નિરાંતે વિચારવાથી અને વિચારવાથી આપણે ઊંચા સ્થાને પુનઃ સ્થાપિત થઈ શકીએ એટલી ગુંજાઈશ આપણી પાસે આજ પણ છે જ.

આ પુસ્તકમાંથી આપણા ઉત્તમ અંશોનું આચરણ કરીએ. ખાનદાની, રખાવટ, વચનપાલન, મમતા, પરગજુતા વગેરે ઉત્તમ છે અને તેનું આચરણ આજ પણ થઈ શકે છે. માત્ર સમજ વગરનો વટ, સમજ વગરની ખુમારી, આપણને ખુવારી સિવાય કશું જ નહિ આપે! ન કરવાનાં કામો કરીને આપણા પ્રતાપી પૂર્વજોના વારસદાર કહેવડાવવાનો કોઈ જ હક્ક નથી. આપણો ભૂતકાળ ઇતિહાસનો ગ્રંથ બનીને આવે છે ત્યારે વિવેક-ભાન સાથે વાંચન - મનન કરીએ. આ પુસ્તક આપણને આમ કરવામાં સહાયભૂત બને તેવી આશા રાખીએ. ફરીવાર, ભાઈશ્રી નાજભાઈને આવું રૂડું કામ કરવા માટે હું અભિનંદન આપું છું. આપ સૌ આ કામને રૂડી રીતે બિરદાવો એવી આશા રાખું છું. અસ્તુ.

— નાનાભાઈ હ. જેબલિયા



નેન અઢાર, શીશ નવ, ખટ ચરન ભુજ ચાર,
એતા તમને રક્ષા કરે, દનમાં દશ દશ વાર.




ભગવાન સૂર્યનારાયણ અને દેવી રન્નાદે
નવા સૂરજદેવળ



જૂના સૂર્યમંદિરની મૂર્તિઓ
૧. વાસુકીદેવ, ૨. સૂર્યનારાયણ, ૩. રન્નાદેવી.



નવા સૂરજદેવળ મંદિર



ધારી તાલુકા પંચાયતના બચત ભુવન માટે યોગીજી બાપાનું તૈલ ચિત્ર શ્રી નાજભાઈ વાળાને અર્પણ કરતાં, પ્ર. બ્ર. સ્વ. પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજશ્રી



કાઠી કન્યા વિદ્યાલય - છાત્રાલય, જૂનાગઢ



જૂનાગઢ આરઝી હકુમત

જૂનાગઢ સ્ટેટના નવાબ મહોબતખાન બાબી તા. ૯-૧૧-૧૯૪૭ના રોજ પાકિસ્તાન ચાલ્યા ગયા પછી જૂનાગઢનો કબજો ભારત સરકારના પ્રાદેશિક કમિશ્નર શ્રી નીલમ બુચસાહેબે તા. ૧૨ નવેમ્બરે સંભાળ્યા પછી યોજવામાં આવેલ ફંકશનમાં ડાબેથી -

(૧) શ્રી નિલમ બુચ રીજિયોનલ કમિશ્નર

(૨) શ્રી અમરા વાળા દરબારશ્રી, વાઘણીયા

(૩) શ્રી ઢેબરભાઈ

(૪) શ્રી શામળદાસ ગાંધી

(૫) શ્રી તારાચંદભાઈ શાહ

(૬) શ્રી વી. પી. મેનન



જસદણ મુકામે તા. ૧૩-૧-૧૯૯૬નો સન્માન સમારંભ. પ્રમુખસ્થાને : પ. પૂ. વલકુબાપુ - ચલાળા.



સન્માન સમારંભ

તા. ૧૩-૧-૧૯૯૬નો જસદણ મુકામે સન્માન સમારંભના મુખ્ય મહેમાનો વ્યાસપીઠ ઉપર બેઠેલા -

પ્રથમ હરોળમાં -

૧. પ. પૂ. હકુબાપુ - સારીંગપુર, ૨. પ. પૂ. અમરાબાપુ - પાળિયાદ, ૩. પ્રમુખ-સ્થાન (પ. પૂ. વલકુબાપુ - ચલાલા), ૪. શ્રી ભરતભાઈ બારોટ, રાજમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ૫. લોક આગેવાન શ્રી નારસિંહભાઈ પઢિયાર, ૬. શ્રી નાજભાઈ વાળા.

બીજી હરોળમાં -

૧. અમરેલી જિ. પં. ના માજી પ્રમુખ ડૉ. જસાણીસાહેબ, ૨. નિવૃત જિ. પો. અધિ. શ્રી રઘુવિરસિંહજી ઝાલા.



તા. ૧૩-૧-૧૯૯૬નો જસદણ મુકામે સન્માન સમારંભમા ઉપસ્થિત સમાજબંધુઓ



તા. ૧૩-૧-૧૯૯૬ના જસદણ મુકામે સન્માન સમારંભમાં ઉપસ્થિત સમાજબંધુઓ

જસદણ મુકામે તા. ૧૩-૧-૧૯૯૬ના રોજ સમસ્ત જ્ઞાતિની સન્માન સમિતી દ્વારા શ્રી નાજભાઈ વાળાને 'જ્ઞાતિ રત્ન' તરીકે બીરદાવી સનમાન્યા




તા. ૧૩-૧-૧૯૯૬નો જસદણ મુકામે સન્માન સમારંભ.
શ્રી નાજભાઈ વાળાને શાલ ઓઢાડી સન્માનતા, સમસ્ત કાઠી ક્ષત્રિય ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી આદરણીય શ્રી રામભાઈ વાળા



તા. ૧૩-૧-૧૯૯૬નો જસદણ મુકામે સન્માન સમારંભ
સન્માન સમારંભના કન્વીનર જસદણના માનવંતા દરબાર સા. શ્રી સત્યજીતસિંહજી ખાચર શ્રી નાજભાઈ વાળાને સન્માનપત્ર-'જ્ઞાતિરત્ન'નું બિરૂદ અર્પણ કરી રહ્યા છે.



તા. ૧૩-૧-૧૯૯૬ના જસદણ મુકામે સન્માન સમારંભમાં ઉપસ્થિત સમાજબંધુઓ



તા. ૧૩-૧-૧૯૯૬ના જસદણ મુકામે સન્માન સમારંભમાં ઉપસ્થિત સમાજબંધુઓ



તા. ૧૩-૧-૧૯૯૬નો જસદણ મુકામે સન્માન સમારંભમાં ઊભેલા મહાનુભાવા મુખ્ય મહેમાનો



સન્માન સમારંભ, જસદણ

સુ-સ્વાગતમ્

તા. ૧૩-૧-૧૯૯૬નો જસદણનો સન્માન સમારંભ



તા. ૧૩-૧-૧૯૯૬નો જસદણ મુકામે સન્માન સમારંભ
મુખ્ય અતિથિ અને સાફો-તલવાર પહેરાવી શ્રી નાજભાઈ વાળાને સન્માની સભાને
સંબોધતા પ. પૂ. અમરાબાપુ - ચલાળા



તા. ૧૩-૧-૧૯૯૬નો જસદણનો સન્માન સમારંભ
ક્ષત્રિય પ્રણાલી અનુસાર સાફો તલવાર બંધાવી, જેમને 'જાતિ રત્ન'નું બિરુદ આપી સન્માનપત્ર અર્પણ થઈ સન્માનવામાં આવ્યા તે શ્રી ન[illegible]ભાઈ [illegible] આપતા દેખાય છે.



શ્રી જૂના સુર્યમંદિર



ધારી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી નાજભાઈ વાળાને ધારી મુકામે આશીર્વાદ આપતા.
અક્ષરપુરુષોત્તમ સસ્થાના પ. પૂ. ડૉ. સ્વામી મહારાજશ્રી 'જ્ઞાનપ્રકાશ સ્વામી



ધારી તાલુકા પંચાયત પ્રમુખ શ્રી નાજભાઈ વાળાને, ધારી મુકામે આશીર્વાદ આપતા
પ્ર. બ્ર. સ્વ. પ. પૂ. પ્રમુખસ્વામીશ્રી





દાનવીર દંપતી

મા કુંવરબા, જીવાપર

(દરબાર મોટા આલા ખાચર, જસદણના કુંવરી)

બાપુ નાજા ધાધલ, જીવાપુર

કાઠી સમાજને અણમોલ દેણગી

૦. ઈ. સ. ૧૯૩૫માં નવા સૂરજદેવળ તેમજ મૂર્તિ પ્રતિષ્ઠામાં જેમની અણમોલ દેણગી હતી.

૦. કાઠી બોર્ડિંગ માટેની તેમની સખાવતથી તે વખતમાં પ્રાતઃસ્મરણીય મરહૂમ મહારાજ કુમાર હરભમજીસાહેબ, મોરબીએ ઊભી કરેલી રાજકોટની ગરાસિયા બોર્ડિંગમાં અભ્યાસ ખંડ બાંધી અપાયો હતો.


MAP OF
KATHI POSSESSIONS IN KATHIAWAR
By Order of Col J W Watson
કાઠિયાવાડના કાઠી રાજ્યો બતાવતા નકશો.
No. 1. WALAS વાળા
No 2. KHACHARS ખાચર
No. 3. KHUMANS ખુમાણ
No 4. BABARIAS બાબરીયા
No. 5. HATTIS હાટી
No. 6. KHAVADAS ખાવડ

કાઠી સંસ્કૃતિલક્ષી કિંમતી સામગ્રીનું ઊંડીસૂઝથી વિવેકપૂર્ણ અને તર્કપૂર્ણ નિરૂપણ

સીત્તેર વર્ષની જૈફ વયે પણ અધ્યયનશીલ પ્રકૃતિને ઇતિહાસની પ્રાપ્તમુદ્રિત સામગ્રીના સતત સંપર્કમાં રહેવાને કારણે શ્રી નાજભાઈ હરસુરભાઈ વાળાને લાગી આવે કે ઘણાં બધા ઐતિહાસિક આધારો, દસ્તાવેજો, પ્રમાણોથી પોતે પરિચિત છે પણ ઘણા બધા અભિજ્ઞિત નથી તો એમને કેટલીક ખરી પ્રચલિત સામગ્રી સુલભ કરાવી આપવા તથા એને આધારે ઘડાયેલી પોતાની માન્યતાથી પરિચિત કરાવવા માટે બધું એકસાથે પ્રકાશિત કરીને પ્રસ્તુત કરવું જોઈએ. એમના આવા સુ-વિચારનું સુફળ 'કાઠિયાવાડ : વાળા અને કાઠી રાજવંશો' ગ્રંથમણિ છે.

ભારતમાં ઇતિહાસ લેખનની પરંપરા અતિ પ્રાચીન છે. એ પરંપરાનુસાર ઐતિહાસિક સાંસ્કૃતિક ઘટનાઓને ચારણ કે બારોટ દ્વારા કાવ્યમાં વણી લઈને કંઠસ્થ રાખવામાં આવતી, જે વંશપરંપરાગત રીતે જળવાતી. કાળક્રમે તેમાં પરિવર્તન આવ્યું અને મુસ્લિમો તેમજ અંગ્રેજોએ ભારત પર વર્ષો સુધી શાસન કર્યું અને સ્વાભાવિક રીતે જ કુટનીતિજ્ઞસભર એ વિધર્મી શાસકોએ ભારતીય ઇતિહાસની પરંપરાને નષ્ટ કરવા માટે કેટલાંક વિકૃત ઇતિહાસો તૈયાર કરાવ્યાં, તેમજ તેમને અભિપ્રેત એવા દૃષ્ટિકોણથી ઇતિહાસમાં આવશ્યક ફેરફારો પણ કરાવ્યાં. અલબત્ત, આમ કરવા જતાં તેઓએ ક્વચિત અલ્પમાત્રામાં ભારતીય ઇતિહાસની ઘટનાઓનું જતન તો તેમના દ્વારા થયું એ નોંધ પણ અવશ્ય લેવી જોઈએ.

અંગ્રેજોની નાગચૂડમાંથી ભારત સ્વતંત્ર થયાં પછી, ભારતીય વિદ્વાનો અને ઇતિહાસ રોને સમજાયું કે વિધર્મીઓએ આપણી સાંસ્કૃતિક પરંપરાને - ધરોહરને ભારે મોટું નુકસાન પહોંચાડેલું છે. આથી તેનો પ્રતિકાર કરવા માટે ભારતીય અભિગમથી અને તટસ્થ દૃષ્ટિથી આપણો ઇતિહાસ પુનઃઆલેખાય એ અત્યંત જરૂરી હતું. તેમાં પણ સ્થાનિક ઇતિહાસ તો જે તે જ્ઞાતિની વ્યક્તિ કે એ સ્થળ સાથે સંકળાયેલ વ્યક્તિ જ આલેખે તે બાબત અત્યંત આવશ્યક હતી. અલબત્ત, આમ કરવાથી કેટલાંક ભયસ્થાનો અવશ્ય રહે છે, પરંતુ તેમ છતાં ઇતિહાસકાર વિવેકપૂર્વક પૂરો તટસ્થ રહી ...ર-ક્ષીર દૃષ્ટિબિંદુથી વિગતોને પ્રસ્તુત કરે તો તેમાંથી બચી શકાય, અન્યથા એ કાચી સામગ્રીને પણ આધારે ભાવિ ઇતિહાસકારો વિશ્લેષણાત્મક દૃષ્ટિકોણથી એ બધી પ્રાપ્ય વિગતોનું મૂલ્યાંકન કરીને તેને ઇતિહાસમાં પ્રસ્તુત કરી શકે. છેલ્લાં કેટલાંક વર્ષોથી આપણે ત્યાં પ્રત્યેક પ્રાંત કે જ્ઞાતિનો ઈતિહાસ તૈયાર થઈ રહ્યો છે. વિક્રમસિંહ રાયજાદાકૃત 'ચૂડાસમા રાજવંશની પ્રચલિત કવિતા' ગ્રંથ નિમિત્તે ચૂડાસમા રાજવંશનો ઇતિહાસ પ્રસ્તુત કર્યો. એવો જ એક બીજો પ્રયત્ન રૂપે ઢાંકના વાળા દરબાર શ્રી સહદેવસિંહજીએ 'વાળા રાજપૂતો અને સૂર્યવંશ' નામના ગ્રંથ દ્વારા કરેલો.

હવે કેટલીક પૂર્તિરૂપ વિગતો અને કાઠી સમાજમાં પ્રવતર્તી પરંપરાની સામગ્રીથી સભર 'વાળા અને કાઠી રાજવંશો' નામનો ગ્રંથ શ્રી નાજભાઈ હરસુરભાઈ વાળાએ ભારે જહેમત લઈને તૈયાર કરેલો એ પ્રકાશિત થઈ રહ્યો છે.

વાળા રાજપૂતો અને કાઠી દરબારો ભિન્ન હોવાનું દર્શાવતો મત પ્રસ્તુત કરનારા શ્રી સહદેવસિંહજી વાળાથી વિભિન્ન પ્રચલિત એવી સામગ્રી દ્વારા 'કાઠિયાવાડ: વાળા અને કાઠી રાજવંશો' ગ્રંથ તૈયાર થયો હોઈને આ ગ્રંથ પણ ઇતિહાસ લેખકો માટે અત્યંત મહત્ત્વનો બની રહેશે. કેમ કે, શ્રી નાજભાઈ હરસુરભાઈ વાળાએ પોતાની માન્યતાને સમર્થનરૂપ પરંપરામાં પ્રચલિત ઐતિહાસિક સામગ્રીને તર્કબદ્ધ રીતે અત્રે સુવ્યવસ્થિત રીતે ગોઠવીને પુનઃમુદ્રિત કરી છે અને પોતાના તરફથી ઉમેરણરૂપ વિગતો પણ રજૂ કરી છે. નાજભાઈ હરસુરભાઈ વાળાના આવી ઊંડી સૂઝથી સભર અભિગમને કારણે અધ્યનશીલ મનોવૃત્તિ ધરાવતાં અભ્યાસી વિદ્વાનો માટે ઘણો માર્ગદર્શક બની રહેશે.

શ્રી નાજભાઈ હરસુરભાઈ વાળાએ આ બધી પ્રચલિત વિગતોનું એકત્રીકરણ અને પછી ચયન કરવામાં પણ સૂક્ષ્મ વિવેકદષ્ટિ જાળવી જણાય છે. તેમણે વેદ, મહાભારત અને પુરાણોમાંથી આધારો શોધીને અત્રે પુરોગામીના નામ-સંદર્ભ સાથે પ્રસ્તુત કર્યા છે. આથી પ્રારંભથી જ બહુ સ્પષ્ટ રીતે તેમણે ભારતીય પરંપરાને રજૂ કરી જણાય છે. અલબત્ત, સાથોસાથ તેમણે અંગ્રેજ અને મુસ્લિમ વિદ્વાનોએ કરેલાં ઉલ્લેખો પણ મુદ્રણ સંદર્ભ સાથે નોંધ્યા છે. એ પછી પંજાબમાંથી સ્થળાંતર કરતાં કરતાં કાઠીઓ કેવી રીતે સૌરાષ્ટ્રમાં આવ્યા? એ બધી વિગતો તેમણે ઐતિહાસિક ક્રમમાં અત્રે પ્રસ્તુત કરી છે. આ માટે તેમણે વહીવંચા બારોટોની વહીઓ અત્રે ચારણી સાહિત્યનાં પ્રશસ્તિ કાવ્યોમાંથી મળતી વિગતોને આધારે સ્થાપના કરી છે. છત્રીસ શાખાનાં રાજપૂતોમાં કાઠીઓનો પણ સમાવેશ થાય છે. આ કાઠી જ્ઞાતિની વિવિધ પેટા શાખાઓ, તેમનાં રીતરિવાજો અને આગવી જીવનશૈલીવિષયક વિગતો દર્શાવતી વખતે તેને સમર્થિક કરતી ઐતિહાસિક બાબતોને તેમણે આલેખી છે. છેલ્લાં એક હજાર વર્ષ દરમિયાન બનેલી મહત્ત્વની ઐતિહાસિક ઘટનાઓ સાથે સંકળાયેલ કાઠીઓની વિગતો આપીને તેમણે તર્કબદ્ધ રીતે કાઠી સંસ્કૃતિનો પરિચય કરાવ્યો છે, એટલું જ નહિ આ પ્રદેશને કાઠિયાવાડ એવું નામાભિધાન મળ્યું, તેની પાછળ પણ કાઠી સંસ્કૃતિની મહત્તા જ રહી છે, એ બાબત પ્રત્યે તેમણે અત્રે અંગુલિનિર્દેશ પણ કર્યો છે.

લેખકે ઇતિહાસનાં આલેખનમાં વહીવંચા બારોટોની વહીઓ, ચારણી પરંપરાનાં પ્રશસ્તિ કાવ્યો અને પ્રચલિત દંતકથાને મૂકીને તેનું ઐતિહાસિક સ્ત્રોત તરીકેનું મહત્ત્વ અત્રે ચીંધી બતાવ્યું છે, પરંતુ હવે આ પ્રકારની સામગ્રીનો ઇતિહાસ લેખનમાં વિનિયોગ કરતી વખતે અભ્યાસ સંશોધકે સૂક્ષ્મવિવેક રાખવો જરૂરી છે. કેમ કે, આ પ્રકારની સામગ્રીમાં ત્રણ પ્રકારે વસ્તુ-વિષયસામગ્રી નોંધાયેલ હોય છે. જેમ કે :-

(૧) વિરોધીઓ દ્વારા રચાયેલ ગીતો, વહેતી કરાયેલ દંતકથાઓ, (૨) પક્ષપાતીઓ

કે આત્મીયઓ દ્વારા લખાયેલ ગીતો કે વહેવડાવેલી માન્યતાઓ અને (૩) તટસ્થ કવિઓ દ્વારા રચાયેલ ગીતો કે દંતકથાઓ, આ ત્રણેય પ્રકારની સામગ્રીની કંઠસ્થ પરંપરામાં સેળભેળ થતું રહેલ હોય છે. આથી બહુ જ ઝીણવટથી આનુષંગિક કે પુરાવાઓની ચકાસણી કરીને પછી પૃથક્કરણાત્મક દૃષ્ટિબિંદુથી સામગ્રીને તપાસીને એને ખપમાં લેવાવી જોઈએ. તેમજ તેનું મૂલ્યાંકન કરતી વખતે આ ઇતિહાસકારે સામાજિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, ઐતિહાસિક અને લૌકિક પરંપરાને દૃષ્ટિ સમક્ષ રાખવી પડે છે, ચારણી સાહિત્ય અને વહીવંચા બારોટની બારોટી પરંપરાના સાહિત્યનું નીરક્ષીર વિવેકદૃષ્ટિથી અધ્યયન કરી તેનો ઉપયોગ થાય તો તે ઇતિહાસ થાય.

એક વિદ્વાન ઇતિહાસકારે કહ્યું છે કે :

- 'આધાર નહીં તો ઇતિહાસ નહીં.' વસ્તુત: તો ઇતિહાસકારે પૂર્ણ ધૈર્ય, ખંત અને ઉત્સાહથી ઐતિહાસિક આધારો શોધવા પડે છે. કેમ કે, પ્રત્યેક ઘટના પોતાની પાછળ કોઈક ને કોઈક અવશેષ છોડી જાય છે જ, પરંતુ એ અવશેષો - વિગતો સુધી પહોંચવાને બદલે ઉતાવળે અપાયેલા અભિપ્રાયો ભયપ્રદ છે. તેને બદલે લેખકે અહીં પોતાની મર્યાદા સ્પષ્ટ રીતે સ્વીકારીને ઇતિહાસ આલેખવાને બદલે ઐતિહાસિક સામગ્રીનું એકત્રીકરણ કરી આપીને ભાવિ ઈતિહાસકારોને સગવડતા કરી આપી છે, તેમજ અભ્યાસી સંશોધકોને, વિદ્વાનોને પણ તટસ્થ રીતે આ અંગે આગળ વધવા પ્રેર્યા છે. તેમાં તેમણે કર્નલ ટોડ, કિનકેડેડ જેવાં પશ્ચિમી ઇતિહાસકારોને પણ ટાંક્યા છે. તો કે. કા. શાસ્ત્રી, માવદાનજી રત્નુ અને શંભુપ્રસાદ દેસાઈ જેવાં તળ સૌરાષ્ટ્રનાં સુખ્યાત ઇતિહાસકારોએ આલેખેલ વિગતો પણ રજૂ કરી છે. એજ રીતે કાઠી જ્ઞાતિ અંગે આ પૂર્વે થયેલાં સંશોધનો, જ્ઞાતિનાં વિદ્વાનો પાસેની વંશપરંપરાગત સચવાયેલ વિગતો અને કંઠસ્થ પરંપરામાં પ્રાપ્ત વિગતોને તેમણે અત્રે એકત્રિત કરી આપી છે. અઢાર પ્રકરણ અને ૩૨૮ જેટલા પૃષ્ઠમાં આલેખાયેલા આ ગ્રંથમણિ આ રીતે ભરપૂર ઐતિહાસિક સામગ્રી અત્રે એકસાથે સમાવિષ્ટ થઈ છે. આ બધી સામગ્રીને આધારે, શુદ્ધ ઐતિહાસિક દૃષ્ટિકોણથી જો કાર્ય થાય તો ઇતિહાસની અનેક ખૂટતી કડીઓને જોડી શકાય તેમ છે, લેખકે પરિશિષ્ટમાં આપેલી વિગતો પણ 'કાઠિયાવાડના વાળા અને કાઠી રાજવંશોની પેટા શાખો'ને દર્શાવે છે, તેમજ તેમનાં ગામ-ગરાસવિષયક વિગતો દર્શાવે છે. આ દૃષ્ટિએ આ બધા પરિશિષ્ટો રાજકીય સાંસ્કૃતિક ઇતિહાસ માટે પણ અત્યંત મહત્ત્વનાં જણાય છે.

ઈતિહાસ લેખનની પ્રવૃત્તિ અત્યંત જટીલ અને અસિધાર પર ચાલવા જેવી છે. ઇતિહાસકાર પાસે અનેકવિધ સૂઝ-બૂઝ અને તટસ્થતાની અપેક્ષા તો હોય જ છે, પરંતુ તત્કાલીન સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને લૌકિક પરંપરાનું અભિજ્ઞાન પણ અત્યંત આવશ્યક છે, એ બધાનો સુગમ સમન્વય કરીને જો કાર્ય થાય તો તે જ વિદ્વાનોમાં સ્વીકાર્ય બને છે. ભારતીય ઇતિહાસ પરંપરાનો આદર્શ પ્રસ્થાપિત કરનાર મલ્લિનાથે એક સૂત્ર આપ્યું છે કે : 'નામૂલં લિખિયતે કિંચિત્' - આધાર વગર કશું જ

ન લખવું.' આજનાં ઇતિહાસકારોએ આ સૂત્રને જીવનમાં ઉતારવા જેવું છે. કેમ કે, કોઈપણ જાતનાં રાગદ્વેષ કે પ્રેમભાવથી આલેખાયેલ વિગતોને સાચા ઇતિહાસમાં ક્યારેય સ્થાન મળી જ ન શકે. આવો પ્રેમભાવપૂર્ણ કે તેજોધ્વેષયુક્ત ઇતિહાસ - ઇતિહાસ ન રહેતાં મિથ્યા વિતંડાવાદ બની રહે છે.

અહીં શ્રી નાજભાઈ હરસુરભાઈ વાળાએ આવો કોઈ અભિનિવેશ દાખવ્યો નથી પણ પ્રચલિત પરંપરિત સામગ્રી સંદર્ભ સાથે પુનઃમુદ્રિત કરીને ઉપરાંત પોતાને અભિપ્રેત સત્યને આધાર પ્રસ્તુત કરીને એક દષ્ટિબિંદુ પ્રસ્તુત કર્યું છે. આ દ્વારા માત્ર કાઠી સંસ્કૃતિ જ નહીં પણ ખરા અર્થમાં ભારતીય સંસ્કૃતિના એક તેજસ્વી અને ગતિશીલ ધવલ ધારાનો પરિચય પ્રાપ્ત થાય છે. આથી તેઓ માત્ર જ્ઞાતિરત્ન ન બની રહેતા ભારતરત્ન બની રહે છે. નિર્વ્યાજ ભાવે પદ-પ્રાપ્તિની અપેક્ષા વગર પ્રચલિત સત્યને પ્રસ્તુત કરીને એક જ્ઞાતિનું સંતસંસ્કૃતિમાં, સામાજિક વિકાસઉત્થાનમાં રાજકીય ઐતિહાસિક ઘટનાના નિર્માણમાં કેવું મોટું યોગદાન છે એનો આધાર નિર્દેશ અત્રેથી પ્રાપ્ત થતો હોઈને 'કાઠિયાવાડ : વાળા અને કાઠી રાજવંશો' માત્ર સામાન્ય ગ્રંથ ન બની રહેતા અસામાન્ય ગ્રંથમણિના સ્થાન અને માનને પ્રાપ્ત કરે છે. ઇતિહાસ-લેખકોને શાસ્ત્રીય વિશ્લેષણ અને શુદ્ધ મૂલ્યાંકન માટે ભરપૂર સામગ્રી સુલભ બનાવી આપવા બદલ ઇતિહાસલેખકો નાજભાઈ હરસુરભાઈના ઋણી બની રહેશે. આપણને રાહ છે સહદેવસિંહજી વાળા વિક્રમસિંહજી રાયજાદા અને હરસુરભાઈ વાળાના ખભા ઉપર બેસીને ભાવિ પેઢીને ગુજરાતના રાજકીય, સાંસ્કૃતિક ઇતિહાસનું દિગ્દર્શન કરાવનાર સંજયની, સંજયદષ્ટિની, યુધિષ્ઠિરના રાજ્યારોહણના અને ભારતીય સંસ્કૃતિનો બાવનમી શતાબ્દીમાં મંગલપ્રવેશ થઈ રહ્યો છે એની પૂર્વ સંધ્યાએ શ્રી નાજભાઈ હરસુરભાઈ વાળા તરફથી પ્રાપ્ત આ સામગ્રીના વધામણા કરીએ, એને વધાવીએ, ઓવારણા લઈએ અને નૂતન પેઢીના અભ્યાસીઓ વતી શ્રી નાજભાઈ હરસુરભાઈ વાળાને કહીએ કે અનુગ્રહિતોસ્મિ. આપનો અમારા ઉપર અનુગ્રહ થાય છે. અભિનંદન....

ચૈત્ર સુદ - એકમ ૨૦૫૫ - વર્ષ પ્રતિપદા દિવસ.
બાવનમી શતાબ્દી આરંભદિન,
અંગ્રેજ દિનાંક ૧૮-૩-૧૯૯૯.

- બળવંત જાની
પ્રાધ્યાપક અને અધ્યક્ષ,
ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫

નમ્ર નિવેદન

ઈ. સ. ૧૯૩૧ના ઑગસ્ટ માસનો કાઠી રાજપૂત માસિકનો અંક ઈ. સ. ૧૯૪૭માં મારી વિદ્યાર્થી અવસ્થામાં મને વાંચવા મળેલો. તેમાં પાડરશીંગા ગામના ખુમાણ દરબાર રાવતભાઈ દેસાભાઈનો એક લેખ પ્રસિદ્ધ થયો હતો. રાવતભાઈ દેસાભાઈ વિદ્વાન લેખક હતા. તેમના વિદ્વત્તાપૂર્ણ પુસ્તકો પ્રસિદ્ધ થયેલાં છે. ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્ય મંત્રી અને ગુજરાતના લોકલાડીલા આગેવાન ડૉ. જીવરાજભાઈ મહેતાના સહકાર્યકર તરીકે રાવતભાઈએ આઝાદીની લડતમાં કામ કર્યું હતું. તેમના આ લેખની નકલ મેં અત્યાર સુધી સાચવી છે.

આ લેખ, અંગ્રેજ ચિંતક સીસરોના મંતવ્યને ટાંકીને લખાયો હતો. લેખનું શીર્ષક હતું. :

``History is the light of truth and the teacher of life."

- Cicero

(ઈતિહાસ સત્યનો પ્રકાશ અને જીવનનો શિક્ષક છે.)

તે લેખનો ટૂંકસાર એવો હતો કે :

પાછા પડી ગયેલ કોઈ પણ માનવજાતના પુનઃઉત્થાનનું કામ કરનાર ઇતિહાસ જેવું બીજું કોઈ સાધન નથી. પાછળ રહી જનારને તે પ્રેરણાદાયી બની શકે છે. કોઈ દેશ કે જાતિના નાશથી જે હાનિ થાય છે તેથી સવિશેષ હાનિ તે દેશ કે જાતિના ઇતિહાસના નાશથી થાય છે તેવું ઘણા પંડિતોનું માનવું છે.

તેમણે લેખમાં લખ્યું છે કે કાઠી રાજપૂત જ્ઞાતિ કયા દેશમાંથી કાઠિયાવાડમાં આવી અને તેણે સૌરાષ્ટ્રને કેવી રીતે કાઠિયાવાડ કહાવ્યો તે વાત હજુ અંધારામાં છે. કાઠી રાજપૂત જ્ઞાતિનો એક પણ ઇતિહાસગ્રંથ મારા જોવામાં આવ્યો નથી. આ સમાજના ડાહ્યા માણસોએ તેમ કરાવવું જરૂરી છે. સમાજના સુખી અને સમજણા ભાઈઓ તેમ કરાવવા પોતાનો સહકાર આપતા થાય તે માટે તેમણે પ્રભુપ્રાર્થના વ્યક્ત કરી હતી.

આ લેખ કાઠી રાજપૂત માસિકના બીજા વર્ષના અગિયારમા અંકના પાના ૬ ઉપર ઈ. સ. ૧૯૩૧ના ઑગસ્ટ માસમાં પ્રસિદ્ધ થયો હતો.

આ લેખ વાંચ્યા પછી સમર્થ અને વીર કાઠી જાતિનો કોઈક ઇતિહાસ લખે તો, તે વાંચવા-જાણવાની મને મનોમન તાલાવેલી થઈ હતી. જે અત્યાર સુધી તૃપ્ત થઈ ન હતી. યુવાનવયે ઊભી થયેલી આ એષણા જિંદગીના અડસઠ ચોમાસાઓ વીતી ગયા છતાં પૂરી ન થઈ.

કાઠિયાવાડ અને કાઠિયાવાડની આ વીરજાતિ માટે ઘણા ઇતિહાસકારોએ પ્રસંગોપાત્ત છૂટું છૂટું ઘણું લખ્યું છે પરંતુ તેનો કોઈ સળંગ ગ્રંથ પ્રસિદ્ધ થયો નથી.

સૌરાષ્ટ્રના ઇતિહાસના વિદ્વાન લેખક શંભુપ્રસાદ દેસાઈએ પણ પોતાના પુસ્તકમાં આવો અણસારો આપી, તેમ થવા અંગુલિનિર્દેશ કર્યો છે.

તેથી પણ, મને પ્રેરણા થઈ કે મારે જ શા માટે આ અંગે પ્રયાસ ન કરવો? આ દેશને સંત, સુરા અને સતીઓની અણમોલ દેણગી આપનાર, વીર કાઠી કોમના ઇતિહાસની ઊણપ નિવારવા, પ્રયત્ન કરવા મને પ્રેરણા થઈ. કાઠિયાવાડ - રાજસ્થાનના લગભગ બધા જ રાજવંશોના ઇતિહાસ લખાઈ ચૂક્યા છે. તો ઇતિહાસકારોએ સ્વીકૃત કરેલા વાળા અને કાઠી રાજવંશોનો ઇતિહાસ હવે લખાય નહિ તો ખૂબ મોડું થયું ગણાશે તેવું મને લાગ્યું.

ઇતિહાસ એ કોઈ તર્ક નથી. ઇતિહાસના આધારે જ ઇતિહાસ રચાયા છે. જુદા જુદા ઇતિહાસોમાંથી જરૂરી બાબતોનું સંકલન કરી ગ્રંથસ્થ કરવા મેં પ્રયાસ હાથ ધર્યા. ગરવા કાઠિયાવાડમાં મહેમાનગતિ માણવા ભગવાનને ભૂલા પડવા આહ્વાહન આપવાની કવિહૃદયને સ્ફુરણા થઈ છે તેવી કાઠિયાવાડની ધરાની વીર કાઠી જાતિ માટે લખવા મેં નિશ્ચય કર્યો.

ઇતિહાસો, હજાર વર્ષ ઉપરાંતના સમય માટેના લખાયા છે, પણ લખાયા છે મોડેથી. ધર્મશાસ્ત્રોમાં ઇતિહાસનો અણસારો છે, પણ તેને ઇતિહાસ કહી શકાય તેમ નથી. કાઠી અને કાઠિયાવાડ સંબંધે જે કોઈ ઇતિહાસો પ્રકાશ પાડે છે તે છેલ્લા બસો કે અઢીસો વર્ષ અંદર લખાયા જણાય છે. હજાર વર્ષ જૂની વાતો, વંશાવળીઓ, વહીઓ, દંતકથાઓ અને ચારણ-ભાટ તરફથી કંઠસ્થ થઈ કહેવાતી કથાઓ આવા ઇતિહાસના પાયાના સાધન બન્યા હશે.

આવા ઇતિહાસો ઉપર પ્રકાશ પાડવાનો યશ અંગ્રેજ ઇતિહાસકારોને ફાળે પણ જાય છે. પૃથ્વી ઉપર જેનો સૂર્ય કદીયેય આથમતો નહિ તેવી શક્તિશાળી અંગ્રેજ પ્રજાએ ભારતનું શાસન કર્યું. તેના વિદ્વાન અધિકારીઓનું કાઠિયાવાડમાં આગમન થયું. તેમની વગ અને જાણકારીએ આ માટે પ્રયાસો કર્યા હશે ત્યારે તેમના મારફતે આવા ઇતિહાસ નિર્માણ પામવા શક્ય બન્યા હશે.

તે જ માનસની વીર જાતિઓનો પરિચય જાણવો તેમને અને તેમની રાજસત્તાને જરૂરી જણાયા હશે તે માટે કામગીરી થઈ હશે અને તેમાંથી કાઠિયાવાડના ઇતિહાસો સર્જાયા હશે. તેઓએ આ અંગે કરેલ સંશોધનમાં તેમનો અને રજવાડાંનો અધિકારીગણ સાધનરૂપ બન્યો હશે. કર્નલ ટોડ, વૉટ્સન, બેલ વગેરે ઘણા ઇતિહાસકારોએ આવા ઇતિહાસોનું સર્જન કર્યું છે. પરંતુ તે બધામાં કર્નલ જે. ડબલ્યુ. વૉટ્સન કેન્દ્રસ્થાને જણાય છે. લગભગ બધા જ અંગ્રેજ ઇતિહાસકારોએ કર્નલ વૉટ્સનને ટાંકીને લખ્યું જણાય છે.

કર્નલ વૉટ્સન કાઠિયાવાડમાં પોલિટિકલ એજન્ટ તરીકે રહ્યા છે. તેથી તેમને કાઠી અને કાઠિયાવાડ અંગે સંશોધન કરવાની સારી તક મળી જણાય છે. તેણે જ સવિશેષ લખ્યું છે તેને વધુ આધારભૂત પણ ગણી શકાય.

અંગ્રેજીભાષી આ અધિકારીએ દુભાષિયા તરીકે રજવાડાંઓના અધિકારીઓનો ઉપયોગ કર્યો હશે. કારણ કે તે સમયે અંગ્રેજી ભાષા જાણનારા બીજા ઓછા હતા. આવા દુભાષિયાઓની આ અંગેની શક્તિ તેમજ પ્રમાણિકતા માટે ઇતિહાસોમાં થયેલા અમુક અધૂરા કે પક્ષપાતી ઉલ્લેખોથી શંકા જાગે છે. છતાં કર્નલ વૉટ્સને જે કંઈ સંશોધનો કર્યાં છે તે સવિશેષ છે. મેં તેમના તરફથી રજૂ થયેલ ઇતિહાસિક હકીકતો તરફ વધુ આધાર રાખ્યો છે.

કાઠિયાવાડના ઇતિહાસ માટે આગળ કહ્યું તેમ વહીઓ, વંશાવળીઓ, ભાટચારણ તરફથી ચાલી આવતી કંઠસ્થ લોકવાર્તાઓ, કવિતો, ગીતો, દુહાઓ વગેરે ઘણી સામગ્રી સાધનભૂત બની હશે. કારણ કે ઇતિહાસો તો બહુ પાછળથી લખાયા છે. ઇતિહાસિક પ્રસંગોના વર્ણનમાં સાલ-સંવત જુદાં પડતાં જણાયાં છે. ગીત-કવિત કે દુહાઓ દ્વારા હકીકતોનું નિરૂપણ થયું છે તેનાં પ્રાસમાં મેળવવા કે બીજાં કારણોસર સાલ સંવતમાં ફેર આવ્યો હતો. જુદા જુદા ઇતિહાસકારોએ નોંધેલી સાલ-સંવતો પણ જુદી પડે છે. તેથી તેમાં મેં હસ્તક્ષેપ કરી ડહોળેયલ બાબતને વધુ નહિ ડહોળવાનું નક્કી કર્યું હતું. 'જે સે થે' બાબતોના સમયકાળનો અણસારો જ આપી કામ ચલાવ્યું છે. અનુમાનિત, સમય-સાલ વધારી ભવિષ્યના સંશોધકનું કામ વધારે અઘરું થઈ બેસે તો તે નિવારવું જોઈએ. સમકાલીન વ્યક્તિ કે પ્રસંગોનો સમયકાળની બાબતો સંશોધન માગે છે.

મારી ઇચ્છા અને સમયની માગે આ પુસ્તકનું સર્જન કર્યું છે. અગાઉ કોઈ પુસ્તક લખવાનો અનુભવ કર્યો ન હતો. યાદશક્તિ, દૃષ્ટિ અને લખવા માટે જોઈએ તેવી એકાગ્રતા જે ઉંમરે ઘટે છે તેવા ૭૦ વર્ષની ઉંમરે મેં આ પુસ્તક લખવાનું શરૂ કર્યું. બન્ને આંખોમાં મોતિયા હતા તે ઉતરાવીને લખ્યું છે. સફળતા કે નિષ્ફળતાની ચિંતા કર્યા વગર લખ્યું છે. લખવું જરૂરી જણાતાં લખ્યું છે.

અહીં એક હકીકત નોંધવી મને જરૂરી લાગે છે. પ્રખર ઇતિહાસકારોએ વાળા રાજવંશમાં કાઠી રાજપૂત વાળાઓનો સમાવેશ કર્યો છે, તેને ઉવેખવા પ્રયાસ થતા જણાય છે.

ઢાંકના વાળા સહદેવસિંહજીએ સૂર્યવંશ અને વાળા રાજપૂત રાજવંશ નામનું એક પુસ્તક તાજેતરમાં જ લખ્યું છે. તેનું વિમોચન તા. ૯-૪-'૯૮ના થયું છે. તેના નિવેદનમાં તેઓ જણાવે છે ઈ. સ. ૧૯૪૦માં ઢાંકના દરબારગઢમાં જવારા સ્ટેટના રાજકવિશ્રી, ધરમપુર રાજ્યના ઇતિહાસના સંશોધન અર્થે પધારેલા હતા ત્યારે તેમના પિતાશ્રીએ ત્રણ વંશવૃક્ષ બનાવેલાં હતાં. તેને પોતે, પોતાની ઇતિહાસિક મૂડી ગણે છે.

સૌરાષ્ટ્રના વિદ્વાન ઇતિહાસકાર શ્રી શંભુપ્રસાદ દેસાઈએ શ્રી સહદેવસિંહજીના ઉપરોક્ત પુસ્તકને આવકાર આપતાં તે પુસ્તકના અંતિમ કવર પેજ ઉપર ઉલ્લેખ કર્યો છે કે સહદેવસિંહજીએ તેમને વાળા કુળની ત્રણ વંશાવળીઓ આપી હતી. તેના ઉપર

તેઓશ્રીએ તેમના પુસ્તક "સૌરાષ્ટ્રના ઇતિહાસ" ની બીજી આવૃત્તિમાં સવિશેષ ચર્ચા કરી છે.

'સૌરાષ્ટ્રના ઇતિહાસના પાન ૩૪૪ ઉપર વિદ્વાન ઇતિહાસકારે વંશાવળીઓ આપવા બદલ સહદેવસિંહજીનો ઋણસ્વીકાર પણ કરેલ છે.

આ હકીકતના અનુસંધાને સહદેવસિંહજી પોતાના પુસ્તકમાં નિવેદન કરતાં જણાવે છે કે ત્યારથી ઇતિહાસનું આલેખન કરવટ બદલવા વેગવંતું બન્યું. બેલગામ કેવળ કલ્પનાની પાંખે વિહરતા અને ગામેગામ, વંશે વંશ, જુદા જુદા બેફામ દોડતા ઘોડાના પગમાં ધુબકી ડામણ પડ્યાં. તેમના આ વકતવ્યથી તેઓ પોતે જ જુદા પડતા હોય તેમ તેમનું પુસ્તક વાંચ્યા પછી જણાયું છે.

ઉપરોક્ત ત્રણ, વાળા વંશની વંશાવળીઓની ઉપર વિદ્વાન ઇતિહાસકાર શ્રી શંભુપ્રસાદ દેસાઈએ તેમના પુસ્તક સૌરાષ્ટ્રના ઇતિહાસની બીજી આવૃત્તિમાં (પાન ૩૩૪) વિશેષ ચર્ચા કરી હોવાનું શ્રી સહદેવસિંહજીએ સ્વીકારેલ છે.

તે ચર્ચાના થોડાક અંશો જોઈએ તો —

૧. પાન ૩૩૪ના બીજા પૅરેગ્રાફના અંતે એક વંશાવળીના આધારે ઇતિહાસકારે નોંધ્યું છે કે સાતમા એભલના પૌત્ર વેરાવળજીના વંશજો વનવીરજી, વરસોજી, ધુનોજી કાઠી થયા.
૨. તે પાનના ત્રીજા ફકરામાં બીજી વંશાવળીનો ઉલ્લેખ કરી તે પરાપૂર્વના સંબંધ વગરની હોવાનું ઇતિહાસકારે જણાવી વિશેષ ચર્ચા કરી નથી.
૩. ત્રીજી વંશાવળી, જવારના રાજકવિશ્રીથી સંપાદિત કરેલી કહેવામાં આવી છે. પાન ૩૩૫ના પહેલા ફકરાની અંતિમ બે લીટીમાં ઇતિહાસકારે નોંધ્યું છે કે વિ. સં. ૧૩૨૪માં એભલ ચોથો થયો. તેના પુત્ર વેરાવળજી કાઠી કન્યા પરણ્યો. તેના પુત્રો વાળા, ખાચર અને ખુમાણ થયા. શ્રી શંભુપ્રસાદ દેસાઈએ આ વંશાવળી ઉપર ખાસ ધ્યાન આપ્યું જણાય છે.

સહદેવસિંહજીએ પોતાના જ નિવેદનમાં નોંધ્યા અનુસારની પોતાની ઇતિહાસિક મૂડી સમાન આ વંશાવળીઓથી પ્રતિપાદિત થાય છે કે વાળા કાઠીઓ એભલના વાળા વંશના જ છે. સૂર્યવંશી ઇક્ષ્વાકુળમાંથી રઘુકુળ અને રઘુકુળમાંથી વલ્લભીનું મૈત્રક કુળ ઊતરી આવેલ છે. તેમાંથી જ વાળા કુળ અભિધાન પામેલું છે. તે સંદર્ભ તે રીતે વાળા કાઠીવંશને પણ લાગુ પડે છે.

તેમ છતાં, સહદેવજીએ પોતાના પુસ્તકમાં વાળા કાઠીવંશને અલગ કુળ ખપાવવા પ્રયાસ કર્યો જણાય છે એટલું જ નહિં પણ પોતાના કુળ ઉપર આક્રમણ સમાન આ હકીકતને ગણી, સાહિત્ય, ઇતિહાસ, સંસ્કાર અને સભ્ય સમાજની ભદ્રતાની ભદ્રતા ખાતર તેમ થવાનું બંધ પાડવા લાગણીવશતા બતાવી જણાય છે.

ઉપરોક્ત ત્રણ વંશાવળીઓને ઇતિહાસિક મૂડી ગણાવ્યા પછી તેના જ સંદર્ભોને

અવગણવા તેમને તેમ કરવા શું કારણ હશે? તેમણે તેમના પુસ્તકને અતીત સમાન ખપાવવા નિર્દેશો કર્યા પછી આવી વિસંગતતા કેમ ઊભી કરવી પડી હશે? પિતૃવંશની પરંપરાને અવગણવાનો આ પ્રયાસ કરવા શું કારણ હશે?

ઇતિહાસપ્રસિદ્ધ જેતપુરના વીર ચાંપરાજવાળાની યશકલગી ફેરવીને, કિલેશ્વરના ચાંપરાજવાળાના શિર ઉપર ઓઢાડવા પણ પ્રયાસ થયો જણાય છે. જેતપુરના ચાંપરાજવાળાની વીરતાની તારીફ માત્ર કવીશ્વરોએ જ નથી કરી કે જેથી તેમના ઉપર દોષ ઢોળી શકાય પણ દરેક લોકવાર્તા, યશગાથાઓ અને ઇતિહાસોએ જેતપુરના વીર ચાંપરાજવાળા ઉપર પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે. તે હકીકતને ફેરવવાનો પ્રયાસ, ઘડિયાળના કાંટા ઊંધા ફેરવવા જેવો ગણાય. જેતપુરના ચાંપરાજવાળાને વાળાવંશ પરાયા ન ગણી શકે. તેનું અવમૂલ્યન હરગિજ ન ચલાવી શકાય તેવું છે. તેમ કરવાનો હેતુ પણ ન સમજી શકાય તેવો છે અને ઇતિહાસ તેવી વાતને ગ્રાહ્ય ન રાખી શકે તેવો જણાય છે.

એક ચિંતકનું વિધાન ઇતિહાસના લેખકોને માર્ગદર્શક બની રહે તેવું છે :

``The great end of history is exact illustration of events as they occured and there should neither exaggeration nor concealment to suit angry feelings of personal disappointment. History should contain the truth, the whole truth and nothing but truth."

- Colo Gurwood

એક વખત ઇતિહાસે સ્વીકારી લીધેલ હકીકતને પૂરતા ઐતિહાસિક આધારો સિવાય ફેરવી તોળવાનું વ્યાજબી નહિ ગણાય. તેમાં જ સમાજની ભદ્રતા, સંસ્કાર અને ઇતિહાસની યથાયોગ્યતા સમાયેલાં ગણવાં જોઈએ. સમાજના ઘટકો હોઈ શકે છે. ઉદ્ભવી શકે છે. કોઈ કોઈને ઉતારી પાડવા પ્રયાસ ન કરે તેમાં જ સમાજની સાચી ભદ્રતા સમાયેલી છે.

આંતરિક વિવાદોના વૈમનસ્યે જ દેશને પરાધીન કર્યો છે તેમ ઇતિહાસ બોલે છે. છતાં આ વીર જાતિને ઉતારી પાડવા ઘણા પ્રયત્નો થયા છે. ગમે તેવા ઉલ્લેખો દંતકથાઓ ઊભી કરીને કરાયા છે. તેનું નિરાકરણ કરવામાં ન આવે ત્યાં સુધી તેનો ઇલાજ આપોઆપ થતો નથી. જ્યાં સુધી સાચી હકીકતનું નિરૂપણ થાય નહિ ત્યાં સુધી જૂઠી હકીકતો દોહરાતી રહે છે. તેનો ઇલાજ આ પુસ્તક 'વાળા અને કાઠી રાજવંશો' કરશે તેમ હું માનું છું.

વાળા અને કાઠી રાજવંશો બાબતમાં થતા મનઘડત ઉલ્લેખોના ઇલાજ માટે ખૂટતી ઐતિહાસિક માહિતી આ પુસ્તક પૂરી પાડશે તેવી મને શ્રદ્ધા છે.

જ્ઞાતિવિહીન સમાજરચનાનાં નગારાં વાગી રહ્યાં છે. આભડછેટોનોય હવે તો નાશ થયો છે ત્યારે આંતરિક આભડછેટોના નિવારણની જરૂર છે. આંતરિક સમન્વયો

અને એકતાને નુકસાન કરનારાં પરિબળોને સમજવાનો સમય આવી ચૂક્યો છે. એક મીંડાને ગળી જઈને મોટું થવા મથતું બીજું મીંડું સમજશે નહિ તો સમગ્ર બંધારણને, સમગ્ર સંઘબળને નુકસાનકર્તા નીવડશે. તે વાત જેટલી વહેલી સમજાશે તેટલી સામાજિક વ્યવસ્થાને ઓછી નુકસાનકારક બની રહેશે.

સંઘબળના આ યુગમાં સમાજના અન્ય ઘટકો સુસંગઠિત થઈ વિવાદિત બાબતોનું નિવારણ કરે તો તે અશક્ય નથી.

કાઠી ક્ષત્રિય સમાજના ઇતિહાસને જાણવા-સમજવાની વ્યક્તિગત તાલાવેલીમાંથી આ પુસ્તકનું સર્જન થયું છે. શક્તિ અનુસારનાં સાધનોથી શક્તિ અનુસાર સંકલન કર્યું છે. સમાજને તે ઉપયોગી થશે, તેની જરૂરિયાત સંતોષાશે તો તે મારો સંતોષ બનશે. મારી આખરની જિંદગીનું તે નજરાણું બનશે.

અમરેલીના શ્રી દાનાભાઈ અને નનકુભાઈ માંજરિયા બંધુઓ, ચુડા દરબારશ્રી ભોજ વાળા, સાંણથલી દરબારશ્રી પૂંજાવાળા, વંડાના વિદ્વાન સાહિત્યકાર શ્રી નાનાભાઈ જેબલિયા, કોટડીના ઇતિહાસપ્રેમી શ્રી બચુભાઈ વરૂ, રાજકોટના ધાધલ આગેવાન અને ગણિતશાસ્ત્રી શ્રી લખુભાઈ ધાધલ, માળિયાહાટીના હાટી દરબારો શ્રી જસાભાઈ અને નાજાભાઈ, લુંધિયાના શ્રી હરસુરભાઈ વાળા, અમરનગરના રામભાઈ બારોટ, જૂનાગઢના પ્રો. શ્રી પ્રદ્યુમ્નભાઈ ખાચર, અને જસદણના શ્રી દિલીપભાઈ ગીડા મને, મારા આ કાર્યમાં સહાયભૂત થયા છે. તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

પ. પૂ. વલકુબાપુ - ચલાળા, પ. પૂ. અમરાબાપુ - પાળિયાદ, ભગત શ્રી દિલીપબાપુ - સોનગઢ, આદરણીય શ્રી નાજાભાઈ મોતીભાઈ ધાધલ - અડાલજ અને કન્યાકેળવણીની જ્યોત જલાવનાર જૂનાગઢના શ્રી રામભાઈ વાળા વગેરે તરફથી જે પ્રેરણાનું પ્રોત્સાહન મળ્યું છે તે માટે તે મહાનુભાવો પ્રત્યેનો ઋણભાવ અદા કરતાં હું ધન્યતા અનુભવું છું.

પરિશ્રમ ઉઠાવી પુસ્તકનું સુંદર છાપકામ કરી આપનાર, રાજકોટના મેસર્સ પ્રવીણ પુસ્તક ભંડારના વ્યવસ્થાપકો શ્રી ગોપાલભાઈ અને પ્રવીણભાઈ તેમજ સ્ટાફનો આભાર માનું છું.

- નાજભાઈ હરસુરભાઈ વાળા

કાઠી ક્ષત્રિયોનો પરિચય

"ઇતિહાસના ઉગમકાળથીયે પહેલાથી સૌરાષ્ટ્રમાં અનેક નાનીમોટી કોમો આવીને વસી છે. સામાન્ય પ્રજાજીવન ઉપર એમનાં એંધાણો ઓછાં રહ્યાં છે. સામાન્ય જનસમૂહ સાથે એ ઓતપ્રોત થઈ ગઈ છે."

"પણીઓ આવ્યા, યૂનાનીઓ આવ્યા, ઈરાનીઓ આવ્યા, આરબો આવ્યા, મકરાણીઓ આવ્યા, આહિરો આવ્યા, શકો આવ્યા, હૂણો આવ્યા, તામીલો આવ્યા, દક્ષિણાત્યો આવ્યા, ઉત્તરાપંથના વાસીઓ આવ્યા. ગોહિલો આવ્યા."

"અને એથીયે અનેકો વધારે આવ્યા."

"પરંતુ આવ્યા પછી કાળાંતરે, સૌરાષ્ટ્રીય પ્રજાસમૂહમાં ઓતપ્રોત થઈ ગયા. સૌરાષ્ટ્રીય પ્રજાજીવન ઘડવામાં એમનો ફાળો તારવવો આજે મુશ્કેલ થઈ પડે. એમના જીવન સૌરાષ્ટ્રમય બની ગયા."

"એક કાઠીઓ આવ્યા. એમને આવ્યે આજ સાતસો વર્ષ થયાં. એ એક કોમ એવી આવી - એક અને એકાકી. જેણે પોતાની વિશેષતા જાળવી રાખી. એમણે સૌરાષ્ટ્રના પ્રજાજીવનમાં ઓતપ્રોત થતાં થતાં જે એંધાણો મૂક્યાં છે તે આજ પણ જુદાં તારવી શકાય એટલાં સુસ્પષ્ટ અને સુરેખ છે."

"એટલે સુધી કે છેક પડોશમાં, સદીઓથી વસતા મરાઠાઓને, આખો સૌરાષ્ટ્ર કાઠીઓથી જ વસેલો લાગ્યો. સૌરાષ્ટ્ર કે સોરઠ એવાં જૂનાં નામો મૂકીને, એમણે આ પ્રદેશને કાઠિયાવાડના નામથી જ ઓળખાવ્યો - ને ઇતિહાસના દફતરે નોંધાવ્યો."

"કાઠીઓ, શકો, ઔદિચ્યો, યુનાનીઓ, આહીરોની જેમ એક જ ટોળામાં, આ પ્રદેશમાં નહોતા આવ્યા. આ દેશમાં આવીને એમણે તાબડતોબ ગામો જીતીને રાજ્યો સ્થાપ્યાં ન હતાં."

"નાનાં જૂથોમાં એ આવતા રહ્યા. આવીને આ પ્રદેશની પ્રજાની વચમાં પોતાની રીતે જ જીવવાને મથ્યા. એમણે પરાક્રમો કર્યાં, સંઘર્ષો વહોર્યા, મતભેદો કર્યા, ધિંગાણાઓ કર્યાં, વઢવાડો કરી, મહોબત કરી - એ કોઈ રાજ્ય સ્થાપવાને માટે નહિં, માત્ર શાંતિથી પોતાની પરંપરાને અનુસરીને, પોતાની રીતે જીવવા માટે, એ મહેનતુ હતા. પશુઉછેરના માહિતગાર હતા. પારકાના જીવન અને વ્યવહારમાં દખલગીરી કરતા ન હતા. તે પોતાના જીવનમાં દખલગીરી સહેતા ન હતા. એમનાં નાનાં જૂથો, કો જગ્યાધારી નાગના સંયમ અને ફૂંફાડા સાથે રહેવા લાગ્યા. ધીમે ધીમે એમનાં ખમીર, એમની ચીવટ અને એમના સ્વમાને, એમને માટે, પ્રજાના સમૂહમાં આગવો માર્ગ કર્યો. પોતાના નાના વર્તુળમાં રહેતા, મહેનત કરીને પોતાનું જીવન જીવતા.

પોતાની જમીન ને પોતાના નારીસમુદાય માટે માથાં આપતાં પાછા પડતા નહિ. એમનું બળ એ પોતાની કોમ માટેનું અરમાન અને પોતાના જૂથનું સંઘબળ."

"કાળ કપરો હતો, ને વધારે કપરો થતો ગયો. ત્યારે પરદેશી આક્રમણો વધતાં ગયાં. સમાજના ઉપલા થરો ભાંગતા હતા. ચોર લૂંટારા અને તુરકાણ કરતાં પણ તુરકાણ નામે ચરી ખાનારાઓનો ગામડે ગામડે ત્રાસ વધતો ગયો."

"ત્યારે ગામે ગામમાં, જ્યાં જ્યાં કાઠીનાં નાનાં-મોટાં જૂથ હતાં એ અરમાન, સ્વમાન અને જમીન અને નારી માટેની શહાદતનાં પ્રતીક બન્યાં."

"ગામે ગામ આ બે સવાલો હતા - કે જે બેમાં કાઠીનો દીકરો, ભયંકરમાં ભયંકર દુશ્મનો સામે રજમાત્ર નમતું મૂકવાને તૈયાર ન હતો."

"ને સહેજે ગામને માટે, એ ગામના માન અને અરમાનનાં કેન્દ્ર બન્યાં. કાઠીઓનું જોર એ ગામનું જોર બન્યું."

૦ ૦ ૦

"કાઠીઓએ પોતાના આગવા સંસ્કાર, આગવા ખમીર અને પોતાના સામાજિક સ્વમાન માટેની ઉત્કટતાએ સોરઠી સંસ્કૃતિમાં અનેરો રંગ પૂર્યો છે. સોરઠી સંસ્કૃતિની કોઈ પણ પરનાળ, કોઈ પણ વાત, જમીન અને નારી અને ગામના અરમાન માટેની કોઈ પણ વાત, કાઠીઓના સ્વાર્પણ વગરની અધૂરી જ લાગે."

કાઠી ક્ષત્રિયોની ઓળખનું-પરિચયનું ઉપરોક્ત શબ્દચિત્ર, ગુજરાત - કાઠિયાવાડના અગ્રગણ્ય વિદ્વાન - સાક્ષર ગુણવંતરાય આચાર્યે દોરેલું છે. તેમના ઉપરોક્ત શબ્દો કાઠી ક્ષત્રિયોના જીવનમાં મુદ્રાલેખોની સાથે તેઓનો પરિચય આપી જાય છે.

'ભલે ઉગા ભાણ' નામના તેમના પુસ્તકની પ્રસ્તાવનામાં તે મુજબનો કાઠી ક્ષત્રિયોનો પરિચય મળે છે. તે અહીં નોંધ્યો છે.

તેમણે ભલે ઉગા ભાણ નામની નવલકથા ઈ. સ. ૧૯૬૪માં પ્રસિદ્ધ કરી છે. આ પુસ્તક ભારત દેશના શિરોમણી સમા સ્વ. પંડિત જવાહરલાલ નહેરુને અર્પણ કરતાં વિદ્વાન લેખકે લખ્યું છે કે :

"સાતસો વર્ષ જૂનો - કાઠીનો - જીવનનો મુદ્રાલેખ

'મોતને અભડાવશો માં'

"એ જેણે જીવી જાણ્યો અને મરી જાણ્યો એ

રાષ્ટ્રધન

સ્વ. પંડિત જવાહરલાલ નહેરુને..."

કાઠીઓના જીવનના મુદ્રાલેખના પ્રતીક સમા લોકલાડીલા અને રાષ્ટ્રધન સમા સ્વ. જવાહરલાલ નહેરુને ગણાવી માન્યવર, ગુજરાતના સાક્ષર મહાશયે કાઠી ક્ષત્રિયોની આભાને અધિક ઊજળી કરી છે.

કાઠી ક્ષત્રિયોનો અન્યોને પરિચય આપવા - તટસ્થ પરિચય આપવાના મારા આ પ્રયાસની સાથે કાઠીસમાજ, સાક્ષર મહાશયની લાગણીઓને જાણી શકે તે માટેનો પણ આ પ્રયાસ છે.

ગુજરાતના સાક્ષર-રત્ન સમા ગુણવંતરાય આચાર્યની કલમે તટસ્થ પરિચય આપી દેવાયો હોય તેને હું પ્રસંગોચિત સંપૂર્ણ ગણું છું.

ભલ ઘોડાં, કાઠી ભલાં, પેનીઢક પહેરવેશ,
રાજા જદુવંશરા, વે ડોલરિયો દેશ.
આપ બળે પર ઓલવે, લેતાં લથડીયાં,
(એવા) *ઘડનારે ઘડીયાં, કોક કોક માનવ કાગડા.*
આભ તૂટે આડા દીયે, ટેકા હાથ તણાં,
(એવા) *ઘડનારે ઘડીયાં, કોક કોક માનવ કાગડા.*

o o o

સૂર્યસ્તવન

દુહા

૧. ભલે ઉગા ભાણ, ભાણ તુમ્હારા ભાવણાં,
જનમ મરણ લગ માણ, રાખો કાશપ રાઉત!

કાશપ ઋષિના પુત્ર, ભગવાન સૂર્યનારાયણ તમે ભલે ઊગ્યા. તમારો ઉદય અમારું જીવન છે. માનભેર જીવી જાઈએ અને ઊજળું મોત મળે તેવી પ્રાર્થના કરીએ છીએ.

૨. કાશપ જેહડો ન કોય, (જેને) દણીયલ જેહડા દીકરા,
લખદળ ભાંગે લોય, ઊગે ને અજવાળા કરે!

સૂરજદાદા જેવા જેને દીકરા છે તેવા કશ્યપ મુનિ ખરેખર ભાગ્યશાળી છે. ભગવાન સૂર્યનારાયણ જગતનાં અંધારાં ઉલેચી પોતાનો પાવન પ્રકાશ આ જગત ઉપર ઊગતાની સાથે પાથરે છે.

૩. ઊગે ઈ અચુક, ઉગાની આળસ નહીં,
રાજુ ન પડે ચૂક, કદીયે કાશપરાઉત!

હે સૂર્ય ભગવાન, આપનો ઉદય અચૂક તો છે જ પણ તેમાં કદીયેય લેશ માત્ર પણ વિલંબ વગરનો પણ છે.

૪. તે જ પંજર તિમ્મર ટળણ, ભયા કાશપકુળ ભાણ,
અમલાં વેળા આપને, રંગ હો સૂરજ રાણ!

તેજ તેજના અંબાર સમા, અંધકારને ઉલેચનારા હે ભગવાન સૂર્યનારાયણ, તમુને રંગ હોજો. તમુને અર્ધ્ય અર્પીને જ અમે અમારા નિત્ય કર્મનો પ્રારંભ કરવા આપના ઉદયને આરાધીએ છીએ.

૫. સામ સામા ભડ આફળે, ભાંગે કેતારા ભ્રમ,
તણ વેળા કાશપ તણા, સૂરજ રાખો શરમ!

સમોવડિયા શૂરવીરોના જંગમાં જ્યારે તાકાતનાં પારખાં થતાં હોય ત્યારે મોત આવે તો તેય ઊજળું મોત મળે, મોત અભડાય નહિ તેવી ભગવાન સૂરજનારાયણ હું પ્રાર્થના કરું છું.

૬. તું ઉગા ટળિયાં તમ્મર, ગૌ છુટા ગાળા,
તસગર ભોં ટાળા, દન છવ કાશપદેવાઉત!

હે કશ્યપદેવના કુંવર, ભગવાન સૂર્યનારાયણ, તારા આગમનની સાથે અંધારાનાં

આવરણો અદૃશ્ય થયાં. ગાયો ખીલેથી છૂટવા પામી, ચોર-લૂંટારાનો ભય દૂર થયો. દિવસભરની તારી આ દેણગીને વંદન કરીએ છીએ.

> ૭. *અળપર ઉગંતાં અરક, ઓસડ તું અંધાર,*
> *થયો ઝાલર ઝણકાર, દી ઊગે કાશપદેવાઉત!*

પૃથ્વી ઉપર સત્ત્વરૂપે પથરાતાં તારાં તેજકિરણો અંધકારનો નાશ કરનારો ઇલાજ માત્ર છે. તારા આગમનની સાથે દેવાલયોમાં ઝાલરો ઝણકીને તારા આગમનનાં વધામણાં લે છે!

> ૮. *તારા અજવાળા તણો, મે'મા કાંઉ મા'રાજ,*
> *અયણું ચારણ આજ, કાશ કાશપ રાઉત.*

હે મહારાજ, તારા પ્રકાશનો મહિમા પાર વગરનો છે. તારા પ્રકાશના સાંનિધ્યમાં શું ચારણ માલ-ઢોર વગરનો રહેશે!

> ૯. *સૂરજ સાંભળતલ થિયો, જગની રાવ જકે,*
> *ચારણ છાશ પખે, કો'રે કાશપરાઉત.*

જગતની રાવ સાંભળનાર સૂરજદેવતા હાજરાહજૂર હોય ત્યારે ચારણ દુઝાણા વગરનો કેમ રહે!

> ૧૦. *સવારે ઊઠે કરે, કરે સૂરજની આશ,*
> *ગોરસ રસ નૈ ગ્રાસ, દેશે કાશપ દેવાઉત!*

હે કાશ્યપ કુંવર સવારના પહોરે જે તારું ચિંતન કરશે તેને તું ગોરસ અને બીજા રસાસ્વાદ તો આપીશ જ પણ તારું ચિંતન કરનારાને ગરાસ (કોળિયો) પણ તું જ આપનારો છે.

> ૧૧. *ચોખા મગ તલ જવ ચણા, બાજ ઘંઉ બોળા*
> *સૂરજ સવરોળા, દેજે કાશપ દેવાઉત!*

હે ભગવાન સૂર્યનારાયણ! તારા અમી પ્રકાશથી જ પેદા થતા, ઉમદા કઠોળો અને બહોળા અનાજ આપજે જે અમારે મન તારી જ પ્રસાદીરૂપ છે.

> ૧૨. *સૂરજથી ધન સાંપડે, સૂરજથી ધણ્ય હોય,*
> *સૂરજ કેરે સમરણે, દોખી ન લંજે કોય!*

હે પ્રભુ, તારી કૃપાથી જ અમે લક્ષ્મીવાન, પુત્રવાન છીએ. તારાં સ્મરણ માત્રથી, દુશ્મનીના ભય દૂર થાય છે.

> ૧૩. *સૂરજ ને શેષનાગ, બેય ત્રોવડ કે'વાય,*
> *એકે ધરતી સર ધરી, એક ઊગ્યે વાણું વાય!*

ધરતીને શેષનાગે પોતાના શિર ઉપર ધારણ કરી છે તો હે પ્રભુ તારા આગમને તે પૃથ્વી ઉપર પ્રકાશ પથરાય છે. તમે બન્ને દેવતાઓ સમવડ છો.

૧૪. કો' દાદુર કો' ડાકલાં, કો' પુંજે પાષાણ,
રાત ન ભાંગે રાણ, કમણે કાશપ રાઉત!

આ પૃથ્વી ઉપર અનેકાનેક દેવ-દેવીઓ અને પત્થરને પૂજનારા, કો ડાકલા વગાડી કે ચોમાસાની રાત્રીએ જેમ દેડકાઓ ભજન કરે છે તેવી આરાધના કરનારા મનુષ્યો છે, પણ હે પ્રભુ! આ જગત ઉપરથી અંધારાને દૂર કરી પ્રકાશ પાથરનાર તો તું એકમાત્ર જાગતો દેવ છે:

૧૫. સૂરજ પત્યક્ષ દેવ હે, નર વંદે પખાણ,
ઈસર કે' ઉમિયા સુણો, એ તા લોક અજાણ.

ભગવાન શંકર, ઉમિયાજીને કહે છે કે : 'સૂરજ સરખા હાજરાહજૂર દેવની કાયમી હાજરી હોવા છતાંય કેટલાય મનુષ્યો પત્થરને પૂજે છે તે તેમની અજ્ઞાનતા જ છે.'

o o o

ધારીના લોકઆગેવાન શ્રી નાજભાઈ વાળાનો પરિચય

૧. વસવાટ અને કર્મભૂમિ : ધારી.

૨. ધારી તાલુકા હોમગાર્ડઝ યુનિટનું ઈ. સ. ૧૯૫૪થી ૧૯૭૨ના અઢાર વર્ષ સંચાલન કર્યું. ઑફિસર કમાન્ડિંગ તરીકેની સેવાઓ આપી.

૩. ધારી તાલુકા ગ્રામરક્ષક દળના માનદ અધિકારી તરીકે ચાર વર્ષ સેવા આપી.

૪. પાકિસ્તાન વૉર વખતે રાઇફલ ક્લબની સ્થાપના કરી યુવાનોને રાઇફલતાલીમ અપાવી. માનદ્મંત્રી રહ્યા.

૫. ધારી તાલુકાના કુટુંબકલ્યાણના માનદ અધિકારી રહ્યા.

૬. ગુજરાત સ્ટેટ કૉ-ઑપરેટિવ ઍગ્રિકલ્ચર ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ બૅન્ક પ્રા. લિ.ની ધારીની શાખામાં ઈ. સ. ૧૯૬૯થી આજ દિન પર્યંત શાખા પ્રમુખ, જિલ્લા પ્રતિનિધિ તરીકે તેમજ શાખા સમિતિમાં બિનહરીફ ચૂંટાતા આવ્યા છે.

૭. છેલ્લાં પાંત્રીશ વર્ષથી ધારી તાલુકાની લોકસેવા.

૮. ધારી નગરપંચાયતના સભાપતિ તરીકે ઈ. સ. ૧૯૮૫થી ૧૯૮૭ સુધી માનદ સેવા આપી છે.

૯. ધારી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાઈને તા. ૪-૨-'૮૭થી તા. ૩૦-૧૦-'૯૩ સુધી માનદ સેવા આપી.

૧૦. ઈ. સ. ૧૯૭૮થી ગુજરાત પ્રદેશ કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ તરીકે સેવા.

૧૧. તા. ૧૩-૧-'૯૬ના રોજ જસદણ મુકામે જસદણ દરબારશ્રી સત્યજિતસિંહજી ખાચરસાહેબના કન્વીનરપદે રચાયેલી સમસ્ત કાઠી જ્ઞાતિની સન્માન સમિતિ દ્વારા ચલાળાના પ. પૂ. વલકુબાપુના પ્રમુખસ્થાને ગુજરાત રાજ્યના રાજમંત્રી શ્રી ભરતભાઈ બારોટ, સારિંગપુરના પૂ. હકાબાપુ તેમજ લોકઆગેવાન શ્રી નારસિંહજીભાઈ પઢિયારની ઉપસ્થિતિમાં કાઠી ક્ષત્રિય સમાજની બહોળી ઉપસ્થિતિમાં શ્રી નાજભાઈ વાળાને ક્ષત્રિય પ્રણાલી અનુસાર સમારંભના અતિથિવિશેષ પાળિયાદના પ. પૂ. અમરાબાપુ હસ્તે સાફો-તલવાર બંધાવી અને જસદણ દરબારસાહેબ હસ્તે 'જ્ઞાતિરત્ન' નું બિરુદ આપી સમાજ વતી સન્માનવામાં આવ્યા હતા.

૧૨. તા. ૫-૧૧-'૯૩ના રોજ ધારી તાલુકા પંચાયત પરિવાર તરફથી તેમને સન્માનવામાં આવ્યા હતા.

– બી. સી. વાળા
આચાર્ય,
જી. પી. બી. મ્યુ. હા. સ્કૂલ,
ધારી.

યોગ: કર્મસુ કૌશલમ્

સન્માનપત્ર

॥ ક્રિયા સિદ્ધ સત્ત્વે ભવતિ મહતાં નોપકરણે ॥

પરમ આદરણીય વડીલશ્રી, નાજભાઈ હરસુરભાઈ વાળા

આપની સુદીર્ઘ ઉજ્જ્વલ અને ધવલ કારકિર્દી પછી આપ ધારી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકેના ગૌરવભર્યા સ્થાનથી નિવૃત્ત થવાના અવસરે આપની સંનિષ્ઠ, આગવી સૂઝ અને શ્રેષ્ઠ નીતિમત્તાવાળી સેવાઓના ઉપલક્ષમાં અમો ધારી તાલુકા પંચાયત પરિવાર આપનું અભિવાદન કરતાં સહર્ષ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧-૨-'૮૭થી આ ગૌરવભર્યું પદ સંભાળી આપે કર્તવ્યનિષ્ઠા અને લોક-કલ્યાણની ભાવનાથી આ સંસ્થાને લગતા મહત્ત્વના અને જટિલ અનેક પ્રશ્નો ઉકેલ્યા છે, તે સુવર્ણાક્ષરે ચિર અંકિત બની રહેશે. તેમાં પણ નર્સરી બાગના કબજા તળે ગયેલી જમીનનું પુનઃ સંપાદન કરવું, સમાજ અને રાષ્ટ્રનાં હિતરૂપ આદર્શ બચત ભવનની સ્થાપના અને સાંસ્કૃતિક ભવનનું ખાતમુહૂર્ત વગેરે સિદ્ધિઓ આપના શાસનકાળ દરમિયાનની યશકલગીઓ બની રહેશે, એ વાત નિર્વિવાદ છે.

વાણીમાં નમ્રતા, મિતભાષીપણું, સમાધાનવૃત્તિ અને સૌની પાસેથી શક્તિના પ્રમાણમાં કામ લેવાનું કૌશલ્ય તથા હેતુ પરત્વેની નિષ્ઠાના કારણે કર્મચારીગણ, સમાજ અને સરકાર સાથે મીઠા સંબંધો જાળવી, આપ બધાના એક આદરણીય પ્રીતિપાત્ર વડીલ બની રહ્યા હતા, તેનો ઉલ્લેખ કરતાં અમો ધન્યતા અનુભવીએ છીએ.

તાલુકા પંચાયતમાં આપની અદ્વિતીય સેવાઓ ઉપરાંત શૈક્ષણિક, સામાજિક અને આધ્યાત્મિક ક્ષેત્રે આપનું યોગદાન ઉપરની બંને સંસ્કૃત ઉક્તિઓને ચરિતાર્થ કરે છે.

અંતમાં આપ સપરિવાર સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘાયુ ભોગવો અને સમાજને આપના સેવામય જીવનનો અધિકાધિક લાભ મળતો રહે, એ શુભ કામનાઓ સાથે વિરમીએ છીએ.

॥ શિવાસ્તે સન્તુ પન્થાનઃ ॥

મિતિ સં. ૨૦૪૯ આશ્વિન
કૃષ્ણ પક્ષ ૬
તા. ૫-૧૧-'૯૩

અમો છીએ,
આપ પ્રત્યેની સદ્ભાવનાથી પ્રેરિત
ધારી તાલુકા પંચાયત પરિવારના સદસ્યો

॥ શ્રી ભાસ્કરાય નમઃ ॥

ગુજરાત સમસ્ત કાઠી જ્ઞાતિ સન્માન સમિતિ

॥ યોગઃ કર્મશુ કૌશલમ્ ॥

સન્માનપત્ર

॥ ક્રિયા સિદ્ધિઃ સત્યં ભવતિ મહર્તાનોપકરણે ॥

આદરણીય **શ્રી નાજભાઈ હરસુરભાઈ વાળા, મુ. ધારી**

"જ્ઞાતિરત્ન"

ગુજરાત રાજ્યના માનનીય રાજ્યમંત્રીશ્રી, સંત મહાનુભાવ પ. પૂજ્ય શ્રી વલકુબાપુ ચલાળા, પ. પૂ. શ્રી અમરાબાપુ, પાળિયાદ, સમાજના જ્ઞાતિપ્રેમી આદરણીય આગેવાનો, સમાજની સંસ્થાઓના પ્રમુખશ્રીઓ, તાલુકા સમાજના આગેવાનો અને અગ્રગણ્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સમસ્ત કાઠી જ્ઞાતિ આપનું સન્માન કરતાં આનંદ અને હર્ષની લાગણી અનુભવે છે.

ભવ્ય ભૂતકાળ અને ઉજ્જ્વલ સાંસ્કૃતિક પરંપરા ધરાવતો આપણો સમાજ વર્તમાન શૈક્ષણિક અને આર્થિક પ્રવાહમાં પ્રગતિ સાધવામાં અન્ય સમાજોની પાછળ રહી જવા પામ્યો છે.

સમાજના શૈક્ષણિક, સામાજિક અને આર્થિક વિકાસની સુવિધાઓ ઊભી કરાવવા આપ સતત ચિંતિત રહ્યા છો. હેતુ બર લાવવા આપે ગુજરાત પ્રદેશ ક્ષત્રિય સમાજની અને તાલુકા કક્ષાએ તાલુકા કાઠી ક્ષત્રિય સમાજની રચના કરવા અતૂપાત જહેમત લીધી છે અને આપ સમસ્ત સમાજના પ્રમુખસ્થાને બિરાજો છો.

અક્ષર પુરુષોત્તમ સંસ્થા તરફથી ભગવાન સહજાનંદ સ્વામી મહારાજની દ્વિશતાબ્દી ઉજવણી પ્રસંગે ભગવાન સહજાનંદ સ્વામીના પ્રાગટ્ય, ધર્મસંસ્થાપનના કાર્ય પ્રારંભ પ્રસંગે, પાયાના પત્થર બનનાર કાઠી સમાજને માટે કેટલાક અનુચિત શબ્દપ્રયોગો કરવામાં આવ્યા હતા ત્યારે આપે સંપ્રદાયનું ધ્યાન દોરી, સંપ્રદાય અને સમાજ વચ્ચે ઊભી થયેલ તિરાડ સાંધવામાં ધૈર્ય અને કુનેહથી કામ લઈ અંતર ઘટાડ્યું તો ખરું જ પણ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના ધન્યવાદ અને આશીર્વાદ મેળવ્યા હતા. તે આપની મધ્યસ્થી બનવાની ભૂમિકા નિભાવેલ તેની સમાજે નોંધ લીધેલ છે.

લાઠી-લીલિયા વિસ્તારના ગરાસ વળતર મેળવતા આપણા સમાજની વૃદ્ધા

બહેનો પાસેથી સત્તાવાળાઓ તરફથી માંગવામાં આવતા પુનઃલગ્ન નહીં કર્યાના દાખલા મેળવવાની કઢંગી પ્રથા સમાજના પીઢ સાહિત્યકાર આદરણીય શ્રી નાનાભાઈ જેબલિયાની વિનંતીથી આપે સરકારશ્રી સમક્ષ વ્યવસ્થિત પ્રયાસો કરી આ પ્રથાનો અંત આણ્યો હતો. તેમ કરી આપણા સમાજની જ નહીં પણ ભારતની આર્યનારીની પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરી છે તેમ અમો માનીએ છીએ.

વારસાગત, કોઈ ધંધાદારી ને પુણ્ય વગરના અને માત્ર ગરાસ પર નભતા આપણા સમાજ પાસેથી ગીરાસદારી નાબૂદીના કાયદાથી ગરાસ જતો રહ્યો. નબળી જમીનની ધરખેડથી અને રજવાડી રિવાજોને પરિણામે આપણો સમાજ ઘસાતો ચાલ્યો. તેમનું ધંધાકીય કોઈ પુનર્વસન ન થયું અને વધુ ને વધુ સમાજ પાછળ પડતો ચાલ્યો. શિક્ષણનું સ્તર નીચું ચાલ્યું ત્યારે આપે સને ૧૯૭૮થી શરૂ કરી આજ પર્યંત સતત પ્રયાસો કરીને છેવટે ગુજરાત સરકારશ્રી સમક્ષ બંધારણીય રજૂઆત કરી, સતત પરિશ્રમ ઉઠાવી સામાજિક અને શૈક્ષણિક, આર્થિક, ઉત્કર્ષ, આરોગ્યપ્રદ વસવાટ, નોકરી અને પંચાયતોમાં અનામત, યાંત્રિક અને શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશની અનામત પદ્ધતિ તેમજ અન્ય યોજનાઓના લાભાલાભ આપણી જ્ઞાતિને મળતા કર્યા છે.

આપના આ ઉમદા કાર્યથી જ્ઞાતિના કુમાર-કુમારીઓને ઊજળું ભવિષ્ય ઘડવાના કાર્યમાં, જ્ઞાતિભાઈઓને નોકરી, ધંધાની તકો ઊભી કરવા વિ. કાર્યમાં એક નવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે તેને જ્ઞાતિજનો કાયમ યાદ કરશે.

આપે કાયમ માટે જ્ઞાતિપ્રેમી રહી જ્ઞાતિના ઉત્થાનનાં દરેક કાર્યોમાં આપનો સાથસહકાર આપેલ છે. સમાજને યોગ્ય રસ્તે વાળવા સતત પ્રયત્નશીલ રહ્યા છો. જ્ઞાતિના વિકાસકાર્યમાં આપે કાયમ યોગદાન અને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. સમાજનાં અંધારાં ઉલેચવાના પ્રયાસોની ઊજળી કામગીરી કરી છે.

આપનાં સમાજસેવાનાં કાર્યોથી આપણી જ્ઞાતિ પ્રભાવિત થઈ છે અને આપણી સમસ્ત જ્ઞાતિ આપને "જ્ઞાતિરત્ન"નું બિરુદ આપી સન્માને છે.

અંતમાં આપ સહપરિવાર સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘાયુષ્ય ભોગવો અને સમાજને આપના સેવામય જીવનનો અધિકાધિક લાભ મળતો રહે તેવી શુભ કામનાઓ સાથે વિરમીએ છીએ.

આપનો સહૃદયી,
સત્યજિતસિંહજી ખાચર
(જસદણ દરબાર)
કન્વીનર,
સન્માન સમિતિ, સમસ્ત કાઠી સમાજ

સ્થળ : સૂરજવાડી,
જસદણ, જિ. રાજકોટ.
તા. ૧૩-૧-૧૯૯૬, શનિવાર

સુબોધગીત

પોતાનું ઘર પરજળે, તે તો પીડા ટાળ,
પરની તારે શી પડી, તું તારું સંભાળ.

વખત વહી જશે વાતમાં, કાલ ઝડપશે કાળ,
ચતુર હોય તો ચેતીને, તું તારું સંભાળ.

જળ લઈ જોઈએ તેટલું, ગરણું લઈને ગાળ,
નદી તળાવ ગળાય નહીં, તું તારું સંભાળ.

તુંજ ઘર પર પાણી પડે, પરઠવ ત્યાં પરનાળ,
નભ સઘળું ઢંકાય નહીં, તું તારું સંભાળ.

પગે પગરખાં પહેરીને તાપ તપે તો ચાલ,
મેદની બધી મઢાય નહીં, તું તારું સંભાળ.

પેખી જો તું પગ વિશે, ઝાઝી લાગી ઝાળ,
તું બીજાને શિર જુએ, તું તારું સંભાળ.

જળાય પાપ ન જગતનું, તારું પાપ પ્રજાળ,
બીજાને પછી બોધ કર, તું તારું સંભાળ.

પ્રથમ પ્રેમ ધરને પછી, જો આકાશ પાતાળ,
પાર ન આવે પર તણો, તું તારું સંભાળ.

કર તું તારા બાગને, પાણી પહેલાં પાળ,
ડરશે તો કરશે બીજા, તું તારું સંભાળ.

પેખી ચલગત પારકી, અમથો અંતર બાળ,
કરશે તે ફળ પામશે, તું તારું સંભાળ.

પાપ ન પેખીશ પારકું, નીજ ગુણદોષ નિહાળ,
દુનિયામાં દલપત કહે તું તારું સંભાળ.

- કવિ દલપતરામ ડાહ્યાભાઈ

અ-નુ-ક્ર-મ

કાઠિયાવાડ:
વાળા અને કાઠી રાજવંશો

લેખક

નાજભાઈ હરસુરભાઈ વાળા (ધારી)

ॐ

॥ શ્રી ગણેશાય નમઃ ॥

॥ શ્રી સુર્યાય નમઃ ॥

૧. કાઠી ક્ષત્રિયોનું મૂળ વતન

चीत्रम देवानाम उदगाद निकम ।
चक्षत्तुर मित्रस्य वुरुणस्य अग्नेः ।
आप्रा धोवा पृथ्वा अन्तरिक्षां ।
सूर्यः आत्मा जगतः स्युतः च ।

સમજૂતી : દેવતાઓના સમૂહના આધારરૂપ - મિત્રદેવતા, વરુણદેવતા (ને) અગ્નિ-દેવતાના નેત્રરૂપ (આ સૂર્ય) વિચિત્રતાથી ઉદય પામે છે. જંગમ ને સ્થાવરના આત્મારૂપ (આ) સૂર્ય (પોતાના કિરણના સમૂહથી) સ્વર્ગ અને પૃથ્વીને (તથા) અંતરિક્ષને પૂરી ધ્યે છે.

આ છે કૃષ્ણ યજુર્વેદનો મંત્ર - સૂર્ય એ જ પરમ-બ્રહ્મ પરમાત્મા છે તેમ વેદોએ કહેલું છે. બહુ પુરાતન સમયનું જો કોઈ સાહિત્ય વિશ્વમાં ઉપલબ્ધ હોય તો તે વેદ છે અને આ મત પૂરા જગતનો છે. વેદ પછીનું જે સાહિત્ય રચાણું તે બ્રાહ્મણ ગ્રંથો છે અને તેની પણ તેટલી જ જૂની શાખાઓ છે.

હવે આપણે કૃષ્ણ યજુર્વેદની કાઠક શાખા ઉપર આવીએ. કાઠક શાખાનું વિવરણ કરતાં પૂજ્ય-પાદ, મહાવિદ્વાન, સાંકળેશ્વર પંડિતજી માહિતી આપે છે જે ટૂંકામાં નીચે મુજબ છે.

વેદકાળના એક ઋષિ જેનું નામ ભરદ્વાંજ હતું તેમને ત્યાં અભ્યાસ કરવા એક આઠ વરસનો બાળક આવ્યો. તેનું નામ કઠ હતું. આગળ જતાં તે કઠિન તપશ્ચર્યા કરીને આચાર્ય - કઠ તરીકે ઓળખાયા.

વૈશંપાયન મહર્ષિના મુખ્ય શિષ્યોમાં તિતિરી પછી આ કઠ આચાર્યની ગણના થાય છે. કાઠક અને તિતિરીય બન્ને શાખા અલગ છે. પરંતુ બન્નેમાં ઘણી સમાનતા જોવા મળે છે.

કાઠક સંહિતાના આઠ વિભાગ છે. તેમાં પાંચ ભાગ તિતિરીય બ્રાહ્મણમાંથી લીધેલા છે અને ત્રણ ભાગ તિતિરીય આરણ્યકમાં આવેલા છે. સંહિતા સાથે કાઠક બ્રાહ્મણ, કાઠક આરણ્યક તથા તેની સાથે વિશેષમાં જો પ્રસિદ્ધ, કઠોપનિષદ જોડવામાં આવે તો સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ ગોઠવાય છે જેના આદિ પ્રવર્તક આચાર્ય કઠ અને કલાપ છે.

જૂના સમયમાં મુખ્યત્વે ઉત્તર પ્રદેશના અલમોડા, ગઢવાલ, કુમાવ, કાશ્મીર

વિગેરે પ્રદેશોમાં કાઠકનાં અધ્યયન પ્રચલિત હતાં. એમ લાગે છે કે, કુમાવ પ્રદેશની ઉત્તરે કુર્માચલ એક પ્રસિદ્ધ સ્થાન છે. તેને કઠ કહે છે. ત્યાં સૂર્યવંશી રાજાઓ રાજ્ય કરતા હતા. તેમની રાજધાની જોશી મઠમાં હતી. આ રાજાઓ પોતાની જાતને કઠ કે કઠાર્ય તરીકે ઓળખાવતા હતા.

આ જ કઠ કે કાઠી જાતિ, ભારતના પશ્ચિમ દ્વીપકલ્પ (સૌરાષ્ટ્ર)ના પ્રદેશમાં વસી હોય, જે પ્રદેશ કાઠિયાવાડ ગણાય છે. ઉપર મુજબનો અભિપ્રાય શુક્લ[1] યજુર્વેદના, શતપથ બ્રાહ્મણ ભાષા - ભાષ્ય ભૂમિકાના પાન ૪૨-૪૩ ઉપર મહાવિદ્વાન પંડિત સાંકળેશ્વર બતાવે છે, પરંતુ હાલ આ વેદશાખાની પરંપરા મળતી નથી.

એક વખત આ શાખાનો ખૂબ પ્રચાર હતો. ग्रामे ग्रामे काठकं कालापकः च समर्यते ।

ઉપરની બાબતોનો વિચાર કરતાં કાઠીઓ બહારથી આવેલી પ્રજા નથી એમ સાબિત થાય છે.

વેદ[2] ઉપરનો વિચાર કર્યા પછી હવે આપણે પુરાણ કાળ ઉપર આવીએ. પુરાણોની દૃષ્ટિએ પણ સમસ્ત માનવસમાજની ઉત્પત્તિ આર્યાવર્તના કુરુક્ષેત્રમાંથી બતાવી છે. વેદમાં આજ્ઞા છે કે મેં આર્યોને ભૂમિ આપી છે. अहम भूमिमादायार्याः । હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આર્યો કોને કહેવા. આર્ય એટલે સંસ્કારી હોય તે, નહિ કે જાતિશાસ્ત્રમાં કહેલું છે કે कृपवंतो विश्वम् आर्यम् । તેમજ અસંસ્કારી માટે અનાર્ય શબ્દ વપરાય છે. જેનું અપભ્રંશ અનાર્યો થઈ ગયું.

ઉપર મુજબનો અભિપ્રાય "વૈદિક સંપતિ"ના લેખક પંડિત રઘુનંદન શર્મા, પ્રકાશન, સ્વાધ્યાય મંડળ, પાલડી.[2]

વાલ્મીકિ રામાયણમાં બતાવ્યું છે કે:

स्मरेन्द्र मया बुद्धया प्रजा सृष्टस्तथा प्रभौ ।
एकवर्ण सम माता एकरुपा च सर्वशः ॥

(વૈદિક સંપતિ, પાલડી પ્રેસ ખં૦ ૧-૨.)

ઉપરના શ્લોકમાં, બતાવવામાં આવ્યું છે કે:

આદિપ્રજાની ઉત્પત્તિ વખતે એક જ વર્ણ અને સમાન ભાષા હતી.

હાલ પણ જગતની દરેક ભાષાઓમાં અનેક મળતા શબ્દો જોવામાં આવે છે. સંસ્કૃત = મનુષ્ય, ઇંગ્લિશ = મેન, સંસ્કૃત = હસ્ત, ઇંગ્લિશ = હૅન્ડ; આ શબ્દોના નમૂના વૈદિક સંપતિ નામના ગ્રંથમાંથી મળે છે. ફારસી, અંગ્રેજી, યુનાની, ઈજિપ્તની ભાષા, અરબી, આફ્રિકાની સ્વાહિલી, રેડ ઇન્ડિયન, ચીની અને જપાની વિગેરેમાં છે. માટે વાલ્મીકે કહેલ વાત સત્ય ઠરે છે.

લોકમાન્ય તિલકે જે અભિપ્રાય આપ્યો છે કે આર્યો ઉત્તર ધ્રુવમાંથી આવ્યા છે, તેનો બંગાળી વિદ્વાન રાનડેએ વિરોધ કરેલો અને તિલક પાસે કબૂલ કરાવેલ છે કે,

વેદની મૂળ સંહિતાઓ તેઓએ વાંચેલી નથી તેમજ બાઈબલ અને ઇસ્લામ પણ આદિ પ્રજાનો વસવાટ ઉત્તર ધ્રુવમાં હતો તેમ માનતું નથી.[૨]

વિસ્તારભયે વિશેષ પ્રમાણ આપતો નથી, ઘણા યુરોપિયન વિદ્વાનો વિગેરેના મત પ્રમાણે પણ, આર્યો અહીંના રહેવાસી છે, તેમ સાબિત થાય છે. તે માટે માસિક 'પથિક' સને ૧૯૯૦, અંક ૧૧ને જોઈ જવો. 'પથિક' માસિકમાં પ્રસિદ્ધ વિદ્વાન શ્રી કે. કા. શાસ્ત્રી[૬] 'ઇતિહાસની આરસી' નામના સંશોધનલેખમાં લખે છે કે ઋગ્વેદ તથા કાઠક કાપિષ્ઠલ સંહિતા તથા અન્ય ઠેકાણે તેઓએ એવા રાજવીઓનો પરિચય આપવાનો પ્રયાસ કરેલો છે કે

૧. જૈત્રાયણ - સહોજીત જૈત્રાયણ, તે રાજાએ રાજસૂય યજ્ઞ કર્યો, ત્યારે તે કેવા વંશનો રાજવી છે તે મળતું નથી. (કાઠક સંહિતા ૧૮ - ૫)
૨. પ્રતર્ધ્ન - કાઠક સંહિતા (૨૧-૧૦) માં આ રાજાનું નામ જોવા મળે છે. તેના ગુરુ ભારદ્વાજ છે. તે વિદ્વાન હતો. તેનું બીજું નામ દિવોદાસી છે. તે ક્યાંનો રાજા છે, તે જાણવામાં આવતું નથી.
૩. રાજા ભીમ સેનીનો ઉલ્લેખ છે. તે પણ કઠાર્ય છે. (કે. કા. શાસ્ત્રી) હવે આપણે વિચાર કરવાનો રહે છે કે ઉપરના ત્રણેય રાજાનો ઉલ્લેખ માત્ર 'કાઠક સંહિતા'માં જ છે. સંહિતા ગ્રંથ અતિ પુરાતની છે તેથી ખૂબ જ પુરાતન સમયમાં કઠાર્ય ક્ષત્રિયો હતા. હાલ પણ તેને કાઠી તરીકે ઓળખવા સબળ તર્ક થઈ શકે છે. જેનું પ્રમાણ આપણને વેદમાંથી મળે છે.

આમાંના એક જૈત્રાયણ રાજાએ રાજસૂય યજ્ઞ કરેલો. રાજસૂય યજ્ઞ માત્ર ક્ષત્રિય જ કરાવી શકે, તેવું પ્રમાણ[૭] શુક્લ યજુર્વેદ સંહિતા મહિધર અને ઉપરના ભાષ્યમાંથી મળે છે.[૮] હાલ પણ કાઠી ક્ષત્રિયોમાં જૈત્રાયણ, પ્રતર્ધ્ન, દિવોદાસ, ત્રણેયનાં અપભ્રંશ નામો જૈતા, પાતા, દેવા મળે છે. આ રાજાઓ કાઠક સંહિતાના અનુયાયી હોવાથી કઠાર્ય અથવા કાઠક કહેવાણા, પરંતુ તેઓનાં કુળો જુદાં જુદાં હોઈને લગ્નવહેવાર ચાલુ હશે. કારણ કે બ્રાહ્મણ સિવાય ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રમાં માત્ર કુળોને જ મહત્ત્વ આપવામાં આવે છે...ગૌત્ર તો તેના ગુરુનું હોય છે. એટલે કે પુરોહિતોનું બહુધા તેમ બને છે. તેના પ્રમાણમાં બળદેવજીના પુરોહિત ગર્ગ હોવાથી તેઓ ગર્ગગોત્રીય કહેવાણા. શ્રીકૃષ્ણ ઘોર અંગીરસના શિષ્ય હોવાથી, ગૌતમ ગોત્રીય કહેવાયા. પરંતુ કુળ તો યાદવ જ રહ્યું.[૯]

ઘણી વખત એકનું એક નામ રાજા માટે વપરાતું હોય તે બહુવચનમાં મુકાય ત્યારે સમૂહ ગણવો તેવો શ્રી કે. કા. શાસ્ત્રીનો અભિપ્રાય છે. તેના પ્રમાણમાં તેઓએ ઋગ્વેદ ૧-૧૦-૯૮ મૂકેલું છે. આવાં તો ઘણાં ઉદાહરણો મળે છે. માટે કઠાર્ય સમૂહ-વાચક બને છે.[૧૦]

ત્યાર બાદ, પુરાણોમાં કાઠીઓનો કોઈ ઉલ્લેખ મળતો નથી. પરંતુ મધ્યકાળમાંથી

તે જરૂ છે. ગુપ્ત વંશ પછીના સમયમાં ગુપ્ત કાળ કે મૈત્રક કાળમાં જ્ઞાતિપ્રથા ન હતી. પરંતુ વર્ણવ્યવસ્થા હતી અને તે વખતે ક્ષત્રિય જાતિઓમાં ગુપ્ત, મૌર્ય, મિત્રકો, સૈન્ધવો, કાઠકો વિ. ઉલ્લેખ મળે છે. તેમાં કાઠીઓ સિકંદર સાથે લડેલા છે તે વાત ખૂબ પ્રસિદ્ધ છે.

વિક્રમના ૧૧ કે ૧૨મા સૈકામાં કાઠીઓ સૌરાષ્ટ્રમાં આવ્યા. સ્થાનિક રાજપૂતો સાથે સંઘર્ષ થયો તે વખતે જે જે રાજપૂતો કાઠી સાથે હતા તે બધા માટે માત્ર ઓળખ અલગ પાડવા માટે 'કાઠી' શબ્દ વપરાયો. જેમ કે મહાભારતના સમયમાં પાંડવ અને કૌરવ. ખરેખર તો પાંડવો પણ કૌરવ જ છે. શાંખાયતમાં ખાચર, ખુમાણ અને વાળાઓનો સમાવેશ થાય છે; પણ જૂથમાં કહીએ તો તે બધા શાખાયત છે. બીજા, અવર કુળના કાઠીઓ છે. તેને જૂથમાં - અવરતિયા શબ્દથી ઓળખવામાં આવે છે.

મધ્યયુગમાં જ્ઞાતિપ્રથા જોર પકડતાં દરેક જ્ઞાતિઓમાં વિભાગ પડ્યા. તેમાં ક્ષત્રિય જ્ઞાતિમાં રાજ્ય કરતી કોમ તરીકે કાઠી, રાજપૂત અને મરાઠા એમ ભાગ પડ્યા. અગાઉના સમયમાં આ બધા ક્ષત્રિયો જ કહેવાતા પરંતુ મુસલમાનો આ દેશમાં આવ્યા પછી તે બધા રાજપૂતો એટલે રાજ્ય ધારણ કરનાર જાતિ તરીકે ઓળખાયા. સમય જતાં લગ્ન-સંબંધો, બેટીવહેવારના રિવાજ અલગ અલગ જ્ઞાતિમાં અલગ રીતે થવા લાગ્યા. છેલ્લાં પચ્ચાસ વર્ષથી ક્ષત્રિય તરીકેના જૂના રિવાજ પ્રમાણે હાલમાં બેટીવ્યવહાર થાય છે.

(ચુડા(સોરઠ)ના દરબાર ભોજવાળાના સૌજન્યથી.)

સંદર્ભગ્રંથો

૧. શુક્લ યજુર્વેદ, શતપથ બ્રાહ્મણ, ભાષા ભાષ્ય ભૂમિકા, લે. પંડિત વિષ્ણુદેવ - સાંકળેશ્વર, પાન ૪૨-૪૩.

૨. વૈદિક સંપત્તિ, લે. પંડિત રઘુનંદન શર્મા, પ્રકાશક સ્વાધ્યાય મંડળ, પાલડી.

૩. સંદર્ભ ૨ મુજબ.

૪. માસિક 'પથિક' અંક ૧૧, સને ૧૯૯૦.

૫. એજન

૬. માસિક 'પથિક', અંક ૬, સને ૧૯૯૪ ઇતિહાસની આરસી લે. શ્રી કે. કા. શાસ્ત્રી.

૭. શુક્લ યજુર્વેદ સંહિતા, મહિધર તથા ઉવટ ભાષ્ય, પ્રકાશક શ્રી નથુરામ શર્મા, આનંદ આશ્રમ, બીલખા.

૮. અમર ગ્રંથ, લે. કવિ અલરાજ, સનાળી.

૯. માસિક 'પથિક', શ્રી કે. કા. શાસ્ત્રીનો લેખ.

૧૦. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, લે. શ્રી શંભુપ્રસાદ દેસાઈ.

૨. માદરે વતન

પંજાબમાં આવેલી ચિનાબ અને જેલમ નદીઓથી બનતા દોઆબ પ્રદેશમાં કાઠી ક્ષત્રિય રાજાઓનું રાજ્ય હતું ત્યારે તેમને 'કાથાઈઓઈ' કે 'કેથેન્સ' નામે ઓળખવામાં આવતા હતા. તેમનો પ્રદેશ પણ તે જ નામે ઓળખાતો હતો. કાઠી ક્ષત્રિય તરીકે તો તેઓ કચ્છ કે સૌરાષ્ટ્રમાં પ્રવેશ્યા ત્યાર પછી જ ઓળખાયા હતા.

તેઓ સિંધની જોડાજોડ પંજાબ પ્રદેશ આવેલ છે ત્યાંની પાંચ નદીઓના પ્રદેશમાં વસતા હતા. આ પાંચ નદીઓનો જ્યાં સંગમ થાય છે તેનું પાણી એકત્રિત થઈને દરિયા જેવું સ્વરૂપ ધારણ કરે છે. તે પાંચ નદીઓનાં નામ આ પ્રમાણે છે -

૧. ઝેલમ (ઝહલમ) ૨. ચંદ્રા (ચિનાબ) ૩. રાવી (ઉબ્રા) ૪. બિયાસ (બાહ) અને ૫. સતલજ (સુતલદુર) તે સિંધુ (સિહુર કે ઈડસ)ને મળે છે.[૧] આ વિસ્તાર તરીકે પણ ઓળખાયો છે.

કાઠી ક્ષત્રિયો, પાંચ નદીઓ વચ્ચેના પ્રદેશ અને ગારાની દક્ષિણે મરુભૂમિમાં વસતા હતા. આપણને કાઠી ક્ષત્રિયોનો પત્તો મૂળ થાન - પ્રાચીન - મુલતાનથી મળે છે.[૨]

કુમાઉ પ્રદેશની ઉત્તરે આવેલા કુર્માચલ પ્રદેશમાં કાઠી-ક્ષત્રિયો વસતા હતા. તેમની આઠ શાખા હતી તેથી તેમની શાખા 'અષ્ટક કોમ' તરીકે ઓળખાતી હતી. આ આઠ શાખાઓ નીચે પ્રમાણેની હતી.

૧. પરગીર ૨. પાડવા ૩. જાતવડા ૪. નાટા ૫. માંજરિયા ૬. તોહરિયા ૭. નરેડ ઇં (ગુલિયા) ૮. ગરીવા. આ પૈકીની એકાદ બે શાખાઓ તો લુપ્ત થઈ ગઈ છે જ્યારે બાકીની હાલ પણ વિદ્યમાન છે.

આ પ્રદેશમાં કાઠી ક્ષત્રિયો વસતા હતા તેનો આધારભૂત પુરાવો ગ્રીકના મહાન ભૂગોળકાર 'સ્ટ્રેબો'એ આપ્યો છે. સ્ટ્રેબો ઈ. સ. પૂર્વે ૬૦થી ઈ. સ. પૂર્વે ૧૦૯માં થઈ ગયો છે. ઈ. સ. પૂર્વે ૩૩૫-૩૩૦માં વાયવ્ય ભારતમાં અનેક નાનાં રાજ્યો હતાં. તે રાજ્યોમાં કાથાઈઓઈ કે કેથેન્સનું પણ એક રાજ્ય હતું. કેટલાક વિદ્વાનોના કહેવા પ્રમાણે તે 'હાઈડાસ્પોસ' અને 'એકસાઈન્સી' ની વચમાં હતું.[૩] તે ઇતિહાસપ્રસિદ્ધ રાજા પોરસના રાજ્યની સીમા ઉપર જેલમ અને ચિનાબ નદીઓની વચ્ચે આ રાજ્ય આવેલું હતું. રાય ચૌધરીજીના કહેવા પ્રમાણે કાઠી સંસ્કૃત શબ્દ કંથામાંથી આવેલો છે.[૪] અહીં વસતા અને સ્વતંત્ર જીવન જીવવા ટેવાયેલા કાઠી ક્ષત્રિયો સમવાયતંત્રના હતા. તેમના સમૂહને કઠગણ તરીકે પણ ઓળખ્યું છે. તેનું

મુખ્ય નગર સાંગાલા હતું. તે આગળના પ્રકરણમાં જોઈ ગયા છીએ. તે વર્તમાન ફતેગઢથી દૂર નહિ હોય, તેવા ગુરદાસ પુર જિલ્લામાં હશે.

આગળના પ્રકરણમાં મૂર્ધન્ય પંડિત સાંકળેશ્વરે આપેલા અનુમોદન અનુસાર કાઠી ક્ષત્રિયો સૂર્યવંશી રાજાઓ હતા અને તેમની રાજધાની જોશી મઠમાં હતી; તે હકીકત જોઈ ગયા છીએ.

કુર્માચલ પ્રદેશમાં આ કાઠી ક્ષત્રિયો વસતા હતા તે ઉપનિષદકાળથી ત્યાં વસતા હોવાનું ફલિત થાય છે. ભરદ્વાજ મુનિના વિદ્વાન શિષ્ય 'કઠ'ની કઠિન તપશ્ચર્યા અને કાઠક સંહિતાની ત્યારે થયેલી રચના તેને માટે આધારભૂત બને છે. ત્યાં વસતા કાઠી ક્ષત્રિયો કઠોપનિષદના અનુયાયીઓ હતા. અલમોડા, ગઢવાલ, કુમાઉ અને કાશ્મીર વગેરે પ્રદેશોમાં કાઠકનાં અધ્યયનો ચાલતાં હતાં. તે સમયમાં આ શાખાનો ખૂબ પ્રચાર હતો. તે વખતે કાઠી ક્ષત્રિયો કાઠક - કઠ - કે કટ્ટી નામે ઓળખાયા હશે.

સિકંદરની ઓળખાણ આપનાર ઇતિહાસકાર એરીયને તેમના જૂથને શુદ્રકસ તરીકે પણ સંબોધન કર્યું છે. વાયવ્ય ભારતનાં નાનાં રાજ્યોનો જે ઉલ્લેખ કર્યો છે તેના રાજાઓનો પણ શુદ્રકસમાં સમાવેશ થતો જણાય છે. ભાયાવદરના દરબાર અનકવાળા-એ સૌરાષ્ટ્રના સુરા અને કાઠિયાવાડના કાઠી સંબંધે ઈ. સ. ૧૯૬૪માં લખેલ લેખમાં આ શુદ્રકસ પૈકીના વાળાઓ અને માલાઓનો પણ ઉલ્લેખ કર્યો છે. માલાઓ માળવામાં ગયા અને વાળાઓ સૌરાષ્ટ્રમાં આવ્યા તેમ તેમણે નોંધ્યું છે.

વાળાઓ જ્યારે સૌરાષ્ટ્રમાં આવ્યા અને વળા વસાવ્યું ત્યારે તેમની સાથે કાઠીઓ પણ હતા. સૌરાષ્ટ્ર ત્યજી તેઓ કચ્છમાં ગયા. ત્યાં પાવરગઢ તેમણે સ્થાપ્યું.[૫]

પંજાબથી સૌરાષ્ટ્ર-કચ્છ અને કચ્છથી ફરી સૌરાષ્ટ્રમાં આવ્યાની, કાઠી ક્ષત્રિયોની બાબતમાં ઉપરોક્ત હકીકત આધારભૂત ગણાય; તેટલું જ નહિ પણ પંજાબનાં નાનાં રાજ્યોમાં વસેલા રાજવંશોરૂપે વાળા અને કાઠી ક્ષત્રિયો વસેલા હતા તેવા આધારથી તે બન્ને શાખાઓનું ઐક્ય પણ સાબિત થાય છે. બનવા જોગ છે કે વાળાઓ પણ કઠ પ્રદેશમાં વસેલા હોય, કઠ પ્રદેશના કઠ ગણના અંગભૂત પણ હોઈ શકે છે.

સાંયોગિક રીતે વિચારવામાં આવે તો, જગતમાં સમૃદ્ધિની ટોચે પહોંચેલ વલ્લભીનો વારસ રાજવંશ તો સિંહ શાર્દુળા સાથે સરખાવી શકાય તેવો શક્તિશાળી અને સામર્થ્યવાન રાજવંશ હતો. વલ્લભીના નાશ પછી અને વળામાંથી પણ હટ્યા પછી, માત્ર ઢાંકની નાનીસૂની જાગીરથી તે સંતોષ માની બેસી રહે તેવો તેને હરગિજ કલ્પી ન શકાય. જો તેને શાર્દુળા સિંહની ઉપમા આપવામાં આવતી હોય તો તે હીન અવસ્થાને કદી ન સ્વીકારી શકે. તે માથા પછાડીને મરે અને કાં તો તે સૌરાષ્ટ્રને કાઠિયાવાડ કહાવે, તેવું અનુમાન થઈ શકે છે. તેથી ઢાંકના વાળાઓ એ જ વાળા કાઠીઓ હતા, તેવી હકીકતને પુષ્ટિ મળે છે.

આઈ. સી.આઈ. - અંગ્રેજ અફસર, સી. એ. કીનકેઈડે 'કાઠિયાવાડના

બહારવટીઓ' નામનું એક અંગ્રેજી પુસ્તક લખ્યું છે જે તદ્દન ઐતિહાસિક સ્વરૂપનું જ છે. તેમાં તેમણે બહારવટિયાઓનું ત્રણ વિભાગોમાં ગુણવત્તા ક્રમે વર્ગીકરણ કર્યું છે. પ્રથમ વર્ગમાં તેમણે (બીલખાના દરબાર) નાજા વાળાને મૂક્યા છે. તેને કવિઓએ આપેલી 'સિંહ શાર્દુળા'ની ઉપમા તેમણે લગભગ સ્વીકારી લીધી છે. તેનું અર્થઘટન એવું થયું છે કે શાર્દુળો સિંહ ભલે માત્ર એક વરસની જ વયનો થયો હોય અને આકાશમાં મેઘ-ગર્જના સાંભળે, ત્યારે તેને એવો ભાસ થાય છે કે, તેનો કોઈ સમોવડિયો તેને ચુનૌતી આપી રહ્યો છે ત્યારે તે માથું પછાડીને મરી જાય છે.

તેનો મતલબ એવો છે કે સિંહ શાર્દુળો હીન અવસ્થામાં જીવી શકતો નથી. એટલે કે હીન અવસ્થામાં જીવી શકે તો તેને સિંહ શાર્દુળો પણ કહી શકાય નહિ.

સૌરાષ્ટ્રને કાઠિયાવાડ કહાવનાર વાળા રાજવંશે ખરેખર તો તેમનું સિંહ શાર્દુળાનું બિરુદ જાળવ્યું છે. તેથી તે સિંહ શાર્દુળાના વારસ સાબિત થાય છે. કર્નલ વૉટ્સને તેમના કાઠિયાવાડ સર્વસંગ્રહમાં વીર ચાંપરાજવાળાને 'કાઠી એભલ' નો પુત્ર કહ્યો છે. તે વાળાઓ પહેલેથી જ કાઠીઓ (કઠ ભૂમિના વાસીઓ) તરીકે ઓળખાતા પણ આવ્યા હોય.

દુનિયાનો વિદ્વાન ભૂગોળકાર સ્ટ્રેબો કાઠી ક્ષત્રિયોને કેથેન્સ કે કાથાઈઓઈ રાજ્યના શાસક તરીકે ઓળખાણ આપી જાય છે. ઇતિહાસકાર એરિયનનું તેને સમર્થન મળે છે. આ હકીકતો ઈસુની સદીઓ પૂર્વેની છે. ભારત ઉપર આક્રમણ કરનાર જગતપ્રસિદ્ધ સિકંદરના દાંત ખાટા કરનાર કોમ 'કાઠી' હોવાની બાબત તો હવે સર્વમાન્ય જણાઈ આવે છે. તેનાથી ઈ. સ. પૂર્વે ૩૨૬ પહેલાં કાઠી ક્ષત્રિયો ત્યાં વસવાટ કરતા જાહેર થાય છે.

કાઠી ક્ષત્રિયો સૂર્યપૂજક, હિન્દુધર્મી અસલ આર્યપ્રજા છે. તે આર્યાવર્તની જ વતની પ્રજા છે. તે માટે હવે કોઈ સંદેહનું કારણ રહેતું જણાતું નથી.

પણ કેટલાક અંગ્રેજોએ, તેમની પાસે પૂર્વમાહિતી નહિ હોય તેથી ઇતિહાસમાં બીજા યુરોપીય દેશોની પ્રજાને મળતી આવતી પ્રજા કહી છે તેનો ખુલાસો અહીં થવો ઘટે છે.

કાઠીઓ એશિયા માયનોરમાં કુર્દિસ્તાન પ્રાંતમાં દેખાયા છે. ઈ. સ. પૂર્વે ૧૧૭૦માં એસિરિયાના રાજા ટીગલાસ પિલઝરે કાઠીઓને હાંકી કાઢ્યાનું કહેવાય છે. એમ પણ કહેવામાં આવ્યું છે કે બાઈબલના ઓલ્ડ ટેસ્ટામેન્ટમાં, કાઠીઓ 'હઠ્ઠીટી' કે 'કોમાની' તરીકે ઓળખાયા હતા.[૬]

સાથોસાથ ઇતિહાસ એમ પણ કહે છે કે તેમની પાસે ત્યારે વીશ હજાર સૈનિકોનું સૈન્ય હતું જેમાં અનેક ઘોડા અને રથ હતા.[૭]

કાઠી ક્ષત્રિયોની શાખાઓ તરીકે જેમને ઓળખાવવામાં આવી છે તેવી કેટલીક જાતિઓએ ઈ. સ. પૂર્વે ૬૦૦ લગભગ ગ્રીસથી સ્વિડન સુધીના દેશો જીતી લીધા હતા.

બેક્ટ્રિયન અને યુનાની રાજ્યોને તેમણે ઊંધાં વાળ્યાં હતાં. બાલ્ટીક સમુદ્રના તટ ઉપરથી રોમ ઉપર આક્રમણ પણ કર્યું હતું.[૮]

કાઠી ક્ષત્રિયોએ મીડિયા અને ઈરાનનાં રાજ્યો સામે પણ તલવારો તોળી હતી પણ તેમાં તેઓ નિષ્ફળ ગયા તેથી સ્થળાંતર કરી, હાઈડ્રોઓટસ નદીને તીરે સાંગાલા નગરમાં આવીને વસ્યા.

કાઠીઓ કોઈની સત્તાને માનતા ન હતા. સમર્થો સામે પણ નમ્યા નથીં. સમર્થો સામે પણ હાર કબૂલી નથી. મોતને નહીં અભડાવવાના ધ્યેય સાથે ભગવાન સૂર્યનારાયણને દિવસ ઊગતા પ્રભાતે સૂર્ય ભગવાનના આગમનને આવકારી એક જ આર્દ્ર કરી છે કે: 'અમારું મોત અભડાવશો મા.'

ભલે ઉગ્યા ભાણ, ભાણ તુમ્હારા ભાવણાં,
જનમ મરણ લગ માણ, રાખો કશ્યપરાઉત.

કાઠી ક્ષત્રિયો આ રીતે જીવી જાણ્યા છે અને મરી પણ જાણ્યા છે. તેમનો આ આઠસો વર્ષ જૂનો મુદ્રાલેખ છે.[૯]

ઉપરની બધી જ વાતોના પાયામાંથી એક વાત ફલિત થાય છે કે : કાઠી ક્ષત્રિયો પાસે પોતાનું વીશ હજાર સૈનિકો, ઘોડાઓ અને રથોનું મોટું લશ્કર હતું. કાઠી ક્ષત્રિયોના મૂળ વતનમાં તો ગણતંત્ર હતું. પછી આવા મોટા લશ્કરનો ઉપયોગ શું કરવો તેવો પ્રશ્નો ઉદ્ભવે તે સ્વાભાવિક છે.

એટલે લશ્કર અને પોતાના નિભાવ માટે કાઠી ક્ષત્રિયો પોતાના લશ્કર સાથે દેશદેશાટનમાં મુલકગીરીના કામે જતા હશે-ગયા હશે. ત્યારે ત્યાંની પ્રજાને કે ઇતિહાસકારોને તેમણે જોયેલ બીજી લડાયક પ્રજાની અણસાર તેમનામાં દેખાણી હશે. તે પ્રજા પૈકીના તેમને માની લેવાયા હશે. તેથી તેમના માટે મનગઠત જુદાં જુદાં નામાભિધાનો થયાં હશે, નહિ તો કાઠી એક પ્રજાને અનેક જાતિઓ તરીકે ઓળખવામાં આવી ન હોત.

ટિગલાથ પિલીંઝર સાથે આવી કાઠી સૈનિકોની ટુકડીઓને કામ પડ્યું હશે. કામની બોલીઓ બાબતમાં બન્ને પક્ષ વચ્ચે મતભેદો ઊભા થયા હોય તેથી તેમણે તેઓને ત્યાંથી દૂર કર્યા હોય. ટિગલાસ પિલીંઝરે હાંકી કાઢ્યા અને બાઈબલના ઓલ્ડ ટેસ્ટામેન્ટે તેને હીટ્ટીટી કે કોમાની કહ્યા તે વાત જ હકીકતના આધાર-પુરાવારૂપ જણાય છે. હાંકી કાઢવાના અર્થમાં તેમને તેવા નામાભિધાનો થયા હોઈ શકે છે. તેમને તરછોડવાના અર્થમાં બાઈબલમાં ઓલ્ડ ટેસ્ટામેન્ટે હીટ્ટીટી કહ્યા હોય.

તેમને કોમાની કહેવામાં આવ્યા હશે તેનું અર્થઘટન ઘણા ઇતિહાસકારોએ એવું કર્યું છે કે, કાઠી ક્ષત્રિયો હાલમાં કાઠિયાવાડમાં રહે છે ત્યાં પણ તેમનામાં ખુમાણ શાખાના કાઠીઓ છે. આ હકીકતની પાછળ આંધળા-બેરાનાં અનુમાનો થયાં જણાય છે. કારણ કે કાઠી ક્ષત્રિયોની ખુમાણ શાખા છે ખરી પણ તેનો ઉદ્ભવ તો ઈસુની તેરમી સદીમાં થયો છે. તેથી આ વાત સાથે તેમને જોડી શકાય નહિ.

પરંતુ, કાઠી ક્ષત્રિયો કુર્મ કે કુર્માચલ પ્રદેશના વતનીઓ હતા તેથી તેમના

વતનની ભૂમિના નામ ઉપરથી તેમની ઓળખાણ ઊભી કરી, અપભ્રંશ થતાં કોમાની કહ્યા હોય તો તે બનવા જોગ છે. પહેલાં તેઓને કુર્મના વતનીઓ હોવાના કારણે કુર્માણી કહ્યા હોય અને પછી અપભ્રંશ થતાં કોમાણી શબ્દ ઊભો થયો હોઈ શકે છે. કર્નલ ટોડે તેના રાજસ્થાનના ઇતિહાસમાં ઘણે સ્થળે કોમાની કાઠીઓનો ઉલ્લેખ કરેલો છે. આ વાત ગ્રાહ્ય રાખવામાં આવે તો જૂના ઇતિહાસોમાં ઊભી થયેલ આ નામાભિધાનની કડાકૂટનો અંત આવી શકે. ખુમાણોની ઉત્પત્તિ બાબતમાં હવે પછી વિગતવાર માહિતી આપવામાં આવશે જ.

કાઠી ક્ષત્રિયો કુર્માચલ પ્રદેશમાં વસતા હતા. ત્યાં તેમનાં રાજ્યો હતાં તે હકીકતને વિદ્વાન ગ્રીક ભૂગોળકાર સ્ટ્રેબો અને મૂર્ધન્ય વિદ્વાન પંડિત સાંકળેશ્વરનાં અનુમોદનો મળેલાં છે જ. ઉપરાંતમાં, જગપ્રસિદ્ધ મહાન આક્રમણકાર સિકંદરની ભારત ઉપરની સવારી સામે બહાદુરીથી સામનો કરનાર કાઠી કોમ (અષ્ટક કોમ) ને વિદ્વાન ઇતિહાસકાર એરિયને ઓળખી છે. જેથી કાઠી ક્ષત્રિયોનું માદરે વતન કુર્માચલ જ હતું તે વાત નિર્વિવાદ બને છે. ઉપરની હકીકતોનો આધાર ઈસુના સંવત્સર પહેલાથી મળેલો છે. ઉપનિષદકાળ વખતના છે તે પુરાણા આધારો ઉપરથી આપણે કાઠી ક્ષત્રિયોના મૂળ વતનને ઓળખી શકીએ છીએ.

કાઠી ક્ષત્રિયો(તે વખતની અષ્ટક કોમ)એ મીડિયા અને ઈરાનનાં રાજ્યો સામે તલવાર તોળી તેમાં નિષ્ફળતા મળી. તેમને તેમના મૂળ વતન સાંગાલા પાછું ફરવું પડ્યું હોઈ, તેમના પ્રતિગમનને ઇતિહાસકારોએ તેમનું પ્રથમ આગમન માની લીધું હોય તેવું જણાઈ આવે છે.

ઇતિહાસની ક્ષતિને સ્વીકારવા અને સુધારવામાં આવે તો ભારતની વીર ક્ષત્રિય કાઠી જાતિમાં શક, હુણ કે બીજી પરદેશી જાતિઓની આભા દેખાતી આપોઆપ બંધ થઈ જશે.

કપોળકલ્પિત દંતકથાઓને આ વિજ્ઞાનયુગમાં પણ કથતા કેટલાક ઇતિહાસકારો દેખાય છે. તેને ઇતિહાસકારોની નબળી તર્કશક્તિ તરીકે નહિ ઓળખું પણ કાઠી ક્ષત્રિયોની કમનસીબી જ માની લઉં છું, નહિં તો આ વિજ્ઞાનયુગમાં દંતકથા તરીકે, કરણે લાકડી પછાડી કાઠીને પેદા કર્યાની હકીકત ઇતિહાસના પાના ન બગાડત. વળી ઇતિહાસકારો એમ કહેતા પણ જોવા મળે છે કે, "કાઠીઓ તેમની ઉત્પત્તિ તે રીતે થયાનું" કહે છે. તેમ કોણે કહ્યું તેવો આધાર આપ્યા સિવાય કપોળકલ્પિત આવી કથાઓ આલેખાય છે તેથી જ તેને કાઠી કોમની કમબખ્તી કહી શકાય. કાઠી ક્ષત્રિયો માત્ર કાઠિયાવાડમાં જ વસે છે. મેં પ્રવાસ કરી આગેવાનો અને શિક્ષિત યુવાનોની આ બાબતમાં રાય જાણી છે. કોઈ આ વાત સાથે સંમત નથી. વિજ્ઞાન પણ તેને માન્ય રાખી શકે નહિ. આવા ગબારાઓ હવે એકવીસમી સદી પહેલાં બંધ થાય તે જરૂરી છે. સર્વસાધારણ રીતે, ભારતની અન્ય જ્ઞાતિ-જાતિઓની ઉત્પત્તિ, જે સાધારણ રીતે થઈ છે તે જ સાધારણ રીતે આ જ્ઞાતિ ઉત્પન્ન થઈ છે.

કાઠી ક્ષત્રિયો સંબંધે અંગ્રેજ ઇતિહાસકારોએ જુદાં જુદાં અનુમાનો કરી જુદી જુદી જાતો તરીકે તેમને ઓળખવાની કવાયત કરી છે. પ્રારંભિક અવસ્થાની કેટલીક યુરોપીય જાતિઓના દિદાર તેમને આ જાતિમાં દેખાયા કેમ હશે તે સમજી શકાતું નથી.

ભારતીય સંસ્કૃતિના રંગે સંપૂર્ણપણે રંગાયેલી અને પોતાની જ અનોખી કાઠી ક્ષત્રિય સંસ્કૃતિનું સર્જન કરનાર કાઠી કોમને ઓળખવામાં તેઓની ભૂલ થઈ છે. કાઠી સમાજે, તે બહુ નાનો હોવા છતાં આ દેશને સતીઓ, સંતો, શૂરાઓ, ભક્તો અને દાતાઓની અણમોલ મોટી દેણગી આપી છે. પોતાની અનોખી સંસ્કૃતિનું તેણે સર્જન કર્યું છે. તેમના દરબારગઢો, તેની ગાર-ગોરમટી, તેમની માંડછોડ, તેમનું મોતી અને ભરતકામ, હથિયાર-પડિયાર, માલ-ઢોર-ઘોડાઓ, તેમની મહેમાનગતિ, ક્ષત્રિયવટ, સ્ત્રી-સન્માન, એકપત્નીવ્રત એવા તો અનેક પર્યાયોથી કાઠી સંસ્કૃતિ સમૃદ્ધ છે. વિદેશીઓ પણ તેના દર્શને આવીને તૃપ્ત થયા છે. કાઠીઓની મહેમાનગતિનો ઉલ્લેખ કરીને અંગ્રેજ ઇતિહાસકારોએ તેને વખાણી છે.

કાઠિયાવાડમાં કોક દિ ભૂલો પડ ભગવાન
થા તું મારો મહેમાન, તને સ્વર્ગ ભુલાવું શામળા.

આ દુહા પણ કાઠીસંસ્કૃતિ અને પરોણાગતનો થરકાટ બતાવે છે.

મોતી અને હીર ભરત તો કાઠી સ્ત્રીઓની નવરાશની પળોના સદ્‌ઉપયોગના સૂત્રથી ઉદ્‌ભવેલ અનોખી કળા છે. મોતીકામની અનોખી કલાની કદર રૂપે, આ સમાજના એક બહેન અ. સૌ. માકુબા મેરુભાઈ રે. સુદામડા, જિલ્લો સુરેન્દ્રનગરને ઈ.સ. ૧૯૮૧માં સિદ્ધહસ્ત શિલ્પકલા વિભાગમાં ભારત સરકાર તરફથી રાષ્ટ્રીય પુરસ્કાર સંપન્ન થયેલ છે તે કાઠી સમાજનું ગૌરવ છે.



श्रीमती मकुबा मेरूभाई

जन्म १९२९, गुजरात

(सुदामदा, सायला तालुक, जिला सुरेन्द्रनगर)

श्रीमती मकुबा मेरुभाई

जन्म १९२९, गुजरात

(सुदामदा, सायला तालुक, जिला सुरेन्द्र नगर)

श्रीमती मकुबा मेरूभाई का जन्म गुजरात के एक पुश्तैनी मणिका श्रमिक परिवार में हुआ । बाल्यकाल से ही मणिका कशीदाकारी शिल्प में दिलचस्पी लेनेवाली श्रीमती मकुबा ने इस शिल्प में विलक्षण प्रवीणता को व्यक्त किया है । तीन दशकों से भी अधिककाल का अपार अनुभव रखनेवाली श्रीमती मकुबा अपनी कशीदाकारी तोरणों (मोती कार्य) पर कविता रचने में निपुण है जो अत्यन्त सुन्दर होने के साथ सुरुचिपूर्ण हैं । श्रीमती मकुबा ने बडी संख्या में लडके और लडकियों को इस शिल्प में प्रशिक्षित किया और उन्हें इस बात पर गर्व है कि उनके परिवार के सभी सदस्य मौती शिल्प में पारंगत है । उन्होंने बहुत सी प्रदर्शनियों में भाग लेकर अपने कला कौशल का प्रदर्शन किया ।

श्रीमती मकुबा मेरूभाई को मणिका शिल्प में उत्कृष्ट कार्य करने के लिणे सिद्धहस्त शिल्पी का राष्ट्रीय पुरस्कार प्रदान किया जा रहा है ।

SMT. MAKUBA MERUBHAI

B. 1929, Gujarat

(Sudamda, Sayala Taluka, Surendranagar Distt.)

Smt. Mukuba Merubhai comes from a family of hereditary bead workers of Gujarat. Interested in the craft of bead embroidery right from her childhood, Smt. Makuba has developed unique proficiency in the craft. With vast experience for over three decades, she is able to weave `poetry' into her embroidered *torans (Moti Kam)* which are at once beautiful as they are aesthetically satisfying. Smt. Makuba has trained large number of boys and girls in her craft and she is proud of the fact that all members in her own family are good at bead craft. She has participated in many exhibitions and demonstrated her skill.

Smt. Makuba Merubhai receives the National Award for Master-craftsman for her excellence in Bead Craft.

सिद्धहस्त
शिल्पियों को
राष्ट्रीय पुरस्कार
1981

विकास आयुक्त हस्तशिल्प कार्यालय
भारत सरकार
वाणिज्य मन्त्रालय
नई दिल्ली-110066

NATIONAL
AWARDS FOR
MASTER-CRAFTSMEN
1981

OFFICE OF
THE DEVELOPMENT COMMISSIONER
(HANDICRAFTS)
GOVERNMENT OF INDIA
MINISTRY OF COMMERCE
NEW DELHI - 110066

કાઠી સમાજ, બહેન મકુબાની કળા બદલ અને તે કલાના નિરૂપણ બદલ તેમને અભિનંદે છે.

કાઠી ક્ષત્રિયોને વિદેશી ગણવાની ભૂલ કરનારાઓને એક વાત કહેવા જેવી છે. ભારતમાં વિદેશથી આવેલી બે જાતિનો દાખલો લઈએ. એક તેવી જાતિ તે પઠાણ અને બીજી જાતિ પારસી છે.

અફઘાનિસ્તાનમાંથી આવેલ પઠાણો અને ઈરાનમાંથી આવેલા પારસીઓ સેંકડો વર્ષથી ભારતીય બન્યા છે. તેઓ ભારતના જ માતૃપ્રેમી અને મતદાર વતનીઓ છે. ભારતને પોતાનું જ વતન બનાવ્યું છે. પરંતુ તેમનાં ધર્મ, સંસ્કૃતિ, ભાષા જ નહિ પણ તેમનો શારીરિક બાંધો અને પહેરવેશ, વર્ષોનાં વહાણાં વાયાં છતાં હજુ પણ તે તેમનાં જ રહ્યાં છે. અંગ્રેજ ઇતિહાસકારે કાઠી ક્ષત્રિયોને ભારતીય સંસ્કૃતિથી જુદા પાડવાનું સાહસ ભલે કર્યું - તેમને ઉપરનાં બે દૃષ્ટાંતોથી જવાબ મળી જશે કે વિદેશીઓની સંસ્કૃતિ વર્ષો જતાં પણ બદલી શકાતી નથી. જ્યારે કાઠીસંસ્કૃતિ તે ભારતીય સંસ્કૃતિથી જરા પણ ભિન્ન પડતી નથી.

કાઠી ક્ષત્રિયોએ 'કાઠિયાવાડી ઘોડા' ઉછેરની અનોખી કલા વિકસાવી હતી. દેશ-વિદેશોમાં આ ઘોડાઓ વખણાયા હતા. તેનું એક દૃષ્ટાંત અહીં આપવા જેવું છે.

અંગ્રેજ આઈ. સી. એસ. ઑફિસર કીનકેઈડનો અશ્વપ્રેમ દાદ માગી લે તેવો હતો. તે કહેતો કે: 'ઘોડો અને ઘોડેસવાર સાથે મળે ત્યારે તે એક પ્રાણી બની જાય છે.' વર્ષો સુધી ગ્રીકના એક જાહેર સ્થળે પ્રતિમા રૂપે મુકાયેલ ઘોડો અને ઘોડેસવારનું મૉડેલ - નમૂના ક્યાંથી - કયા દેશમાંથી લેવામાં આવેલ છે તેનું તેણે સંશોધન કર્યું હતું. પરંતુ દેશ-વિદેશના પ્રવાસ પછી પણ તેને કોઈ પ્રતીતિ મળી ન હતી.

કીનકેઈડ ભારતમાં અંગ્રેજ સરકારની સિવિલ સર્વિસિઝનો અધિકારી નિમાયો.

કાઠિયાવાડના એક કાઠી દરબારના દરબારગઢમાં તે એક વખત મહેમાન થયેલો ત્યારે તેણે તેમના ઘોડા જોવાની ઇંતેજારી બતાવી. કાઠી દરબારનો ઠાણિયો (ઘોડાના ઠાણમાં કામ કરતો માણસ) ઘોડારમાંથી બે ઘોડીઓને કીનકેઈડ સમક્ષ દોરી લાવ્યો.

આ ઘોડીઓને જોઈને તે અંગ્રેજ અફસર આભો બની ગયો. તે કૂદવા - નાચવા લાગ્યો. કારણ એ હતું કે વર્ષોથી જે અમુક રૂપરંગ - આકારની ઘોડાની જાત, ક્યાંની છે તે જાણવા સંશોધન કરતો હતો તેને અહીં તેનો જવાબ મળી ગયો હતો.

હકીકત એમ હતી કે ગ્રીક દેશમાં એક જાહેર જગ્યાએ યુગોથી પ્રદર્શિત થઈ ઊભેલી અને પાર્થીઅન તરીકે ઓળખાયેલી, અશ્વ અને અસવારની પાષાણ પ્રતિમાઓ તેણે જોઈ હતી. તેને તે બહુ ગમી હતી તેથી તેણે વારંવાર જોઈ હતી. તેના ઘાટ અને આકાર ઉપર કીનકેઈડ આફરીન થયો હતો. તેણે તેવા ઘોડા કયા દેશમાં થાય છે તે માટે સંશોધન કર્યું. પણ તે નાસીપાસ થયો હતો. કારણ કે તેને ક્યાંયથી પણ ભાળ મળતી ન હતી.

પછી તેને વિચાર આવેલો કે શું આવા રૂપ, શિલ્પીઓની માત્ર કલ્પનાથી સર્જાયા હશે? કારણ કે યુરોપભરમાં તેને આવા ઘોડાઓ જોવા મળ્યા ન હતા. તેને આવેલા વિચારનો પ્રત્યુત્તર પણ તેણે પોતે, પોતાને જ આપ્યો કે "હેલ્લેનીક આર્ટ" ના સિદ્ધાંતોનો ભંગ કોઈ શિલ્પી ન કરે. એટલે કે વાસ્તવિક આકૃતિ સિવાય કોઈ કાલ્પનિક આકૃતિ તે કલાકારો કંડારે જ નહીં.

વર્ષોની તેની મનોવ્યથાનો જવાબ તેને કાઠી દરબારની બે ઘોડીઓ જોઈને મળી ગયો હતો. ગ્રીકની અશ્વપ્રતિમાનું સાચું મૉડેલ તેને ત્યાંથી મળી ગયું. તેથી તે આનંદ્યો, નાચ્યો અને કૂદ્યો હતો.

આ પછી ઇતિહાસ અને પુરાતત્ત્વના આધારો વડે તે એવા અનુમાન ઉપર આવ્યો હતો કે ગ્રીક શિલ્પના નમૂનો બનનાર ઘોડા, ઝર્સીસ રાજાના, ઈરાની લશ્કર સાથે, એથેન્સ પરના આક્રમણ વખતે આવ્યા હોવા જોઈએ. ઈ. સ. પૂર્વેની પાંચમી સદી પહેલાં, કાઠી ક્ષત્રિયો પોતાના અશ્વો સાથે, ઈરાની શાહના સૈન્યમાં સામેલ થયા હોવા જોઈએ તેમ તેણે અનુમાન કર્યું હતું અને તેમના ઘોડાઓને જોઈને, તેના મૉડેલ રૂપે ગ્રીકની તે અશ્વપ્રતિમાઓ બની હોય તેવા નિર્ણય ઉપર તે ત્યારે આવેલ હતો. ત્યારે તે બોલી ઊઠ્યો હશે કે : આટલી પ્રાચીન ઘોડાઓની ઓલાદને જાળવી રાખનાર કાઠી દરબારોએ તેમની પોતાની વંશાવળી કરતાં પણ વધુ કાળજી અશ્વોની વંશાવળીની રાખેલી હશે.[૧૦]

કાઠી ક્ષત્રિયો પોતાના લશ્કરને લઈને વિદેશોમાં પણ જતા તેના આધારરૂપે ઉપરોક્ત દૃષ્ટાંત રજૂ કરેલ છે. તે લોકસાહિત્યમાંથી લીધેલું છે. પરંતુ કીનકેઈડે, "આઉટલોઅર્સ ઑફ કાઠિયાવાડ" નામનું ઐતિહાસિક પુસ્તક લખેલું તેમાંનું તે છે.

આ બધા પ્રસંગોથી એ વાત પ્રતિપાદિત થાય છે કે કાઠી પ્રજા કોઈ પર મુલ્કમાંથી આવેલી પ્રજા નથી. પણ વૈદિક કાળથી, ભારતમાં વસતી, યજુર્વેદની અનુયાયી ક્ષત્રિય પ્રજા છે. આ શક્તિશાળી પ્રજાએ ખુમારીપૂર્વક તેની તાકાતથી દેશ-વિદેશો ખેડ્યા છે.

ઉત્તર ભારતમાંથી આવી બીજી અનેક ક્ષત્રિય કોમો ક્રમે ક્રમે સૌરાષ્ટ્ર તરફ આકર્ષાણી અને ત્યાં જ સ્થિર થઈ છે. તે જ રીતે કાઠી ક્ષત્રિયો પણ બીજા મુલ્કોમાં થઈને રફતે રફતે સૌરાષ્ટ્રમાં પ્રવેશ્યા છે. સૌરાષ્ટ્રને જ તેણે માદરે વતન બનાવ્યું છે. સૈકાઓથી સૌરાષ્ટ્ર તરીકે ઓળખાતો પ્રદેશ તેમના નામ ઉપરથી જ કાઠિયાવાડ કહેવાયો છે. કાઠિયાવાડથી કાઠીઓ વધુ મશહૂર થયા છે.

કાઠીઓ અને વાળાઓ છેક પંજાબમાંથી સાથે સાથે છેક સૌરાષ્ટ્રમાં આવ્યા છે. તેના ઉપલબ્ધ આધારો આ પુસ્તકમાં અન્યત્ર છુટા છુટા બતાવવા મેં પ્રયાસ કર્યો છે.

ચંદ્રચુડના રાણી કાઠી કુંવરી હતા તેમ ચુડાસમા રાજવંશમાં તેના લેખકે નોંધ્યું છે. તેમણે એ પણ નોંધ્યું છે કે રા' ખેંગારે બાવીશ રાજકુંવરીઓ સાથે લગ્ન કર્યા હતા

તેમાં એક પાવરગઢના કાઠીકુંવરી હતા તે સંદર્ભ સાથે અન્યત્ર નોંધ્યું છે. કર્નલ વોટસને પોરબંદર અને જામનગરમાં કાઠી રાણી કે કાઠીમાના મહેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે તે પણ સંદર્ભ સાથે અન્યત્ર નોંધ્યું. વિકયોજી જેઠવાના રાણી સોનબાઈ કાઠીરાણી હોવાના ઉલ્લેખ કરેલ છે તે પણ સંદર્ભ સાથે અન્યત્ર નોંધ્યું. વિકયોજી જેઠવાના રાણી સોનબાઈ કાઠીરાણી હોવાના ઉલ્લેખો થયા છે.

કાળા માંજરીયાએ (અષ્ટક કોમ - કાઠી) વિક્રમની નવમી-દશમી સદીમાં કાળાવડ વસાવી એકસો અડસઠ (સાત ચોવીસી) ગામોનું પરગણું સ્થાપ્યાનું યદુવંશ પ્રકાશના વિદ્વાન લેખકે જણાવ્યું છે. કાળા માંજરીયાના સમયથી કાઠી રાજવંશ સૌરાષ્ટ્રમાં સ્થિર થયો હોવા છતાં તેને ઓળખવામાં ઈતિહાસોએ ઘણું મોડું કર્યું છે.

૩. છત્રીસ કુળ રાજવંશના રાજપૂતો

સૌરાષ્ટ્ર વિસ્તારને સંબંધ છે ત્યાં સુધી જૂના સમયમાં એટલે કે વિક્રમના પહેલા અર્ધશતકના સમયમાં જેઠવા, ચાવડા અને વાળા એ ત્રણ રાજવંશો સોરાષ્ટ્રમાં મહત્ત્વના સ્થાને હતા.

અત્યારે વંથળી તરીકે ઓળખાતું નગર ત્યારે વામનસ્થળીના નામે ઓળખાતું હતું. વલ્લભીના પતન પછી તે રાજવંશની એક ડાળી સમો, વાળા રામ ઈ. સ. ૮૪૦માં વામનસ્થળીમાં રાજ કરતો હતો. આ રાજા વાળા રામને એક જ પુત્ર હતો. પિતા-પુત્રને કંઈક અલેણું નીકળ્યું તેથી કુંવર ચાલ્યો ગયો તે ફરીથી વામનસ્થળીમાં આવ્યો જ નહિ. વાળા રામનો એક ભાણેજ ચંદ્રચુડ હતો. તે કચ્છના સમા વંશનો હતો. તેને વાળા રામ પોતાની પાસે રાખતો હતો. વાળા રામ પછી ચંદ્રચુડ વંથળીનો રાજા બન્યો. ચંદ્રચુડ નામમાંથી 'ચુડા' અને તેની સમા જાતિમાંથી સમા લઈને તે બે શબ્દોનું સમાનું જોડાણ કરીએ તો ચુડા + સમા = ચુડાસમા શબ્દ બને. આ ચંદ્રચુડના વારસો ચુડાસમા તરીકે ઓળખાયા.[11] સૌરાષ્ટ્રમાં મહત્ત્વની એવી સોરઠની ધરાનો આ ચુડાસમા રાજવંશ ફાલ્યોફૂલ્યો. અનેક નામાંકિત રાજાઓ થયા અને તે જૂનાગઢના રા' તરીકે ખ્યાત થઈ ગયા. વાળા રામે ઈ. સ. ૮૪૦થી રાજ્ય કર્યું. ત્યાર પછી ઈ. સ. ૮૫૭ થી ચંદ્રચુડ ગાદીપતિ થયો અને પછીથી ત્રીશ રાજાઓએ વામનસ્થળી - જૂનાગઢ ઉપર રાજ્ય કર્યું. આ વંશનો છેલ્લો રાજા રા'માંડલિક થયો. મહમદ બેગડાએ તેને હરાવ્યો, ધર્મપરિવર્તન કરાવ્યું. ઈ. સ. ૮૫૭માં સ્થપાયેલ જૂનાગઢના ચુડાસમા રાજવંશની ગાદી છસો વર્ષ આબાદ રહી પરંતુ ઈ. સ. ૧૪૭૦ પછી મુસલમાનોને હાથ ગઈ.

આ ચુડાસમા રાજવંશ પછી સૌરાષ્ટ્રમાં ઝાલા, જાડેજા અને ગોહિલ રાજવંશો આવ્યા.

ઝાલા રાજવંશના મૂળ પુરુષ હરપાળદેવ મકવાણા હતા. કરણ વાઘેલા તરફથી બક્ષીસ મળેલ જાગીરની રાજધાની પાટડીમાં કરી તેણે ઈ. સ. ૧૦૯૦થી ઈ. સ. ૧૧૩૦ સુધી ત્યાં રાજ કર્યું. મહમદ બેગડાએ ઝાલાઓને ત્યાંથી હટાવ્યા પછી હળવદ અને ધ્રાંગધ્રામાં રાજધાનીઓ કરી.

ઈ. સ. ૧૮૮૧ના વર્ષમાં ઝાલાઓની સૌરાષ્ટ્રમાં વસતી ૧૭,૯૧૪ની નોંધાણી હતી.[12]

જાડેજા રાજવંશ સૌરાષ્ટ્રમાં મોરબી અને નવાનગરથી સ્થપાયો. લાખા ફુલાણીએ કચ્છમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. મૂળરાજ સોલંકી સાથેના યુદ્ધમાં લાખો ફુલાણી કામ આવી ગયો. અત્યારના રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના આટકોટ અને પાંચવડા ગામો વચ્ચે બુઢ્ઢણપરી અને ભાદર નદીઓની વચ્ચે અંબાઈ માતાનું દેવાલય છે જે

લાખા ફુલાણીએ બંધાવેલ હોવાનું કહેવાય છે. ત્યાં તેનો પાળિયો છે. અષાઢ શુદી બીજને દિવસે કેટલાક કાઠી દરબારો આ વીર પુરુષની ખાંભીને કસુંબો પાવા જાય છે.[૧૩] શાલીવાહન શક નવસો એકના કાર્તિક શુદ આઠમ ને શુક્રવારે લાખો ફુલાણી એકસો પચ્ચીસ વર્ષની ઉંમરે સ્વર્ગે સિધાવ્યો હતો. કચ્છ પ્રાંતમાં સૌપ્રથમ બાજરાનું વાવેતર કરાવી, સૌરાષ્ટ્રમાં પ્રથમ બાજરાનું બીજ લાવનાર લાખો ફુલાણી હતો. બાજરાના ગુણ વિશે એક દુહો ત્યારથી પ્રચલિત થયો છે :

દુહો

બલીહારી તુજ બાજરી, જેના લાંબા પાન,
ઘોડે પાંખુ આવીયું, બુઢા થયા જવાન.

લાખા ફુલાણીને પુત્ર ન હતો. તેથી તેનો ભત્રીજો પુનરવો ગાદીપતિ થયો. તેની વિધવાએ સિંધથી જાડાના કુંવર લાખાને બોલાવ્યો. આ જાડાના વંશજો જાડેજાઓ કહેવાયા.[૧૪]

જામ હમીરજી અને જામ રાવળજી, એ બે ભાઈઓ વચ્ચે કચ્છ વહેંચાયેલ હતું. (ઈ. સ. ૧૫૩૭) જામ રાવળજીએ દગો કરી, જામ હમીરજીનો વધ કરાવ્યો. તેથી જામ હમીરજીનો પુત્ર અમદાવાદના સુલતાનના શરણે ગયો. સુલતાને તેને મોરબીમાં વસાવ્યો અને રાવનો ખિતાબ આપ્યો. ખેંગારે તેના કાકા જામ રાવળ ઉપર ચડાઈ કરી ઈ. સ. ૧૫૪૮માં કચ્છ જીતી લીધું. જામ રાવળે કચ્છમાંથી સૌરાષ્ટ્રમાં આવી નવાનગરમાં થાણું સ્થાપ્યું.[૧૫] ખેંગારજી સામે લડવા જતી વખતે, જામ રાવળ, મા આશાપુરાના મંદિરે આજ્ઞા લેવા ગયેલ ત્યારે "મારા ખોટા સોગન ખાઈને હમીરજીનો તેં વધ કર્યો છે માટે બીજે જાવ." તેવી માતાજીએ આજ્ઞા કર્યાનો જામ રાવળને આભાસ થયો તેથી સૌરાષ્ટ્રમાં આવેલ.[૧૬]

જામ રાવળજી, નવાનગરમાં સ્થિર થયા પછી શીતળાના કાળાવડ ઉપર ચડાઈ કરી, લાખા માંજરિયા પાસેથી કાળાવડ લીધું હતું. લાખા માંજરિયા પાસે સાત ચોવીસીયું ગામ હતા. લાખા માંજરિયો ખૂબ જ વૃદ્ધ ઉંમરનો હતો. તે તેના ભાઈ વીરમ માંજરિયા પાસે કોટડા ગામે રહેતો હતો. તેને દેવાયત નામે પાટવી કુંવર હતો. જામ રાવળે કાળાવડ લીધું ત્યારે કાળા માંજરિયાએ વસાવેલ કાળાવડ રાજ્ય ૫૦૦ વર્ષ ઉપરાંતથી હસ્તીમાં હતું.

ઈ. સ. ૧૮૮૧માં જાડેજાઓની વસ્તી ૨૯,૨૫૮ની હતી.[૧૭]

ગોહિલ રાજવંશના પૂર્વજ સેજકજી હતા. મારવાડની લુણી નદીને કાંઠે ખેરગઢમાં તેમની મૂળ રાજધાની હતી. ત્યાંથી રાઠોડોએ તેમને હાંકી કાઢ્યા ત્યારે ઈ. સ. ૧૨૯૦માં સૌરાષ્ટ્રમાં આવ્યા. સેજકજીના રાણજી ગોહિલ થયા. તેમણે રાણપુર વસાવી પોતાની રાજધાની કરી હતી. આ ગોહિલ રાજવંશે પછીથી ભાવનગર લીધું હતું. બીજા કુંવર સારંગજીના વંશજોએ લાઠી રાજ્ય સ્થાપ્યું. ત્રીજા કુંવર શાહજીના વંશજોએ પાલિતાણા લઈ ત્યાં રાજધાની સ્થાપી.

ઝાલા, જાડેજા અને ગોહિલ રાજવંશોએ આ રીતે સૌરાષ્ટ્રમાં પ્રવેશી પોતાનાં રાજ્યો પ્રસ્થાપિત કર્યાં, તે અગાઉ વાળા, ચાવડા અને જેઠવા રાજવંશો સૌરાષ્ટ્રમાં પ્રસ્થાપિત થઈ ચૂક્યા હતા. કાઠી ક્ષત્રિય રાજવંશનું એક રાજ્ય પણ તે પહેલાં સૌરાષ્ટ્રમાં પ્રસ્થાપિત થઈ ચૂક્યું હતું. (શીતળાના કાળાવડનું)

વાળાઓએ વલ્લભીનું મહાન સામ્રાજ્ય નાશ પામ્યા પછી વળા વસાવ્યું. મૂળરાજ સોલંકીએ ઈ. સ. ૯૫૦માં તે લીધું ત્યાં સુધી ત્યાં રાજ કર્યું.[૧૮] ત્યાંથી તેઓ તળાજા, ભાદ્રોડ અને ઢાંકમાં પ્રસરી પોતાની રિયાસતો ત્યાં ઊભી કરી. તેમાં ઢાંક મુખ્ય રહ્યું. આ રીતે એક મહાન સામ્રાજ્યથી ઊતરી આવેલ વાળા રાજવંશ મુખ્યત્વે ઢાંક, તળાજાનો જાગીરદાર બની રહ્યો.

ઈસુના સંવતસર પૂર્વે પંજાબ - સિંધમાં વસતા અને ઈ. સ. પૂર્વે ગ્રીસના મહાન સિકંદરના ભારત ઉપરના આક્રમણ વખતે તેમના બહાદુરીપૂર્વકના સામના માટે પ્રસિદ્ધિ પામેલ કાઠી ક્ષત્રિયો ત્યાંથી ધીમે ધીમે દક્ષિણ તરફ આવતા થયા હતા. નેપાળ, માળવા, રાજસ્થાન, સિંધ થઈને કચ્છમાં તેઓ આવી વસેલા. કચ્છ અને સિંધની સરહદે આવેલ મુલતાન - મૂળસ્થાન તેમનું કેન્દ્ર બન્યું હશે. તે પૈકીની એક ટુકડીના અગ્રેસર, સિંધ - પંજાબમાં અષ્ટક કોમ તરીકે પ્રસિદ્ધિ પામનાર પૈકીના કાળા માંજરિયા એ સૌપ્રથમ ઈસુની નવમી કે દશમી સદીમાં દક્ષિણ સૌરાષ્ટ્રમાં પ્રવેશી પોતાના નામ ઉપરથી કાળાવડ વસાવી ત્યાં પોતાની રાજધાની કરી હતી. સાત ચોવીસીનું પરગણું એટલે કે એકસો અડસઠ ગામ તેને કબજે હતાં. કાળાવડમાં કાળા માંજરિયાએ પોતાનાં કુળદેવી શીતળા માતાનું મંદિર બંધાવ્યું હતું. તેથી કાળાવડ શીતળાનું કહેવાતું હતું. સૌરાષ્ટ્રમાં આ રીતે સૌપ્રથમ કાઠી રાજવંશનું પહેલું રાજ્ય કાળાવડમાં ઈસુની નવમી કે દશમી સદીમાં અસ્તિત્વમાં આવેલ હતું. દરમ્યાનમાં ખાસ કરીને કચ્છ થઈ અન્ય કાઠી ક્ષત્રિયોની ટુકડીઓ સૌરાષ્ટ્રમાં પ્રવેશી ચૂકી હતી અને થાન, ચોટીલા, માંડવ વિ. પ્રદેશમાં સ્થિર થઈ પોતાની સત્તા સ્થાપી હતી.

જેઠવા રાજવંશ સૌરાષ્ટ્રમાં આવેલ બહુ જૂનો રાજવંશ છે. જે પોરબંદરથી વધુ પ્રખ્યાત થયેલ છે. પોરબંદર એકમાત્ર તેમનું રાજ્ય છે. જેઠવા રાજવંશ ને ચાવડા અને બાબરિયાઓ સાથેના ઘણા જૂના લોહીના સંબંધો હતા. તે બાબરિયાઓ અને ચાવડાઓ પછીથી કાઠી સામાજિક ગઠબંધનમાં જોડાઈ ગયા હતા.

આ રીતે સૌરાષ્ટ્રમાં પ્રથમ તબક્કે આવનાર રાજવંશોમાં જેઠવા રાજવંશ વાળા રાજવંશ સાથે પણ ગાઢ સંબંધોથી સંકળાયેલો રહ્યો હતો. તેણે પણ વાળા રાજવંશ સાથે લોહીના સંબંધો બાંધ્યા હતા. કાઠી ક્ષત્રિયોના સૌરાષ્ટ્રમાં આગમન પછી તેણે વાળા રાજવંશ સાથે લોહીના સંબંધો બાંધ્યા હતા. ચાવડા, ઝાલા, ચૌહાણ, પરમાર, રાઠોડ, ચભાડ, વિ. રાજવંશો સાથે વાળા રાજવંશે સામાજિક ગઠબંધન ઊભું કરી શાખાયત તથા અવરતિયા વિભાગો ઊભા કર્યા હતા અને શાખાયત માત્ર અવરતિયામાં અને અવરતિયાઓએ માત્ર શાખાયતમાં જ લગ્ન કરવા એક રાજવંશની બે અલગ શાખાઓ સ્થાપી તેમાંથી નવી લગ્નસંસ્થા ઊભી કરી હતી.

વાળાઓ, ઝાલાઓ, જેઠવાઓ, કાઠીઓ, પરમારો વિ. ના રાજવંશો મુખ્યત્વે પંજાબ - સિંધમાંથી જ સૌરાષ્ટ્રમાં ઊતરી આવેલા જણાયા છે. રાજવંશ છત્રીશ શાખાના ગણાયા છે. છત્રીશ શાખાના રાજપૂતો ભગવાન મનુના બાવડામાંથી ઉત્પન્ન થયા છે. હાથ એ શક્તિનું પ્રતીક છે. સૂર્ય, ચંદ્ર, ઋષિ અને અગ્નિ એ ચાર વંશમાં વિભાજિત થયેલા કુલ છત્રીશ કુળની રાજપૂત શાખાઓ બની છે. તેને પૃથ્વીરાજ રાસો, કર્નલ ટોડનો રાજસ્થાનનો ઇતિહાસ, ફાર્બસ રાસમાળા અને કર્નલ વૉટ્સનકૃત કાઠિયાવાડ સર્વસંગ્રહે તેનું બ્યાન આપી છત્રીશ શાખા બહાલ રાખી છે.

दश रविके दश चदके द्वादश मुनिके जान
चार अग्नि पहचानिये छत्रिश वंश वरवान ।

સૂર્યવંશ : ગોહિલ, ગેહલોત, રાઠોડ, જેઠવા, વાળા, કાઠી, વાઢેર, વાઝા, પ્રતિહાર અને સિસાદયા તે દશ શાખા.

ચંદ્રવંશી : યદુ, જાડેજા, સરવૈયા, રાયજાદા, રણ તંવર, હુણ, જત, કુશવાહ અને ભટ્ટી તે દશ શાખા.

ઋષિવંશ : ઝાલા, ચાવડા, મહિડા, મકવાણા, રોહિલા, જાહિયા, લકુમ, કુછવા, દાહિમા, હાડા, રોહિલ અને મોહિલ....તે બાર શાખા

અગ્નિવંશ : પરમાર, ચૌહાણ, સોલંકી અને વાઘેલા....તે ચાર શાખા.

છત્રીશ કુળ આ રીતે ચાર શાખામાં વહેંચાયેલાં છે. સૂર્યવંશ, ચંદ્રવંશ, ઋષિવંશ અને અગ્નિવંશની આ રીતે ચાર શાખા બને છે.

છત્રીશ કુળના રાજપૂતો ક્યારે ઉદ્દભવ્યા તેની એક સરસ વાત છે. દિલ્હીનો બાદશાહ અકબર એમ માનતો હતો કે મેવાડના મહારાણા પ્રતાપને, એકને ધૂળમાં રગદોળી નાખવામાં આવે તો હિન્દુસ્તાનનું રાજ સહેલાઈથી મેળવી શકાય, સહેલાઈથી ભોગવી શકાય. તેથી તેણે, તેની તમામ શક્તિ એકઠી કરી, મેવાડને ધમરોળી નાખવા, એક મહાન સેના તૈયાર કરી. અકબરનું માનવું હતું કે, મેવાડનો મહાપ્રતાપી રાણા ખતમ થશે, એટલે સમગ્ર ભારતની રાજપૂતી મરી પરવારશે. એટલે બાદશાહ અકબરે મેવાડ ઉપર ભયંકર આક્રમણ કર્યું.

અકબર પોતાની સમગ્ર તાકાતથી મેવાડ સામે ચડ્યો હતો. તેના પોતાના વિશાળ લશ્કર ઉપરાંત, તેની મદદમાં, તેના તાબેદાર રાજપૂતો પણ હતા. આ સમગ્ર તાકાત સાથે, બાદશાહ અકબર ખુદે આ ચઢાઈ કરી હતી.

મેવાડ ઉપરની બાદશાહ અકબરની ચડાઈ વખતે, ભારતવર્ષના રાજપૂતો મેવાડની-સખાતે ગયા હતા. જે રાજપૂતો મહારાણા પ્રતાપની મદદે ગયા હતા તે રાજપૂતોની છત્રીશ શાખાઓ હતી. તે છત્રીશ કુળ રાજવંશ તરીકે ઓળખાણી.

ભાયાવદરના વિદ્વાન દરબાર અનકવાળાએ લખેલ 'પ્રાચીન અર્વાચીન ઇતિહાસ'ની રૂપરેખામાં જણાવ્યું છે કે, મુસલમાનોની ચડાઈ વખતે જૂનાગઢના જાદવ

અને ચોટીલાના વાળા રાજાઓ ચિત્તોડની મદદે આવ્યા હતા, તેમ ટોડ-રાજસ્થાનના ઇતિહાસનો હવાલો આપી, ખુમાણ રાસામાં લખાયું હોવાનું જણાવે છે.

બુંદી રાજ્યના રાજકવિ સૂર્યમલજીએ 'વંશ ભાસ્કર' પુસ્તક લખ્યું છે તેમાં પણ તેમણે આ છત્રીશ કુળના રાજપૂતો બતાવ્યા છે.

રાજસ્થાનના ઇતિહાસના મહાન અંગ્રેજ લેખક કર્નલ ટોડ[૧૯] પરિશિષ્ટ બીજાના અધ્યાય ૭માં પાન ૬૮૨ ઉપર છત્રીશ કુળ રાજપૂત રાજવંશની નામાવલી આપેલી છે. આ અગાઉ તેમણે આવી પાંચ નામાવલીઓનું સંશોધન કરેલ હતું. તેમણે અધિક પૂર્ણતાવાળી નામાવલી હોવાનું કહી પ્રસિદ્ધ કરેલ આ નામાવલી નીચે મુજબ છે:

૧. ઈક્ષ્વાકુ કાકુસ્થ વા સૂર્ય ૨. ઈન્દુ, સોમ વા ચંદ્રાન્વય;
૩. ગેહલોત વા ગેહલાત - શાખા ૨૪; ૪. યદુ શાખા - ૪;
૫. તુંવર શાખા ૧૭; ૬. રાઠોડ શાખા ૧૩; ૭. કુશવાહા,
વા કચ્છવાહા; ૮. પ્રમાર શાખા - ૩૫; ૯ શાહુમાન વા
ચૌહાન શાખા - ૨૬; ૧૦ ચાલુક્ય વા સોલંકી શાખા - ૧૬;
૧૧. પડિહાર શાખા - ૧૨; ૧૨. ચાવડા શાખા - ૧;
૧૩. ટાક, ટાંક વા તક્ષક; ૧૪. જુટ વા જેટી (જાટ);
૧૫. હન વા હુણ; ૧૬. કાઠી; ૧૭. બલ્લા;
૧૮. ઝાલા શાખા - ૨; ૧૯. જેઠવા વા કામરી;
૨૦. ગોહિલ; ૨૧. સર્વૈયા; ૨૨. સિલાર; ૨૩. ડાભી;
૨૪. ગોંડ શાખા-૫; ૨૫. ડોડા વા ડોડ; ૨૬. ગેહર વાલ;
૨૭. બડગુજર, શાખા - ૩; ૨૮. સેંગર, શાખા-૧
૨૯. સિકરવાલ, શાખા-૧. ૩૦ બૈસ, શાખા-૧ ૩૧. ડાહિયા;
૩૨. જોહિયા; ૩૩. મોહિલ; ૩૪. નિકુમ્પ; ૩૫. રાજપાલી;
અને ૩૬. દાહિમા, શાખા-૧.

આ સિવાય હૂણ અને ડાહિક નામક અન્ય પણ બે કુળ છે.

છત્રીશ કુળ રાજવંશનું વર્ણન આપ્યા પછી, આ છત્રીશ રાજવંશ અને તેની રિયાસતો તેમજ ગઢ સંબંધની વિગત :

આદિ ૐકાર, ૐકારથી ઉત્પાત;
ચુંહુ દેશે ચાર, પ્રથમ આંધિ પરમાર.
પૃથ્વી તો પરમારા તણી ધરા ઉજૈન ધાર.

ગઢ આબુ બેસણું અર્બત ગઢ એંકાણ.

સોનગઢ ઉતપત, નાગોર ગઢ ચૌહાણ.

આસગઢ ગેહલોતેર, બ્રહ્માગઢ બાહોરોડ.

બુંદીગઢ, બોડગઢ, બોડાણા ચાંદગઢ ચાલા, આસગઢ હાક.

કરશનગઢ ડોડિયા, જેતલગઢ ડોડા.

સાંઢારીયે સુઢેગઢ પઢારીયા, બાકરોલીયે મહિડા.

બરસગઢ રોહિલા, દિલ્હીગઢ તુંવર.

રોહડીગઢ કછવા, વાડીગઢ પડચડ.

ખેડગઢ ગોહિલ તણાં, પાટડીગઢ મકવાણા.

પાટણગઢ ચાવડા, પાટગઢ સિસોદીઆ.

ભુજગઢ જાડેજા, રાણગઢ સંખલા.

છેલ સેલેગઢ કાબા, રાડગઢ મોટ્ટી.

માંડવગઢ નકુમ, દલીગઢ તુંવર.

જેસલગઢ ભાટી, પાવરગઢ કાઠી.

ખાનગઢ મકવાણા, ધુમલીગઢ જેઠવા.

તારંગગઢ રહેવર, કપડવંજ ડાભી.

મોરગઢ મોરી ભુડ કચ્છવાહા, શીરોહી દેવડા.

મથુરામાં જાદવ, ભાલગઢ સોલંકી.

કામધજ રાઠોડ, બુદ્ધિગઢ હાડા.

ડભાણગઢ વાઘરોલા, અગ્રગઢ વાસોદા.

ગઢ અજમેર રેડી શાખે વાઘેલા, ધનધન ઝત્રિયાં વારવહી.

કવિ ગંગ કહે સુણો ઠક્કરો, ગઢ છત્રીસે રાજકલી.

ઉપરનાં બન્ને કાવ્યોમાં છત્રીશ કુળ રાજપૂતો અને તેના મુખ્ય ગઢ વર્ણવવામાં આવ્યા છે. પરમારો ઉજ્જૈન અને ધારાનગરીમાં, ચૌહાણો નાગોરગઢમાં, ગેહલોતર આસગઢમાં, બાહરોડ બ્રહ્માગઢમાં, બોડાણા બુદીગઢ - બોડગઢમાં, જાલાઓ ચાંદગઢમાં, આસગઢ હાક, ડોડિયાઓ કરશનગઢમાં, ડોડા જેતગઢમાં, પઢાર સુરેગઢમાં, મહીડાઓ બાકરોલમાં, રોહિલા બરથગઢમાં, તુંવર દિલ્હી ગઢમાં, કચ્છવા રોહડીગઢમાં, પડચડ વાડીગઢમાં, ગોહિલના ખેરગઢ, સિસોદીઆ પાટગઢમાં, મકવાણા (ઝાલા) પાટડીગઢમાં, જાડેજાઓ ભુજગઢ, શંખલા રાણગઢ, કાબાઓ સેલેગઢ, મોરી રાડગઢ, નકુમ માંડવ-ગઢમાં, તુંવર દલીગઢ, પાવરગઢ કાઠી, ભાટી જેસલગઢમાં, મકવાણા ખાનગઢ, જેઠવાઓ ધુમલીગઢમાં, રહેવર તારંગગઢ, ડાભીઓ કપડવંજમાં, મોરી મોરગઢ,

કચ્છવાહા ભુજમાં, દેવડા શિરોહીમાં, જાદવ મથુરામાં, સોલંકી ભાગગઢમાં, રાઠોડે કમધજ, હાડા બુંદીગઢ, વાઘેલા ડભાણગઢ, વાસોદા અગ્રગઢ, તે મુજબ રાજાઓ અને તેના ગઢ (કિલ્લા) બતાવાયેલ છે.

ક્ષત્રિય અને રાજપૂત

પુરાણ કાળમાં અત્યારે રાજપૂત તરીકે ઓળખાતો બધો જ વર્ગ માત્ર ક્ષત્રિય તરીકે જ ઓળખાતો હતો. સાતમી સદીમાં ચીનનો પ્રવાસી વલ્લભીની મુલાકાતે આવેલ. તેણે વલ્લભીનો રાજા મૈત્રક વર્ણનો હતો તેને ક્ષત્રિય વર્ણનો નોંધ્યો છે તે વર્ણ-વ્યવસ્થા અનુસાર ક્ષત્રિય વર્ગ અને ક્ષત્રિય બિરુદ તે ખૂબ મહત્ત્વનાં હતાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણના કેન્દ્રસ્થાને ક્ષત્રિયો હતા. સૈકાઓ સુધી આ વર્ણવ્યવસ્થા ચાલ્યા પછી તેમાં ફેરફાર આવ્યો. ક્ષત્રિયોએ રાજ્યો સ્થાપ્યાં. તે રાજ્યના તેઓ રાજા થયા. તે રાજાઓના કુમારો અને વંશવારસો થયા. તે સમય જતાં 'રાજાઓના પુત્ર' ના નાતે રાજપૂત બિરુદથી ઓળખાયા. રફતે રફતે ક્ષત્રિયો કે જે રાજાઓના વારસપુત્રો હતા તે રાજપૂત તરીકે ઓળખાવા લાગ્યા. વખત જતાં આ અદકેરી ઓળખાણનો શબ્દ રૂઢ થતો ગયો તેમ તેમ ક્ષત્રિય શબ્દનો વપરાશ ઘટતો ગયો. પરંતુ યાદ રહે કે 'રાજપૂત' શબ્દ કોઈ જ્ઞાતિ માટે નહિ પરંતુ હિન્દુ રાજવંશીઓની ઓળખાણનો સૂચક શબ્દપ્રયોગ માત્ર હતો. .

"રાજપૂત એટલે રાજ કરે તે રાજપૂત. રાજ શબ્દનો વિશાળ ફલક ઉપર શબ્દપ્રયોગ થયો છે. રાજ અને રાજપૂત શબ્દ એક બીજા સાથે અરસપરસ સંકળાયેલા છે."[૨૦]

ભારતમાં મુસ્લિમો આવ્યા પછીથી આ શબ્દોચ્ચારનો પ્રયોગ રૂઢ થતો ચાલ્યો. ક્ષત્રિયો તે જ રાજપૂત કહેવાયા છે. ભગવાન વિષ્ણુની ભુજામાંથી ક્ષત્રિયની ઉત્પત્તિ ગણાઈ છે. ક્ષત્રિય તે શાસક છે. ક્ષત્રિય સંરક્ષક છે. ક્ષત્રિય પાસે તટસ્થ ન્યાય છે. ધર્મ અને પ્રજાનું રક્ષણ તેને શિર છે. ક્ષત્રિય કપટરહિતનો શૂરવીર તેમજ સ્પષ્ટ અને સત્યવક્તા ગણાયો છે. પરધન, પરસ્ત્રી તેને માટે વર્જ્ય છે. ધર્મમય અને નીતિમય તેનું જીવન હોય, બીજાઓ માટે જીવે, બીજાઓ માટે મરે તે ક્ષત્રિય કહેવાય.

ધર્મ જતાં, ધરા પલટતાં, સ્ત્રીયાં પડંતા લાજ,
એ તીનું વેળા મરણરી, તેમાં કોણ રંક કોણ રાય.

ક્ષત્રિય શાસક છે. ધર્મ, પૃથ્વી, સ્ત્રી અને પ્રજાનો તે સંરક્ષક છે. પોતાના લોભ ખાતર તેમને તે અળગા કરી શકે નહિ. પરધર્મથી અળગા રહી, પોતાના ધર્મમાં અડગ રહેનાર ક્ષત્રિય છે. તેથી તે 'ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ' ના બિરુદને વરેલા છે. ક્ષત્રિય, રાજપૂત જેવાં બિરુદોને પામતા પહેલાં તેના યોગ્ય બનવું પડે છે. ક્ષત્રિયનો ભોગ

ત્યાગમાં જ દીપે. ઉપભોગના ભોગવનારા ક્ષત્રિય બની શકે નહિ. રાજ હોય તોપણ તે તેના ભાગ્યમાં સમાય પણ નહિ. શરીરશક્તિ, બુદ્ધિમત્તા, ઉદારતા, આતિથ્ય, અમીરાત, ધાર્મિકતા તે ક્ષત્રિયોને વારસામાં મળે છે. સર્વ ક્ષેત્રે સંપૂર્ણ હોય તે જ ક્ષત્રિય કહેવાય. દુરાચારથી તે દૂર રહે ત્યાં સુધી તેનું ક્ષાત્રત્વ ટકે છે.

આવી ક્ષાત્રત્વ ભાવનાને કારણે ક્ષત્રિયો રાજ્યો સ્થાપી શક્યા છે અને તેથી જ તે રાજપૂત તરીકે ઓળખાયા છે, તેથી જ તો તેનો સમાવેશ છત્રીશ કુળમાં ગણાયો છે, નોંધાયો છે.

૪. વાળા રાજવંશનો પૂર્વઇતિહાસ

સૂર્યવંશી મનુ અને રાણી રત્ના દેવીથી ઇક્ષ્વાકુ રાજા ઉત્પન્ન થયો. તે અયોધ્યાનો પહેલો રાજા બન્યો. અયોધ્યાના રાજવંશમાં ઘણા નામી અને સુપ્રસિદ્ધ રાજાઓ થયા છે.

ઇન્દ્રના વજ્રથી પૃથ્વીના સાત ટુકડા થયા. આ ટુકડાઓ સાત ભાગમાં વહેંચાયા. તે સાત ખંડ તરીકે ઓળખાયા. રાજાઓના વંશને મનવંતર કહેવામાં આવે છે. ભગવાન મનુએ ચૌદ વખત મનુષ્ય અવતાર ધારણ કરીને ચૌદ મનવંતર સ્થાપ્યા છે. છેલ્લા, મનુ વંશજના દશ માનસપુત્રો હતા. તેમાંથી નવને પોતાનું રાજ્ય વહેંચી આપ્યું હતું. તે પૈકી પાંચ પુત્રોનો વંશ આગળ ચાલ્યો અને તેમાંથી ઇક્ષ્વાકુ વંશે અયોધ્યામાં રાજ કર્યું.

ઇક્ષ્વાકુ વંશ ભગવાન વિવસ્વાત(સૂર્ય)માંથી ઉત્પન્ન થયેલો વંશ છે. ઇક્ષ્વાકુ તે ભગવાનના મોટા કુંવર હતા. તેણે મધ્યપ્રદેશના અયોધ્યા(નગરી)માં પોતાની રાજધાની બનાવી રાજ્ય સ્થાપ્યું. ઇક્ષ્વાકુ રાજાના નામ ઉપરથી ઇક્ષ્વાકુ વંશ ચાલ્યો. તેને ૧૦૦ પુત્રો થયા. તેની વંશાવળી વાયુપુરાણમાં ૮૮-૮-૧૨ ઉપર આપેલ છે. બ્રહ્માપુરાણમાં ૩ અને ૬૩, ૮-૧૧ ઉપર આવેલ છે અને શિવપુરાણમાં ૭-૬૦ થી ૬૩ ઉપર પણ આપવામાં આવેલ છે.

આ મહાન વંશમાં ભગવાન સૂર્યનારાયણ થયા હતા. બ્રહ્માના મરીચી મનુની કન્યાને પરણ્યા હતા. તેના પુત્ર કશ્યપ થયા. તે મહાન તપસ્વી હતા. તે પછી અદિતિ થયા. તેના ભગવાન સૂર્યનારાયણ થયા. સોળે કળાયે ખીલેલા, ધોધમાર પ્રકાશ પાથરતા, પ્રચંડ શક્તિશાળી ભગવાન સૂર્યનારાયણ સાત ઘોડાનો રથ ધારણ કરતા હતા. શક્તિદેવી તેમના ઉપર કૃપાવંત છે. તેમનું પૂજન - અર્ચન કરવાથી દુઃખ દૂર થાય છે. તેમનાં લગ્ન વિશ્વકર્માની પુત્રી દેવી રત્નાદે સાથે થયાં હતાં. તેને લોકો આજે પણ રાનાદે – 'રાંદલમા' તરીકે ઓળખે છે અને તેનું પૂજનઅર્ચન કરે છે. રાંદલમાના લોટા તેડી પૂજનઅર્ચન કરે છે.

આ મહાન વંશમાં દિવ્ય અને વીરપુરુષો રૂપે રાજાઓ થયા છે. તેમાં ૬૭મી પેઢીએ ભગવાન રામચંદ્રજીએ રાજા દશરથના ઘરે જન્મ્યા હતા.

ભગવાન રામચંદ્રના મોટા પુત્ર લવે પંજાબમાં આવી રાવી નદીને કિનારે પોતાના નામ ઉપરથી લાહોર નગર વસાવ્યું. ત્યાં રાજધાની સ્થાપી.

ઉત્તર ભારતની પર્વત શ્રેણીઓ કે જેની પાસે મનુષ્યજાતિના આદિપુરુષનું નિવાસસ્થાન હતું. ભવિષ્યપુરાણમાં એવો ઉલ્લેખ છે કે "વૈવસ્વત મનુ, સુમેરુ પર્વત પર રાજ્ય કરતા હતા. એમના વંશમાં કુકુસ્થ થયા, જેમણે અયોધ્યાનું રાજ્ય કર્યું. તેમના વંશજો સમસ્ત પૃથ્વીમાં ફેલાઈ ગયા. હિન્દુ લોકો પૃથ્વીના ઉત્તર ધ્રુવને સુમેરુ કહે છે.[૨૧] અહીંયાંથી નીકળી સૂર્યપુત્ર વૈવસ્વતનાં સંતાનો પૂર્વમાં સિંધુ તથા ગંગાના તટ પર્યંત ગયાં. તેમણે તેમની પ્રથમ રાજધાની અયોધ્યા વા અવધમાં કરી હતી.

ભારતમાં ઈસુની નવમીથી તેરમી સદી સુધીમાં આવી ગયેલા, અરબસ્તાનના મુસ્લિમ પ્રવાસીઓ પૈકીના કેટલાક વિદ્વાનોએ બલ્હારા રાજાઓ સંબંધમાં ઉલ્લેખો કર્યા છે. વાળાઓ પહેલા 'બલ્લા' નામથી ઉદ્દેશાયા હતા. વિદેશીઓએ બલ્લા ઉપરથી 'બલ્હારા' શબ્દપ્રયોગ ઇતિહાસોમાં કર્યો હોય તેમ જણાય છે. ભારતમાં આવી ગયેલા આરબ પ્રવાસીઓ પૈકીના સુલેમાન સોદાગર, ઈબ્નખુર્દજા, અલમસુદી, ઈરાકના ઈબ્ન હોકલ, મોરોક્કોના અલ ઇદ્રસી, ઇરાનનો મકરીબા અલ કાઝવીની વિ. નામના જુદા જુદા લેખકોએ એક વાત એકસરખી લખી છે કે હિંદનો રાજા બલ્હારા છે. તેનું પાટનગર મનકીર છે અને તે રાજાઓનો રાજા છે. સિંધના રાજાઓ પૈકીનો રાજા હોવાનું પણ લખ્યું છે. વિશેષમાં તેઓ તરફથી લખાયું છે કે બલ્હારાનું રાજ્ય કોમકોમ(કોંકણ હશે?)ના સમુદ્રકિનારેથી શરૂ થઈ ચીન તરફ જતી ભૂમિ સુધી છે.[૨૨]

મનકીર સેમુરમાં આવેલ હોવાનું અને સેમુર સિંધમાં છે તેવો પણ ઉલ્લેખ છે. સેમુરને હિંદનું નગર પણ કહ્યું છે. 'બલ્હારા' રાજાનું વિશેષ નામ નથી પણ તે વંશનું નામ છે.

ભારતને ઐતિહાસિક સામગ્રી પૂરી પાડવામાં અંગ્રેજો અને આરબ-ઇરાનીઓનો મોટો હિસ્સો છે. આપણા ઇતિહાસોને ઘડવામાં, તેઓ તરફથી પ્રાપ્ત થયેલ સામગ્રી મહત્ત્વની બને છે ત્યારે આ આરબ-ઇરાની લેખકોએ બલ્હારા રાજાઓ ભારતમાં-સિંધમાં મહત્ત્વના છે તેવા ઉલ્લેખો કરેલા છે. આ વાત વલ્લભીપુરના નાશ પછીની હોય અને ઓછો સ્પર્શ કરતી હોય તોપણ તે વાત સિંધમાં વાળાઓનું રાજ્ય હોવાનું અને વાળા રાજાઓ બળવાન હતા તેમ તો કહી જ જાય છે. જોકે તેનો સમયકાળ નક્કી થતો નથી.

વળી, ઈ. સ. પૂર્વે ૩૨૭માં જ્યારે સિકંદરે ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે તેનો સામનો પોરસની આગેવાની નીચે કેટલાક તેના પડોશી રાજાઓ દ્વારા પણ થયેલ હોવાનું ઇતિહાસકાર એરિયન નોંધે છે. તેમાં તેણે જુદા જુદા રાજ્યના રાજાઓને શુદ્રકસ તરીકે સંબોધ્યા છે. વિદ્વાન લેખક અનકવાળાએ સૌરાષ્ટ્રના "સુરાઓ અને કાઠિયાવાડના કાઠીઓ" નામક તેમના તા. ૧૨-૧૨-૬૪ના અંગ્રેજી લેખમાં ઉલ્લેખ કર્યો છે કે શુદ્રકસસંગઠનમાં વાળાઓ અને માલાઓ હતા. માલાઓ માળવામાં પ્રસરી ગયા અને વાળાઓ ગુજરાતમાં ગયા તેવો તેમણે ઉલ્લેખ કર્યો છે. એટલે મહાન આક્રમણકાર સિકંદરનો મગરૂબીભર્યો સામનો કરનાર અને કાઠી ક્ષત્રિયોની તાકાતનો પ્રથમ અણસાર આપવાના અવસરે તેમની સાથે વાળાઓ અને માલાઓ પણ ત્યાં હતા તેમ સાબિત જણાય છે.

મહારાજા કનકસેન લોહકોટથી સૌરાષ્ટ્રમાં આવી વસ્યા તે લોહકોટ તે લાહોર હોવાનો સંભવ છે. તેઓ જ્યારે સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે ત્યાં પરમાર રાજાનું વર્ચસ્વ હતું. પરમાર રાજાને હરાવી સૌરાષ્ટ્રમાં કનકસેને રાજગાદી સ્થાપી. ઈ. સ. ૧૪૪માં તેમણે વીરનગર નામક એક શહેર વસાવ્યું. કનકસેન પછી ચોથી પેઢીએ વિજયસેન નામનો રાજા થયો. તેણે ધોળકા વસાવ્યું.[૨૩] અને વલ્લભીપુરમાં ગાદી સ્થાપી.

વિજયસિંહ તે વિજય ભટ્ટાર્ક તરીકે ઓળખાયો છે. ગુપ્તવંશના સામ્રાજ્યમાં તે વલ્લભીપુરનો સેનાપતિ હતો. ગુપ્તવંશ લુપ્ત થતાં તેણે વલ્લભીનું સ્વતંત્ર સુકાન સંભાળ્યું હતું. તે અને તેની પછીના તેના ચાર પુત્રોએ રાજા-મહારાજાની પદવી ધારણ કર્યા સિવાય, માત્ર ગુપ્ત સામ્રાજ્યના પ્રતિનિધિ અધિકારીરૂપે રાજવહીવટ કર્યો હતો. તેનો વંશ સૂર્યવંશ-મૈત્રક તરીકે ઓળખાયો.

મૈત્રક વંશના ૧૯ રાજાઓ થયા. (ઈ.સ. ૫૧૯ થી ઈ.સ. ૭૭૭)

વલ્લભીપુરનો છેલ્લો મૈત્રકવંશી રાજા શિલાદિત્ય ૭મો થયો. તેના ઉપર આરબોએ આક્રમણ કર્યું. વલ્લભીનો ધ્વંશ કર્યો. શિલાદિત્ય બહાદુરીથી લડી વીરગતિ પામ્યો ત્યારે સૂર્યવંશી મૈત્રક રાજ્યનો લય થયો.

તે વંખતે શિલાદિત્યની પરમાર રાણી પુષ્પાવતી સગર્ભા હતી અને અંબા માતાની માનતા ઉતારવા ગયેલ હતી. ત્યાંથી પાછા વળતાં તેને વલ્લભીના ધ્વંશ અને શિલાદિત્યની વીરગતિના સમાચાર મળ્યા. તેણે સતી થવા નિર્ણય કર્યો પરંતુ રાજહિતેચ્છુ અને ચિંતકોએ તેને તેમ કરતાં વાર્યા. પ્રસૂતિ સુધી તેણીને તેમ ન કરવા સમજાવવામાં આવ્યા. રાણી પુષ્પાવતીની એક વિશ્વાસુ બ્રાહ્મણ સ્ત્રી નામે કમળાવતીના સધિયારે રહી પહાડની એક ગુફામાં રહી પુત્રને જન્મ આપ્યો. તે ગુહા કહેવાયો. ગુફામાં જન્મ થયો એટલે તેનું નામ ગોહો - ગોહાદિત્ય પડ્યું.

આ બાળક બહુ તેજસ્વી હતો. મોટો થતાં તે બહાદુર અને નીડર જણાયો. આ વિસ્તાર ઈડર આજુબાજુનો હતો. જ્યાં ભીલની વસ્તી હતી. ભીલના છોકરાઓ સાથે ગોહા રમતો, ઢોર ચરાવતો, તોફાનમસ્તીમાં દિવસો વિતાવતો મોટો થયો. તે તેના ભીલ બાળકવૃંદનો સેનાપતિ હોય તેવું આચરણ કરતો હતો.

તે વખતે ઈડરમાં ભીલ-રાજ્ય હતું. ત્યાંનો ભીલ રાજા જુલ્મી હતો. તે ભીલ-કુટુંબોમાં વગોવાયો હતો અને બધાને અણગમતો બન્યો હતો. બધા જ ભીલ લોકો તેનાથી વાજ આવી ગયા હતા.

ભીલ યુવકોમાં ગોહા તેનો આગેવાન બની ગયો હતો. તે સૌ ભીલ યુવાનોનો પ્રિય બની ગયો હતો. બધાને તેના તરફ મમતા બંધાણી હતી. ભીલ યુવાનોએ તેના અપ્રિય રાજાના ત્રાસથી ત્રાસીને ગોહાને રાજગાદીએ બેસાડવાનું નક્કી કર્યું. બીજા ભીલ લોકો તેમાં સહમત થયા. એક આગેવાન ભીલ યુવકે પોતાની આંગળીના લોહીથી ગોહાને રાજતિલક કર્યું. સૌએ સાથે મળી હલ્લો કર્યો અને ઈડરના ભીલ રાજા માંડલિકને હાંકી કાઢી, ગુહાને રાજા બનાવ્યો. ગોહા ઈડરનો રાજા બન્યો.

વખત જતાં ભીલ લોકોનું જૂથ અને સંઘબળ વધ્યાં. તેમણે પોતાનો રાજા રાજગાદી ઉપર બેસારવા નક્કી કર્યું. ગોહાની આઠમી પેઢીએ ઈડરના રાજા નાગાદિત્ય અથવા ગોહાદિત્ય થયા તેનો વધ કરી ભીલ લોકોએ ફરીથી ઈડરનું રાજ્ય હસ્તગત કર્યું.

નાગાદિત્યનો વધ થતાં બાળકુંવરને લઈને તેની રાણી જંગલમાં ચાલી ગઈ.

બાળકુંવર માત્ર ત્રણ જ વર્ષનો હતો. તેને કમળાવતી - બ્રાહ્મણ સ્ત્રીના વંશજ અને વિશ્વાસુ એક બ્રાહ્મણ સ્ત્રીને સોંપી, રાણી સતી થઈ. સતી થતાં પહેલાં, નાગાદિત્યની રાણીએ બ્રાહ્મણ સ્ત્રીને બાળકુંવર સોંપ્યો ત્યારે, તેને શસ્ત્ર-અસ્ત્રની તાલીમ આપવા અને તેનું જતન કરવા ભલામણ કરી હતી. બાળકુંવરને રાજવંશમાં મોટો થયે પરણાવવા પણ જણાવ્યું હતું.

બ્રાહ્મણ સ્ત્રીએ આ બાળકુંવરને ભાંડેરના કિલ્લામાં છૂપી રીતે રાખી, કાળજીપૂર્વક ઉછેરવા લાગી. તેને આજુબાજુમાં વસતા ભીલનાં બાળકો સાથે રમાડતી, મલકુસ્તી કરાવતી અને તીરકામઠાથી તાલીમ અપાવતી. આ બાળકુંવરનું નામ બાપા - બપ્પા રાખવામાં આવ્યું હતું. બપ્પા બહુ તેજસ્વી હતો. તે ભીલબાળકો સાથે ગાયો ચરાવવા જંગલમાં જતો. વખત.જતાં તે સશક્ત યુવાન બન્યો.

ભાંડેર નજદીકમાં નાગેન્દ્રનગર નામે એક નગર હતું. ત્યાંનો રાજા સોલંકી હતો. બપ્પા ગાયો ચરાવતો - ચરાવતો આ સોલંકી રાજાના વિસ્તારમાં ગયો. તે સમયમાં જુલનો ઉત્સવ ઊજવાતો હતો. સોલંકી રાજાની કુંવરીઓ, તેના બગીચામાં ઉત્સવ ઊજવવા એકઠી મળી હતી પણ તેમની પાસે ઝૂલો બાંધવા દોરડું હતું નહિ. તેથી બાજુમાં ગાયો ચરાવતા બપ્પા પાસે દોરડાની માંગણી કરી. તે કુંવરીઓ જો બપ્પાને પરણે તો દોરડાથી ઝૂલો બાંધી આપવાની વ્યવસ્થા કરી આપવા બપ્પાએ શરત કરી. બાપાના તેજસ્વીપણા તરફ આકર્ષાઈને તેમજ પોતાની જરૂરિયાત સંતોષવાના હિતમાં કુંવરીઓએ તે શરત સ્વીકારી. બપ્પાએ દોરડા લાવી હીંચકા બાંધી આપ્યા. ત્યાં જ કુંવરીઓ સાથે બપ્પાએ લગ્ન કર્યાં.

બાલીય અને દેવ નામે બે ભીલ યુવાનો બપ્પાના વિશ્વાસુ મિત્ર હતા. આજુબાજુની ભીલ વસાહતોમાં તેનું માન હતું. ભીલ કુટુંબોમાં તે વગવાળા હતા. બપ્પાના તે ભીલ-યુવાનો સામંત જેવા હતા. તે બન્નેની મદદથી બપ્પાએ.ભીલનું એક લશ્કર તૈયાર કર્યું.

જંગલમાં ફરતાં ફરતાં એક વખત બપ્પાને પાંદડાથી ઢંકાયેલ એક શિવલિંગનાં દર્શન થયાં. બાજુમાં, નજદીક જ એક પર્ણકુટિર જોવામાં આવી અને તેમાં એક તપસ્વીને તપ કરતા તેણે જોયા. પછી તો તે રોજ તે તપસ્વીના દર્શને આવવા લાગ્યો. શિવલિંગની આજુબાજુમાં તેણે સાફસૂફી કરવાનું અને તપસ્વીની સેવા કરવાનું કામ ચાલુ કર્યું. તે રોજિંદાં આ કાર્ય કરવા લાગ્યો. આ તપસ્વીનાં અગાઉ ક્યારેય કોઈનેય દર્શન થયેલાં ન હતાં. તે હારિત મુનિ હતા. બપ્પા હંમેશાં પોતાની ગાયોનું દૂધ લાવીને શિવલિંગ ઉપર દૂધ ચડાવતો તેમજ તપસ્વી હારિત મુનિને દૂધપાન કરાવવા લાગ્યો. શિવલિંગ હતું તે એકલિંગજી શિવ ભગવાનનું હતું. તપસ્વીએ બપ્પાની રોજની કાર્ય-પ્રણાલી જોઈને પ્રસન્ન થઈ તેને શિવમંત્રની દીક્ષા આપી. વિદ્યા અને શસ્ત્રઅસ્ત્રની તાલીમ આપવા લાગ્યા. જનોઈસંસ્કાર પણ કરાવીને, ભગવાન એકલિંગજીના દીવાન તરીકેની ઉપાધિ આપી.

ઋષિએ બપ્પાને પોતાના જીવનમાં પ્રાપ્ત કરેલી ઊંચી વિદ્યાઓ આપી. તેમની કૃપાથી દરેક વિદ્યામાં તે નિપુણ થયો. કેટલાંક દૈવી શસ્ત્રો તેને આપ્યાં. સ્વયંભૂ વાણીથી તેનો પૂર્વજન્મ કહી સંભળાવ્યો. ઋષિએ તેને કહ્યું કે તું સૂર્યપૂજક, શિવઉપાસક, વલ્લભીના રાજવંશનો તું રાજકુમાર છે, એટલે જ મેં તારી ઉપર પ્રસન્ન થઈ મેં મારી બધી વિદ્યાઓ આપી છે. "તું રાજાનો કુંવર છો માટે જા, તું તારું રાજ ભોગવ." અને "અજીત સતાયુ ભવતિ" તેવા વિશેષ આશીર્વાદો આપ્યા.

ઋષિથી મેળવેલ વિદ્યાના પ્રતાપે બપ્પાએ તેને મળેલાં દૈવી શસ્ત્રોથી ભીલોના રચેલા લશ્કરથી, ચિતોડના પરમાર રાજા ઉપર ચડાઈ કરી ચિતોડ જીતી લીધું ને ચિતોડનો સર્વસત્તાધીશ બન્યો. સુભટ્ટો અને રાજપુરુષોએ આ દિવ્ય પુરુષને 'હિન્દુ સૂર્ય' તરીકે સન્માન્યો. વખત જતાં તે ચક્રવર્તી પદને પામ્યો.

નાગેન્દ્ર નગરના રાજાએ તેની કુંવરીઓને વિધિસર બપ્પાને પરણાવી.

આ મહાપરાક્રમી ચક્રવર્તી રાજા બપ્પાના વંશમાંથી ગેહલોત વંશ ચાલ્યો. ત્રણસો વર્ષ પછી તેના વંશમાં સૂર્યવંશી ગેહલોત રાજા અમરસિંહ થયો. તેણે શાહબુદ્દીન ઘોરી સામેની લડાઈમાં પૃથ્વીરાજ ચૌહાણને ઇ. સ. ૧૧૯૨માં મોટા લશ્કર સાથે મદદ કરી હતી.

તેને ચાર કુંવર હતા જેમાંથી એક લડાઈમાં કામ આવી ગયો. બીજાને બીડરની જાગીર મળી. ત્રીજાથી નેપાળમાં ગુરખા રાજપૂતોનો વંશ ચાલ્યો, તે અદ્યાપિ નેપાળની હકૂમત ભોગવે છે. ચોથો કુંવર કરણ બાળ વયનો હતો તેને ગાદી સોંપવામાં આવી.[૨૪]

આ કરણ રાજાએ ઘણાં વર્ષ સુધી ચિતોડની રાજગાદી ઉપર રાજ્ય કર્યું. જ્યારે તેનું અવસાન થયું ત્યારે તેનો બાળકુંવર શાહુપ મોસાળમાં હતો. કરણ રાજાનો જમાઈ તે ઝાલોરનો રાજા હતો. તેણે ચિતોડની ખાલી પડેલી રાજગાદી ઉપર કબજો કર્યો. ત્યાં પોતાના પુત્રને ગાદીએ બેસાડી દીધો. આ રાજા કરણનો ભત્રીજો રાહુપ સિંધમાં રાજ કરતો હતો તેને આ વાતની જાણ થઈ. તે બહાદુર હતો. ઈ. સ. ૧૨૧૧માં પોતાના લશ્કર સાથે આવીને તેણે ઝાલોરના કુંવરને ત્યાંથી ભગાડી મૂક્યો. આ રાહુપ ગેહલોત વંશનો રાજા થયો. તે રાવળની પદવી ધરાવતો હતો તેમાં ફેરફાર કર્યો અને સિસોદિયાની અટક ધારણ કરી. મેવાડમાં પશ્ચિમે આવેલ પર્વતોમાં સિસોદ નામનું ગામ છે તેના ઉપરથી સિસોદિયા કહેવાયા હશે. તેઓ રાવળમાંથી રાણા તરીકે ઓળખાયા.

રાણા રાહુપે અઠ્યાવીશ વર્ષ રાજ્ય કર્યું. સને ૧૨૩૯માં દેહ છોડ્યો. ત્યાર પછી ઈ. સ. ૧૨૭૫માં રાણા લખમણસિંહ થયા. પછી રાણા અજયસિંહ થયા. તેણે મુંજ રાજા સાથે ઘણી લડાઈઓ કરી. દરેક વખતે હારીને તે નાસી જતો હતો. તેથી અજયસિંહે તેના બન્ને પુત્રોને બોલાવી રાજા મુંજનું માથું વાઢી લાવવા આજ્ઞા કરી, પણ તે કામ કરી શક્યા નહિ. તેથી રાણાએ તે બન્નેને ધિક્કારયુક્ત ઠપકો દીધો, તેનાથી લાગી આવતાં —

એક કુંવરે આપઘાત કર્યો. બીજો કુંવર ડુંગરપુર તરફ નાસી ગયો. રાણાનો ભત્રીજો હમીર બહાદુર હતો. તેણે રાણાનું વેણ પાળી બતાવ્યું તેથી તેને પોતાનો વારસ ગણ્યો.

ડુંગરપુર નાસી જનાર કુંવરના વંશમાં સજ્જનસિંહ થયા. તેણે બીજાપુરના બાદશાહને તેની બહાદુરીથી ખુશ કર્યા તેથી તેને ૮૪ ગામનું ત્યાં પરગણું મળ્યું. રાજાનો તેને ખિતાબ મળ્યો. પોતાનું રાજ્ય ત્યાં સ્થાપ્યું. તેઓ મરાઠા તરીકે ઓળખાયા. તેના વંશમાં મહારાષ્ટ્રમાં મરાઠા રાજ્ય સ્થાપનાર, હિંદુપત પાદશાહીને જીવતી રાખનાર છત્રપતિ શિવાજી મહારાજ થયા.

ગેહલોત વંશમાંથી નેપાળમાં ગુરખા વંશ ચાલવા ઉપરાંતમાં દેશના આભૂષણ સમા મેવાડના મહારાણા પ્રતાપ અને છત્રપતિ શિવાજી મહારાજ જેવા યુગપુરુષો પાક્યા. ભારતની પ્રજા આજે પણ તેમને યાદ કરે છે. તેમના તરફની અહેશાનમંદી આજે પણ લોકો પ્રગટ કરે છે.

શિલાદિત્ય ૭માના મોટા કુંવર ધરસેન કે જે વાલાદિત્ય કહેવાયા. તેમણે સૌરાષ્ટ્રમાં પરત આવી ચમારડી જીતી લીધું. ઢાંક લીધું અને વલ્લભીપુરની બાજુમાં વળા વસાવી ત્યાં પોતાની રાજધાની કરી. તેનાથી વાળાવંશ ચાલ્યો.

છેલ્લે એ વાત સ્પષ્ટ કરવી જરૂરી બને છે કે આગળ આપણે પુષ્પાવતી રાણીને શિલાદિત્ય ૭માના રાણી કહ્યા છે. પણ તે મૈત્રક વંશના પાંચમા રાજા ગૃહસેનનાં રાણી હતાં અને ઈરાનના શાહ નૌશેરવાનના લશ્કર સાથે લડતાં ગૃહસેન કામ આવ્યા હતા. ત્યારની વાત હોવાના મંતવ્ય ઉપર મોટાભાગના ઇતિહાસકારો આવે છે. મેવાડના ઇતિહાસનો સમયકાળ તો જ ગોઠવાય છે.

મૈત્રક વંશ પૂરો થયા પછી વાળા વંશ શરૂ થાય છે.

૫. વલ્લભીપુરનો સૂર્યવંશ - મૈત્રક વંશ

૧. મૈત્રકો

ઈ. સ. ૧૯૯ પૂર્વેમાં અયોધ્યાનો છેલ્લો રાજા સુમિત્ર થયો. તે અરસામાં અયોધ્યાનો નાશ થયો. તેના વંશજો ત્યાંથી અફઘાન તરફ ગયા હતા. સુમિત્રનો એક પુત્ર મગધ તરફ ગયો હતો. તેનો વંશ જ કનકસેન ઈ. સ. ૧૪૪, વિ. સં. ૨૦૦માં સૌરાષ્ટ્રમાં વડનગર આવ્યો. ત્યાં રાજ્ય સ્થાપ્યું. કનકસેન લોહકોટથી આવ્યાનું કહેવાયું છે. તે સૌરાષ્ટ્રમાં આવ્યો ત્યારે ત્યાં પરમાર રાજાનું રાજ્ય હતું.

ઈ. સ. ૩૯૫ આસપાસમાં ગુપ્તવંશના નામે ઓળખાયેલ રાજ્ય સ્થપાયું. ઈ. સ. ૪૫૫ના સમયમાં કનકસેનનો પુત્ર વિજયસેન સૌરાષ્ટ્ર વિસ્તારના સૂબા તરીકે ગુપ્તવંશના વહીવટમાં અધિકારી બન્યો. તે વિજય ભટ્ટાર્ક કહેવાયો. આ સૂબો તે જ તે વિસ્તારનો ગુપ્ત રાજશાસનનો સેનાપતિ હતો.

ગુપ્ત રાજ્યશાસન નબળું પડ્યું. ઈ. સ. ૪૭૦ પછી બંગાળ, માળવા અને બીજા કેટલાક પ્રદેશોના સૂબાઓ તેમની હકૂમતના વિસ્તારમાં સ્વતંત્ર થઈ ગયા. આ પ્રદેશનું અતિ મોટું રાજ્ય વ્યવસ્થામાં નબળું પડતાં તૂટતું ચાલ્યું ત્યારે સૌરાષ્ટ્રના સેનાપતિ તરીકે વિજય ભટ્ટાર્ક હતો. ગુપ્તવંશની રાજધાની સાથેનું તેના વિસ્તારનું સંકલન તૂટી ગયું હતું. તેથી વિજય ભટ્ટાર્કે ગુપ્તવંશના સેનાપતિ તરીકે સંપૂર્ણ સત્તા પોતાના હાથમાં લીધી અને તેમના નામે જ રાજ્યવહીવટ ચલાવ્યો.

તેના ભાગ્યે તેને યારી આપી તેથી તેણે પોતાની તાકાતથી વલ્લભીપુરના રાજ્યની સ્થાપના કરી તેનાથી વલ્લભીપુરમાં મૈત્રક વંશ સ્થપાયો.

મૈત્રક રાજાઓ સૂર્યવંશીય હતા. મૈત્રકનો અર્થ સૂર્ય થાય છે. તેઓ શિવની ઉપાસના કરનારા અને સર્વધર્મ તરફ સમભાવ રાખનારા થયા છે. તેમના જ સમયકાળમાં બૌદ્ધ, જૈન અને બીજા ધર્મોને સંપૂર્ણ રાજ્યાશ્રય મળતો રહ્યો હતો. રાજાઓ સૂર્યવંશી હતા. શિવની ઉપાસના કરનારા હતા છતાં બૌદ્ધ અને જૈન ધર્મને રાજ્યે સહાય આપી હતી.

આ વિજય ભટ્ટાર્કથી વલ્લભીપુરનો મૈત્રક વંશ આગળ ચાલ્યો હતો. તેમાં ઓગણીશ રાજાઓ થયા. તેમણે લગભગ ૩૦૦ વર્ષ રાજ્ય કર્યું. આ રાજતંત્રની એક રીત અનોખી હતી. સામાન્યતઃ રાજાના અવસાન પછી તેનો મોટો પુત્ર ગાદીપતિ બને છે. પરંતુ મૈત્રક રાજવંશમાં તેવું ન હતું. એક રાજાના શાસનકાળ પછી રાજગાદી ઉપર તેના વિદ્યમાન કુટુંબીઓ પૈકીની જે સર્વશ્રેષ્ઠ ગણાતી હોય તેવી વ્યક્તિ ગાદી સંભાળતી હતી.

આ મૈત્રક રાજાઓના રાજવહીવટથી વલ્લભીપુર આબાદ થયું હતું. દુનિયાના

દેશોના ગણનાપાત્ર શહેરો પૈકીનું તે નમૂનેદાર અને સમૃદ્ધિની ટોચે પહોંચેલ શહેર બન્યું હતું. કળા, કૌશલ્ય, વાણિજ્ય, ઉદ્યોગ, વિદ્યા અને ધર્મના સંસ્કારોથી વલ્લભી ધમધમતું બન્યું હતું. વેપાર વાણિજ્યમાં નાણું ગણીને નહિ પણ જોખીને અપાતું હતું તેવી તેની સમૃદ્ધિ હતી. વિદ્યાપીઠો અને વિહારોનો મોટા પાયે વિકાસ થયો હતો. પ્રજા માત્ર સુખી જ ન હતી, સમૃદ્ધ અને સંસ્કારી પણ બની હતી.

મૈત્રક શાસનકાળ દરમ્યાન ચીની મહાશ્રમણ હ્યુ-એન-સાંગ ભારતના પ્રવાસે આવ્યો હતો. તેણે વલ્લભીના સર્વોત્કૃષ્ટ વિકાસનાં તેની નોંધમાં વખાણ કર્યાં છે. તેણે એમ પણ લખ્યું છે કે વલ્લભીનો રાજા ક્ષત્રિય વર્ણનો છે. આ બનાવ વિક્રમની સાતમી સદીનો છે. ત્યારે રાજાને તેણે ક્ષત્રિય વર્ણનો કહ્યો હતો. તેથી નક્કી થાય છે કે મૈત્રક કાળ દરમ્યાન વર્ણવ્યવસ્થા જ અમલી હતી; ત્યારે જ્ઞાતિઓ રચાણી નહિ હોય. વિજય ભટ્ટાર્કનો શાસનકાળ વિક્રમના પાંચમા શતક પહેલાં શરૂ થયો ગણાય. ત્યારે જ વલ્લભી ત્યાંનું રાજધાનીનું મુખ્ય શહેર બન્યું. સૌરાષ્ટ્ર ઉપરના સામ્રાજ્યોના શાસન સમયે રાજધાનીઓ જે દૂરદૂર રહી હતી તે પ્રથમ વખત વલ્લભીમાં સ્થપાણી હશે.

વલ્લભી આજુબાજુનો પ્રદેશ વાળાંકના નામે ઓળખાતો હતો.

૨. મૈત્રક – રાજવીઓ

વિજયસેન – વિજય ભટ્ટાર્ક

વિજયસેને વલ્લભીપુરનો પ્રથમ સૂર્યવંશી - મૈત્રક રાજવંશ સ્થાપ્યો.

ઈ. સ. ૪૬૭ આસપાસ ગુપ્ત વંશના સમ્રાટ સ્કંધગુપ્તનું અવસાન થયું. ગુપ્ત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારનો તે વખતે વિજયસેન સેનાધિપતિ હતો. તેને વિજય ભટ્ટાર્ક તરીકે પણ ઓળખવામાં આવતો હતો.

ગુપ્ત વંશનું શાસન નબળું પડ્યું. જુદા જુદા પ્રાંતોના સૂબાઓ કે સેનાપતિઓ સ્વતંત્ર થવા લાગ્યા. પોતાની સાર્વભૌમ સત્તા જમાવવા લાગ્યા. ત્યારે વિજય ભટ્ટાર્ક સૌરાષ્ટ્રનો સરસેનાધિપતિ હતો. તેણે ગુપ્ત વંશના રાજ્યતંત્રને વફાદાર રહી તેમના નામે શાસન કર્યું. તે તેની અદ્દભુત પ્રમાણિકતાનું પ્રતીક બની રહે છે. પછીથી તેના વારસોએ વલ્લભીપુરના રાજા તરીકે રાજ્ય કર્યું. વિજયસેન ભટ્ટાર્કે ઈ. સ. ૪૯૫ સુધી હૈયાતી ભોગવી. તેમના પછી તેમના મોટા પુત્ર ધરસેને રાજ્યવહીવટ સંભાળ્યો. મૈત્રક વંશનાં મળી આવેલાં કેટલાંક તામ્રપત્રોમાં મૈત્રક રાજાઓની વંશાવળીઓ આપવામાં આવી છે. તેમાં વિજય ભટ્ટાર્ક કે તેના પછી સત્તા સંભાળનાર તેના ચાર પુત્રોનાં નામ રાજા તરીકે લખાયાં નથી. પ્રથમ રાજા તરીકે ગ્રહસેન ૧લાનું નામ આવે છે.

૧. ધરસેન ૧લો (ઇ.સ. ૪૯૫થી ૪૯૯ = ૫ વર્ષ)

વિજય ભટ્ટાર્કની હૈયાતીમાં જ રાજની ધુરા, ધરસેન સંભાળતો જ હતો. તેમના પછી તેણે પણ ગુપ્ત રાજવંશની પ્રત્યે વફાદારી વ્યક્ત કરી, પોતે રાજપાલ કે સેનાપતિ તરીકે રાજ કરવા લાગ્યો. તેણે પોતાને વલ્લભીપુરનો રાજા કહવરાવ્યો ન

હતો. તે શૈવ ધર્મ પાળતો હતો, પણ વૈષ્ણવ ધર્મનો પણ આદર કરતો હતો. તે શૂરવીર, વિદ્વાન અને દાતા હતો.

૨. દ્રોણસેન (ઈ. સ. ૪૯૯ થી ૫૧૯ = ૨૦ વર્ષ)

તે ધરસેનનો નાનો ભાઈ હતો. કુટુંબના શ્રેષ્ઠ પુરુષ તરીકે તે ગાદીપતિ બન્યો. તે દાનેશ્વરી હતો. તેણે મહારાજાપદ ધારણ કર્યું હતું. તેનાં શિલાલેખો અને દાનપત્રો મળી આવ્યાં છે તે ઉપરથી તેમ કહી શકાય છે.

તેના રાજ્યારોહણ વખતે તેણે હાથબ ગામ બ્રાહ્મણોને દક્ષિણામાં આપ્યાનો ઉલ્લેખ મળે છે. નર્મદા અને તાપી નદીઓ વચ્ચેના પ્રદેશના રાજા-સંગમસિંહને અને લાટના રાજા હરિસેનને તેણે હરાવ્યા હતા. તેનામાં રાજવી તરીકેના ઉત્તમ ગુણ હતા. દ્રોણસિંહ લગભગ ઈ. સ. ૫૧૯માં મૃત્યુ પામ્યો.

૩. મહારાજા ધ્રુવસેન ૧લો (ઈ.સ. ૫૨૦થી ૫૪૯ = ૨૯ વર્ષ)

તે દ્રોણસિંહનો નાનો ભાઈ હતો. દ્રોણસિંહ પછી વલ્લભીપુરની ગાદીએ આવ્યો. તે દાનેશ્વરી હતો તેવા ઉલ્લેખો તામ્રપત્રમાં મળે છે. બૌદ્ધ ધર્મ તરફ તેને અનુરાગ હતો. તેણે બૌદ્ધ મઠો બંધાવ્યા છે. તેણે કુટુંબીઓને મોટી બક્ષિસો આપી હતી. સને ૫૪૯માં તેનું અવસાન થયું.

૪. મહારાજા ધરપત (ઈ. સ. ૫૫૦ થી ૫૫૪ = ૪ વર્ષ)

વિજયસેનને ચાર પુત્રો હતા. ધરસેન, દ્રોણસિંહ, ધ્રુવસેન અને ધરપત. તેના ભાઈઓ કરતાં તે નાનો હતો. ત્રણ ભાઈઓ પછી તેનો વારો રાજગાદી ઉપર આવ્યો તેથી તે ઉંમરે જૈફ હતો. તેનામાં ઉત્તમ પ્રકારનો ભક્તિભાવ હતો. તે શૈવ ઉપાસક હતો. મહાદેવોનાં મંદિરો તેણે બંધાવ્યાના ઉલ્લેખ મળે છે.

૫. મહારાજા ગૃહસેન ૧લો (ઈ. સ. ૫૫૪થી ૫૬૯ = ૬ વર્ષ)

વિજયસેન ભટ્ટાર્કના પુત્ર ધરપતનો તે પુત્ર હતો. તે દિવ્ય કાંતિવાળો અને અનોખું વ્યક્તિત્વ ધરાવનાર રાજા હતો. જૂના ગ્રંથોમાં તેને કામદેવ જેવો કહ્યો છે. તેના ચાર ભાઈઓમાં તે જેના શ્રેષ્ઠત્વથી રાજા બન્યો હતો તેનામાં રાજ્યશાસનના ઉત્તમ ગુણો હોવાથી વિદેશમાં પણ તેની ખ્યાતિ પ્રસરી હતી.

તે ધરપતનો સૌથી મોટો પુત્ર હતો. તે બુદ્ધિશાળી તેમજ શક્તિશાળી પણ હતો. ગૃહસેને તેના શાસનકાળમાં વલ્લભીપુર રાજ્યની સીમાઓ વધારી હતી. ગુજરાત, દક્ષિણ પ્રદેશ અને કર્ણાટક તરફના રાજાઓ પાસે તેણે પોતાનું આધિપત્ય સ્વીકારાવ્યું હતું. તેના સમયકાળમાં વલ્લભી અને વલ્લભીનું રાજ્ય દેશવિદેશમાં ખ્યાતનામ થઈ પ્રસિદ્ધિ પામ્યાં હતાં.

બહુ જૂના એક શિલાલેખમાંથી એક ઉલ્લેખ મળ્યો કહેવાય છે કે, ઈરાનના સામ્રાજ્યની હકૂમતમાં ભારતનો કેટલોક પ્રદેશ આવી જતો હતો. ઈ. સ. ૨૯૬

આસપાસમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત ઉપર ઈરાનનું આધિપત્ય ચાલતું હતું. મુલતાન પણ ઈરાનના રાજ્ય તાબાનું નગર હતું. ત્યાં તેની એક ટંકશાળ હતી.

ઈરાનના શાહ નૌશેરવાન આદિલની પુત્રી સાથે ગૃહસેન પરણ્યો હતો. નૌશેરવાનનાં લગ્ન ઇસ્તંબુલના રાજાની કુંવરી સાથે થયેલ હતાં. આ વાતને રાજ્યમંડળના લેખકે ઇતિહાસમાં નોંધેલ હોવાનું કહેવાય છે.

ઈરાનના શાહજાદા નૌશેઝાદને તેના પિતા સાથે વાંધો પડતાં તેણે બંડ કર્યું. તેમાં તે ફાવ્યો નહિં. તે નાસીને વલ્લભીપુર આવ્યો. તેના પિતાનું લશ્કર તેની પાછળ પડ્યું હતું. ગૃહસેન આશરે આવનારને ગમે તે ભોગે આશરો આપે તેવો ક્ષત્રિયવટવાળો રાજા હતો. તેણે નૌશેઝાદને લશ્કરને સોંપ્યો નહિ તેથી તેને લડાઈ આપવી પડી. ઈરાનના લશ્કરે વલ્લભીપુરને ઘેરો ઘાલ્યો. ભીષણ યુદ્ધ થયું. ગૃહસેન વીરગતિ પામ્યો. નૌશેઝાદને ઈરાનનું લશ્કર પકડીને લઈ ગયું. સમૃદ્ધિની ટોચે પહોંચેલ વલ્લભી લૂંટફાટ અને આગથી રોળાણું.

આ ગૃહસેનની એક રાણી પુષ્પાવતી પરમાર રાજાની કુંવરી હતી. તે પિયર માનતા ઉતારવા ગઈ હતી. તે પાછી ફરતી હતી ત્યારે તેણે વલ્લભીપુરને ઈરાનના લશ્કરે ઘેર્યાની અને ગૃહસેન વીરગતિ પામ્યાની વાત જાણી. તે સતી થવા તૈયાર થઈ પરંતુ તેના પેટમાં ગર્ભ હોવાથી બ્રાહ્મણોએ તેને તેમ કરવા ન દીધું. પ્રસુતિ ન થાય ત્યાં સુધી સતી ન થવાય તે વાત તેને સમજાવી. તેથી પુષ્પાવતી ત્યાં એક ગુફામાં રોકાઈ ગઈ. તેને ગુફામાં પુત્ર જન્મ્યો. ગુફામાં જન્મ્યો એટલે તેનું નામ ગુહા રાખ્યું. વલ્લભીના આ રાજકુંવરનો વંશ આગળ ઉપર રાજસ્થાનમાં ગયો. જગત-પ્રસિદ્ધ સિસોદિયા વંશ તરીકે તે પ્રસિદ્ધ બન્યો. તેના વારસ, ગહિલોત-ગુહિલોત-અને છેલ્લે સિસોદિયા તરીકે ઓળખાયા. નેપાળના ગુરખા અને શિવાજી મહારાજના રાજવંશો તેનાથી નીકળ્યા.

કર્નલ ટોડ રાજસ્થાનના ઇતિહાસમાં આ હકીકતને સમર્થન આપતાં જણાવે છે કે રાણી પુષ્પાવતી નિઃસંતાન હોવાથી મા ભવાનીની સાધના કરી વંધ્યત્વના મહેણામાંથી બચી તેથી માનતા ઉતારવા ગઈ હતી. પુષ્પાવતી જ્યારે વલ્લભીપુર આવવા પાછી ફરતી હતી ત્યારે તેણે વલ્લભીના પતનની, રાજા વીરગતિ પામ્યાની વાતો સાંભળી. ગૃહસેનની બીજી રાણીઓ સતી થયાનું પણ જાણ્યું. તેથી તે પણ સતી થવા તૈયાર થઈ. બ્રાહ્મણોએ તેને તેમ કરતાં અટકાવી. પ્રસૂતિ પછી જ તેમ કરવા સમજાવી. તેથી તે ગુફામાં રોકાઈ ગઈ. તેના સાથમાં એક બ્રાહ્મણબાઈ કમળાવતી હતી તેની મદદથી પ્રસૂતિથી કુંવરજન્મ થયા પછી રાણી પુષ્પાવતી સતી થયાં.

માત્ર મેવાડમાં જ નહિ, હવે તો સમગ્ર ભારતમાં એક વાત પ્રસિદ્ધ છે કે પુષ્પાવતીનો કુમાર ગોહાથી જ મેવાડના સિસોદિયા વંશ ઊતરી આવેલો છે. સિસોદ ગયા પહેલાં ગહિલોત - ગુહિલોત કહેવાયા છે; પછીથી સિસોદિયા તરીકે ઓળખાયા.

મેવાડનરેશોના ઇતિહાસિક વંશવૃક્ષમાં પ્રથમ રાજપુરુષ તરીકે ગુહિલ (ગૃહદત્ત)

લખાયેલ છે. તેનો રાજ્યકાળ વિ. સં. ૬૨૩ અને સને ૫૬૬ બતાવાયો છે. ગૃહદત્તની ૩૪મી પેઢીએ રાહપ થયા. તેના વંશમાં ૪૪મા ક્રમે લક્ષ્યસિંહ થયા. તેના અજયસિંહ અને તે પછી સજ્જનસિંહ થયા. તેનાથી કોલ્હાપુરમાં છત્રપતિ શિવાજી મહારાજનો વંશ સ્થપાયો.

શિલાદિત્ય ૭મા, આરબો સાથેના યુદ્ધમાં ઇ. સ. ૭૭૦માં દેવગતિ પામ્યાનું ઇતિહાસવિદો સ્વીકારે છે. ગૃહદત્તને જો શિલાદિત્ય ૭માનાં રાણીનો પુત્ર ગણવામાં આવે તો મેવાળના રાજવંશની વંશાવળી બસોથી વધુ વર્ષ પાછી પડે છે. તેથી ગૃહદત્ત-ગૃહસેનનો પુત્ર જ હતો તે વાત સ્વીકારવાપાત્ર છે.

ગૃહસેન પછી તેનો પુત્ર ધરસેન ૨જો રાજગાદીએ આવ્યો.

૬. ધરસેન ૨જો (ઈ. સ. ૫૬૯થી ૫૯૯ના વર્ષ ૩૦)

તેનો પિતા ગૃહસેન નૌશેરવાન આદિલના લશ્કર સામે ખૂબ જ બહાદુરીપૂર્વક લડ્યો હતો પરંતુ પરાજય થયો હતો. વલ્લભી જે અજિત ગણાતું હતું તે તેની આભા ઝાંખી પડી. ઈરાનનું લશ્કર તેનાં સાધન-સરંજામ, શસ્ત્ર-અસ્ત્ર અને ધન-લક્ષ્મી ત્યાં ને ત્યાં પડતાં મૂકી નૌશેરને કેદ કરી રવાના થઈ ગયું હતું. ધરસેને તે સાધન- સામગ્રી અને લક્ષ્મીનો ઉપયોગ કરી, વલ્લભીને ફરીથી ઊભું કર્યું.

ધરસેન શિવઉપાસક હતો. ધર્મપ્રચાર માટે તેના પિતાશ્રીએ કરેલ આયોજનને તે અનુસર્યો હતો. તેનો અમલ આનંદપુરના વિદ્વાન બ્રાહ્મણો દ્વારા કરવાનું કાર્ય તેણે ચાલુ રાખ્યું. બૌદ્ધ, જૈન તેમજ વૈદિક ધર્મ તરફ તેની સહાનુભૂતિ હતી. તે વિદ્વાનોના શિરોમણિ તરીકે ઓળખાયાનું એક તામ્રપત્રમાં જણાવાયું છે.

૭. ધર્માદિત્ય ઉર્ફે શિલાદિત્ય ૧લો (ઈ. સ. ૫૯૯ થી ૬૧૪ = વર્ષ ૧૫)

કહેવામાં આવે છે કે ધરસેન ઇ. સ. ૬૦૪ સુધી હૈયાત હતો. પરંતુ તેણે રાજગાદી તેના જ્યેષ્ઠ પુત્ર શિલાદિત્ય ૧લાને સોંપી પોતે ધર્મલાભ લીધો હતો. શિલાદિત્ય ૧લાએ ધર્માદિત્ય નામ ધારણ કરી રાજગાદી સંભાળી હતી.

શિલાદિત્યના સમયકાળમાં વલ્લભીનું સામ્રાજ્ય આર્ય મંજુશ્રી મુલ કલ્પના વિધાનો અનુસાર, ઉજ્જૈન નગરીથી સમુદ્રતીર સુધી હતું. લાટ પ્રદેશનો પણ તેમાં સમાવેશ થતો હતો.

શિલાદિત્ય બુદ્ધિશાળી, ધનાઢ્ય અને મક્કમ વિચારસરણીનો વીરપુરુષ હતો. તેણે બ્રાહ્મણો અને બૌદ્ધોને રાજ્યાશ્રય આપી દાન આપ્યાં હતાં. મઠો અને શિવમંદિરોની મરામત તેમજ નવેસરથી બાંધવાની કામગીરી તેણે કરી હતી. તે એક મહાન રાજા હતો. તેણે અનેક પ્રકારનાં ઘણાં પુણ્યદાન કર્યાં હતાં. ધર્માદિત્યના નામને તેણે ઉત્તમ રીતે પ્રતિપાદિત કર્યું હતું. ઈ. સ. ૬૧૪ સુધી તેણે આયુષ્ય ભોગવ્યું. તેના પછી તેનો નાનો ભાઈ ખરગ્રહ ગાદી ઉપર આવ્યો.

૮. ખરગ્રહ ૧લો (ઈ. સ. ૬૧૪થી ૬૧૯ = વર્ષ ૫)

શિલાદિત્ય પછી ખરગ્રહને રાજતિલક થયું. ઘણાનું એમ કહેવું છે કે તે શિલાદિત્યનો નાનો પુત્ર હતો. કોઈ તેને ભત્રીજો પણ કહે છે. શ્રેષ્ઠતાના ગુણોથી તે ગાદીપતિ બન્યો હતો. તે ઉત્તમ ગુણસંપન્ન, દીર્ઘ દૃષ્ટિવાળો બળવાન પુરુષ હતો. ઉજજૈનનો વિજય તેને હિસ્સે જાય છે. ધાર્મિક વૃત્તિવાળો હતો.

૯. ધરસેન ૩જો (ઈ. સ. ૬૧૯થી ૬૨૭ = વર્ષ ૮)

ઈ. સ. ૬૧૯માં ધરસેન ૩જો વલ્લભીનો ગાદીપતિ બન્યો. તે શ્રેષ્ઠતાના ઉત્તમ ગુણવાળો વિદ્વાન, દાનેશ્વરી, શ્રીમંત અને કલાપ્રેમી રાજા હતો. ખેડા મુકામે તેણે પ્રાંતીય રાજધાની રાખી હોવાનું કહેવાય છે. ખેડામાંથી તેનાં દાનપત્રો મળેલાં છે.

૧૦. ધ્રુવસેન ૨જો (ઈ. સ. ૬૨૭થી ૬૪૨ = વર્ષ ૧૫)

ધરસેનના મૃત્યુ પછી તેનો નાનો ભાઈ ધ્રુવસેન ૨જો ગાદીપતિ થયો. તે ઘણો જ શક્તિશાળી અને પરાક્રમી હતો, તેટલો જ તે મહત્ત્વાકાંક્ષી પણ હતો. સૌપ્રથમ તેણે તેના લશ્કરોને વ્યવસ્થિત કર્યાં અને રાજ્યની સીમાઓ વધારવાનું કાર્ય હાથ ધર્યું.

મૈત્રક વંશના સ્થાપન વખતે, ગુપ્તવંશની હકૂમત નીચે રહી સ્વતંત્ર થયેલાં રાજ્યો પાસે તેણે પોતાની આણ વર્તાવી. સૌરાષ્ટ્રની પડોશનાં જે રાજ્યો બળવાન થઈ સ્વતંત્ર થયાં હતાં તે ઉપર ધ્રુવસેને પોતાનું સ્વામિત્વ સ્થાપ્યું.

૧૧. ધરસેન ૪થો (ઈ. સ. ૬૪૨થી ૬૫૦ = વર્ષ ૮)

ધરસેન ગાદીપતિ થયો ત્યારે ધ્રુવસેને મેળવેલા વિજયોને કારણે વલ્લભી બળવાન રાજ્ય કહેવાતું હતું. ઈ. સ. ૬૪૭માં કનોજના હર્ષવર્ધન તથા ઈ. સ. ૬૫૦માં પુલકેશી ૨જો મૃત્યુ પામ્યા ત્યારે ધરસેનની ગણત્રી મોટા અને શક્તિશાળી રાજા તરીકે થઈ. તેના વિજયોની માહિતી મળતી નથી.

૧૨. ધ્રુવસેન ૩જો (ઈ.સ. ૬૫૦થી ૬૫૪ = વર્ષ ચાર)

ધરસેનના મૃત્યુ પછી તેનો ભાઈ ધ્રુવસેન ઇ. સ. ૬૫૦માં વલ્લભીના રાજ્યાસને બેઠો. તેના વડીલો જે ગાદીના ક્રમમાં આવે પણ ઉંમરે વયોવૃદ્ધ હતો તેથી મૈત્રક પ્રણાલીથી અલગ પડી ધ્રુવસેન ગાદીએ આવ્યો હતો. તેના સમયમાં બીજો નોંધવા જેવો કોઈ બનાવ બન્યો નથી.

૧૩. ખરગ્રહ ૨જો (ઈ. સ. ૬૫૪થી ૬૫૯ = વર્ષ પાંચ)

ખરગ્રહ તે ધ્રુવસેનનો મોટો ભાઈ હતો પરંતુ ગાદી ઉપર તો તે તેના પછી આવ્યો. ત્યારે તેની ઉંમર મોટી હતી. તેણે તેનું આગળનું જીવન તદ્દન ધાર્મિક કાર્યોમાં ગુજાર્યું હતું. દાન અને ધર્મ પાછળ જીવન ગાળી, શાંતિપૂર્ણ રાજઅમલ કરી ગયો. તેને રાજગાદીનો મોહ હતો જ નહીં; પરંતુ કુટુંબના આદેશને માન આપી જવાબદારી સંભાળી હતી.

૧૪. શિલાદિત્ય ૨જો (ઈ. સ. ૬૫૯થી ૬૫૯ = ૧ વર્ષ)

ખરગ્રહના મૃત્યુ પછી તેનો સૌથી મોટો ભાઈ શિલાદિત્ય ગાદીએ બેઠાનું કહેવાય છે. તે મોટી ઉંમરનો હતો. કુટુંબમાં અન્ય કોઈ ગાદી સંભાળે તેમ નહીં હોવાથી તેણે ગાદી સંભાળી હશે. તે બુદ્ધ ધર્મ તરફ ઢળેલો હશે. જે વર્ષમાં તેણે ગાદી સંભાળી તે જ વર્ષમાં તેણે દેહ છોડ્યો હોય તેમ જણાય છે. જેથી તે જૈફ ઉંમરનો હોવાનું અનુમાન થાય છે.

૧૫. શિલાદિત્ય ૩જો (ઇ. સ. ૬૫૯થી ૬૮૯ = વર્ષ ૩૦)

હરાદિત્યનું નામ ધારણ કરી શિલાદિત્ય ૨જાનો પુત્ર ગાદીએ બેઠો. બ્રાહ્મણો અને બૌદ્ધોને તેણે ગામો આપ્યાં હતાં. તેના વખતથી વલ્લભીનું રાજ્ય વધુ નબળું પડ્યું જણાય છે. તેના સમયમાં ખંડિયા રાજાઓ સ્વતંત્ર થવા લાગ્યા. તેના સમયમાં વલ્લભી રાજ્યના સીમાડા મધ્ય ગુજરાત સુધી હતા.

૧૬. શિલાદિત્ય ૪થો (ઇ. સ. ૬૮૯થી ૭૦૯ = વર્ષ ૨૦)

સૂર્યાદિત્ય નામ ધારણ કરીને તે વલ્લભીની ગાદીએ આવ્યો. ચાલુક્ય અને બીજા રાજાઓ તેના સમયમાં વધુ બળવાન થયા. તે શિવ ધર્મ પાળતો હતો. તેણે બૌદ્ધ ધર્મને પણ દાન આપેલ છે. વલ્લભી રાજ્યના સીમાડા તેણે વધાર્યા ન હતા પરંતુ વલ્લભીનું શાસન તેણે ટકાવી રાખ્યું. તેના સમયમાં સાગરકાંઠાના પ્રદેશમાં ચાવડાઓ જોર પકડતા થયા.

૧૭. શિલાદિત્ય ૫મો (ઇ. સ. ૭૦૯થી ૭૩૯ = વર્ષ ૩૦)

તે સોમાદિત્ય નામ ધારણ કરી વલ્લભીની ગાદીએ બેઠો. તેણે ત્રણ વખત ભૂમિદાન કર્યાના આધારો મળતા હોવાનું કહેવાયું છે. તેના સમયમાં મહમદ કાસીમે સિંધના હિન્દુ રાજા દાહિરને હરાવી સિંધ કબજે કર્યું. ત્યાર પછી સૂબો વલ્લભી ઉપર ચડ્યો પરંતુ વલ્લભીમાં તેનો પરાજય થયો. ત્યારે સિંધમાંથી આવેલા કાઠી રાજપૂતો વલ્લભીના લશ્કરની મદદે હતા તેમ કહેવાય છે. ઇ. સ. ૭૩૯માં તેનું અવસાન થયું.

૧૮. શિલાદિત્ય ૬ઠ્ઠો (ઇ. સ. ૭૩૯થી ૭૬૫ = વર્ષ ૨૬)

તેના સમયમાં ચૌહાણ રાજાઓ સ્વતંત્ર થયા. પડોશી રાજાઓ લશ્કર વધારી વલ્લભીની સીમાઓ દબાવતા થયા. વલ્લભીને ટકાવી રાખવા તેણે તેની સર્વોત્તમ શક્તિ કામે લગાડી હતી. વલ્લભીનો સીમાડો ગોધરા સુધી ત્યારે હતો. ઇ. સ. ૭૫૮માં સિન્ધના સૂબાએ વહાણોનો કાફલો વલ્લભી ઉપર હલ્લો કરવા મોકલેલ પણ તેને હાંકી કાઢવામાં આવ્યો હતો.

શિલાદિત્ય ૬ઠ્ઠાએ સામ્રાજ્યને ટકાવી રાખવા સતત કાળજી લીધી અને ઈ. સ. ૭૬૫માં ગુજરી ગયો.

૧૯. શિલાદિત્ય ૭મો (ઇ. સ. ૭૬૫થી ૭૭૦ = વર્ષ ૫)

ધ્રુવભટ નામ ધારણ કરી વલ્લભીપુરની રાજગાદીએ ઇ. સ. ૭૬૫માં બેઠો. તેના વીર પૂર્વજોએ સ્થાપેલ વલ્લભીનું મહાન સામ્રાજ્ય નાશને આરે ઊભું હતું. સંસ્કૃતિની ટોચે પહોંચેલ સામ્રાજ્ય ધર્મ, વિદ્યા અને સંસ્કારનું ધામ બન્યું હતું. વેપાર, વાણિજ્ય અને કલાનો અનેરો વિકાસ થયો હતો. વલ્લભીની પ્રજા ધનના ઢગલા ઉપર આળોટતી હતી. આ રાજ્યનું પતન થાય તેવી કોઈ કલ્પના સુદ્ધાં કરી શકે નહિ માત્ર મામૂલી કારણો જ જેમાં નિમિત્ત હતાં.

શિલાદિત્ય રાજાએ પોતાની પુત્રીનો શોખ પૂરો પાડવા કાકુ વાણિયાની પુત્રીની રત્નજડિત કાંચકી પડાવી લીધી તે કારણથી કાકુએ આરબોને વલ્લભી ઉપર ઉતાર્યાનું કહેવાય છે. જાઈકદેવ સૈન્ધવ પણ આ પતનને પ્રેરનારો ગણાય છે. ઘણી બધી લોકવાર્તાઓ કહેવાય છે. અનેક ચડાઈઓમાં અગાઉ પરાજિત થયેલા આરબોએ વધુ તાકાતથી, વધુ ચપળતા અને કુનેહથી આક્રમણ કર્યું. વલ્લભીનાં સૈન્યો બહાર હતાં. કિલ્લાબંધી યુદ્ધ અપાયું. શિલાદિત્યે બહાદુરીપૂર્વક સામનો કર્યો. તે નાકામિયાબ રહ્યો. યુદ્ધમાં તે વીરગતિને પામ્યો. આરબોએ વલ્લભીને લૂંટ્યું-બાળ્યું. વલ્લભી રોળાઈ ગયું.

૩. આરબો

દમાસ્કસના સિંહાસને ઇ. સ. ૭૦૫માં ખલીફ મુઆવીઆનો વંશજ ખલીફ વલીદ અમવી બેઠો. તેણે ઈરાન, ઇરાક, મકરાણ અને બલુચિસ્તાનના હાકેમ તરીકે હજ્જાજ નામના તેના સરદારને નીમ્યો. જુલ્મથી તેણે આ વિસ્તારોમાં ઇસ્લામ ધર્મ સ્થાપ્યો. જે હિન્દુઓએ ઇસ્લામ ધર્મ સ્વીકારવા આનાકાની કરી તેની કત્લ કરવામાં આવી. કેટલાક હિન્દુઓ તેના ત્રાસથી નાસીને સિંધ તરફ ગયા. તેને સિંધના છેલ્લા હિંદુ રાજા દાહિરે આશ્રય આપ્યો.

દાહિરના રાજ્ય ઉપર હજ્જાજનો ડોળો હતો જ તેમાં તેણે તેને ત્યાં નાસી આવનારાને આશરો આપ્યો. તે અરસામાં લંકાથી અરબસ્તાન જતાં એક વહાણને સિંધના દેવલ બંદર પાસે ચાંચિયાઓએ લૂંટી લીધું. હજ્જાજે પત્ર લખી સિંધના રાજા દાહિરને કહેણ મોકલ્યું કે વહાણની લૂંટનો માલ તેને સોંપી આપવો. લૂંટ પોતાના વિસ્તારમાં થઈ નથી તેવું દાહિરે જણાવ્યું. હજ્જાજને તો માત્ર કારણ જ જોઈતું હતું. તેણે તેના ભત્રીજા મહમદ કાસીમને છ હજારનું લશ્કર આપી સિંધ ઉપર ચડવા ફરમાન કર્યું. ઇ. સ. ૭૧૨માં મહમદ કાસીમ શિરાજથી નીકળી સિંધ ઉપર ચડ્યો. દાહિરે મરણિયો સામનો કર્યો પરંતુ તે હાર્યો. મહમદ કાસીમે સિંધની સાથે પંજાબ, મુલ્તાન, કાશ્મીર અને માળવાની સરહદ સુધીના દેશો જીતી લીધા. દાહિરના લશ્કરમાં ત્યારે કાઠીઓ હોવાનું કહેવાય છે. સિંધ વિસ્તાર મુસલમાનો - આરબોના હાથમાં જતાં કાઠીઓએ ત્યાંથી દક્ષિણ તરફ સ્થળાંતર કર્યાનું અનુમાન કરી શકાય છે.

ત્યાર પછી ખલીફાઓ બદલતા રહ્યા. ઇ. સ. ૭૧૨માં વલીદ ગુજરી ગયો.

તેના અનુગામી તરીકે ખલીફ સુલેમાન આવ્યો. તેણે ઇ. સ. ૭૩૫માં જૂનાઈન નામના તેના સરદારની ભારતીય પ્રદેશોના હાકેમ તરીકે નિમણૂક કરી. તેણે કચ્છ, ઉત્તર ગુજરાત અને ભરૂચ સુધી લૂંટો ચલાવી, તલવાર અને આગથી હાહાકાર મચાવ્યો. વલ્લભીના ગુર્જર સામંતે તેનો સામનો કરેલ પણ તે તેની સામે ફાવ્યો નહિ.

ઇ. સ. ૭૫૯માં ખલીફે સિંધના હાકેમ તરીકે હિશામની નિમણૂક કરી. તેણે તેના સરદાર ઉમર બીન જમાલને દરિયાઈ સૈન્યનો કાફલો લઈ, વલ્લભી રાજક્ષેત્રમાં ચડાઈ કરવા મોકલ્યો. તે કયા બંદરે ઊતર્યા તે નક્કી થતું નથી પણ તેનું નિશાન વલ્લભીપુર હોવાનું માનવામાં આવે છે. તેઓ જ્યારે ત્યાં આવ્યા ત્યારે વલ્લભીના લશ્કરે સખ્ત સામનો કરી, ઉમર બીન જમાલના સૈન્યનો કચરઘાણ વાળી દીધો. તેથી તે ભાગીને પાછો ગયો.

હિઝામે જ્યારે આ પરાજયના સમાચાર સાંભળ્યા ત્યારે તેણે વિશાળ લશ્કર લઈ વલ્લભીપુર ઉપર ચડાઈ કરી. પ્રથમ તેણે ખંભાત લૂંટ્યું, ભરૂચ પણ લૂંટ્યું. પ્રાંતિક સૈન્યો નાકામયાબ રહ્યા. હિન્દુઓ ઉપર તેણે ધર્મઝનૂનથી હીચકારા હુમલાઓ કર્યા. દબાણથી અને જુલમથી ધર્મ-પરિવર્તનો કરાવ્યાં. ઈ. સ. ૭૭૦માં તે લશ્કર લઈ વલ્લભીપુર ઉપર ચડ્યો. શિલાદિત્યને રક્ષણ કરવા વખત ન રહ્યો. તેનાં સૈન્યો બીજા પ્રદેશમાં હતાં. માત્ર કિલ્લાબંધીથી લડાઈ આપી. પરંતુ શિલાદિત્ય સાતમો તેના સરદારો અને સામંતો સાથે રણમાં સૂતો. વલ્લભીની ૩૦૦ વર્ષ જૂની જયશ્રી રણમાં રોળાઈ ગઈ.

આરબોએ વલ્લભી લૂટ્યું, બાળ્યું, નાશ કર્યો. મંદિરો, મઠો, વિદ્યાવિહારો નાશ પામ્યાં. પ્રજાજનો, રાજકુટુંબ, ધર્મપુરુષો, વલ્લભીના રાખના ઢગલા સાથે રાખ થયાં. વૈભવશાળી ભવ્ય અને સુંદર નમૂનેદાર નગરનું નામોનિશાન ન રહ્યું.

એક પરાક્રમી, દાનવીર, ન્યાયપ્રેમી, ધર્મસહિષ્ણુ રાજ્યનો કરુણ અંત આવ્યો.

સૂર્યવંશ - મૈત્રકવંશ : વંશાવળી

૧. આદિત્ય નારાયણ	૩૦. અરણ્ય
૨. બ્રહ્માજી	૩૧. હર્ષસ્વ
૩. મરીચિ	૩૨. અરુણ
૪. કશ્યપ	૩૩. ત્રિબંધ
૫. અદિતિ	૩૪. સત્યવ્રત
૬. વિવસ્વાન	૩૫. હરિશ્ચન્દ્ર
૭. શ્રાદ્ધદેવ (મનુ)	૩૬. રોહિત
૮. ઇક્ષ્વાકુ	૩૭. હરિત
૯. વિકશી ઉર્ફે શશાદ	૩૮. ચંપ
૧૦. કુર્કુસ્થ	૩૯. સુદેવ
૧૧. અનેના ઉર્ફે વેન	૪૦. વિજય
૧૨. પૃથુ	૪૧. ભરૂક
૧૩. વિશ્વ સંધિ	૪૨. વૃદ્ધુ
૧૪. ચંદ્ર (આદિ)	૪૩. બાહુક
૧૫. યુવનાશ્વ	૪૪. સગર
૧૬. શાબસ્ત	૪૫. અસમાજસ
૧૭. બ્રહ્મદ્રથ	૪૬. અંશુમાન
૧૮. ધુધુમાર	૪૭. દિલીપ
૧૯. કુવત પાશ્વ	૪૮. ભગીરથ
૨૦. દઢાસ્વ	૪૯. શ્રુત
૨૧. હર્ષસ્વ	૫૦. નાભ
૨૨. નિકુંભ	૫૧. સિંધુદ્વિપ
૨૩. બ્રહ્મણાથ	૫૨. અપુલા
૨૪. કુશાસ્વ	૫૩. ઋતુપર્ણ
૨૫. એનજીત	૫૪. સર્વ કામ
૨૬. યુવનાસ્વ	૫૫. સુઘમ
૨૭. માંધાતા	૫૬. કલમાકપાદ
૨૮. પુરુકુત્સ	૫૭. સૌદાસ
૨૯. ચસદ્રસ્થ	૫૮. મુકલ

૫૯. દશરથ
૬૦. એડીવડ
૬૧. વિશ્વાસહ
૬૨. ખટવાંગ
૬૩. દીર્ઘબાહુ
૬૪. રઘુ (દિલીપ)
૬૫. અજ
૬૬. દશરથ
૬૭. શ્રીરામ
૬૮. કુશ
૬૯. અતિથિ
૭૦. નિષક
૭૧. નભ
૭૨. પુંડરિક
૭૩. ક્ષેમદાન્યા
૭૪. દેવાનિક
૭૫. અહિનગ
૭૬. પારિયાત્ર
૭૭. બલસ્થલ
૭૮. વજ્રનાભ
૭૯. ખગણ
૮૦. વિધુતિ
૮૧. હિરણ્યનાભ
૮૨. પુષ્પ
૮૩. ધ્રુવસંધિ
૮૪. સુદર્શન
૮૫. અગ્નિવર્ણ
૮૬. મરૂ
૮૭. પ્રસુશ્રુતિ
૮૮. સુંગવી
૮૯. અમર્ષણ
૯૦. મહાસ્વાન
૯૧. બિસુતવાન
૯૨. પ્રસેનજીત
૯૩. નક્ષક
૯૪. બૃહદયાળ
૯૫. બૃહદક્ષ
૯૬. ઉરૂકિય
૯૭. વત્સવૃદ્ધ
૯૮. પ્રતિવ્યોમ
૯૯. ભાનુ
૧૦૦. દિવાક
૧૦૧. સહદેવ
૧૦૨. વીર
૧૦૩. બ્રહદસ્વ
૧૦૪. ભાનુમાન
૧૦૫. પ્રતીકાશ્વ
૧૦૬. સુપ્રતીક
૧૦૭. મરુદેવ
૧૦૮. સુનક્ષત્ર
૧૦૯. પુષ્પક
૧૧૦. સુતયા
૧૧૧. અમિત્રજીત
૧૧૨. બ્રહ્મદ્વાજ
૧૧૩. બર્હિ
૧૧૪. કુંતજય
૧૧૫. રણંજય
૧૧૬. સંજય
૧૧૭. શાક્ય
૧૧૮. શુદ્રાદ
૧૧૯. લોંગલ
૧૨૦. પ્રસેનજીત
૧૨૧. શુદ્રક
૧૨૨. રણક

૧૨૩. સુરથ
૧૨૪. સુમિત્ર
(અયોધ્યાનો છેલ્લો રાજા)
૧૨૫. કરણ (બીજો)
૧૨૬. વીરકેતુ (બાલાર્ક)
૧૨૭. અભિકેત
૧૨૮. રેવકેત
૧૨૯. આલકેત
૧૩૦. વૃષકેત
૧૩૧. સુરકેત
૧૩૨. માણા
૧૩૩. અણા
૧૩૪. દગમ
૧૩૫. માણા
૧૩૬. દગમ
૧૩૭. વૃતકેત
૧૩૮. કરણ
૧૩૯. ધીરકેત
૧૪૦. વિજયકેત
૧૪૧. ધંરમકેત
૧૪૨. બાલકેત
૧૪૩. વરમકેત
૧૪૪. વિજયકેત
૧૪૫. કાણદેવ

o o o

નોંધ :

જૂના ઈતિહાસોએ મૈત્રક વંશ અને તેના સામ્રાજ્ય બાબતમાં ખૂબ ઓછું લખ્યું છે. એક વિદ્વાનના મત પ્રમાણે ભૂતકાળમાં વળા પાસેના એક ટીંબાના ખોદકામમાં મળી આવેલા ૧૫૦ તામપત્રોએ પ્રકાશ પાડ્યા પછી જ મૈત્રક વંશ ઉપર ખાસ લખાયું છે. જુદા જુદા ઘણા લેખકોના લખોણોનું સંકલન કરી આ પ્રકરણ લખ્યું તેથી પાદ નોંધ મૂકી નથી.

૬. વલ્લભીની પ્રભુતા અને વાળાઓનું ઐશ્વર્ય

જુના સમયમાં સૌરાષ્ટ્રમાં રાજવંશની માત્ર ત્રણ જ શાખો હતી; જેઠવા, ચાવડા અને વાળા.

વલ્લભીપુર ક્યારે વસ્યું અને કોણે વસાવ્યું, તે હકીકત ઇતિહાસિક રીતે અસ્પષ્ટ રહે છે. પરંતુ વલ્લભીને સુવર્ણકળાએ પહોંચાડી, જગતના દેશોમાં ખ્યાતનામ કરનાર તો વલ્લભીનો રાજવંશ હતો તેમાં કોઈ શંકા નથી. વલ્લભીમાં પ્રથમ રાજધાની વિજય ભટાર્કે કરી હતી.

વલ્લભીમાં સૂર્યવંશી મૈત્રક વંશની તેર પેઢીમાં ઓગણીશ રાજાઓએ લગભગ ત્રણસો વર્ષ રાજ્ય કર્યું. તેર પેઢી સામે ઓગણીશ રાજાની સંખ્યાનો આંકડો સામાન્ય રીતે ગુંચવણ ઊભી કરે. તેનો ખુલાસો એ છે કે તે રાજવંશમાં માત્ર પિતા પછી પુત્ર જ ગાદીનશીન થતો ન હતો. તેમની પ્રથા એવી હતી કે રાજાના દેહાવસાને કુટુંબના પુરુષવર્ગમાંથી જે સૌથી શ્રેષ્ઠ જણાય તેને ગાદીનશીન કરવામાં આવતો. વિજય ભટાર્ક પછી ગાદીનશીન થનાર ચાર રાજાઓ તે વિજય ભટાર્કના પુત્રો જ હતા. એટલે તે પેઢીમાં સામાન્ય રીતે એક વારસ બનવો જોઈએ તેને સ્થાને ચાર વારસ રાજા થયા. તેથી પેઢીની સંખ્યા સામે રાજાનું સંખ્યાબળ વધુ થાય છે.

આ રાજવંશને સુર્યવંશી, મૈત્રક વંશ કહેવામાં આવ્યો છે. આ નામાભિધાન ક્યાં કારણોસર થયું તે સ્પષ્ટ થતું નથી તોપણ સૂર્યવંશીના અર્થમાં તે વંશનું નામ મૈત્રક વંશ કહેવાયું હશે. અયોધ્યા રાજ્યનો છેલ્લો રાજા સુમિત્ર હતો. ભગવાન રામચંદ્રજીના પુત્ર લવ ઉત્તર ભારતમાં ગયા અને ત્યાં તેમણે લાહોરનગર સ્થાપી રાજધાની બનાવ્યાની હકીકત લગભગ સર્વમાન્ય બની છે. સુમિત્રના વારસો, અફઘાન થઈ ઉત્તર ભારતમાં વસ્યા હશે. ઉત્તર ભારતમાં ઘણાં નાનાં નાનાં રાજ્યો હતાં અને શુદ્રકસ તરીકે ઓળખાતાં હતાં. તેમાંના વાળાઓ ગુજરાતમાં ગયા અને માલાઓ માળવામાં ગયાની હકીકતનો ઉલ્લેખ એરિયનને ટાંકીને ભાયાવદરના દરબાર અનકવાળાએ[૨૫] કર્યો છે તે વાતને ધ્યાનમાં લેવામાં આવે તો, સૌરાષ્ટ્રમાં પ્રથમ વિરાટનગર - ધોળકામાં પ્રથમ રાજગાદી સ્થાપી વલ્લભીપુરને સમૃદ્ધ કરનાર સૂર્યવંશી મૈત્રક વંશના રાજાઓ તે ઉત્તર ભારતમાંથી આવેલા વાળાઓ હતા તેવું અનુસંધાન મળે છે.

હિન્દુસ્તાન પર આક્રમણ કરનાર મહાન સિકંદરનો ઈ. સ. પૂર્વે ૩૨૭માં સામનો કરનાર ઉત્તર ભારતનાં નાનાં નાનાં રાજ્યોનાં સંઘબળ કે જે શુદ્રકસ તરીકે ઓળખાયાં હતાં તેમાં વાળાઓનો સમાવેશ થતો હતો અને ત્યારે પણ તેઓ વાળાઓ તરીકે ઓળખાયા હોવાની હકીકત મળે છે.

વળી ઈરાન અને અરબસ્તાનમાંથી ભારતના પ્રવાસે આવી ગયેલા વિદ્વાનો આરબ પ્રવાસી સુલેમાન સોદાગર બગદાદના ખલીફાના દરબારમાં રહેતા ઇબ્નખુર્દજા,

બગદાદના અલમસુદી, ઈરાકના ઈબ્ન હોકલ, મોરોક્કોના અબ ઈદ્રસી અને ઈરાનના કાઝવીન નગરના મકરીબા-અલ-કાઝવીની નામના લેખકોએ[૨૬] ઈસુની નવમી સદીથી તેરમી સદી સુધીમાં પ્રકાશિત કરેલ નોંધો ઉપરથી એક વાત તો સ્પષ્ટ થાય છે કે, "જગતના ચાર મહાન સમ્રાટોમાં બલ્હારા એક છે. બલ્હારા સૌ રાજાઓનો રાજા છે. બલ્હારા એ રાજાનું વિશેષ નામ નથી પણ વંશનું નામ છે. તે પૈકીનો એક રાજા વીંટી પહેરે છે. તેમાં લખ્યું છે કે "નિશ્ચયપૂર્વક પ્રારંભ કરેલ કાર્ય સફળતામાં પરિણમે છે." સિંધના રાજા પૈકીના તે છે. તે મનકીર (રાજધાની) નો રાજા છે. તેનું રાજ્ય વિશાળ છે. વિપુલ વસ્તીવાળું છે. વિકસિત વ્યાપારવાળું અને ફળદ્રુપ છે. સૈમુર સિંધમાં આવેલ હિન્દનું નગર છે." આ હકીકતોનો સમયકાળ નક્કી થતો નથી, કારણ કે લેખકોએ લખાણમાં વર્તમાનકાળ વાપર્યો છે. તે વલ્લભીના રાજ્યને તે કારણે - તે હકીકત લાગુ પડતી નથી તેવો ઇતિહાસકાર શ્રી શંભુભાઈનો મત છે. પણ નોંધો ભૂતકાળમાં તૈયાર થઈ હોઈ, હકીકતો પણ ભૂતકાળની ભલે હોય પણ તેને વર્તમાનકાળમાં પણ તે જૂના સમયની જૂની પદ્ધતિમાં આલેખાણી હોય તો તે પૈકીની હકીકતો વલ્લભીને લગતી પણ હોય. કેટલીક હકીકતો સિંધ સૈમુરના બલ્હારા રાજાને લગતી હોઈ શકે છે. પરંતુ બલ્હારા રાજાઓના મુલ્ક "કોમ કોમના સમુદ્ર-કિનારાથી શરૂ થઈ ચીન તરફ લંબાતી ભૂમિ સુધી છે." અને રાજ્યનો પ્રદેશ "ભૂમિની જીભ" જેવો છે. તે વાતો વલ્લભીપુરને લગતી હોવાનું જણાય છે. કારણ કે તે સામ્રાજ્ય જ વિશાળ હતું. સૌરાષ્ટ્રના દ્વીપકલ્પને ભૂમિની જીભ તરીકે ઓળખાવેલ હોવાનું અનુમાન થઈ શકે છે અને તે વલ્લભીપુર સામ્રાજ્ય માટે અનુરૂપ હોય તેમ લાગે છે.

જે હોય તે પણ આખરે તો તે બલ્હારા રાજાઓના સામર્થ્ય, શક્તિ અને રાજ્ય પ્રદેશના જ ઉલ્લેખો છે. કહેવાની ભાગ્યે જ જરૂર રહે કે બાલામાંથી વાળા તરીકે છેવટે ઓળખાયેલા રાજાઓને જ બલ્હારા રાજા કહેવામાં આવ્યા હોય અને આ જ રાજાઓ પૈકીના વલ્લભીપુરના રાજાઓ હોઈ શકે. ભલે તે સૂર્યવંશી - મૈત્રકવંશી તરીકે ઓળખાયા હોય. મૈત્રકનો અર્થ સૂર્ય થાય છે. વાળાઓ પણ સૂર્યવંશી જ હતા અને છે. ઇતિહાસના કોઈ પણ લેખકે આ રાજાઓને 'મૈત્રક' તરીકે ઉલ્લેખ્યા હોય અને તેથી તેનો વંશ મૈત્રક વંશ તરીકે ઓળખાયો હોય તો તે બનવા જોગ છે. પરંતુ મૈત્રક વંશના પૂર્વજ અને અનુગામી રાજાઓ વાળા રાજવંશના હતા તેમ માનવા પૂરતાં કારણો પણ છે ખરાં. ઈસ્વીસનના પૂર્વેના વાળાઓ અને મૈત્રક વંશ તરીકે ઓળખાયેલ રાજવંશના અનુસંધાને જ તલાજાના ખ્યાતનામ એભલ વાળાઓનો રાજવંશ તે વાળા વંશ જ હતો.

ઈ. સ. ૧૬૭૭માં મહારાણા રાજસિંહ પહેલાના રાજ્યકાળમાં જૈન યતિ માને થઈ ગયા. તેમણે 'રાજ વિલાસ' નામક એક કાવ્યગ્રંથ રચ્યો છે.[૨૭] તેમાં એક દોહો લખ્યો છે કે -

પશ્ચિમ દિશા, પ્રસિદ્ધ દેશ, સોરઠ ધર દિપત,
નગર બલ્લીકાનાથ, જંગ કરી આસુર જીયત.

આ દોહો પહેલા એભલ વાળાએ તાલધ્વજ પાસેથી તાલધ્વજગિરી તરીકે ઓળખાતું નગર (તળાજા) લીધું તેના અનુસંધાને કહેલો જણાય છે.

એટલે આરબ અને ઈરાની પ્રવાસીઓએ વાળાઓને 'બલ્હારા' તરીકે સંબોધ્યા પછી જૈન યતિ પણ ઈસુની સત્તરમી સદીમાં વાળાઓને 'બલ્લીકાનાથ' તરીકે સંબોધતા જણાય છે. તેમનો મુલ્ક વલ્લભીપુર આજુબાજુનો પણ 'વાળાંક' તરીકે ઓળખાયો છે. એટલે બાલા, બલ્હારા કે બલ્લીકાનાથ તે વાળાઓ જ હોય તેમ અનુમાન થઈ શકે.

વલ્લભીપુરના મહાન સામ્રાજ્યના સર્જક અને મૈત્રક રાજવંશના રાજાઓના સમયકાળમાં વલ્લભીપુર દેશવિદેશમાં વખણાયું હતું. તે વખતે વલ્લભીપુર જાહોજલાલીને શિખરે હતું. અનીતિ ત્યજીને નીતિને આચરનારા લોકો ત્યાં વસતા હતા. ધર્મ અને પ્રમાણિકતાનું તેઓ આચરણ કરતા હતા. ત્યાં ઉત્તમ પ્રકારની ખેતી કરનાર કૃષિકારો હતા. ઓછા વરસાદે વિપુલ પાક લેનારા ખેડૂતો હતા. ઉત્તમ પ્રકારના શ્રેષ્ઠીઓ અને શિલવાન સ્ત્રીઓ ત્યાં હતાં. વિદ્વાનો અને ઉમદા ધર્મગુરુઓ હતા. ઉત્તમ કલાકારીગીરીના નિપુણ કારીગરોની હસ્તી હતી. પ્રમાણિક રાજનીતિજ્ઞ રાજવહીવટ આપનાર નીતિજ્ઞો ત્યાં હતા. હુન્નર-ઉદ્યોગ વ્યાપારવણજ ત્યારે ધમધમતાં હતાં. વિદ્યાધામો અને વિહારો લોકોને ધર્મ અને જીવન જીવવાની કલા શિખવાડતાં હતાં. સંસ્કૃતિ ટોચે પહોંચી હતી. મૈત્રક રાજવંશના અમલ દરમ્યાન વલ્લભીપુર સંસ્કૃતિની ટોચે પહોંચ્યું હતું. ઉત્તમ ચીજ-વસ્તુની નિકાસ વિપુલ પ્રમાણમાં પરદેશની લક્ષ્મી આ દેશમાં લાવતી હતી. વલ્લભીપુરમાં લોકોને રહેવા માટે સગવડતાવાળા ઊંચા અને પાકા પ્રાસાદો હતા. માલ-સામાનની હેરફેર પોઠો દ્વારા વણઝારાઓથી થતી હતી. વહાણવટા દ્વારા વિદેશો સાથે પણ વહેવાર જોડાયેલ હતો. નિકાસી માલ વહાણ દ્વારા પરદેશ જતો. એક વીંટીમાંથી પસાર થઈ શકે તેવા બારીક મલમલના તાકા જેવા બારીક કાપડનું વણાટ ત્યાં થતું હતું.

ઉત્તમ કક્ષાના વિદ્વાનો દ્વારા વિદ્યાભ્યાસ અને ધર્મચેતના માટે આશ્રમો ચલાવવામાં આવતા હતા. આશ્રમોમાં બ્રહ્મચારીઓ અને સંન્યાસીઓ વિપુલ સંખ્યામાં વિદ્યાભ્યાસ કરતા હતા. સંસ્કૃત, દેવનાગરી અને પાલી જેવી ભાષાઓનો ત્યારે ઉપયોગ થતો હતો. ગુજરાતી ભાષાનો ત્યારે ઉદ્ભવ થઈ ચૂક્યો હતો પરંતુ લખવામાં હજુ તેનો ઉપયોગ થતો ન હતો. તે વખતે આવા સો જેટલા આશ્રમ-મઠોનું ત્યાં અસ્તિત્વ હતું. વડનગર અને આનંદનગર ત્યારનાં વિદ્યાનાં ધામો હતાં. વિદ્યાપીઠો અને મઠોમાં ત્યારે ૬૦૦૦ જેટલા બૌદ્ધસાધુઓ હતા.

વ્યાપારવ્યવહાર બહોળો હતો. મોટા સોદા કે વ્યાપારી લે-વેચમાં ચાંદીના સિક્કાઓની ચુકવણી ગણીને નહિ પરંતુ સિક્કાઓનું વજન કરી થતી હતી. એકંદર લોકો સુખી, સંતોષી અને સંસ્કારી હતા. દરેક ક્ષેત્રે સમૃદ્ધિ દેખાતી હતી.

રાજાઓ સૂર્યવંશી - સૂર્યઉપાસક હતા અને શિવ ધર્મના અનુયાયી હતા. બ્રાહ્મણ ધર્મને અનુસરતા હતા. ત્યારે બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ સુસ્થાપિત હતા. તેને

પણ રાજ્યનો આશ્રય અને મદદગારી મળતાં હતાં. ધાર્મિક ક્રિયાઓ અને સંસ્કરણ પદ્ધતિસરનાં જ થતાં હતાં. લોકો અંધશ્રદ્ધાળુ ન હતા. રાજભક્તિમાં માનનારા હતા. રાજાને પૂજનિક ભાવથી જોતા હતા. ચોરી કે છેતરામણી જવલ્લે જ બનતાં. રાજદંડના ભયે અપ્રમાણિકતા, ચોરી, છેતરપિંડી કે હિંસા દૂર રહેતાં હતાં. સૌ લોકો પોત-પોતાના ધંધારોજગાર કે કસબમાં મશગૂલ રહી તેને ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચાડવા, પોતાની શક્તિ અને સમયનો સદ્ઉપયોગ કરતા હતા.

આ સમયમાં ચીનનો વિદ્યાર્થી હ્યુ-એન-સંગ ભારતમાં આવેલો. તેણે વલ્લભીપુર બાબતમાં અભ્યાસ કર્યો હશે. વલ્લભીની જાહોજલાલી અને તેના સુવર્ણકાળનાં વખાણ કર્યાં છે.

વલ્લભીપુરનો મૈત્રક રાજવંશ ઈ. સ. ૭૭૦ સુધી ચાલ્યો. વિદેશી આક્રમણે રાજા, પ્રજા અને વલ્લભીપુરનો વિનાશ નોતર્યો. સર્વોત્કૃષ્ટ સ્થાને પહોંચેલ વલ્લભી રોળાયું. તેનો નાશ થયો.

પ્રકરણ પૂરું કરતા પહેલાં એક વાત નોંધવાની રહે છે કે આ મૈત્રક - સૂર્યવંશ તે વાળા રાજવંશ જ હતો તેવું અર્થઘટન કરીએ તો, સિંધુ-સૈમુર અને પંજાબમાં નાનાં નાનાં રાજ્યો ધારણ કરતા, શુદ્રકસ ગુટના વાળા રાજાઓથી જોડાયેલ મૈત્રક - સૂર્યવંશી વાળા વંશને, સાત એભલ વાળાના વાળા વંશનું અનુસંધાન લાગી જાય છે. એભલ વાળાના વાળા વંશના છેલ્લા રાજા ધાન વાળા પછી સૌરાષ્ટ્રમાં ઘણા વાળા વંશનાં રાજ્યો સ્થપાયાં અને ભારત આઝાદ થયો તે સને ૧૯૪૭ સુધી રાજગાદીઓ જળવાણી તેની એક સાંકળ બને. ઈસ્વીસન પૂર્વે ૩૨૭થી મળતી માહિતીઓ આ સાંકળની કડીઓ બની, વાળા રાજવંશની રાજગાદીઓની કડીઓ બને તો દીર્ઘકાળ પર્યંત તખ્તધારી ઐશ્વર્યવાન તરીકે વાળા રાજવંશ સ્થાન પામે. દીર્ઘકાળની સ્થાપિતતાનો વિક્રમ સર્જે.

૭. તળાજાનો રાજવંશ

વાળા વંશની જૂની વંશાવળીઓ અને બારોટોની વહીઓનું અનુસંધાન લઈએ તો અયોધ્યાપતિ ભગવાન રામચંદ્રજીની સત્તાવનમી પેઢીએ અયોધ્યાનો છેલ્લો રાજા સુમિત્ર થયો. તેની પેઢીમાં કરણ (બીજો) થયો. કરણનો વિરકેત થયો. તે વિરકેતુ કે વૃતકેતુ તરીકે ઓળખાયો. તેનું નામ બાલાર્ક પણ હતું. આ બાલાર્કના વંશજો વાળાઓ તરીકે ઓળખાયા. ત્યાંથી 'વાળા' વંશની શરૂઆત થાય છે. મૈત્રક વંશ (સૂર્યવંશ) પણ વાળાવંશનો ભાગ છે. આ વૃતકેતુ પછી અગિયારમી પેઢીએ બીજો વૃતકેતુ થયો છે.

જુદી જુદી વંશાવળીઓ અને વહીઓને સરખાવતાં નામોચ્ચારમાં ફેર પડે છે. વર્ષોજૂની હકીકત કર્ણોપકર્ણ રીતે સંઘરાઈ રહી અને પછીથી વંશાવળીઓ અને વહીઓ સાકાર થઈ સચવાણી છે તેથી આવું બનવાનું આદિત્ય નારાયણથી શરૂ થતી વંશાવળી મુજબ પેઢીક્રમ ૧૨૪થી અયોધ્યાનો છેલ્લો રાજા 'સુમિત્ર' નોંધાયેલ છે. તેની બીજી પેઢીએ વૃતકેત (બાલાર્ક) આવે છે અને ત્યાંથી વાળા વંશ શરૂ થયો.

૧. વૃતકેતુ વંશ ઉજળો, ત્યાંથી વાળા જાત,
કૌરવે કળ ખોયું, અણ રાખી અખીયાત.

૨. પૂરવ દેશ પ્રસિદ્ધ, બનારસી નગર બેસણું,
ધરમ ધુરંધર ધીર, ત્યાં રાજ વરકેત તણું.

ભગવાન આદિત્ય નારાયણની ૧૩૨મી પેઢીએ માણાવાળા (પહેલા) થયા છે. આ વંશમાં પાંચ માણા વાળા થયા છે. તેમાંથી ૧૩૫મી પેઢીએ બીજા માણા વાળા થયા. તેમણે પંજાબમાંથી નીકળી કાશીની યાત્રા કરી. કાશીમાં તેમણે માણા-કર્ણિકા ઘાટ બંધાવ્યો. જે અત્યારે મણિ-કર્ણિકા ઘાટ કહેવાતો થયો છે. એ રીતે પણ તેનું અદ્યાપિ પર્યંત નામ-નિશાન રહ્યું છે. (સંવત ૧૪૧)

દગમ ઘેર માણો દતા, વર્ષ અષ્ટ સતાય,
વાળા નગર વરાણશી, માણો રાજ કરાય.

૧૩૫. માણા વાળા બીજા

આ માણા વાળા એ દગમના પુત્ર હતા અને તેનો જન્મ સંવત ૮૭ના વર્ષમાં થયો હતો અને તેમણે કાશી લીધું હતું - ત્યાં રાજ કર્યું હતું તેવો સ્પષ્ટ ઉલ્લેખ આ દોહરો કરે છે. આ બહુ જૂની વાતોનો ઉલ્લેખ વંશાવળી અને વહીના આધારે સંગ્રહાયેલ છે.

દીધી માણે દાંત, કાશી લઈ અર્પણ કરી,
ઈ વાતુ અખિયાત, પછે ગોકુળ પધારીયા.

બે ગોર મહારાજોને, માણા વાળાએ કાશી દાનમાં આપી, ગોકુળ ગયા. ત્યાં

ત્યારે ધનેશ્વર તુંવર નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને માણા વાળાએ હરાવી, ગોકુળ લીધું અને ત્યાં પોતાની રાજધાની કરી.

ધનેશ્વર તુંવર ધ્રુજાવીઓ, ગોકુળ જેડે ગામ,
ડુંગા બાંધ્યા ડુંગરે, ભાલા જોઈ ગળે માન.

ત્યારથી વાળા વંશને 'માણા'ની ઉપમા અપાણી છે. વાળા વંશના રાજવીઓને કવિઓ કવિત કરે ત્યારે માણા તરીકે સંબોધન કરી બિરદાવે છે. લગ્નગીતોમાં પણ 'માણા રાજ' શબ્દપ્રયોગ પણ ત્યારથી થતો હશે.

વંશાવળીના ક્રમ ૧૪૭ ઉપરના કાણદેવ ઉર્ફે જેત વાળા થયા. તેમણે જેતપુર વસાવ્યું. ગઢ કરાવ્યો. ગઢમાં વાવ છે. ગામ ફરતાં તેર પરાં વસ્યાં છે. ઉગમણી રાંગે કોઠો છે. તેમાં દેવનું સ્થાન છે. ઉગમણી બાજુએ ભાદર નદી વહે છે. સામા કાંઠે મુરાદા વાવ છે. તેવા ઉલ્લેખો વહી દ્વારા મળે છે.

જત વાસો જેતપોર, મધ્ય સોરઠ માંય,
સંવત પંદરમાં શોભીઓ, વ્રાળા ઓમ વસાય.

અનુસંધાને લીધેલ 'વાળા રાજવંશની વંશાવળી'ના ક્રમ ૧૪૨ ઉપર બાલકેત અને ક્રમ ૧૪૩ ઉપર વરમકેત થયા છે. ત્યાર પછીની ચાર પેઢી પછી એભલ વાળા પહેલા થયા.

૧. *એભલ પહેલો આગળે સવાસ પેઢી ચાર,*
માંડલ ગઢને માળવે વડી ભોંયણ વાર.

૧૪૮. એભલવાળા

પહેલા આ એભલવાળા કાણદેવ ઉર્ફે જેત વાળાના પુત્ર હતા.

સવંત એક અગીયારમાં સુભંગ નગર આય,
એકાણ દેવ એભલે, ગંગા ઘાટ બંધાય.[૨૮]

પહેલા એભલ વાળા સંવત એકસો અગિયારમાં કાશી આવ્યા. ત્યાં તેમણે ગંગા નદી ઉપર ઘાટ બંધાવ્યો.

ભરૂચે ભાંગીયું, પહેલો અભંગ પાળ,
આવી કીધા એભલે, હુંડ અઢી હજાર.

એભલ વાળાને બાદશાહ સાથે જૂની દુશ્મનાવટ હતી. પરંતુ અભંગ ચૌહાણે ભરૂચ ઉપર ચડાઈ કરી અને બાદશાહનો જાન જોખમમાં હતો ત્યારે એભલ વાળાએ તેને બચાવ્યો. બાદશાહે ખુશી થઈને તેને ભરૂચ ગામ ઈનામે દીધું હતું.

પશ્ચિમ દિશા પ્રસિદ્ધ દેશ, સોરઠ ધર દિપત,
નગર બલ્લીકાનાથ, જંગ કરી આસુર જીયંત.

વિક્રમ સંવત ૧૭૩૪ અને ઈ.સ. ૧૬૭૭માં મહારાણા રાજસિંહના રાજકાળમાં,

જૈન યતિ માનેએ "રાજ વિલાસ" નામનો કાવ્યગ્રંથ રચ્યો છે તેમાં તેમણે ઉપરોક્ત દોહરો રચીને, વાળા રાજવીએ (બલ્લીકાનાથ) પશ્ચિમ દિશાએ આવેલ પ્રસિદ્ધ સોરઠ દેશમાં, આસુર રાજ(તાલવ દૈત્ય)ની સામે યુદ્ધ કરી, વળાના રાજવીએ (નગર બલ્લીકાનાથે) અસુર રાજ તાલવ દૈત્યને હરાવ્યો હતો તેવો ઉલ્લેખ કર્યો છે. તે ઉપરથી ફલિત થાય છે કે જે અસુરરાજ તાલવના ડેરે હજુ પણ પવનથી દીપ ઓલવાતો નથી તેવા શક્તિશાળી દૈત્યને વાળા રાજવીએ હરાવી તળાજા નગરીનો કબજો કર્યો હતો. જૈન યતિ માનેએ તેમને 'બલ્લિકાનાથ'ના નામથી આલંકારિક કરેલ છે. જે ઉપરથી માનવા કારણ રહે છે કે વાળાઓ પ્રથમ બાલાર્ક ઉપરથી 'બાલા'ઓ કહેવાયા હોય.

ભારતની રિદ્ધિસિદ્ધિથી આકર્ષાઈને ઘણા આરબો અને ઈરાની પ્રવાસીઓએ ભારતનો પ્રવાસ કરી તેની પ્રવાસનોંધો તૈયાર કરી છે. તે પૈકીના કેટલાક તો ભારત ઉપર આક્રમણ કરનાર મુસલમાન આક્રમણકારો સાથે પણ આવી ગયાના ઉલ્લેખો ઇતિહાસો નોંધે છે.

તેમની પ્રવાસનોંધોને ઇતિહાસના કાયાકલ્પમાં ઉપયોગમાં લેવાયેલ છે.

આવા પ્રવાસીઓએ, તેમની પ્રવાસનોંધોમાં વાળાઓને 'બાલા' તરીકે ઉદ્દેશી, તેમનાં અનેક રાજ્યો, તેમની વિરાટ રાજશક્તિ, તેમનો વિશાળ રાજ્યવિસ્તાર વિ. બાબતો ઉપર પ્રકાશ પાડેલ છે. તે ઉપર પૂરતું સંશોધન થાય તો ઇતિહાસમાં તે પૂરક બની શકે તેમ છે.

વલ્લભીના ભંગ પછી, પંજાબના દક્ષિણ ભાગ અને સિંધ પ્રાંતને લાગીને નાના મોટા વાળાઓનાં રાજ્યો હોવાનો ઉલ્લેખ આરબ પ્રવાસીઓએ તેમની નોંધવહીઓમાં વિપુલ પ્રમાણમાં કર્યો છે. આવી વાતો તરફ આશંકા સેવવા કોઈ કારણ નથી. છતાં વધુ સંશોધન થવું જરૂરી લાગે છે. ભારત ઉપર સિકંદરે આક્રમણ કર્યું ત્યારે ત્યાંનો ખ્યાતનામ રાજા 'પોરસ' આજે ઇતિહાસપ્રસિદ્ધ છે તેણે તેના રાજ્યની આજુબાજુના અન્ય શૂદ્રકસ રાજાઓનું સંગઠન કરી, સિકંદરના વિશાળ સૈન્યનો મુકાબલો કર્યો હતો તે વાત અજાણી નથી. તે રાજા 'પોરસાવાળો' હોઈ શકે ખરો. સિંધનો છેલ્લો હિન્દુ રાજા દાહિર હતો. તે દાહોવાળા હોઈ શકે છે. મુસલમાન જબાને દાહાને દાહિર નામ આપ્યું હોય. તે સમયમાં જાતિઓ સાકાર થઈ ન હતી. માત્ર ક્ષત્રિયો તરીકેની જ ઓળખ હતી. એટલે આ રાજ્યો તે વખતના વાળા અને કાઠી રાજવંશોનાં હોઈ શકે ખરાં. જરૂર છે માત્ર વધુ સંશોધનની. તેમ થાય તો પોરસ તે પોરસાવાળા અને દાહિર તે દાહોવાળાના નવા સ્વરૂપે પોતપોતાની ઓળખાણ આપી શકે. વાળા અને કાઠી રાજવંશોને, તેમની માંગણ કોમ કે જે મીર, ઢાઢી વિ. (જે મુસલમાન કોમ છે) તે અત્યારે પણ પ્રસંગોપાત્ત "ઠઠ્ઠા-મુલતાનના રાવ" તરીકે બિરદાવે છે. જેનાથી દાહિર સાથેના સંબંધોની ઓળખ ઊભી થાય છે. મુલતાન તે આ રાજવંશોનું મૂળ સ્થાન અને નગર ઠઠ્ઠા તરીકે ત્યારે પ્રસિદ્ધ વિસ્તાર હતો મુલતાનનો. છેલ્લો હિન્દુ રાજા દાહિર હતો અને મહમદ કાસીમે તેને હરાવી સૌપ્રથમ સિંધમાં મુસલમાન રાજ્ય સ્થાપ્યું હતું.

૧૪૯. અણો વાળા

એભલ વાળા પહેલાના પુત્ર અણો વાળા. જોધપુરના રાજાનો ભાણેજ થાય. રાઠોડ રાણાના કુંવરી સેજબા અણાવાળાની માતા હતાં. તે અણાવાળાના પુત્ર ૧૫૦. માણાવાળા ત્રીજા થયા. તેના પુત્ર ૧૫૧ એભલ વાળા બીજા થયા. તે સાંભરના ચૌહાણ રાજવીના ભાણેજ થાય. તેની માતા ચૌહાણ રાજા વીરપાળનાં કુંવરી નામે 'શામવંતી' હતાં. અણા વાળાએ ગુજરાતમાં અણહિલપુર પાટણ લીધું હતું. ત્યાં રાજગાદી કરી હતી. (વિ. સં. ૪૦૯, ઇ.સ. ૩૫૩)

૧૫૦. માણા વાળા ત્રીજા

અણા વાળાના માણા વાળા ત્રીજા થયા. તેને નીમ હતું કે ગંગાજળથી સ્નાન કરી, ભગવાન સૂર્યનારાયણની હંમેશાં પૂજા કરવી. એક વખત બાદશાહી ફોજે માણા વાળાના નગરને ઘેરી લીધું. ગંગાજળોની કાવડો આવતી તે બંધ થઈ. અને તેને ઉપરાઉપરી ઉપવાસ થયા. આ માણા વાળાના રાણી સોમવંતી ચૌહાણ રાજાનાં કુંવરી હતાં. તેમણે પોતાના સત્ અને ધરમની ટેકે આંગણામાં વીરડો ગાળ્યો. તેમાંથી ગંગાજી પ્રગટ થયાં. માણા વાળાએ ગંગાજળથી સ્નાન કર્યું, ઉપવાસનાં પારણાં થયા.

ધન દિવાળી, ધન ઘડી, ધન વીરપાળ ચૌહાણ,
ધન માણા રો જીવણો, ધન સોમવંતિ નાર.

રાણી સોમવંતીએ જે વીરડો ગાળ્યો ત્યાંથી 'સોમલ' નદી વહી. રાણી સોમવંતીએ ત્યાં યજ્ઞ કર્યો ત્યારથી તેના વારસો - વાળાઓને 'સોમલ્યા'નું બિરુદ મળ્યું છે.

આ માણાવાળાના વખતે કળીયુગનાં ૩૦૦૦ વર્ષ પૂરાં થયાં હતાં. માણા વાળાએ ગોકુલ છોડી માળવામાં માંડવગઢનું રાજ્ય સ્થાપ્યું.

પસે માળવ દેશને માંડવગઢ મુકામ,
સલીતા જળ સોમલતણું, નીજ સનેતાકું નામ.

માણાવાળાના એભલ વાળા બીજા થયા.

૧૫૧. એભલવાળા બીજા

એભલવાળા બીજાએ માંડવગઢથી આવી તેની રાજધાની વર્ધમાનપુર - વઢવાણમાં સ્થાપી.

વળા[૨૯] ને વધાન[૩૦] પાટણ તો પછે થીયાં,
છે રાયતલ રાણ, એ વાળા એભલથી ઉરા.[૩૧]

વઢવાણ નગર પહેલાં વર્ધમાનપુર નામે ઓળખાતું, તેને અસ્થી-નગરી પણ કહેવામાં આવતું હતું. ત્યાં શુલપાણી નામનો અસુર રહેતો હતો. તે માનવભક્ષી હતો. ભગવાન મહાવીરે શુલપાણીનો ઉદ્ધાર કર્યો ત્યારથી આ નગરી વર્ધમાનપુર તરીકે ઓળખાયેલ. ત્યાર પછી વર્ધમાનપુર વાળાઓના હાથમાં ગયું. તે વઢવાણ તરીકે

ઓળખાયું. વાળાઓ ત્યાંથી દક્ષિણ તરફ ગયા હતા. તેમના પછી ચાંપો જાતનો એક રાજા ધરણીવરાહ રાજ્ય કરતો હતો. તે રાજાનું એક તામ્ર પ્રત મળેલ છે. તે ઉપરથી જણાય છે કે ચાંપા જાતના મૂળ પુરુષ વિક્રમાર્ક રાજાનો પ્રપૌત્ર થતો. તે વર્ધમાનપુર (વઢવાણ)માં શક સંવત ૬૩૯ (ઈ. સ. ૭૧૭માં) રાજ્ય કરતો હતો. ધરણી વરાહ તે મહિપાલનો ખંડિયો રાજા. મહિપાલ શિલાદિત્ય ૬ઠ્ઠા પછીનો હશે. ચાંપાઓ ઘણું કરીને ચાપોત્કટ (ચાવડાઓ) હશે. પછીથી વઢવાણ પાટણના સોલંકીઓના હાથમાં ગયું.[૩૨]

એભલવાળા બીજાની ખાંભી વઢવાણમાં ભોગાવા નદીને કાંઠે, એક નાની એવી ડેરીમાં ઊભી છે. (વિ. સં. ૪૧૭, ઈ. સ. ૩૬૧)

ઇન્ડિયન એન્ટિક્વિટી (કાઠી વિષે) માં (ભાવનગર), નવેમ્બર ૧૮૭૮માં મેજર જે. ડબલ્યુ. વૉટ્સને લખ્યું કે વૃતકેતુ (વાળા વંશનો સ્થાપક) તેના વારસોએ વળામાં રાજ્ય કર્યું. તેમની સાથે આવેલ ૭ કાઠી શાખા (અષ્ટક કોમ) સૌરાષ્ટ્ર ત્યજી કચ્છમાં ગયા.

તેથી એમ નક્કી થાય છે કે વાળાઓ અને કાઠીઓ સાથે આવેલા હતા. તે અહીંથી જ જુદા પડ્યા. બીજા અર્થમાં કહીએ તો વળા-વલ્લભીપુરની વાળા સત્તાની સમાંતર કાઠી ક્ષત્રિયોની પાવરગઢની રાજસત્તા સ્થપાઈ હતી તેમ ગણી શકાય.

૧૫૬. એભલવાળા – ૩જા (વિ. સં. ૭૦૪ ઇ. સ. ૬૭૩)

એભલવાળા - ૨ પછી, પાંચમી પેઢીએ એભલવાળા ત્રીજા વલ્લભીપુરની ગાદીએ થયા. તે કામદેવના અવતાર સમા સ્વરૂપવાન પુરુષ હતા.

ભાયાવદરના દરબાર અનકવાળાએ સંશોધન કરી તેના જન્મ અને મરણના દોહરાં મેળવ્યા છે અને તેને તેઓ કર્નલ વૉટ્સનનો આધાર આપે છે. અનકવાળા પ્રસિદ્ધ ખગોળશાસ્ત્રી હતા. જ્યોતિષશાસ્ત્રના આધારોથી આ જન્મ-મૃત્યુના દિવસોને તેમણે ચકાસ્યા હોવાનું અને તે તિથિવાર બરાબર હોવાનું જણાવ્યું છે.

એભલવાળા - ૩જાના જન્મ સંબંધનો સોરઠો તેની જન્મતિથિનું પ્રમાણ આપે છે.

સંવંત સાતસો ચાર, માસ ભાદરવા બીજે,
તથ પૂનમ ને તાંકડે, વાર અદિત વદિએ.
ધવલ મંગળ ઓપરે, વાજીંત્ર છત્રીશ વાજે,
રજની એક જામ, દેવ શકત હાકેમ દિયો,
વળે દેશ સોરઠ વિષે, જસદલ એભલ જનમીયો.

એભલવાળા - ત્રીજાના એક રાણી ઈરાનના શાહ નૌશેદની કુંવરી હતી. નૌશેરવાનના પુત્ર નૌશેદાજે તેના બાપ સામે બંડ કર્યું. તેમાં તે ફાવ્યો નહિ તેથી સૌરાષ્ટ્રમાં નાસી આવ્યો ત્યારે ઈરાન રાજ્યના સીમાડા ભારતને અડતા હતા. તે

સમયમાં સિંધના મુલતાન નગરમાં ઈરાનની ટંકશાળ હતી એમ કહેવાય છે. નૌશેદાજ નાસીને વલ્લભીપુર આવ્યો. એભલવાળાએ તેને આશરો આપ્યો. નૌશેરવાનને આ વાતની ખબર થતાં, તેણે તેના લશ્કરને વલ્લભીપુર ઉપર ચડાઈ કરવા મોકલ્યું. લશ્કરે નૌશેદને સોંપી આપવા, એભલવાળાને સંદેશો મોકલ્યો પણ આશરે આવેલાને સોંપવા ઇન્કાર કર્યો. તેથી દારુણ યુદ્ધ થયું. એભલવાળા ત્રીજા વીરગતિને પામ્યા. વલ્લભીનો પરાજય થયો.

નૌશેરવાનના લશ્કરે વલ્લભીનો વિનાશ કર્યો. સદીઓથી સુવર્ણ નગરી તરીકે પંકાયેલ, વિદ્યાધામ અને વિદ્યાવિહારોથી ધમધમતું આકાશ ચૂમી મહા પ્રાસાદો અને મહાલયોથી દેદીપ્યમાન તેમજ દેવમંદિરોથી સુશોભિત નગરને સળગાવ્યું. આ આબાદ નગરનું ધનોતપનોત નીકળી ગયું. પાછળ બચ્યાં માત્ર ખંડેરો.

સંવત સાત સત્યોતરે, નર જમે કદના દીયો,
નૌશેરવે, વલે પાલટી, તવ રણાંગણ એભો રહ્યો.

એક શક્તિશાળી રાજા અને સમૃદ્ધ નગરનો આ રીતે લય થયો.

૧૬૦. એભલવાળા – ૪થા

એભલવાળા ત્રીજા પછી ચોથી પેઢીએ એભલવાળા ચોથા થયા.

અણકળ ચોથા એભલે, સાવડ સંકટ સોડ,
દિયા તળાજા ડુંગરે, કન્યા દાન કરોડ.

એભલવાળાના સમયમાં, વાલમ બ્રાહ્મણો તેમના કાયસ્થ જજમાનો પાસેથી, કન્યાનાં લગ્ન કરી અપાવવા બદલ ખૂબ જ આકરું દાપું લેતા હતા. તેથી કાયસ્થની કન્યાઓ બહુ મોટી ઉંમરની થઈ જતી અથવા કુંવારી પણ રહી જવા પામતી હતી. એભલવાળા પાસે આ બાબતની ફરિયાદ જતાં, તેણે વાલમ બ્રાહ્મણોને બોલાવી ખૂબ સમજાવ્યા; પણ તે ન માન્યા. તેથી એભલવાળાએ રાજ્ય તરફથી આવું દાપું આપવાનું શરૂ કર્યું પરંતુ કન્યાઓ મોટા પ્રમાણમાં કુંવારી હોવાનું જણાતાં દાપાની રકમ બહુ જ મોટી થાય તેવું જણાયું.

તેથી એભલવાળાએ તળાજા ડુંગર ઉપર એભલ મંડપ અને ગુફાઓ છે ત્યાં બહારથી બ્રાહ્મણોને તેડાવી મોટી સંખ્યાની કુંવારી કન્યાઓનાં સમૂહલગ્ન કરાવવા નક્કી કર્યું. ખૂબ જ મોટી સંખ્યાની કન્યાઓનાં કન્યાદાન એભલવાળાએ આપ્યાં.

સંવત આઠ અઢારમેં મંડપ વરબંધ મોડ,
માણા રે વંશ એભલો કન્યા પરણાવી ક્રોડ.

દંતકથાઓ કહે છે કે તળાજાથી પરણીને વરઘોડિયાં નીકળ્યાં ત્યારે વાલમ બ્રાહ્મણો તેમની આડા ફર્યા.

લગ્ન જાણે કે વાલમ બ્રાહ્મણોએ જ કરાવ્યાં હોય તેમ દાપું માગવા લાગ્યા. તેમની માંગણી પ્રમાણે દક્ષિણા મળી નહિ એટલે વાલમ બ્રાહ્મણોએ ત્રાગું કર્યું.

એભલવાળાએ બધા જ બ્રાહ્મણોને એકઠા કરી સમજાવવા ફરીથી પ્રયાસ કર્યો. પરંતુ ગોર દેવતાઓ અત્યંત ક્રોધિત થઈ ગયા હતા. રાજાને ફાવે તેમ બોલવા લાગ્યા. અપશબ્દો પણ બોલવા લાગ્યા તેથી એભલવાળા ત્યાંથી ચાલ્યા ગયા.

બ્રાહ્મણો કોઈ વાતમાં સમજતા ન હતા તેથી કાયસ્થોએ તેના માણસો તરીકે કામ કરતા. ભીલ લોકોને કામે લગાડ્યા. તેઓ વાલમ બ્રાહ્મણો ઉપર તૂટી પડ્યા. ગોર દેવતાઓએ ઉચાળા ભર્યા, વળામાં નહિ રહેવાની પ્રતિજ્ઞાઓ થઈ. હજુ પણ તેઓ વળામાં રહેતા નથી. કાયસ્થોનું ગોરપદું પણ કાયમને માટે છોડી દીધું. વળાથી નીકળી અને તેઓ ધંધુકા ગયા.

ધંધુકામાં તે વખતે ધનમેરનું રાજ્ય હતું. આ રાજાને દીકરો હતો નહિ. તેથી તેણે પોતાની ઘણી મિલકતો બ્રાહ્મણોને દાનમાં આપી દીધી. ચારસોક જેટલા વાલમ બ્રાહ્મણો ધંધુકામાં જ વસી ગયા. બાકીનાઓએ દાન લેવા ઇન્કાર કર્યો અને આગળ ગુજરાતમાં ગયા. તેઓ સોજીત્રા આસપાસ વસ્યા.[૩૩] આ પૈકીના વાલમ બ્રાહ્મણોનાં કુટુંબો હજુ પણ ત્યાં સર્વે જ્ઞાતિનું ગોરપદું કરે છે.

વાલમ બ્રાહ્મણોની ઉશ્કેરણીથી રાણજી ગોહિલના ૨૦૦૦ રાજપૂતો અને તેના સસરા ધનમેરના ૫૦૦૦ મેર યુવાનોનું લશ્કર વળા ઉપર ચડ્યું. રોજિંદા ક્રમ અનુસાર એભલવાળા ભગવાન સૂર્યનારાયણના પૂજા-પાઠ કરતા હતા. લશ્કરના આક્રમણની જાણ કરી, પૂજામાંથી ઊઠી લડાઈની તૈયારી કરવા, એભલવાળાને તેના દરબારીઓએ ચેતવ્યા પણ ભગવાનની પૂજા પૂરી થયા સિવાય નહિ ઊઠવા એભલવાળા મક્કમ રહ્યા. જેથી દુશ્મનના લશ્કરના મેર અને ગોહિલ સૈનિકો બધે ફરી વળ્યા અને કબજો કર્યો. ચાંપરાજ વાળા મરાયા. મેર અને ગોહિલોએ વાળાંક ધરતી જીતી લીધી. રાણજી ગોહિલને તે મળી તેમ જણાવવામાં આવે છે. પરંતુ જૅમ્સ એમ. કેમ્પબેલ તેના હિસ્ટ્રી ઑફ ગુજરાતના અંગ્રેજી પુસ્તકમાં જણાવે છે.કે મૂળરાજ સોલંકીએ ઈ. સ. ૯૫૦માં વળા જીત્યું ત્યાં સુધી વલ્લભી રાજવંશની જ ત્યાં ગાદી હતી.

સેજકજી ગોહિલે મારવાડમાંથી આવી પ્રથમ ઇ. સ. ૧૨૨૦-૨૧ સેજકપુરમાં વસવાટ કર્યો હતો.[૩૪]

એભલવાળા ત્રીજા સંવત ૭૭૭માં વીરગતિને પામ્યા હતા. તેની ચોથી પેઢીએ એભલવાળા ચોથા થયા છે. એટલે તે વિક્રમનો નવમો સૈકો હોઈ શકે. પરંતુ સેજકજી પોતે જ તે સમયકાળ પછી સૌરાષ્ટ્રમાં આવ્યા છે. એટલે આ હકીકત બંધ બેસતી થતી નથી. એટલે, જૅમ્સ એમ. કેમ્પબેલે હિસ્ટ્રી ઑફ ગુજરાતમાં કરેલ ઉલ્લેખ આધારભૂત જણાય છે અને મૂળરાજ સોલંકીએ વળા જીત્યા સુધી (ઈ. સ. ૯૫૦) વળા વલ્લભીના વારસ વાળા રાજવંશના કબજામાં રહ્યું હશે.

એભલવાળા ચોથાના સમયકાળ સં. ૭૭૭ ઈ. સ. ૭૨૧માં બનેલ આ પ્રસંગ વર્ણવાય છે ત્યારે એભલવાળાએ મોટી સંખ્યામાં કન્યાઓના કન્યાદાન દીધા ત્યારે તેણે તળાજામાં ઘીનું તળાવ ભર્યું હતું એમ કહેવાય છે. અત્યારના યુગમાં અક્ષરપુરુષોત્તમ

સંસ્થાના મહોત્સવોમાં દાળ-શાકની હોજો ભરવામાં આવી તે સૌએ નજરે દીઠી છે ત્યારે તે સમયના એક રાજવી ઘીનું તળાવ ભરે તો તે વધુ પડતી વાત નથી લાગતી.

૧૬૪. એભલવાળા ૫મા. વિ. સં. ૮૧૮. ઇ. સ. ૭૬૨

એભલવાળા ચોથા પછી ચોથી પેઢીએ એભલવાળા પાંચમા થયા છે. તેમના બારોટનું નામ નોંધણ બારોટ હતું. કાળાવડમાં યુદ્ધ નિવારવા નોંધણ બારોટે બહુ મહેનત કરી. ખૂબ જ વિષ્ટિઓ ચલાવી. ખૂબ મહેનત કરી પણ તે યુદ્ધ નિવારી શકાયું નહિ ત્યારે નોંધણ બારોટે પોતાનો દેહ પાડ્યો હતો.

ત્યારથી તેમના વારસો વાળા વંશના વહિવંશા તરીકે સ્થપાયા છે. વાળા વંશની જુદી જુદી શાખાઓ નીકળી, તેના વહિવંશા તરીકે તેમના વારસોને કામ સોંપાયેલ, જે પ્રક્રિયા ચાલુ રહી છે.

પાંચમા એભલવાળા પછી, સુરાવાળા થયા અને તેના પછી એભલવાળા છઠ્ઠા થયા.

૧૬૬. એભલવાળા ૬ઠ્ઠા

એભલ ૬ઠ્ઠાના સમયમાં ઉપરાછાપરી દુષ્કાળો પડ્યા. માલધારીઓ પોતાનાં માલઢોર બચાવવા બીજા પ્રાંતોમાં ભાગવા લાગ્યા. માણસોને ખાવા અનાજ મળવું મુશ્કેલ બન્યું. કુદરતનો આ કોપ માની લોકો ત્રાસી ગયા. એભલવાળાના દરબારગઢમાં ઘોડારોમાં સેંકડો ઘોડા બંધાતા ત્યાં માત્ર ગણ્યાગાંઠ્યા ઘોડાઓ બચ્યા હતા. રાજાને આ પરિસ્થિતિની ચિંતા થતી હતી. લોકોની મુશ્કેલીઓમાં સહાયભૂત થવા તેણે ઘણા પ્રયાસો કર્યા પણ તે બધા અધૂરા પડ્યા.

એક દંતકથા કહી જાય છે કે એક કઠિયારાએ તે દિવસોમાં આવીને રાજાને વાત કરી કે જંગલમાં એક કાળિયાર-હરણ ચરે છે ત્યાં લીલું હોય છે. તે ઉપરથી રાજાએ તપાસ કરાવી. તેને જાણવા મળ્યું કે હરણના શીંગડે વરસાદને બાંધવામાં આવ્યો હશે. તેથી પોતે ઘોડા ઉપર સવાર થઈ જંગલમાં ભટક્યો અને તે કાળિયારને શોધી કાઢ્યો. તેને પકડ્યો અને કહેવામાં આવ્યું હતું તે પ્રમાણે, શીંગડેથી મંતરનું માદળિયું કાઢી તેમાંથી મંત્રનો કાગળ કાઢી પાણીમાં પલાળ્યો. તે સાથે બારે મેઘ ખાંગા થયા. અનરાધાર વૃષ્ટિ થઈ.

કહેવાય છે કે મેઘાશા નામના વેપારીએ બહુ મોટા જથ્થામાં અનાજનો સંગ્રહ કર્યો હતો. તેનું ઊંચી કિંમતે વેચાણ કરી, લક્ષ્મી રળવા માટે કોઈ યતિને સાધીને મે બાંધવામાં આવ્યો હતો.

સવંત ભારે છોડાવીયા વિસોતેર વરસાદ,
એભે કણક ઉતારીયા, ચારણ આવ્યો સાથ.

સાંઈ નેસડી

રાજા એભલવાળાએ મે છોડાવ્યા પછી અનરાધાર વૃષ્ટિમાં તે ભીંજાયો, પલળ્યો. રાત પડી ગઈ હતી. તળાજા દૂર હતું. દિવસ આખાના થાકથી તે થાકેલો પણ હતો. તેથી ઘોડો દોડાવતો તે તળાજા તરફ અંધારામાં પંથ કાપવા લાગ્યો. ખૂબ પલળવાથી તેને શરદી ચડી ગઈ. બેશુદ્ધ અવસ્થામાં તેનો વફાદાર ઘોડો માલિકની જાન બચાવવા એક ચારણના નેસડામાં લઈ આવ્યો. ઘોડાએ હાવળ કરી. નેસડામાંથી એક ચારણિયાણી બહાર આવી. તેણે ઘોડા ઉપર રાજાની લોથ જોઈ. કપરી પળોમાં, અજાણ્યા આદમીને બચાવવા, બાઈએ પુરુષને ઘોડા ઉપરથી ઉતારી ઝૂંપડામાં લીધો. તાપણું પ્રગટાવી, રાજાને કપડાંના ગોટાઓ કરી ખૂબ શેક કર્યો. અનેક ઉપાયો પછી, લાંબા સમયે રાજા સુધમાં આવ્યો. પોતે ક્યાં છે અને તમે કોણ છો તેમ તેણે ચારણિયાણીને પૂછ્યું ત્યારે તેને બધી ખબર પડી. આ ચારણિયાણીનું નામ સાંઈ નેસડી હતું. તેનો પતિ કાળો વાઢિયો માલઢોર લઈને કાળ ઊતરવા માળવામાં ઊતરી ગયો હતો. તેથી સાંઈ નેસડી ઝૂંપડે એકલી હતી. તેણે મરતા માણસને બચાવવાની પોતાની ફરજ સમજી, રાજાની શુશ્રૂષા પવિત્ર ફરજ સમજી કરી હતી. રાજાએ તેને બહેન કરી, જે જોઈએ તે માગવા કહ્યું. પણ સાંઈ નેસડીએ જરૂર પડ્યે તળાજા આવશે તેમ કહેલું.

બધે જ સારો વરસાદ થયો. ઘાસચારાની સગવડ થઈ એટલે કાળો વાઢિયો મલકમાં આવ્યો. આડોશી-પાડોશી ઝૂંપડાંવાળાંએ કાળા વાઢિયાના મગજમાં શંકાનું ઝેર રેડ્યું. તેની જુવાન પત્ની રાતના પરાયા પુરુષ સાથે ઝૂંપડામાં એકલી રહ્યાની વાતે કાળો વાઢિયો વહેમાયો. તેણે સાંઈનેસડીને અપમાનિત વેણો કહ્યાં. જે સાંઈ નેસડી જીરવી ન શકી. ચારિત્રવાન સેશુધ્ધ ચારણિયાણીને ક્રોધ ચડ્યો. તેણે શ્રાપ દીધો કે હું રજમાત્ર પણ દોષિત હોઉં તો મને કોઢ નીકળજો, નહિ તો મારા ઉપર ખોટું આળ ચઢાવનારને કોઢ નીકળજો.

સૂરજ દાદાને સતી સાંઈ નેસડીએ આર્દ્ર કરી કે તુર્ત કાળા વાઢિયાને શરીરે કોઢ નીકળ્યો. આખું શરીર રક્તપિત્તથી ઊભરાવા લાગ્યું. આજુબાજુમાં પણ ન રહેવાય તેવી બદબો તેના શરીરમાંથી નીકળવા લાગી.

બાઈ મૂંઝાણી. સતી નારી પતિસેવામાં દિવસો વિતાવવા લાગી. કાળા વાઢિયાનો કોઢ વધતો ચાલ્યો. કોઈકે તેને ઇલાજ બતાવ્યો કે, જો બત્રીશલક્ષણા પુરુષના લોહીથી કાળા વાઢિયાને નવરાવવામાં આવે તો કોઢ મટે. આવો બત્રીશલક્ષણો પુરુષ ક્યાં ગોતવો? તેના જવાબમાં તળાજાના રાજા એભલવાળા અને તેનો કુંવર અણીવાળો બત્રીશલક્ષણા પુરુષો હોવાની તેને માહિતી મળી. સતીએ એભલવાળાને ભાઈ માન્યો હતો. વળી તેની પાસે એક વચન પણ લહેણું હતું. તેથી સતી સાંઈ નેસડીએ તેના પતિને એક કંડિયામાં રૂના પોલ પાથરી તેમાં બેસાડ્યો. કંડિયો માથે ઉપાડી તે તળાજા ગઈ.

રાજાએ તેની ખૂબ આગતા-સ્વાગતા કરી. ઉતારો આપ્યો. પણ માથું માંગવા

જેવી ગંભીર વાત બાઈ બોલી શકતી નથી. આજુબાજુમાં કોઈ ન હોય ત્યારે તે તેના પતિ સાથે વાતો કરતી તે રાજાએ સાંભળ્યું. તપાસ કરી તો તેને જાણ થઈ કે સાંઈ નેસડીનો પતિ રક્તપિત્તથી પીડાય છે. તેને સાથે કંડિયામાં લઈને આવી છે. એટલે રાજાએ જ તેને પૂછ્યું કે આનો શું ઈલાજ થઈ શકે? થોથરાતી જીભે સાંઈ નેસડીએ ઇલાજ બતાવ્યો. રાજા પોતાનું માથું આપવા તૈયાર થયો. પણ તેના કુંવર અણોવાળાએ હઠ લીધી. આવા શુભ કામથી વિશેષ દેહ શું ખપમાં આવે તેવી વાત કરી તે પોતે તૈયાર થયો. રાજદરબારીઓ અને રાજકુટુંબને પણ તે યોગ્ય લાગ્યું. અણાનું માથું - પ્યારા પુત્રનું માથું એભલવાળાએ ઉતારી, ચારણને લોહીથી નવરાવ્યો. તેનો કોઢ મટ્યો. સતી સાંઈની પવિત્રતાથી કુંવર અણો સજીવન થયો.

૧. સરઠ કરો વિચાર બે વાળામાં કયો ભલો
શિરનો સોંપણહાર કે વાઢણહાર વખાણીયે.

આઈ ખોડિયારના પિતા મામડિયા ચારણ રચિત
(ફાર્બસ - રાસમાળામાંથી પાન પ૬૨ ઉપરથી : ઝૂલણા છંદ)

પ્રથમ મેહ વાળીયો, કહોડ ટાળ્યો પછે,
વાળો સત વાદિયા, જૈત્ર વાદી.
તખત ભુપાં શીરે, શિરોમણ તળાજું,
ગાદિયા શિરોમણ, વળે ગાદી.
ક્રોડ પરણાવતલ, દીહ એકે કન્યા,
ભયંકર ભાંજતલ, શેર એભો.
શાપ ઉતારતલ, નેહડી સાંઈડો,
અણા રો આપતલ, શેશ એભો.
પોતરો સુરરો, સુર જેરો પિતા,
મોજ મહેરામણ, હિંદવાણ માજા.
વસારો ઉવસણ, ઉવસણ વસાવણ,
રાંકરો માળવો, ધર્મ રાજા.

૧૬૮. જાજરશી

એભલવાળા છઠ્ઠાના વંશાવળી ક્રમ ૧૬૭થી અણોવાળા થયા. તે પરાક્રમી પુરુષ હતા. તેના જાજરશી થયા. તે પણ તેવા જ પરાક્રમી અને બહાદુર પુરુષ ગણાયા. તેમણે જાંજમેર વસાવ્યું. રા'નવઘણના અપમાનનો બદલો જયસિંહ સિદ્ધરાજથી લેવા, રા' ખેંગાર જ્યારે ચડ્યો, ત્યારે તેની મદદમાં ઝાંઝરશી પણ ગયા હતા. ઝાઝરશીનો એક જૂનો દુહો મળે છે.

તું દેતા દે, અમ વિદુ વખાંણતા,
તેનો ઝઘડો ઝાંઝરશી, ટળે ન તળાજા ધણી.

૧૭૨. એભલવાળા ૭મા

ઝાંઝરશીની ચોથી પેઢીએ એભલવાળા ૭મા થયા. તળાજા રાજવંશમાં પરાક્રમી સાત એભલ થયા તેમાં આ એભલવાળાને છેલ્લા એભલવાળા પણ કહી શકાય.

તેમને ત્રણ પુત્રો હતા.

૧૭૩. ૧. ચાંપરાજવાળા - તેણે જેતપુર રાજગાદી કરી.

૧૭૩. ૨. શેલાયતવાળા - તેણે ઢાંક રાજગાદી કરી.

૧૭૩. ૩. અણાવાળા - તેણે તળાજા રાજગાદી રાખી.

૧૭૩. ૧. ચાંપરાજવાળા

ચાંપરાજવાળાએ જેતપુરની રાજગાદી સંભાળી હતી.

સુલતાન મહમદ તઘલખનો સૂબો સમસુદીન અનવરખાન બરડા ડુંગર ઉપરના કિલેશ્વર નગર ઉપર ચડ્યો. ત્યાં પણ ચાંપરાજવાળા નામક રાજા હતા. મુસલમાન સૂબાએ એ કિલેશ્વર જીતી લીધું. ચાંપરાજવાળા મરાણા. કિલેશ્વર નગરનો લશ્કરે નાશ કર્યો.

ત્યાંથી તે ઓખા ઉપર ચડ્યો અને ઓખા મહાલ જીતી લીધો. દ્વારકા જઈ તેણે જગતમંદિર તોડ્યું. ત્યાં આગળ એક મસ્જિદ બંધાવી પાછો ફર્યો.

તેના વળતા પ્રવાસ વખતે તેને માહિતી મળી કે જેતપુરના રાજા એભલ-કાઠીના દીકરા ચાંપરાજવાળાને એક ખૂબસૂરત કુંવરી છે તેથી તેણે તેની માંગણી કરી. ચાંપરાજવાળાએ સ્પષ્ટ ઇન્કાર કર્યો તેથી તે વિશાળ લશ્કર સાથે જેતપુર ઉપર ચઢ્યો.

ચાંપરાજવાળાએ પુત્રીના પ્રાણ લીધા અને ૧૮૦૦ નરબંકા બહાદુર ઘોડેસવારોનું કટક લઈ બાદશાહી સૂબાના લશ્કર સામે ગયો. ચાંપરાજવાળાએ પોતે જતા પહેલાં શિવમંદિરમાં જઈ શિવ ભગવાનની પૂજા કરી. કમળપૂજા ખાધી. ચાંપરાજવાળાનું ધડ અત્યારે પણ જે ચાંપરાજબારી તરીકે જેતપુરમાં ઓળખાય છે તે નાના-દરવાજા (બારી) વાટે યુદ્ધે ચડ્યા.

શિવ ભગવાનને પોતાનું શિશ અર્પણ કરી ચાંપરાજવાળાનું ધડ મુસલમાનોના વિશાળ લશ્કર ઉપર ત્રાટક્યું. તલવારથી બઘડાટી બોલાવતા ચાંપરાજવાળાના ધડે પલકવારમાં સેંકડો મુસલમાન સૈનિકોનો ઘાણ વાળ્યો.

હરહર મહાદેવની હાકો મારતા ચાંપરાજવાળાના શૂરા ઘોડેસવારોએ પણ મુસલમાન લશ્કરનો ઘાણ કાઢવા માંડ્યા હતા. કદીયે સામનો થયો ન હોય તેવા શક્તિશાળી અને પ્રચંડ હુમલાની સામે મુસલમાન સૈનિકોની શક્તિ ઓછી પડતી હતી. ચાંપરાજવાળાનું ધડ અને લશ્કર મુસલમાની લશ્કરને કાપતું આગળ અને આગળ વધી રહ્યું હતું.

મુસલમાની લશ્કરને એક ચાંપરાજવાળો અનેક હોય તેવો ભાસ થતો હતો. ચાંપરાજવાળાના ધડ અને લશ્કર સામે પ્રતિકાર કરવાને બદલે મુસલમાની લશ્કર લડતાં લડતાં સ્વબચાવમાં ઝાઝું પીછેહઠ કરતું ચાલ્યું.

જેતપુરથી શરૂ થયેલ યુદ્ધમાં લડતાં લડતાં બન્ને લશ્કરો છેક જેતપુરથી લાઠી નજદીક પહોંચ્યાં. મુસલમાની લશ્કરનો કચ્ચરઘાણ વળી ગયો હતો તેમ વિશાળ મુસલમાન લશ્કરે પણ ચાંપરાજવાળાના લશ્કરને મોટું નુકસાન પહોંચાડ્યું હતું. વધારે ઊંચા પ્રકારનાં લડાઈનાં સાધનો સામે ચાંપરાજવાળાના ઘોડેસવાર લશ્કરે લાઠી સુધીના ૯૬ કી. મી. જેટલી ધરતી ઉપર મુસલમાન લશ્કરને કતલ કરતાં કરતાં પાછું ભગાડ્યું.

કબંધ ચાંપરાજવાળાના ઝંઝાવાતી તલવારયુદ્ધથી સૂબાના લશ્કરનો મોટો ભાગ કપાઈ મર્યો ત્યારે સૂબાના કોઈ માણસને ઓસાણ આવી જતાં શિવમંદિરે કમળપૂજા ખાઈ યુદ્ધે ચડેલા વીર ચાંપરાજવાળાના ધડ ઉપર ગળીનો તાતણો નાખી તેને અપવિત્ર કર્યું. ચાંપરાજવાળા આ રીતે છેક લાઠીના પાદરમાં અત્યારે જ્યાં કંસારા ગૃહસ્થ અનુભાઈ રણછોડભાઈની મિલકત છે ત્યાં પહોંચતાં વીરગતિને પામ્યા. (આ કંસારાકુટુંબ ચાંપરાજવાળા પ્રત્યે અનન્ય ભાવ અને શ્રદ્ધા ધરાવે છે.) ધુંવાધાર યુદ્ધ ત્યાં પૂરું થયું. બાદશાહી લશ્કરને ભલે ચાંપરાજવાળાનું લશ્કર હરાવી શક્યું નહિ પણ સૌરાષ્ટ્રની કાંડાની તાકાતે તેને ભાગતું કરી દીધું. ચાંપરાજવાળો કમળપૂજા ખાઈને યુદ્ધે ચડ્યા તેનો અર્થ એવો થઈ શકે કે બાદશાહી વિશાળ સેના સામે જીતવાની તો આશા જ નહિ દેખાણી હોય તેથી કેસરિયા કરી યુદ્ધ કર્યું હશે.

અગાઉ કહ્યું તેમ, ચાંપરાજવાળા જ્યાંથી યુદ્ધે ચડ્યા પહેલાં શંકર ભગવાનને શિશ અર્પણ કર્યું તે શંકર ભગવાનનું મંદિર આ યાદી સાથે હજુ પણ જેતપુરમાં ઊભું છે. ચાંપરાજવાળા યુદ્ધે જવા ગામ બહાર નીકળ્યા તે ભાદર કાંઠે આવેલ નાનો દરવાજો કે જે 'ચાંપરાજ બારી' તરીકે ઓળખાય તે પણ અત્યારે જેતપુરમાં મોજૂદ છે અને ધુંવાધાર યુદ્ધની યાદ તાજી કરાવે છે.

હજુ બે-ત્રણ વર્ષ પહેલાં જ જેતપુરની હાલની પ્રજાકીય સુધરાઈ સંસ્થાએ અણમોલ મહાનુભાવની યાદને તાજી રાખવા સર્વાનુમતે ઠરાવીને જેતપુરના એક મહત્ત્વના ચોકનું નામ "ચાંપરાજવાળા ચોક" સમારંભ ગોઠવી આપ્યું છે.

ગુજરાત કાઠી ક્ષત્રિય સમાજે સુધરાઈના આ કાર્યને આવકારી આભાર વ્યક્ત કર્યો હતો.

૧. સરગોળી સાબલતણાં માથે મે થીયાં,
(તોય) ચાંપો ચાયેના, ઓળા એભલ આઉત.
૨. પતશાહે પતગરિયા ને, પોહપ પાછા જાય,
ચાંપો છાબા માંય, ઉઠે એભલ રાઉત.

૩. કમળ વિણ ભારથ કિયો, દેહ વણ દિયા દાન,
વાળા ઓ વિધાન, ચાંપો કેને ચડાવશું.

આ વીરપુરુષે જ્યાં કમળપૂજા ખાધી તે શિવમંદિરે શિશના પાળિયાસ્થાને જેતપુરના વાળા કાઠી દરબારો દર વર્ષે નેવેદ કરે છે અને સુરાપુરાને યાદ કરે છે. તેમના સિવાયના બીજા કોઈ વાળાઓ ત્યાં ચાંપરાજવાળાના નેવેદ કરવા આવતા હોવાનું જણાયેલ નથી.

ફાર્બસ રાસમાળાના પાન ૬૧૪ ઉપર નોંધવામાં આવ્યું છે કે "એભલવાળાનો દીકરો ચાંપો, જે જૂનાગઢ પાસેના જેતપુરનો રાજા હતો તે પણ એ જ લડાઈમાં (મહમદ બેગડા સામે લડતાં) મરણ પામીને મુસલમાનોને ત્રાસ ઉપજાવનારું નામ કરતો ગયો."

"અંતર અંજપો, જુદ્ધે જીત્યા તોય,
ફોરસે ચાંપો ફેર, ફુલવાડીયે એભા ઉત."

જ્યારે હમીરસિંહજી ગોહિલ અને વેગડા ભીલે સોમનાથની સખાતે જઈ મહમદ બેગડા સામે લડી આત્મસમર્પણ કર્યાં ત્યારે ચાંપરાજવાળા પણ તેમાં હતા તેમ ફાર્બસનું કથન છે.

હોઈ શકે છે કે જેતપુરના ચાંપરાજવાળાએ પણ મુસલમાની આક્રમણ સામે ભગવાન સોમનાથની સખાત કરવા યુદ્ધ ખેલ્યું હોય. ફાર્બસ અને બીજા ઇતિહાસકારો આ વાતનો ઉલ્લેખ કરે છે પરંતુ વધુ વિગત મળતી નથી. સ્વરૂપવાન કુંવરીની વાત વધુ વિગતના અભાવે પણ ઊભી થઈ હોઈ શકે.

ભાદર નદીને કાંઠે સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલ હાલના જેતપુર શહેરની બની ગયેલ સત્યઘટના છે. ઈ. સ. ૧૯૪૭માં ભારત આઝાદ થયું ત્યારે આ જેતપુરનું સ્ટેટ કાઠી દરબારોનું રજવાડું હતું. ભાઈએ ભાગ પાડવાની કાઠી રાજવંશની પ્રથા અનુસાર જેતપુરનાં લગભગ ૩૫૦ આસપાસનાં ગામો ૧૭ ભાગદાર જેતપુર દરબારો વચ્ચે વહેંચાયેલાં હતાં. પહેલાં તે ૧૭ ભાગદારોનું મજમુ સ્ટેટ હતું. પછીથી અંગ્રેજ સરકારે દરેક ભાગદારોને તાલુકદાર બનાવી અલગ અલગ તાલુકાના દીવાની-ફોજદારી અધિકારો આપ્યા હતા. દેશ આઝાદ થયો ત્યારે સૌરાષ્ટ્રના બધા જ રજવાડાઓનું એકત્રીકરણ થયું અને તેનું "સૌરાષ્ટ્રનું સંયુક્ત રાજ્ય" બન્યું હતું. તેના શાસનવડા રાજપ્રમુખ રહેતા. ત્યારથી અલગ અલગ રાજ્યાધિકારો પૂરા થયા. ત્યાં સુધી જેતપુર સ્ટેટ કાઠી દરબારોનું રાજ્ય હતું.

સૌરાષ્ટ્રની રસધાર ભાગ ૧માં ૨૦મા ક્રમે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ ચાંપરાજવાળાની વીરગાથા વર્ણવતી વાર્તા લખી છે. તેમાં ચાંપરાજવાળા કાઠી હતા તેમ લખ્યું હતું તથા સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ ઇતિહાસકાર શંભુભાઈ દેસાઈએ સૌરાષ્ટ્રના

ઇતિહાસની પ્રથમ આવૃત્તિ બહાર પાડી તેમાં પણ તેમણે ચાંપરાજવાળા કાઠી હતા તેવો ઉલ્લેખ કર્યો હતો.

આ ઉલ્લેખોનો પ્રતિકાર થયો હતો. તેનાથી ઐતિહાસિક વીરગાથાને ભ્રામક બનાવવાનો પ્રયાસ થયો હોય તેમ જણાય છે.

કાઠીઓ પંજાબમાં - ઉત્તર ભારતમાં થઈને જુદા જુદા પ્રદેશો પસાર કરી સૌરાષ્ટ્રમાં આવી સ્થિર થયા તે હકીકત હવે લગભગ નિર્વિવાદ થયેલ છે. ઈ. સ. પૂર્વે ૩૨૭માં તેઓ જ્યારે ત્યાં વસતા હતા ત્યારે ગ્રીક સરદાર સિકંદરે જંગી ફોજ સાથે આક્રમણ કર્યું હતું. તેની સામે ટક્કર ઝીલી કાઠી સરદારોએ સિકંદરના દાંત ખાટા કર્યા ત્યારથી "કાઠી" કોમ પ્રસિદ્ધ થઈ.

આ કાઠી કોમ ત્યાં - ત્યારે અષ્ટક કોમ તરીકે પ્રસિદ્ધ હતી. પોતાનું ગણ રાજ્ય ચલાવતી હતી. આજુબાજુમાં ત્યાં નાનાંમોટાં ઘણાં રાજ્યો હતાં. સિકંદર સામે લડવામાં તે બધા પણ સામેલ હતા. તેમાં શુદ્રક, માલાઓ, વાળાઓ અને અષ્ટક કોમ (કાઠાઈઓ) જે પાછળથી કાઠી તરીકે સ્પષ્ટ થઈ તે બધા હતા.

ત્યારે, તે સમયમાં વર્ણવ્યવસ્થા હતી. જ્ઞાતિપ્રથા શરૂ થઈ ન હતી. બધા જ ક્ષત્રિયો તરીકે ઓળખાતા હતા. મુસલમાનો ભારતમાં પ્રવેશી ચૂક્યા ત્યાં સુધી આ પદ્ધતિ જ ચાલુ હતી. એટલે બધા ક્ષત્રિયો જ કહેવાતા હતા. અનિવાર્ય તેવી કૌટુંબિક વરણ-પરણની વ્યવસ્થા પણ તેઓ અંદરોઅંદર જ (માંહોમાંહ ક્ષત્રિયો) કરી લેતા હશે તેમ માની લેવું પડે છે. વાસ્તવિક છે એટલે તે માનવું જ પડે તેમ છે.

"કાઠી અને વાળા રાજપૂતો ઉત્તર પ્રદેશમાંથી આવેલા તરીકે હિંદુસ્તાનમાં ગણાયા છે. કાઠિયાવાડમાં કાઠીઓ વસ્યા, તેની આગેવાની વાળા રાજપૂતોએ લીધી. મુખ્યત્વે કરીને, વલ્લભીના વિનાશ પછી, વાળાઓનો મોટો જથ્થો, કાઠીઓમાં ભળી ગયો. કાઠીઓમાં વાળાઓ અગ્રેસર ગણાય છે. [According to Tod, (Western India, 270, Annals 1, 112, 113][૩૫]

હિસ્ટ્રી ઑફ ગુજરાતના લેખક જૅમ્સ કેમ્પબેલ પાન ૧૦૧ ઉપર નોંધે છે કે "વાળાઓ અને કાઠીઓ પંજાબના લાગીને આવેલા વિસ્તારમાંથી આવેલા છે." તેના સમર્થનમા પંજાબ સેન્સસ રિપોર્ટનાં અવતરણો પણ પૂરાં પાડે છે. આ બધી હકીકતો, વાળા અને કાઠીના ઐક્યની પ્રતીતિ કરાવનારા પુરાવા છે.

જૅમ્સ કેમ્પબેલના કથન ઉપરથી માની શકાય છે કે કાઠીઓ અને વાળાઓ પંજાબ - ઉત્તર ભારતમાં સાથે સાથે રહેતા હતા અને સાથે સાથે સૌરાષ્ટ્રમાં આવ્યા છે. તેથી તેમની સંસ્કૃતિ જ તેમને સંગઠિત રાખી શકી હોય. પછીથી, એટલે કે વલ્લભીના વિનાશ પછી વલ્લભીમાંથી ઊતરી આવેલા વાળાઓનો મોટો જથ્થો કાઠીઓમાં ભળી ગયો. એટલે કે તે પછી, તે બધા કાઠી તરીકે ઓળખાયા.

આ વાતને આધારભૂત ટેકો આપતી ગણાય તેવી હકીકત કર્નલ વૉટ્સન, કાઠિયાવાડ સર્વસંગ્રહના પાન ૮૦ ઉપર પૂરી પાડે છે.

"શામ્સખાને (સુલતાન મહમદ તઘલખનો સૂબો - સમસુદ્દીન અનવરખાન) વાળા ઠાકોરને લડાઈમાં હણ્યો ને તેનું બરડા ડુંગરમાંનું કિલેશ્વર શહેર સર કરી લીધું હતું."

"પછીથી તેણે ઓખા મહાલ જીતી લીધો, ને જગતનું (દ્વારકા) દહેરૂં તોડી પાડી ત્યાં આગળ એક મસ્જિદ બંધાવી પાછો ફર્યો. આ વખતે તેની જાણમાં આવ્યું કે એભલ કાઠીના દીકરા ચાંપરાજને એક ખૂબસૂરત દીકરી છે. તેની ખૂબસૂરતીનું વર્ણન સાંભળી તે મોહિત થયો ને તેને ચાંપરાજ પાસે માંગી પણ ચાંપરાજે ના પાડી. તેથી તેના ઉપર લશ્કર લઈ ચઢ્યો. ચાંપરાજે પોતાની દીકરીના પ્રાણ લીધા ને પછી ૧૮૦૦ ઘોડેશ્વારો સાથે લડાઈમાં પડ્યો."

ઉપરોક્ત હકીકત ઉપરથી ફલિત થાય છે કે મેઘાણીજી અને શંભુભાઈ દેસાઈએ ચાંપરાજવાળા કાઠી હતા તેમ લખ્યું તે યથાર્થ હતું.

મેઘાણીજીએ તેમની રસધાર ભાગ - ૧ ના ૨૦મા ક્રમે ચાંપરાજવાળાની યશગાથા વર્ણવી છે તેમાં પ્રથમ પાનાના અંતે પાદનોંધ લખી છે કે "વાળા રજપૂતો વટલીને કાઠી થયા પહેલાની આ વાત હોવાનો સંભવ છે."

સ્વ. મેઘાણીજીના વારસદાર કે વહીવટકર્તાને ઉપરોક્ત હકીકતથી ખાત્રી થશે કે રાજપૂતને વટલી કાઠી થવાનો કોઈ પ્રસંગ જ બન્યો નથી. એભલવાળા દફાથી નહિ બલ્કે તેના પૂર્વજો-વાળાઓ તરીકે ઓળખાયા છે અને તે કાઠી કાઠી કહેવાતાં હતા તેનો આ સત્તાવાર પુરાવો ગણી શકાય તેમ છે.

પ્રસિદ્ધ ઇતિહાસકાર શંભુભાઈ દેસાઈએ સૌરાષ્ટ્રના ઇતિહાસની પ્રથમ આવૃત્તિમાં "ચાંપરાજવાળો કાઠી હતો." તેમ લખ્યા પછી બીજી આવૃત્તિમાં તે ઢાંકનો કુંવર હતો તેમ સુધાર્યું છે તે પણ બરાબર નથી. ચાંપરાજવાળા તે એભલ કાઠીના પુત્ર હતા તેની હવે તેમને પણ પ્રતીતિ થશે જ.

કાઠિયાવાડના ઇતિહાસના જનક સમા કર્નલ વૉટ્સનનું કથન ધ્યાન ઉપર લીધા પછી હું નથી માનતો કે ઉપરોક્ત વિદ્વાન લેખકોના મનમાં આ અંગે કશી શંકા રહે.

છતાંયે, આ હકીકતના સમર્થનમાં થોડીક વધુ હકીકત રજૂ કરવી યોગ્ય જણાય છે.

"કાઠીઓ, જેમને તેઓ ઓળખાઈ આવે એટલા માટે અસલના વાળા કહ્યા છે. તે આશરે હજાર બારસો વર્ષથી આ પ્રાંતમાં હોવા જોઈએ. કારણ જેઠવા ત્થા ચુડાસમા રજપૂતોના ઘણા જૂના વખતના વૃત્તાંતોમાં તેમનું નામ જડે છે."[૩૬]

ઉપરના કથનથી એક વાત સાબિત જણાય છે. કાઠી વાળાઓને અસલના વાળા તરીકે સ્વીકાર્યા છે. તેમ કરવા પાછળનો આધાર પણ ટાંક્યો છે.

ઢાંકની રાજપૂત કુંવરીઓ પરણીને પોરબંદર તેમજ જામનગર ગઈ તે કાઠિયાણીમા તરીકે ઓળખાયેલ છે. નવાનગરના તેમના મહેલને કાઠિયાણીમાનો મહેલ કહેવામાં આવતો તેવું કર્નલ વૉટ્સન તેના કાઠિયાવાડ સર્વસંગ્રહમાં નોંધે છે. જૅમ્સ એમ કેમ્પબેલ તેના અંગ્રેજી પુસ્તક ગુજરાતના ઇતિહાસમાં આ વાતને અનુમોદન આપતાં લખે છે કે "પોરબંદર અને જામનગરના રજપૂતો ઢાંકની કુંવરી સાથે લગ્ન કરે તેને કાઠિયાણીબાઈ કહે છે. તેથી વાળા એ કાઠી છે તેમ સાબિત થાય છે."

આ અંગે અત્યારે વધુ ચર્ચા નહિ કરતાં હવે પછીના સંબંધિત પ્રકરણમાં કહેવામાં આવશે. ઉપરોક્ત મુદ્દાઓ હાલની તકે પૂરતા છે.

ચાંપરાજવાળા દેવ થયા. જેતપુર મુસલમાનોના હાથમાં ગયું.

ચાંપરાજવાળા જેવા નરરત્નની જનેતા મીનળદેને બિરદાવતાં કવિહૃદય ગહેકી ઊઠે છે કે —

એભલ ગયો નિજ ઓરડે, ત્રય અલ્પ ઉપહાસ્ય જ કર્યું,
પોઢેલ ચાંપો પિંગળે, એણે વસ્ત્ર મૂખ ઉપર ધર્યું,
(તે દી) જીભાન કરડી જોગમાયા, સિદ્ધાવી સ્વર્ગવાસમાં
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઇતિહાસમાં.

૧૭૩. ૨. શેલાયતવાળા

શેલાયતવાળાએ તળાજા અને ઢાંકની ગાદી ભોગવી રાજ કર્યું હતું. શેલાયતવાળા નેકટેકવાળા પ્રતાપી પુરુષ હતા.

એક દંતકથા કહી જાય છે કે શેલાયતવાળા જ્યારે તળાજાની ગાદી ઉપર હતા ત્યારે તેમની પાસે એક મામડિયો ચારણ માનીતો હતો. રાજાની તેના તરફની લાગણીથી બીજા દરબારીઓ અકળાયા. શેલાયતવાળાની કાનભંભેરણી શરૂ કરી. શરૂઆતમાં તો શેલાયતવાળાએ તેઓને દાદ દીધી નહિ. વિઘ્નસંતોષીઓએ તેમનું કામ ચાલુ રાખ્યું. દરબારીઓએ રાજાના કાન ભંભાર્યા કે મામડિયો વાંઝિયો છે. સવારના ઊઠીને તેનું મુખ જોવાય નહિ. છતાં રાજાએ ચાલવા દીધું. પછીથી રાજાએ મામડિયા ચારણ તરફ નારાજ થઈ, ગમે તે કારણે રજા દીધી.

મામડિયો ચારણ ટેકીલો માણસ હતો. તેને દરબારમાંથી રજા અપાઈ તેનાથી લાગી આવ્યું. તે મા જગદંબાના મંદિરે બેસી ગયો અને અખંડ ભક્તિ કરવા લાગ્યો. દેવી પ્રસન્ન થયાં. તેને સાત દીકરી અને એક દીકરો થયાં.

સાતેય દીકરીઓ શક્તિસ્વરૂપ હતી. રાજાની ભેંસોના ખાડામાં એક મસ્ત પાડો હતો. જોગણીઓને ખ્યાલ આવ્યો હશે કે તે દૈત્ય છે. તેથી તેને વધેરી નાખ્યો.

રાજાને ખબર પડી ત્યારે તેણે મામડિયા ચારણને બોલાવ્યો. તેની દીકરીઓ જોગણીઓ છે. માટે તેને તે ગામમાંથી બીજે રવાના કરવા આજ્ઞા કરી.

"સાત બહેનો આજ્ઞા પાળવા તૈયાર થઈ, અને નીકળતી વેળાએ ઠરાવ કર્યો કે ગમે તે ગામમાં, આપણામાંથી કોઈનું દહેરૂં બંધાય તો, બીજીયોએ ત્યાં રહેવું નહિ, અને બીજે ગામ જવું. મોટી દીકરી પગે ખોડી હતી, ને તે ઉપરથી તેનું નામ ખોડિયાર હતું. બીજીઓ આગળ ચાલી અને તે તેમની પછવાડે રહી. પણ તેનું નામ એવું પ્રતાપવાન હતું કે જ્યાં જ્યાં તેઓ ગઈ ત્યાં ત્યાં ખોડિયાર દેવીના નામનું દહેરૂં જોવામાં આવ્યું."[૩૭]

આ દંતકથામાંથી આ હકીકત નોંધવા કારણ છે. એક એવી વાત કહેવાય છે કે રાજાએ આ જોગણીઓએ તેના પાડાનો વધ કર્યો એટલે સળગાવી દેવા હુકમ કર્યો અને રાજાને શ્રાપ દેવાયો, તેનું નિવારણ પુછાયું. વી. વી. બાબતો તે વાતોના ધતિંગમાં, આજે પણ કરવામાં આવે છે.

ચારણની દીકરી અને તેમાંયે તે સાતે સાત જોગણીઓ હોય તો તેને કોઈ ક્ષત્રિય રાજા બાળી મુકાવે ખરો? અને તે પણ પાડા જેવા પ્રાણી માટે સાત બલી લેવાય તે ન માન્યામાં આવે તેવી વાત છે. છતાં રાજાના નિર્વંશને અવળોસવળો વર્ણવી, ખરેખર કંઈ શ્રાપ કે તેની અસર દેખાણી ન હોવા છતાં આ તૂત ચાલુ રહેલ. તેમાંથી વટાળનો રસ્તો શોધાણો. શ્રાપનું નિવારણ થયું તેવી કર્ણોપકર્ણ વાતો વહેવડાવી જેમ બીજાં તૂત ભારતમાં ચાલે છે તેમ આ તૂત ચલાવાયું હતું. આ બીના અસત્ય જ ઠરી છે છતાં ફાર્બસ રાસમાળા માંહેના તે જોગણીઓના ઉલ્લેખને ટાંકીને, તે જોગણીઓને કોઈ સજા આપવામાં આવી ન હતી અને તે જોગણીઓ પોતાના રાજ્યમાં સચવાય નહીં તેથી બીજે જવા જોગણીઓના પિતા મામડિયા ચારણને સમજાવ્યો હતો તે હકીકત રજૂ કરી હું આવું કંઈ નહીં બન્યાની પ્રતીતિ કરાવવા માગું છે.

આ રાજાના સમયમાં સોરઠમાં સં. ૧૦૮૭ની સાલમાં ભયંકર દુષ્કાળ પડ્યો. સોરઠના રા' નવઘણની જીભે કીધેલી બેન જાહલ માલઢોર લઈ સિંધમાં દુષ્કાળ ઊતરવા ગઈ. જાસલનાં રૂપ તેનાં દુશ્મન થયાં. સિંધનો હમીર સુમરો તેની આડે ફર્યો. જાહલે નાઇલાજ થઈ રસ્તો કાઢ્યો. ત્રણ માસની અવધિ કરી. જાહલે તેના પતિ સાસતિયાને પત્ર લઈ જૂનાગઢ રા'નવઘણની મદદ લેવા મોકલ્યો. રા'નવઘણે હકીકતને ગંભીરતાથી લીધી. તે મોટું લશ્કર લઈ જાહલને મુક્ત કરાવવા સિંધ ઉપર ચડ્યો. તેણે હમીર સુમરાને હરાવી જાહલને લઈ સોરઠ આવ્યો હતો.

રા'નવઘણ જ્યારે હમીર સુમરા સામે સિંધ ઉપર ચડ્યો હતો ત્યારે તેને મદદરૂપ બનવા શેલાઈતવાળા પણ લાવ-લશ્કર સાથે વહારે ચડ્યા હતા.

રા'નવઘણનું લશ્કર જ્યારે કચ્છના રણમાં પહોંચ્યું પાણીનો ત્રાસ લશ્કરમાં

વર્તાણો હતો. લશ્કરીઓ જ્યારે પાણીની તરસના કારણે ત્રાહિમામ્ પોકારવા લાગ્યા ત્યારે સોમલ્યાના બિરુદધારી શેલાયતવાળાએ કહ્યું કે "હું સૂરજનો પોતરો છું, સત અને નીતિ ઉપર જો હું ચાલ્યો હોઉં તો, મારી છાંયામાં કૂઈ ગાળો પાણી જરૂર થશે તેવી મને શ્રદ્ધા છે." અને ખરેખર કૂઈ ગાળી તો ત્યાં પાણી થયું. લશ્કર તે પાણી પીને તૃપ્ત થયું.

જૂનાગઢના દીવાન રણછોડજીએ "સોરઠી ત્વારિખ" કે "તારિખે સોરઠ" નામનો એક ઇતિહાસગ્રંથ લખ્યો છે. તેનો હવાલો આપીને પોતાના સૌરાષ્ટ્રના ઇતિહાસમાં વિદ્વાન ઇતિહાસકાર શંભુભાઈ દેસાઈએ જાહલની મદદે રા'નવઘણ ગયો ત્યારે તેના સૈન્યમાં સંખ્યાબંધ કાઠીઓ હતા તેવો ઉલ્લેખ કર્યો છે. હરસુર ખાચર, દેવસુરવાળા અને નાગદાન ખુમાણનાં નામોનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમાં દીવાનજીએ થોડીક થાપ ખાધી જણાય છે. તેમણે ગ્રંથનું સર્જન કર્યું ત્યારે કદાચ વાળાઓ - ખુમાણ કે ખાચર તરીકે પણ ઓળખાયા હશે પણ જે પ્રસંગની વાત કરવામાં આવી છે ત્યારે હજુ ખાચર- ખુમાણનું અસ્તિત્વ હતું નહિ. માત્ર વાળાઓ કાઠી તરીકે ઓળખાતા હતા. વેરાવળજી - વળોચજીના લગ્ન પછી થોડી પેઢીએ ખુમાણ અને ખાચર શાખાઓનો ઉદ્ભવ થયેલ હોઈ આ ખુલાસો જરૂરી બન્યો છે.

જાહલ સં. ૧૦૮૭ના દુષ્કાળના પ્રસંગે કાળ ઊતરવા માલઢોર લઈ સિંધમાં ઊતરી ત્યારનો આ પ્રસંગ છે.

• તેને નેખમ આધાર તરીકે ગણવામાં આવે, તો વીર ચાંપરાજવાળા અને સેલાયતવાળાનો સમયકાળ પણ તે જ હોઈ શકે. ચાંપરાજવાળાને બાદશાહી ફોજ સામે યુદ્ધ થયું તેમાં બાદશાહી સૂબો કોણ તે બાબત થોડી વિવાદાસ્પદ રહી છે. તેની સાથે સમયકાળ પણ વિવાદિત રહ્યો છે.

જૂના ઇતિહાસગ્રંથોએ, વીર હમીરસિંહ ગોહિલ અને વેગડા ભીલે સોમનાથની સખાતે જઈ શહાદત દીધી તેની સાથે જેતપુરના ચાંપરાજવાળા પણ હોવાના ઉલ્લેખો કર્યા છે.

ચાંપરાજવાળાનું યુદ્ધ મહમદ બેગડા, શમ્શખાન વ. જુદા જુદા બાદશાહો કે સૂબાના મુસલમાની લશ્કર સાથે થયાના ઉલ્લેખો જોવા મળે છે. હકીકતની ચોક્કસતા છે પણ સમયકાળનો વિવાદ છે.

તેથી સં. ૧૦૮૭માં શેલાઈતવાળા જાહલની મદદે ગયા તે વાત બની હોય તેની નજદીકનાં જ વર્ષોમાં તેમના જ ભાઈ વીર ચાંપરાજવાળા બાદશાહી લશ્કર સામે શહાદત પામ્યાની હકીકત સ્વીકારી શકાય.

રા'નવઘણના સમયકાળમાં જાહલની મદદનો પ્રસંગ અને સોમનાથ ઉપર મહમદ ગઝનવીની ચડાઈનો સમય સમાંતર છે.

વિદ્વાન ઇતિહાસકાર શંભુપ્રસાદ દેસાઈ તેમના સૌરાષ્ટ્રના ઇતિહાસના પાન

નં. ૨૭૨ ઉપર મહમદ ગઝનવી રા' નવઘણ અને હમીર સુમરાને સમકાલીન કહે છે અને પાન નં. ૪૧૨ ઉપર "મહમદ ગજનવી આવ્યો ત્યારે તેની સામે હમીરજી લાઠિયા અને વેગડો ભીલ લડેલા." તેમ ચારણ-ભાટોની વાર્તાઓએ દુહાઓ, છંદો વિ. કંઠસ્થ રાખી સળંગ ઇતિહાસ સાચવી રાખ્યો છે તેમ માની ઉલ્લેખ કરે છે.

તેથી વીર ચાંપરાજવાળાની લડાઈ, મહમદ ગઝનવી ઇ.સ. ૧૦૨૬ના જાન્યુઆરી મહિનાની તા. ૬ઠ્ઠી અને ગુરુવારે સોમનાથ ઉપર ચડ્યો તેને આનુસાંગિક ગણી શકાય.

જાહલની મદદે શેલાયતવાળા સં. ૧૦૮૭ એટલે કે ઇ. સ. ૧૦૩૧ ગયા છે. ત્યારે મહમદ ગઝનવી સોમનાથ ઉપર સં. ૧૦૮૨ એટલે કે ઇ. સ. ૧૦૨૬માં ચડ્યો હતો. તે બન્ને પ્રસંગો વચ્ચે માત્ર પાંચ વર્ષનો તફાવત છે.

તેથી તે પ્રમાણેના સમયકાળને ગ્રાહ્ય રાખવો વધુ વ્યાજબી જણાય છે.

૧૭૩. ૩. અણાવાળા

અણાવાળાએ તળાજાની ગાદી ઉપર રાજ્ય કર્યું હતું. અણાવાળાના એભલ થયા. પરંતુ તેમનો નિર્વંશ હતો. તેથી શેલાયતવાળાના ધાનવાળા થયા અને ધાનવાળાના પુત્ર ઉગાવાળા હતા. તેમને એભલવાળાના દત્તક પુત્ર તરીકે સ્વીકારી લીધા તેથી તળાજાની ગાદી ઉપર ઉગાવાળાએ રાજ કર્યું હતું.

પેઢી ક્રમ ૧૭૪થી ધાનવાળા થયા. ઉગોવાળો તેના પુત્ર હતા. (ધાનવાળા માટે આગળ ચર્ચા કરવામાં આવશે.)

૧૭૫. ઉગોવાળો

ઉગાવાળા, રા'કવાટ (ઈ. સ. ૯૮૨ થી ૧૦૦૩) નો ભાણેજ થતો હતો. રા'કવાટના બહેન અમૃતકુંવરબાનો તે પુત્ર હતો. તળાજાનો તે રાજા હતો. રા'કવાટના લશ્કરની આગેવાની લઈને આબુ ઉપર તેણે નવ ચડાઈ કરી હતી. દરેક વખતે યશસ્વી બનીને પાછો આવ્યો હતો. તેની શૂરવીરતા અને સામર્થ્યે તેને જૂનાગઢનો સેનાપતિ પણ બનાવ્યો હતો. તે બહાદુર લડવૈયો હતો.

આબુ ઉપરની તેની વારંવારની જીત પછી કોઈ કવિએ જૂનાગઢના રાજદરબારમાં તેની બિરદાવળી ગાઈ ત્યારે રા'કવાટે તેનો વિરોધ કર્યો. તેનું કહેવું એવું હતું કે, તેની તાકાતનું માધ્યમ જૂનાગઢનું લશ્કર હતું. જૂનાગઢની ફોજ મદદમાં ન હોત તો ઉગોવાળો શું કરી શકત? એક હાથે કદી તાળી ન પડી શકે. ઉગાવાળાને તેનાથી માઠું લાગ્યું. હવે તો એક હાથે તાળી પાડી બતાવીશ ત્યારે જ હું આ રાજદરબારમાં આવીશ તેમ કહી તે તળાજા ચાલ્યો ગયો.

સૌરાષ્ટ્ર દ્વીપકલ્પના દક્ષિણ કિનારે એક બહુ નાનો બેટ આવેલો છે. તે શિયાળ બેટના નામથી હજુ પણ ઓળખાય છે. ત્યાં તે વખતે અનંત ચાવડા નામે રાજા રાજ કરતો હતો. તેને શોખ હોય કે પછી કોઈ ટેક રાખી હોય પણ તે ચોરી, ચૂપકી કે

છેતરામણીથી પણ છત્રીશ કુળ રાજવંશ પૈકીના રાજાઓને પકડી લાકડાનાં પીંજરાં બનાવી તેમાં પૂરી રાખતો. એક વખત રા' કવાટ, પ્રભાસ પાટણ ગયા હતા. સાગર કિનારે ટહેલ મારી રહ્યા હતા. તેમને છેતરીને તેમને પોતાના વહાણ ઉપર એકલા લઈ ગયો અને ઝડપથી વહાણ હંકારી મૂક્યું. રા'કવાટને આ રીતે કેદ પૂરીને તેણે કાષ્ઠ પીંજરે પૂરી દીધેલ.

પહેલાં રાજ-રજવાડાંઓમાં એક 'મીર' કોમ (મુસલમાન) માંગણ જાતિ રહેતી. તે તેના વાણીવિલાસથી, ગાઈ-બજાવીને રજવાડાઓમાં, દરબારીઓને પ્રસન્ન કરવાની તેની કામગીરી ગણાતી.

તેવા એક મીરને રા'કવાટે કંઈક લાલચ આપીને તેની મારફત ઉગાવાળાને તળાજા સંદેશો મોકલ્યો :

૧. *તું કે તો તક આવ્ય, તાળી તળાજા ધણી,*
વાળા હવે વજાડ્ય, એકે હાથે ઉગલા.

૨. *છાતી ઉપર શેરડો, ને માથા માથે વાટ,*
જાણજો વાળા ઉગલા, કે કઠ પીંજરે કવાટ.

૩. *સત્યાવીશને આઠ, અનંત તણે પીંજરે પડ્યા,*
વાળા જોતા વાટ, આંખો ગઈ છે ઉગલા.

ઉગોવાળો પોતાનું સૈન્ય લઈ અનંત સામે ચડ્યો. પ્રથમ તો તેણે સંદેશો મોકલીને રા'કવાટને છોડી દેવા કહેવરાવ્યું. અનંત ચાવડાને આ મામા-ભાણેજના અરસ-પરસની હેતપ્રીતની ખબર હોય કે ગમે તે પણ તેણે પ્રત્યુત્તર વાળ્યો કે -

અનંત ભાખે ઉગલા, જો મુજરો કરે કવાટ,
પત ખોવે ગરનાર તો પાછો મેલું પાટ.

આ સંદેશો રા' કવાટે જાણ્યો ત્યારે તેણે પ્રત્યુત્તર કર્યો કે -

આ કાયાને મજરો નહિં, આ કાયા અવધાર,
રાહ ઉઠી મજરો કરે તો કિં કેવાય કવાટ.

છેવટે ઉગાવાળાએ અનંત ઉપર હુમલો કરી તેને ભોંય ઉપર પછાડ્યો. તેની છાતી ઉપર ચડી બેઠો અને છાતી ઉપર તેણે પોતાની કટારી તોળી.

ત્યારે ત્યાં બાજુમાં ઊભેલી અનંત ચાવડાની માએ, અનંત ચાવડાને નહિં મારવા એભલવાળાની આણ દીધી.

સો સો માર્યા ચાવડા, પંદરશો પરધાન,
તને એભલવાળાની આણ, તું અનંતને મેલ ચાવડા.

ઉગાવાળા તે ધાનવાળાના પુત્ર હતા. પણ તળાજે તે એભલવાળાના દત્તક તરીકે ગયેલ. તેથી અનંત ચાવડાની માએ એભલવાળાની આણ દીધી હશે.

અનંત ચાવડાને ઉગાવાળાએ જીવતો જવા દીધો પણ તેણે કાષ્ઠપીંજરે પુરાયેલા બીજા રાજાઓને પણ છોડાવ્યા.

છોડવ્યા છત્રીશ, કકુને કરતાં કમળ,
અષપત થે આશિષ તને અજરામર ઉગલા.

જુદા જુદા મુલ્કમાં જુદા જુદા પાઠ વાળી આવી ઘણી વાતો કહેવાય છે. તે બધી ભલે જુદી પડતી હોય, પણ અણનમ ઉગાવાળાની બહાદુરી માટે તો કોઈ શંકા નથી રહેતી.

રા'કવાટને કાષ્ઠપીંજરામાંથી છુટો કરતી વખતે ઉગાવાળાએ પીંજરાને પાટુ મારી તોડી નાખ્યું. તે પાટાનો સ્પર્શ રા'કવાટની છાતી સાથે થયો. રા'કવાટને ઉગાવાળા સાથે વિવાદ તો હતો જ. તે તાજો થયો. રા'કવાટને લાગ્યું કે ઉગાવાળો તેને તેની હીણપતનાં દર્શન કરાવે છે. તેથી તે મનોમન નારાજ થયો. તેની મુખાકૃતિ ઉપરનો ક્રોધ ઉગાવાળાએ જોયો. તેને જૂનાગઢ આવવા પણ કહ્યું નહિ તેથી ઉગાવાળો તળાજા ચાલ્યો ગયો. રા'કવાટને જૂનાગઢ પહોંચાડવામાં આવ્યો.

રા'કવાટે જૂનાગઢ પહોંચી, પોતાનું લશ્કર લઈને તળાજા ઉપર ચઢ્યો. ઉગાવાળાને ખબર પડી એટલે તે પોતાના માણસો સાથે સામે ગયો. બાબરિયાવાડના રોહિસા પાસે ચિત્રાસર નજીક રા'નું કટક ભેટ્યું. ઉગાવાળાએ બહાદુરીપૂર્વક લડ્યો પણ મોટા લશ્કર સામે લડતાં તે વીરગતિને પામ્યો.

રા'કવાટ પછી તળાજા ન ગયો. સીધો જૂનાગઢ જ ચાલ્યો ગયો. ઉગાવાળાના અનેક ગણ ઉપર અવગણ કરી, રા'કવાટે પોતાના જ ભાણેજનો ખાત્મો કર્યો તે તેનો ઊજળો ઇતિહાસ નથી.

ઉગો વાળો ખરેખર અલૌકિક વીરપુરુષ હતા. વાળાજીએ કચ્છના પાવરગઢમાં ગાદી સ્થાપી હતી. તેના એક ભાઈ જસવાળાને તેણે ભદ્રેસરનો વિસ્તાર અપાવ્યો હતો. ત્યાં તેણે તેની જાગીર ઊભી કરી હતી. ત્યાં વારંવાર હુમલાઓ આવવા લાગ્યા. ભદ્રેસર હાથ રાખવું મુશ્કેલ થયેલ. ત્યાં હાકેમને મૂકીને ઉગાવાળા પરત આવ્યો. પણ હાકેમને ભદ્રેસર હાથ રાખવું મુશ્કેલ જણાયું તેથી તેણે વાળા વણારને એક દુહો લખી મોકલેલ.

વાળા મેલ, વણાર, આપ રહે કાં ઉગલા,
ભદ્રેસરરો ભાર, આમુથી ઉપડે નહિ.

હાકેમને કંઈક વધુ પડતી આફત આવતી હશે તેથી તેણે વાળા વણારજી (ઢાંક)ને આ દુહા દ્વારા વિ. કરી કે, મારી શક્તિ અહીં ઓછી પડે છે માટે આપ અગર ઉગાવાળા અહીં રહો. આ હકીકતથી સાબિતી મળે છે કે ધાનવાળાના બધા જ પુત્રો એકતાપૂર્વક જ રહ્યા હશે.

વણારજી, ઉગાવાળા અને વેરાવળજી (વાળાજી) તે ધાનવાળાના પુત્રો હતા.

ઉગાવાળાનો પાળિયો ચિત્રાસર પાસે છે. ઉગાવાળાનાં બહેન પાળિયો પરસવા આવ્યાં હશે ત્યારે પાળિયાનું જૂથ મોટું હોવાથી પોતાના ભાઈના પાળિયાને પહેચાની ન શક્યાં હોય તેથી તેણે તેના "વીરાને વીનવ્યા" અને ઓળખાણ આપવા આજીજી કરી તેથી ઉગાવાળાના પાળિયાએ આગળના ભાગે નમીને બહેનને ઓળખાણ આપેલી હોવાનું લોકકથાઓમાં કહેવાય છે. અત્યારે પણ ઉગાવાળાનો પાળિયો આગળના ભાગે નમેલો છે.

"ઇતિહાસકારો સામળીયા સોડને કોળી કે ભીલ તરીકે ઓળખાવે છે. સામળીયા સોડે, તેના નાગર મંત્રી જેતસીની કન્યાના હાથની માંગણી કરી હતી. તેથી મંત્રી જેતશી નારાજ થઈને ત્યાં સોનિંગજી રાઠોડને, સામળીયા સોડને મહાત કરવા તેડી લાવેલો. સોનિંગજીના માણસોને મંત્રીએ પોતાના ઘરમાં છુપાવી, તેણે સોડને જાન લઈ આવવાનું આમંત્રણ આપેલું. જાન લઈ આવવાનું કહેણ મોકલ્યું. તેથી સામળીયો પરણવા આવ્યો ત્યારે જાનનું સ્વાગત કરી મંત્રી જેતસીએ જાનૈયાને ખૂબ જ દારૂ પાયો, પછી ઈશારો કરતાં સોનિંગજી સહિત રાઠોડો જાનૈયા ઉપર તૂટી પડ્યા. સામળીયા સોડને માર્યો અને ઈડર સોનિંગજી રાઠોડના હાથમાં પડ્યું. ત્યારથી સોનિંગજીએ ઈડર કબ્જે કરી રાજ સ્થાપ્યું અને તેના વંશજો ઈડરીયા રાઠોડ કહેવાયા છે."

"ઢાંકના વાળાઓની વંશાવળી જોતાં સામળીયા સોડ વાળો હતો તેઓ ઉલ્લેખ છે, અને એભલવાળાનો પૌત્ર હતો તેમ લખે છે."[૩૮]

"ઢાંકના વાળાઓની વંશાવળીમાં સામળીયો સોડ વાળો હતો તેવો ઉલ્લેખ છે. તે એભલવાળાનો પૌત્ર હતો અને તેણે સં. ૧૩૧૩ ઈ. સ. ૧૨૫૭માં વૈશાખ વદી ૮ના રોજ સોનિંગ રાઠોડ સાથે લડતાં મરાયો તેની નોંધ છે."[૩૯]

"હાથીયો સોડ કરીને એક કોળી અમરસિંહનો ચાકર હતો. તેના ઉપર તેનો ઘણો ભરોસો હતો. એક કોળી તેથી તેણે ઈડર તેને સોંપ્યું હતું. હાથીયે પોતાના મરણ સુધી દેશ પોતાના કબજે રાખ્યો, ને તે મરી ગયો ત્યારે તેનો દીકરો, સામળીયો સોડ રાજ્યનો વારસ થયો. તેની વેળામાં ઈડરમાં રાઠોડો પહેલ વહેલા આવ્યા."[૪૦]

આગળના પૅરેગ્રાફમાં ઉલ્લેખ. થયેલ વાળાઓની વંશાવળી સૌરાષ્ટ્રના ઇતિહાસના પાન ૨૦૯ ઉપર તેના લેખક શંભુભાઈ દેસાઈએ છાપી છે. લેખકે પાન ૩૩૪ ઉપર ઉલ્લેખ કરેલ છે કે આ વંશાવળીઓ ઢાંકના કુ. શ્રી સહદેવસિંહજીએ એમને આપી છે.

અચંબો થાય તેવી વાત છે કે ગૌરવવંતા અને વીર પ્રતાપી એભલવાળાઓના વંશમાં કોળી-ભીલ હોવાના ઉલ્લેખવાળા શામળીયા સોડનું નામ કેવી રીતે અને શા માટે ઘૂસ્યું હશે. હાથીયો સોડ-કોળી અમરશીનો ચાકર હતો. શામળિયો સોડ તેનો દીકરો હતો. તેવો ઉલ્લેખ મળે છે.

તે વંશાવળીમાં એભલવાળા ત્રીજાના બે પુત્રો બતાવાયા છે.

૧. અર્જુનસિંહ (ઉગાવાળો) સં. ૧૨૬૦

૨. હાથી વાળો. (સર સાથે મરાયો. સં. ૧૨૩૦ - ૧૨૫૪)

નીચે કૌંસમાં ઓળખ આપવામાં આવી છે.

(ઈડરના રાજા અમરસિંહનો સરદાર - પછી ઈડરનો રાજા.) શામળાદિત્ય (સામળીયો સોડ(?) સં. ૧૨૫૫ સોનિગ રાઠોડે ઈડર લઈ શામળાને માર્યો તેવી હકીકતનો ઉલ્લેખ પણ થયેલ છે.

અર્જુનસિંહને ઉગાવાળાનું ગૌરવવંતું નામ અપાયેલ છે. ફાર્બસ રાસમાળાના પાન ૬૦૯ની ફૂટનોટમાં લખવામાં આવ્યું છે કે "રાહ અને અર્જુનસિંહ મિત્ર હતા. તેણે એક મેરની સ્ત્રીની આબરૂ લીધી તે ઉપરથી મેરે બન્નેને મારી નાખ્યા." શામળીયા સોડ અને અર્જુનસિંહ ઉર્ફે અરજણજી તેના ચારિત્રથી તળાજાના ઉમદા રાજવંશના વંશ ધરોહર હોઈ શકે ખરા?

શામળીયા સોડ અને અર્જુનસિંહ જેવા પુરુષોનાં નામ વાળા વંશાવળીમાં પૂરતા આધાર સિવાય શંકાસ્પદ રીતે ઘુસાડાયાં હોય તો ઇતિહાસ તરીકે તેને સ્વીકૃત કરી ન શકાય. તેનું વ્યવસ્થિત સંશોધન થવું જોઈએ. મૈતક વંશ અને વાળા વંશની શાન જળવાય તેવી અપેક્ષા અસ્થાને નહિ ગણાય.

વલ્લભીપુરની મુલાકાત લઈ, રેવરન્ટ ફાધર એસ. જે. હેરોસે, ઇતિહાસિક સંશોધનનો પ્રયાસ કર્યો હતો અને તે અંગે તૈયાર કરેલ રિપોર્ટ તેમણે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં રજૂ કર્યો હતો. વાળા રાજવંશમાં જે પરાક્રમી સાત એભલવાળા થયા છે તે અને મૈત્રક વંશમાં ઓળખાયેલ સાત શિલાદિત્યો એક જ હોવાનું તેમણે જણાવ્યું હતું.[૪૧]

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ સ્વ. ડૉલરરાય માંકડે સૌરાષ્ટ્રની ચાર ખ્યાતનામ વીર જાતિઓ - રાજવંશના સંશોધનનું કામ વિદ્યાપીઠના પ્રોફેસરો મારફત આયોજિત કર્યું હતું પરંતુ ડોલરભાઈનું અવસાન થતાં તે કામ આગળ વધી શક્યું ન હતું. હજુ પણ આવા સંશોધનને અવકાશ છે. ઇતિહાસના ભાગ્યે જો બીજા ડોલરભાઈ પેદા થાય તો -

૮. કાઠી ક્ષત્રિયોનું સૌરાષ્ટ્રમાં આગમન

ઈ.સ. પૂર્વે ગ્રીક સરદાર મહાન સિકંદરે ભારત ઉપર આક્રમણ કર્યું. સરહદ પરનાં રાજ્યોએ તેને ખસીને મારગ આપ્યો. ત્યારે કાઠી ક્ષત્રિયોએ સિકંદર સામે મક્કમ મુકાબલો કરી લડાયક અને શક્તિશાળી પ્રજા તરીકે પોતાની ઓળખાણ સ્થાપિત કરી.

કાઠીઓ સૂર્યવંશી - સૂર્યપૂજક છે. પંજાબ - ઉત્તર ભારતમાં કુર્મ કે કુર્માચલ પ્રદેશમાં તેઓ ગણરાજ્ય ચલાવતા હતા. તેમની રાજધાની જોશી મઠમાં હતી. તેમનું મુખ્ય નગર સાંગાલા હતું.

સિકંદર સાથેના યુદ્ધ વખતે સિકંદરની છાતીના ઉપલા ભાગે કાઠી અગ્રણી લુણા દશિયાએ ભાલાનો ઘા મારી તેને ઘાયલ કર્યો હતો. ભારત ઉપરના આક્રમણને ટૂંકાવી તે સ્વદેશ ચાલ્યો ગયો. ત્યાં આ ભાલાના ઘાથી તેનું પાછળથી મૃત્યુ થયાનું ઇતિહાસો નોંધે છે.

સિકંદરે માસંગાનો કિલ્લો લીધો. ત્યાંનાં રક્ષકદળોના દગાથી કતલ કરવામાં આવી ત્યારે સ્ત્રીઓએ ઘવાયેલ સૈનિકોની પડખે રહી રણચંડી બની ગ્રીક સૈનિકોનો ઘાણ વાળી નાખ્યો હતો.

વિશાળ લશ્કરના સથિયારે ભલે સિકંદર હાર્યો ન હતો પરંતુ ભારતીય શૌર્ય અને બલિદાનની પ્રબળ ભાવનાનાં, તેની વીરતા અને દેશાભિમાનનાં, ત્યાંની પ્રજાના ખમીર અને ઝિંદાદિલીનાં તેણે દર્શન કર્યાં હતા. તેણે પીછેહઠ કરી સ્વદેશ તરફ પ્રયાણ કર્યું.

અષ્ટક-કોમ કાઠીઓને આ યુદ્ધમાં ખૂબ ઘસાવું પડ્યું. તેમના ગણતંત્રે જાણે કે નિર્ણય કર્યો હોય તેમ તેઓ દક્ષિણ તરફ ક્રમે ક્રમે હટતા ચાલ્યા.

સિકંદરના યુદ્ધસમયમાં 'અષ્ટક કોમ' તરીકે ઓળખાતી કોમની આઠ પેટાશાખાં હતી. ૧. પટગીર, ૨. માંજરિયા, ૩. પાડવા, ૪. નાટા, ૫. નરેડ (જાતવડા), ૬. ટોહરિયા, ૭. ગુલિયા અને ૮. ગરીબા.

પંજાબ - ઉત્તર ભારતમાંથી આવી સૌરાષ્ટ્રમાં સ્થિર થયેલા કાઠી ક્ષત્રિયોની કોમ ઘણા જુદા જુદા નામે ઓળખાણી છે. તે એટ્રીસ, હસ્તિ, કટ્ટી, કઠ, કાઠાઈઓઈ, કારટપાલ વિ. નામોથી પ્રથમ ઓળખાતી હતી. પછીથી તે બધા કાઠી નામથી ઓળખાયા.

દક્ષિણ તરફથી હટ્યા ત્યારે તેનો એક ફાંટો નેપાળ તરફ પણ ગયો હતો. તે કઠ જાતિના નામ ઉપરથી ત્યાં કઠમંડુ કહેવાયું હોવાનું કહેવાય છે. ત્યાં તેઓ લાંબો સમય રહ્યા નહિ હોય.

બીજી ટુકડી સિંધ તરફ ગઈ. તેની સાથે પછીથી નેપાળવાળી ટુકડી ભળી ગયેલ હશે અથવા તો રાજસ્થાનમાં રહ્યા પછી સૌરાષ્ટ્રમાં કાળક્રમે વસી હશે.

સિંધ ઉપર જે ટુકડી ગઈ ત્યાં તેણે સત્તા હાંસલ કરી બહોળો વસવાટ કર્યો. મુલતાન કાઠીઓના મૂળ સ્થાન તરીકે ઓળખાયું છે. કચ્છમાં થઈ કાઠી ક્ષત્રિયો જ્યારે સૌરાષ્ટ્રમાં ગયા ત્યારે ત્યાં તેમણે વસવાટ કરી વસાહત ઊભી કરી તેને મુલથાન ઉપરથી થાન નામ આપ્યું.

થાનની બાજુની ટેકરીઓને માંડવનું નામ આપેલું. નજદીકમાં જ માંડવગઢ વસાવ્યું. અત્યારે ત્યાં તેના માત્ર અવશેષો જ છે.

કાઠીઓએ સિંધ ઉપર સત્તા જમાવી લાંબા સમય સુધી શાસન ચલાવ્યું છે. ત્યાં તેમનાં નાનાં રાજ્યો સ્થપાયાં હતાં તેવા ઉલ્લેખો મળે છે. દરમ્યાનમાં ઇસ્લામના વાવાઝોડા સામે ટક્કર ઝીલવાનું મુશ્કેલ થતાં તેઓ ધીમે ધીમે કચ્છ તરફ વળ્યા. ઈ. સ. ૭૬૭માં ઠઠ્ઠાના રાજા દાહિરને મહમદ બીન કાસીમે હરાવ્યો. દાહિર ત્યાંનો છેલ્લો હિન્દુ રાજા હતો. સિંધમાં મહમદ બીન કાસીમ પહેલો મુસલમાન રાજા થયો. સિંધમાં સૌપ્રથમ મુસલમાની શાસન ત્યારે આવ્યું.

સિંધના ઠઠ્ઠા નગર અને મુલતાનમાં કાઠી શાસનની અસરની યાદમાં મુસલમાની માંગણ જાતિઓ (મીર, ઢાઢી વિ.) અત્યારે પણ કાઠી રજવાડાઓમાં માંગવા જાય છે ત્યારે, અત્યારે પણ કાઠિયાવાડમાં કાઠી દરબારોને "ઠઠ્ઠા-મુલતાન" ના રાવ તરીકે બિરદાવે છે.

સિંધનો છેલ્લો હિન્દુ રાજા દાહિર તે દાહો હોઈ શકે છે. કાઠીઓમાં 'દાહો' નામ બહુ પ્રચલિત છે. મુસલમાનોએ ઘણા શબ્દોના ઉચ્ચારોને મરડ્યા છે. દાહિરની બાબતમાં તેમ હોઈ શકે છે.

દાહિરના સમયમાં ત્યાં એક મોકા બસિયા નામે સરદાર હતો. તેને મહમદ બીન કાસીમે 'છત્ર'નું માન આપ્યું હતું. તે કાઠી હશે?[૪૨]

મહમદ બીન કાસીમે પછીથી વલ્લભી ઉપર પણ ચડાઈ કરી હોવાનું કહેવાય છે. તેને મૈત્રક રાજાએ ભૂંડા હાલે હરાવીને તગડી મૂકેલ તે વખતે કચ્છના પાવરગઢ સત્તા જમાવી સ્થિર થયેલ કાઠી ક્ષત્રિયો વલ્લભીની વહારે ગયા હતા તેવી કંઠસ્થ ઇતિહાસની હકીકતો કહી જાય છે. મૈત્રક રાજવંશ અને કાઠી રાજવંશના સારા સંબંધો, પરસ્પરના ઐક્ય અને ઘરોબા તરીકે તેને ઓળખી શકાય છે. વલ્લભીપુરના રાજાઓ તરફથી પણ તેમને મળતા સહકારની ખોટ વલ્લભીના પતન પછી કાઠી ક્ષત્રિયોને વર્તાણી હતી.

લગભગ વિક્રમના દશમાં કે અગિયારમા સૈકાની શરૂઆતમાં 'અષ્ટક' કોમમાં ગણાયેલ માંજરિયા પેટાશાખાએ સૌરાષ્ટ્રમાં પ્રવેશ કરી હાલાર તરીકે પછીથી ઓળખાયેલ વિસ્તારમાં કાળાવડ વસાવ્યું. તેનાં કુળદેવી શીતળાની સ્થાપના કરી. કાળાવડ ગામનું નામ કાળા માંજરિયાએ પોતાના નામ ઉપરથી રાખ્યું હતું. કાળાવડ મુકામે રાજધાની કરી તેણે સાત ચોવીશી - ગામો એટલે ૧૬૮ ગામનું પોતાનું રાજ સ્થાપ્યું હતું. પાંચસો - સાડાપાંચસો વર્ષ સુધી ટકાવી રાખ્યું હતું.

કાઠી રાજ્ય તરીકે પ્રથમ સત્તા સૌરાષ્ટ્રમાં સ્થાપનાર કાળા માંજરિયા હતો.

કાળા માંજરિયાએ તેનું કાળાવડનું રાજ્ય સ્થાપ્યું ત્યારે હજુ જાડેજા, ઝાલા કે ગોહિલ રાજવંશો સૌરાષ્ટ્રમાં પ્રવેશ્યા પણ ન હતા. કાઠી રાજવંશના કાળાવડના રાજ્યની સ્થાપના સંબંધે જૂના અંગ્રેજ ઇતિહાસકારોએ ખાસ નોંધ લીધી નથી.

છેવટ સુધી ઇતિહાસો "કાઠીઓ ક્યાંથી આવ્યા અને ક્યારે આવ્યા" તેવી જ વાતો કરતા રહ્યા છે. યદુવંશ પ્રકાશમાં કવિ માવદાનજી રત્નુએ ખાસ કરીને કાળાવડ સંબંધે, તેમના યદુવંશ પ્રકાશમાં પ્રકાશ પાડ્યો છે તે ધન્યવાદને પાત્ર છે.

આ રીતે સૌરાષ્ટ્રમાં પ્રવેશવામાં અને રાજસત્તા હાંસલ કરવામાં સૌપ્રથમ જૂથ તરીકે કાઠીઓમાં કાળા માંજરિયા હતો. વિક્રમની દશમી સદીથી તેના પૂર્વાર્ધથી તેનો આગમનનો સમયકાળ મોડો નહિ જ હોય. માંજરિયા કાઠીઓએ કાળાવડમાં વિક્રમના. સોળમા સૈકા આખર સુધી રાજસત્તા ભોગવી જણાય છે.

માંજરિયા પેટાશાખાએ કાલાવડ વસાવ્યું ત્યારે પાવરગઢમાં કાઠી ક્ષત્રિયો સ્થિર થઈ ચૂક્યા હોય તેમ જણાય છે. તેમનો સરદાર અમરો પટગીર હતો. તેની પુત્રી ઉમાદેનાં લગ્ન વળાના વાળા રાજવંશના છેલ્લા રાજવી શેલાયતવાળાના પુત્ર ધાનવાળા સાથે થયાં હતાં. પંજાબ - ઉત્તર ભારતમાંથી વાળાઓ અને કાઠી ક્ષત્રિયો પાછા હટ્યા તેમાં વાળાઓ ગુજરાતમાં આવ્યા. ગુપ્ત વંશના અંત સમયે વિજયસેન ભટ્ટાર્ક સૌરાષ્ટ્રનો સરસેનાધિપતિ હતો. ગુપ્ત વંશનું રાજ્ય છિન્નભિન્ન થયું ત્યારે. સૌરાષ્ટ્ર પ્રદેશનો રાજપાલ સેનાપતિ ભટ્ટાર્ક હતો. બીજા પ્રદેશોના સૂબાઓ સ્વતંત્ર થઈ રાજશાસન ચલાવવા લાગ્યા ત્યારે ભટ્ટાર્કે ગુપ્ત વંશના નામથી રાજ્યશાસન ચલાવવાનું ચાલુ રાખ્યું. રાજભક્તિનો આ ઉત્તમ નમૂનો ગણાય.

વિજય ભટ્ટાર્ક પછી તેનો પુત્ર ધરસેન ૧લો સત્તા ઉપર આવ્યો. તેણે પણ પોતાને સેનાપતિ તરીકે જ ઓળખાવ્યો. તેના પછી દ્રોણસિંહ સત્તા ઉપર આવ્યો. ત્યારે ગુપ્ત સામ્રાજ્ય તદ્દન પડી ભાંગ્યું હતું. ગુપ્ત સમ્રાટે દ્રોણસિંહને મહારાજાપદ આપી તે વંશપરંપરા ભોગવવા અનુમતિ આપી. વિજય ભટ્ટાર્કનો વંશ મૈત્રક વંશ કહેવાયો. મૈત્રક તે સૂર્યના અર્થમાં સૂર્યવંશી હતા. તેમણે ઇ. સ. ૭૭૦ સુધીમાં (ઓગણીશ રાજાઓએ) લગભગ ત્રણસો વર્ષ રાજ્ય કર્યું.

આ ત્રણસો સાડા ત્રણસો વર્ષના સમયગાળામાં કાઠી ક્ષત્રિયો સિંધમાં વસતા હશે. પંજાબ-ઉત્તર ભારતમાંથી નીકળી વાળાઓ સૌરાષ્ટ્રમાં સ્થિર થયા અને કાઠી ક્ષત્રિયો સિંધમાં સત્તા ભોગવી વાળા અને કાઠી રાજવંશો વચ્ચે પડેલા સાંસ્કૃતિક વિચ્છેદ પછી ધાનવાળાનાં લગ્ન અમરા પટગીરની પુત્રી ઉમાદે સાથે થયાં તે સાંસ્કૃતિક પુનઃસ્થાપન ગણાય. (જુઓ કર્નલ જે. ડબલ્યુ. વૉટ્સનના કાઠિયાવાડ સર્વસંગ્રહ પાન ૭૧ તથા ગોહિલ અજિતસિંહના રાજપૂત વંશસાગર ભાગ - ૧, પાન ૩૬.)

કચ્છમાં રાજશાસનની સાથે કાઠી ક્ષત્રિયોએ અશ્વ અને પશુઉછેરની પ્રવૃત્તિ

વિકસાવી હતી. ત્યાં ચરિયાણ જગ્યાઓ તે માટે અનુકૂળ હતી. કાઠી ક્ષત્રિયો પાસે આ પશુઉછેર અને ચિકિત્સાની ઉમદા હિકમત હતી.

તે અરસામાં કચ્છમાં એક મોટો દુષ્કાળ પડ્યાનું અને તે કારણે કાઠી ક્ષત્રિયો સૌરાષ્ટ્રના ઢાંક વિસ્તાર તરફ ગયાનું ઇતિહાસકારો પણ નોંધે છે. ધાનવાળા સાથેનો તેમનો સંબંધ તેમનો સધિયારો બન્યો હોય.

વળી, ઇતિહાસકારો એક દંતકથાને ટાંકીને એમ પણ જણાવે છે કે કચ્છમાં લાખા ફુલાણીનું રાજ્ય હતું. ડાહી ડુમરીના નામે એક ઉપાંગના કચ્છમાં તેને લાખાની બહેન પણ કહે છે. તેણે લાખાના રાજદરબારમાં લાખા ફુલાણીની ઉભતના જેવું એક ગીત ગાયું. તેથી લાખો નારાજ થયો. તેને કાઢી મૂકી. આ ડાહી ડુમરીને પાવરગઢના કાઠી ક્ષત્રિયોએ બોલાવી તેની પાસે ઉપરોક્ત ગીત ફરીથી ગવરાવ્યું ત્યારે તે વાત જાણી લાખો નારાજ થયો. તેણે પાવરગઢ ઉપર મોટા લશ્કર સાથે ચડાઈ કરી તેથી કાઠીઓને હટવું પડ્યું હતું.

કચ્છના રાજવી તરીકે લાખો ફુલાણી થયો. તેણે ઇ. સ. ૮૫૫થી ઈ. સ. ૯૭૯ના ૧૨૪ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું. તે ૯૭૯માં મૂળરાજ સોલંકી સાથેના આટકોટના યુદ્ધમાં મરણ પામ્યો એટલે આ દંતકથામાં વર્ણવેલ પ્રસંગ સમયકાળની ગણત્રીએ બંધબેસતો ગણાય કે કેમ તે એક પ્રશ્ન રહે છે. કાઠીઓને ત્યાંથી તે વખતે સૌરાષ્ટ્રમાં આવવું થયું હતું. પણ તે ભયંકર દુષ્કાળને કારણે જ તેવી હકીકત પણ મળે છે. દુષ્કાળ પછી વાળાઓ સાથે તેઓ કચ્છમાં પાછા ફર્યા હતા.

સામતસિંહ ચાવડાનો પુત્ર અહિવનરાજ (તે લાખાનો સાળો થતો હશે)ના વંશમાં સં. ૧૦૬૫થી ઈ. સ. ૧૨૦૩ સુધી એટલે કે ૧૩૮ વર્ષ કચ્છનું રાજ્ય ચાવડાઓ પાસે રહ્યું હતું. જે પૂંજાજી ચાવડા પાસેથી જામ લાખાએ સિંધમાંથી આવી કબજે કર્યું હતું.[૪૩]

કાઠી ક્ષત્રિયોને લાખા ફુલાણી સાથે વાંધો પડ્યો હશે, તે લાખા ફુલાણીનો દત્તક પુત્ર પુઅરો જ્યારે ગાદી ઉપર આવ્યો ત્યારે લડાઈમાં પરિણમ્યો અને કાઠી ક્ષત્રિયોના હાથે તે કામ આવી ગયો હતો. વિક્રમના અગિયારમા સૈકાની શરૂઆતનો આ બનાવ હશે. કારણ કે ઇ. સ. ૧૦૬૭માં તો કચ્છમાં અહિવનરાજ સત્તા હાંસલ કરે છે.

કાઠીઓ સૌરાષ્ટ્રના ઢાંક ગામે ગયેલા તે પાછા કચ્છમાં જ પ્રવેશ્યા છે. તેઓ તેમની સાથે વાળા રાજવંશની મદદ લઈને આવ્યા હશે. કચ્છમાં વિ. સં. ૧૦૬૧માં અંજારનું મૂળ તોરણ કાઠીઓના વખતમાં બંધાયું હતું. તે વખતે તેને અજાડનો વાસ કહેવામાં આવતો હતો. તે ઉપરથી તેનું નામ અંજાર થયું.[૪૪]

કચ્છના કંથકોટ, વ્રજવાણી, વોવાઈ, કોટાઈ, બોલાડીગઢ અને ભદ્રેસર વિ. કચ્છ વિસ્તારમાં કાઠીઓ રાજસત્તા જમાવી ઘણો સમય રહ્યા જણાય છે. તેમણે ત્યાં ક્યાંક સૂર્યમંદિર તો ક્યાંક શિવમંદિરો બાંધ્યાં છે. ધીંગાં ધિંગાણાં ખેલી અનેક સ્થળોએ

ઊભેલી કાઠી વીરોની ખાંભીઓ તેની સાક્ષી પૂરે છે. કર્નલ ટોડ શિલાલેખો અને ઐતિહાસિક અવશેષો શોધવા કચ્છમાં ફર્યા હતા. ત્યારે તેમણે કંથકોટની મુલાકાત લીધી હતી. તે હકીકત નોંધતાં તેમણે કંથકોટને કાઠીઓની રાજધાની તરીકે ઓળખાવેલ છે.

સૌરાષ્ટ્રમાં ગયેલા કાઠી ક્ષત્રિય જ્યારે કચ્છમાં પરત આવ્યા ત્યારે તેમણે ઢાંકના વાળા દરબારોના માણસોનો પણ સાથ લીધો હતો અને કચ્છમાં ઘણો સંયુક્ત વિસ્તાર હાથ કર્યો હતો. વાળાઓ કચ્છમાં પોતાનો હાકેમ મૂકીને ભદ્રેસરની જાગીર તેને સોંપીને પરત ગયેલ હતા. આ હાકેમને ત્યારના લડાયક યુગમાં ભદ્રેસર સાચવવું મુશ્કેલ બન્યું હશે તેથી તેણે ધાનવાળાના પુત્ર વણારવાળાને એક દુહો લખી મોકલ્યો હતો કે-

વાળા મેલ, વણાર, આપે રહે કાં ઉગલા
ભદ્રેસરનો ભાર, આમુથો ઉપડે નહિં.

આ દુહાથી તેણે વણારવાળા પોતાને અથવા ઉગાવાળાને કચ્છમાં રહેવા વિ. કહી જણાવે છે. તે પોતાને કચ્છનું ભદ્રેસર સાચવવું તકલીફવાળું જણાવે છે. વણારજી અને ઉગાવાળા તે ધાનવાળાના મોટા પુત્રો હતા.

કાઠી ક્ષત્રિયો મુલતાન છોડી કચ્છ - સૌરાષ્ટ્રમાં આવ્યા પછી પણ ત્યાં "કાઠિયા કે કાઠોડા નામની જાતિ રહેતી હતી. તેણે હવે મુસલમાન ધર્મ સ્વીકાર્યો છે."[૪૫] તેવી વાતો સંભળાય છે.

કાઠિયા કે કાઠોડા જાતિ મુલતાનમાં રહેતી હશે અને તેઓ મુસલમાન ધર્મ પાળતા હોય તો તે બનવા જોગ છે. પણ તે કાઠી ક્ષત્રિયો પૈકીની નથી. કાઠિયા કે કાઠીડા શબ્દો જેને અનુરૂપ જણાય છે તે 'કાઠી' શબ્દની ઉત્પત્તિ કાઠીઓ જ્યારે મુલતાનમાં હતા ત્યાં સુધીમાં થઈ ન હતી. કટ્ટી કે કાઠાઈઓમાંથી 'કાઠી' શબ્દ કાઠીઓ કચ્છ-સૌરાષ્ટ્રમાં પ્રવેશ્યા પછી જ વિકસ્યો જણાય છે. પરંતુ મુલતાનમાં જ્યારે કાઠીઓની નાની નાની રિયાસતો હતી ત્યારે ત્યાં કાઠીઓની સેવાચાકરીનું કામ મુસલમાની હજામ કે બાબર નામની જાતિ કરતી હતી. લાંબા સંપર્ક પછી તે કાઠિયા હજામ તરીકે ઓળખાણી હતી. કાઠીઓ જ્યારે કચ્છ થઈ સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે તે ચાકર જાતિ તેમની સાથે છેક સૌરાષ્ટ્ર સુધી આવી છે. હજુ પણ કાઠી રિયાસતો ઊભી થઈ તેવા સૌરાષ્ટ્ર વિસ્તારમાં કાઠિયા હજામ તરીકે વસતા જણાય છે. કાઠીઓના સંપર્કમાં આવ્યા પછી તેઓએ ધર્મપરિવર્તન કર્યું છે, હિન્દુ તરીકે ઓળખાય છે અને ધર્મ પણ હિન્દુનો પાળતા થયા છે; તેમ છતાં તેઓ મુસલમાન હતા તેની યાદી જાળવી છે. જ્યારે કાઠિયા હજામનું મરણ થાય ત્યારે તેના જમણા પગના અંગૂઠા માત્રને અગ્નિ આપી પછી તેના દેહને દાટવાની પ્રથા છે. અંતિમ સંસ્કારની હિન્દુ-મુસલમાની આ મિશ્ર પદ્ધતિ હજુ પણ સૌરાષ્ટ્રમાં ચાલુ છે. તેથી માની શકાય કે મુલતાન આજુબાજુ વસતા કાઠિયા કે કાઠીડા તે મુસલમાન - હજામ પૈકીના હોઈ શકે.

પંજાબમાંથી કાઠી ક્ષત્રિયો મુલતાન થઈ કચ્છ-સૌરાષ્ટ્રમાં આવ્યા. તે જાણે કે તેઓએ સમૂહગત ગણતંત્રમાં બેસી લીધેલા નિર્ણય જેવું કદમ જણાય છે. કાઠીઓ જુદા જુદા પ્રાંતોમાં થઈને આવ્યા છે. તબક્કે તબક્કે તેઓ ભલે આવ્યા હોય, પણ અંતે તો બધો જ જથ્થો સૌરાષ્ટ્રમાં જ આવ્યો છે. તે તેમનો પૂર્વનિર્ણય હોય અને તેનો ચોક્કસતાપૂર્ણ અમલ હોય તેવું જણાઈ આવે છે.

કાઠીઓના કેટલાક સરદારો પૃથ્વીરાજ ચૌહાણની ફોજમાં મહત્ત્વના સ્થાને વિક્રમની દશમી સદી પછી હોવાનું પણ જણાઈ આવે છે.

ભીમદેવ સોલંકીના હૃદયમાં સામ્ભરનો સોમેશ્વર ખટકતો હતો. દિલ્હીપતિ પૃથ્વીરાજ ચૌહાણ સામે પણ તેને કટી શત્રુતાં હતી. તેથી તેણે પોતાની ચતુરંગી સેના તૈયાર કરી અને સામ્ભર ઉપર આક્રમણ કરી વિજય મેળવ્યો હતો. કૂચ લઈને રવાના થતા પહેલાં, ભીમદેવે "ભીલ અને કાઠી રણસંગ્રામમાં ઘણા શૂરવીર છે." તેવું તેનું ઉચ્ચારણ રાસમાળામાં ફાર્બસે ટાંક્યું છે. તે સમયમાં સોમેશ્વર અને પૃથ્વીરાજ ચૌહાણના લશ્કરમાં પણ કાઠી સરદારો મહત્ત્વના પદે હતા તેમ પણ નોંધાયું છે. એટલે કાઠીઓની એક ટુકડી તે વિસ્તારમાં શરૂઆતમાં વસી હોઈ શકે.

ઇતિહાસવિદોએ નાગ જેઠવાને રાણી 'સોને', તેના પુત્ર અર્જુનસિંહને ઢાંકની ગાદી આપવા, નાગ જેઠવાને કહેતા ટાંક્યા છે. ત્યારે રાણી સોનને કાઠીરાણી કહી છે. સૌરાષ્ટ્રના વિદ્વાન ઇતિહાસકાર શંભુભાઈએ તેમના સૌરાષ્ટ્રના ઇતિહાસમાં ધુંધળીનાથની લોકકથા વર્ણવી છે તેમાં સોનને તેના પિયર કનોજમાં હોવાનો ઉલ્લેખ કર્યો છે. જ્યારે અમુક ઇતિહાસકારો સોનને વાળાની કુંવરી (કાઠીરાણી) કહી છે. તે સમયમાં વાળાઓ કાઠી કહેવાતા હતા તેથી તેણી વાળાપુત્રી હોવાનો વધુ સંભવ છે.

બારમી સદીમાં વાયવ્ય ભારતના પંજાબના સીરસાનગરનો રાજા વત્સરાજ જૂનાગઢના રા'મહિપાલ (બીજા) ઉપર ચડી આવ્યો. તેને રા'મહિપાલના સેનાપતિએ હણ્યો હતો. લશ્કર વેરવિખેર થઈ ગયું હતું. તે લશ્કરમાં કાઠીઓનો મોટો સમૂહ હતો. આ બનાવ ઈ. સ. ૧૧૮૪નો હોવાનું નોંધાયું છે. લશ્કર વેરવિખેર થતાં તેમાં આવેલા કાઠીઓ સોરઠમાં જ રહી ગયા હોવાનું મનાય છે.

પંજાબના સીરસાનગરથી દિગ્વિજય કરવા નીકળનાર રાજા વત્સરાજ કોણ હતો તેના આધાર મળતા નથી. તેના લશ્કરમાં કાઠીઓનો મોટો જથ્થો હતો. તેથી વત્સરાજ પણ કાઠી હોઈ શકે.

પંજાબ આજુબાજુમાં ઈ. સ. પૂર્વ ૩૨૬ના સમયકાળથી નાનાં નાનાં કાઠક રાજ્યો અસ્તિત્વમાં હતાં તેવું નોંધાયું છે. અરબ અને ઈરાની પ્રવાસી લેખકોએ વલ્લભીના ધ્વંશ પછી પણ 'બલ્હારા'નાં રાજ્યો હોવાના ઉલ્લેખ કર્યા છે.

વાળાઓ અને કાઠીઓ પંજાબને લાગીને આવેલાં રાજ્યોમાંથી સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો છે. તે બન્ને શાખા અમુક સ્થળોએથી સાથે ઊતરી આવ્યા બાબતમાં જૅમ્સ કેમ્પબેલે તેના અંગ્રેજી પુસ્તક "હિસ્ટ્રી ઑફ ગુજરાત"માં પ્રકાશ પાડ્યો છે.

વત્સરાજના લશ્કરમાં આવેલા કાઠી જૂથે તેમનું થાણું સોરઠમાં કોટડા ગામે નાખ્યું હતું. સોરઠના ત્યારના રાજા રા'મહિપાલે તેમને પટાવતો ગણ્યા હશે. રા'ની સાથે વાંધો પડતાં કાઠીઓએ બંડ કર્યું હતું. તેમાં તેમને રા'એ ઢાંકની જમીનો આપવી પડી હતી.

પાવરગઢમાં સ્થિર થઈ કચ્છમાં રાજસત્તા સ્થાપી કાઠીઓએ ઘણો વિસ્તાર કબજે કરેલો તેવા આધારો મળે છે. પરંતુ વિસ્તારભયે વધુ વિગતમાં નથી ઊતરવું. લાંબા સમય પછી કાઠીઓને કચ્છમાંથી સ્થળાંતર કરી સૌરાષ્ટ્રમાં આવવું પડ્યું તેને સ્પર્શતી એક મહત્ત્વની હકીકત છે.

જામ સત્તાજીનું કચ્છના કેટલાક વિસ્તારમાં રાજ્ય હતું. થર પારકરના સોઢાઓ સાથે તેમને ઝઘડો ચાલતો હતો.

તે સમયમાં ઢાંકના વાળા રાજા ધાનવાળાના પુત્ર વેરાવળજી - વળોચજીનાં લગ્ન વિશળ પટગીરની પુત્રી રૂપાદે સાથે થઈ ગયાં હતાં. તેથી વાળાઓ પણ પાવરગઢ રહેતા હતા. વેરાવળજીના જુવાન પુત્ર વાળાજી જ્યારે પાવરગઢ હતા ત્યારે પારકરના સોઢાઓ સામે જસોજીએ વાળાજીની મદદ માગી. વાળાજી ૧૫૦૦ સવારે જસોજીની મદદે ગયા. જસોજીએ તેમનું ઉમળકાભેર સ્વાગત કર્યું. સારો સત્કાર કર્યો અને એક ઉમદા પ્રકારનો તંબુ તેમના ઉતારા માટે આપ્યો. થર પારકર ઉપર ચડાઈ કરવામાં આવી ત્યારે કાઠી લશ્કર અગ્રેસર હતું. થર પારકરના સોઢા સરદાર તેમના ભાઈ અલંગ અને સમર્થની સાથે રહી જસાજીના હુમલાને ખાળવા સામે આવ્યા. લડાઈ થઈ પરંતુ સોઢાના ત્રણેય ભાઈઓ કામ આવી ગયા. પારકરના પ્રદેશમાં લૂંટફાટ ચલાવી જસોજી પાછો આવ્યો.

રસ્તામાં નિંગાલા કે તેવા નામનું એક તળાવ આવ્યું. લાંબો પંથ કરી બધા થાક્યા હતા, તેથી ત્યાં આજુબાજુ સારાં ઝાડ-પાન અને લીલોતરી જોઈ વાળાજીના લશ્કરે ત્યાં રોકાવા - મુકામ કરવા નક્કી કર્યું. લશ્કરની પ્રથમ હરોળમાં વાળાજીનું લશ્કર પ્રથમથી જ રહ્યું હતું. તેથી તેઓ આ જગ્યાએ પહેલા આવી ગયા હતા.

તેમની પાછળ જામ જસાજીની ટુકડી ત્યાં આવી પહોંચી. સુંદર અને સારી જગ્યાએ વાળોજીએ તંબુ ઊભો કરી મુકામ કર્યો હતો તે તેણે જોયું. આવી સારી અને સુંદર જગ્યા આજુબાજુમાં બીજી કોઈ ન હતી. તેથી જામ જસાજીએ ગુસ્સો કરી, વાળાજીને તેમનો તંબુ હટાવી લેવા કહ્યું. વાળાજીને તે ન ગમ્યું. તે નારાજ થઈ ત્યાંથી રવાના થવા તૈયારી કરવા લાગ્યા. જામને પોતાની ભૂલ સમજાણી હોય તેવું લાગ્યું. પોતાના મદદગાર અને વિના વિલંબે સહાય કરનાર વાળાજીને મનાવી લેવા જામે પ્રયાસો કર્યા. તેમને જામનો ખિતાબ આપવાનું કહ્યું પરંતુ વાળાજી માન્યા નહિ અને જામને ભરી પીવાનો નિર્ણય કરી, રોષમાં ને રોષમાં પાવરગઢ ચાલ્યા ગયા.

એક વખત જ્યારે જામ અને તેના ભાઈઓ અસાવધ હતા ત્યારે ઓચિંતાનો

વાળાજીએ તેના ઉપર હુમલો કર્યો. જસોજી અને તેના બીજા પાંચ ભાઈઓ તે ધીંગાણામાં કામ આવી ગયા. તેનો સૌથી નાનો ભાઈ જામ અબડો બચી ગયો.

જામ અબડાએ વેર લેવા નક્કી કર્યું. લશ્કરની જમાવટ કરવા લાગ્યો. લાવલશ્કર સાથે તેણે પાવરગઢ ઉપર ઝપાટો બોલાવવા નિર્ણય કર્યો.

જામ અબડાની લશ્કરની તૈયારીની માહિતી પાવરગઢ મળતાં પાવરગઢ વાળાને પોતાની તાકાત ઓછી પડશે તેવું લાગ્યું. તેથી રણ ઓળંગી, મોરબી વાંકાનેરના રસ્તે થઈ થાન પહોંચવા મનસૂબો કર્યો. રસ્તામાં આવતાં જામના ચોકિયાત કોઠાના સૈનિકોની કતલ કરી, તે બધા થાન પહોંચી ગયા. જામ અબડાની મોટી તૈયારીના ખબર તેમને મળેલા જ હતા તેથી વાળાજી પણ તૈયારીમાં પડ્યા. થાન-ચોટીલા વિસ્તાર ત્યારે પરમારોના હાથમાં હતો. વાળાજીએ થાન પરમારો પાસેથી જીતી લીધું. ત્યાં પોતાની વસાહત સ્થાપી. પરમારોએ થાન વિસ્તાર, બાબરિયાઓને ત્યાંથી હટાવી જીત્યો હતો. પરમારો પહેલા તે વિસ્તાર બાબરિયાઓની હકૂમત તળે હતો.

થાન, કંડોળા, માંડવા, નવસે વાવ કુવા.
રાણા પેલાં રાજીયા, થાન બાબરીયા હુવા.

પોતાના ભાઈઓ ઉપર ઓચિંતા હલ્લો કરી, તેઓનો ઘાત કરવામાં આવ્યો તેનું વેર જામ અબડાને ખટકતું હતું. વારંવારના કજિયા-ધિંગાણાને બદલે એક વખત ઝપાટો બોલાવવા જામ-અબડો માનતો હશે. તેણે ખૂબ મોટી તૈયારી કરી. જંગી લશ્કરની જમાવટ કરી. આ વાતની માહિતી વાળાજીને થાન મળતી હતી. તેણે પણ જામ-અબડાનો મુકાબલો કરવા ઘટતી તૈયારી કરવી જોઈએ તેમ તે માનતા હતા.

વાળાજીએ ઢાંકના વાળાઓ, અષ્ટક કોમના કાઠી ક્ષત્રિયો જે તેમના પોતાના હસ્તક હતા તે બધાને થાન એકઠા કરી લીધા હતા. ઉપરાંતમાં, પરમારો, ચૌહાણો, ચાવડાઓ, ચભાડો, બોરીચાઓ, બાબરિયાઓ વિ. જે પોતાના જૂથ સાથે સંકળાયેલ હતા તે બધાને મદદ માટે નોતર્યા હતા.

જોગાનુજોગ, તે વખતે, મારવાડના ત્રણ ફટાયા રાઠોડ રાજકુંવરો પોતાના લશ્કર સાથે દ્વારકાની જાત્રાએ નીકળેલા. તેઓ થાન મુકામ કરી ત્યાં રોકાયા. વાળાજીને જાણ થતાં તેમણે તેઓને આવકાર્યા - આગતાસ્વાગતા કરી. ડાયરામાં નોતરીને કસુંબા લેવરાવ્યા, મહેમાનગતિ દીધી. આ ત્રણ રાજકુમારોમાં કાળુસિંહજી મોટા હતા. વડસુરસિંહજી અને જેતસિંહજી તેમનાથી નાના હતા. તેઓ જોધપુરના ધાધલજીના વંશના રાઠોડ હતા.

એક વખત, કાવા - કસુંબા ચાલતા હતા ત્યારે પ્રવાસી રાઠોડ રાજકુંવરોએ થાન-માંડવધાર-સારંગ પર્વત ઉપર વિશાળ માનવસમુદાય અને લશ્કરી તૈયારીઓ જોઈને તેનું કારણ પૂછ્યું. ત્યારે કહેવામાં આવ્યું હતું કે કચ્છનો જામ-અબડો એક લાખના લશ્કર સાથે થાન ઉપર ચડી આવે છે.

જેના મહેમાન બન્યા, સાથે બેસી કાવા-કસુંબા લીધા, તેવા વાળાજી ઉપર મોટું લશ્કર લઈ જામ ચડી આવતો હોય ત્યારે પોતે પોતાના માણસો લઈ ચાલી નીકળે તે કાળુસિંહજીને વ્યાજબી ન લાગ્યું. તેઓ ધાધલજીના વારસો હતા, તે તેમના 'કમધજ'ના બિરુદને હીણું ન કહેવાવા દે. તેથી 'અઠે દ્વારકા' કરીને તેઓ રોકાઈ ગયા. જામઅબડાના લશ્કરને આવવાની રાહ જોવા લાગ્યા.

જેમને નોતર્યા હતા તેવા રાજપૂતો ઉપરાંતમાં કેટલાય બીજા રાજપૂતો, કાઠિયા વર્ણ વિ. મોટી સંખ્યામાં થાન આવી પહોંચ્યા. વાળા અને કાઠી રાજવંશીઓ પણ જે બીજે હતા તે બધાને થાન બોલાવી લઈ, વાળોજીએ પણ લડાઈ આપવા જંગી તૈયારીઓ કરી.

તેમ છતાંય, જામઅબડાના વાવડેલા મોટા લશ્કરની માહિતીથી વાળાજી ચિંતામાં રહેતા હતા. બહુ મોટા લશ્કરનો સામનો કરવાના કામે સરદારી વાળોજીની હતી. એકાદ દિવસમાં જામનું લશ્કર આવી પહોંચે તેવા વાવડ હતા. રાતના મોડે સુધી તૈયારીમાં અને આવેલા મહેમાનોની વ્યવસ્થાના કામમાં વાળોજી થાક્યા હતા, તેથી આરામ કરવા મોડેથી પોતાના તંબુએ ગયા.

રાતે મોડેથી તેમને ઊંઘ આવી ગયા પછી ભગવાન સૂર્યનારાયણે વાળાજીને સ્વપ્નામાં દર્શન દીધાં. તેમને હિંમત આપી - પોતે સહાયમાં છે તેમજં બિનચૂક જીત થશે તેવી હૈયાધારણ આપી. તેની ખાત્રી માટે સવારે અમુક નિશાનીઓ તેને જોવા મળશે તેવું પ્રમાણ આપ્યું.

વાળાજીને સવારે સૂરજદાદાએ કહી હતી તે બધી નિશાનીઓ જોવા મળી. લશ્કરે જ્યારે આ બધી વાતો જાણી ત્યારે તેમનો જુસ્સો ઓર વધી ગયો.

તે જ દિવસે જામ અબડો પોતાના લશ્કર સાથે લાખામાસી નજીક તેના વિશાળ લશ્કર સાથે આવી પહોંચ્યો જણાયો. વાળાજી અને જામ અબડાનાં લશ્કરો વચ્ચે ભીષણ યુદ્ધ થયું. તલવારોની તાળીઓ પડી, ભાલા-બરછી અને સાંગો ઊછળી. અશ્વોના હણહણાટ યોદ્ધાઓના 'મારો' 'કાપો' ના ગગનભેદી પડકારો વચ્ચે યુદ્ધ સાત દિવસ સુધી ચાલ્યું.

બન્ને લશ્કરોમાં ખુવારી થઈ. વાળાજીના પક્ષે મારવાડના મદદે આવેલ રાઠોડ-કુંવર, વડસુરસિંહજી ખૂબ જ બહાદુરીપૂર્વક લડીને વીરગતિને પામ્યા. વાળાજીના પુત્ર મુળચંડે અભિમન્યુની તાકાતથી લડીને જામના લશ્કરમાં હાહાકાર મચાવ્યો. પોતાના લશ્કરનો જુસ્સો બમણો વધારી દીધો અને કંઈક યોદ્ધાઓને રામચરણ પહોંચાડી પોતે પણ વીરગતિ પામ્યા.[૪૬]

બન્ને પક્ષે ખુવારી થઈ હતી. જામ અબડાના પક્ષે મોટી ખુવારી થઈ. તેમને દુશ્મન લશ્કરનો મુકાબલો આકરો પડતો જણાયો. તેમણે પારોઠનાં પગલાં ભર્યાં અને કચ્છની દશ પકડી લીધી. આ યુદ્ધ લાખામાસી પાસે થયું હતું. ઘણા તેને લાખામાસીનું યુદ્ધ કહે છે. આ યુદ્ધમાં વાળાજીનો જયજયકાર થયો.

વાળાજીએ પોતાનું વિજયપ્રસ્થાન થાન મુકામેથી જ કરવા ધાર્યું. મદદે આવેલા જુદા જુદા રાજવંશોને કાયમી રીતે સાથમાં લેવા અને તે સાથને ટકાવવા સામાજિક વ્યવસ્થાનું પુનઃસ્થાપન કરવા તથા સુધારાઓ કરવા, તેમના વડીલ, રાજા ધાનવાળાની ઇચ્છા હતી તે પૂરી કરવા નિર્ણય કર્યો. તે માટેનો પ્રસ્તાવ રાઠોડરાજ કાળુસિંહજીનો પણ હતો. યુદ્ધ પછી નવરાશની હળવી પળોમાં સાથીદાર રાજવંશોનું ઐક્ય સાધવાના હેતુથી તેમણે બધાનું ધ્યાન દોર્યું હતું પરંતુ આ હકીકત પછીના પ્રકરણથી જાણી શકાશે.

લડાઈમાં વડસુરસિંહજી બહાદુરીથી લડીને વીરગતિને પામ્યા હતા. તેમનો પાળિયો થાન મુકામે વાસુકિદાદાની જગ્યાના મહંતના દરબારગઢમાં આવેલા ઓરડાઓ પૈકીના એક ઓરડામાં રણશૂરા તરીકે બિરાજે છે. ધાધલ કુટુંબો દર વર્ષે ત્યાં શુરાપૂરાનાં નૈવેદ્યો કરે છે. જેતસિંહજી પાછા મારવાડમાં ગયા. ત્યાં રાજસત્તા સ્થાપી. કાળુસિંહજીએ 'અઠ્ઠે દ્વારકા' કર્યા પછી અહીં જ રહ્યા.

આ યુદ્ધનો સમયકાળ જાણવો ખૂબ જરૂરી છે. આગળના અને હવે પછી લખાનાર ઇતિહાસના મધ્ય ભાગે આ પુસ્તકનું લખાણ પહોંચ્યું છે. તેથીં હવે સમયકાળ માટે જાણવું વધુ જરૂરી છે.

ધાધલોના બારોટ મારવાડમાં રહે છે. તેમના કહેવા પ્રમાણે આ યુદ્ધ સંવત ૧૩૩૩માં થયું.

"સંવત તેર બોતેર આપ સૂરજગઢ આયા." થી શરૂ થતું કવિત સંવત ૧૩૭૨માં થયાનું કહે છે.

ઘણા દુહા, છંદો કંઠસ્થ જૂની વાર્તાઓ વિ. માં યુદ્ધનો ઉલ્લેખ મળે છે. તે બધામાં સમયકાળની એકવાક્યતા જણાતી નથી તેથી આ વિષયમાં થોડા ઊંડાણમાં જવું પડશે.

"કચ્છના જામ રાયધણજીના અવસાન પછી તેમની લાખિયાર વિયરની ગાદી તેમના પાટવીપુત્ર - ગજણજીને નહિ મળતાં નાના કુંવર ઓઠાજીને મળી ગજણજીને બારા પરગણામાં ગરાસ મળ્યો. તેમના વારસોનો ગાદીના હક્કનો વાંધો ઊભો રહ્યો, જે તકરારો જામ રાવળજી સુધી ચાલી."

"જામ ગજણજીને હાલોજી, જીઓજી (ઉર્ફે જેશોજી) અને લાખાજી એમ ત્રણ કુંવરો થયા. તેમાં હાલોજી ગાદીએ આવ્યા. લાખાજીના વંશમાં આમર શાખાના રજપૂતો થયા હતા. જીયોજીના વંશમાં અબડા અને મોડ શાખાના રજપૂતો થયા."

"અબડાજી ધર્માત્મા અને વીરપુરુષ હતા. સિંધના ઉમરકોટના હમીર સુમરાના વંશમાં બે ભાઈઓ વચ્ચે ગરાસની તકરાર થઈ. એ કે તે વખતના મુસલમાન શહેનશાહ અલાઉદ્દીનને મળી; સુમરી સુંદરીયોનાં વખાણ કરી, અપાવવા બાદશાહને લાલચ આપી. બાદશાહને જાતે સિંધ ઉપર ચડવા લલચાવ્યો કે મેં આપના માટે 'સુમરી

સુંદરીયો" રાખી હતી તે તથા મારો ગરાસ, મારા ભાઈ ઘોઘાએ પચાવી પાડ્યો છે. સુંદરીઓની લાલચે અલ્લાઉદ્દીન સિંધ ઉપરં ચડ્યો. ઘોઘાને લાગ્યું કે બાદશાહને પહોંચાશે નહિં અને ૧૪૭ સુમરીઓની જિંદગી બગડશે તેથી શૂરવીર કહેવાતા જામ અબડા પાસે ગયો અને સુંદરીયો તેને સોંપી.

"અલ્લાઉદ્દીન ખીલજીએ તપાસ કરી તો - સુમરી સ્ત્રીઓ ઘોઘા પાસે હતી નહિ. તેને તે જામ અબડા પાસે હોવાની માહિતી મળી. જામ અબડાજી ત્યારે વડસર જાગીર ભોગવતા હતા. અલ્લાઉદ્દીન ખીલજી તેથી વડસર ઉપર ચડ્યો. જામ અબડાજીએ યુદ્ધ નિવારવા પ્રયાસ કર્યો પણ તેમાં સફળતા ન મળી. સુમરી બાઈઓના રક્ષણ માટે, જામ અબડાજીને મોટી સત્તાના - મોટા લશ્કર સામે લડવા ફરજ પડી. જામ અબડાજીએ બાદશાહી આક્રમણનો બહાદુરીપૂર્વક સામનો કર્યો. ઘણાં પરાક્રમો પછી વિ. સં. ૧૩૫૬, ફાગણ વદી ૧ અથવા શ્રાવણ શુદ ૧૨ના દિવસે જામ અબડાજી અને તેના મોટાભાઈ મોડજી યુદ્ધમાં વિરગતી પામી સ્વર્ગે સિધાવ્યા."[૪૭]

આ રીતે જામ અબડાજી વિ. સં. ૧૩૫૬, ઈ. સ. ૧૩૦૦માં સ્વર્ગે સિધાવ્યાની હકીકત યદુવંશથી સાબિતી રૂપ બને છે. તેથી જામ અબડાજી અને વાળાજી વચ્ચેનું યુદ્ધ વિક્રમ સંવત ૧૩૫૬ અને ઈ. સ. ૧૩૦૦ પહેલાં થયું હોવું જોઈએ.

યુદ્ધમાં ભાગ લેનાર જોધપુરના ફટાયા કુંવર કાળુજી વિ. સં. ૧૩૩૩માં સૌરાષ્ટ્રમાં દ્વારકાની જાત્રાએ આવ્યા હોવાના અને પછી સૌરાષ્ટ્રમાં વાળા-કાઠી રાજવંશો સાથે કૌટુંબિક સંબંધો બાંધી ત્યાં જ રહી ગયાના ઉલ્લેખો તેમના વહિવંશા બારોટના ચોપડા ઉપર નોંધાયેલ છે. ધાધલજીથી ઊતરી આવેલા કાળુજીના વારસો ધાધલ તરીકે ઓળખાયા છે. તેથી યુદ્ધ વિ. સં. ૧૩૩૩માં થયું હોવાનું નિશ્ચિત થાય છે.

વાળા વળોચજીના હરસુરવાળા થયા. તે વાળાજી તરીકે પછીથી ઓળખાણા છે. કારણ કે તેમના વારસોની વાળા તરીકેની ઓળખાણ ચાલુ રહી છે. આ વાળાજીના પુત્ર મુળચંડ થયા અને તે આ યુદ્ધમાં બહાદુરીથી લડી વીરગતિને પામ્યા. તેમની ખાંભી જૂના સૂરજદેવળ પાસે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ સાક્ષરવર્ય ડોલરરાય માંકડે ઓળખી તેની સાલ નક્કી કરવા પ્રયાસ કર્યા છે. તે કામે કુલપતિ સાંથળી મુકામે દરબાર પૂંજાવાળાના ઈ. સ. ૧૯૭૧ આસપાસમાં મહેમાન થયા હતા. વાળાના વહીવંશા બારોટ પાસેથી વંશાવળી મેળવી તે યુનિવર્સિટીમાં લઈ ગયા હતા. પછીની માહિતી મળતી નથી.

થાન આજુબાજુનો પ્રદેશ કબજે લઈ કાઠીઓએ ત્યાંથી તેમની રાજસત્તા સ્થાપવાની શરૂઆત કરી.

અત્રે તે ખુલાસો કરવાની જરૂર છે કે પાવરગઢની રાજસત્તા જમાવી બેઠેલા કાઠી ક્ષત્રિયોએ વળોચજીનાં લગ્ન પછી તેમની સરદારી સ્વીકારી હતી. બલકે તેમને તેમના રાજા તરીકે સ્વીકાર્યા હતા. તેથી તેઓ પાવરગઢ વસ્યા હતા.

આગળના ઇતિહાસનાં અવતરણો લેવાથી યુદ્ધના સરદાર તરીકે વાળોજીનો ઉલ્લેખ થયો છે જ્યારે વાળોજીનું નામ પ્રથમ તો હરસુરવાળા કહેવાયું છે. પછીથી વાળાજી કહેવાયા છે પણ નીચેના કવિતમાં તો તેને વેરાવળજી કહ્યા છે.

સવંત તેર બોતેર, આપ સૂરજગઢ આયા,
પડતો પાવર મેલ, પડ પાંચાળ રચાયા.
જામ લાગ્યો ઝહેર, પિવણ ન દેવે પાણી,
સૂરજે આલી સાંગ, હેમ હથોહથ આણી.
ઝાડે જ કાઢ્યો, ઈવાળા વેરાવળે.

આ કાવ્યમાં જ્યાં સં. ૧૩૭૨ લખેલ છે તે તેથી હવે સંવત ૧૩૩૩ કહેવાનું રહે.

આ રીતે, કાળાવડની કાઠી ક્ષત્રિયોની રાજગાદી પછી, આ થાન-માંડવગઢ પરગણાઓમાં તેમનો આખરી છતાં કાયમી પ્રવેશ - સૌરાષ્ટ્રમાં ગણી શકાય.

સૌરાષ્ટ્રના ઇતિહાસના વિદ્વાન લેખક - શંભુભાઈ દેસાઈ તેમના ઇતિહાસ દર્શન ભાગ - ૧માં લખે છે કે -

"ગમે તે સમયે કાઠીઓ સૌરાષ્ટ્રમાં આવ્યા હોય, ગમે તેટલી સંખ્યામાં આવ્યા હોય, પણ એ હકિકત છે કે તેઓ ઘોડા અને ભાલા સાથે દાખલ થયા. અન્ય રાજપુતો જે ભૂમિ પર વર્ષોથી વર્ચસ્વ ભોગવતા અને જેનો મુકાબલો કરી શકવા, કોઈ જાતિ સમર્થ થઈ ન હતી. તે રાજપુતો સામે તેમણે તલવાર તોળી અને ભાલા સામે ભાલા જીલવાની શક્તિનો રાજપુતો અને અન્ય કાંટીયા જાતિઓને પરિચય આપ્યો. લોકોએ તેમને એક વિરજાતી તરીકે સ્વીકાર કરી લીધો."

'અમરેલીની આરસી' ના વિદ્વાન લેખક ગોરધનભાઈ સોરઠિયા તેમના પુસ્તકમાં 'કાઠીયે કાઠિયાવાડ કીધો' તે પ્રકરણમાં લખે છે કે "કાઠીઓ સૌરાષ્ટ્રમાં ઘોડા, ભાલા અને તલવારો સાથે આવ્યા અને પ્રભાવક બળ તરીકે ઉપસ્યા. તેથી મરાઠા અને પેશ્વા અને પાછળથી અંગ્રેજોએ આ પ્રદેશને કાઠિયાવાડ તરીકે સ્વીકારી લીધો. સદીઓ સુધી કરવા પડેલા સંઘર્ષને કારણે કાઠીઓ પોતાના હક્ક અને રક્ષણ પરત્વે વધુ સભાન બન્યા અને અહીંના પ્રજાજીવનમાં એટલા તો ઓતપ્રોત થઈ ગયા કે આ ધરતીના કાળજામાંથી, કાઠીઓએ કાઠિયાવાડ કોતરી કાઢ્યું. કાઠિયાવાડના સર્જન અને પ્રજામાં એમનું પ્રદાન ઇતિહાસમાં અમર અને નોંધનિય બન્યું છે."

૯. રાજવંશોનું સામાજીક પુનઃગઠન (સુધારા)

સૌરાષ્ટ્રની જૂના સમયની ત્રણ રાજવંશી શાખાઓમાં જેઠવા, ચાવડા અને વાળાઓ હતા. ઢાંક ધુમલીના જેઠવા રાજાનું હતું પરંતુ જ્યારે વળા હાથમાંથી ગયું અને વાળાઓ સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે ઢાંક તેમને વસવા માટે અપાયેલ. ઢાંક પ્રેહ પાટણ તરીકે ઓળખાતું હતું.

સૌરાષ્ટ્રમાં જુનવાણી ગુજરાતી - ચારણી ભાષાનું એક પુસ્તક 'ભુટાંગ' ના નામે જાણીતું હતું. તેમાં આગમ વાંણીઓ કરવામાં આવી છે. ચારણી છંદોમાં તે લખાયેલ હતું. આ 'ભુંટાંગમાં' વિ. સં. ૧૦૦૦થી વિ. સં. ૨૧૦૦ સુધીના આગમ ભાખવામાં આવેલ છે.[૪૮] આ ભુંટાગમાં જણાવ્યા પ્રમાણે, ઢાંક નગર વિ. સં. ૧૦૦૩ ઈ. સ. ૯૪૭માં વસ્યું હતું. તેના ઉપર સાલવાન કે સારવાણ રાજાની ચડાઈ આવી હતી. ઢાંકની ફરતો સુવર્ણ કોટ થયો હતો તે ત્યારે પૂરો થયેલ.

સંવત તીનમાં વસીયું તે સેર તેવીસ સાલમહિ ના સો તેર,
મંગલ દીન લગત મેખ, પુર ગઢ સેર હુઓ તે દેખ.

"ભુટાંગ"[૪૮]

આ ઢાંક નગરના ફરતા સુવર્ણ કોટની વાત આવે છે. તેની પાછળ એક ઐતિહાસિક દંતકથા પડેલી છે.

સોરઠની ભૂમિમાં એક ધુંધળીમલ નામનો સિદ્ધ થઈ ગયો. તેમનું મૂળ વતન તો વાંસાવડ બાજુએ. સંતનું મૂળ નામ ધુંધો અને દૂધ કોળીનું હતું. પણ તેને ભક્તિમાં ખૂબ ભાવ હતો, તેથી ધુંધળીમલ થઈ ગયો. ગિરનાર, ચોંસઠ જોગંધરોનું બેઠણું. તેમાં ધુંધળીમલનું આસન પડતું. માત્ર થોડીક વિદ્યાઓમાં તેને પારંગત થવું બાકી હતું. પછી તો તે પણ આ ચોંસઠ નાથો પૈકીનો એક નાથ ગણાવાનો હતો. નાથ સંપ્રદાયની ભક્તિ, તપ અને વિદ્યા આ જગતના કલ્યાણ માટે, જગતના શ્રેય માટે જ વપરાતાં હોય છે.

આ ધુંધળીમલનું બેઠણું વલ્લભીપુર પાસે હતું. તે એક વખત જાત્રાએ નીકળેલ ત્યારે ફરતાં ફરતાં ચિતોડ શહેરમાં આવી ચડ્યા. ત્યાં ત્યારે મહારાણા રાયસિંહનું રાજ હતું. રાજા રાણી સિદ્ધનાં દર્શને આવ્યા. પાય પડ્યા અને શેર માટીની ખોટે રાજસુખ અલૂણું લાગે છે તેવી હકીકત સંત પાસે રજૂ કરી કૃપા કરવા વિનંતીઓ કરી.

રાજા-રાણી ઉપર સિદ્ધ પ્રસન્ન થયા. પુત્રો માટે વરદાન આપ્યું, પણ શરત એવી રાખી કે, રાજાને બે પુત્રો થશે, તેમાંથી એક પુત્ર સિદ્ધને સોંપી દેવાનો રહેશે. વરદાન પ્રમાણે કુમારોનો જન્મ થયો. કુમારાવસ્થાએ પહોંચ્યા ત્યારે ધુંધળીમલે આવીને

યુવરાજને સોંપી આપવા માંગણી કરી. માતા-પિતાનું બાળકો પ્રત્યેનું વાત્સલ્ય વચનપાલન આડે આવ્યું. થોડોક કિચકિચાટ અનુભવ્યો. પણ સંત વિભૂતિના ચમત્કારે યુવરાજની સોંપણી સંતને થઈ. ધુંધળીનાથે તેને પોતાનો શિષ્ય બનાવ્યો. તેનું નામ સિદ્ધનાથ આપ્યું.

શિષ્યની સાથે ગુરુ વલ્લભીપુર પાસે ચમારડી ગામની બાજુમાં ઈસાવળાના ડુંગરની તળેટીમાં આવ્યા અને એક ગુફામાં વાસો કર્યો. નવી નવી વિદ્યાઓ શીખવી સિદ્ધનાથને વિદ્યામાં યોગ્ય અને પારંગત કર્યો. વલ્લભીપુરથી ગુરુ-શિષ્ય રેવાસ પાટણ આવ્યા. ત્યાં પણ એક ગુફા બનાવી અને ભૂખ્યા-દુખ્યા જે કોઈ આવે તેને માટે સદાવ્રત શરૂ કર્યાં. તે વખતે રેવાસ પાટણમાં નાગ જેઠવા નામે રાજા રાજ કરતો હતો.

સંતની ઇચ્છા પરિભ્રમણ કરવાની થઈ. આશ્રમ અને સદાવ્રતનું કામ બાળયોગી સિદ્ધનાથને સોંપી, ધુંધળીનાથ યાત્રાએ નીકળ્યા. રાજતેજમાં યોગતેજ ભળ્યું. સિદ્ધનાથ નાની ઉંમરમાંય મોટા દેખાવા લાગ્યા.

બાર વર્ષે પ્રવાસમાંથી ગુરુ આશ્રમે પરત આવ્યા. પણ એક દિવસના તેજ તેજના અંબાર સમા રાજર્ષિ સિદ્ધનાથની કૃષ્ટ થયેલી કાયા જોઈને તેનું કારણ પૂછ્યું. માથામાં આ ટાલ કેમ પડી ગઈ છે? તેવો પ્રશ્ન કર્યો. સિદ્ધનાથે જવાબ દીધો કે આ ગામમાં એક કુંભારણ બાઈ સિવાય કોઈ ભિક્ષા આપતું નથી. સદાવ્રત ચલાવવા મેં લાકડા કાપી, તેની ભારીઓ વેચી, તેમાંથી મળ્યું તેનાથી સદાવ્રત ચલાવ્યું છે. લાકડાની ભારીઓ રોજિંદા ઉપાડવાથી માથામાં ઘારાં પડી ગયેલ તે ધુંધળીનાથે જોયાં અને તેમનો ક્રોધ વેમાંડે ગયો. ફૂલ જેવા શિષ્યની આ દશા કરનાર ગામ અને ગામ લોકો ઉપર ગુરુનો ગુસ્સો ઊભરાયો. સિદ્ધનાથને કહ્યું કે તું જલદી, ગામમાં જા અને કુંભારણ બાઈને અત્યારે ને અત્યારે પાછું વાળી જોયા સિવાય જ્યાં જવું હોય ત્યાં રવાના થવા કહી આવ. તે રસ્તામાં પાછું વાળી ન જોવે તેમ કહેજે. સિદ્ધનાથે કુંભારણને સમાચાર આપી રવાના કરી અને ગુરુને આવીને જાણ કરી કે કુંભારણ બાઈ રવાના થઈ ગઈ છે.

ધુંધળીનાથનો ક્રોધ વધુ ને વધુ વધતો ગયો. ક્રોધમાં ને ક્રોધમાં પોતાનું કમંડળ ઊપાડ્યું, ઊંચું કર્યું અને ઊંધું પછાડ્યું. શ્રાપ આપ્યો કે, "પટ્ટણ સો દટ્ટણ" અને "માયા સો મિટ્ટી" ધુંધળીનાથ આટલું બોલ્યા ત્યાં તો ભયંકર ઝંઝાવાત સાથે ધરણી ધમધમવા લાગી, ભયંકર ધરતીકંપ થયો. આખું પાટણ નગર જમીનમાં ગારેદ થઈ ગયું. રાજા નાગ જેઠવો પણ મૃત્યુ પામ્યો.

કુંભારણે ભાગતાં ભાગતાં પાછું વળી જોયું તો તે પથ્થરની મૂર્તિ બની ગઈ. કોઈ કહે છે કે તેની પત્થરની પ્રતિમા હજુ પણ ઢાંક પાસે છે. (તો કોઈ એમ પણ કહે છે કે ભાવનગર પાસે રૂવાપુરી માતા બની હજુ પણ ત્યાં પૂજાય છે.) આ વાર્તા ઢાંક માટે પણ કહેવાય છે.

આ અનર્થ થયાનું જ્યારે ગિરનારના સિદ્ધોએ જાણ્યું ત્યારે તેમને લાગ્યું કે ધુંધળીનાથે મહા અનર્થ કર્યો છે. વિદ્યાને જગતના ભલા માટે વાપરવાના બદલે વિનાશ કાર્યમાં વાપરી, તેથી તેનો ભેખ ઉતરાવવામાં આવ્યો. ધુંધળીનાથે સમાધિ લીધી. માત્ર ક્રોધ કરવાના કારણે સંતનાં આદર્યાં અધૂરાં રહ્યાં.

રાજા નાગ જેઠવાનું મૃત્યુ થયું. પોતાના પુત્ર નાગાર્જુનને લઈને રાણી પોતાના પિયર કનોજ ગયેલ. આ વિનાશની વાત સાંભળી તે નાગાર્જુનને લઈને સિદ્ધનાથ પાસે આવી. તપ કરતાં સિદ્ધનાથને પ્રસન્ન કર્યા અને નવું નગર બાંધવા વચન લીધું. ઢંકાઈ ગયેલ નગરની બાજુમાં ઢાંક ગામ બાંધી નામકરણ કર્યું. નાગાર્જુને સિદ્ધનાથને નગર ફરતો કોટ કરવા અને તે કોટ સુવર્ણનો બનાવવા આજીજી કરી. સંતે કહ્યું કે તારી ઇચ્છા હશે તો હું સુવર્ણનો કોટ બનાવરાવી દઈશ પણ "તે તારો પ્રાણ અને રાજ લેશે." માટે વિચાર પડતો મેળ. પરંતુ નાગાર્જુનને તો લંકાની જેવો સુવર્ણ કોટ બનાવવો હતો. રાજહઠનો વિજય થયો. સિદ્ધનાથે સારવાણ કે સાલવાન રાજાની રાણી સોનને રાતના વખતે આકાશના માર્ગે ઢાંકમાં ઉતારી ઢાંકના કોટ ઉપર સોનરાણીને હાથ ફેરવવાનું કામ સોંપાયું. રોજ રાતના સોન રાણી તે પ્રમાણે ઢાંક આવે અને કોટને હાથ ફેરવે કે કોટ હાથના સ્પર્શ માત્રથી સુવર્ણનો કોટ બનવા લાગ્યો. આ કામ છ મહિના ચાલ્યું હશે ત્યાં આખો કોટ સુવર્ણનો થઈ ઝળાંઝળાં થવા લાગ્યો. છ મહિને સાલવાન રાજાને (શાલિવાહન) ખબર પડી. મોટું લશ્કર લઈ તે ઢાંક ઉપર ચડ્યો.

નાગાર્જુને સોનરાણીને સગી બહેનના પાવિત્ર્યથી સાચવી હતી. કોટ તૈયાર થઈ ગયો હતો. જોવા પધારવા સિદ્ધનાથને નાગાર્જુને વિનંતી કરી ત્યારે સિદ્ધનાથે આગમ ભાખ્યું કે સાલવાન ચડી આવે છે. કોટ જીતી લેશે, રણમાં તારું મૃત્યુ થશે. સોન રાણી તને ભાઈ કહી કામળી માંગશે ત્યારે તારું ધડ પડશે. ત્યાર પછી નાગાર્જુને સિદ્ધનાથની પાસે ભવિષ્ય પૂછ્યું.

સિદ્ધનાથે ભવિષ્યવાણી ભાખી. વિક્રમ સંવત ૨૧૦૦ સુધીમાં શું શું બનશે તેનું આગમ કહ્યું. આ આગમવાણીને ગ્રંથસ્થ કરવામાં આવી. તે ગ્રંથને 'ભુટાંગ' કહે છે. ઢાંક નગર વિ. સં. ૧૦૦૩, ઈ. સ. ૯૪૭માં વસ્યું હોવાનો તેમાં ઉલ્લેખ છે. સારવાણ (શાલિવાહન)ની ચડાઈ ઢાંક ઉપર વિ. સં. ૧૦૨૩માં થઈ હોવાનું તેનાથી જાણી શકાય છે.[૪૯] આ રીતે વિ. સં. ૧૦૦૩થી વિ. સં. ૧૦૨૩ વચ્ચેનાં વીસ વર્ષ સુધી નાગાર્જુન ઢાંકનો રાજા રહ્યો.

વળા હાથમાંથી છુટ્ટી જતાં જેઠવાઓએ ઢાંક વાળા રાજવંશને વસવાટ માટે આપ્યું. ત્યાં રાજધાની સ્થાપી. આજુબાજુનો પ્રદેશ જીતી રાજ્યમાં વધારો કર્યો.

વલ્લભી પછી વાળાઓ વળા તળાજામાં વસ્યા હતા. તળાજાના એભલવાળાઓ, વીરનર અને દાતાર તરીકે વખણાયા છે. તે રીતે તળાજાનો આ રાજવંશ ઊજળો છે.

જેતપુર ચાંપરાજવાળા પછી મુસલમાનોના હાથમાં ગયું. ધાનવાળાએ ઢાંકમાં ગાદી સ્થાપી. અણો વાળો તળાજા ગયા. ધાનવાળાના દશ પુત્રો થયા. અણો વાળાનો એભલ થયો, તેને પુત્ર હતો નહિ તેથી ધાનવાળાનો પુત્ર ઉગાવાળો ત્યાં દત્તક ગયો.

જગતમાં સમૃદ્ધિના શિખરે એકવાર બિરાજનાર વલ્લભી રાજવંશની રિયાસત ઢાંક અને તળાજા જેવી નાની બની ગઈ. રિયાસતના માલિક ધાનવાળા અને તેનો પુત્ર ઉગાવાળો રહ્યા. ટૂંકામાં કહીએ તો એક વખતના મહાન સામ્રાજ્યનો એકમાત્ર વારસ ધાનવાળા હતો. દિન પ્રતિદિન તેની રિયાસતોમાં પડતાં ગાબડાંથી તે ચિંતિત હતો.

તેમના સમયમાં સોરઠમાં રા'કવાટ રાજા હતો. કાળાવડમાં સિંધ-પંજાબમાંથી આવેલ અષ્ટક, પટગીર શાખાના, કાળા માંજરિયાનું સાત ચોવીશીનું રાજ્ય હતું.

સોરઠ ઉપરની સીરસા (પંજાબ)ના રાજવી વત્સરાજની ચડાઈમાં તે મરાયો અને તેના લશ્કરના કાઠી સરદારો, સોરઠમાં સ્થિર થયા હતા. કોઈ રિયાસત હજુ તેની પાસે હતી નહિ. પણ તેની પાસે લશ્કરી તાકાત હતી. તેનો સરદાર વિશાળ પટગીર હતો.

સૌરાષ્ટ્રમાં એક વધુ રાજવંશનું આગમન થયું. ઝાલાવાડમાં હરપાળદેવજી ઝાલાએ રાજસત્તા હાંસલ કરી હતી.

સિંધ કચ્છ સરહદ પર પાવરગઢ પરગણામાં રાજસત્તા સ્થાપી, લાંબા સમય સુધી તે ટકાવી રાખનાર કાઠી સરદારોને ત્યાંના કાયમના ટંટાફિસાદો અને ધિંગાણાઓ પછી, ખાસ કરીને લાખામાસીના યુદ્ધ પછી પાવરગઢમાંથી હટવું પડ્યું હતું. તે કાઠી ક્ષત્રિયોનો કાફલો થાન અને માંડવ વસી ત્યાં સ્થિર થયો હતો. આ કાફલાનો સરદાર અમરો પટગીર હતો. તેણે માંડવરાયની સ્થાપના કરી હોવાનું કહેવાય છે.

મુલ્કગીરીની ચહલ-પહલ સૌરાષ્ટ્રમાં થોડી વધુ વેગવાન દેખાવા લાગી હતી. ગોહિલ રાજવંશ સૌરાષ્ટ્રમાં સ્થાપિત થઈ ચૂક્યો હતો. સોરઠના રા'કવાટના વખતમાં મારવાડમાંથી આવી સેજકજીએ ગોહિલ-રાજવંશ પ્રસ્થાપિત કર્યો હતો.

આવાં રાજકીય પરિવર્તન ઢાંકના રાજા ધાનવાળાના મગજ ઉપર તનાવ પેદા કરતાં હતાં. તેના પૂર્વજોએ જેની દેશવિદેશમાં ખ્યાતિ પ્રસરાવી હતી તેવું સમૃદ્ધિવાન સામ્રાજ્ય વલ્લભીપુરમાં સ્થાપ્યું હતું. ઊજળી નીતિમત્તા, ન્યાય અને ધર્મસંપન્ન રાજ-વહીવટ સ્થાપ્યો હતો. વિદ્યાપીઠો અને દેવાલયોના ધ્વજો તેમના કીર્તિધ્વજો બન્યા હતા. સુખ અને સમૃદ્ધિની જ્યાં છોળો ઊછળતી હતી તેવું 'વલ્લભી' રોળાઈ ગયું હતું. વર્ષોની મહેનતનું સર્જન ધૂળમાં રગદોળાઈ ગયું હતું.

મૈત્રક રાજવંશના નિશ્ચિતપણે વારસદાર તરીકે ઇતિહાસે જેને સ્વીકારી લીધા છે તેવા વાળા રાજવંશે એક વધુ પ્રયાસ કર્યો. ઉજ્જડ વલ્લભીનાં ખંઢેરો પાસે તેણે વળા નગર વસાવ્યું. ચમારડી લીધું. ન્યાય-નીતિને ફરીથી પ્રગટાવી રાજ્યતંત્રને ઝળકાવ્યું. પણ કાળની ગતિ ગહન છે. વળા પણ હાથમાંથી છૂટી ગયું. તળાજાના રાજવિસ્તારમાં

મોટું સોરણ થયું. પોતાને જેઠવાઓના જૂના સંબંધની આડથી ઢાંક મળ્યું. નાનું એવું પરગણું ત્યાં ઊભું કર્યું તો જેતપુર મુસલમાનો સાથેની લડાઈમાં ખોવું પડ્યું.

રાજ્યની સ્થિરતા અને વિકાસ માટેની ધાનવાળાની તાલાવેલી તેને જંપવા દેતી ન હતી..ધીંગા સાથસહકાર અને સંગઠન સિવાય તેને તે શક્ય નહોતું જણાતું. તેણે પોતાના પૌત્ર વાળાજીને આવી વાતો અને આયોજન માટે પ્રેર્યો હતો.

ધાનવાળાએ અમરા પટગીરની પુત્રી ઉમાદે સાથે લગ્ન કર્યાં હતાં. અમરો પટગીર તાકાતવાન અને જૂથવાળો પુરુષ હતો. તેણે પાવરગઢનું પરગણું સ્થાપ્યું હતું. ધાનવાળાના પુત્રો વણારજી, ઉગાવાળા અને વળોચજીના સંયુક્ત પ્રયાસો સાથે અમરા પટગીરની તાકાતને જોડી કચ્છમાં એક વખત ઘણાં ગામો કબજે કર્યાં હતાં.

કચ્છમાં ભદ્રેસર આજુબાજુમાં ધાનવાળાના પુત્ર જલકસની સારી એવી જાગીર ઊભી કરી હતી. કચ્છમાંથી ચાવડાઓનું જોર ઓછું થયું ત્યાં સમાઓએ સિંધમાંથી આવી પગપેસારો કર્યો. તેના અંદરોઅંદરના માથાકાપ ઝઘડાઓએ કચ્છની શાંતિને હણી લીધી હતી.

ધાનવાળાને દશ દીકરા હતા.

૧. વણારજી : તેમને રજપૂતમાં પરણાવ્યા હતા. તે સૌથી મોટા પુત્ર હતા. ઢાંકની ગાદી તેને આપવામાં આવી હતી.

૨. ઉગાવાળા : ધાનવાળાના પિત્રાઈભાઈ એભલવાળાને પુત્ર ન હોવાથી, ઉગાવાળા ત્યાં દત્તક ગયા.

૩. અરશીવાળા : તેઓ વાંકાનેર તરફ વસ્યા અને તેમના અરશીવાળા થયા.

૪. પીઠવોજી : આ બન્ને ભાઈઓ ખેતી અને કુટુંબજૂથવાળા, પંચાળના કોળી કુટુંબોમાં પરણ્યા. તેમનાથી કોળી વાળા થયા.

૫. કાનોજી : — એજન —

૬. વાઘજી : આ બન્ને સોરઠમાં આહીર કુટુંબોમાં પરણ્યા. અનુક્રમે તેમના વાઘોશિયા અને ચાંપોશિયા વાળા આહીર થયા.

૭. ચાંપરાજજી : — એજન —

૮. જસ : કચ્છમાં જાડેજામાં પરણ્યો. તેના જલકસવાળા થયા.

૯. વેરાવળજી : વિશળ પટગીરની પુત્રી રૂપાદે સાથે લગ્ન કર્યાં. પાવરગઢ ગાદી કરી.

૧૦. બાળેવાન : તે ચારણપુત્ર હતો. ધાનાવાળાએ તેને પુત્ર માફક ઉછેર્યો હતો. તેના અસુરાચારણ થયા.

સામાન્ય રીતે ધાનવાળાને નવ દીકરા જ ગણાય પરંતુ પાલકપુત્રનું નામ ઉમેરાતાં દશ ગણાય છે. ધાનવાળાના પુત્રોએ ધીંગાં કુટુંબો સાથે સંબંધો જોડ્યા જણાય છે. સૌથી નાના પુત્ર વેરાવળજીને વિશળ પટગીરની પુત્રી રૂપાદે સાથે પરણાવેલ હતો. ધાનવાળાને કાઠીઓની તાકાત, મક્કમતા, ખડતલપણું અને કષ્ટ સહન કરવાની અપાર શક્તિનો અનુભવ હતો. વાળાઓ અને કાઠીઓ ઉત્તર ભારતથી દક્ષિણ તરફ આવ્યા. વાળાઓ અને માલાઓ પૈકીના વાળાઓ ગુજરાત તરફ આવ્યા જ્યારે માલાઓ માળવામાં ગયા. કાઠી ક્ષત્રિયો સિંધમાં અને ખાસ કરીને મુલસ્થાન - મુલતાન આજુબાજુ સત્તા જમાવી રહ્યા. આ રીતે વાળાઓ અને કાઠી ક્ષત્રિયો બહુ જ લાંબા સમયે મળ્યા. તે બન્ને શાખાઓ વલ્લભીપુરના સમયમાં પણ અરસ-પરસના સહકારમાં હતી જ. તેમના જૂના સંબંધોની યાદમાં હોય કે પછી વાળાઓ મૂળથી કઠ-કટ્ટી શાખા સાથે સંકળાયેલા હોય, પણ સૌરાષ્ટ્રમાં એભલવાળા (છેલ્લા) આવ્યા ત્યારથી વાળાઓ પણ કાઠી ક્ષત્રિયો તરીકે ઓળખાયા જણાય છે.[૫૦]

આવું ઉદાહરણ આપણે ચાંપરાજવાળાની વાતમાં ઇતિહાસકારે ચાંપરાજવાળાને એભલ કાઠીનો દીકરો ચાંપરાજ કહીને સંબોધ્યો છે, તે જોઈ ગયા છીએ. વાળાઓ અને કાઠીઓ બહુ નજદીક રહ્યા હોવાનો આધાર - ઉલ્લેખ પણ ત્યાં - ત્યારે અપાયેલો છે.

ઢાંકના વાળાઓની રાજકુંવરીઓ પરણીને સાસરે જતી ત્યાં તે કાઠી રાણી કે કાઠીમા તરીકે ઓળખાયાના ખાત્રીભૂત આધારો કર્નલ વૉટ્સને આપ્યા છે. કાઠિયાવાડ સર્વસંગ્રહમાં તેણે પોરબંદર અને જામનગરમાં આ બાબતના સમર્થનમાં કાઠીમા કે કાઠીરાણીના મહેલ તરીકે ઓળખાતી ઇમારતો ટાંકી છે. કર્નલ વૉટ્સન, વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સીનો રાજકોટ ખાતેનો પોલિટિકલ એજન્ટ હતો. તેથી સૌરાષ્ટ્રમાં ઐતિહાસિક સંશોધનો કરવાની તેને સારી તક હતી. તે રાજ્યોના - રજવાડાઓના દફતરોથી પણ આવાં સંશોધનો કરી શકતો હોઈ કાઠિયાવાડ માટે તેણે કરેલાં ઐતિહાસિક સંશોધનો અને માહિતી અજોડ છે.

સૌરાષ્ટ્રમાં બહુ થોડા રાજવંશો હતા. તેઓ સાંસ્કૃતિક રીતે અરસપરસ સંકળાયેલા જ હતા. સોરઠનો ચુડાસમા રાજવંશ, વંથળીના વાળા રામના ભાણેજથી જ પ્રગટ્યો જણાય છે. દોલના મિંયાત બાબરિયાનાં બહેન ઘુમલીના ભાણ જેઠવાનાં રાણી હતાં. મિંયાત બાબરિયાનો પુત્ર વીરપુરુષ તરીકે ખ્યાત થયો છે. અરસપરસના લગ્નગ્રંથીના સંબંધો અનિવાર્ય છે. તે પછી પણ થોડા રાજવંશો સૌરાષ્ટ્રમાં આવ્યા પણ તે બહુ મર્યાદિત સંખ્યામાં તેથી આવા સંબંધોની તક બહુ સાંકડી તો હશે જ.

વર્ણવ્યવસ્થાના વહેવારો પછી જ્ઞાતિપ્રથા સ્થાપિત થતાં સારો વખત ગયો હશે. જે જ્ઞાતિઓ સ્થાપિત થઈ હતી તેમને પોતાના વર્તુળમાં જ સંબંધો પૂરા પડવા સાનુકૂળતા ઊભી થઈ નહિ હોય, લગ્નસંસ્થામાં ચોક્કસતા નહિ હોય તેથી તેમાં ચોક્કસતા ઊભી કરવી જરૂરી બની હશે.

લાખામાસીના યુદ્ધ પછી મદદે આવેલા મહેમાનોનું જૂથ હતું. તેને રોકીને સમાજ પુનઃગઠન અને સામાજિક સુધારાઓ માટેની વિચારણા થવાની તક ઝડપવાની વાળાજીને તાલાવેલી હતી. તેના દાદા ધાનવાળાએ તેને ગઠબંધનની તાકાત બાબત વારંવાર કહ્યું હશે અને મારવાડથી મદદે આવેલા કાળુસિંહ રાઠોડનું મન સૌરાષ્ટ્રમાં જ વીરમ્યું હશે તેથી સામાજિક પુનઃગઠન અને સામાજિક બાંધાઓ બાંધવા તેમનો પણ પ્રસ્તાવ હતો.

યુદ્ધ પછી બે દિવસનો આરામ આપી, રાઠોડ રાજ કાળુસિંહના અગ્રસ્થાને હાજર મહેમાનો ઉપરાંત બીજા જરૂરી મહેમાનોને નોતરી ડાયરો ભેગો થયો. પલટાતા પ્રવાહો અને ત્યારની સમયોચિત સામાજિક બાબતો માટે વિચારવામાં આવ્યું. તેમાં વળાનો વાળા રાજવંશ સૌરાષ્ટ્રમાં વસ્યો તેમાંના ઘણાખરા તો યુદ્ધમાં મદદે હતા જ. તેમના બધાના વતી વાળા રાજવંશના છેલ્લા રાજા ધાનવાળાની પ્રેરણાને અમલી બનાવવા, ધાનવાળાના પુત્ર અને પૌત્રની સમાજ પુનઃગઠન અને સુધારાની ઇચ્છા - પ્રેરણા આ પ્રસંગને હતી તેમ જણાય છે. તેથી બધા જ સમાજ આગેવાનોની હાજરી સારી હશે.

અત્યારની માફક લાંબાં લાંબાં ભાષણો કરી બીજાને સમજાવનાર પોતે જ ન સમજે તેવો તે સમય ન હતો. બોલવાનું થોડું રાખી નક્કી થાય તે બાબતોનો અમલ દઢતાથી કરવાનો તે જમાનો હતો. માણસના બોલની ત્યારે કિંમત હતી. મર્દના બોલ ઉપર - મૂછના વાળ ઉપર જામીન ખતા થતાં, એટલે શું ચર્ચાઓ થઈ તે બાબત ઊંડા ઊતરવાની જરૂર નથી પણ ડાયરાએ લીધેલા નિર્ણયો અનુસારના બાંધા બંધાયા તેનો સાર એવો હતો કે -

૧. સંગઠનમાં જોડાનાર બધા જ કાઠીસમાજના અનુસંગી હોવાથી હવે તે બધા કાઠી ક્ષત્રિયો તરીકે ઓળખાશે.

૨. કાઠી સમાજના બે પેટાવિભાગો રહેશે. જે શાખાયત અને અવરતિયા તરીકે ઓળખાશે.

   ૧.બધા જ વાળાઓ સાખાયત વિભાગમાં રહેશે.[૫૧]

   ૨.રાઠોડ, ચૌહાણ, પરમાર, ચાવડા વિ. રાજવંશોના સામેલ થયેલાઓ, ચભાડ, બાબરિયા અને બોરીચા અને 'અષ્ટક' શાખાના ક્ષત્રિય - રાજપૂતો અવરતિયા શાખાના ગણાશે.

૩. શાખાયત શાખા, દીકરા - દીકરીનાં લગ્ન, માત્ર અવરતિયા શાખામાં જ કરશે. જ્યારે અવરતિયા શાખાના દીકરા-દીકરીઓનાં લગ્ન માત્ર શાખાયત શાખામાં જ કરવાનાં રહેશે.

૪. શાખાયત કે અવરતિયા શાખાઓએ આ લગ્નાદિક વહેવારો અરસપરસ સિવાય બીજે ક્યાંય કરવા નહિ.

૫. ટિલાયતને રાજગાદી આપવાની પ્રથા બંધ થશે. બધા જ કુંવરોના ગરાસમાં સરખા ભાગ રહેશે.

૬. ખાંડાથી પરણવાની પ્રથા બંધ પાડવી. હથેવાળે જ લગ્ન થશે.

લેવાયેલ નિર્ણયોથી બાંધા બંધાયા. તેના થોડાક જૂના દુહાઓ મળે છે. તે નીચે પ્રમાણે છે :

૧. *કાઠે[૫૨] નામ ધરાવીયા, પરણેતર એમ થાય,*
હથેવાળે ભૂપત[૫૩] હવે, જે પરણે તે થાય.

૨. *ટિલાયત ભૂપત નહિં, સરખાં ભાગ સદાય,*
અવરતિયા ભાયુ સરવ, સગપણ તીંયા ન થાય.

જેતપુર દરબારોના વહીવંચા અમરનગરના રામભાઈ બારોટના ચોપડા ઉપરથી જુદા પાઠના મળેલા જૂના દુહાઓ :

૧. *પરણવા ખાંડું નહિં, હથેવાળે હોય,*
સરખા પાટા ગીરાસરા, નહિં ટિલાયત કોય.

૨. *બંધ અરસ પરસ બાંધીયા, સરવે ધરીયા શીર,*
વાળો કાઠીમાં વર્યા, સવંત બાર ચાલીસ.

(આ દુહાનો અર્થ એવો થતો જણાય છે કે જે અરસ-પરસ બાંધા બાંધવામાં આવ્યા તેને બધાએ માથે ચઢાવ્યા - એટલે કે માન્ય રાખ્યા. સંવત બાર ચાલીશમાં વળોચજી કાઠી એટલે કે અવરતિયામાં વર્યા તેનો આગોતરો અમલ થયો ગણાવ્યો જણાય છે.)

આ રીતે નક્કી કરવામાં આવેલી બાબતો ડાયરાએ માન્ય રાખી. તેનો અમલ કર્યો અને થોડા અપવાદો સિવાય તે પ્રથા છેલ્લાં સાતસો વર્ષથી અત્યાર સુધી ચાલી છે - હજુ ચાલુ રહી છે.

"શાખાયત અને અવરતિયા કાઠીની મુખ્ય બે જાતિના રિવાજ સામંતશાહી ઐતિહાસિક સમયના ખૂબ જ રસપ્રદ છે. ભાગ્યે જ બીજાઓને તેનો ખ્યાલ આવશે, તે આધુનિક લોકશાહીના નમૂનારૂપ હતા." "મિલ્કતની સામાજિક રીતે સમાનતાવાળી તે વહેંચણી હતી અને તે સૌથી મોટા પુત્રને વારસદાર ગણવાની પદ્ધતિથી વિરુદ્ધની હતી."[૫૪]

ઉપરનું કૅપ્ટન બેલનું કથન ઘણું કહી જાય છે. આ પદ્ધતિથી શાખાયત અને અવરતિયા શાખાઓના હાથ એક ભાણામાં આવ્યા ગણી શકાય. શાખાયત શાખા ગિરાસદાર હતી તેથી અવરતિયાને ત્યાં પુત્ર કે પુત્રી વરાવ્યા - પરણાવ્યાથી તેમના નિભાવની જવાબદારી મોટા ભાગે શાખાયત વિભાગ ઉપર રહી હતી. તેના કારણે બન્ને શાખાના હાથ એક ભાણામાં રહ્યા ગણાય. સંબંધિત અવરતિયાને જિવાઈમાં રોકડ કે જમીનો મળતી હતી. તેનાથી સંઘભાવના વધી હતી. સંગઠિત થવાના કારણે અરસ-પરસ એકતા અને આત્મીયતા ઉપરાંત વિશ્વાસ વધ્યાં હતાં. અને તેને કારણે જ

સૌરાષ્ટ્રમાં કાઠી ક્ષત્રિયો, આ જોડાણ પછી ૬૦૦થી વધુ ગામોનો ગરાસ - જાગીરદારી હાથ કરી શક્યા હતા.

રાજપૂત રાજાઓની તાબેદારીના કારણે હોય કે ગમે તે પણ, કર્નલ વૉટ્સન જેને તે અર્વાચીન વાળાઓ કહે છે તેની પાસે ગરાસ વધવાને બદલે ઘટ્યો છે. એક પણ નાનો એવો અખત્યારી તાલુકો સને ૧૯૪૭ પહેલાની બ્રિટિશ હકૂમતને ચોપડે કાઠિયાવાડમાં તેમને ખાતે નોંધાયો જણાતો નથી.

કાઠિયાવાડ સર્વસંગ્રહમાં તેના લેખક કર્નલ વૉટ્સન વાળા રજપૂતો કાઠીમાંથી નીકળ્યાનું સિદ્ધ માને છે.[૫૫] જે હોય તે, પણ માત્ર વેરાવળજી (ઉર્ફે વળોચજી) એક માત્ર કાઠીઓ સાથે લગ્નાદિક સંબંધથી જોડાયેલ હતા તે વાતને કર્નલ વૉટ્સનના લખાણથી રદિયો મળતો જણાય છે.

કર્નલ વૉટ્સનનું કહેવું છે કે "હાલમાં આખા પ્રાંતમાં એક વાળા રજપૂત તો દશ વાળા કાઠી એ પ્રમાણ એ બે જાતો વચ્ચે છે. ને વાળોજી, જેમના નામ ઉપરથી એ કાઠીઓનું નામ પડ્યું છે તે વેરાવળજીના દીકરામાંનો એક હતો."[૫૬]

એટલે હકીકતે જો વેરાવળજી વાળા એક જ કાઠી સાથે લગ્નાદિક સંબંધોથી જોડાયા હોય અને તેના પુત્ર વાળાજીથી કાઠીઓની વાળા શાખા ચાલી હોત તો કાઠીવાળાઓ રાજપૂત વાળાઓથી દશ ગણા હોઈ શકત નહિ પણ દશમા ભાગના હોત તે સામાન્ય અને સમજી શકાય તેવી બાબત છે. હિસ્ટ્રી ઑફ ગુજરાતમાં પણ તેના લેખક જૅમ્સ કૅમ્પબેલ પણ તેમના ઇતિહાસમાં કાઠીઓ અને વાળા રાજપૂત ઉત્તર પ્રદેશમાંથી આવેલા તરીકે હિંદુસ્તાનમાં ગણાતા હોવાનું લખે છે. કાઠિયાવાડમાં કાઠીઓ વસ્યા તેની આગેવાની વાળા રજપૂતોએ લીધી તેમ જણાવી, મુખ્યત્વે કરીને વલ્લભીના વિનાશ પછી વાળાઓનો મોટો જથ્થો કાઠીઓમાં ભળી ગયો તેવો ઉલ્લેખ ફૂટનોટ ૮-૯માં પાન નં. ૯૯-૧૦૦માં કરતા જણાય છે.

આ ઉપરથી સ્પષ્ટ થતું જણાય છે કે ફક્ત દશમા ભાગના વાળા રજપૂતો કાં તો નવા સંગઠનમાં જોડાયા નહિ હોય અથવા તો જોડાયા પછી ગમે ત્યારે તેમાંથી છૂટા પડી પાછા ગયા હશે અને તેમને કર્નલ વૉટ્સને તેથી નવા વાળા ગણ્યા હોય અને ઢાંકની કુંવરીઓને પોરબંદર અને જામનગરમાં કાઠિયાણીમા કહેવા પાછળ પણ આજ કારણ હોવાનું અનુમાન કરી શકાય છે.

જે હોય તે સમય બદલાતો જાય છે. જ્ઞાતિવિહીન સમાજરચના તરફ સારોય દેશ ઢસડાતો જાય છે ત્યારે જૂના વિભાજનમાં બહુ ઊંડું ઊતરવું જરૂરી નથી.

વાળા રાજવંશના કાઠી વાળાઓના નામકરણમાં આવતાં નામોની પદ્ધતિ નોંધવી યોગ્ય લાગે છે.

પહેલાંના જૂના સમયમાં સૂર્યવંશીઓમાં નામની પાછળ 'આદિત્ય' (સૂર્ય) પ્રત્યય લગાડીને નામો બનતાં હતાં. જેમકે વાળાદિત્ય, દેવાદિત્ય, વિક્રમાદિત્ય વિ.

પછીથી, એટલે કે વલ્લભીના પતનકાળ પછી શરૂ થયેલ વાળા રાજવંશમાં એભલવાળા, ઉગાવાળા, માણાવાળા, માંગડાવાળા જેવાં નામો આવ્યાં. ઉપરાંતમાં ઉપર બતાવેલ નામ પાછળ આદિત્ય પ્રત્યયવાળી પદ્ધતિને સ્થાને 'સુર' પ્રત્યય લગાડવાની પ્રથા ચાલી. જેમકે દેવસુર, વાજસુર, હરસુર રામસુર. આ નામોમાં પણ સુર પ્રત્યય સૂર્યવાચક છે. આ પ્રથા હજુ પણ કાઠીવાળા રાજવંશમાં સંપૂર્ણપણે ચાલુ છે. જ્યારે જેઓ જુદા પડ્યા હશે તેવા નવા વાળાઓમાં હવે ઉપર બતાવેલ બે પ્રકારનાં નામો પૈકીનાં કોઈ નામો પડતાં જોવામાં આવતાં નથી. ફક્ત નામની પાછળ જી કે સિંહ લગાડીને નામો બનતાં લાગે છે.

સાતસો વર્ષ પહેલાં, શાખાયત અને અવરતિયા શાખાઓનું ઘડતર થઈ, માત્ર અરસપરસ જ લગ્નો કરવાની પદ્ધતિ શરૂ થઈ. સંગઠન દ્વારા ઐક્ય અને તેમાંથી એકબીજા તરફ વિશ્વાસ પ્રગટાવી, સમૂહગત આત્મવિશ્વાસનો-વિકાસનો પૂર્વજોએ કરેલો પ્રયાસ સંપૂર્ણપણે સફળ થયો ગણાય.

સાતસો વર્ષથી તે પદ્ધતિ ચાલુ રહી. છેલ્લા સૈકામાં તેમાં અપવાદો નોંધાયા છે. રાજવંશોના પુનઃગઠનથી લેવાયેલા નિર્ણયો સમયના પરિવર્તન સાથે પરિવર્તિત થયા જણાય છે છતાં તે નોંધવું જરૂરી છે કે સાડા સાતસો વર્ષ સુધી નિર્ણયો અકબંધ રહ્યા હતા.

જસદણના મર્હૂમ દરબારસાહેબ આલા ખાચર તરફથી યુગનાં એંધાણ પારખી ક્ષત્રિય સંગઠનનાં બીજરૂપ આવો પ્રથમ પ્રયાસ થયો. તેઓ સાહેબે, જુબલનાં કુંવરી માધવાદેવી સાથે લગ્ન કરી પ્રથમ સુધારાની શરૂઆત કરી. ત્યાર પછીની તેમની બે પેઢી તેમને અનુસરી છે. મર્હૂમ દરબાર શિવરાજકુમારે વડોદરાના શ્રીમંત સરકાર મહારાજ પ્રતાપસિંહજીસાહેબનાં કુંવરી પ્રમીલાબા સાથે લગ્ન કર્યાં. તેમના યુવરાજ અને હાલના દરબાર સત્યવિજયસિંહજીએ વડોદરાના શ્રીમંત ગાયકવાડ રણજિતસિંહજીનાં કુંવરી સાથે લગ્ન કર્યાં છે.

બીજા રાજવંશી રાજકુટુંબો સાથે લગ્નગ્રંથીથી જોડાવાની આ નવી પદ્ધતિ આગળ વધી છે. જેતપુર-પીઠડિયા દરબારસાહેબે પણ ચૌહાણ રાજકુમારી સાથે લગ્ન કર્યાં હતાં. બીલખાના રાજવી જસવંતસિંહજીસાહેબે ભારત સરકારના તે વખતના બ્રાઝિલ દેશના એલચી તેવા મંડીના મહારાજાની કુંવરી સાથે લગ્ન કર્યાં હતાં. ચાંપરાજપુરના યુવરાજ શ્રી જયવંતસિંહ, વડીયાના મર્હૂમ દરબાર સા. વીરાવાળા, વિ. એ પણ બહારના રાજવંશોમાં લગ્ન કર્યાં હતાં. બગસરાના રાજકુમારોએ સૌરાષ્ટ્રના રાજવંશીઓમાં લગ્ન કર્યાં છે. રાજકુમારીઓનાં લગ્નો આ રીતે થયાના પણ દાખલાઓ નોંધાયા છે. નવા જમાનાની નવી હવાથી શરૂ થયેલ પ્રયાણ કેટલું આગળ વધે છે તે જોવાનું રહ્યું. જ્યારે સમગ્ર દેશમાં, જ્ઞાતિવિહીન સમાજરચનાનાં મંડાણ થવામાં હોય ત્યારે યુગબળને કોઈ રોકી શકતું નથી.

વિક્રમ સંવત ૧૩૭૭માં લાખામાસીના યુદ્ધવિરામ પછી, જે સમાજ પુનઃગઠન

અને સુધારાના જે નિર્ણયો લેવાયા તેમાં આપણે જોઈ ગયા કે (૧) શાખાયત શાખા અને (૨) અવરતિયા શાખાનું નિર્માણ થયું.

૧. શાખાયત શાખા : તેમાં 'વલ્લભી' ભંગ પછી પ્રગટેલો વાળા વંશ - એકમાત્ર 'વાળા વંશ'ને લેવામાં આવેલ હતો. તેમની અસલિયત જાળવી રાખવા તેઓ **મૂળ વાળા શાખાના છે તે બતાવવા તેમને શાખાયત કહ્યા છે.**

અવરતિયા શાખામાં એકથી વધારે રાજવંશોને સ્થાન અપાયું હતું તે નીચે મુજબ છે :

૨. અવરતિયા શાખા :

૧. રાઠોડ (ધાધલ) મારવાડના રાઠોડ રાજવંશના કાળુજી હતા. તે ધાધલજીના વંશના હતા તેથી તેમના વારસો ધાધલ કહેવાણા. એટલે આપણે કાળુજીને નવા ગઠબંધનમાં કાળા ધાધલ તરીકે ઓળખશું. તેની ૧૪ શાખા થઈ.

૧. બાંભાણી, ૨. ધધાણી, ૩. ઝાંઝરિયા, ૪. ઝીલરિયા, ૫. તોરિયા, ૬. રેફડિયા, ૭. વીરમકા, ૮. હાળીકા, ૯. સારવળા કે સરવડા, ૧૦. માલાણા, ૧૧. ધ્રાંગડિયા, ૧૨. પંખારાડિયા કે પાંખરોડિયા, ૧૩. મોકશિયા, ૧૪. ખરેડિયા.

આ ચૌદ શાખા પૈકીની એક શાખા પાછળથી નવી થયેલ છે જ્યારે મૂળ ૧૩ શાખા શરૂઆતમાં હતી.

દોહા

૧. પ્રથમ સુર સંઘવ, બીઓ બંગણહાર નરેસર,
એડા રાય રાઠોડ, ચેતકરા દાનેસરા.

૨. જળખેડીયા, કમધજ, ધાનડુબડીયા, પરધરા,
વાજા, વાઢેલ, કહાં પીઠ કોટેચા.

૩. જમના ત્રઠે જોજડા, ખેડે હાથ સવતનરા,
એટલી શાખ ઉપાવતાં, તેર શાખ રાઠોડ તવાં.

૪. કાળો બોલ્યો કેમ ધનુ, પરધર હંદો મોડ,
વાળા-ધાધલને હુઈ સગપણ હુંદી જોડ.

૨. પરમાર : પરમારો અવરતિયા શાખામાં ગણાયા. તેની આઠ શાખા થઈ.

૧. જેબલિયા, ૨. બાયલ, ૩. વીંછિયા, ૪. માલા, ૫. મૈત્રા, ૬. કોડિયા, ૭. ખાડક, ૮. બસિયા.

એક હકીકત અહીં નોંધવી જરૂરી જણાય છે કે -

સૌરાષ્ટ્રમાં જેઠવા, વાળા અને ચુડાસમા રાજવંશો બહુ જૂના છે.

વાળા અને કાઠી રાજવંશોએ રાજવંશોનું પુનઃગઠન વિ. સં. ૧૩૩૩માં કર્યું ત્યારે કાઠી રાજવંશમાં રાઠોડ, ચૌહાણ, પરમાર વગેરે રાજવંશોનાં કુટુંબો જોડાયાં હતાં. બાબરિયા, ચભાડ, વાઢેર વગેરે રાજપૂત શાખો પણ કાઠી રાજવંશમાં સામેલ થઈ હતી.

બહુ જૂના રાજવંશો સાથે વાળા અને કાઠી રાજવંશોને લગ્નાદિક સંબંધો વિ. સં. ૧૩૩૩માં સાખાયત - અવરતિયાનું વિભાગીકરણ થયા પહેલાં ચાલુ હતા.

ચુડાસમા વંશનો મૂળ સ્થાપક ચંદ્રચુડ હતો. ચંદ્રચુડની રાણી કાઠીવંશની સૂર્યપૂજક હતી.[૫૭]

"વાઘેલી જેઠુઈ, કાછ વાળી કઠિયાણી;
સાલકણ પરમાર, મરે ગોહેલ મકવાણી,
બાબરી આણી બેહ ચિઆરે ચાહુડી ચવિજે
કાઈ અખિ કિસુરી, ત્રણિ રાઠોડિ તવિજે,
ખેંગાર મરણે પ્રતિવત ખરી, ચાલે અગનિ જાળ ચડી;
બાવીશ રાજકુંવરી સોત, કીધું જમહરદેવડી." - ૨૨

"વાઘેલી, જેઠવી, કચ્છની કાઠિયાણી, સોલંકણી, પરમાર, ગોહિલ અને મકવાણી રાણીઓએ આ રીતે ચિતારૂઢ થઈ મરી, સાથે બે બાબરિયાણી, ચાર ચાવડી, બે કિશોર શાખની, ત્રણ રાઠોડી કહીએ. આ રીતે બાવીશ રાજકુમારીઓ સાથે રાણકદેવીએ ચિતારોહણ કર્યું અને અગ્નિજ્વાળા પર આરોહીને આ લોકત્યજી પરલોકમાં ચાલી."[૫૮]

આ રીતે કાઠી રાજવંશની કુમારીનો ઉલ્લેખ રા'ખેંગારની સતી રાણી તરીકે થયેલો છે.

પોરબંદર અને નવાનગરમાં કાઠી માના મહેલ હોવાનો ઉલ્લેખ કર્નલ વૉટ્સને તેના કાઠિયાવાડ સર્વસંગ્રહમાં કર્યો જ છે. જેઠવા અને નવાનગરના જાડેજા કુળ સાથે પણ લગ્નાદિક સંબંધો હોવાનું આ ઉપરથી ફલિત થાય છે.

વઢવાણના વાઘેલા રાજવીના રાણી ચભાડ શાખાના સાયલાના રાજવીનાં કુંવરી હોવાનો ઉલ્લેખ ઇતિહાસો કરે જ છે.

વિ. સં. ૧૩૩૩માં ઉપર કહેલ રાજવંશોના પુનઃગઠનના પ્રસંગે, સાખાયત અને અવરતિયાના બે વિભાગો થયા. તે બન્ને વિભાગો માત્ર અરસપરસ જ લગ્નાદિક વહેવાર કરે. અન્યત્ર ક્યાંય વરણ-પરણ ન કરવા બાંધો થતાં અન્ય રાજપૂતો સાથેના લગ્નાદિક સંબંધો સ્થગિત થયા.

સાતસો-સાડા સાતસો વર્ષ સુધી આ રીતે લગ્નાદિક સંબંધ અંગેનો બાંધો જળવાયો. ચુસ્તપણે જળવાયો પણ છેલ્લાં પોણોસો વર્ષથી તેનો અમલ ઢીલો પડ્યો છે અને બીજા રાજપૂત રાજવંશોમાં આવા સંબંધો શરૂ થયા છે તે હકીકત અન્યત્ર જણાવી છે.

૩. **ચૌહાણ :** પરમારો અવરતિયા શાખામાં ગણાયા. તેની છ શાખા થઈ.

૧. શેખવા - શેખાવ

૨. વેગડ

૩. ભીસરિયા

૪. વાંક (અમર અરણવ મુજબ)

૫. જળુ

૬. સોંસર

દુહો

ઝેકડીયા વેગડ જળુ, સોંસર, ભીંસરિયા
માલે બાધા મુળવા સગળાય સોનગરા.

બોરીચા મૂળ ભૂરેચા તરીકે ઓળખાતા. કર્નલ ટોડે ભૂરેચાને ચૌહાણની ૨૪ શાખામાં લીધેલ છે જે સૌરાષ્ટ્રમાં આવ્યા ગણાય છે. અબુલ ફઝલે આઈ-ને-અકબરી (ઈ. સ. ૧૫૯૦)માં નોંધ કરી છે કે સોરઠમાં "કાઠીઓની સાથે બોરીચા કોમ નજદીકમાં વસે છે. તેમની પાસે ત્રણસોનું હયદળ અને તેટલું જ પાયદળ છે." (કર્નલ વૉટ્સન.) આગળ ઉપર આ બોરીચાઓ ૧. કાઠી. ૨. બોરીચા જાત અને ૩. બોરીચા આહેર તરીકે વિભાજિત થયા લાગે છે.

અમરનગરના વહિવંશા બારોટ તેમના ચોપડા ઉપરથી મવડીના ખાધા કુટુંબને બોરીચા ગણે છે.

૪. **વાઢેર :** વાઢેરો અવરતિયા શાખામાં ગણાયા. તેની ત્રણ પેટાશાખ થઈ.

૧. ગીડા. ૨. તિતોસા. ૩. તગમડિયા.

૫. ચભાડ રાજપૂતો : ચભાડો અવરતિયા શાખામાં ગણાયા. તેમાંથી પેટાની માહિતી મળતી નથી. પણ આ ચભાડો ૧. ચાભાડ ૨. બાબરીયા તરીકે ઓળખાયા.

આ બાબરિયા બાબરિયાવાડના બાબરિયાઓથી જુદા છે. તેઓ બગસરા-અમરેલી વિસ્તારમાં વસે છે.

૬. ઝાલા રાજપૂત : ઝાલાઓ અવરતિયા શાખામાં ગણાયા. તેમની પેટા-શાખાઓ:

૧. ઝાલા, ૨. ખવડ, ૩. મકવાણા.

૭. અષ્ટક કોમ : પંજાબમાં કુર્માચલ પ્રદેશમાં વસનાર અને મહાન સિકંદરના દાંત ખાટા કરનાર આ કોમ પોરસ અને અભિસારના સંયુક્ત આક્રમણને ખાળી નહિ શકતાં દક્ષિણમાં પાછી હટી મુલતાન, કચ્છ થઈ સૌરાષ્ટ્રમાં આવી તે કઠ, કટ્ટી, કાથાઈઓઈ, હસ્તી વિ. અનેક નામે ઓળખાયા પછી સૌરાષ્ટ્રમાં તેમને કાઠી તરીકે ઓળખવામાં આવ્યા છે. પંજાબમાં ઘણી ક્ષત્રિય જાતિઓએ રાજસત્તા જમાવી હતી. તે પૈકીની એક આ છે.

'અષ્ટકો'માં આઠ પેટાશાખાઓ હતી. તેઓ અવરતિયા શાખાના ગણાયા :

૧. પટગીર, ૨. પાડવા, ૩. માંજરિયા, ૪. નાટા, ૫. નરેડ અથવા જાતવડા, ૬. તોહરિયા, ૭. ગોરીવા, ૮. ગુળિયા.

૮. **બાબરિયા :** તેઓ અવરતિયા શાખામાં ગણાયા. તેમની મુખ્યત્વે ત્રણ શાખા છે.

૧. કોટીલા, ૨. વરૂ, ૩. ધાંખડા.

આ ત્રણેય બાબરિયાની મુખ્ય શાખાઓ પોતાની શાખાને તારવી અન્ય શાખા સાથે લગ્નાદિક વહેવાર રાખે છે. જ્યારે અવરતિયા શાખાની માફક તેઓ શાખાયત શાખા સાથે પણ આ વહેવાર રાખે છે.

તેમની ઉપરોક્ત ત્રણ શાખ સહિત કુલ ૭૨ પેટાશાખ હતી. તે પૈકી માત્ર એકવીશનું અસ્તિત્વ જણાય છે. બાકીની શાખાઓ લય પામી છે. જે લય પામી છે તે શાખાઓમાંથી ૩૩ શાખાઓ તો સાવરકુંડલામાં જૂનાગઢના નવાબની જોરજુલમીભર્યા પાલિતાણાના કુંવરી માટેના હલ્લામાં તેનો બચાવ કરવાના કામે ખપી-ખૂટી છે. વિગતવાર હકીકત આગળ જોશું.

૯. **ચાવડા :** ચાવડાઓ અવરતિયા શાખામાં ગણાયા. તેઓની એકમાત્ર શાખ મૂળનામે ચાવડા કહેવાઈ.

અવરતિયા શાખામાં જે ૯ રાજપૂત શાખો ગણાઈ તેમાંથી ૪૮ શાખો થઈ. તે બધા અવરતિયા તરીકે ઓળખાયા. શાખાયત શાખામાં એકમાત્ર વાળાઓ જ હતા. આગળ કહ્યું તેમ વાળા શાખાની અસલિયતના કારણે તેઓ વાળા કહેવાયા. તેઓને માનવાચકમાં ગરઢેરા કહેવામાં આવે છે. ગોંડલના ભગવદ્‌ગોમંડળ શબ્દકોશમાં ૨૭૩૪મા ક્રમે તેનો શબ્દાર્થ કાઠી ગિરાસિયા કરવામાં આવ્યો છે.

અવરતિયા શાખાની ૯ રાજવંશી શાખોનો વિકાસ થતાં સંખ્યાબળમાં વિકાસ થયો છે. અવરતિયા શાખોમાં અત્યારે કહોર, ડાવેરા, મોયા, કાળિયા, બોરીચા, ખાધા, ડાંગર, ગીગઈયા, ખાખડિયા, મોડા, મયાત્રા, ગળચર, જાળિયા, ગોગળા વિ. ૧૦૧થી પણ વધુ અવરતિયા પેટાશાખાઓનાં નામો મળે છે. પરંતુ તેમાં ઘણી શાખા લય પામી છે. તેની કેટલીક શાખોના નામોચ્ચારમાં પણ ફેર આવે છે. તેથી અત્યારે તે બધી શાખોનો આ પુસ્તકમાં ઉલ્લેખ કરવો વ્યાજબી જણાતો નથી. કાઠી ક્ષત્રિય સમાજ આવી પેટાશાખાઓ જે અસ્તિત્વમાં છે તેનાથી સુપરિચિત પણ છે. ભવિષ્યમાં તે વિગતવાર નોંધવા પ્રયાસ થશે.

ઉપરાંતમાં, બાબરિયાઓની ઘણી શાખાઓ (જે ૬૦ આસપાસની ગણાય છે.) અવરતિયા પેટાશાખાઓમાં ઓતપ્રોત થયેલ છે. તે બન્નેને જુદી પાડવી પણ મુશ્કેલ જણાય છે. તેથી વધુ વિગતમાં જવું મુનાસિબ નથી જણાયું.

કાઠી ક્ષત્રિય સમાજનાં નામોની વિગત પછી 'ગરઢેરા' શબ્દનો શબ્દપ્રયોગ પણ લીધો છે. એક માહિતી અત્રે નોંધવા જેવી જણાય છે.

બીજા સમાજોમાં સાળા અને બનેવીના શબ્દપ્રયોગો થાય છે તે કાઠી ક્ષત્રિય સમાજમાં થતા નથી. કાઠી સમાજમાં સાળાના સ્થાને 'નાતાદાર' શબ્દ વપરાય છે અને બનેવી શબ્દના સ્થળે 'સંબંધી' શબ્દો વાપરવામાં આવે છે. જમાઈનો ઉલ્લેખ જમાઈ તરીકે નહિ પણ ભાણેજ તરીકે થાય છે. કૌટુંબિક સંબંધે જેને કાકા કહેવા પડે તેને માટે જ 'કાકા' શબ્દ વાપરવામાં આવે છે. તે સિવાય સંબંધોને કારણે આત્મીયતા બતાવવા 'કાકા' શબ્દ વાપરવાનો રિવાજ નથી. તેવા પ્રસંગે મામા શબ્દપ્રયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિ બીજાથી જુદી પડતી હોવાથી ઉલ્લેખ કર્યો છે.

સમાજ પુનઃગઠન અને સુધારાની કામગીરી થયા પછી સમાજનો વિકાસ થયો છે. શાખાયત શાખામાં માત્ર વાળા જ હતા. વેરાવળજી ઉર્ફે વળોરાજીને ત્રણ પુત્રો થયા. એક પુત્રી થયાં.

૧. હરસુરવાળા (વાળોજી), ૨. ખુમાજી, ૩. લાલુજી, ૪. એક પુત્રી થયાં તે માકબાઈ ઉર્ફે સોનબાઈ.

૧. હરસુરવાળા : તેમનાથી વાળા શાખા વિકસી. તેઓ વાળાજી તરીકે ઓળખાયા છે.

૨. ખુમાજી : તેમની ત્રીજી પેઢીએ ૧. નાગપાલ અને ૨. માણસુર નામે પુત્રો થયા.

૧. નાગપાલ : ના ખાચરજીથી તેમના વારસો ખાચર તરીકે ઓળખાયા.

૨. માણસુર : ના વારસો ખુમાણ તરીકે ઓળખાયા.

૩. લાલુજી : તેના વારસો લાલુ તરીકે ઓળખાયા.

તેની નવ શાખા થઈ :

૧. ભુવા, ૨. દેસા, ૩. સુવા, ૪. ગજિયા, ૫. વધવા, ૬. ભાદરવા, ૭. લુલા, ૮. નાકરા, ૯. દીનલા.

સુથા લાલુ ઘેર, નાકરો, સુવાણ, ભુપ દેશ ભુપાળ,
દિનલ ગજીયો, દેશપત, ગઢપત, રેસ ગોવાળ,
સાતભાયો ફોઝાસજી હુઈ એક હજાર
સંવત ૧૪૭૦ સર લીધું સરધાર,
હુવા લાલુ હાલારમાં, ભડવંકો ભોપાળ
કરમાલે ચોવીસ કીયા, યુદ્ધે આયુધ જમજાળ.

૪. દીકરી મોકબાઈ : ચોથુ સંતાન તે માકબાઈ સોનગરા ચૌહાણમાં પરણાવ્યાં. ત્યાં સોનબાઈ તરીકે ઓળખાયાં. તેમની જિવાઈમાં અપાયેલ ગામોમાં એક સોનગઢ કહેવાણું. તેમની ચોથી ધુણીએ[૫૯] જેબલિયા થયા. સૂરજદેવળની પૂજા સંભાળી સોનગરા ચૌહાણો જળુ કહેવાયા. સૂરજદેવળ સંભાળી તે ભગત તરીકે ઓળખાયા.

વાળા કાઠી રાજવંશના રજવાડાઓનાં રાજતિલક તેમના હાથે થતાં.

વાળા રાજપૂત રાજવંશ ઢાંકની ગાદીનું રાજતિલક પણ ત્યાં વસતી ઝળુ શાખાથી થતું હતું.

આ રીતે વાળા, શાખાયત શાખાનો વિકાસ થતાં તેની ચાર પેટાશાખા થઈ તે. ૧. વાળા, ૨. ખુમાણ, ૩. ખાચર, ૪. લાલુ. હકીકતમાં તો આ ચારેય શાખો વાળાની જ છે. વાળાનો વસ્તાર વધવા માત્ર ઓળખાણ માટે જ પેટાઓળખ માટે આ વિભાજન ગણાય.

પછીથી આ શાખાયત શાખામાં બીજી ત્રણ પેટાશાખો ઉમેરાણી.

મેવાડના રાજવંશના ફટાયા ૧. હઠીસિંગ, ૨. જોગાસિંગ અને માનસિંગ, ત્રણ ભાઈઓ રાજવંશી ગઠબંધન અને સુધારાના પછી વર્ષોમાં સૌરાષ્ટ્રમાં આવ્યા. આવવાનો હેતુ તો દ્વારકાની જાત્રા કરવાનો હતો પણ પૂર્વાપૂર્વના ઋણબંધનના કારણે અહીં જ રોકાઈ ગયા અને નવા રાજવંશમાં સામેલ થયા.

તેવો ગેહિલોત શાખાના મેવાડના રાજપૂત હતા. મેવાડમાં તેઓ સિસોદિયા કહેવાયા. ત્યાર પહેલાં તે ગેહિલોત તરીકે ઓળખાયા હતા. ગેહિલોત શાખા વલ્લભીના રાજવંશમાંથી નીકળેલી શાખા હતી. તેથી તે વાળા રાજવંશના જ ભાઈઓ ગણાય. તેથી આ ત્રણેય સિસોદિયા ભાઈઓને વાળા રાજવંશના પુનઃગઠિત ગઠબંધનમાં શાખાયત શાખામાં સમાવવામાં આવ્યા.

વળોચજીથી ઊતરી આવેલા વાળા વંશની સાથે તેઓ પણ અવરતી શાખા સાથે જ લગ્નાદિક સંબંધોથી જોડાયા. તેમનાથી ત્રણ શાખાયત શાખાની પેટાશાખાઓ નીકળી.

૧. હાટી : હઠીસિંગે માળિયામીંયાણા આજુબાજુમાં ચોવીશી સર કરી. તેમના વારસો હાટી કહેવાયા. તેમનામાં પણ શાખાયત અને અવરતિયા તેવી બે શાખા થઈ. તેમની અવરતિયા શાખા સાથે તથા મૂળ અવરતિયા શાખા સાથે તેમ બેવડો લગ્નાદિક સંબંધ રાખે છે.

૨. જોગિયા ખુમાણ : જોગીદાસના વારસો જોગિયા ખુમાણ તરીકે ઓળખાયા. તેઓ કુંડલાના ખુમાણોથી જુદા છે પણ શાખાયત શાખામાં ગણાયા છે. તે લગ્નવહેવાર માત્ર અવરતિયા શાખો સાથે જ કરે છે.

૩. મન ખુમાણ : માનસિંહના વારસો મન ખુમાણ તરીકે ઓળખાયા. તેઓ માત્ર અવરતિયા શાખા સાથે જ લગ્નવહેવાર કરે છે.

આ રીતે વાળાઓ સાથે ત્રણ વિશેષ નવી શાખાઓ જોડાતાં શાખાયત શાખામાં સાત શાખાઓ થઈ.

વખત જતાં વાળા શાખામાં ઘણી પેટાશાખાઓ અસ્તિત્વમાં આવી તે નીચે પ્રમાણે છે:

૧. વાળી શાખાની પેટાશાખાઓ

૧. વિરાણી, ૨. જૈતાણી, ૩. કાનાણી, ૪. ભાયાણી, ૫. ઠેબાણી, ૬. મોકાણી, ૭. લુણાણી, ૮. નાજાણી, ૯. આલાણી, ૧૦. ધાનાણી, ૧૧. શેલારકા, ૧૨. વજમલકા, ૧૩. હરસુરકા, ૧૪. હુદડ, ૧૫. ગોવાળિયા, ૧૬. વિક્મા, ૧૭. ભોજક, ૧૮. આલેગા, ૧૯. કાગડા, ૨૦. વાયખા, ૨૧. વજશીકા, ૨૨. ડેરૈયા, ૨૩. કરપડા, ૨૪. રાદડિયા, ૨૫. ફાડદંગિયા, ૨૬. કાઠીપેટ, ૨૭. મેરામકા, ૨૮. મોણકા, ૨૯. સાગદી, ૩૦. કસ્તુરિયા, ૩૧. બુટવા, ૩૨. બોઘરા, ૩૩. કાંધાણી.

૨. ખાચર શાખાની પેટાશાખાઓ

૧. ભોપાણી, ૨. દાંડ, ૩. ઝોબાવી, ૪. આણંદપરા, ૫. મારખિયા, ૬. બાબરિયા, ૭. સોમાસરિયા, ૮. વાશિયા, ૯. કુડલિયા, ૧૦. રામાણી, ૧૧. નાનાણી, ૧૨. સુરગાણી, ૧૩. તાજપરા, ૧૪. નાગાણી ઉર્ફે કુરડિયા, ૧૫. ગોદડકા, ૧૬. ઠેબાણી, ૧૭. કન્દુવાળિયા, ૧૮. ચામુંડિયા, ૧૯. સાગુયા, ૨૦. સાપરા, ૨૧. મોકાણી, ૨૨. કાલાણી, ૨૩. રોજમાળિયા, ૨૪. નીલવળા, ૨૫. હીયા, ૨૬. ખારા, ૨૭. રોડિયા, ૨૮. ભાયાણી.

૩. ખુમાણ શાખાની પેટાશાખાઓ

૧. ગીલાણી, ૨. હીપાણી, ૩. લોમાણી, ૪. નાગસુરકા, ૫. દેખાણી, ૬. નાગપાલકા, ૭. લુણાણી, ૮. ભોજગાણી, ૯. વડવાળા, ૧૦. સોયાપેટ, ૧૧. ચાંદસુર, ૧૨. મોટિયાર, ૧૩. લુણસર, ૧૪. માંગાણી, ૧૫. ચાંદુ, ૧૬. જમ્મર, ૧૭. જાળિયા, ૧૮. મન, ૧૯. તોતળા, ૨૦. વિસામણકા, ૨૧. વડદડ, ૨૨. જોગિયા, ૨૩. સાવરિયા, ૨૪. ચાંદડ, ૨૫. સેત્રાણી.

આ પચ્ચીસ શાખામાં ક્રમ ૧૮ ઉપર મન અને ક્રમ ૨૨ ઉપર જોગીયા પેટા-શાખાઓ નોંધાણી છે તે દુબારા થઈ જણાય છે.

(સંપાદક : શ્રી કનુભાઈ વી. ખાચર, પાળિયાદના સૌજન્યથી)

ઢાંકમાં વસતાં કાઠી કુટુંબો

શાખાયત	અવરતીયા
૧. વાળા	૧. ડાંગર
૨. ખુમાણ	૨. જળુ
૩. હુદડ	૩. માંકડ
૪. બોધરા	૪. મોયા
	૫. બોરીચા
	૬. બારેચા
	૭. કહોર

રાજવંશોના પુનઃ ગઠનમાં વાળા રાજવંશ અને કાઠીરાજવંશની શાખાયત તેમજ અવરતિયાશાખામાં સંમિલીત થયેલ શાખો, પ્રમાણિત રાજવંશોની જ છે.

૧૦. ઐતિહાસિક અવતરણો - ૧

અસી, કટ્ટી, કારટપાળ, કાઠાઈઓઈ, અષ્ટક કોમ, કઠગણ વિ. અનેક નામોથી કુર્માચળ પ્રદેશમાં ગણતંત્રની સ્થાપના કરી, સાંગાલામાં પોતાની રાજધાની કરી સૌરાષ્ટ્રમાં આવ્યા પછી કાઠી તરીકે ઓળખાયેલી તે કાઠી કોમ જ હતી તે ઇતિહાસોએ હવે સ્વીકારી લીધું છે. ઇ. સ. પૂર્વે ૩૨૩માં ભારત ઉપર આક્રમણ કરી આવનાર મહાન સિકંદરના દાંત ખાટા કરનાર પણ કાઠી પ્રજા હતી તે વાત સ્વીકારવામાં આવી છે.

આ આક્રમણ વખતે, કાઠી વીર લુણા દશિયાએ સિકંદરને ભાલાનો ઘા માર્યો હતો. તેથી તેનું લશ્કર ઉશ્કેરાયું હતું અને માસંગાના કિલ્લા ઉપર સિકંદરનું લશ્કર તૂટી પડ્યું હતું. કિલ્લાના દૂર્ગરક્ષક કાઠી યુવાનોની જ નહિ પણ તેમનાં બૈરાં - છોકરાંઓની પણ બેરહમ રીતે કતલ કરી ત્યારે ભારતીય આર્યરમણીઓએ મોરચો સંભાળ્યો હતો. તલવાર અને તીર-કામઠાંથી તેણે સિકંદરના લશ્કરનો પ્રતિકાર કર્યો હતો. ભારતવાસીઓની દેશદાઝ અને ખમીરનાં ત્યારે સિકંદરે દર્શન કર્યાં હતાં અને વતન તરફ કદમ માંડ્યાં હતાં. માસંગાના યુદ્ધમાં સિકંદર મૃત્યુ નહોતો પામ્યો પણ ભાલાના ઘાથી તે ઘાયલ થયેલ હતો જ. વતનમાં પહોંચ્યા પછી તે ભાલાનો ઘા તેના મૃત્યુનું નિમિત્ત બન્યો હતો.

આ પ્રસંગ પછી, અષ્ટક કોમની શક્તિનો વિકાસ થયો હતો. સિકંદરના લશ્કરમાં સાથે રહી પ્રતિકાર કરનાર પોરસ રાજાને તેની શક્તિની ઈર્ષા થઈ હતી. સાંગાલાની નજદીકમાં જ પોરસનું રાજ્ય આવેલું હતું. તેથી પોરસને 'ઊગતા દુશ્મનને ઊગતા ડાંભવા'ની ઇચ્છા હશે તેથી તેણે પડોશી રાજા અભિસારની મદદ લઈ, કાઠી પ્રજા ઉપર આક્રમણ કર્યું હતું. કાઠીઓ બહુ મોટા લશ્કર સામે જીતી શક્યા ન હતા પણ પોરસને તેમની સાથે સમાધાન કરવાની આખરે જરૂર પડી હતી. આદિથી અંત સુધી એક વાત નિશ્ચિત્ત બની ચૂકી છે કે કાઠીઓ કદીયે ક્યાંય હારને સ્વીકારતા નથી. પરાપૂર્વથી તે પ્રજા અણનમ છે અણનમ રહી છે.

સિકંદર સાથેના યુદ્ધ અને પોરસના આક્રમણને કારણે તે પ્રજાને ત્યાંથી સ્થળાંતર કરવું જરૂરી લાગ્યું છે. તેથી તેઓ દક્ષિણ તરફ હટતા ચાલ્યા.

તેઓ છેક સિંધમાં મુલતાન આવીને વસ્યા. તેમણે ત્યાં વસવાટ કરી રાજસત્તા સ્થાપી, તે તેમનું મૂલસ્થાન આગળ જતાં મુલ્તાન કહેવાયું. કાઠીઓ જ્યારે મુલ્તાન કચ્છ થઈ સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે પણ તેમના મૂળ-સ્થાન મુલતાનને યાદ રાખ્યું હતું અને તેની યાદીમાં તેઓએ સૌરાષ્ટ્રમાં માંડવગઢ મુકામ કરી તેની પાસે ગામ વસાવી તેનું નામ પણ થાન આપ્યું હતું.

સિંધમાં સ્થિર થઈ કેટલાંક નાનાં રાજ્યો ત્યાં સ્થાપ્યાં અને વર્ષો સુધી તેનો ઉપભોગ કર્યા પછી, પંજાબથી સિંધ સુધી પથરાયેલી કાઠી કોમ, ઇસ્લામના વાવાઝોડા

સામે ટક્કર ન ઝીલી શકી. તેને દક્ષિણ તરફ હિન્દુસ્તાનમાં ખસવું પડ્યું હતું. નગર ઠઠ્ઠાના છેલ્લા હિન્દુ રાજા દાહિરને હરાવી ત્યાં મુસ્લિમ શાસક મહમદ બિન કાસીમે સૌપ્રથમ મુસ્લિમ શાસન સ્થાપ્યું. શક્તિશાળી મુસ્લિમો સામે કાઠીઓ નિષ્ફળ નીવડતાં વિક્રમની સાતમી સદી પછી તેમને સિંધ છોડવું પડ્યું હતું અને સરહદ ઉપર આવેલ પાવરગઢ કબજે કરી તેને રાજધાની બનાવી હતી. ત્યાં પોતાની સત્તા સ્થાપી હતી. એક મંતવ્ય એવું મળે છે કે વાળાઓએ જ્યારે પરત આવી વળા વસાવ્યું ત્યારે તેમની સાથે કાઠીઓ પણ આવેલા અને ત્યાંથી તેઓએ જઈને પાવરગઢ વસાવ્યું. કચ્છમાં પ્રજાને લોકહૈયે, ફૂલપુત્ર - લાખો ફુલાણી વસી ગયો હતો. તેનું શાસન વિ. સં. ૯૯૮ થી ૧૦૩૨ સુધીનું કચ્છમાં હતું ત્યારે ડાહી દુમરીના દંતકથાવાળા ગીતને કારણે લાખો ફુલાણી કાઠીઓ ઉપર નારાજ થયેલો અથવા તો તે અરસામાં ભયંકર દુષ્કાળ પડવાથી કાઠીઓ તેના સંબંધી ધાનવાળાના ગામ ઢાંકમાં જઈને વસ્યા હતા. પરંતુ સૌરાષ્ટ્રનું તેમનું રોકાણ માત્ર મુદતબંધી હતું. પછીના વર્ષે તેઓ કચ્છમાં પાછા ગયા અને ત્યાં તેમણે તેમની રિયાસતનો વિકાસ કર્યો હતો. ભદ્રાવતીથી વાગડ - કંથકોટ સુધી પોતાની સત્તા પ્રસારી હતી. દરમ્યાનમાં લાખા ફુલાણીનું મૃત્યુ આટકોટના યુદ્ધમાં ભાદરકાંઠે અંબાજીનું જ્યાં અત્યારે સ્થાનક છે ત્યાં મૂળરાજ સોલંકીથી થયું હતું.

તેના મૃત્યુ પછી, તેનો દૂધભાઈ પુંઅરો કચ્છની રાજગાદી ઉપર આવ્યો હતો. લાખા ફુલાણીના સમયમાં બગડેલા સંબંધોને કારણે કાઠીઓ સાથે લાખા ફુલાણી પછીના રાજવંશીઓ સાથે કાઠીઓને વેર થયું હતું. તેથી વારંવાર ધિંગાણાં થતાં હતાં. તેવા એક ધિંગાણામાં રા'પુઅરો કામ આવી ગયો હતો. રા'પુઅરા પછી રા'વહેણજી અને તેમના પછી મુળવોજી કચ્છની ગાદીએ આવ્યા હતા. કાઠીઓ સાથેની લડાઈઓએ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. તેમાં રા'મુળવાજી પણ કામ આવ્યા હતા.

કચ્છમાં આવી લડાઈઓ અને ધિંગાણાં સતત ચાલતાં રહ્યાં. કાઠી સરદારોએ કચ્છનાં ઘણાં ગામો કબજે કર્યાં હતાં.

મેજર જનરલ જે. ડબલ્યુ. વૉટ્સને ઇન્ડિયન એન્ટિક્વિટી નવેમ્બર ૧૮૭૮ના પાન ૩૨૧ ઉપર કાઠીઓ વિષે એક સુંદર માહિતી આપેલી છે. તેનો સારાંશ એવો છે કે -

સૂર્યપુત્ર કર્ણ સૌપ્રથમ કાઠીઓને હિન્દુસ્તાનમાં લાવનાર હતો. એટલે કે કર્ણથી વાળા વંશ ચાલ્યો છે. તે વાળાઓ સાથે અષ્ટક કોમ આવેલ છે. (તેઓ સાત કહે છે પણ એક શાખ, ૭મી શાખમાં બે શાખો લખી છે તેથી આઠ શાખ ગણાય છે પણ ખરી.) આ આઠ શાખા મૂળ કાઠી શાખા છે. તેમના વંશજોએ રાજપૂતો સાથે જે લગ્નસંબંધો જોડ્યા તેમાંથી વર્તમાનના બધા કાઠી ઉદ્દભવેલ છે. તેઓ ચોમલ નદીને કિનારે માળવામાં સ્થિર થયા હતા.

સૂર્યવંશી વૃતકેતુએ અયોધ્યાથી નીકળીને માળવાના માંડવગઢની સ્થાપના કરી. તે પોતાની સાથે કાઠીઓની આઠ શાખાને લાવેલા. માંડવગઢની ગાદીએ વૃતકેતુના પુત્ર અજાતકેતુ (અજકેતુ) આવ્યો. તેના વારસોએ સૌરાષ્ટ્રમાં વળા (વલ્લભી)માં

રાજ્ય કર્યું. તેમની સાથે આવેલી કાઠી શાખાઓ સૌરાષ્ટ્ર ત્યજીને કચ્છમાં ગયા. ત્યાં પાવરગઢની સ્થાપના કરી. ઘણાં વર્ષો બાદ દુષ્કાળના કારણે પટગીર શાખાના વિશાલોએ (વિશળ પટગીરે) કાઠીઓ સાથે સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો. પોતાનાં ઢોર-ઢાંખર સાથે બરડા ડુંગરમાં વસ્યા. વિશાલો પોતે કાળાવડ આવ્યા અને નેસ બાંધ્યો.

વળા ચમારડીમાં ધાનવાળાનું રાજ હતું. તેના પુત્ર વેરાવળજીએ વિશાળ પટગીરની કન્યા રૂપાદે સાથે ધામધૂમથી લગ્ન કર્યાં. આ પ્રસંગ સંવત ૧૨૩૯ કે ૧૨૪૦નો હોવાનું દંતોક્તિ અને વહીઓ ઉપરથી ફલિત થાય છે.

સંવત બાર ચાલીસ, માસ વૈશાખ મંડે
ભોમવાર તથ બીજ, ચુંકર સંઘ ઉમંડે,
ધરે ત્રંબાળુ ઢોલ, ચૌ-દશ ફોજાં સજે,
રણછોડરાય રૂદિયે રહ્યા, વિશ્વ કીધી દિગવિજે,
ધરભણી સંગ હાલો ઘણો, એમ કાળાવડ આવીયો,
સરવજાણ વેરાવળ, ધાન સતણ પટગર વીશળા ઘેર પરણીયો.

સૂર્યવંશી વેરાવળજીના લગ્ન પછી સૂર્યવંશી રાજપૂત તરીકે માત્ર પરગીરોજ નહિ પણ અષ્ટક કોમ તેમને તેમના સરદાર માનતી હતી. તેઓ બરડા ડુંગર તરફ બધા ગયા અને ત્યાંથી ઢાંક ગયા. ઢાંક તે મુંજીપર પાટણ હતું. પરંતુ તે ખંઢેર રૂપે પડ્યું હતું. તે વેરાવળજીએ ફરીથી વસાવ્યું.

અષ્ટક કોમ સૂર્યવંશી રાજપૂત તરીકે વેરાવળજી સાથે ઢાંક આવ્યાનો આ સ્પષ્ટ ઉલ્લેખ છે. ધાનવાળા ત્યારે વળા-વલ્લભીના વાળા રાજા તરીકે રાજ્ય કરતા હતા. તેમનાં પણ એક રાણી અમરા પટગીરનાં પુત્રી ઉમાદે હતાં તે આગળ જોઈ ગયા છીએ.

આ અગાઉ, વાળા અને કાઠી સાથે સાથે પંજાબ આજુબાજુમાં વસતા હતા, સિકંદર સાથેના યુદ્ધ વખતે તેઓ બધા શુદ્રકસ તરીકે ઓળખાયા. વાળાઓ ગુજરાતમાં ગયા, માલાઓ માળવામાં ગયા વિગેરે વાતો જોઈ ગયા છીએ. હવે ઢાંક સુધી આ બન્ને શાખાઓ સાથે આવ્યાનું પ્રતિપાદિત થાય છે. ઢાંકમાં અત્યારે ઘણી કાઠી શાખો રહે છે.

સામાન્ય રીતે સૌરાષ્ટ્રમાં કાઠી શાખાઓ માત્ર કાઠી રાજધાનીવાળાં ગામોમાં રહે છે અથવા તો શાખાયત કે અવરતિયા શાખાના ગરાસના ગામોમાં જ વસવા ટેવાયેલ છે. તેમાં ઢાંકમાં વસતા ઘણા કાઠીકુટુંબો વિકલ્પરૂપ હતાં. સમૂહગત રહેવાની ટેવવાળાં આ કુટુંબોના વિકલ્પનું કારણ સમજાતું ન હતું. ઉપરની વાતથી સમજાય છે કે જૂના અને નવા વાળાનું વિભાજનથી તેમ બન્યું હોય તેમ માની શકાય છે.

ઘણા કહે છે કે જૂનાગઢના રા'ખેંગારે કાઠીઓને જમીનો, ઢાંક અને આજુબાજુના ગામો ખેતી - નિર્વાહ માટે આપેલાં છે. ઓસમના ડુંગરની લડાઈમાં કાઠીઓને

સર્વનાશ કે સમાધાન સિવાય બીજો કોઈ માર્ગ ન હતો. તેથી કાઠીઓએ નિર્વાહ માટે જમીનો માગી એટલે તેને આપવામાં આવ્યાનું કહેવાય છે. પણ માથા સાથે મેળવેલી જમીન એમ કોઈ માત્ર માગ્યાથી આપી શકે નહિ અને કાઠીઓએ સર્વનાશની કદી પરવા કરી પણ નથી. પોરસ અભિસારના વખતથી માંડીને ઇતિહાસો લખાયા છે. તેનાથી એક વાતની પ્રતીતિ થાય છે કે કાઠીઓએ ગમે તેવાં જોખમો સામે કદી નમતું જોખ્યું નથી કે પોતાના નિભાવ માટે કોઈને આજીજીઓ કરી નથી. તેણે માત્ર 'માથા સાટે માલ' લીધેલ છે. કાંડાબળથી જ ગરાસો લીધા છે તેમ સમજી શકાય તેવું છે.

એમ પણ કહેવામાં આવે છે કે વિજયી રા'કવાટ જ્યારે પાછો ફરતો હતો ત્યારે પાછળથી ઘા કરી રા' ના પ્રાણ લેવામાં આવ્યા. રા'કવાટ કોઈ સામાન્ય માણસ ન હતો. સોરઠનો ધણી તેના પોતાના અંગરક્ષકોના વ્યૂહ સિવાય લશ્કરની આગેવાની લે તે કલ્પી શકાતું નથી. પછી પાછળથી ઘા કઈ રીતે કરી શકે? તે વાત ગળે ઊતરે તેવી નથી.

એભલવાળાના પુત્ર તરીકે અર્જુનસિંહ હોવાના કોઈ વજૂદવાળા આધાર મળતા નથી. એભલવાળાને ૧. ચાંપરાજવાળા, ૨. સેલાયતવાળા અને ૩. અણાવાળા નામે ત્રણ જ પુત્રો હતા.

ઇન્ડિયન એન્ટિક્વિટીના સારાંશ પ્રમાણે સંવત ૧૨૪૫ પછી વાળાજી ગાદીએ આવ્યા. પરંતુ સંવત ૧૩૩૩ના અબડા-જામ સાથેના લાખામાસીના યુદ્ધ વખતે વેરાવળજી હતા તેવા આધારો જોવા મળે છે. લાખામાસીના યુદ્ધની સરદારી વાળાજીની હતી. જીત વેરાવળજીની થઈ તેવા ઉલ્લેખો મળે છે.

આઈ. એન.ની નોંધ પ્રમાણે, ત્યારે વાળોજી જૂની ગાદી પાવરગઢ કાઠી સરદારો સાથે પાછા ફર્યાનો ઉલ્લેખ છે. વધુમાં, "વાળાજીના ત્રણ પુત્રો ઉપરાંત ચોથું સંતાન પુત્રી માકબાઈ હતી. તેને પરમાર રાજપૂત સાથે પરણાવ્યાં. તેના વારસો જેબલિયા કહેવાયા. આ વાત તદ્દન ખોટી જણાય છે. માકબાઈને સોનગરા ચૌહાણ રાજપૂત વંશના વાલેશ જળુ સાથે પરણાવ્યા હતા. તેમને જિવાઈમાં બાર ગામ અપાયાં હોવાનું કહેવાય છે. લગ્ન પછી તેમને સોનબાઈ કહેવામાં આવતાં અને તેમના નામ ઉપરથી તેમની જિવાઈનું ગામ સોનગઢ કહેવાયું છે. સોનગઢના જળુ ભગત તરીકે ઓળખાયા છે. સોનબાઈની ચોથી ધુણીએ જેબલીયા થયા છે.

વેરાવળજીના લગ્ન સં. ૧૨૩૬ કે સં. ૧૨૪૦માં થયા હોવાના ઉલ્લેખો મળે છે. તેને સાતસો વર્ષ ઉપરાંતનો સમય પસાર થઈ ગયો છે. વેરાવળજી પછીની પેઢીઓ ગણતાં ૩૨મી પેઢી અત્યારે વાળા વંશની ચાલતી જણાય છે. એક પેઢીનો દર ૨૨-૨૩ વર્ષનો આવે છે. લડાયક યુગમાં તે દર હોઈ શકે છે. આ અંદાજ વંશાવળી ઉપરથી મળે છે. ખુમાણ અને ખાચર બે-ત્રણ પેઢી પાછળ છે.

લાખામાસીના યુદ્ધ અને રાજવંશોના પુનઃગઠન પછી, કઠગણ અને વાળાઓની શક્તિ અને સામર્થ્યમાં વધારો થયો જણાય છે. તેમણે પરમારો પાસેથી ચોટીલા જીતી

લીધું. રધા ચાવડાએ મૂળી ઉપર ઘણા હલ્લા કર્યા પણ તે તેમાં ફાવ્યો નહિ અને એક યુદ્ધમાં મરાઈ ગયો. ચોટીલા આજુબાજુનો ઘણો પાંચાળ વિસ્તાર વાળાજીએ અને પછીથી તેના વારસોએ જીતી લીધો.

કર્નલ વૉટ્સને જણાવ્યા અનુસાર[૬૦] અબુલ ફઝલે આઈ-ને-અકબરી-(ઈ.સ. ૧૫૯૦)માં નોંધ કરી છે. તેનો સારાંશ એવો છે કે - "સોરઠ મહાલમાં સાતમા ભાગમાં વાઘેલાઓ વસે છે. તેમનું બળ બસો ઘોડેસ્વાર અને તેટલું જ પાયદળ તે ધરાવે છે."

"એ પ્રદેશમાં કેટલાક કાઠીઓ વસે છે. તે લોકો ઘોડા ઉછેરી તેને કેળવે છે. તેમની પાસે ૬૦૦ ઘોડેસ્વાર અને તેટલા જ પાયદળની ફોજ છે. કેટલાક લોકો આ ઘોડાઓની ઓલાદ અરબી હોવાનું કહે છે. **મહેમાનગતીની તેમની રીત ખૂબ વખણાય છે. તેઓ દેખાવડા છે. કાઠીઓની સાથે બોરીચા જાત નજદીકમાં વસે છે.** તેમની પાસે ૩૦૦ હયદળ અને તેટલું પાયદળ છે. જામની સાથે નિરંતર તેઓ જંગ મચાવે છે."

કર્નલ વૉટ્સન આગળ જતાં જણાવે છે કે - કાઠી જાત બહાદુર, શૂરી તથા પરોણાની મહેમાનગતિ કરનારી છે. જેતપુર, મેંદરડા, બીલખા, બગસરા, કુંડલા, જસદણ, ચિતળ, સુદામડા, આણંદપુર, ભાડલા, ઢાંઢળપુર (ધાંધલપુર), પાળિયાદ વિ. અને બીજા કિલ્લાઓ તેમને હાથ છે. ધાંધલપુરને જેમ ભાષાંતરથી ઢાંઢળપુર કહ્યું છે તેમ ધાધલોને પણ ઢાંઢળ (ભૂલથી) કહ્યા છે.

આ હકીકત થોડી પાછળના સમયની જણાય છે.

વિ. સં. ૧૩૩૧થી વિ. સં. ૧૩૭૭ સુધીમાં કચ્છમાં જામરાયધનજી થઈ ગયા. તેમને લાખીયારવીયર સાથે વેર હતું, તેથી તેના ઉપર ચડવું હતું. ત્યારે તેણે બોરીચા અને કાઠીઓને મદદમાં લીધા હતા. આ જામ રાયધનજીની બીજી પેઢીએ જામહરધોળજી થયા. (વિ. સં. ૧૩૯૨થી વિ. સં. ૧૪૧૪) હબાયના ગાદીપતિ જામ મુળવાજી સાથે તેને વેર હતું ત્યારે તેમણે હબાય ઉપર ચડાઈ કરેલી. ત્યારે તેમણે પણ બોરીચાઓ અને કાઠીઓનું મોટું લશ્કર મદદમાં લીધું હતું. ત્યારે કાળાવડમાં કાળા માંજરિયાનું કાઠી રાજ્ય હતું. તેથી તેની આજુબાજુમાં કાઠી સરદારોના લશ્કરોની સુગમતા હશે તેમ જણાય છે.

બારમી સદીમાં કાઠી લોકો પૃથ્વીરાજ ચૌહાણ સાથેના યુદ્ધોમાં પ્રસિદ્ધ હતા. આ જાતિના કેટલાક સરદારો તેની તથા તેના દુશ્મન કનોજના રાજાની સેના સાથે સંબંધ ધરાવતા હતા. તેમ છતાં તેઓ કેટલાંક અંશે અણહિલપુર પાટણના રાજાને આધીન રહીને કાર્ય કરતા હતા તોપણ એમ જણાય છે કે આ ઘટના કોઈ પણ દબાણ કરતાં અધિકતમ તેની સ્વેચ્છાથી બનતી હતી તેમ રાજસ્થાનના ઇતિહાસમાં કર્નલ ટોડે નોંધ્યું છે.

આ વિદ્વાન અંગ્રેજ ઇતિહાસકારના કથનથી, કાઠી સરદારો લશ્કર રાખતા અને તે પૃથ્વીરાજ ચૌહાણ તેમજ તેના સામા પક્ષે કનોજના રાજાને પણ લશ્કરી મદદ

પુરી પાડતા હોવાનું ફલિત થાય છે. આ હકીકત વિક્રમની બારમી સદીની હોવાનું જણાય છે. વધુ મહત્ત્વની બાબતની સ્પષ્ટતા કર્નલ ટોડ ત્યાં કરે છે કે તેઓ કોઈના દબાણથી નહિ પણ પોતાની સ્વેચ્છાથી કરતા હતા..

પોરસ અને અભિસાર - રાજાઓએ તેમની આજુબાજુના બીજા રાજાઓને મદદમાં લીધા ત્યારે જ તેઓ કાઠી સરદારોને હરાવી શક્યા હતા. પરંતુ તેમને તાબે તો કરી શક્યા જ ન હતા તે હકીકતનો આ પુનરોચ્ચાર છે.

કર્નલ ટોડ કર્નલ મેકમર્ડોને ટાંકીને જણાવે છે કે -[૬૧] "કટ્ટી જાતિ કોઈ કોઈ બાબતમાં, રાજપૂત જાતિથી ભિન્ન છે. તે સ્વભાવે અધિક નિર્દય છે, **પરંતુ વિરતાના ગુણમાં, રાજપૂતો કરતા ઘણી ચઢતી છે. અને કટ્ટી કરતા અધિક બળવાન મનુષ્ય કોઈપણ નથી.** તેનું કદ સાધારણ લોકો કરતા, ઘણું મોટું છે. તે જાતિના મનુષ્યો, પ્રાયઃ છ ફીટથી અધિક ઉંચા થાય છે. કવચિત - કવચિત તેઓ સુંવાળા વાળ અને નિલવર્ણ નેત્રવાળા પણ જણાય છે. તેમનું શરીર કસરતી અને મજબુત હાડવાળું હોય છે. અને તે વિશેષતઃ તેમની જીવન પ્રણાલીને બરાબર અનુકૂળ હોય છે. તેમનું મૂખ તેજસ્વી હોય છે. પરંતુ તે ખરાબ પ્રકારનું હોય છે. - કારણ કે તે પર કઠોરતા પ્રકાશતી હોય છે. બહુધા મૃદુતાનું એક પણ લક્ષણ દૃષ્ટિગોચર થતું નથી.

આ અંગ્રેજ લેખકે, કોઈ વ્યક્તિની નહિ પણ સમગ્ર કાઠી જાતિની શરીર શ્રેષ્ઠતા, શક્તિ, બહાદુરી અને ખૂબ સુરતીનું વર્ણન કરતાં તેને વખાણેલ છે. તેમનો ચહેરો તેજસ્વી કહ્યો છે. પણ તેમાં તેણે કઠોરતા પ્રકાશતી હોવાનું જણાવ્યું છે.

રાજદરબારોમાં બેસી, અર્જુન, ભીમ કે કર્ણની ઉપમા આપી રાજપુરુષોને બિરદાવતા કવિવરોને જોયા છે. પરંતુ કોઈ અંગ્રેજ લેખકે, કોઈનીયે ન કરી હોય તેવી પ્રશંસા ઉપરના લખાણથી કૅપ્ટન મેકમર્ડોએ કાઠી જાતિની કરી જણાય છે. કર્નલ ટોડે તેનો પુનરોચ્ચાર કરી પોતાની સહમતિની છાપ મારી કહેવાય, તે હકીકત અદ્‌ભુત ગણાય. કાઠી જ્ઞાતિ માટે તે કાયમી બિરદાવલી બની રહે છે.

[સુંદર અને શક્તિશાળી દેહ ધરાવનારની બુદ્ધિપ્રતિભાનો ભલે ઉલ્લેખ થયો નથી, પરંતુ તે કમ નથી જ. કમ છે માત્ર શિક્ષણ અને તાલીમ. આ ઊણપ નિવારવા પદ્ધતિસરના પ્રયાસો થાય તો અદ્‌ભુત સુરાશક્તિ ઉદ્‌ભવી શકે તેમ છે.]

[કાઠી સંતો, શૂરાઓ, દાતાઓ અને સતીઓથી કાઠી સમાજ ઊજળો છે. એ અમર આત્માઓનું અમરતત્ત્વ, સમગ્ર સમાજમાં વિસ્તરેલ તો છે જ. માત્ર તેને જાગૃત કરવાની જ જરૂર છે. તેમ થાય તો આ **ભારતના પનોતા પુત્રો ભારતની પરમ હરોળે દેશનું હીર ઝળકાવી શકે તેમ છે.]**

- લેખક

કચ્છમાં કાઠીઓના ગામ હતા. હલદીઘાટના યુદ્ધમાં, મુસલમાની તોખારો, કચ્છી-કાઠી થકી ડર્યા એવી કાવ્યપંક્તિ મુહણૌત ખ્યાતમાં છે.

જે રાજપૂતોને, રાજવંશોમાં લેવામાં આવ્યા છે તે બધા મહારાણા પ્રતાપની

મદદે ગયેલા હતા તેવું પ્રમાણ રાજપૂત વંશ સાગરમાં તેના લેખક અજીતસિંહજી ગોહિલ આપે છે.

જૂનાગઢના "જાદવ" અને ચોટીલાના "વાળા" રાજાઓ મુસલમાન સામેની લડાઈમાં, ચિત્તોડને મદદ કરવા આવ્યા હતા. તેમ ખુમાણ રાસામાં લખેલ હોવાનું જણાવી ટોડ રાજસ્થાન વોલ્યુ - ૧નો હવાલો આપીને દરબાર અનકવાળા પ્રાચીન - પૂર્વાચીન ઇતિહાસની રૂપરેખા આપતા જણાવે છે.

કાઠી રજવાડાઓમાં જેઓનો કાયમી આવરો - જાવરો હતો અને જેણે જગત આખાનો પ્રવાસ કર્યો હતો તેવા 'સૂર્યદાસ' ઉર્ફે કાળુભાઈ બસિયા કાઠીઓની ઓળખ આપતાં જણાવતા હતા કે કઠ-પંચાળમાં વસતા અને કઠગણ તરીકે ઓળખાતા, નદીઓના કાંઠાળ પ્રદેશમાં વસતા, ભગવાન સૂર્યનારાયણની કઠણ ઉપાસના કરનાર, કઠઉપનિષદમાં માનતા અને વેદની કઠ શાખાંના હોવાને કારણે તેઓ કાઠી તરીકે ઓળખાયા છે. કાળુભાઈએ જગતના બધા દેશોમાં પ્રવાસ કર્યો હતો, એટલે તે જગત-પ્રવાસી તરીકે ઓળખાયા હતા. તેઓને 'નિત્ય પ્રવાસી' કહેવા હોય તો કહી શકાય ખરા.

આપણે આગળ જોઈ ગયા છીએ કે લાખામાસીના યુદ્ધ પછી, રાજવંશોનું પુનઃગઠન થયું. આપણે શરૂઆતમાં એ પણ જોઈ ગયા હતા કે ૩૬ રાજકુળ તરીકે ક્ષત્રિયોની ૩૬ શાખાઓ ૩૬ રાજવંશ તરીકે માન્ય રહી છે. તે છત્રીશ રાજકુળો પૈકીના થોડાએક રાજવંશો સૌરાષ્ટ્રમાં પ્રવેશ્યા હતા અને રાજસત્તાઓ ત્યાં સ્થાપી હતી. તે પૈકીની જ ઘણી ક્ષત્રિય શાખાઓ પુનઃગઠનમાં સામેલ થઈ હતી. પંજાબમાં સાંગાલામાં કઠ ગણ ગણતંત્ર ચલાવતું હતું. ત્યાંથી આવેલ અષ્ટક કોમ આ રાજવંશોમાં પુનઃગઠિત થઈ હતી. આ અષ્ટક કોમને લોકોએ ઘણાં જુદાં જુદાં નામોથી ઓળખી હતી પરંતુ તેના કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રવેશ પછી તે કાઠી નામે ઓળખાણી હતી. છત્રીશ રાજકુળમાં કાઠી ક્ષત્રિયો સમાવિષ્ટ હતા. આ પુનઃગઠનની સંઘશક્તિએ સૌરાષ્ટ્રને કાઠિયાવાડ કહાવ્યો. વિશાળ વિસ્તારમાં રાજસત્તા સ્થાપી.

૧૧. ઐતિહાસિક અવતરણો -૨

ભાયાવદરના દરબાર અનકવાળાસાહેબ ઊંચી કક્ષાના ખગોળશાસ્ત્રી અને અસાધારણ વિદ્વાન હતા. તેની સાક્ષી અમરેલીનું ગિરધરભાઈ સંગ્રહાલય પૂરી પાડે છે. તા. ૧૨-૧૨-'૬૪ના રોજ "સૌરાષ્ટ્રના સુરાઓ અને કાઠિયાવાડના કાઠી" તે નામે એક અંગ્રેજી માહિતીપ્રદ લેખ લખ્યો છે.

તેનો સારાંશ એવો છે કે -

આપણી માતૃભૂમિ ભારતના પશ્ચિમ કિનારે સૌરાષ્ટ્ર નામે ઓળખાતો દ્વીપકલ્પ આવેલો છે. સૌરાષ્ટ્ર એટલે સુરાઓની ભૂમિ. આ સુરાઓ, જે પંજાબમાંથી દક્ષિણમાં અને દક્ષિણ-પૂર્વ ભાગોમાં ઈ. સ. પૂર્વે ૩૨૪ અને ઈ.સ. ૬૦૦ વચ્ચેના સમયકાળમાં ઊતરી આવ્યા. તેમણે સિંધ, કચ્છ, ગુજરાત, માળવા અને સૌરાષ્ટ્ર જીતી લીધાં. આ સુરા જાતિનો ઇતિહાસ લખાયા પહેલાનો ભૂતકાળ તપાસીએ તો તેમનામાં રહેલ ઉત્તમ પ્રકારની સંઘશક્તિ હતી અને તેનાથી જ તેઓ ઉત્તર ભારતના નામાંકિત રાજવીઓ - પોરસ અને અભિસારનો સામનો કરી શક્યા હતા. તેઓ સંઘ 'શૂદ્રકસ' નામે ઓળખાયા હતા.

ભારત ઉપર આક્રમણ કરનાર પરશિયાના મહાન સિકંદર બાબતમાં જે ઇતિહાસકાર આપણને તેનો ઇતિહાસ આપી ગયેલ છે (એરિયન) તેણે તે લોકોને શૂદ્રકસ તરીકે ઓળખાવ્યા છે. તેણે લખ્યું છે કે, સિકંદરની વળતી સવારીમાં, તે જ્યારે પરશિયા તરફ જવા વળ્યો હતો ત્યારે મુલતાન પાસેના સાંગાલા પાસેથી પ્રવાસ કરી રહ્યો હતો ત્યારે તેઓએ તેને ઘાયલ કર્યો હતો. આ ઘાની અસર તેના વતનમાં, તેના મૃત્યુ પર્યંત રહી હતી. આ શૂદ્રકસ નામે ઓળખાયેલી જાતિની મુખ્ય બે શાખા હતી અને તે વાળા અને માલા તરીકે ઓળખાતી હતી. માલાઓ માળવામાં પ્રસર્યા અને વાળાઓ ગુજરાતમાં પ્રસર્યા.

ઇન્ડિયન એન્ટિક્વિટી (કાઠી વિષે) ભાવનગર, નવેમ્બર ૧૮૭૮માં મેજર જે. ડબલ્યુ. વૉટ્સને ઉપરોક્ત હકીકતને લગભગ ટેકારૂપ વાત કરી છે. વૃતકેતુના વારસોએ માંડવગઢથી આવી વળામાં રાજ્ય કર્યું. તેની સાથે આવેલ ૭ કાઠી શાખા (અષ્ટક કોમ હશે) સૌરાષ્ટ્ર ત્યજી કચ્છમાં ગઈ.

વાળાઓ જ્યારે સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ પ્રવેશ્યા ત્યારે તેમની સાથે કાઠીઓ હતા. તે વાતથી તે બન્ને રાજવંશોનું ઐક્ય સાબિત થાય છે. બનવા જોગ છે કે ત્યારથી જ બન્ને રાજવંશો કૌટુંબિક સંબંધોથી જોડાયેલા હશે.

કર્નલ વૉટ્સને કચ્છમાં ગયા તેમ કહ્યું છે પણ સિંધને બદલે કચ્છ લખાયું હોય તો તે બનવાજોગ છે. આ બાબતથી સ્પષ્ટ થાય છે કે, વાળાઓ અને કાઠીઓએ પંજાબ છોડ્યા પછી છેક સૌરાષ્ટ્ર આવતાં સુધી સાથે જ રહ્યા છે. તેથી તે બન્ને રાજવંશો પંજાબના 'કઠગણ'ના જ પ્રતિનિધિઓ હોઈ શકે ખરા.

મહમદ બિન કાસીમે સિંધમાં પહેલા મુસ્લિમ રાજ્યની સ્થાપના કર્યા પછી તેની મહત્ત્વાકાંક્ષા વધી હતી અને તેણે વળા ઉપર સવારી કરી ત્યારે વળાના વાળા રાજવંશની મદદે પાવરગઢના કાઠી ક્ષત્રિયો આવ્યા હોવાની અને મહમદ બિન કાસીમને ભૂંડા હાલે ભાગી જવું પડ્યાની હકીકતો પણ મળે છે. તે પણ વાળા રાજવંશ અને કાઠી રાજવંશની એકતાના સમર્થનમાં ગણાય.

સૌરાષ્ટ્રમાં ઢાંક મુકામે તળાજાના વાળા રાજવંશે સત્તા હાંસલ કરી ગાદી સ્થાપી. કાઠી ક્ષત્રિયો સાથે ધાનવાળા અને તેના સૌથી નાના પુત્ર વેરાવળજીના કૌટુંબિક સંબંધો બંધાયા. લાખામાચીના યુદ્ધ પછી રાજવંશોનું પુનઃગઠન થયું. તે સંઘનું નામ 'કાઠી' અપાયું.

પરાપૂર્વના સંબંધો અને અરસપરસની આત્મીયતા તેમ થવા પાછળ નિમિત્તરૂપ હશે. વાળાઓ, રાઠોડો, ચૌહાણો, પરમારો, ચભાડો, ચાવડાઓ અને ઝાલાઓ ઉપરાંતમાં બાબરિયાઓ વગેરે આ પુનઃઘટનમાં સામેલ હતા. તેમાં મોટા ભાગના ૩૬ રાજવંશો પૈકીના રાજવંશો હતા. છતાં, પુનઃગઠનનાં નિર્માતા તેવા વાળા કે બીજા કોઈ રાજવંશોનું નામ સંગઠનને આપવાને બદલે કાઠી ક્ષત્રિયના નામને મહત્ત્વ આપવામાં આવ્યું તે તેમની શક્તિ અને તાકાતને ધ્યાનમાં લઈને અપાયું હોય તો બનવાજોગ છે.

મરાઠાઓ સૌરાષ્ટ્રમાં આવ્યા. ખંડણી ઉઘરાવવા માટે તેણે સોરઠનું નામ, તાકાતવર કાઠી કોમની શક્તિને પિછાણી - તેની કદર રૂપે ત્યાં બીજા રાજવંશો હોવા છતાં, કાઠી રાજવંશના નામ ઉપરથી કાઠિયાવાડ નામ આપ્યું. વખત જતાં સારોયે સૌરાષ્ટ્ર કાઠિયાવાડ કહેવાયો. ઓગણીસમી સદીની શરૂઆતમાં ભારતભરમાં સત્તા સ્થાપનાર અંગ્રેજોએ પણ તેને કાઠિયાવાડ તરીકે માન્ય રાખ્યો. તેવી જ રીતે વાળા રાજવંશે સંગઠનનું નામ 'કાઠી' રાખ્યું હશે. અથવા તો વાળા અને કાઠી રાજવંશો, પરસ્પર, અગાઉથી જ જોડાયેલા હોય અને કાઠી તરીકે ઓળખાયા હોય.

ઈસુની તેરમી સદીમાં સિંધમાંથી એક રાજવંશ સૌરાષ્ટ્રમાં આવ્યો. જૂના સમયના રાજકુળો પૈકીના પરમારોની ઉત્પત્તિ બાબતમાં તર્કો થયા છે. સિંધમાંથી સૌરાષ્ટ્રમાં આવનાર પરમારોના સરદાર લખધીરજી હતા. જે ઈ. સ. ૧૪૮૨ સુધી હૈયાત હતા. આ હકીકત વઢવાણ તાબાના ગામ રામપરાની રકતાંબા (રલાંબા) નામની એક વાવના શિલાલેખ ઉપરથી સ્પષ્ટ થાય છે.[૬૨]

જેમ વાળા અને કાઠી રાજપૂતો પંજાબ - સિંધમાંથી સૌરાષ્ટ્રમાં આવ્યા, તેમ પરમારો પણ સિંધમાંથી સૌરાષ્ટ્રમાં આવ્યા જણાય છે. તેઓ સોઢા કહેવાતા હતા.

"શોઢા (પરમાર) પારકરનાં. ચભાડ સાયલાના. તેઓના ટંટાની વાત" શ્રી ફાર્બસના ગુજરાતી સભાના હસ્તલિખિત પુસ્તકમાં નોંધાયેલ છે તે મુજબ -

"પારકરમાં દુકાલ પડો તારે તાંહાંના શોઢાના માણાશ (પુરુષ) ૨૦૦૦ - સ્ત્રીઓ - છોકરાં સુધા દરેક નાતના, પંચાલ દેશમાં આવ્યાં તે મુળી ગામથી પુરવમાં

ગાઉ અઢી ઉપર, જંગલમાં ધાધડીઓ નામે નેહ બાંધ્યો. મુળી ગામ પણ મુળી નામની આમરાણીનો (આયરાણીનો) નેહ હતો, તેથી નામ ઠરૂ. તારે સાયલાના રાજા (જમીનદાર) છભાડ હતા."

ο ο ο

સંવત સાત પનોતરો ટાઢા પોઅણ ત્રીજ
સોઢે ને છભાડવે, ધજવડ કીધી ધજ.[૬૩]

"કાઠીનો મુખત્યાર રાધો ચાવડો કાઠી હતો. તે પરમાર રાજાજી અને રાધાને સામસામી લડાઈ થઈ તે રાજાજીએ રાધાને મારો (ધંધુકા - ગાંફ)"

કવીશ્વર દલપતરામે સંશોધેલ "રત્ન માળા"માં "મુળીના પરમારો"ની વાર્તા પાન ૩૭૫ - ૭૯ ઉપર પ્રગટ થયેલી છે. તેમાં વર્ણવ્યા અનુસાર પારકરમાં પડેલા દુષ્કાળને કારણે સોઢા-પરમારો મૂળી આગળ આવી વસ્યા. છભાડો કે જે સાયલાના રાજા હતા, તેમણે તેમને હેરાન કર્યા.

પડ્યા ચભાડ પાંચસો, સોઢા વીશુ સાત,
એક તેતરને કારણે અળ રાખી અખીયાત.

સોઢાઓ પોતાના રાજ્યને લાગીને લાંબો સમય રહે તો પછીથી પોતાની જાગીરને અડચણ કરે તેવી શંકાથી ચભાડોએ તેતરના શિકારનું કારણ ઊભું કરી સોઢાઓ સાથે તેમને હટાવવા ધિંગાણું કર્યું હોય તો તે બનવાજોગ છે. વઢવાણના રાજા વિશળદેવ વાઘેલા પાસેથી સોઢાઓએ પ્રથમ અભય મેળવેલ હતું. ધિંગાણામાં ચભાડોની મોટી ખુવારી થઈ ત્યારે વિશળદેવ વાઘેલાનાં રાણી કે જે ચભાડનાં કુંવરી હતાં તેમણે વિશળદેવ વાઘેલાને ચભાડોનું વેર લેવા વીનવ્યાં. પરંતુ વિશળદેવ પ્રથમથી બોલી બંધાઈ ગયેલ હતા તેથી તેમણે બીજો રસ્તો કાઢ્યો. તે વખતે ગુજરાતમાં અહો અને ફતો નામના બે ભીલસરદારો વાઘેલાના પરગણાંના ગામો લૂંટતા હતા. તેઓ ઘણા પરાક્રમી હતા. તેથી તેમને મારવા વઢવાણના રાજાએ સોઢાઓને કામ સોંપ્યું. ભીલ સરદારો સામે સોઢાઓ જશે એટલે કામ આવી જશે તેમ રાજાનું માનવું હતું પણ તે વાત જૂઠી પડી. સોઢાઓ તેના કામમાં કામયાબ નીવડ્યા. તેથી ઊલટાનો વઢવાણના રાજાએ તેને શિરપાવ આપવો રહ્યો. તેથી વઢવાણના રાજાએ સોઢાઓને મૂળી, થાન, ચોબારી અને ચોટીલાની ચાર ચોવીશી ઇનામમાં આપી.[૬૪]

આ ચાર ચોવીશી પૈકીની ત્રણ ચોવીસિયું તો કાઠી લોકોએ સોઢાઓ પાસેથી પડાવી લીધી. ચોથી ચોવીસી લેવા માટે રાધો ચાવડો મૂળી ઉપર ચડ્યો ત્યારે તે સોઢાઓ સામેના ધિંગાણામાં કામ આવી ગયો. આ ચોથી ચોવીશી પાછી લઈ શકાણી નહિ. સતમાલ સોઢા પરમારના સમયની આ વાત છે. મૂળીની ચોવીશી પાછી લઈ શકાઈ નહિ ત્યાં સોઢા પરમારો કાયમ વસ્યા. રાજગાદી સ્થાપી.

આ વાતો હસ્તલિખિત પુસ્તકમાંથી મળે છે. રાજવંશોના પુનઃગઠનમાં સામેલ થનાર રાજપૂતો સાથે ચભાડ અને ચાવડા રાજપૂતો પણ જોડાયા હતા. ચભાડોનું ત્યારે સાયલામાં રાજ હતું. રંધા ચાવડો કાઠીસરદાર હતો તેવા ઉલ્લેખો ઘણા સ્થળે મળે છે. પણ વધુ વિગત ઉપલબ્ધ થતી નથી. ૭૨ શાખના બાબરિયાઓની યાદીમાં ચભાડ અને ચાવડા શાખાઓનો સમાવેશ છે. બાબરિયાઓ મૂળના રાજપૂતો હતા. તેને જેઠવાઓ સાથે લોહીના સંબંધો હતા. જેઠવાઓને વાળા રાજપૂતો સાથે અરસપરસ આવા સંબંધો પણ હતા. ચભાડ રાજપૂતો રાજવંશોના પુનઃગઠનમાં ભળ્યા પછી અવરતિયા શાખાના બાબરિયાઓ તરીકે ઓળખાયા છે. તેમની વસ્તી અમરેલી અને બગસરા આજુબાજુમાં છે.

પરમારો મૂળીમાં વસ્યા પછી ત્યાં પણ માંડવરાયનું મંદિર બનાવ્યું. માંડવરાય તે સૂર્યનું સ્વરૂપ છે.

સિંધમાંથી સૌરાષ્ટ્રમાં આવેલા પરમારો પૈકીના જે રાજપૂતો રાજવંશોના પુનઃગઠનમાં જોડાયા તે પછીથી ૧. જેબલિયા, ૨. બસિયા, ૩. વીંછિયા, ૪. માલા, ૫. મૈત્રા, ૬. બાયલ અને ૭. ખાડક તરીકે અવરતિયા શાખામાં ગણાયા છે.

ઈ. સ. ૧૪૭૬માં સુલતાન મહમદ બેગડાએ સરવૈયા ઠાકોરોના અમરેલી અને કુંડલા પરગણાનાં ગામો ઝૂંટવી લીધાં. તેમને ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યા. જેસોજી અને વેજોજી નામના બે સરવૈયા ભાઈઓનો અમરેલીમાં ગરાસ હતો, તે ઝૂંટવાઈ જતાં તેણે જૂનાગઢ સામે બહારવટું ખેડ્યું. બાદશાહી વિશાળ લશ્કર સામે ઝીક ઝીલવી તેમના માટે મુશ્કેલ હતી એટલે આ એકમાત્ર ઇલાજ હતો. અન્યાય સામે ન્યાય મેળવવા તેઓ ઝઝૂમ્યા, ટાઢતડકો અને ભૂખ વેઠીને ખડિયામાં ખાંપણ લઈ બાદશાહ સામે ઝઝૂમ્યા. ધિંગાણાં ખેલ્યાં અને છેવટે મરણિયો ખેલ ખેલી લેવાનો તેઓએ નિર્ણય કર્યો.

એક અંધારી મેઘલી રાતે ચોકીદારોની નજર ચૂકવી બાદશાહના મહેલ ઉપર તે બન્ને ચડી ગયા. બાદશાહને આજે ખતમ કરવાનો તેનો નિર્ણય હતો. બાદશાહના શયનગૃહમાં જ્યારે તેઓ પ્રવેશ્યા ત્યારે તેમણે બેગમનાં કપડાં ખસી ગયેલાં જોયાં. તેમના રાજપૂતી ધર્મે તેમને આગળ વધતા અટકાવ્યા. દરમ્યાનમાં અવાજ થતાં બેગમ જાગી ગઈ. બન્ને બહારવટિયાઓને મોકો મળ્યો. તેઓ બાદશાહ તરફ ધસ્યા. બાદશાહની જિંદગી જોખમમાં હોવાનું બેગમને જણાયું. તેણે બાદશાહનો જીવ બચાવવા જેસાજી - વેજાજી પાસે ખોળો પાથર્યો - તેમને ભાઈ કહી સંબોધ્યા. પોતાના સૌભાગ્ય માટે બેગમે બહારવટિયાઓ પાસે આજીજી કરી. બસ થઈ રહ્યું. જિંદગીનું જોખમ ખેડી પોતાનું કામ પતાવવા આવેલ આખરી ખેલના ખેલંદા ભાઈ - શબ્દ સામે ઢળી પડ્યા. બાદશાહ બચી ગયો. બહેને તેની રાજવટ સાચવી. સમાધાન કરાવી ગરાસ અપાવ્યો. બહારવટિયા મટી ફેર ગરાસદાર થયા.

કાંડાના જોરે જેબલિયાઓ જ્યારે અમરેલી હાથ કર્યું ત્યારે આ સરવૈયાઓ ત્યાં

ત્રીજા હિસ્સાના જાગીરદાર હતા. એક હિસ્સેદાર, બાદશાહે આપેલ જાગીર ધરાવતા સૈયદો હતા. આ રીતે મરાઠાઓએ સપાટો બોલાવ્યા પહેલાં અમરેલીના ત્રણ ભાગદાર જાગીરદારો હતા.

ઈ. સ. ૧૫૯૦માં, અબુલ ફઝલે, 'આઈને અકબરી' માં નોંધ્યું છે કે સોરઠ મહાલમાં સાતમા ભાગમાં વાઘેલાઓ વસે છે. તેમનું બળ બસો ઘોડા છે. તેટલી સંખ્યાનું જ તેમની પાસે પાયદળ છે. આ પ્રદેશમાં કાઠીઓ પણ વસે છે. તેમની પાસે ૬૦૦ ઘોડેસવાર અને ૬૦૦ પાયદળની ફોજ છે. તેઓ દેખાવડા હોવાનું જણાવી તેમની મહેમાનગતિ વખણાતી હોવાનું જણાવે છે. કાઠીઓની સાથે નજદીકમાં બોરીચા જાત વસે છે. તેમની પાસે ૩૦૦નું અશ્વદળ અને તેટલું જ પાયદળ છે. જામની સામે તેઓ નિરંતર જંગ મચાવતા હોવાનું પણ જણાવે છે.[૬૫] આ જ હકીકત રાસમાળાના પાન ૬૫૨ ઉપર ફાર્બસ નોંધે છે તે સોરઠમાં કાઠી લોકોના ૬૦૦૦ ઘોડેસવાર અને દશ હજાર પાયદળનું બળ હતું.

ઈ. સ. ૧૫૭૫માં કચ્છની ઠક્કરાતો વચ્ચે વૈમનસ્ય થયાં. હમીરજીની ગાદી ત્યારે લાખિયાર વિયરામાં હતી. જામ રાવળના પિતા જામ લાખાજીનું હમીરજીએ દેદા તમાશીને ઉશ્કેરીને ખૂન કરાવ્યું કચ્છના કુસંપથી જામ રાવળ કચ્છ છોડી સૌરાષ્ટ્રમાં આવ્યો. તેને દેદા તમાશી સાથે યુદ્ધ થયું ત્યારે દેદા તમાશી સાથે કાઠીસરદારોની ફોજ પણ હતી. વાળા અને જેઠવા રાજપૂતો પણ દેદા તમાશીની સહાયમાં હતા.[૬૬] જામ રાવળે પ્રથમ નવાનગર ગાદી કરી. કાળાવડના માંજરિયા કાઠી રાજા પાસેથી તેણે કાળાવડ લીધું. પછીથી જામનગર વસાવી ત્યાં ગાદી સ્થાપી હતી. જામ રાવળજીએ માંજરિયાઓ પાસેથી કાળાવડ પરગણું મેળવ્યું. માંજરિયાઓએ ત્યાં પાંચસો વર્ષથી વિશેષ સમય રાજ્ય કર્યું હોય તેમ જણાય છે. (યદુવંશ પ્રકાશ)

ધ્રાંગધ્રાના રામસિંહના બીજા નંબરના પુત્રે અઢારમી સદીના મધ્યમાં કાઠીઓ પાસેથી સાયલા જીતી લીધું હતું.[૬૭]

બાબરિયાવાડમાં વસતા બાબરિયાઓ પહેલાં થાન આજુબાજુમાં વસતા હતા પણ પરમારોએ તેમને ત્યાંથી હટાવ્યા. તેઓ પ્રથમ અમરેલી આજુમાં આવીને વસ્યા. પછીથી દક્ષિણ સૌરાષ્ટ્ર તરફના ભાગે તેમણે તેમની જાગીરો ઊભી કરી. તે વિસ્તાર બાબરિયાવાડ તરીકે ઓળખાયો. તેમાં મુખ્યત્વે કરીને હાલના બે તાલુકા - રાજુલા અને જાફરાબાદનો સમાવેશ થાય છે. બાબરિયામાં ૧. ધાંખડા, ૨. વરૂ, ૩. કોટીલા એમ ત્રણ શાખ છે. ધાંખડાઓ હસ્તિનાપુરમાં વસતા હતા. તેઓ પાંડવપુત્ર બભ્રુવાહનથી ઊતરી આવ્યા હોવાનું મનાય છે. માનપાળ તુંવરે તેમને હસ્તિનાપુરમાંથી હટાવ્યા તેથી સૌરાષ્ટ્રમાં આવી વસ્યા.

નાગાજણ જેઠવાના પુત્ર હલામણ જેઠવાએ ધાંખડાની પુત્રી માલદે સાથે લગ્ન કર્યાં. તેના વંશજો વરૂ શાખાના બાબરિયા થયાનું મનાય છે.

છેલ્લા એભલવાળાના સમયમાં શિહોરના ગરાસદાર જાની બ્રાહ્મણો વચ્ચે

ધિંગાણું થયું. તેમાંથી ત્રીકમ જાની નીકળીને તળાજા આજુબાજુના મુલકમાં ઊતરી ગયો. સંજોગવશાત્ તેનાં લગ્ન એભલવાળાની પ્રેરણાથી દેવા દોરેલાની પુત્રી શ્રીબાઈ સાથે થયાં. કોટે ટીલુ કરતા તેના વંશજો કોટીલા કહેવાયા. એભલવાળાએ તેને બાબરિયા તરીકે સ્થાપીને બાબરિયાઓના ટિલાયતનું તેને બિરુદ આપ્યું.

બાબરિયાઓમાં બોતેર શાખના બાબરિયાઓ હતા. થાન કંડોળાથી તેઓને દક્ષિણમાં ખસેડાયા. ત્યારે પ્રથમ તેઓ અમરેલીમાં અને પછી કુંડલામાં રહ્યા હતા. ત્યારે કુંડલામાં દેવા કોટીલાની રાજગાદી હતી. તે પ્રસંગની દંતોક્તિ કહેવાય છે કે જૂનાગઢના નવાબે પાલિતાણાની રાજકુંવરીનું માગું નાખેલું. પાલિતાણાના ઠાકોર ઉપર આફત આવી. જોરાવર નવાબ સામે યુદ્ધમાં પોગાય તેમ ન હતું. તેમ મુસલમાનને કન્યા આપવી ન હતી. ઠાકોરની મુશ્કેલીનો તોડ કુંવરીઓએ કાઢ્યો. બે બહેનો વેલડું જોડાવી, રાતોરાત પાલિતાણાથી નીકળી ગઈ. આ વેલડું જ્યારે કુંડલાના પાદરમાં આવ્યું ત્યારે દેવા કોટીલાને ખબર પડી. તેની રાજપૂતીને પડકાર થયો હોય તેમ તેને લાગ્યું. રાજપૂતપુત્રીઓનું રક્ષણ કરવા તેણે જવાબદારી લીધી. રાજકુંવરીઓને ખાત્રી આપી કે તમામે તમામ બાબરિયા અમે મરી ખૂટશું પણ તુર્ક સામે અમે તમારું રક્ષણ કરશું. માટે અહીં જ રોકાઈ જાવ. નવાબને આ વાતની જાણ થઈ ત્યારે તે કુંડલા ઉપર ચડ્યો. કુંડલા પાસેના કરલા-મોદા ગામો આવેલાં છે. ત્યાં નવાબના લશ્કર સામે બાબરિયાઓએ યુદ્ધ આપ્યું. બાબરિયાની બોંતેર શાખા પૈકીની છત્રીશ શાખના બાબરિયાઓ યુદ્ધમાં કામ આવી ગયા. તેમાં બાકી રહી તે છત્રીશ શાખા પૈકીની ૧૫ શાખાઓ સમય જતાં લુપ્ત થઈ ગઈ છે. અત્યારે ૨૧ શાખા અસ્તિત્વમાં હોવાનું કહેવાય છે તેની ચર્ચા અન્યત્ર કરશું.

પાટણપતિ કરણ વાઘેલાના માસીઆઈભાઈ તેવા કેરન્તિગઢના કેસર મકવાણાના પુત્ર હરપાળદેવજી મકવાણા હતા. ઈસુની અગિયારમી સદીમાં હરપાળદેવજીના પિતા કેસર મકવાણાને સિંધના રાજાએ મારીને સિંધ કબજે કર્યું ત્યારે હરપાળદેવજી પાટણપતિને આશરે આવ્યો. પાટણપતિ કરણ વાઘેલાને, ભૂતની ઉપમા પામેલો એક બાબરો-મહા તાકાતવાન પુરુષ ત્રાસરૂપ હતો. કરણ વાઘેલા અને તેનાં નવાં રાણીના જીવન-વ્યવહારને અટકાવી, પોતાનું ધાર્યું કરતાં બાબરાથી કરણ વાઘેલો તંગ આવી ગયો હતો. આ આપત્તિથી પોતાને કોઈ પણ છોડાવે તો, તે એક રાત્રીમાં જેટલા ગામને તોરણ બાંધે તેટલા ગામ તેને આપવા કરણ વાઘેલાએ જાહેર કર્યું. હરપાળદેવજીએ તે વાતનું બીડું ઝડપ્યું અને પોતાની તાકાત અને બુદ્ધિચાતુર્યથી તેણે બાબરાને વશ કર્યો. તેની જ મદદથી પંદરસો જેટલાં ગામોને તોરણ બંધાવી, તેટલાં ગામો, કરણ વાઘેલા પાસેથી મેળવી, પોતાની રિયાસત ઊભી કરી. તેણે પ્રથમ પાટડીમાં રાજગાદી સ્થાપી. પછીથી હળવદ - ધ્રાંગધ્રા રાજગાદીઓ સ્થાપી. હરપાળદેવજીએ થરપારકરના સોઢાનાં કુંવરી રાજકુંવરબા સાથે લગ્ન કર્યાં હતાં. તેનાથી તેને નવ દીકરા થયા તેમાં એક પુત્રનું નામ ખવડજી હતું. વાળા વેરાવળજીએ સંઘબળ વધારવા નવું સંગઠન ઊભું

કરેલ તે કાઠી ગઠબંધનમાં તેઓ જોડાયા અને આ ખવડજીના વંશજો ધાંધલપુર, સુદામડા વિ. વિસ્તાર કબજે કરી ત્યાં વસ્યા અને પ્રસર્યા. તેઓ અવરતિયા શાખાના ખવડ કહેવાયા.

ઉપરના પેરામાં બાબરાની વાત કરવામાં આવી તે અદ્‌ભુત શક્તિનું પ્રતીક માત્ર હતો. માનવશક્તિના પ્રમાણ કરતાં વધુ શક્તિ એ અદ્‌ભુત શક્તિ ગણાય. તેથી તેને ભૂતની ઉપમા અપાણી હશે. આ બાબરો તે બર્બરક વંશનો હશે તેથી તેને બાબરો કહેવામાં આવ્યો હશે. સિદ્ધરાજ જયસિંહનો સેનાપતિ બર્બરક હતો. પંડિત ભગવાનજી ઇંદ્રજી માને છે કે બાબરિયાઓ સિદ્ધરાજ જયસિંહના સેનાપતિ બર્બરકના વંશ જ છે.[૬૮] આ બાબરો પણ અસલનો બર્બરક હોય તેમ માની શકાય.

પાટણપતિ કરણ વાઘેલા ગુજરાતનો છેલ્લો હિન્દુ રાજા હતો. તેને હરાવીને દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીએ ગુજરાતમાં પોતાની સત્તા જમાવી હતી. ગુજરાતમાં મુસલમાની સલ્તનત ઊભી કરનાર તે પ્રથમ હતો. તેની ધર્માંધતાએ ગુજરાત ઉપર જુલ્મોની જડીઓ વરસાવી હતી. હિન્દુઓના દેવ દેવસ્થાનોમાં મૂર્તિખંડન અને હિન્દુઓના ધર્મપરિવર્તન કરવાની તેની કામગીરીએ ત્રાસ વર્તાવ્યો હતો. તેના પછી તેનો પુત્ર અહમદશાહ થયો. તેણે અમદાવાદ વસાવી ત્યાં પોતાની રાજગાદી સ્થાપી. તેણે ગુજરાતમાં મુસ્લિમ ધર્મના પ્રસાર માટે હિન્દુઓ ઉપર અસહ્ય જુલ્મો ગુજારી ત્રાસ વર્તાવ્યો હતો. તેના પછી ગુજરાતની ગાદીએ આવેલા મહમદ બેગડાએ આવી પ્રવૃત્તિઓને વધુ જોશીલી બનાવી, ત્રાસ અને જુલમોની ઝડીઓ વરસાવી હતી.

આવા ધર્માંધ બાદશાહો સામે થવા ત્યારના રાજાઓની શક્તિ ઓછી પડતી હતી. મુસલમાની જુલમો વધતા જતા હતા. વિધર્મી અત્યાચારોથી પ્રજા ત્રાહિમામ્ પોકારી ગઈ હતી ત્યારે કાઠી કોમ અણનમ રહી, આમજનતાને હૂંફ અને હિંમત આપતી રહી હતી. આ જુલમી-શાસન સામે તેણે માથું ઊંચકીને બાદશાહના વિસ્તારની માલ-મિલકતો અને રાજકોષો લૂંટ્યા હતા. પોતાની શક્તિનો વારંવાર પરચો બતાવી મુસલમાની સત્તાને પડકારી હતી.

મોગલ સલ્તનતે ભારતમાં તખ્ત બિછાવી સમ્રાટપદ હાંસલ કર્યું હતું. મોગલ શહેનશાહોમાં બાદશાહ અકબર મહાન બુદ્ધિશાળી અને તાકાતવાન થયો. તેણે તેના સામ્રાજ્યના સીમાડા દૂરદૂર સુધી વિસ્તાર્યા હતા. ત્યારે કાઠી સરદાર લોમા ખુમાણે કાઠીઓની શક્તિનો પરચો બાદશાહના સૂબા ઇતિમદખાનના વિશાળ લશ્કરને હરાવીને ૧૫૮૩માં સપ્ટેમ્બરની ચોથી તારીખે બતાવ્યો હતો. બાદશાહ અકબરે ગુજરાતના નવાબ મુઝફ્ફરને પદભ્રષ્ટ કર્યો હતો. તેને લોમા ખુમાણે ફરી ગાદીનશીન કર્યો. બાદશાહ અકબરે મોટા લશ્કર સાથે મીરજા અજીજ કોકોને મુઝફ્ફર સામે મોકલ્યો. પણ મુઝફ્ફરે જામનગર અને જૂનાગઢ જેવા સૌરાષ્ટ્રના મોટા રાજવીઓનો આશરો લીધો. હીપો ખુમાણ તેમ છતાં તેની મદદે પોતાનું લશ્કર લઈને ગયેલ પરંતુ જ્યાં બન્ને પક્ષના લશ્કરો સામસામા ગોઠવાયા હતા ત્યારે મુઝફ્ફરના આશ્રયદાતાઓ તરફથી સંદેશાઓથી

અજીજ કોકો સાથે ગુફ્તેગુ ચલાવાતી જોઈ હીપો ખુમાણ નારાજ થઈ, પોતાના લશ્કર સાથે ત્યાંથી ખસી ગયેલ. જે તાકાતબળથી એક વખત મોગલ લશ્કરને હરાવાયું હતું તે તાકાતની ગેરહાજરીને કારણે ભૂચર મોરીના આ યુદ્ધમાં મુઝફરના સહાયકોની હાર થઈ હતી અને મોગલ લશ્કરે કચ્ચરઘાણ વાળી નવાનગર કબજે કર્યું હતું.

બાદશાહ અકબર અને તેના પછી જહાંગીર તેમજ શાહજહાંને અગાઉના મુસ્લિમ બાદશાહોની રાજનીતિમાં ફેરફાર કરી ધાર્મિક નીતિ ભેદભાવ વગરની બનાવી હતી. વર્ષોથી ત્રાસ અને ધર્માંતરની પાશવી નીતિ ઘટતી ચાલી હતી પણ ગુજરાતના સૂબાઓ જ્યારે જ્યારે પાશવી તાકાતના કારણે ધર્મઝનૂની કે ઉન્માદી બનતા ત્યારે કાઠીસરદારોએ તેમની સામે તલવાર અને ભાલા તોળ્યા હતા. ગુજરાતના સૂબા આઝમખાને કાઠીઓ તરફ ભેદભાવભરી નીતિ અખત્યાર કરી ત્યારે તેના પ્રતિભાવમાં કાઠીઓએ છેક અમદાવાદના સીમાડા સુધી પહોંચી ધંધુકા સરખેજ સુધી પાળો લઈ જઈ પોતાની શક્તિનો પરચો બતાવ્યો હતો.

મોગલ સામ્રાજ્યના શહેનશાહ ઔરંગઝેબે તેના પિતા શાહજહાનને કેદ કરી પોતાના ભાઈઓની કતલ કરી ગાદી હાંસલ કરી હતી. પોતાના જ કુટુંબને ત્રાસરૂપ બનનાર મોગલ સમ્રાટે પ્રજા ઉપર પણ ફરીથી જુલમો આદર્યા હતા. કાઠીસરદારોની વધતી જતી તાકાતને મહાત કરવા તેણે તેના સૂબા કરબતલખાનને કે જેને સુજાતખાન નામથી ઓળખાવ્યો હતો તેને લશ્કર સાથે યુદ્ધ કરવા મોકલ્યો. કાઠીસરદારોનાં લશ્કરો નાનાં હતાં. વિશાળ સૈન્ય સામે મેદાની યુદ્ધ આપવાનું તેમને બિલકુલ પરવડે તેવું ન હતું. તેથી વારંવાર સૈન્ય ઉપર છાપાઓ મારી, સુજાતખાનને પરેશાન કર્યો હતો. કાઠીસરદારો તેની ઝપટમાં નહિ આવતાં તેણે કાઠીકોમના કુળદેવ થાનગઢના ભગવાન સૂર્યનારાયણના મંદિર ઉપર આક્રમણ કર્યું. કાઠીસરદારોએ શક્ય રીતે તેનો મુકાબલો કર્યો. ત્રણ દિવસ યુદ્ધ ચાલ્યું પણ વધુ વખત ટકી શકાશે નહિ તેવું જણાયું ત્યારે ભગવાન સૂર્યનારાયણની મૂર્તિઓ માનભેર ઉઠાવીને જતા રહ્યા. સુજાતખાન જ્યારે મૂર્તિઓ તોડવા ગયો ત્યારે જ તેને તે વાતની ખબર પડી એટલે મંદિર તોડીને ચાલ્યો ગયો. થાનગઢનું આ સૂર્યમંદિર તોડીને સુજાતખાને થાનગઢમાં મુસલમાની થાણું બેસાર્યું હતું.

સુજાતખાન થાનનું સૂર્યમંદિર અને દ્વારકાનું જગતમંદિર તોડવા નીકળ્યો છે. તેવા ખબર જ્યારે મારવાડના વીર દુર્ગાદાસને મળ્યા ત્યારે તેની તે કુમકે આવવા નીકળ્યો હતો તેમ કહેવાય છે.

સુજાતખાન પાછો ગયા પછી કાઠીઓએ થાન ઉપર હલ્લો કરી, થાણદારને નસાડ્યો હતો અને મંદિરનો પુનરોદ્ધાર કરી ભગવાન સૂર્યનારાયણની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી.

એભલવાળા છેલ્લો તળાજાનો રાજા હતો ત્યારે તેની પાસે તળાજા, જેતપુર અને ઢાંકની રિયાસત હતી. તળાજા આજુબાજુનો તેનો પ્રદેશ, ગોહિલોની શક્તિ

જોરાવર થતાં તેમણે લઈ લીધો હતો. તેમના મોટા પુત્ર શેલાયતવાળાએ ઢાંકની ગાદી સંભાળી. ચાંપરાજવાળા જેતપુર રહ્યા અને સૌથી નાના પુત્ર અણોવાળા તળાજા ગયા. ચાંપરાજવાળા વિ. સં. ૧૧૮૮ ઈ. સ. ૧૧૩૨માં, દિલ્હીના બાદશાહના લશ્કર સામે લડતાં અદ્ભુત વીરતા બતાવી દેવ થયા હતા.[૬૯]

વિદ્વાન ઇતિહાસકાર શંભુપ્રસાદ દેસાઈ, તેમના સૌરાષ્ટ્રના ઇતિહાસમાં, કાઠીઓના સૌરાષ્ટ્રમાં આગમન બાબતમાં લખે છે કે -

"સમય વિધાનો એકીસાથે વિચારતાં, એ સારાંશ નીકળે છે કે કાઠીઓ સિથીયામાં રહેતા અને તેમના ગણરાજ્યનું રક્ષણ કરતા. એલેક્ઝાન્ડરના આક્રમણનો તેમણે વીરતાપૂર્વક સામનો કરી, તેને પાછા જવા ફરજ પાડી. તે પછી તેઓ પંજાબ, રાજસ્થાન, સિંધમાં થઈ કચ્છમાં આવ્યા અને ત્યાંથી સૌરાષ્ટ્રમાં વસ્યા, જ્યાં રાજપૂત કુળો સાથે સંબંધો બાંધ્યા અને કેટલાક રાજપૂતોને તેમની જ્ઞાતિગંગામાં સમાવી લીધા."

કાઠી સરદારોએ ઈ. સ. ૧૨૫૩ લગભગમાં, જૂનાગઢના રા'મહિપાલના પ્રદેશ ઉપર ત્રાટકીને જોરદાર બળવો કર્યો હતો. ભયંકર યુદ્ધ થયું હતું અને તેમાં રા'મહિપાલ ત્રીજો મરાયો હતો.[૭૦] તેના પછી રા'ખેંગાર ત્રીજો સોરઠની ગાદીએ આવ્યો. તેની સાથે પણ કાઠીઓને વારંવાર અથડામણો થઈ. રા'મહિપાલના વખતમાં ઢાંકના વાળા અર્જુનસિંહ રા'હનો મુખ્ય મદદકર્તા હતો, તેથી ઢાંકનાં કેટલાંક ગામો કાઠીઓએ કબજે કરી, અર્જુનસિંહ સાથે બાથ ભીડી હતી. તે લઈ લીધેલા ઢાંકના ગામો, રા'ખેંગારે તેને કાઠીઓ સાથે સમાધાન કરાવી પાછા અપાવ્યા હતા. રા'ખેંગારે કાઠીઓને કેટલીક જમીનો આપી વેરનું સમન કરાવ્યું હતું.[૭૧] વલ્લભીના પતન પછી સૌરાષ્ટ્રમાં એક મોટું રાજ્ય માત્ર જૂનાગઢના રા'ના વંશનું જ હતું.

ઇ. સ. ૧૫૯૭માં સોરઠ પરગણું દિલ્હીના બાદશાહ અકબરના કબજામાં હતું તે તેણે બીકાનેરના રાજા રાયસિંહને જાગીરમાં આપ્યું હતું. તેમ બિકાનેર રાજ્યના દફતરમાં ઇ. સ. ૧૫૯૭ના ફેબ્રુઆરી માસના દિલ્હીના શાહી ફરમાનમાં જણાવ્યાનું માલુમ પડે છે.[૭૨]

ભૂચર મોરીના યુદ્ધમાં, જામ સતાજી બાદશાહ અકબરના લશ્કર સામે હારી જતાં જામનગર પરગણું ગુમાવેલું તે હજુ શાહી મુગલાઈ થાણું ત્યાં સ્થપાયું હતું તે ચાલુ હતું. ઈ. સ. ૧૬૦૫માં બાદશાહ અકબર ગુજરી જતાં શાહજાદો સલીમ,- જહાંગીર નામ ધારણ કરી દિલ્હીની ગાદીએ બેઠો હતો. સૌરાષ્ટ્રમાં શાહી સત્તાની સ્થાપના થયા પછી પહેલો સૂબો નવરંગખાન હતો. તે ભૂચર મોરીના યુદ્ધમાં લડ્યો હતો તેથી તેને આ પ્રદેશની જાણકારી હતી. જહાંગીરના સમયમાં ઈ. સ. ૧૬૦૫ પછીના સમયગાળામાં જામ સતાને હાલાર પરગણું પાછું સોંપ્યું હોય તેમ જણાય છે.

આ સમયકાળમાં, ચીભડાના વાઘેલા ઠાકોરને અને સરધારના જામ વિભાજી વચ્ચે ઘર્ષણ ચાલ્યા કરતું હતું. એક વખત તો શાહજાદા ખુર્રમએ શાહી હુકમથી

વિભાજી પાસેથી સરધાર લઈ લીધું હતું. આ દિવસોમાં કાઠી સરધારોએ સરધાર આજુબાજુનો પ્રદેશ સર કર્યો હતો. શાહી લશ્કર મોટું અને તાકાતવાન હતું. પણ કાઠીઓની યુદ્ધકળા જુદી જ હતી તેથી તેને તે વશ કરી શકતું ન હતું. જામ વિભાજી અને શાહી લશ્કરે સાથે મળી જ્યારે કાઠીઓ ઉપર આક્રમણ કર્યું ત્યારે જ તેને ત્યાંથી હટવું પડ્યું. તેમ છતાં તેમના સંઘબળ અને યુદ્ધકૌશલ્યની તાકાતથી તે દિવસોમાં સુદામડા, ભડલી, ગઢડા, આણંદપુર, વાસાવડ વિ. ગામો કબજે કર્યાં હતાં.

મુસલમાન સલ્તનતના કટ્ટર વિરોધી મહારાજા શિવાજી દેવ થયા. તેથી મુસલમાન સલ્તનત જોરમાં આવી. ઔરંગઝેબની કોમવાદી રાજનીતિએ દેશને ભરડો લીધો. પરંતુ ઈ. સ. ૧૭૦૭માં તે પણ ગુજરી ગયો. તે વખતે ભાવનગરના સ્થાપક ગોહિલ ભાવસિંહજીએ, કાઠીઓએ મેળવેલો પ્રદેશ મહુવા, કુંડલા, ધારી વિ. ગામો ઉપર પોતાની આણ નીચે લીધો. ત્યાંના મુસ્લિમ થાણાં તેમણે ઉઠાવી મૂક્યાં.[૭૩]

સૌરાષ્ટ્રના રાજવંશોનું પુનઃગઠન થયું. તેમાં શાખાયત અને અવરતિયા વિભાગોના સામંતશાહી યુગના, અરસપરસના લગ્ન સંબંધી રીતરિવાજો ઐતિહાસિક અને રસપ્રદ છે. આધુનિક લોકશાહી યુગમાં માર્ગદર્શક બની શકે તેવા આ રિવાજો પ્રદર્શક અને અજાયબ હતા. માત્ર મોટો પુત્ર જ સર્વસંપત્તિ અને વહીવટનો અધિકારી બને તે વાત તેમને માન્ય ન હતી. મિલકતની સામાજિક રીતે સમાનતાભરી વહેંચણીનો રિવાજ લોકશાહીની સમાનતાના સિદ્ધાંત સમાન હતો. જમીનદાર શાખાયત અને લગભગ બિનજમીનદાર અવરતિયા શાખાના કાઠીકુળો અરસપરસ લગ્નવહેવારથી વરણપરણ કરતાં હતાં. શાખાયત શાખાની પુત્રી પરણીને અવરતિયા શાખામાં જાય ત્યારે તેના પિતાની જાગીરમાંથી તેના નિભાવ માટે જમીન સુદ્ધાંની જિવાઈ આપવામાં આવતી.[૭૪]

તે જ રીતે શાખાયત શાખાના કુમારો અવરતિયા શાખામાં લગ્ન કરે ત્યારે તેમના સ્વસુર પક્ષના નિભાવ માટે તેવા જ પ્રકારની જિવાઈઓ અપાતી હતી. આ રીતે શાખાયત અને અવરતિયા વિભાગોના જનસમુદાયોના હાથ એક ભાણામાં રહેતા. જાગીર અને રાજ્યના રક્ષણ તેમજ પ્રગતિ માટે સંગઠિત રીતે કટિબદ્ધ રહેતા. અરસપરસ માત્ર વિવેક પૂરતા જ નહિ પણ દિલથી આત્મીયતા અને એકતાના પ્રતીક સમા બની રહી, ગમે તેવાં જોખમો કે તાકાત સામે તે ઝઝૂમી શકતા હતા.

સાતસો વર્ષ પહેલાં શરૂ થયેલ આ પ્રથા ભારત સ્વતંત્ર થયું ત્યાં સુધી વિદ્યમાન હતી. ગરાસ અને સાલિયાણા નાબૂદી સુધી તે રીતરિવાજો જળવાયા હતા. શાખાયત માત્ર અવરતિયામાં અને અવરતિયા માત્ર શાખાયત વિભાગોમાં જ વરણપરણ કરતા હતા. કૅપ્ટન બેલે તેમના અંગ્રેજી પુસ્તક, 'કાઠિયાવાડના ઇતિહાસ'માં કાઠીઓની અજાયબી-ભરી લગ્નપ્રથાને લોકશાહીના અજોડ નમૂનારૂપ અને અજોડ આદર્શ તરીકે વર્ણવ્યાં છે.

કૅપ્ટન બેલ લખે છે કે "તેઓની સ્ત્રીઓ અત્યંત સ્વરૂપવાન હતી. કાઠી લોકોના ઘોડાઓ ઉમદા જાતના હતા. જે ઘોડાઓ ઉછેરે છે તેઓ આ વાતથી વાકેફ છે. કાઠી લોકો અસલના સૂર્યપૂજક છે."

ગીરજંગલમાં આવેલું દલખાણિયા લૂંટફાટ કરનારાઓનું મુખ્ય મથક બની રહ્યું હતું. તેથી જેતપુર દરબાર કુંપાવાળાએ જૂનાગઢના નવાબના લશ્કરની મદદ લઈ મોટા ભાગના લૂંટારાઓને મારી, દલખાણિયા આસપાસ સલામતી ઊભી કરી હતી.[75]

ઈ. સ. ૧૭૭૬માં, અમરજી દીવાન જ્યારે પંચાળમાં રોકાયેલા હતા ત્યારે પેશ્વા અને ગાયકવાડનાં મરાઠા લશ્કરો જૂનાગઢ ઉપર આક્રમણ કરવા ધસી રહ્યાં હતા.

પંચાળમાંથી અમરજી દીવાન જૂનાગઢના લશ્કર સાથે આવી રહ્યા હતા ત્યારે ઈ. સ. ૧૭૭૬માં જેતપુર પાસે પેશ્વા અને ગાયકવાડના મરાઠા લશ્કરને જૂનાગઢ ઉપર ધસી આવતાં ભેટો થયો. ભયંકર યુદ્ધ થાય તેમ હતું પરંતુ જેતપુરના દરબાર કાથડવાળા તથા ગોંડળના ઠાકોર ભા'કુંભાએ મધ્યસ્થી કરી સમાધાન કરાવ્યું. તેથી યુદ્ધ થતું અટક્યું હતું."[76]

૧૨. અમરેલી પ્રાંત

ધારી, અમરેલી અને દામનગરના મહાલો અમરેલી પ્રાંતના તાલુકાઓ હતા. તેમાં કાઠી મૂળ ગરાસિયાઓનો ગરાસ વિસ્તારં આવતો હતો. અમરેલી પ્રાંત વડોદરા રાજ્યનો ભાગ ગણાયો હતો. વડોદરા મહારાજા શ્રીમંત સરકાર કહેવાતા હતા. અમરેલી અને ધારી મહાલ એકબીજાને લાગીને આવેલા છે. તેની ઉત્તરે અને પશ્ચિમે જેતપુર અને જૂનાગઢ રાજ્યની સીમાઓ લાગતી. દક્ષિણે અને પૂર્વે ભાવનગરનું રાજ્ય લાગતું હતું. વચમાં વચમાં ૧૯ સ્વતંત્ર કાઠી ગરાસિયાઓનાં કુલ ૧૭૦ ગામોમાંથી ૯૬ ગામો, મૂળ ગિરાસદારોના જ હિસ્સાનાં હતાં.

કાઠિયાવાડના રાજ-રજવાડા ગિરાસદારો એજન્સીના વહીવટ નીચે આવતા હતા. જ્યારે અમરેલીનો ઉપરોક્ત વિસ્તાર ગાયકવાડ સરકારના વહીવટ તળે આવતો હોવાથી ગરાસદારો ઉપરનો વહીવટ - નિયંત્રણ ગાયકવાડ સરકારનાં હતાં.

"અમરેલી આજુબાજુમાં કાઠીઓ વસતા હતા. તેથી અમરેલી ઘોડાઓને માટે પ્રખ્યાત હતું. ૧૩ ચિન્ટ-ઊંચાઈના ટૂંકી કાનોટીવાળા ઘોડાનો ત્યાં ઉછેર થતો હતો. કાઠિયાવાડી ઘોડાઓની ઓલાદ ખરાબ થઈ ગઈ છે પણ બીજે કરતાં અહીં સારા છે. જાફરાબાદી ભેંસો અને ગીર ઓલાદની ઉમદા ગાયો આ વિસ્તારમાં છે. લોકો શાંતિપ્રિય અને અસીલ છે. માત્ર કાઠીઓ જ તેવા નથી."[૭૭]

ધારી મહાલમાં **વિશેષ ગરાસિયા હતા જેમાંના ઘણાખરા કાઠી હતા તે મહેસૂલનો વહીવટ પોતે જ કરતા હતા. ફોજદારી અખત્યાર સિવાય બીજી બાબતોમાં સરકારથી સ્વતંત્ર હતા.** તેની મરજી હોય ત્યાં સુધી ખેડૂત તેની જમીન રાખી શકતા. જમીનનું માપ સાંતિથી થાય છે. સાંતિ એટલે ૫૦ વીઘાં. (ગાયકવાડી) (બીજા સ્થળોએ એક એકરે અઢી વીઘો થતો. જ્યારે ગાયકવાડી એકર પોણાં બે વીઘાંનો થતો.) સાંતી એકે બાજરો મણ ૪૫૦ પાકતો હતો તેવો અંદાજ છે.

આ પ્રાંતમાં સૌપ્રથમ મરાઠાઓની ફોજ પેશ્વાના સેનાપતિ ખંડેરાવ દાભાડે અને દામાજી ગાયકવાડ લાવ્યા હતા. દામાજીના પિલાજીએ તથા કંતાજી કદમે ઈ.સ. ૧૭૨૨માં શિહોરના ગોહિલો સાથે યુદ્ધ કર્યું હતું. આ પિલાજી પછી તેનો પુત્ર બીજો દામાજી થયો. તેણે સૌપ્રથમ ઈ. સ. ૧૭૩૨માં આ પ્રાંતમાંથી ખંડણી ઉઘરાવી. ત્યાં સુધી જાગીરદારો સંપૂર્ણ સ્વતંત્ર હતા. પેશ્વા તથા ગાયકવાડ ઈ. સ. ૧૭૫૨-૫૩ના તહનામાથી સહભાગીદાર હતા. આ વખતથી તે એ સૈકાંની આખર સુધી ગાયકવાડ અને પેશ્વાઓની સંયુક્ત ફોજે કાઠિયાવાડમાંથી ખંડણી ઉઘરાવી. ઈ.સ. ૧૭૯૯થી ઈ. સ. ૧૮૧૪ સુધી ગાયકવાડે આ બાબતનો ઈજારો રાખી લીધો, તેથી પોતાની ફોજથી જ ગાયકવાડે ખંડણી ઉઘરાવી.

મરાઠા સરદાર શિવરામ ગાર્દી (અઢારમા સૈકાના છેલ્લા દાયકામાં) અને

બાબાજી આપાજી (ઓગણીશમા સૈકાની શરૂઆતમાં) મુલકગીરી ઉઘરાવનારા સફળ મરાઠા સરદારો હતા. તેમણે ખંડણીની રકમમાં મોટો વધારો કર્યો અને તેની વસૂલાત પણ જોરજૂલમથી કરી. ઘણા જાગીરદારો બાબાજી સામે થયા હતા. કડીના મલ્હાવરાવે પણ તેની સામે બંડ કર્યું પણ તે ન ફાવ્યો. બધી હરકતોને હટાવીને પણ બાકી રહેતી ખંડણીની બધી જ વસૂલાત કરી.

નવી સ્થપાયેલી બ્રિટિશ સરકારની મદદ સિવાય ખંડણી ઉઘરાવવી ગાયકવાડ સરકારને મુશ્કેલ જણાતાં ઈ. સ. ૧૮૦૭માં, વડોદરાના રેસિડેન્ટ કર્નલ વોકરની પણ મદદ લેવામાં આવી. તેમની બ્રિટિશ ફોજને સાથે રાખી ગાયકવાડી ફોજ લઈને પ્રાંતમાં આવ્યા. કાઠિયાવાડના રાજાઓએ કેટલી અને કેવી રીતે ખંડણી આપવી તેના ઠરાવ થયા. તે ઠરાવ 'વોકર સેટલમેન્ટ' (કર્નલ વોકરનો ઠરાવ) કહેવાયો. અમરેલી મુકામે મુકામ કરી ગાયકવાડનો સૂબો વિઠ્ઠલરાવ દેવાજી રહેતો હતો. કર્નલ વોકર પ્રાંતમાંથી ગયા પછી ગાયકવાડનો આ સૂબો કાઠિયાવાડનો રાજકારભાર ચલાવતો હતો. તેની મદદમાં રેસિડેન્ટનો એક મદદનીશ પ્રાંતમાં રાખવામાં આવ્યો. તેનો મુકામ પણ અમરેલીમાં જ હતો. પેશ્વા તથા ગાયકવાડની ખંડણી ઉઘરાવવી, સલાહ, શાંતિ અને બંદોબસ્ત જાળવવો, ગાદીની વારસા બાબતમાં તકરારો ઊભી થાય તેનો નિવેડો લાવવો અને સ્થાનિક રજવાડાઓ વચ્ચે દરમ્યાનગીરી કરવાની તેમની કામગીરી હતી. સરહદના ગુન્હેગારો પકડાય તેને, તેના ગુન્હાની શિક્ષા પણ કરતા. ઈ. સ. ૧૮૧૨-૧૩માં પ્રાંતમાં ભારે દુષ્કાળ પડ્યો ત્યારે ભારે અંધાધૂંધી ફેલાણી, બંડ થયા ત્યારે બ્રિટિશ ફોજની મદદથી તે સમાવી દેવાયા. ઈ. સ. ૧૮૧૪માં ગાયકવાડને ખંડણી ઉઘરાવવા, પેશ્વાએ જે ઈજારો આપ્યો હતો તેની મુદત પૂરી થઈ. પેશ્વાઓએ ખંડણી ઉઘરાવવા પોતે પ્રયાસ કર્યો (પોતાના હિસ્સાની ખંડણી) ત્યારે અંધાધૂંધી ફેલાણી. ધિંગાણાં થયાં. ગાયકવાડ સરકારનો કાઠિયાવાડના રાજાઓ ઉપર જે કરપ હતો તે ઓછો થયો. ત્યારે ઈ. સ. ૧૮૧૮માં પેશ્વાની સત્તા પડી ભાંગી. તેની સત્તા અને અધિકાર બ્રિટિશ સરકારે સંભાળ્યાં. ઈ. સ. ૧૮૨૦માં વડોદરા રાજ્યની ગાદીએ આવેલા શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડ સાથે તહનામું કરીને ખંડણી ઉઘરાવવાની સત્તા હાથમાં લીધી. ગાયકવાડે ફોજ લાવી ખંડણી ઉઘરાવવાનું બંધ થયું. જમીનદારો પાસેથી ખંડણી બ્રિટિશ સરકારે ઉઘરાવીને ગાયકવાડના હિસ્સાની રકમ તેને આપી દે તેવી નવી વ્યવસ્થા અમલી બની. ત્યારથી પ્રાંતમાં બ્રિટિશરોની સત્તા સર્વોપરી બની.

ઈ. સ. ૧૭૩૦માં, બીજા દામાજી ગાયકવાડ કાઠિયાવાડમાં આવ્યો ત્યારે અમરેલી ત્રણ પક્ષકારોના હાથમાં વહેંચાયેલું હતું. તેમાં ૧. જેબલિયા શાખાના કાઠીઓ ૨. દિલ્હીના બાદશાહે આપેલ જાગીર ધરાવતા સૈયદો અને ૩. જૂનાગઢનો ફોજદાર. આ બધા પાસેથી દામાજીએ ખંડણી ઉઘરાવી. સૈયદોને કાઠી ભાગદારો હેરાન પરેશાન કર્યા કરતા તેથી અને જમાબંધી ભરવા અશક્ત થતાં સૈયદોએ પોતાનો હિસ્સો ગાયકવાડ સરકારને સોંપી દીધો. વખત જતાં ગાયકવાડે કાઠીઓનો હિસ્સો પણ

પચાવી પાડ્યો. આ રીતે જમીનો પચાવી પાડવા માટે બે રીત અજમાવવામાં આવતી. ૧. કાઠીઓ તથા બીજા કે જે જમાબંધી વખતસર ભરી શકતા નહિ તેમની પાસેથી જમાબંધીના રૂપે જમીનો પડાવવાનું શરૂ કર્યું. ૨. જે ગીરાસદારો સ્થાનિક રજવાડાઓના હુમલા ખાળી શકતા નહિ તેની પાસેથી જમીનો રૂપી વળતર લઈ મદદ કરી.

ઈ. સ. ૧૮૦૯થી ઈ. સ. ૧૮૨૦ સુધી વિઠલરાવ દેવાજી સૂબા તરીકે અમરેલીમાં રહ્યો. માત્ર ખંડણી ઉઘરાવવા માટે આવેલા મરાઠાઓએ અમરેલી જિલ્લો ઘરે કર્યો. તે વિઠ્ઠલરાવને આભારી ગણી શકાય. અમરેલી અને તેનાં ૭૦ ગામો મેળવ્યા પછી વિઠ્ઠલરાવે દામનગર મેળવ્યું. લાઠીના ઠાકોરે પોતાની પુત્રી બીજા દામાજીને પરણાવી, છ ગામો પહેરામણીમાં આપ્યાં. (ઈ. સ. ૧૭૩૦)

જગતમાં અનાદિ કાળથી બનતું આવ્યું છે તે મુજબ બળિયાના બે ભાગ રહ્યા છે. બાબરાના કાઠીદરબારોનાં બે ગામ, નામે રચનાળ અને પીપળવા ઢસા જંક્શન પાસે આવેલાં હતાં. ગાયકવાડી સૂબાએ એક વખત ત્યાં રસ્તામાં કૅમ્પ કર્યો. મોટો માણસ ગામમાં આવે ત્યારે તેનો આદરસત્કાર કરવો તે વખતમાં લોકોની ફરજ બનતી હશે. ગામમાં શાકભાજી બહુ સારાં થતાં હતાં. હજુ પણ ત્યાં આજુબાજુમાં લાલ ઘોલર મરચાં વખણાય છે. ગામ લોકો શાકભાજીના ટોપલા ભરી (રીંગણાં-મરચાં) લઈ, સૂબાસાહેબને ભેટ ધરવા ગયા. શાકભાજી જોઈને સૂબાસાહેબની ડાઢ ડળકી. પૂછ્યું કે આ ગામ કોનાં છે? લોકોએ તે બાબરાના કાઠીદરબારોનાં હોવાનું જણાવ્યું. પણ સૂબા સા.ને તે વાત મંજૂર ન હતી. તેણે બાબરા દરબાર પાસેથી આ ગામો લખાવી લીધાં. સિયાનગર પહેલાં, દામનગરનું નામ મલ્લોદ હતું. તે ભાવનગર રાજ્ય અને ગઢડાના ખાચર દરબારોના તાબે હતું. ભાવનગરઠાકોરની કનડગતના કારણે ઈ. સ. ૧૮૦૪માં ગાયકવાડ સરકારે કાઠીદરબારો પાસેથી તેમના હિસ્સાનો પોણો ભાગ લઈને મદદ આપી. ભાવનગરઠાકોરના હિસ્સાનો ભાગ પણ વેચાતો લઈ લીધો.

ઈ. સ. ૧૮૦૬ - ૦૭માં, ધારીનો કિલ્લો સરસિયાના ઠેબાણી વાળા કાઠીઓના તાબાનો હતો. તે કિલ્લો તેમણે રાણીંગ વાળાને પાળમાં આપ્યો હતો. પરંતુ તે બહારવટું કરતો થયો એ કારણે ગાયકવાડે તે કિલ્લો પોતાના હાથમાં લઈ લીધો. સરસિયાના ઠેબાણી વાળાઓના ૧૩ ગામની જાગીર ગાયકવાડ સરકારે લખાવી લીધી. અનિયમિત ખંડણીની વસૂલાત ભરવા, ગમે ત્યારે ફોજી દબાણ આવે અને તે વસૂલાત આપી ન શકાય એટલે ગમે તેટલો ગરાસ લખાવી લેવામાં આવતો. તે જ રીતે ચાંચઈના ઠેબાણી વાળાઓનું દલખાણિયા પરગણું પણ લખાવી લીધું[૭૮] અને ધાંતરવડ પરગણાંના આલેગ ધાનાણી કાઠીઓનાં ૭૮ ગામ પણ લખાવી લીધાં. આ બધાં ગામોને ધારી તાલુકામાં સમાવવામાં આવ્યાં. જેતપુર દરબારોનાં નવ ગામ, આ રીતે આ મહાલમાં આવ્યા પહેલાં, અમરેલીનો, જેતપુરના ૨૪ ગામ ઉપર ચોથ ભાગનો હક્ક હતો. પણ અમરેલીવાળાઓના પગપેસારાને કારણે, નવ ગામ અને

કેટલીક રોકડ રકમ આપી છેડાછૂટકો થયો. તે નવ પૈકીનાં બે ગામ, જૂનાગઢના નવાબે ગંગાધર શાસ્ત્રીને તથા વિઠ્ઠલરાવ દેવાજીને વંશપરંપરા આપ્યાં હતાં. તે ગાયકવાડ સરકારે મહાલોમાં ભેળવી દીધાં.

ચલાળા આજુબાજુનાં છ ગામો ચાડકા શાખાના વાળાઓનાં હતાં અને જામનગર રાજ્યને ગીરો મૂકેલાં હતાં. તેનો ગીરોહક્ક વિઠ્ઠલરાવે, જામનગર રાજ્ય પાસેથી સને ૧૮૧૨માં વેચાતો લઈને તે ગામોને પણ ધારી તાલુકામાં ભેળવી દીધાં.

ઈ. સ. ૧૮૦૦ પછી એક બે દાયકાઓ ગયા પછી, પાંચાળમાંથી મહાન સંત અને ભક્તરાજ એવા દાનબાપુ પોતાની ગાયો લઈને અમરેલી જિલ્લામાં આવ્યા. ગૌસેવા અને ભક્તિમાં અહર્નિશ રહેતા દાનબાપુએ ચલાળામાં પોતાની જગ્યા સ્થાપી, ગૌસેવા સાથે જીવસેવા, માનવસેવા, સદાવ્રત વિ. અનેક પ્રવૃત્તિઓ પોતાના હાથથી કરી. ભૂખ્યાદુખ્યાને ભોજન, અનાજ, કપડાં આપતા. ક્રીશ્ચન મિશનરી સંસ્થાઓ સ્થપાયા પહેલાં, આ માનવ અને પશુસેવાનું સંકુલ ઊભું થયું હતું. દુષ્કાળના કારણે દાનબાપુની જગ્યામાંથી જરૂરિયાતમંદોને વિનામૂલ્યે અનાજનું વિતરણ થતું હતું ત્યારે આવા જરૂરિયાતમંદોની કતાર થતી. આવી એક કતારમાં તે વખતનો ગાયકવાડનો સુબો વિઠ્ઠલરાવ દેવાજી પોતે દક્ષિણી બ્રાહ્મણ હોવાને નાતે દાનુબાપુની પ્રસાદી રૂપે કૃપા મેળવવા તે કતારમાં ઊભો રહી ગયો હતો તેમ કહેવાય છે.

દાનબાપુના આશીર્વાદ મેળવી વિઠ્ઠલરાવ દેવાજી(ગાયકવાડના સૂબા)એ, અમરેલી જિલ્લાનો મોટો વિસ્તાર હાથ કરી, ગાયકવાડી રિયાસતમાં આમેજ કરવાનો યશ અને ગાયકવાડ સરકારની પ્રીતિ પ્રાપ્ત કરી શક્યો હતો.

વિઠ્ઠલરાવ, મૂળ તો એક બહુ નાનો સિપાઈ માત્ર હતો. તે વડોદરામાં ગાયકવાડ સરકારના સિપાઈ તરીકે નોકરી કરતો હતો, ત્યારે વાર-તહેવારના દિવસમાં, થોડીક મીઠાઈ કંદોઈની દુકાનેથી ઉધાર લઈ ગયેલ. ટૂંકા પગારમાં પૂરું થતું નહિ હોય તે કંદોઈની રકમ ચૂકવી શકતો નહિ. કંદોઈએ વારંવાર ઉઘરાણી કરી પણ વિઠ્ઠલરાવ કંદોઈને નરમાશથી જવાબ આપી, પગારે પૈસા ચૂકવી આપવા ખાત્રી આપે. આવી વારંવાર ખાત્રીઓ આપવા છતાં વિઠ્ઠલરાવ કંદોઈની લહેણી રકમ ચૂકવી ન શકતો તેથી એક દિવસ કંદોઈએ ગુસ્સો કર્યો.

ભોગેજોગે તે જ વખતે કાઠિયાવાડના બે ચારણદેવ પણ કંદોઈના ગ્રાહક થઈને નાસ્તા માટે માલ લેવા આવેલા હતા. કંદોઈને આજ વિઠ્ઠલરાવ સાથે ઉઘરાણીનો નિકાલ કરવો હતો તેથી તે ગ્રાહકને માલ જોખી આપતો ન હતો. ગ્રાહકોને ઉતાવળ હતી. કંદોઈનો પીત્તો હાથ હતો નહિ. સરકારી સિપાઈડા માલ લઈ જાય અને પૈસા ન ચૂકવે તેનો તેને ક્રોધ હતો. એટલે થોડીક સરસ્વતી પણ કંદોઈએ વહેવડાવવી શરૂ કરી હતી. ગરજવાનને અક્કલ હોતી નથી તે કહેવત અનુસાર ફાટલ મગજનો રાજ્યનો સૈનિક ભરબજારમાં ખામોશ રહ્યો. કંદોઈએ કહી શકાય તેવા શબ્દોની લહાણી ચાલુ રાખી.

ત્યારે ગ્રાહકોને એક સ્વમાનશીલ સૈનિકની દયા આવી. ટૂંક પગારદાર માણસ બાળબચ્ચા માટે તહેવારે લઈ ગયેલ થોડી મીઠાઈના પૈસા નથી ચૂકવી શકતો તેની મજબૂરી ગ્રાહકને દેખાણી. સિપાઈની મજબૂરી જોઈને ગ્રાહકોએ કંદોઈને પૂછીને તેની લહેણી રકમ ચૂકવી દીધી. કાઠિયાવાડી ચારણદેવ અજાણ્યા માણસોનો આ ભાવ જોઈ કંદોઈ દિગ થઈ ગયો વિઠોબા જોતો રહ્યો.

સમય પ્રવાહી છે. વખત વહી ગયો. સાધારણ સિપાઈમાંથી નિષ્ઠાએ વિઠ્ઠલરાવને ઉચ્ચ દરજ્જે પહોંચાડ્યો. વિઠ્ઠલરાવ અમરેલીના સૂબા તરીકે ઈ. સ. ૧૮૦૬-૦૭માં મુકાયો. તે સમયના સૂબાઓ સર્વોપરી સત્તાઓ ભોગવતા હતા. રાજ્યને ગરાસ-ગામો મેળવી આપતા તેમ તેમાંથી બીજાને આપવાની સત્તાઓ પણ ભોગવતા હતા. સૂબાસાહેબે પોતાની કચેરીએ આવતા કચેરી કમ્પાઉન્ડમાં બે અરજદારોને અહીંતહીં જતા જોયા. પટાવાળાને મોકલી પોતાની ઑફિસમાં બોલાવ્યા.

વિઠ્ઠલરાવે, આવેતુને પૂછ્યું કે થોડાં વર્ષો પહેલાં તમે વડોદરા આવેલા ખરા? તે દિવસોમાં મારવાડમાંથી કાઠિયાવાડમાં જાણભેદુઓ અફીણ લાવીને વેચતા. આવા કામમાં પોતે ક્યારેક વડોદરા ગયેલા તે વાત ચારણદેવને યાદ આવી. તે સમયના કડક અને બેસતા રાજતંત્રમાં રાજ-વહીવટને પનારે પડતા સૌ કોઈ બ્હીતા હતા. એટલે ચારણદેવને થયું કે પોતાનો વારો ચડી જવાનો લાગે છે. કપાળમાં પસીનાના મોતિયા વળી ગયા. બ્હીતાં બ્હીતાં, થોથવાતી જીભે ચારણદેવે કહ્યું કે હા, સૂબાસાહેબ, એક વખત વડોદરા અમે આવેલા. પણ હવે તેવું કંઈ નથી. અમારે પાછું ગામ જવું છે. મહેરબાની કરી અમને જવા દો.

સૂબાએ એ ચારણોમાં દાનેશ્વરી કર્ણનાં દર્શન કર્યાં હતા. વર્ષોથી જે વાતને મગજમાં સંઘરી રાખી, પારકી પીડામાં ભાગીદાર થઈ, પોતાનું કરજ ચૂકવનાર રૂખડિયા દેખાતા, મહામાનવ સમા આ ચારણને ઓળખીને, વિઠોબાજી કૃતકૃત્ય થઈ ગયો. આજે તેને મળીને ખૂબ આનંદ થયો. તે દિવસે તે ટૂંકો પગારદાર હતો. આજે તે વડોદરા સરકારનો સૂબો હતો. બદલો વાળવાની તેને ભાવના જાગી. તુર્તાતુર્ત તામ્ર પતરું મંગાવી ચારણને ગામ લખી દીધું. તે ગામ તે 'ગરણી.' અત્યારે તે બાબરા તાલુકામાં છે. બાજુમાં પાનસડા ગામ છે. તેથી ગરણી-પાનસડાના નામે ઓળખાય છે.

એ ગામના ધણી તેવા દેસુરભાઈ અને માણસુરભાઈની મેં આજથી પચ્ચાસ વર્ષ પહેલાં, ગરણેશ્વર મહાદેવનાં દર્શન કરવા, શ્રાવણ માસમાં ગયેલો ત્યારે મહેમાનગતિ માણેલી હતી તે વાત યાદ આવે છે. પણ આ ગામ તેમને કેવી રીતે મળેલું હતું તે હું ત્યારે નાની ઉંમરમાં જાણતો ન હતો. તેમની આગળની પેઢીનો આ પ્રસંગ હશે.

કરજની ચુકાવટ કરવાનો, વિઠોબાજીનો આ પ્રસંગ પ્રેરણા આપે તેવો છે.

આગળ કહ્યું તેમ સરસિયા ઠેબાણી શાખાના વાળાઓનાં ધારી સહિત તેર ગામો હતાં. ધારી ફરતો કોટ હતો. કિલ્લાબંધ દરબારગઢ હતો. તે દરબારગઢ હાલરિયાના નાજાણી શાખાના વાળા ઓઘડ માત્રાને થાલ ગીરોમાં આપેલ હતો. આ

ઓધડવાળા અને લુંધિયાના રાણીંગવાળાએ સાથે મળી, ગૉંડલ રાજ્ય સામે બહારવટું ખેડ્યું હતું. તેથી રાણીંગવાળાનું રહેઠાણ આ દરબારગઢ બનેલો. આ રાણીંગવાળાના પુત્ર બાવા વાળાનું બહારવટું બહુ પ્રસિદ્ધ છે જેમણે અંગ્રેજઅફસરને કેદ કર્યો હતો.

ઓધડ માત્રા બહુ જોરાવર ગણાયેલ. જામનગરના મેરુ ખવાસ જેવા બળવાન સેનાપતિએ આ શક્તિશાળી પુરુષને પસંદ રાખવા મેવાસા ગામ ઓધડ માત્રાને આપેલ હતું. ગાયકવાડ સરકારે કડીના મલ્હારરાયને પદભ્રષ્ટ કરી કડી પરગણું પોતાના કબજે કર્યું. ત્યારે તેની સામે મલ્હારરાયે બંડ પોકાર્યું હતું પણ તેની તાકાત ઓછી પડતાં અને તેને ક્યાંય આશરો ન મળતાં તે નાસીને ધારી મુકામે આવતો રહ્યો હતો. ઓધડ માત્રાએ તેને ઉપરોક્ત કિલ્લામાં આશરો આપ્યો હતો. તેથી ગાયકવાડે ધારી ઉપર ચડાઈ કરી, આ કિલ્લો કબજે લીધો હતો. તે વખતે ધારી બહુ નાનું ગામ હતું. ધારી ટેકરી ઉપર આવેલ હોવાથી ત્યાં કિલ્લો બાંધવામાં આવેલ હશે.

ઈ. સ. ૧૮૦૬-૦૭માં ગાયકવાડ સરકારે જોરજુલમથી ખંડણી ઉઘરાવી. ગાયકવાડ સરકારનો સાથ બ્રિટિશરોએ સૌરાષ્ટ્ર ઉપર પોતાની સત્તા જમાવવા લીધો હતો ત્યારે બ્રિટિશરોનું કોઈ થાણું કે કોઠી હતાં નહિ. ગાયકવાડ સરકારે અમરેલી શહેરના ભાગદાર ગરાસદારો ૧. જેબલિયા, ૨. જૂનાગઢના ફોજદાર અને ૩. સૈયદને વારંવાર ઝઘડાઓ થતા હતા તેનો ન્યાય કર્યો હતો. અમરેલી પોતાના કબજે કર્યું હતું. અમરેલીને કેન્દ્રમાં રાખી આજુબાજુના મુલક ઉપર મુલકગીરી શરૂ કરી હતી. એટલે અમરેલીમાં ગાયકવાડનો સૂબો અને અંગ્રેજોની લશ્કરી પલટન રહેતાં થયાં હતાં. આ પલટન પછીથી ધારી આજુબાજુમાં જોરાવર કાઠી ગરાસદારોની ઘાટી વસતી હોવાના કારણે ધારીમાં મૂકી હતી. ત્યાં પાકી મિલિટરી લાઇન બનાવી દેશ આઝાદ થયો ત્યાં સુધી આ લશ્કર ધારીમાં રાખવામાં આવ્યું હતું.

ગાયકવાડના સાથસહકારથી સૌરાષ્ટ્રના રાજા-મહારાજાઓને નિયંત્રણ નીચે લેવા બ્રિટિશરોની ફોજ પણ અમરેલીના ગાયકવાડી સૂબા પાસે રહેતી હતી. તે વખતે વડોદરામાં બ્રિટિશરોનો રેસિડેન્ટ ઑફિસર કર્નલ વોકર હતો અને તેનું થાણું વડોદરા હતું.

આવી બમણી તાકાતની તકનો ઉપયોગ ગાયકવાડે કરીને અમરેલી જિલ્લો પોતાના ઘરે કર્યો હતો. ત્યાંના મોટા ભાગના ગરાસદારો કે રિયાસતદારો કાઠી ગરાસિયા જ હતા. ગાયકવાડે ખંડણી, જમાબંધી જેવા જોરાવર લાગાઓ ગીરાસદારો ઉપર નાખ્યા હતા અને લશ્કરના જોરે તાત્કાલિક વસૂલાત કરવામાં આવતી હતી. તે વખતે સરસિયાના ઠેબાણી શાખાના વાળા ગિરાસદારો ખંડણી તુર્તાતુર્ત ભરી શક્યા નહિ તેથી ધારી સહિતનાં તેર ગામ ગાયકવાડ સૂબાએ ખંડણીના બદલે લખાવી લીધાં હતાં. તે સમયે બ્રિટિશરોએ સૌરાષ્ટ્રમાં સત્તા હાથમાં લઈ લીધી હતી. કોઈ રાજા કે ગિરાસદારે બીજા ઉપર આક્રમણ ન કરવાના આદેશ જારી થઈ ગયેલ હતા એટલે લખાવી લેવાનાં નાટકો ઠેકઠેકાણે થયાં હશે.

એ રીતે સરસિયામાં આવેલ વીડ, આંબાવાડી અને કેટલીક જમીનો મૂળગીરાસદારો પાસે રહેવા દઈને સરસિયાના તેર ગામ ગાયકવાડે પોતાની હકૂમતમાં લીધાં હતાં. તે અરસામાં ધારી પાસે આવેલ દેવળા ગામ બગસરાના ભાયાણી વાળા દરબાર વાલેરાવાળાનું હતું. ગામમાં તેમનો કિલ્લાબંધ દરબારગઢ ટેકરા ઉપર હતો. તે પણ તોપમારો કરી પાડ્યો હતો અને દેવળા પણ કબજે કર્યું હતું તેમ કહેવાય છે. એમ પણ કહેવામાં આવે છે કે આ દેવળાના દરબારગઢના દરવાજા તે વખતે લઈ જવામાં આવ્યા હતા તે લાઠીમાં અત્યારે પણ છે. દામાજીરાવ બીજાએ આ રીતે લાઠી ઉપર પણ હુમલો કર્યો હતો ત્યારે સમાધાન થયેલ. પછીથી લાઠીના કુંવરીને દામાજીરાવ સાથે પરણાવેલાં અને ચભાડિયા ગામ કુંવરીને આપવામાં આવેલ હતું. એટલે ગાયકવાડના કૌટુંબિક નાતે દરવાજાનાં બારણાં લાઠીમાં રહ્યાં હોય તો બનવાજોગ છે.

તે અરસામાં જ ચાંચઈના ઠેબાણી શાખાના વાળા ગીરાસદારો પાસેથી, દલખાણિયા પરગણું લખાવી લેવામાં આવ્યું. ધાંતરવડ આજુબાજુના (આલેગ) ધાનાણી કાઠી ગીરાસદારોનાં ૭૮ ગામો પણ આ રીતે જ ગાયકવાડે હસ્તગત કર્યાં. જેતપુર દરબારોનાં ૨૪ ગામ કે જેમાં ગાયકવાડે ચોથ ભાગ પ્રસ્થાપિત કરેલ હતો, તેના બદલામાં સ્વતંત્ર નવ ગામો લીધાં. આ બધાં ગામો ખાલસા ગણી, તેનો ધારી તાલુકો બન્યો. ધારીના દરબારગઢમાં તાલુકા કચેરીઓ બેસારેલ જે થોડાં વર્ષ પહેલાં નવી કચેરી બાંધી ત્યાં ફેરવેલ છે. હજુ ધારીમાં તે વખતની મિલિટરી લાઈન ઊભી છે. અત્યારે ગુજરાત કૃષિ યુનિવર્સિટી ત્યાં તેની પ્રવૃત્તિઓ કરે છે.

સરસિયાના ઠેબાણી શાખાના વાળા મૂળ ગીરાસદારોના લખાવી લેવામાં આવેલ તેર ગામના વળતર માટે, ગીરાસદારોએ, રાજ્ય કંઈક સ્થિર થયું ત્યારે ઈ. સ. ૧૮૧૧માં પ્રથમ કાયદાકીય જેહાદ જગાવી હતી. તેમાં ગીરાસદારોનો હક્ક ગ્રાહ્ય રાખવામાં આવ્યો પણ કોઈ પ્રકારના વળતરનો નિવેડો આવેલ ન હતો. તેથી અમરેલી પ્રાંત ન્યાયાધીશીમાં, ગીરાસદાર કોર્ટમાં કેઈસ નં. ૨૭નો દાખલ કરેલ. તેના નિર્ણય સામે ગીરાસદારોએ અને સરકારે પણ વરિષ્ઠ કોર્ટમાં, વડોદરા અપીલ નં. ૩૬-૪૪ની ૧૮૮૪-૮૫માં કરવામાં આવી હતી. તેનો ઠરાવ તા. ૮-૪-૧૧ના ઠરાવ ઉપરાંતમાં તા. ૧૧-૮-૮૬ના ગીરાસદારોની તરફેણમાં આવ્યો પણ વળતરમાં આપવાની જમીનો બાબતમાં કેટલીક અસ્પષ્ટતાઓ રહેતી હોવાના કારણે ફરીથી બન્ને પક્ષે વડોદરાની હજૂર કોર્ટમાં અપીલો દાખલ કરી. તે વખતે શ્રીમંત સરકાર ગાયકવાડ સયાજીરાવ ગાદીએ બિરાજતા હતા. તેમણે ગીરાસદારોને ગાયકવાડી ૩૦૦૦ વીઘાં તેર ગામના વળતર રૂપે આપવા ઠરાવ્યું હતું. તે ગાયકવાડી ૩૦૦૦ વીઘાં જમીન સોંપવા સંભાળવામાં ઘણી મુશ્કેલીઓ રહેતાં છેવટે તા. ૨-૫-૧૮૯૪ના અમરેલીના સૂબા અને સરસિયાના ઠેબાણી શાખાના મૂળ ગીરાસદારો વચ્ચે સમાધાન થઈ, ૩૦૦૦ વીઘાં ખેડવાણ જમીનો, પત્રક બનાવી, પાવતી લઈ, ગીરાસદારોને તેર ગામના વળતરરૂપે સોંપાણી હતી તેવું જૂનું દફતર બોલે છે. (ગાયકવાડી વીઘાં પોણા બેનો એક એકર થાય. જ્યારે સૌરાષ્ટ્રના અઢી

વીઘાંએ એક એકર જમીન ગણાય.) ઈ. સ. ૧૮૧૧થી શરૂ કરેલ કાયદાકીય જેહાદોનો અંત ઈ. સ. ૧૯૧૨માં આવીને આ વળતરની ૩૦૦૦ વીઘાં જમીન સરસિયાના મૂળ ગીરાસદારોને સોંપાણી હતી. તે રીતે એકસો વર્ષે આવેલ ન્યાય નિર્ણય ઇતિહાસિક બને છે. બ્રિટિશરોએ સૌરાષ્ટ્રમાં પોતાની સત્તા સ્થાપી ઈ. સ. ૧૮૦૬માં વોકર કરાર થયા તે સમયની વાત છે. તે સમયના આ પ્રશ્નનો નિકાલ બ્રિટિશરો ભારતમાંથી વિદાય થતાં પહેલાં પાંત્રીશ વર્ષે પત્યો તે સમયગાળો પણ ઇતિહાસિક છે. બંડ કર્યા સિવાય પ્રશ્ન પત્યો તે પણ નોંધનિય છે.

થાન ચોટીલામાં કચ્છ તરફથી આવી કાઠી રાજપૂતો સ્થિર થયા. ત્યાં પોતાની રિયાસત સ્થાપી. ઈ. સ. ૧૪૦૦ અને પછીના સમયગાળામાં ખાચર શાખા શક્તિશાળી બની હતી. સૌરાષ્ટ્રની મુલ્કગીરી કાઠી રાજપૂતોએ એવી વ્યવસ્થિત રીતે કરી છે, તે પૂર્વ આયોજિત અને વ્યવસ્થિત રીતે કરી હોય તેમ લાગે છે. કારણ કે ખાચર શાખા શક્તિશાળી બનતાં, ચોટીલા-થાનથી રાજકોટ-ભાવનગરના હાલના રાજ્ય ધોરી માર્ગની પૂર્વ બાજુના, બાબરા સુધીના વિસ્તારમાં ખાચર દરબારો પોતાનું આધિપત્ય સ્થાપી શક્યા છે. આ રાજ્ય ધોરી માર્ગની પશ્ચિમ બાજુએ બાબરાથી શરૂ કરીને ઠેઠ જેતપુર મેંદરડા સુધી અને બાબરાથી અમરેલી ધારી અને ધારીથી વિસાવદર - બીલખા સુધીના વિસ્તારમાં વાળા દરબારોએ જમાવટ કરી પોતાની જાગીરો સ્થાપી છે. આ રીતે ખાચર પંથક અને વાળા પંથકની વ્યવસ્થિત અને આયોજનપૂર્વક વહેંચણી થઈ હોય તેમ જણાયા વગર રહેતું નથી. તે જ પ્રમાણે વાળા દરબારો સાથે જ જાણે કે ખુમાણ દરબારો થાન ચોટીલા પંથકમાંથી નીકળી, અમરેલી પંથકમાં આવી, પછીથી કુંડલા પંથક હાથ કરી, ખુમાણ પંથકની રચના કરી હોય તેમ પણ જણાયા વગર રહેતું નથી. કુંડલા-અમરેલી અને અમરેલી ભાવનગર રાજ્ય ધોરી માર્ગ ખુમાણ પંથકનો સીમાડો બન્યો હોય તેવું જણાઈ આવે છે.

આ રીતે, અમરેલીને કેન્દ્રમાં રાખી (૧) ખાચર પંથક, (૨) વાળા પંથક અને (૩) ખુમાણ પંથક એવી રીતે કંડારાયા છે, જાણે કે એક મોટા સામ્રાજ્યના સળંગ અને વ્યવસ્થિત રીતે ભાગો પાડીને કરવામાં આવ્યા હોય. (જુઓ નકશો)

કાઠી રાજપૂતોએ સૌપ્રથમ થાન-ચોટીલા કબજે કર્યા પછી તેમણે કરેલ મુલ્કગીરી દક્ષિણ તરફ આગળ વધેલ હતી. બોટાદ, ગઢડા, જસદણ તરફ તે ત્યારે વિસ્તરેલ જણાય છે. જસદણથી આટકોટ, સરધાર થઈ આ પ્રવાહ ગોંડળ પંથક તરફ ગયો હશે. જ્યારે આટકોટથી દક્ષિણ તરફ વહેતો પ્રવાહ અમરેલી, કુંડલા, ધારી, વિસાવદર થઈ બીલખા અને બીલખાથી મેંદરડા-જેતપુર સુધીના સીમાડાઓ કંડારાયા છે. અમરેલી જિલ્લાની જાગીરો ઉપરાંત તેને સંકળાયેલ બગસરાની રિયાસતો એકબીજાને લાગીને જ છે.

કુંડલાનો ખુમાણ પંથક ઢસા જંક્શનથી શરૂ થઈ નાની નાની જાગીરોથી છેક બાબરિયાવાડ સુધી વિસ્તરેલ છે. જ્યારે બાબરિયાવાડ મુખ્યત્વે હાલના રાજુલા અને જાફરાબાદ સળંગ તાલુકાઓમાં સમાવિષ્ટ થઈ જાય છે.

વાળા, ખાચર, ખુમાણોના રિયાસતી પંથકોનું પરિવેક્ષણ કર્યા પછી મુલ્કગીરીના પ્રવાહનું દિશાસૂંચનથી માલૂમ પડે છે તે મુજબ થાન-ચોટીલા-બાબરા તરફનો પાંચાળ પ્રદેશ ખાચર દરબારો માટે છોડી, વાળા અને ખુમાણ દરબારો આગળ વધ્યા હશે. તેમાંથી ખુમાણ દરબારોએ અમરેલી થોડો વખત સ્થિર થઈ કુંડલા પંથક-ખુમાણ પંથક વસાવ્યો જ્યારે વાળા દરબારોએ થાન-ચોટીલાથી રવાના થઈ દેવળિયા (મોટા) અને દેવગામ સ્થિર થઈ મુલ્કગીરી કરી જણાય છે.

આટકોટ, સરધાર થઈ આ પ્રવાહ ભોંડળ પંથક તરફ ગયો હશે. જ્યારે આટકોટથી દક્ષિણ તરફ વહેતો પ્રવાહ અમરેલી, કુંડલા, ધારી, વિસાવદર થઈ બીલખા અને બીલખાથી મેંદરડા-જેતપુર સુધીના સીમાડાઓ કંડારાયા છે. અમરેલી જિલ્લાની જાગીરો ઉપરાંત તેને સંકળાયેલ બગસરાની રિયાસતો એકબીજાને લાગીને જ છે.

પાંચાળના મથાળે ધાંધલપુર - સુદામડાનો ગીરાસ અવરતિયા શાખાના ખવડ કાઠીઓએ જમાવ્યો હતો. જોગીયા ખુમાણોએ ભેંસાણ શરૂ કરી, વિસાવદર અને માણેકવાડાની સરહદો સુધીનો ગીરાસ હાથ કર્યો હતા.

હાટ્ટી કાઠીઓ માળીયા હાટ્ટીનો મોટો ગીરાસ જમાવવા યશભાગી બન્યા હતા.

જેબલિયા, બસીયા, ધાધલ, માલા વગેરે અવરતિયા શાખના ગીરાસદારોએ છુટ્ટો છવાયો ગીરાસ સંપાદિત કર્યો છે. જ્યારે બાબરિયાઓ બીજી નાઘેર સમી રાજુલા - જાફરાબાદની હરિયાળી ભૂમિને ગીરાસ તરીકે મેળવવા યશસ્વી બન્યા હતા.

૧૩. કાઠિયાવાડ

ગામ ગામે ઉભા સ્તંભ પોકારતા,
શુરના ગુણની ગાથ વરણી,
ભારતી ભોમની વંદુતનયા વડી,
ધન્ય હો ધન્ય સૌરાષ્ટ્ર ધરણી.

- ત્રિભુવન વ્યાસ

ભારતના પશ્ચિમ કિનારે ઊભરી આવેલ પ્રદેશ-દ્વીપકલ્પ સૌરાષ્ટ્ર તરીકે પુરાણ કાળથી ઓળખાયો છે. જુદા જુદા દેશોના વિદ્વાનો પ્રવાસીઓ વગેરેએ તેને જુદાં જુદાં નામાભિધાનો કરી, જુદા જુદા સમયે નવાજ્યા હશે પણ તેનું નામ અંતે તો સૌરાષ્ટ્ર જ કહેવાતું રહ્યું છે.

તે સુર્યરાષ્ટ્ર, સુરાષ્ટ્ર, સુરરાષ્ટ્ર વગેરે જુદા જુદા થોડા ફેરફારવાળાં નામોથી ઓળખાયેલ છે પરંતુ તેનું નામ સૌરાષ્ટ્ર જ રહ્યું છે. આ નામ પુરાણ કાળથી કહેવાયું છે. છતાં સૌરાષ્ટ્રની ભૂમિ તે વીરભૂમિ છે. સુરા, સંતો, ભક્તો અને દાતાની ભૂમિ બની રહી છે. આજે પણ આ પ્રદેશમાં ગામડે-ગામડે ખાંભીઓ, રણસંગા, પાળિયાઓ ઊભેલા નજરે પડે છે.

સૌરાષ્ટ્રનું લોકપ્રિય સાહિત્ય લોકસાહિત્ય છે. તે વીરરસથી તરબોળ હોય છે. લોકસાહિત્યના ડાયરાઓ, વારંવાર લોકસમુદાયમાં થતા અને અનેરો આદર પ્રાપ્ત કરતા જણાય છે. રેડિયો, ટી. વી. ઉપર આવા કાર્યક્રમો વારંવાર આવે છે અને આવે છે ત્યારે તેનું 'વૉલ્યુમ' વધી જાય છે તે તેની લોકપ્રિયતાની નિશાની છે.

અનેક પ્રકારનાં પુસ્તકો અને સાહિત્ય રચાય છે, પ્રકાશિત થાય છે. લોકો આવકારે છે. રસ લે છે પણ લોકસાહિત્ય તરફની લોકોની રુચિ તો અનેરી છે. તેના કેન્દ્રમાં મુખ્યત્વે કરીને વીરરસ હોય છે અને તેમ થવાનું કારણ પણ વીરરસ હોય છે. એટલે વીરરસ તે સૌરાષ્ટ્રની પ્રજાનો પ્રિય રસ છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી તે માટે લખ્યે જ ગયા અને લોકોમાં તેની માંગ વધતી જ ગઈ. આવૃત્તિઓ ઉપર આવૃત્તિ છપાતી ગઈ. હજુ પણ છપાતી રહી છે.

કહેવાનો મતલબ એવો છે કે સૌરાષ્ટ્રમાં વીર પૂજાયા છે - વીરપૂજાઓ થતી રહી છે. વીરરસને સૌરાષ્ટ્ર વરેલું છે તેમ કહીએ તો અતિશયોક્તિ થઈ નહિ ગણાય.

ભાયાવદરના વિદ્વાન દરબાર અનકચંદ વાળા તરફથી તેમના ઈ. સ. ૧૯૬૪ના એક લેખમાં સૌરાષ્ટ્રને સુરાઓનો દેશ કહ્યો છે. આ પ્રદેશમાં સુરાઓ આવ્યા તેમના નામ ઉપરથી લોકહૈયાથી સૌરાષ્ટ્ર નામ ઊપસ્યું છે તેમ તેમનું કહેવું થાય છે.

આ પ્રદેશની લોકરુચિને ધ્યાનમાં લેતાં, તેમનું મંતવ્ય, હકારમાં વળે તેવું છે.

પંજાબમાંથી આવેલ વીર પ્રજાઓ સૌરાષ્ટ્રમાં આવી, તેમના વીરત્વની ઉમદા દેણગી તેણે આ દેશને દીધી હોય અને આ પ્રદેશ સુરાના રાષ્ટ્ર તરીકે = સૌરાષ્ટ્ર તરીકે ઓળખાયો હોય તો તે વાત અસ્થાને નહિ ગણાય. આજે પણ સૌરાષ્ટ્રમાં કોઈ ગામડામાં કાઠી કે રાજપૂતનું એકમાત્ર ખોરડું હોય તો તે ગામથી બહારવટિયા પણ દૂર રહેતા હતા તે વાત જગજાહેર છે. મુસ્લિમોનાં ધાડાં જ્યારે સૌરાષ્ટ્રમાં આવતાં ત્યારે તે જે ગામમાં કાઠીની વસ્તી હોય તેવાં ગામો તારવીને તેઓ તેમનાં ધાડાઓને દોરતા તેવી હકીકતો સાંભળી-વાંચી છે.

ગાય, બ્રાહ્મણ, અભ્યાગત, સ્ત્રી અને સંસ્કૃતિ માટે સેંકડો હજારો વીરપુરુષો મીંઢોળબંધા પણ ખપી ગયાના દાખલાઓ સાંભળવા મળે છે. વીરોની વીરતા પર આફરીન થઈ ભારતીય નારીઓએ તેને ઘેર જઈ પાણીની હેલો ઉતાર્યાના પણ દાખલાઓ મળે છે. વીરોની શહાદતથી સૌરાષ્ટ્રનો ઇતિહાસ ઊજળો છે. વીરતા તે જ સૌરાષ્ટ્રનું ક્લેવર છે. તેથી સુરાઓની ભૂમિ તરીકે આ પ્રદેશ સૌરાષ્ટ્ર તરીકે ઓળખાયો હોય તો તે અશક્ય નથી.

સૌરાષ્ટ્રમાં સ્થપાયેલી સત્તાઓ, નાની હોય કે મોટી પણ તેને તેના માણસો-લશ્કરને નિભાવવાં પડતાં હતાં. નાની નાની સત્તાઓ, નાની સત્તાઓ ઉપર પાળ લઈને, નાના જમેલા સાથે ખાબકતા અને બળજબરીથી જે મળે તે પડાવતા. સહેલાઈથી આપવામાં ન આવે ત્યાં બળના પ્રયોગો થતા અને જે મળે તે લઈને પાછા નાસી છૂટતા.

પછીનો વખત એવો આવ્યો કે હાથ પડ્યું તે લઈને જતા રહેવાની વૃત્તિમાં પલટો આવ્યો. બીજાઓની વસાહતો કે ગામડાઓ પડાવી-પચાવી પાડવાની શરૂઆત થઈ, ત્યાંથી ગરાસ અને રાજસત્તાઓ સ્થાપવાની શરૂઆત થઈ. આવી રિયાસતો અને રાજ્યોને પોતાના રક્ષણ માટે લશ્કરો રાખવાં પડતાં, તેમને નિભાવવા પડતા હતા. તેમના નિભાવ માટે આપવાં પડતાં અનાજ કે નાણાં આવી રિયાસતો કે રાજ્યો પાસે હતાં નહિ. તેથી તેમને બીજાઓ ઉપર ચડી જઈ પાળો ઘેરી, લૂંટફાટ કરી મેળવવું પડતું હતું. આ લૂંટફાટનો અર્થ સમજવા જેવો છે. ત્યારે ખેતી કે વેપારઉદ્યોગ હતાં જ નહિ. હતાં તે બહુ મોટા નગરોમાં, પણ ત્યાં ચાંચ ડુબાવવી મુશ્કેલ હોય. તેથી મોટી રિયાસતો કે રાજ્યો તેમનાથી નાની રિયાસતો ઉપર આવા પ્રયોગો કરતાં હતાં. તેમને ટકી રહેવા માટે, તેમના અને તંત્રના નિભાવ માટે આમ કરવું પડતું હશે.

આવી લૂંટફાટો સામાન્ય હતી. રોકડ ન મળે ત્યાં ગૌ-ધન કે ગજ-ધનની ઉઠાંતરીઓ થયાનું નોંધાયું છે. તે સમય જ બીજાનું આંચકી પોતાના પેટ ભરવાનો હતો. મોટો નાનાનું શોષણ કરે તેવો તે જમાનો હતો.

આપણે આજે પણ જેમને વંદન કરીએ છીએ તે છત્રપતિ શિવાજી મહારાજે મુસ્લિમ ધર્માન્ધતાનો મુકાબલો કર્યો. તેથી હિન્દુસ્તાનમાં - હિન્દુ પ્રજામાં, હિન્દુ પ્રજાના દિલમાં અમર થઈ ગયા છે. પણ છત્રપતિ શિવાજી મહારાજને પણ સુરત ઉપર

છ વખત સવારી કરી, આવી તાકાત ઊભી કરવા નાણાં મેળવવાં પડ્યાં હતાં તે જાહેર હકીકત છે.

વખત જતાં આ પદ્ધતિમાં પલટો આવ્યો. જે નાનીમોટી રાજસત્તાઓ સૌરાષ્ટ્રમાં સ્થપાણી હતી તેમને તેમની સલ્તનતો ટકાવી રાખવા માટે મોટી સત્તાઓને મોરાપુ આપવું પડ્યું. આ મોરાપુ વખત જતાં ખંડણીના નામે રૂપાંતરિત થયું.

સૌપ્રથમ સૌરાષ્ટ્ર ઉપર મરાઠાઓએ સવારીઓ કરી. ઈ. સ. ૧૭૨૨માં આવી શરૂઆત થઈ. જોરજુલમ અને ત્રાસ આપીને તેણે સૌરાષ્ટ્રમાંથી ખંડણીઓ ઉઘરાવી. એમ કહેવાય છે કે આવી વારંવારની સવારીઓથી સૌરાષ્ટ્ર નિર્ધન થઈ ગયો હતો. વખત જતાં તેની વસૂલાતને નિયમિત સ્વરૂપ આપવામાં આવ્યું અને તે વાર્ષિક ખંડણી તરીકે ઓળખાણી.

પીલાજી ગાયકવાડ, કંથાજી કદમે આવી સવારીઓ કરી. મરાઠાની ફોજ લઈ પેશ્વાના સેનાપતિ ખંડેરાવ દાભાડે અને દામાજી ગાયકવાડે સવારી કરી સૌરાષ્ટ્રનું નિચોવણ કર્યું. ઈ. સ. ૧૭૨૨થી શરૂ થઈ ઈ. સ. ૧૭૩૧, ૧૭૩૫, ઈ. સ. ૧૭૪૪, ૧૭૪૬ એટલે કે અઢારમી સદીના અંત સુધી આ પ્રક્રિયા ચાલુ રહી હતી. ભારતમાં અંગ્રેજ શાસન સ્થિર થતાં સુધી આવું બનતું રહ્યું હતું.

ઉપર કહ્યા તે સરદારો ઉપરાંત પ્રતાપસિંહ ગાયકવાડ, ખંડેરાવના વિધવા ઉમાંબાઈનાં લશ્કરોએ આવી સવારીઓ કરી હતી.

તે કારણે યુદ્ધો અને ધિંગાણાઓ થયાં છે. લોઢાના ચણા જણાયા હોય તેને તારવ્યા છે પણ ખેંચી જવાય તેટલી લક્ષ્મી સૌરાષ્ટ્રમાંથી તે યુગમાં ખેંચાઈ ગઈ હતી.

ખંડણી ભરવા પૈસા ન હોય તેમની પાસેથી રોકડને બદલે જમીનો લખાવી લેવાની શરૂઆત પણ થઈ ચૂકી હતી. આ હકીકતથી જ ગાયકવાડે અમરેલીના ત્રણ ભાગદારોને પતાવી અમરેલી પોતાનું સ્વતંત્ર કર્યું. લાઠીની આકરી ખંડણી ભરી શકાય તેમ ન હતી કે રાજ્ય સત્ત્વાર્પણ કરી આપવું પોસાય તેમ ન હતું ત્યારે કન્યા પરણાવી, દાયજામાં ચભાડિયા - દામનગર હાંસલ કરી દામાજીરાવે દામનગર મહાલનાં મંડાણ માંડ્યાં હતાં. અમરેલી જિલ્લો લગભગ આખો કાઠી ગીરાસદારોનો હતો. અમરેલી જિલ્લાના ત્રણ તાલુકા બનાવ્યા. તેમાં અમરેલી, ધારી અને દામનગર તાલુકાઓ બનાવ્યા હતા. અમરેલી જિલ્લો બની ગયા પછી તેમાં ૧૭૦ ગામો હતાં. તેમ છતાં તે પૈકીના ૯૬ ગામો તો કાઠી ગીરાસદારોનાં જ રહ્યાં હતાં.

ખંડણી ઉઘરાવવા આવતા મરાઠા સરદારોને તેમનું ખંડણી ઉઘરાવવાનું કાર્ય કાઠી ગીરાસદારોના વિસ્તારોમાં આકરું પડ્યું હતું. કાઠીઓ તેમને કાળ જેવા લાગ્યા હશે તેથી તેમના હૃદયમાં તેમનું નામ કોતરાઈ રહ્યું હશે; અને જ્યારે ખંડણી ઉઘરાવવા જવા તેણે સૌરાષ્ટ્રનું વિભાગીકરણ કર્યું ત્યારે સૌરાષ્ટ્રના મધ્યભાગનું નામ તેમણે કાઠિયાવાડ કહ્યું. કાઠિયાવાડ નામકરણ ત્યારે અસ્તિત્વમાં આવ્યું. કાઠિયાવાડને આપેલ

નામ માત્ર મધ્ય સૌરાષ્ટ્રના વિસ્તાર માટે હતું તે કાળક્રમે સમગ્ર સૌરાષ્ટ્ર માટે કહેવાતું થયું. અંગ્રેજી સત્તાએ પણ 'કાઠિયાવાડ' નો સ્વીકાર કર્યો. આ રીતે આખું સૌરાષ્ટ્ર કાઠિયાવાડ કહેવાયું.

કાઠીઓની શૂરવીરતા, દાતારી અને અનોખી મહેમાનગતિએ સૌરાષ્ટ્રને કાઠિયાવાડ કહાવ્યો.

ઈસુની ઓગણીસમી સદીના પ્રારંભમાં અંગ્રેજોએ ગાયકવાડને સાથમાં રાખી અમરેલીમાં થાણું સ્થાપ્યું. અંગ્રેજ લશ્કર ત્યાં મુકાયું. અંગ્રેજોએ દેશી રાજ્યો ઉપર પોતાની ખંડણી બેસાડી. વડોદરા મુકામે કર્નલ વોકરને મુંબઈની કાઉન્સિલના એજન્ટ તરીકે મૂકવામાં આવ્યો. તેણે કાઠિયાવાડના સીમાડાઓ કોતર્યા. કોણે કેટલી ખંડણી આપવી તે નક્કી કર્યું. કર્નલ વોકરે દેશી રાજ્યો સાથે આ માટે કરારો કર્યા. તે 'વોકર સેટલમેન્ટ' તરીકે ઓળખાયા. શરૂઆતમાં અંગ્રેજની પોતાની ખંડણી ગાયકવાડ વતી તેનો અમરેલીનો સૂબો વસૂલ કરતો હતો. ત્યારે સાથે અંગ્રેજનું લશ્કર રાખતો. પણ વખત જતાં, અંગ્રેજો જેમ જેમ પાવરધા થતા ગયા તેમ તેમ તે કામ તેમણે પોતે હાથ ઉપર લીધું; એટલું જ નહિં પણ ખંડલી વસૂલ કરવાની ગાયકવાડ સરકારની સત્તા પણ તેમણે તેમના પોતાના હાથમાં લઈ લીધી. ઈ. સ. ૧૮૨૦માં રાજકોટ મુકામે સદર વિસ્તાર રાજકોટ ઠાકોર પાસેથી પટે લઈ ત્યાં તેમણે તેમનું 'સિવિલ સ્ટેશન' સ્થાપ્યું. રાજસત્તાની વ્યવસ્થિત અમલવારી શરૂ કરી.

ગાયકવાડ સરકારે કાઠિયાવાડમાં પોતાની સત્તા સ્થાપી. તેમણે હસ્તગત કરેલો મોટો વિસ્તાર કાઠી ગીરાસદારોનો હતો. અટંકી અને ખમીરવંતા કાઠી ગીરાસદારોથી ગાયકવાડ સરકાર સાવધ હતી.

જોગીદાસ ખુમાણ અને બાવાવાળાને, તેમના ગીરાસ પચાવી પાડનાર રાજસત્તાઓ સામે ઝનૂનપૂર્વક વર્ષો સુધી ઝઝૂમવું પડ્યું. જોગીદાસ ખુમાણ અને બાવાવાળાના બંડને કોઈ સત્તા અટકાવી શકી ન હતી. અંતે ભાવનગર રાજ્ય અને જૂનાગઢ રાજ્ય જેવા મોટા રજવાડાઓને સમાધાનથી જ વેરનું શમન કરવું પડ્યું હતું. અંગ્રેજોએ બાવાવાળાના સકંજામાંથી બાન પકડાયેલ કૅપ્ટન ગ્રાંટને છોડાવવો હતો. બાવાવાળાએ અંગ્રેજ સરકારનું બરાબર નાક દબાવ્યું હતું. તેને મોઢું ખોલવું જ પડ્યું.

ભાવનગર જૂનાગઢનાં મોટાં રાજ્યો અને અંગ્રેજ સરકાર સામે જોગીદાસ ખુમાણ અને બાવાવાળા વર્ષો સુધી ઝઝૂમ્યા હતા. શહાદતો આપી હતી. છેવટે તે અટંકી વીરનરો સામે સત્તાધીશોને પોતાની ભૂલો સમજાણી હતી અને સમાધાનો થયાં હતાં. જમીન જાગીર ઝુંટવી લેનાર મોટી સત્તા સામે તેમણે જેહાદ જગાવી. અંગ્રેજ સત્તા-કાયદાએ તેઓને બહારવટીયાના નામાભિધાન કર્યા હતા.

એટલે ગાયકવાડ સરકારે પણ અટંકી વીરોની વીરતાને પિછાણી હશે. અંગ્રેજ સરકારનું લશ્કર તેમની પાસે રહેતું તે પણ ચાલ્યું ગયું હશે. ત્યારે અમરેલી જિલ્લાનો

મધપૂડો છંછેડ્યા પછી ગાયકવાડ સરકારને તંત્રની સલામતી માટે પોતાનું લશ્કર રાખવા ફરજ પડી હશે તેવું અનુમાન થઈ શકે છે.

ધારીમાં કોડીનાર રોડ ઉપર ધારીથી બે કિલોમીટરની દૂરી ઉપર રોડની બન્ને બાજુએ મિલિટરી લાઇન વસી હતી. મોટી મોટી બૅરેકો, બંગલાઓ, રસોડાઓ, અંગ્રેજ ઉચ્ચ કક્ષાના લશ્કરી અધિકારીઓને રહેવાના બંગલા મંદિર-મસ્જિદ વિ. સાથે મિલિટરીની સુવિધાયુક્ત વસાહત આજે પણ ઊભી છે. તે વસાહત ઊભી કરી, ગાયકવાડ સરકારે ત્યાં મિલિટરી ઊભી કરેલ હશે તે, આઝાદી પૂર્વે થોડાં વર્ષો જ અગાઉ ઉઠાવી લીધી હતી.

ધારી એ કોઈ સરહદી વિસ્તારનો ભાગ નથી. બહારના શત્રુઓ ચડી આવે તેવી ત્યાં કોઈ ભીતી નથી છતાં સરકારને ત્યાં મિલિટરી કૅમ્પ રાખવો પડ્યો હતો. સૌરાષ્ટ્ર - કાઠિયાવાડનો એક અજોડ કિસ્સો છે. અમરેલી જિલ્લો ગાયકવાડ સરકારે જીતી તો લીધો પણ તે જીતને પચાવવા માટે શું મિલિટરીનો ખર્ચ લાંબા સમય સુધી વેંઢારવો પડ્યો હશે?

જોગીદાસ ખુમાણ અને બાવાવાળાનાં બંડ પછી ઊભાં થયેલાં. આવાં પરિણામો તે આ સુરાઓનું જ સન્માન ગણાય. સુરાઓ ઉપરથી સુરરાષ્ટ્ર થયું હોય, તો ભલે થયું. તે સુયોગ્ય છે. મરાઠાઓએ લીધું તેથી વિશેષ, આ પ્રાંતનું નામ કાઠિયાવાડ કરી, વીર પ્રજાની પ્રશસ્તિ કરી તેણે આપ્યું પણ છે. ત્યારે ત્રિભોવન વ્યાસ (કવિ), ભારત-માતાની વડી પુત્રી - સૌરાષ્ટ્રને 'ધન્ય હો ધન્ય સૌરાષ્ટ્ર ધરણી' કહી બિરદાવે તેમાં સૌને સૂર મિલાવવાનું મન થઈ જાય તેમ છે.

કાઠિયાવાડના મોટા રજવાડા, નાના રજવાડાઓ અને રિયાસતોના વિસ્તાર વારંવાર ખૂંચવી લેતા હતા. અંગ્રેજ સત્તાએ કર્નલ વોકર દ્વારા કાઠિયાવાડમાં 'વોકર-સેટલમેન્ટ' કર્યું. કોઈએ કોઈના સીમાડા ન દબાવવા તેવા આદેશો અપાયા હતા. ત્યારે ઈ. સ. ૧૮૦૭થી 'યુદ્ધ નાકર' ના આદેશો અમલમાં આવ્યા હતા. પરંતુ અંગ્રેજ સત્તાધીશો, પોતાની સત્તા સ્થિર કરવા,'મોટા રજવાડાને થાબડતા હતા. તેની તરફદારી કરતા હતા. નાની સત્તાઓને નામશેષ કરવા માગતા હોય તેવું ત્યારે જણાતું હતું. તેથી કેટલાક રાજ-રજવાડાઓએ સામે ચાલી કરારો કર્યા. વોકરસાહેબે સીમાડા ચાંપ્યા હતા. પણ શરૂઆતમાં તો પક્ષપાતી અમલદારીના કારણે બંડ પછી બંડો થયાં હતાં. જોકે એક ફાયદો થયો કે પેશ્વા અને ગાયકવાડની જુલમી ખંડણી ઉઘરાવવાની પ્રથા બંધ પડી હતી. પેશ્વાના અધિકારો ગાયકવાડે લઈ લીધા હતા. અંગ્રેજ સરકારે ગાયકવાડ ખંડણી ઉઘરાવતો તે સત્તા પોતાના હાથમાં લીધી. ગાયકવાડની પોતાની ખંડણી પણ અંગ્રેજ સરકાર ઉઘરાવી આપે તેવી પદ્ધતિ અમલી બની તે પછી આ વિસ્તારમાં શાંતિનાં મંડાણ શરૂ થયાં.

પાળ લઈને ધાડાં ઊતરતાં હતાં તેનાથી પણ ખંડણી ઉઘરાવવા નીકળતાં લશ્કરોનું સ્વરૂપ વધારે વિકરાળ હતું. રાજા-પ્રજા ઉપર ત્રાસ વર્તાવતા, લૂંટફાટ કરતાં

આવાં લશ્કરો બધાને ત્રાસરૂપ હતાં. તેનો કંઈક અંશે પણ ઇલાજ થવો શરૂ થયો હતો.

રાજનીતિ તે કૂટનીતિ છે. તેથી જ ગીરના વિસાવદર વિસ્તારમાં લાંબા સમય સુધી અશાંતિ પ્રવર્તતી હતી. લુંધિયાના ગીરાસદારોનો ગીરાસ માંડાવડને સુપ્રત કરી અને માંડાવડનો ગીરાસ લુંધિયાને સોંપી સત્તાધીશોએ અરાજકતા ઊભી કરી હતી તે બાબત પછીથી જોશું.

સૌરાષ્ટ્ર એ સુરાષ્ટ્ર અને પછીથી મરાઠા કાળમાં કાઠિયાવાડ તરીકે ઓળખાયું તે કાઠી શૂરાઓની શૂરવીરતાને અંજલિરૂપ છે. નીડર અને અણનમ પ્રજાની વીરતાને અમર કરનારી હકીકત છે.

ભાયાવદર દરબાર અનકવાળાસાહેબે, 'પ્રાચીન પૂર્વાચીન ઇતિહાસની રૂપરેખા'નો એક ચાર્ટ ઘણાં વર્ષો અગાઉ બનાવેલો છે. તેમાં આ નીડર અને અટંકી કાઠીસરદારોનો ઉલ્લેખ કરીને ઓળખાણ આપે છે કે -

"સુવર્ણના અક્ષરે, ઇતિહાસના પાના ઉપર કોતરાવે છે કે દુનિયાના મહાનમાં મહાન વિજેતા સામે થયેલ કોમો પૈકી આ એક જ કોમ એવી હતી કે જેણે 'એલેક્ઝાન્ડર'નું આધિપત્ય પણ વિનાશના દ્વારે પહોંચ્યા છતાં સ્વીકાર્યું ન હતું. તેઓ કાહાટી, ખીટ્ટી અથવા કાઠી કહેવાતા અને તેઓનું 'કોન્ફિકરશી' (સંઘબળ) પહેલેથી છેલ્લે સુધી, હાર અને વિનાશ થવા છતાં, એલેકઝાન્ડરની સામે થયું હતું. ચિનાબ નદીના કાંઠા ઉપર, નામ મળેલ નથી તેવા ગામના કિલ્લા[૭૯] ઉપર ધસારો લઈ જતાં, ખુદ એલેકઝાંડર (સિકંદર)ને આ લોકોએ ઘાયલ કર્યો હતો કે જે જખમના પરિણામે વતનમાં, વખત જતાં એલેકઝાંડરનું મૃત્યુ થયું હતું. આ બનાવથી, એલેકઝાન્ડરનું લશ્કર, એટલું બધું ઉશ્કેરાઈ ગયું હતું કે, કિલ્લો સર કર્યા બાદ અંદરનાં દરેક સ્ત્રી-પુરુષો તથા બાળકોની તેઓએ કત્લેહામ કરી હતી." (એચ. જી. વેલ્સના, આઉટલાઇન ઑફ હિસ્ટ્રી ઑફ ધી વર્લ્ડના પાન ૨૨૪-૨૩૬નો સારાંશ.")

સૌરાષ્ટ્ર - કાઠિયાવાડમાં આવતા પહેલાંની વાતો તપાસીએ તો, પંજાબમાં પોરસ અને અભિસારને, કચ્છમાં રા' રાજાઓને, અને જૂનાગઢના રા' મહીપાલને પણ અણનમ કાઠીઓની સિકંદરના જેવી જ ઓળખાણ થઈ હતી.

સૌરાષ્ટ્રના ઇતિહાસમાં વિદ્વાન ઇતિહાસકાર શંભુપ્રસાદ દેસાઈ નોંધે છે કે, "સિંધના અંતિમ હિન્દુ રાજા દાહિરના સમયમાં મોકા બસિયા નામનો સરદાર હતો તેને મહમદ કાસીમે 'છત્ર'નું માન આપ્યું હતું. તે કાઠી હશે?"[૮૦] તેવું અનુમાન કરે છે.

અણહીલપુર પાટણ આસપાસના મુલકમાં કાઠીસરદારો વસતા હોવાના વિશેષ પુરાવા મળે છે. ચૌહાણ અને સોલંકી રાજાઓને પણ તેમણે તેમની લશ્કરી મદદ આપેલ હતી.

"સાંભરના રાજા સોમેશ્વરે, પૃથ્વીરાજને ચડાવી, ગુર્જર નરેશ ભીમદેવ સોલંકીનો - જમના નદીના જંગલનો રાજ્ય પ્રદેશ દબાવરાવ્યો ત્યારે ભીમદેવ સોલંકીએ કાઠી

રાજા 'કાન્હ', વીરધવળ, જેસિંગ ચાવડા, સારંગ મકવાણા તેમજ જૂનાગઢના તાતાર વિ. ને મદદે લઈ, ચતુરંગી ફોજ સાથે, તેની સામે ચડાઈ કરી હતી. સોમેશ્વરે પૃથ્વીરાજને દિલ્હીમાં રોકી, જામ જાદવ બગરી દેવરાજ, રાવ પ્રસંગ ખીચ્ચી, ભાન ભટ્ટી વિ. સાથે યુદ્ધમાં મુકાબલો કરવા સામે આવેલ. બન્ને પક્ષ વચ્ચે ઘોર યુદ્ધ થયું. તેમાં સોમેશ્વર મરાયો. પૃથ્વીરાજે લડતા લશ્કરને પાછું બોલાવ્યું. સોમેશ્વરના અગ્નિ-સંસ્કાર કરાવ્યા અને પોતે રાજ્યાભિષેક કરાવી તેની પાટે બેઠો."[૮૧]

ભીમદેવની મદદે જનાર કાઠી રાજા કાન્હ ક્યાંનો હતો તે જાણી શકાતું. નથી પરંતુ તે સૌરાષ્ટ્ર - રાજસ્થાનનો હોવાનું અનુમાન કરી શકાય. દશમી સદીના અંતની અગર અગિયારમી સદીની શરૂઆતની આ વાત હોઈ શકે. કર્નલ વૉટ્સને ચાંપરાજવાળા (જેતપુરના રાજા)ને એભલ કાઠીના પુત્ર તરીકે સંબોધન કર્યું છે તેવું જ અહીં 'કાઠીરાજા કાન'ને સંબોધન થયું જણાય છે.

સિદ્ધરાજ જયસિંહે જ્યારે જૂનાગઢ ઉપર ચડાઈ કરી ત્યારે તેણે તેના બર્બર સેનાપતિને ફોજ તૈયાર કરવા અને કૂચ કરવા જણાવ્યાનો ઉલ્લેખ ઇતિહાસમાં મળે છે. ઇતિહાસકારના કહેવા પ્રમાણે આ બર્બર સેનાપતિ અત્યારના કાઠી-બાબરિયા પૈકીનો હોવાનું જણાય છે.

કરણ વાઘેલાની રાણીને 'બાબરો ભૂત' પરેશાન કરતો હતો. તેમાંથી મુક્તિ અપાવનારને તે એક રાતમાં તોરણ બાંધી શકે તેટલાં ગામ આપવા તેણે જાહેર કર્યું હતું. હરપાળદેવે બાબરા ભૂતને વશ કર્યો અને તેની જ મદદથી સેંકડો ગામોને એક રાતમાં તોરણ બાંધી રાજ્ય વિસ્તાર હાંસલ કર્યાનું કહેવાય છે. તે બાબરો ભૂત નહિ પણ માણસની સામાન્ય રીતે વધુમાં વધુ શક્તિ હોઈ શકે તેથી પણ વધુ શક્તિશાળી બાબરો હશે તેથી તેને ભૂતની ઉપમા આપી હશે. તે પણ બાબરિયો જ હતો તેવું અનુમાન થાય છે.

સૌરાષ્ટ્રને કાઠિયાવાડ તરીકે ઓળખાવનાર વીર પ્રજાની ઓળખાણ આપવા માત્ર આ બધાં અવતરણો ટાંક્યાં છે :

'ધી રુલિંગ પ્રિન્સિઝ, ચિફ્સ ઍન્ડ લીડિંગ પરસન્સ ઇન ધી વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટસ એજન્સી' એ નામક ઇ. સ. ૧૯૩૫માં ગવર્ન્મેન્ટ ઑફ ઇન્ડિયા તરફથી પ્રકાશિત થયેલ અંગ્રેજી પુસ્તકમાં વાળા-કાઠી વંશની હકીકત આપવામાં આવેલ છે, તેનો સારાંશ અહીં નોંધવા જેવો છે. તેમાં લખવામાં આવ્યું છે કે -

બ્રહ્માની બેતાલીસમી પેઢીએ વિશ્વજિત થયા. તેને કરણ નામે પુત્ર થયો. તેને અંગદેશના રાજા આદિત્યરથે સ્વીકાર્યો હતો. તેનું નામ બાલાદિત્ય રાખવામાં આવ્યું. કરણ ઉર્ફે બાલાદિત્યના વારસો બાલાદિત્યો કે સૂર્યપુત્રો કહેવાયા. વખતના વહન સાથે તેના અનુવંશીઓ 'બાલા' કહેવાયા. તેઓ કાઠિયાવાડમાં આવ્યા પછી 'વાળા' કહેવાયા.

તે પછીની બીજી બેતાલીસ પેઢીએ, પુષ્પમિત્ર થયા. તેમણે તેમના પિતા અહિકેતુના નામ ઉપરથી અહિકેતપુર (જેતપુર) વસાવ્યું.

બ્રહ્માની ૧૬૪મી પેઢીએ થયેલ એભલવાળા(દ્દકા)એ જેતપુરમાં રાજ્ય કર્યું. તેને ચાંપરાજવાળા અને શિલાદિત્ય (તે શેલાયતવાળા) નામે બે પુત્રો હતા. ઈ. સ. ૧૩૮૮માં દિલ્હીના સુલતાનના સુબા સમશખાને જેતપુર ઉપર ચડાઈ કરી. ચાંપરાજવાળા બહુ જ બહાદુરીપૂર્વક લડ્યા. લડતા-લડતા અને સોથ બોલાવતા ઠેઠ લાઠી સુધી આવ્યા; અને ત્યાં કામ આવ્યા. તે પ્રસંગની યાદી આપતી 'ચાંપરાજબારી' (નાનો દરવાજો) જેતપુરમાં ભાદર નદીને કાંઠે ઊભેલ છે.

જેતપુર મુસલમાનોના હાથમાં ગયું. એભલવાળા અને તેના પુત્ર શિલાદિત્ય તેની જૂની રાજધાની તળાજા પાછા ફર્યા. શિલાદિત્યના પુત્ર ધાનવાળાએ ઢાંક લીધું અને ત્યાં પોતાની ગાદી સ્થાપી. તેને દશ દીકરા હતા. સૌથી મોટો વણારજી ઢાંકની ગાદીએ બેઠો. સૌથી નાના પુત્ર વેરાવળજીએ વિશાળ પટગીરની પુત્રી રૂપદેબાઈ સાથે લગ્ન કર્યાં. તેમના વારસદારો 'વાળા કાઠી' કહેવાયા અને કચ્છના પાવરગઢમાં વસ્યા. સૌથી મોટા વણારજી ઢાંકની ગાદીએ બેઠા. તેના વારસો વાળા રાજપૂત કહેવાયા. ત્યારથી વાળા વંશની બે શાખાઓ થઈ. એક તે વાળા રાજપૂત અને બીજી વાળા કાઠી તરીકે ઓળખાણી. પહેલી તે ઢાંકના વાળા વણારશીના વારસ વાળા અને બીજી શાખા તે વેરાવળજીના વારસ વાળાઓની વાળા કાઠી શાખા હતી.

(ખાચર, ખુમાણ અને લાલુ શાખાઓ વાળા વંશની પેટાઓળખ આપતી પેટાશાખાઓ છે.)

વેરાવળજીએ વાળા કાઠી રાજા તરીકે રાજ્ય કર્યું. તેને ત્રણ પુત્રો હતા. વાળોજી, ખુમોજી અને ખાચરજી. (અહીં લાલુજીનું નામ ભુલાયું જણાય છે.) તેઓથી ત્રણ શાખા બંધાણી અને 'શાખાયત' કહેવાયા. બીજા કાઠીઓની અલગ શાખા બંધાણી તે 'અવરતિયા' તરીકે ઓળખાયા. અવર એટલે કે બીજાઓના અર્થમાં અવરતિયા કહેવાયા.

કાઠીઓના આગમન-સમય બાબત મત-મંતાતર હશે પણ એ ચોક્કસ વાત છે કે તેઓ કચ્છમાં થઈને કાઠિયાવાડમાં આવ્યા છે. ઈસુની પંદરમી સદીમાં કચ્છમાં અભા જામનું જોર વધતાં કાઠીઓને ત્યાંથી ખસેડ્યા હતા તેથી કાઠિયાવાડમાં પ્રવેશ્યા. બીજી માન્યતા એવી પણ છે કે તે વર્ષોમાં ત્યાં કચ્છમાં એક ભયંકર દુષ્કાળ પડ્યો, તેના કારણે કાઠીઓ કાઠિયાવાડમાં પ્રવેશ્યા. પ્રથમ તેઓ થાન આવ્યા. ત્યાંથી તેમણે પરમારો અને બાબરિયાઓને હટાવ્યા. તેઓએ એક બીજું, મુખ્ય અને તાકાતવાન થાણું ચોટીલા સ્થાપ્યું. હજુ પણ તેમનો ત્યાં વસવાટ છે. આ બે સ્થળોએથી તેઓ આખા પાંચાળમાં પ્રસર્યા. પ્રથમ લૂંટફાટ કરીને અને પછી ખેતીવાડી ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને જીવનનિર્વાહ કરવા લાગ્યા.

ચિતલ તે સરવૈયા રાજપૂતોનું મુખ્ય થાણું હતું. તે કાઠીઓએ ઈ. સ. ૧૭૩૫માં લઈ લીધું. ઈ. સ. ૧૭૬૦માં જૂનાગઢના નવાબે તેઓને જેતપુર, મેંદરડા અને બીલખાના વિસ્તારો સોંપી આપ્યા. કારણ કે ત્યાં ત્યારે ખાંટ કોળી અને કેટલીક તોફાની જાતિઓ વસતી હતી.

ઈ. સ. ૧૭૯૨-૯૩માં, ભાવનગર રાજ્ય સામે હલ્લો લઈ જવા ખુંમાણોએ એક સંયુક્ત પ્રયાસ કર્યો. તેમાં કુંડલાના ખુમાણો, જેતપુરના વીરાવાળા, ચિતળના કુંપાવાળા અને જસદણના વાજસુર ખાચર હતા. પરંતુ ભાવનગરના વખતસિંહજીએ તેઓની ઉપર ઓચિંતાનો હલ્લો કરી ચિતળ લીધું પરંતુ પછીથી સમાધાન થયા અનુસાર ચિતળ પરત આપ્યું. જેતપુરના નાજાવાળાને બે પુત્રો હતા. તે વીરાવાળા અને જેતાવાળા.

કાઠીઓ સૂર્યપૂજક છે અને તેઓ મહત્ત્વના દસ્તાવેજોમાં ભગવાન સૂર્યનું પ્રતીક હંમેશાં મૂકે છે.

વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સી એટલે કે ભારતની અંગ્રેજ સરકાર તરફથી પ્રસિદ્ધ થયેલ ઉપરોક્ત પુસ્તકમાં કાઠીઓની બાબત ઘણી સુંદર અને સ્પષ્ટ માહિતી અપાયેલ છે તે પુરાણા ઇતિહાસની ગરજ સારે છે. કર્નલ વૉટ્સન તેમજ વડોદરાના માજી દીવાન એમ. જી. મહેતા દ્વારા તૈયાર થઈ છે જે ૧૯૩૩માં તૈયાર થયેલ જણાય છે.

બ્રહ્માથી માંડીને એભલવાળા છઠ્ઠા સુધીની પેઢીની રૂપરેખા સાથે તૈયાર થયેલ આ ઇતિહાસિક માહિતીમાં વાળાઓના બે વિભાગ થયાનું જણાવાયું છે અને વાળા કાઠી શાખામાં સાખાયત અને અવરતિયા બે વિભાગો બન્યાનો ઉલ્લેખ છે.

કાઠીઓ દ્વારા રાજવંશોનું પુનઃગઠન કર્યું અને સાખાયત તેમજ અવરતિયા વિભાગોની રચના કરી તે તેમની અંગત વ્યવસ્થા હશે તેથી નોંધ્યું નથી પણ સાખાયત અને અવરતિયા વિભાગોના વિભાગીકરણનો તો તેમાં ઉલ્લેખ છે જ.

એભલવાળાના બે પુત્રો ચાંપરાજવાળા અને શિલાદિત્ય (શેલાયતવાળા)નો આગળ ઉલ્લેખ થયો છે. તે શેલાયતવાળા બાબતમાં એક દંતકથા કહી જાય છે કે તેમણે વેરાવળ આજુબાજુના પ્રદેશની એક કન્યા સાથે લગ્ન કર્યાં હતાં. તે તરફ તેઓ કેટલાંક વર્ષ રહ્યા હતા. પછીથી તેનો કુંવર ધાનવાળા તેની તળાજાની ગાદીએ બેઠો. તેના કુંવર વેરાવળજીએ અહીં આવી વેરાવળ વસાવ્યું.[૮૨]

જે જાતિના નામ ઉપરથી કાઠિયાવાડ કહેવાણો તે જાતિ અને કાઠિયાવાડના ઐતિહાસિક અવલોકનમાં ફાર્બસે જેને રાજા તરીકે સંબોધેલ છે તેવા ઇતિહાસિક અમરપાત્ર અને વીરનર લોમા ખુમાણને યાદ કરવા તે જરૂરી અને મહત્ત્વનું કાર્ય છે.

અત્યારની વ્યવસ્થા પ્રમાણે અમરેલી જિલ્લાના લાઠી-લીલિયા વિસ્તારમાં આવેલું ગામ 'આંસોદર' લોમા ખુમાણની યાદીથી ઊજળું છે. તેણે રાજકોટ પાસેનું ખરેડી પરગણું પણ લીધું હતું.

તે વખતે ગારિયાધારમાં નોંધણજી ગોહિલનું રાજ્ય હતું. ગારિયાધારમાં શાકભાજી ખૂબ સારાં થતાં હતાં. નોંધણજીનો કારભારી ખીમો ચાંદસુર હતો. તેને આંસોદર બોલાવી લોમા ખુમાણે ગારિયાધારથી સારાં શાકભાજી મોકલવા કહ્યું હતું. પણ નોંધણજીના તે કારભારીએ હસીને ના પાડી દીધી હતી. તેથી લોમા ખુમાણે પોતાના અસવારો મોકલી પોતે શાકભાજી મગાવી લેશે તેમ કહેલું.

થોડા દિવસો પછી લોમા ખુમાણે ૨૦૦ ઘોડેસવારોને ગારિયાધાર મોકલ્યા. તેમણે વાડીઓ ઉજ્જડ કરી ત્યાંનાં ઢોર વાળ્યાં. નોંઘણજી ગોહિલ નાસીને શિહોરના ધુણાજી ગોહિલને આશરે ગયો. લોમા ખુમાણે ગારિયાધાર કબજે કર્યું. પોતાના દીકરા કાંથડ ખુમાણને ફોજ આપી ત્યાં મૂક્યો. પોતે શિહોરના ધુણોજી ઉપર ચઢ્યો. વાલાવાડ આગળ બન્નેનાં લશ્કરોનો ભેટો થયો. યુદ્ધ થયું અને તેમાં ધુણોજી કામ આવી ગયો.[૮૩] ધુણોજી વળા જઈ ત્યાં શિરબંધી એકઠી કરતો હતો ત્યારે ઈ. સ. ૧૬૧૯માં આ બનાવ બન્યો જણાય છે.

ત્યાર પછી જ્યારે લોમા ખુમાણ તેના કાકા નાગપાલને મળવા ખરેડી ગયો હતો ત્યારે નોંઘણજીએ બારૈયા કોળી તથા શિહોરના અખેરાજજીની મદદ લઈ, દગાથી લોમા ખુમાણના દીકરા કાંથડ ખુમાણને મારી ગાંરિયાધાર લીધું.[૮૪]

પછીથી મોકાભાઈ ચારણે મધ્યસ્થી થઈ નોંઘણજી ગોહિલ અને હાદા ખુમાણ વચ્ચે સમાધાન કરાવ્યું. નોંઘણજી ગોહિલે હાદા ખુમાણને રાણીગામ આપ્યું તે દેશ આઝાદ થતાં સુધી ખુમાણોના હાથમાં જ હતું.

આ બનાવ બન્યા પછી, નોંઘણજીની સ્ત્રીએ તેને સલાહ આપી કે લોમો ખુમાણ તમને ગારિયાધાર રહેવા દેશે નહીં માટે તેના મોં આગળ જઈને તલવાર છોડી નાખો. નોંઘણજીએ તે પ્રમાણે કર્યું. નોંઘણજીની સ્ત્રીએ લોમા ખુમાણને ભાઈ કરીને માન્યો. પરંતુ તે તો વેર વાળવા અવસર મળતાં સુધીનો માત્ર ડોળ હતો. નોંઘણજીએ નગરના જામને ત્યાં દીકરી આપી હતી.[૮૫]

ઈ. સ. ૧૮૫૩માં ગુજરાતમાં મોટું પરિવર્તન આવ્યું. દિલ્હીના અકબર શાહે ગુજરાતના બાદશાહ મુઝફ્ફરને કેદ કર્યો, પણ તે કેદમાંથી નાસી છૂટ્યો. તેની પાસેથી અકબરશાહે ગુજરાતનું રાજ્ય લઈ લીધું. ગુજરાતના સૂબા તરીકે ઇતિમદખાનને નીમવામાં આવ્યો.

મુઝફ્ફર શાહે કાઠી રાજા (ખરેડીના) લોમા ખુમાણ પાસે મદદ અને રક્ષણ માંગ્યાં.[૮૬]

તેમણે ચાર હજાર કાઠી ઘોડેસવારોનું અને આઠસો મોગલો (મુસલમાનોનું હશે) સૈન્ય બનાવ્યું.[૮૭] જામ સત્તાજી, જૂનાગઢના નવાબ દોલતખાન ઘોરી અને સોરઠના જાગીરદાર રા'ખેંગારની મદદ લઈ કુલ ત્રીશ હજાર ઘોડેસવાર અને વીશ હજારના પાયદળની સેના તૈયાર કરી. સુરત, ભરૂચ અને અમદાવાદ શહેરો કબજે કર્યાં. અમદાવાદ આજુબાજુનાં પરગણાંઓમાં તેણે લૂંટ ચલાવી. તે વખતે અમદાવાદમાં દિલ્હીનો સૂબો મીરઝાં અબ્દુલ રહેમાન હતો, પણ તે મુઝફ્ફરનું બંડ સમાવી શક્યો નહિ. તેથી શહેનશાહ અકબરે તેના દુધભાઈ મીરઝાઅજીજ કોકોને ગુજરાતનો સૂબો-નીમીને મોકલ્યો. ગુજરાતમાં આવી તેણે મુઝફ્ફરને કેદ કર્યો. ઈ. સ. ૧૫૮૩ (વિ. સં. ૧૬૩૯)માં મુઝફ્ફર જેલ તોડીને સૌરાષ્ટ્ર તરફ નાસી છૂટ્યો. કોઈના તરફથી

તેને આશ્રય નહિ મળતાં છેવટે તે જામ સત્તાજી પાસે ગયો. તેણે તેને આશ્રય આપ્યો. બરડા ડુંગરમાં રહેવા માટે વ્યવસ્થા કરી.[૮૮]

અમદાવાદના નવા નિમાયેલા સૂબા મીરજા અજીજ કોકોએ મોટા લશ્કર સાથે સૌરાષ્ટ્ર તરફ કૂચ કરી. વિરમગામ પાસે તેણે મુકામ કર્યો. નવરોજખાન તથા સૈયદ કાસીમને થોડું લશ્કર આપીને, મોરબી તરફ મુઝફરશાહની તપાસ કરવા મોકલ્યા. તેમને મુઝફરશાહ જામનગરમાં હોવાની માહિતી મળી. કાસદ મોકલીને તેમણે મુઝફરશાહને ત્યાંથી કાઢી મૂકવા જામ સત્તાજીને કહેવરાવ્યું. પરંતુ જામ સત્તાજીએ તેમ કર્યું નહિ. તેથી બાદશાહી લશ્કરે જામનગર તરફ કૂચ કરી. જામ સત્તાજીએ પોતાના લશ્કરને સામે મોકલી સામનો કરી તેની રુકાવટ કરી. લશ્કરને જોઈતી સાધનસામગ્રીમાં વિક્ષેપ પાડ્યો. (ઈ. સ. ૧૫૯૧)

આ સમાચાર મળતાં, વિરમગામથી કોકો પોતાનું ખાસ લશ્કર લઈને ત્યાં આવી પહોંચ્યો. તેણે આવીને નવરોજખાન અને સૈયદ કાસીમના લશ્કર સાથે પોતાનું લશ્કર જોડી દીધું. જામનગર તરફ આ મોગલ સૈન્ય આગળ વધ્યું પરંતુ ધ્રોળ પાસે જામ સત્તાજી પોતે પોતાના લશ્કર સાથે આવી પહોંચ્યા.

તેમના લશ્કરની સાથે જૂનાગઢના નવાબ દોલતખાન ઘોરી અને કાઠી સરદાર લોમા ખુમાણના લશ્કરો મદદમાં આવ્યા હતા. બાદશાહી ફોજ અને જામસત્તાજીની સંયુક્ત ફોજને ભૂચર મોરીના મેદાન આગળ ભેટો થયો. દારુણ યુદ્ધ ખેલાયું.

તેમાં દરેક મોરચે જામ સત્તાજીના સંયુક્ત લશ્કરની જીત થઈ. બે-ત્રણ મહિના યુદ્ધ ચાલ્યું. સૂબો કંટાળ્યો. તેણે સમાધાન માટે વિષ્ટિનાં કહેણ મોકલ્યાં. વિષ્ટિ ચાલુ થઈ.[૮૯]

લડાઈની શરૂઆતથી જ જૂનાગઢના નવાબ દોલતખાન ઘોરી અને કાઠી સરદાર લોમા ખુમાણનાં લશ્કરો જામ સત્તાજીના સાથમાં હતાં જ. તેથી જામ સત્તાજીના લશ્કરની જીત થઈ હતી. બાદશાહી સૂબાએ સમાધાનની વિષ્ટિ કંટાળીને મોકલી હતી. જામ સત્તાજીએ મદદે આવેલા લશ્કરોને વિશ્વાસમાં લઈ, યુદ્ધવિરામ કરવાની વિષ્ટિ ચલાવી હોય તેવો કોઈ આધાર મળતો નથી. જામ સત્તાજીનું લશ્કર જીતમાં જ હતું. તેમણે વિષ્ટિ કરવા કોઈ જરૂર ન ગણાય. છતાં વિષ્ટિ શરૂ થતાં, મદદગારો યુદ્ધનું મેદાન છોડી ગયા હોય તેવું બને.

કાઠિયાવાડના અંગ્રેજી ઇતિહાસના લેખક કૅપ્ટન વિલ્બર ફોર્સ બેલ પુસ્તકના પાન ૧૦૯ ઉપર નોંધે છે કે, લોમા ખુમાણના પટાંગણ ઉપર લડાઈ થઈ. તેના ઘોડેસવારોએ બન્ને પાંખા ઉપર સજાગ પ્રયત્નો કર્યા. જીત તેના પક્ષમાં હોવાનું જણાયું. પછીથી નવાનગરનું લશ્કર લડાઈમાં ગુંચવાડામાં પડ્યું. તે પછી તુર્ત જ જામ છત્રસાલનો પુત્ર અજોજી અને જસા લડાખ મૃત્યુ પામ્યા અને લશ્કર નાસી ગયું. દોલતખાન ઘોરી સખ્ત રીતે ઘવાયો હતો. મુઝફરશાહ જામ છત્રસાલ સાથે જૂનાગઢ

દોડી ગયો. બન્ને પક્ષે ખૂબ જ ગુમાવવું પડ્યું. જામ છત્રસાલ પણ જૂનાગઢ તરફ નાસી છૂટ્યા તેમ જણાવાયું છે.

જામની મોટી હાર થઈ. આથી જામ અને લોમા ખુમાણ વચ્ચે વિરોધ વધી ગયો. લોમા ખુમાણે નવાનગરના દરવાજા સુધી ધાડ પાડવા માંડી. એક વખત લોમા ખુમાણ આવી ધાડ પાડવા આવેલ ત્યારે તેનો અને જામ સત્તાજીનો ભેટો થઈ ગયો. લડાઈ થઈ તેમાં જામ હાર્યો.[૯૦]

ગારિયાધારના નોંઘણજી ગોહિલનો ગીરાસ ખેરડીના ખુમાણ લોમાએ દબાવ્યો હતો. નોંઘણજીએ દગાથી ગારિયાધાર પાછું મેળવ્યું પણ નોંઘણજીના રાણીએ તેને સલાહ આપ્યા પ્રમાણે, નોંઘણજીએ લોમા ખુમાણ આગળ હથિયાર હેઠાં મેલી તેની સર્વોપરિતા સ્વીકારી લીધી હતી. વળી નોંઘણજીનાં રાણીએ લોમા ખુમાણને પોતાનો ધરમનો ભાઈ બનાવ્યો. નોંઘણજી ગોહિલે નવાનગરના જામને ત્યાં દીકરી પરણાવી હતી. તેના લગ્નપ્રસંગે જામનગરથી નોંઘણજી ઉપર કંકોત્રી આવી પણ નોંઘણજીના રાણીએ બનાવટ કરી હઠ બતાવી કે તેનો ભાઈ લોમો ખુમાણ વિવાહે આવે તો હું આવું.

જામને લોમા ખુમાણ સાથે વેર હતું પણ તેણે લોમા ખુમાણને પણ લગ્નપ્રસંગે નોતર્યા. લોમો ખુમાણ જામનગર ગયા. ત્યાં તેના માણસો સહિત તેને દરબારમાં બોલાવવામાં આવ્યો. દોઢી ઉપરના પહેરેગીરોએ હથિયારો સહિત દરબારમાં જવા દેવાનો અમારો ચાલ નથી તેમ જણાવી દોઢીએ હથિયારો મુકાવી દીધાં. ત્યાં જામે અને નોંઘણજીએ લોમા ખુમાણ અને તેના માણસોને ઠાર કર્યા.

જ્યારે લોમા ખુમાણને અનેક ઘાથી ઘાયલ કરી બાંધ્યો હતો. તે ઘાથી તદ્દન અશક્ત થઈ ગયો હતો ત્યારે જામે મશ્કરીમાં તેને પૂછ્યું કે તને આવો ને આવો છોડી મૂકીએ તો તું શું કરે? ત્યારે લોમા ખુમાણે જામને જવાબ આપ્યો હતો કે "બાયડી જેમ તાવડીમાંથી રોટલાને ઉથલાવે છે તેમ હું તારા નગરને ઉથલાવી નાખું."[૯૧]

લોમા ખુમાણનું કવિત

લોમે ચંદો રાખીયો, ચરણ મદાફર પતશાહ,
દોએજા કોઈ દેખા નહીં, એવડ અંતરરા.
લક્કડ થયો લોમ, ધરા બરડો ધ્રુજ્યો,
લક્કડ થયો લોમ, દેશ ભરૂચ ડરાયો,
લક્કડ થયો લોમ, રણ ચંદો ઓલે રાખ્યો,
લક્કડં થયો લોમ, ભૂપ, એમ રાણે ભાંખ્યો.
સુંઢાળ સાત છુટા ફરે, નત દલમાં દલવડે,
પતશાહ કહે દલિપતી, લીધો અમદાવાદ લોમડે,
પશ્ચિમ હુંદો પાતશાહ, જામ ખુટ્યો જોરાવર,

લખપતિયાં મોકલે, અભંગ લોમા ઉપર,
અસર બોલે એમ, તરત નગર તેડાયે,
જામ કચેરી જેહ, અભંગ મળવા આયો,
ધણીપતીએ દીધો દગો, જંજીર લઈ પગમાં જડ્યો,
સંવત સોળ એકાશીયે, પરજ થંભ લોમો પડ્યો.

ત્યાર પછી આંસોદર કુંડલાના ખુમાણોના હાથમાં રહ્યું. તેમની પાસેથી ભાવનગરના વખતસિંહે લીધું. પછી ચિતળના કુંપાવાળાએ જીતી લીધું. ઈ. સ. ૧૭૯૭માં આંસોદર પાછું ભાવનગરને તાબે આવ્યું.

વસ્તી ગણતરી

સાખાયત અને અવરતિયા કાઠી ક્ષત્રિયોની વસ્તી ગણતરી બાબતે કર્નલ વૉટ્સને ઈ. સ. ૧૮૮૧ની ગણતરીએ, તે વસ્તી ૨૮,૫૦૦ હોવાનું કાઠિયાવાડ સર્વસંગ્રહમાં નોંધ્યું છે.

જ્યારે -

સને ૧૯૨૧ના બૉમ્બે સેન્સસ રિપોર્ટ, વૉલ્યૂમ III પાર્ટ ૧ - ૨ મુજબ

૧૪,૧૯૩ પુ. + ૧૩,૭૫૩ સ્ત્રી = ૨૮,૧૪૬ મળીને કુલ ગણાયેલ છે.

૧૪. સલ્તનત કાળ (ઈ. સ. ૧૫૨૫ થી ઈ. સ. ૧૮૦૦)

વઢવાણે વાળો વસે, હળવદ લાલુ હોય,
ખુમાણે થાન લીધું ખરાં, સત વેરાવળ રા હોય.

રાજવંશોનું પુનઃગઠન કરી સંઘબળ મજબૂત કર્યું. માત્ર ભાડૂતી માણસોથી લડાતાં યુદ્ધો કરતી શક્તિમાં સામર્થ્ય પ્રગટ્યું. ટિલાતે રાજની પ્રથા બંધ પડતાં, બધા ભાઈઓ રાજના સરખા ભાગદાર થયા તેથી દરેક પોતાના હિસ્સાની રાજસત્તાના વિકાસ તરફ કટિબદ્ધ થયા. અવરતિયા પરિવારો અને શાખાયત પરિવારોના હાથ એક ભાણામાં આવ્યા તેથી સંઘબળમાં મોટો વિકાસ થયો. અરસપરસની એકતા મજબૂત બની.

ધાનવાળાના પરિવારમાં પણ ઘણો વિકાસ થયો હતો. વેરાવળજી પછીના પેઢી ક્રમ ૧૬ સુધી ત્રણેક સૈકા સુધી રાજસત્તાની ગતિ ધીમી રહી પણ પછીથી પારિવારિક સંઘબળ વિકસ્યું હતું. મોટાં સૈન્યો સામે મેદાની યુદ્ધ આપવા સંખ્યાબળ પૂરું પડતું ન હતું તેથી શરૂ શરૂમાં છાપામાર યુદ્ધો થતાં પરંતુ વારસામાં મળેલ હિંમત અને અડગતાની અદ્દભુત શક્તિ વિકસી હતી. દિલ્હીના, અમદાવાદના મોગલ સૂબાની તેઓ ઊંઘ હરામ કરાવતા હતા.

ઈ. સ. ૧૪૦૦ના અરસામાં ખુમાણ અને ખાચરનું પારિવારિક સંખ્યાબળ વધ્યું હતું. ત્યાર પછી જ વાળાઓની પુનઃગઠનની નવી તાકાત ઊભી થઈ હતી.

વાળાઓ વઢવાણના, લાલુઓ હળવદના અને ખુમાણોએ થાન વિસ્તારમાં તેમની રાજસત્તાઓ સ્થાપી હતી. ત્યારે વેરાવળજીના વારસોએ પ્રાબલ્ય જમાવ્યું હતું. ખાચર પરિવારે થાનથી પ્રસરીને પંચાળ ઉપર પોતાનું પરિબળ જમાવ્યું હતું. તે બધાની તાકાત અવરતિયા પરિવારો હતા.

વાઘેલાને વાઢીયા, કાઠી કરમાલે,
સુપાદળ લાલુ સજે, ગઢપતિયા ગાળે.
સુયો રહેશે સરધારમાં, રાજ કીધું પ્રજરાણ,
માણા લીધી મેંગણી, કશીયા ભડ કેંકાણ
હુવા લાલુ હાલારમાં, ભડ વંકો ભોપાળ,
કરમાલે ચોવિશ કીયા, યુદ્ધે આયુદ્ધ જમજાળ.

વાળા વંશના લાલુ પરિવારો અત્યારે ઓછા દેખાય છે. આ પેટાશાખા લુપ્ત થતી ગઈ છે પરંતુ તેમણે ત્યારે તેમનું પરિબળ હાલારમાં સ્થાપિત કર્યું હતું.

તે સમયમાં સરધાર આજુબાજુમાં વાઘેલાઓની રાજસત્તા હતી. લાલુ શાખાએ વાઘેલાઓ પાસેથી ગામો જીતીને પોતાની ચોવીશી ઊભી કરી હતી.

લગ્ન થયા પછી વેરાવળજીએ પોતાની રાજસત્તા કચ્છના પાવરગઢમાં સ્થાપી

હતી. ત્યારે તેમના એક ભાઈને કચ્છમાં જાડેજામાં પરણાવ્યા હતા જેમના વંશજો જળકશવાળા કહેવાયા. વેરાવળજીની મદદથી આ જળકશવાળાઓની મોટી જાગીર, ભદ્રેસર આજુબાજુમાં ઊભી થઈ હતી. તે ઈ. સ. ૧૩૭૨ સુધી ટકી હતી.

કચ્છમાં સમાઓનું જોર વધતાં ભદ્રેસર સાચવવું મુશ્કેલ થયું હતું. તેથી તેના ઉપર હાકેમને મૂક્યો હતો. હાકેમને મુશ્કેલી જણાતાં તેણે ઢાંકના વાળાઓને મદદે આવવા સંદેશો મોકલ્યો હતો. તેનો એક જૂનો દુહો મળે છે :

વાળા મેલ વણાર, આપે રહે કાં ઉગલા,
ભદ્રેસરો ભાર, આમુથો ઉપડે નહિં.

હાકેમના સંદેશાનો સાર એવો છે કે ભદ્રેસર સાચવવું મુશ્કેલ છે. ઢાંકના ગાદીપતિ વણારજીને ઉદ્દેશીને જણાવે છે કે આપ અગર ઉગાવાળા અહીં રહો તો જ ભદ્રેસરની સત્તા ટકાવી શકાય તેમ છે. ધાનવાળાના પુત્રોની ઐક્યતાનો આ એક પુરાવો છે.

લાખામાસીના યુદ્ધ પછી વેરાવળજીના પુત્ર વાળાજીનું પ્રાબલ્ય વિકસ્યું હતું. દરેક શાખા - પ્રશાખાના પરિવારોમાં વાળાજી વડીલ તરીકે માર્ગદર્શક હતા. તેમના જોમને અનુરૂપ એક મારવાડી કવિરાજે દુહો કહ્યો છે :

વાળા વળહિણહ, કાઠી ભલો ન કુપિયો,
ગોરાયો રાણેહ, તવ વાંચતો વોચાઉત.

સમગ્ર જૂથના વડા વેરાવળજી બન્યા હતા. તે હવાલો હવે વાળાજીએ સંભાર્યો હતો. એકતાની સાથે આગેવાની હોય તો જ જૂથની તાકાત સાકાર થઈ શકે. યોગ્ય આગેવાન વગરની એકતા કાર્યક્ષમ બની શકતી નથી.

થાન-ચોટીલામાં સ્થિર થયા પછી કાઠીઓ પાંચાળના સમગ્ર પંથકમાં પ્રસર્યા હતા. ખાચર પરિવારો શક્તિશાળી બન્યા ત્યારે વાળાઓ અને ખુમાણોએ તેમને પાંચાળમાંથી ખસીને, ખાચરો માટે પડ પાંચાળ રચાવ્યો હતો. જસો ખુમાણ પ્રથમ જસદણમાં સ્થિર થયા. વાળાઓએ તેમનાથી આગળ જઈને મોટા દેવળિયા - દેવગામનો વિસ્તાર જીતી રાજધાની કરી હતી. જસદણથી ખુમાણોએ ખસીને અમરેલી આજુબાજુ અને તે પછી તેમના અત્યારના ખુમાણ પંથકના કુંડલા અને બાજુનો વિસ્તાર જમાવ્યો હતો.

ખવડ અને કરપડા શાખાઓએ સુદામડા-સાયલા વિસ્તારો જીતી લીધા હતા. ગઢડા, ભડલી, ભાડલા, આણંદપુર, જસદણ અને છેક બાબરા સુધી, ગઢાળા, ખંભાળા, કરિયાણા વિ. પંચાળ પ્રદેશમાં ખાચર દરબારોએ તેમની જાગીરો સ્થાપી હતી.

સૌરાષ્ટ્રના ઇતિહાસના વિદ્વાન લેખક શંભુભાઈ દેસાઈ લખે છે કે "આ સમયમાં કાઠીઓનું પ્રાબલ્ય વધી ગયું. તેઓ અત્યાર સુધી લૂંટફાટ કરતા કે પશુપાલન કરતા પરંતુ તેઓ જેમ જેમ સંગઠિત થતા ગયા તેમ તેમ તેઓમાં રાજ્યપ્રાપ્તિની

અભિલાષા જન્મી. તેઓ સૌરાષ્ટ્રમાં સર્વત્ર પ્રસરી ગયા. સુદામડા, ગઢડા, ભડલી, આણંદપુર વિગેરે ગામોમાં તેમનાં મથકો નાખીને તેમની વીરતા, શૌર્ય અને હિંમતથી વસાવડ, બગસરા[૯૨] વિગેરે નગરો જીતી લીધાં. નાનાં નાનાં રાજ્યો સ્થાપ્યાં. તેમનું પરિબળ એટલું વધ્યું અને રાજપૂત ઠાકોરોને તેમની બીક લાગવા માંડી કે સરધારના ઠાકોરે તેમને ભાડલા, જસદણ, ચોટીલા વિગેરે ગામો તેમના અધિકારમાં રહેવા દીધાં. ખુમાણ કાઠીઓએ પૂર્વ સૌરાષ્ટ્રમાં ગણનાપાત્ર અગત્ય પ્રાપ્ત કરી અને ઘણાં ગામો સ્વાધીન કર્યાં. મુગલ સમ્રાટના સૂબાઓ પણ કાઠીઓ સામે વારંવાર સૈન્યો દોરતા અને તેમને પારપત કરવાનો નિષ્ફળ પ્રયાસ કરતા. કાઠીઓએ આ રીતે આ યુગમાં, સૌરાષ્ટ્રમાં મહત્ત્વનું અને ગણનાપાત્ર સ્થાન મેળવ્યું."

તેમણે આ આગળ લખ્યું છે તેનો સારાંશ એવો છે કે કાઠીઓએ સરધારનાં ગામડાં ધમરોળવા માંડ્યાં. શાહી સૈન્યો (મુગલોના) મેદાની યુદ્ધોમાં અજીત હતા પણ કાઠીઓ સામે પહોંચી શકે તેમ ન હતાં. તેથી વિભાજીએ પોતાની સેવા શાહી સૈન્યોને આપી અને કાઠીઓને જેર કર્યા. આ સેવાના બદલામાં શાહજાદા સલીમ-ખુર્રમની ભલામણથી પાદશાહે વિભાજીને અરડોઈ, રીબ, કાળીપાટ વિગેરે ચોવીસ ગામો ઈનામમાં આપ્યાં અને સરધાર ઉપર વિભાજીનો અધિકાર સ્વીકાર્યો. જામ જસાજીએ વિભાજીને સહાય આપેલી તેથી કાલાવડનાં ગામો જે તેની પાસે હતાં તે પાછાં આપી દીધાં.

વિભાજી પાસેથી સરધાર મોગલોએ જીતી લીધું હતું. તે તેણે કાઠીઓની તાકાતને વશ થઈને વિભાજીને કાઠીઓના પરિબળને ખાળવા માટે પરત આપવું પડ્યું તેમ ગણી શકાય.

સરધારમાં ઠાકોર વિભાજી પછી તેમના પુત્ર મહેરામણજી ગાદી ઉપર આવ્યા. (વિ. સં. ૧૬૭૧થી ૧૭૧૨) તે વખતે પાંચાળના ખાચર દરબારોએ મોગલ સત્તાની પરવા કર્યા વગર છેક ધોળખા - સરખેસ અને અમદાવાદના સીમાડાઓ સુધી ધાડો પાડવા માંડી. ત્યારે ફરીથી ગુજરાતના સૂબા આજીમખાને સરધારના ઠાકોર મહેરામણજીની મદદ લીધી હતી. તેમને હરાવ્યા હતા. તેના બદલામાં ગુજરાતના સૂબાએ કેટલાંક ગામો મહેરામણજીને આપ્યાં હતાં.[૯૩]

મહેરામણજી પછી તેમના પુત્ર સાહેબજી ગાદી ઉપર આવ્યા હતા. તેમની પાસેથી એક વખત ગુજરાતના સૂબા મોસમ બેગે અને બીજી વખત બોકરખાને સરધાર જીતી લીધું હતું પણ સાહેબજીએ તે પાછું લીધું હતું.

તે વખતે ભાડલાના ખાચર દરબાર લાખા ખાચર બહુ બળવાન હતો. તેણે સરધાર ઉપર ચડાઈ કરી જીતી લીધું હતું પરંતુ કોટડા-સાંગાણીના ઠાકોર તેજમલજીની મદદ લઈ સાહેબજીએ તે પાછું મેળવ્યું હતું. તે પછી ઠાકોર રણમલજી અને મહેરામણજીએ સરધારમાં રાજ્ય કર્યું. (વિ. સં. ૧૮૦૨ થી ૧૮૫૨) આ ઠાકોર મહેરામણજીએ 'પ્રવીણ સાગર' નામનો પ્રસિદ્ધ ગ્રંથ રચ્યો હતો. તેના સવૈયા લોકસાહિત્યમાં પ્રસિદ્ધ છે.

મહેરામણજીના પાંચમા કુંવર સુરાજી હતા. સરધારથી ત્રણ ગાઉ ઉપર આવેલ, સરધાર તાબાના હલેન્ડા ઉપર કાઠીઓએ ધાડ પાડેલ હતી. તે કાઠીઓની પાછળ સુરાજી પોતાના માણસો સાથે ચડ્યા હતા. સરધારથી વીશ માઈલ ઉપર આવેલ ગરણી-પાનસડા ગામોની સરહદે તેમને ભેટો થયો. ભયંકર ધિંગાણું થયું. તેમાં સુરાજી કામ આવી ગયા. તે જગ્યા 'વરજા તિરથ' તરીકે ઓળખાય છે. જસદણના જીવાપર અને વાળા દરબારના નડાળા ગામની સરહદે ચાર ખાંભા પાસે આ જગ્યા આવેલી છે. ત્યાં સુરાજીની રણખાંભી ઊભી છે. પાટ બેસવા કે પરણવાના પ્રસંગે વિભાજી જાડેજાઓ ત્યાં નૈવેદ કરવા જાય છે.[૯૪]

ઈ. સ. ૧૬૮૦માં હિન્દુ પત પાતશાહીને જીવંત રાખનાર શિવાજી મહારાજ દેવ થયા. મોગલ સમ્રાટ ઔરંગઝેબની કટ્ટર કોમવાદી નીતિએ હિન્દુધર્મ ઉપર ભરડો લીધો હતો. હિન્દુઓ અને હિન્દુ ધર્મને મિટાવી દેવા તે જુલમી બાદશાહે આકાશપાતાળ એક કર્યાં. તેની ઝનૂની અને જુલમી રાજનીતિથી ગુજરાત પણ ત્રાહિમામ્ પોકારી ગયું હતું.

તે અરસામાં અમદાવાદમાં બાદશાહી લશ્કરે બળવો કર્યો. તેને કરતલબખાને જોર-જુલમથી દાબી દીધો. ઈ. સ. ૧૬૮૬માં કરતલબખાનને સોરઠનો ફોજદાર નીમ્યો હતો. તેણે સખત હાથે અમદાવાદના બાદશાહી લશ્કરે કરેલા બળવાને દાબી દીધો હતો. તેથી તેને 'સુજાતખાન' નામનો ખિતાબ મળ્યો.

ધર્માંધ બાદશાહ ઔરંગઝેબે ભગવાન સોમનાથનું મંદિર અગાઉ તોડ્યું હતું તે ફરી વખત તોડ્યું. હિન્દુ ધર્મને નામનેસ્ત કરવાની તેની રાજનીતિએ ધર્મસ્થાનો તોડવાનું કાર્ય હાથ ઉપર લીધું હતું.

આ ઝનૂની યવને થાનગઢ પાસેના સૂર્યમંદિર-સૂરજદેવળ અને જગતમંદિર - દ્વારકાનાં ધાર્મિક સ્થળો તોડવા નિરધાર કર્યો હતો. તે કામ આ નવા ખિતાબધારી સૂબા સુજાતખાનને સોંપાયું. ઈ. સ. ૧૬૯૦માં મોટા લશ્કર સાથે સુજાતખાને થાન ઉપર હલ્લો કર્યો. આજુબાજુના કાઠી સરદારોએ એકત્રિત થઈ સુજાતખાનની રાક્ષસી તાકાત સામે લડી લેવા દૃઢ નિર્ણય કર્યો. જાનની બાજી લગાવી કાઠી સરદારોએ બહાદુરીપૂર્વક સામનો કરી, લડાઈ આપી. વિરાટની સામે આ વામન કદનું યુદ્ધ હતું. ત્રણ દિવસ સુધી મોગલ સૈન્યનો ઘાણ બોલાવ્યો. કંઈક કાઠી નરવીરો પણ ભગવાન સૂર્યનારાયણના મંદિર સૂરજદેવળના રક્ષણાર્થે ખપી ખૂટ્યા. વિશાળ સૈન્યશક્તિ સામે ઝઝૂમ્યા જેટલું સંખ્યાબળ ઘટી ગયું ત્યારે ભગવાન સૂર્યનારાયણ અને માતાજી રાનાદેની પવિત્ર મૂર્તિઓને ધર્માંધ યવનોનો હસ્તસ્પર્શ ન થવા દેવાના હેતુથી માનભેર સ્થળફેર કરાવ્યું.

ત્રણ દિવસના યુદ્ધ પછી મોગલ સૈન્ય સૂરજદેવળમાં પ્રવેશ્યું. મૂર્તિઓ તોડવા તલપાપડ યવનોએ મંદિરમાં મૂર્તિઓ દીઠી નહિ ત્યારે દેવળને તોડી પોતાની મનોકામના પૂરી કરી.

ત્યાર પછી સાત વર્ષ સુધી મોગલો સામે સતત સંઘર્ષ થતો રહ્યો અને થાનગઢ તેમની પાસેથી પાછું લીધું. સૂરજદેવળનો જીર્ણોધ્ધાર કરી, કાઠી સરદારોએ ભગવાન સૂર્યનારાયણની પ્રાણપ્રતિષ્ઠા કરી.

ભગવાન સૂર્યનારાયણ પ્રત્યેની શ્રદ્ધેયતાને જીવંત રાખવા આ ધર્મયુદ્ધ વૈશાખ શુદ એકમ, બીજ અને ત્રીજના ત્રણ દિવસ ચાલેલું હતું. તે ત્રણ દિવસ કાઠી સમાજના અનેક પુરુષો ભગવાન સૂર્યનારાયણ સામે લાંઘવા બેસે છે, ઉપવાસ કરે છે. પોતાની નાકામયાબીની દિલગીરી વ્યક્ત કરે છે. વૈશાખ મહિનાના ધોમધખતા તાપમાં આ ઉપવાસો પાંચાળભૂમિમાં કરવામાં આવે છે.

મુસલમાની અરાજકતા અને ધર્મઝનૂન સામે વારંવાર કાઠી નરવીરો ઝઝૂમ્યા છે અને શહાદત વહોરી છે. તે જૂના સૂરજદેવળના પટાંગણ પાસે ઊભેલા પાળિયાઓથી પુરવાર થાય છે. તેમાંના તા. ૨૨-૪-૧૬૯૬ના દિવસે શહીદી વહોરનાર અભીરાજ (એભલવાળા)ના પ્રપૌત્ર સંગરામજી તેમના પાળિયા ઉપરના લખાણથી ઓળખાઈ આવે છે. બીજા પાળિયા તા. ૧૯-૯-૧૭૦૧માં શહીદી વહોરનાર અન્ય કાઠી નરવીરોના હોવાનું માલૂમ પડે છે.

થાન પાસે કંડોળ ટેકરી ઉપર આવેલું આ પ્રાચીન સૂર્યમંદિરના ગર્ભગૃહમાં એક શિલાલેખ છે. તેમાં લખેલ છે કે આ મંદિરનો જીર્ણોદ્ધાર બુટ્ટક લાખાના પુત્ર સિંહે વિ. સં. ૧૪૩૨માં કર્યો હતો.

પાળિયાદના એક દરબાર દાનાભાઈ જીવાભાઈ ખાચરે 'કાઠી રાજપૂત' નામના માસિકમાં તેમણે આપેલા એક લેખમાં ઈ. સ. ૧૯૩૦માં એટલે કે સાઠ વર્ષ પહેલાં લખ્યું છે કે આ સૂરજદેવળ (જૂનું) માંધાતાએ બંધાવ્યું હતું. થાન પુરાણમાં પણ આ વાતનો ઉલ્લેખ થયેલો છે તેમ કહેવાય છે.

જાલોરગઢ વિરમ દે ચૌહાણ(સોનગરા ચૌહાણ)ના વારસો રાજવંશોના પુનઃગઠનમાં જોડાયા પછી તેઓ જળુ તરીકે અવરતિયા શાખામાં જોડાયા હતા. વાળાજીનાં કુંવરી માકબાઈને આ કુટુંબના વાલેરા જળુ સાથે પરણાવેલ. તેમને આ સૂરજદેવળની પૂજા આપવામાં આવી હતી. જૂનું સૂરજદેવળ તેમના હવાલામાં રહ્યું હતું. જિવાઈમાં ગામો અપાયાં હતાં. શ્વશુરગૃહે તેમનું નામ સોનબાઈ રહ્યું હશે. તેથી તેમને અપાયેલ ગામો પૈકીનું એક ગામ સોનગઢ નામે ઓળખાયું. હજુ પણ આ સૂરજદેવળ જળુઓ પાસે છે. આ જળુ ભગત તરીકે ઓળખાયા છે.

અગાઉ જ્યારે રાજ્યાભિષેકો થતા ત્યારે કાઠીરાજાઓને રાજ્યાભિષેકનું તિલક જળુ ભગતના હાથે થતું હતું.

નવા વાળાઓમાં પણ આ પ્રથા અનુસાર રાજ્યાભિષેક વખતે જળુના હાથે તિલક કરાવવાની પ્રથા છેલ્લે સુધી ચાલી હતી. ઢાંકનાં ગાદીતિલકો પણ આ રીતે થયાનું જાણવા મળેલ છે. ઢાંકમાં જળુ કુટુંબ હજુ પણ રહે છે.

અમરનગર રાજ્યના વહિવંશા રામભાઈ બારોટ તેમના ચોપડાના આધારે કહે છે કે સોનબાઈને તેમના ભાઈ લાલુજીએ જિવાઈમાં પાંચ ગામો આપેલાં હતાં. વાળાવંશની પ્રથમની બાર-તેર પેઢીઓ પસાર થયા પછીની પેઢીઓ તાકાતવાન બની.

વિક્રમના ચૌદમા સૈકામાં સંઘબળ મજબૂત કરવાના કામે વાળા રાજવંશની જહેમતથી રચવામાં આવેલ રાજવંશોનું પુનઃગઠન કાર્યક્ષમ બન્યું હતું. સૌપ્રથમ વિક્રમની અગિયારમી સદીની શરૂઆતમાં કાઠી રાજવંશની સૌરાષ્ટ્રમાં પ્રથમ રાજસત્તા કાળાવડમાં સ્થપાણી હતી. કાળા માંજરિયાએ સાત ચોવીસીનું રાજ્ય સ્થાપ્યું હતું.

તે પછી હવે વાળાઓની આગેવાની નીચે વધુ રાજસત્તાઓ સ્થપાવાની શરૂઆત થઈ ચૂકી હતી. પાંચાળ પ્રદેશ ત્યારે ઘેરે થઈ ચૂક્યો હતો. વાળાઓ અને ખુમાણો ત્યાંથી દક્ષિણમાં આગળ વધ્યા. જસા ખુમાણે જસદણ વસાવ્યું. ત્યાં રાજગાદી સ્થાપી. ભાયાવાળા (મોટા)એ હાલારમાં સિશાંગ-ચાંદલી લઈ ઈ. સ. ૧૫૨૫માં ત્યાં રાજગાદી કરી. વાળાઓની સામર્થ્યચેતનાની ત્યાંથી એટલે કે ભાયાવાળાથી થઈ.

ભાયાવાળાના બીજા ભાઈ આલેગ વાળા હતા. તેમનાથી વાળાઓની, ધાનાણી, વેળાણી, ચાડકા, નાજાણી, મેરામકા, આલાણી અને મોશકા વાળા શાખાઓ ચાલી. તેઓ અમરેલીથી પશ્ચિમમાં અને દક્ષિણમાં પ્રસર્યા. સો ઉપરાંતનાં ગામો તેઓએ હાથ કર્યાં.

જ્યારે ભાયાવાળાના પુત્રો હરસુરવાળાથી હરસુરકા અને કાનવાળાથી કાનાણી વાળાઓની પેટાશાખાઓ ઉદ્ભવી. હરસુરકાવાળાઓએ છેક ગીર પ્રદેશના વિસાવદર પાસે માંડાવડની દશેક ગામની જાગીર ઊભી કરી. જ્યારે કાનાણી વાળા શાખાએ કરમાળ નદીના આજુબાજુના વિસ્તારમાં પોતાની રિયાસત ઊભી કરી.

ભાયાવાળાના વીરાવાળા થયા. વીરાવાળાને ૧. ઠેબાવાળા, ૨. ભાયાવાળા, ૩. લુણાવાળા, ૪. સાતાવાળા નામે ચાર પુત્રો થયા.

તેમાંના ઠેબાવાળાએ ચિતળની ઉત્તરે આવેલા ત્રંબોડાથી શરૂ કરી, રીકડિયા, નાના આંકડિયા, બન્ને કુંકાવાવો લઈને, ગીરકાંઠામાં પોતાની સરસિયા - ચાંચઈની મોટી રિયાસત સ્થાપી હતી. તેમના વારસોથી ઠેબાણી વાળા શાખા ચાલી છે.

લુણાવાળાએ ચિતળ પાસેની લુણી, કાઠમાનો પ્રદેશ લીધો. તેમના વારસોની લુણાણી વાળા શાખા ચાલી.

વીરાવાળાના પુત્ર ભાયાવાળાને પણ ચાર પુત્રો થયા. ૧. દેવાવાળા, ૨. ભોંકાવાળા, ૩. હરભમવાળા, ૪. માંચાવાળા.

તેમાં દેવવાળાના વારસો જોરાવર થયા. દેવાવાળાએ પોતાના નામ ઉપરથી દેવળિયા (મોટા) અને દેવગામ વસાવી આજુબાજુનો મોટો વિસ્તાર ઘરે કર્યો. તે વંશમાંથી જેતપુર અને બીલખાની વિરાણી અને જૈતાણી શાખાઓ નીકળી છે.

બીજા પુત્ર ભોંકાવાળાના વાઘાવાળા થયા. તેમના વારસોથી વાળાઓની વાઘાણી

શાખા ચાલી. મોટા દડવા, બળધુઈ, પાંચવડાં, વીરનગર, ઈશ્વરિયા (લાખાપાદર)ની મોટી જાગીર ઊભી થઈ.

વિક્રમની સોળમી સદીના અર્ધ શતકથી શરૂ થઈને સત્તરમી સદી સુધીમાં ઉપરોક્ત રિયાસતો સ્થપાણી હતી. વાળાઓનું સંઘબળ વધ્યું હતું તેમ તેમની શક્તિ પણ વધી હતી. તે શક્તિથી ઉપર કહ્યા મુજબની રિસાયતો સ્થપાણી હતી, વધુ સ્થપાતી ચાલી હતી.

તે સમય કાળમાં ભાયાવાળાના પુત્ર માંચાવાળા બહુ જ પરાક્રમી અને શક્તિશાળી પુરુષ થયા. તેમણે પ્રથમ દેવગામમાં વાળાઓનાં કુળદેવી 'ગાત્રાડ મા'ની સ્થાપના કરી. તેમણે બાબરિયાઓ પાસેથી બગસરા લીધું. આજુબાજુનો વિસ્તાર જીતી બગસરાની મોટી રિયાસત ઊભી કરી. માંચાવાળાના ભાયાવાળા થયા. તેમના વારસોથી ભાયાણી વાળા શાખા ચાલી.

આ ભાયાવાળા પછી કાંધા વાળા થયા. તેનાથી કાંધાણી વાળા શાખા ચાલી. તેમણે ભાડેર, મોણવેલ, લુંધિયા, વિકરિયા, બોરડી, શાપર, સુડાવડ વિ. ગામોનો મોટો ગીરાસ જમાવ્યો. આ વંશમાં બાવાવાળા થયા. જેણે જૂનાગઢ અને એજન્સીની જોહુકમી સામે બંડ પોકાર્યું. તે 'સત્તા સામે સંઘર્ષ'ના પ્રકરણમાં નોંધવામાં આવ્યું છે.

ભાયાણી શાખાના વાળાઓના ત્રણ અખત્યારી તાલુકાઓ બ્રિટિશરોની સત્તા આવ્યા પછી સ્થપાણા હતા.

અઢારમી સદીના અંત ભાગમાં, દેવાવાળાના ૧. દેસાવાળા, ૨. કુંપાવાળા, ૩. સામતવાળા, ૪. શામળાવાળા અને ૫. હાથિયા વાળા નામે પાંચ પુત્રો થયા. તેમાંથી કુંપાવાળા અને હાથિયાવાળાનો વંશ પહટ્યો હતો. કુંપાવાળાના દેસાવાળા થયા. તેને બે પુત્રો થયા. ૧. નાજાવાળા ૨. કુંપાવાળા.

નાજાવાળાના વીરાવાળા અને જૈતાવાળા નામે બે પરાક્રમી પુત્રો થયા. તેમણે બીલખા અને જેતપુરની મોટી રિયાસત ઊભી કરી. તેમના વારસોથી અનુક્રમે વિરાણી અને જૈતાણી વાળા શાખાઓ ચાલી. વિરાણી વાળા શાખાના દશ અખત્યારી તાલુકાઓ હતા જ્યારે જૈતાણી વાળા શાખાના બાર અખત્યારી તાલુકાઓ બ્રિટિશરોના રાજઅમલમાં હસ્તીમાં આવ્યા હતા.

નાજાવાળાના ભાઈ કુંપાવાળાના જેઠસુરવાળા અને તેના પીઠાવાળા થયા. તેમના નામથી કોટડા પીઠા વસાવી આજુબાજુનો મોટો પ્રદેશ જીતી લીધો. તેમના પાંચ વારસદારોનો કોટડાનો મજમુ તાલુકો બ્રિટિશરોના શાસન સમયમાં અખત્યાર ભોગવતા હતા. રેવન્યૂ વહીવટ જે તે ભાગદારોના હસ્તક હતો.

ઈ. સ. ૧૭૩૬માં નાજાવાળાએ સરવૈયાઓ પાસેથી આજુબાજુનો પ્રદેશ જીતી લીધો અને ચિતલ જીતી ત્યાં રાજધાની કરી.

ચિતળમાં રાજગાદી સ્થપાણી ત્યારે તેની દક્ષિણમાં આઠેક ગાઉ ઉપર આવેલું

અમરેલી ત્રણ ભાગદારો વચ્ચે વહેંચાયેલું હતું. એક ભાગ જેબલિયા કાઠી, ૨જો ભાગ સૈયદનો અને ૩જો ભાગ જૂનાગઢના નવાબનો હતો.

ત્રણ સત્તાધારીઓથી ત્યાંની પ્રજા હેરાન પરેશાન હતી. આજુબાજુના પ્રદેશમાં અમરેલી ધંધા-વેપારમાં આગળ હતું પણ ઉપર કહેલ કારણોવશાત્ ત્યાંનો વેપાર પણ ભાંગતો જતો હતો. ત્યાં લોકો અને વ્યાપારીઓની સલામતી ન હતી.

અમરેલીના મુસલમાન ભાગદારો વેપારીઓ પાસેથી લાગાલેતરી જોરજુલમથી ઉઘરાવતા હતા. એક યા બીજા બહાના તળે લોકોની માલમિલકતો પડાવી લેતા હતા. તેઓના ત્રાસથી કંટાળી કેટલાક વેપારીઓ ચિતળ રહેવા ચાલ્યા ગયા. ત્યાં વસવાટ કર્યા પછી તેમણે ચિતળના તે વખતના રાજવી નાજાવાળા અને તેમના બન્ને કુંવરો પાસે તેમની પીડાની ફરિયાદ કરી. તેમની માલમિલકતો અમરેલીના મુસલમાન અધિકારીઓએ લૂંટી લીધી હતી. તે વહેપારીઓ પહેર્યે કપડે ચિતળ આવ્યા હતા. વેપારીઓએ વિનંતી કરી કે તેમની અમરેલી રહી ગયેલ મિલકત પાછી અપાવો તો તેમાં અમે અર્ધમિલકતનો ભાગ તમને આપીએ.

ચિતળના વાળા-કાઠી દરબારે અમરેલી ઉપર ચડી, વેપારીઓની મિલકતો પાછી મેળવી. ચિતળ આવી વેપારીઓને સોંપી ત્યારે તેઓ તેનો અર્ધ ભાગ આપવા લાગ્યા પણ દરબારે તે ન સ્વીકાર્યો. તેથી કાઠી દરબારોની ખ્યાતિમાં વધારો થયો. અમરેલીના ઘણા વેપારી ચિતળ આવી વસ્યા. ચિતળનો વ્યાપાર ત્યારથી મોટા પ્રમાણમાં વધ્યો. કાઠી દરબારો તરફનો વિશ્વાસ વધી ગયો.[૯૫]

ચિતળના આ બનાવથી આજુબાજુના પ્રદેશો ઉપર ખૂબ સારી છાપ પડી. વેપારી આલમ કાઠી દરબારોના રાજઅમલથી પ્રભાવિત થઈ હતી. તેથી ચિતળનો સારો વિકાસ થયો. તે વખતે આબાદ થયેલા ચિતળ શહેરે લગ્નગીતોમાં સ્થાન સંપન્ન કર્યું હતું.

તે વખતે જૂનાગઢનો નવાબ બહાદુરખાન હતો. મેંદરડા, બીલખા અને જેતપુર સુધીના વિસ્તારમાં વસતા કોળી, ખાંટ વિ.ની વસ્તી મોટી હતી. તેમાંનાં અરાજક તત્ત્વો નવાબને વારંવાર હેરાનપરેશાન કર્યા કરતાં હતાં. નવાબ તેમને વશ કરી શકતો ન હતો.

ઈ. સ. ૧૨૩૦થી ૧૨૫૩ના સમયગાળામાં જૂનાગઢની ગાદીએ રા'મહિપાલ ત્રીજો હતો. ત્યારે સેજકજી ગોહિલ સૌપ્રથમ મારવાડમાંથી આવ્યો. તેને રા'એ આશરો આપ્યો. શાપુર ગામ જાગીરમાં આપ્યું. ત્યારે પણ રા'મહિપાલને જૂનાગઢ આજુબાજુના ખાંટ અને કોળી વિ. કનડતા હતા. તેથી તેણે સેજકજીને તે કામ સોંપ્યું હતું.[૯૬]

જૂનાગઢના નવાબે ચિતળના કાઠી દરબારોની ખ્યાતિ સાંભળી હશે. તેમને પરેશાન કરતાં અરાજક તત્ત્વો સામે તે આડશ ઊભી કરવા માગતો હશે. તેથી તેણે ચિતળના કાઠી દરબારો સાથેના સંબંધો વધારી તેને મેંદરડા, બીલખા અને જેતપુર જેવાં ગામો તેમને સોંપી આપ્યાં. આ બનાવ ઈ. સ. ૧૭૬૦નો છે.

આપણે જોઈ ગયા કે ચિતળ નાજાવાળાને બે પરાક્રમી પુત્રો થયા. તેમાંના જૈતાવાળાના વારસોથી જૈતાણી વાળા શાખા ચાલી. જ્યારે વીરાવાળાથી વિરાણી વાળા શાખા શરૂ થઈ.

ચિતળની ગાદી જેતપુરમાં ફેરવવામાં આવી. નાજાવાળાના નાના પુત્ર જૈતાવાળાએ જેતપુર - ચિતળ તરફ ધ્યાન આપ્યું ત્યારે નાજાવાળાના મોટા પુત્રે બીલખાનો ત્રીજો ભાગ પોતાના કબજામાં લીધો.

બીલખાના તે રીતે ત્રણ ભાગદાર થયા. એક ભાગદાર જૂનાગઢનો નવાબ હતો અને બીજો ભાગદાર ભાયા મેર હતો. તે બે ભાગદાર વચ્ચે વીરાવાળાએ પોતાનો ત્રીજો ભાગ સ્થાપ્યો. જૂનાગઢ નવાબનો ત્રીજો ભાગ હતો ખરો પણ ખાંટલોકો તેને તેનો ઉપભોગ કરવા દેતા ન હતા.

ઈ. સ. ૧૨૫૦ પછી સેજકજી ગોહિલ જ્યારે જૂનાગઢ આવ્યા અને તેની પુત્રી વાલમકુંવરબાને રા'મહીપાલના પુત્ર ખેંગાર સાથે પરણાવ્યા ત્યારે પણ આ મેર અને કોળી વસ્તીના કેટલાક અરાજક તત્ત્વોથી રા' તંગ આવી ગયેલ હતો. તેથી તેણે સેજકજીને આવા અરાજક બળોને સમાલવાની કામગીરી સોંપી હતી. ત્યારે હજુ ત્યાં કાઠી ક્ષત્રિયો પ્રવેશ્યા ન હતા તે રાસમાળામાં નોંધાયું છે. પણ તે બરાબર નથી જણાતું. કાઠી સરદારો રા'મહીપાલના માંડલિકો હતા. રા'મહીપાલનો પ્રધાન મોતીશા હતો. તેના વર્તનથી જૂનાગઢની પ્રજા ત્રાસી ગઈ હતી. રા'ના માંડલિકો કાઠી સરદારો પણ તેનાથી ત્રાસી ગયા હોય તેમ જણાય છે. આ કાઠી સરદારોએ (કોટડા) મોતીશાના લશ્કરને હરાવી પાછો કાઢ્યો હતો. જૂનાગઢ સામે બંડ કરી મોતીશાની સેનાને છિન્નભિન્ન કરી નાખી હતી. ઢાંકનાં ઘણાં ગામો કાઠીઓએ દબાવી દીધાં[૯૭] અને રા'મહીપાલના પણ કાઠીઓએ જ તે લડાઈમાં પ્રાણ લીધા હતા.

ઘણા કહે છે કે રાહ પાછા ફરતા હતા ત્યારે તેની પાછળ ઘા કરી પ્રાણ લીધા. પણ યુદ્ધભૂમિ કે યુદ્ધસેનાના સેનાપતિની પીઠ રક્ષણ વગરનાં હોતાં નથી. વધુમાં વધુ બંદોબસ્ત પીઠ પાછળ રાખવાનો અનાદિ કાળથી એક લડાયક વ્યૂહ ઘડાયેલ છે. તેથી તે વાત માની શકાય તેવી નથી.

એટલે રા'મહીપાલના સમયથી સોરઠ વિસ્તારની ખાંટ પ્રજા જોરાવર હતી. તેમનું તે જોર છેક નવાબ શેરખાનના સમય સુધી ચાલુ રહ્યું કહેવાય. બીલખામાં જૂનાગઢની સત્તા સામે શાસન ચલાવનાર વધુ તાકાતવાન થયા ગણાય.

તે વખતે વીરાવાળાએ જૂનાગઢ અને ભાયા મેરના બે હિસ્સા સામે ત્રીજો હિસ્સો પોતાનો ઊભો કરી વાળ્યા હતા. બીલખા ઈ. સ. ૧૭૬૦માં ભાયા મેરનું હતું.

"ગુજરાત ગેઝેટિયર કહે છે કે મેરનો અર્થ મૂખી થાય છે. જે મૂખી હતા તે મેર કહેવાણા."[૯૮]

બીલખાના ત્રીજા ભાગના ભાગદાર ખાંટ દરબારોના જુવાનડાવે એક વખત

જેરામ ભારથી નામના સંત પુરુષને પજવ્યા. આ સાધુ પુરુષ તેનાથી ખૂબ નારાજ થયા. ત્યારે તેણે શ્રાપ આપેલો હતો કે 'ખાંટ ખોયેંગે આંટ.'[૯૯]

આ ખાંટ દરબારો ખૂબ જ ઝનૂની અને આક્રમક હતા. જૂનાગઢ આજુબાજુમાં તેની હાક વાગતી હતી. જૂનાગઢ આજુબાજુના વિસ્તારમાં ખાંટ લોકોનાં ધાડાંઓ ધાડો પાડતાં હતાં. જૂનાગઢની સત્તાને આ રીતે વારંવાર ચુનૌતી અપાતી હતી. આ ખાંટ જૂનાગઢ પ્રદેશમાં લૂંટફાટ કરતા આબાદી થવા દેતા ન હતા. તેની સામે લડવું જૂનાગઢના સૈન્યોને પોષાય તેમ ન હતું.[૧૦૦]

તે અરસામાં સાધુ જેરામ ભારથીના આશીર્વાદથી વીરાવાળાને ત્રીજા પુત્રનો જન્મ થયો. કાંથકવાળા અને કુંપાવાળા નામે વીરાવાળાને બે કુંવરો હતા. સાધુના આશીર્વાદથી થયેલ આ કુંવરનું નામ ઓધડવાળા રાખવામાં આવ્યું.

જૂનાગઢના નવાબને તેની પરેશાનીનો માર્ગ મળી ગયો. નવાબ શેરખાન બાબીએ બીલખાનો પોતાનો ત્રીજો ભાગ દરબાર વીરાવાળાના કુંવરના જન્મની ખુશાલીમાં કુંવરપછેડા તરીકે એનાયત કર્યો.

નવાબ શેરખાને મહોબતથી તેનો ત્રીજા ભાગનો બીલખાનો હિસ્સો દરબાર વીરાવાળાના કુંવરને કુંવરપછેડામાં અપાયો કે સંત જેરામ ભારથીના આશીર્વાદથી તેમ બન્યું તેનો નિર્ણય થઈ શકતો નથી. પરંતુ વીરાવાળાના હાથમાં બીલખાની ચોવીશી (માત્ર બીલખાનો ત્રીજો ભાગ જ નહિ) નવાબ શેરખાને મૂકી દીધી હતી.[૧૦૧]

વીરાવાળાએ ખાંટ દરબારોના ત્રાસથી કંટાળીને તેમને બીલખામાંથી હાંકી કાઢ્યા. બીલખા સ્વાધીન કર્યું.[૧૦૨]

ભાયા મેરના ખાંટ લોકોએ અમુક વખત ઉધામા કર્યા પછી તે થાક્યા. તે સમયના સમર્થ કહેવાતા ગોંડળના ભા'કુંભાની ભાયા મેરે મદદ માગી. ભા'કુંભાએ બન્ને પક્ષોને સમાધાન માટે, તેના ગીર પરગણાના સરસઈ ગામે તેડાવ્યા.

મિજબાની માટે ચૂરમાના લાડુની પસંદગી થઈ. તેમાં ગોંડલથી આવેલું ઊંટિયું ઝેર ભેળવવામાં આવ્યું હોવાનું કહેવાય છે. તે વાત રસોડે કામ કરતી ભાયા મેરના ગામની એક છોકરીએ ભાયા મેરને કરી દીધી.

કાળના કોળિયા પચાવી ગયેલ ભાયો મેર કહે છે કે ત્યારે તો મૂંગો રહ્યો પણ જ્યારે પાંત જમવા બેઠી ત્યારે ભાયા મેરે વીરાવાળાને પડકાર્યા કે : "વીરાવાળા મારું સમાધાન કર્યા વગર જો તું ખા તો ગા ખા." ડાયરો આખો આ વાતથી સ્તબ્ધ થઈ ગયો. પીરસેલાં ભાણાં એમ ને એમ પડ્યાં રહ્યાં. કહેવાય છે કે તે વખતે ભાયા મેરને નજદીકમાં એક કૂતરું જોવામાં આવ્યું. તેને તેણે ભાણામાંથી એક લાડવો લઈને ફેંક્યો. કૂતરે લાડવાને મોઢું માર્યું ન માર્યું ત્યાં તો તે નીચે ધરણી ઉપર ઢળી પડ્યું.

કહેવાય છે તે જમાનામાં આવા ઊંટિયા ઝેરથી કોઈની મોજડિયું ચોપડી દેવામાં આવે તો, મોજડી પહેરનાર પુરુષ ઢળી પડતો. ચરખાના વીર ચાંપરાજવાળાને

પોતાની ભાણેજની જિવાઈ માટે બહાર નીકળવું પડ્યું હતું. તે ભાણેજના ઘરવાળા દરબાર ઉપર આવો અખતરો સફળ રીતે થયો હોવાનું લોકમુખે બોલાય છે.

કુતરું પડ્યું અને કહે છે કે ભા'કુંભાજી કોઠા ઉપર ચડી ગયા. ભાયા મેર અને વીરાવાળા ઉપર ઇલમ થયો. બન્ને દુશ્મનો સામસામા ભેટી પડ્યા. વીરાવાળાએ તેને જોઈએ તે જમીન આપવા કબૂલ્યું. ભાયા મેરે બીલખાની સીમમાં ઘોડા ચલાવી પોતાની જિવાઈ માટે જમીનનાં હદનિશાન નક્કી કર્યાં. વીરાવાળાએ તે જમીન ભાયા મેરને આપી.

આ રીતે વીરાવાળા બીલખાને સુવાંગ કરી ત્યાંના રાજા થયા. આ વીરાવાળાના વંશજો વિરાણી કહેવાણા. તેમનાં બીલખા, વડિયા, ચાંપરાજપુર, બરવાળા-વાઘણિયા, સાણંથલી, ચુડા, રૂપાવટી, અડતાળા, ચરખા વગેરે સ્ટેટ્સ - તાલુકા રચાણાં. ઈ. સ. ૧૯૪૭માં ભારત દેશ સ્વતંત્ર થયો ત્યાં સુધી આ રાજ્યોએ તેમનો અખત્યાર જાળવી રાખ્યો હતો.

નાજાવાળાના બીજા પુત્ર તે જૈતા વાળા. તેમના વારસોથી જૈતાણી વાળા શાખા ચાલી. વિરાણી અને જૈતાણી શાખાના દરબારોએ જેતપુરના તાબે સાડા ત્રણસો પાદર કર્યા હતા. તેમાંથી ઉપરનો ગરાસ વિરાણી શાખાના વારસદારોના હાથમાં ગયો.

જૈતાણી વાળા દરબારોના ભાગમાં જેતપુર પીઠડિયા, થાણાદેવળી, માનપુર, માયાપાદર, ભાયાવદર, સનાળા, સૂર્યપ્રતાપગઢ, અનીડા, આલીધ્રા, ખીજડિયા નડાળા, સરધારપુર, અકાળા વિ. સ્ટેટ્સ - તાલુકાઓ (અખત્યારી) રચાયા. તે પણ ઈ. સ. ૧૯૪૭માં ભારત દેશ સ્વતંત્ર થયો ત્યાં સુધી આ રાજ્યો ઉપર તેમણે તેમનો અખત્યાર જાળવી રાખી શાસન કર્યું હતું.

વાળા રાજવંશની આ બે વિરાણી અને જૈતાણી શાખાઓ રચાયા પછી હજુ સુધીમાં બીજી કોઈ નવી શાખા થઈ નથી. વિરાણી અને જૈતાણી વાળાઓ ઉપરાંત બગસરા અને કોટડા પીઠાના વાળા દરબારો પાસે પણ અખત્યારી તાલુકાઓ હતા.

આપણે આગળ જોઈ ગયા તેમ ખાચર અને ખુમાણ શાખાઓએ પણ તેમના વિસ્તારોમાં સારો વધારો કર્યો હતો.

ખાચર દરબારો ચોટીલા, આણંદપુર, ભાડલા, રેશમિયા, ભીમડાદ, સારિંગપુર, બામણબોર, ભડલી, ભીમોરા, ચોબારી, કરિયાણા, ખંભાળા, ગઢાળા, ઇતરિયા, મેવાસા, સણોસરા, ગઢડા, બોટાદ, પાળિયાદના મોટા ગરાસો ઉપરાંત જસદણ જેવું મહત્ત્વનું રાજ્ય સંપન્ન કર્યાં હતાં.

ખુમાણ ભાઈઓએ ધોબા, ભમોદરા, આગરિયા-૨, ભુવા, વીરડી આંબરડી, ઠવી, મેકડા, જીરા, સેંજળ, ધોબા, હાથસણી, મીતિયાળા, વંડા, પાડરશીંગા, પાંચ તળાવડા, કાંકચ વિ. ગામોનો મોટો ગીરાસ ઘેરે કર્યો હતો.

બીજી પણ શાખાયત અને અવરતિયા શાખાના ગીરાસદારોએ પણ નોંધપાત્ર ગીરાસ મેળવ્યો હતો. વધુ વિગત અન્યત્ર કહેવામાં આવશે.

વાળા રાજવંશ વંશાવળી

(વલ્લભી-વળા-તળાજાના)

ધાનવાળા

- ૧ વણારજી — મોટા પુત્ર હોવાથી ઢાંકની ગાદી સંભાળી. અન્ય રાજવંશો સાથે લગ્ન સંબંધો, તેના વારસોએ ચાલુ રાખ્યા. તેથી જાડેજાએ ઢાંક આજુબાજુનો વિસ્તાર જીતી લેવા છતાં, ઢાંકના વાળાઓના લોહીના સંબંધોને કારણે તેમની જાગીરને બાદ ન આવ્યો.
- ૨ ઉગાવાળા. — છેલ્લા એભલવાળાને તળાજા-પુત્ર ન હોઈને દત્તક લીધા. અન્ય રાજવંશો સાથે લગ્ન સંબંધો ચાલુ રાખ્યા. ગોહીલોએ તળાજા આજુબાજુનો મુલક જીતી લીધો છતાં તેમના ગીરાસને બાદ ન આવ્યો.
- ૩ વાંઘ
- ૪ કહાન
- ૫ પીઠવાજી
- ૬ જસાવાળા — કચ્છમાં ભદ્રેસરમાં, પાવરગઢના સહકારથી રાજસત્તા ઉભી કરી. ઈ.સ. ૧૩૭૨ સુધી જાળવી. કચ્છના જાડેજામાં લગ્ન કર્યા. તેના વારસો જળકસ-વાળા કહેવાયા.
- ૭ અરસી — તેના વંશના અરશીવાળા કહેવાયા.
- ૮ વેરાવળજી (લાગુ ભાગ : ૨) — પાવરગઢની ગાદી સંભાળી.. વિશળ પટગીરની પુત્રી રૂપાદે સાથે લગ્ન કર્યા.
- ૯ બાળેવાન — તેના અવસુરા ચારણ થયા. જે હવે સુરૂ તરીકે ઓળખાય છે.
- ૧૦ ગોલણવાળા

વાળા રાજવંશની વંશાવળી – ભાગ : ૨

- વેરાવળજી (ભાગ : ૧ ચાલુ)
  - ૧ વાળોજી (હરસુરવાળા)
    - ૨ મુળચંડ
      - ખુવા — તેના વારસો ૧. બોધરા ૨. ડેરૈયા કહેવાયા.
      - સુમાત — તેના વારસો સેલારકા કહેવાયા.
      - વજશી — તેના વારસો વજમલ કહેવાયા.
    - ૩ જેઠસુર
      - હુદડ — તેના વારસો ૧. હુદડ ૨. બુટવા ૩. સગદડ ૪. કરપડા કહેવાયા
      - વેજો — તેના વારસો ૧. વીકભા ૨. ગોવાળીયા ૩. કાગડા ૪. વાયખા ૫. વજશી અને ૬. વાઘડા ૭. ભોજક કહેવાયા.
      - ૪ આલેગ
        - વિક્રમ (લાગુ ભાગ : ૩)
  - ખુમાજી (લાગુ ભાગ : ૩)
  - લાલુજી — તેનાથી લાલુ શાખા ચાલી.
  - (દીકરી) માકબાઈ — તેમને સોનગરા ચૌહાણ વાલેરા સાથે પરણાવ્યા. તેના વારસો જળુ કહેવાયા. સુરજદેવળની પુજા અને જીવાઈના ગામ આપ્યા. તેમની ચોથી પુણીએ જેબલીયા થયા.

વાળા રાજવંશની વંશાવળી – ભાગ : ૩

ખુમાણજી (ભાગ : ૨ ચાલુ)

- માણસુર
  - નાગસુર થી ખુમાણ શાખા ચાલી.
- નાગપાળ
  - ખાચર
    - ખીમાણંદ થી ખાચર શાખા ચાલી.

૫. વિક્રમ (ભાગ : ૨ ચાલુ)

૬. આલા. ૭. વાળાજી. ૮. આલેગ. ૯. વકીયાજી. ૧૦. આલા. ૧૧. નાગશી ૧૨. આલા. ૧૩. પાતા.

૧૪. જેઠસુર

- ૧૫ ૧ ભાયા
  - ૧૬ હરસુરવાળા થી હરસુરકા વાળા શાખા ચાલી.
  - વીરાવાળા
    - ૧૯. ઠેબાવાળા થી ઠેબાણીવાળા શાખા ચાલી
    - ભાયાવાળા
      - ૨૦. દેવાવાળા (લાગુ ભાગ : ૫)
      - ભોંકાવાળા
        - વાઘાવાળા થી વાઘાણીવાળા શાખા ચાલી
      - હરભમ,
        - ૦
      - માંચાવાળા (લાગુ ભાગ :૪)
    - લુણાવાળા થી લુણાણીવાળા શાખા ચાલી
    - સાતાવાળા
  - કાનવાળા થી કાનાણીવાળા શાખા ચાલી
  - વાછાવાળા.
- ૨ આલા લાગુ ભાગ : ૪

વાળા રાજવંશની વંશાવળી - ભાગ : ૪


માંચાવાળા (ભાગ : ૩ ચાલુ)

- રાણીંગવાળા (દેરડી)
- ભાયાવાળા (બગસરા) થી ભાયાણીવાળા શાખા ચાલી
  - માંચાવાળા (મેવાસા)
  - લખમણવાળા (સનાળા)
  - કાંધાવાળા (ભાડેર) કાંધાણી વાળા શાખા ચાલી
  - વાલેરાવાળા (કોઠા પીપરીયા-દેવળા)
  - રામવાળા (બગસરા)
  - હરસુરવાળા (બગસરા)
- હરસુરવાળા (દેરડી)
- લખમણવાળા (દેરડી)


૨
(ભાગ : ૩ ચાલુ)
આલા

- ધાનવાળા થી ધાનાણીવાળા શાખા ચાલી.
- વેળાવાળા થી વેલાણીવાળા શાખા ચાલી
- ચાડવાળા ચાડકાવાળા શાખા ચાલી
- પાતાવાળા
  - ૧૭ જેઠસુર
    - ૧૮ નાજોવાળો નાજાણીવાળા શાખા ચાલી.
  - મેરામ મેરામકા વાળા શાખા ચાલી
  - સામત (ભાગ : ૫ લાગુ)

વાળા રાજવંશની વંશાવળી - ભાગ : ૫



વાળા રાજવંશની વંશાવળી - ભાગ : ૬



૧૫. અંગ્રેજ-સત્તા

ઈસુની ઓગણીસમી સદીના પ્રારંભની સાથે ભારતમાં વેપાર અર્થે આવેલી અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં પોતાની રાજસત્તાના શ્રીગણેશ માંડ્યા.

કાઠિયાવાડમાં મરાઠાઓનાં ધાડાં મુલ્કગીરીના નામે ચોથ ઉઘરાવવા અઢારમી સદીની શરૂઆતથી જ આવવા લાગ્યાં હતાં. તેણે લોકોને તેમજ રાજ-રજવાડા અને જાગીરદારોને ત્રાહિમામ્ પોકારાવ્યું. ઈ. સ. ૧૭૨૨માં શરૂ થઈ ઈ. સ. ૧૭૨૫, ૧૭૩૧, ૧૭૩૭, ૧૭૩૮, ૧૭૩૮માં જ બીજી વખત, ૧૭૪૨, ૧૭૪૪, ૧૭૪૬, ૧૭૪૬ ફરી વખત આવાં ધાડાંઓએ આ પ્રાંતને આર્થિક ક્ષેત્રે ચૂસી લીધો હતો. તેમાં મુસ્લિમ શાસકોએ પણ તે અરસામાં આવી તવાઈઓ કરી હતી. અધૂરામાં પૂરું તે વખતના રાજાઓએ પણ પોતાની રાજસત્તાંનો વિસ્તાર વધારવાની મહત્ત્વાકાંક્ષાને મોકળી મૂકી હતી. ખેતીવાડી, વેપાર અને ધંધાંધાપા સ્થગિત થઈ ગયા હતા તેવો આ વિષમ સમય હતો. પ્રજાજીવન નિસ્તેજ અને નિષ્પ્રાણ જેવું બની ગયું હતું.

ગાયકવાડ અને પેશ્વાની આ કાઠિયાવાડ ઉપરની મુલ્કગીરીને કાઠિયાવાડનાં મોટાં રાજ્યો પણ પારપત કરી શક્યાં ન હતાં. અમદાવાદની જીત પછી મરાઠાઓમાં ગાયકવાડ અને પેશ્વાની તાકાત અણનમ બની હતી. નાના કે મોટા જાગીરદારો ઉપર તેઓ ધોંસ બોલાવતા હતા. પ્રજામાં ગણ્યાગાંઠ્યા શ્રીમંતો હતા તેને પણ છોડવામાં આવતા ન હતા. ખંડણી માટે કોઈ ચોક્કસ ધોરણ ન હતું. તે માગે તેટલી રકમ તુર્તાતુર્ત તેઓને પૂરી પાડવામાં ન આવે તો, ગામ-ગરાસ મંડાવી લેતા. અમરેલી પરગણું લગભગ આ રીતે જ મરાઠાઓએ ઘેરે કર્યું હતું.

વાત આટલેથી પૂરી થતી નથી. તે વખતનાં મોટાં રાજ્યો એક યા બીજાં બહાનાં બતાવી તેનાથી નાનાં રાજ્યો કે જાગીરદારોના ગામ-ગરાસ હડપ કરતાં ચાલ્યાં હતાં. આવા શક્તિશાળી અને સમર્થ રાજવીઓને તો તે સમયમાં દેવદેવીઓ કાનમાં આવી કહી ગઈ હતી તેટલે તેમ કર્યાનું કહેતા.

આ દુષ્કર સમયકાળમાં રાજા કે પ્રજા કોઈને શાંતિ ન હતી. કોઈને લેવાની બળતરા હતી તો બીજાને બચાવવાની ઉપાધિ હતી. કુદરતના સામાન્ય ક્રમ અનુસાર મોટો નાનાનું સરેઆમ ભક્ષણ કરતો હતો.

તે અરસામાં ઈસુના ઓગણીસમા સૈકાના પ્રારંભમાં જ વડોદરાના ગાયકવાડનો સાથસહકાર મેળવી અંગ્રેજો કાઠિયાવાડમાં પ્રવેશ્યા. અંગ્રેજ કપ્તાન કર્નલ વોકરે પોતાનું થાણું વડોદરા રાખ્યું. પોતાની ફોજી ટુકડી ગાયકવાડના અમરેલીના સૂબાને હવાલે મૂકી. ગાયકવાડ તેની ખંડણી ઉઘરાવે તેની સાથોસાથ અંગ્રેજોની ખંડણી ઉઘરાવવાની અમરેલીના સૂબાને કામગીરી સોંપાણી.

અંગ્રેજોને હજુ કાઠિયાવાડમાં ઊભા રહેવાની જગ્યા ન હતી. તે અમરેલીનો ઉપયોગ થયો.

અમરેલીના ગાયકવાડી સૂબાના હાથમાં અંગ્રેજ ફોજ આવી. તેણે ગાયકવાડી ખંડણી સાથે અંગ્રેજોની ખંડણીની વસૂલાત કરી. અમરેલી પરગણાનું કડારકામ જે અધૂરું હતું તે પૂરું કરવાની તક ગાયકવાડી સૂબાઓએ ઉપાડી લીધી.

ગાયકવાડ અને કાઠિયાવાડના મોટા રાજાઓને પ્રસન્ન રાખી અંગ્રેજો કાઠિયાવાડમાં તેની આંગળી ઘુસાડવા લાગ્યા. અંગ્રેજોની ખુશામત કરી મોટાં રાજ્યો નાનાં રાજ્યો ઉપર ભૂખ્યા વરુના જેવી કામગીરી કરતાં થયાં.

તે અરસામાં અંગ્રેજોની કોઠી મુંબઈ રહી હતી. ત્યાંની બ્રિટિશ કાઉન્સિલની હકૂમત તળે વડોદરામાં રેસિડેન્ટ રાખ્યો હતો. તે પદ ઉપર લેફટેનન્ટ કર્નલ એલેકઝાંડર વોકર નિમાયેલ.

મોટાં રાજ્યો ઉપર અંગ્રેજોની મીઠી નજરના કારણે નાનાં રજવાડાંઓ ઉપર ધોંસ બોલતી હતી. વળી અંગ્રેજોએ એક ખરીતો બહાર પાડી, કોઈએ કોઈનો ગીરાસ કે જમીન નહીં લેવા આદેશ બહાર પાડ્યો હતો. જો કોઈ આવું આક્રમણ કરશે તો અંગ્રેજ ફોજ તેનો સામનો કરશે તેવું જાહેર થયું હતું. પરંતુ ઉપર કહ્યું તે અનુસાર મોટા ઉપરની અંગ્રેજોની મીઠી નજરે બીજાના સીમાડાઓ દબાવવાની વૃત્તિ જોર પકડી રહી હતી.

તેથી કાઠિયાવાડનાં કેટલાંક નાનાં અને મધ્યમ કદનાં રાજ્યોના રાજાઓએ વડોદરાના અંગ્રેજ રેસિડેન્ટ પાસે રજૂઆત કરી ઈલાજની માંગણી કરી હતી.

કાઠી રાજ્યો વતી જેતપુરના દરબાર જૈતા વાળાએ તે મુજબ અંગ્રેજ રેસિડેન્ટ વોકરને રજૂઆત કરી, મોટાં રાજ્યો તરફથી દબાતા સીમાડાનું બ્યાન આપ્યું હતું.

કર્નલ વોકરે જાતે ઘોડા ઉપર સવાર થઈને દેરડી (કુંભાજીની) આવી, ગોંડળ અને જેતપુર રાજ્યોના સીમાડાઓ આંક્યા હતા. જૈતાવાળાના પ્રયાસોથી, પછીથી સીમાડા દબાવવાની કામગીરી ઓછી થતી ચાલી હતી. તેથી એક કવિએ દુહો ગાયો છે.

દુહો

જૈતા તું ચિતળ તખત, નર જો આહુત ન થાત,
તો કાઠી કીસે જાત, ભોં ભરવાને ભોંકાઉત.

અંગ્રેજ અમલથી રાજસત્તાઓ સ્થિર થઈ. મોંઘાં બલિદાનો આપનાર પૂર્વજો પછી તેના વારસોએ દોઢસો વર્ષ સુધી લોહીનું ટીપું પણ પાડ્યા વગર રાજ્યો અને ગીરાસનો ઉપભોગ કર્યો. રાજ્યોના વરાડથી ઊભી થયેલી રાજકુમાર અને તાલુકદારી કૉલેજોએ, રાજાઓની પછીની પ્રજાને માત્ર એટીકેટ અને ચેપળાઈ શિખવાડી. ક્રમે ક્રમે તેના વીરત્વ અને તેજીપણાને ટાઢાં પાડી દીધાં. બેસતી અંગ્રેજ સત્તાની આંખો ઓડે લાવનાર રાજવીઓના વારસોનું અંગ્રેજોએ ઘડતર કરી પોતાના કામને સરળ બનાવ્યું હતું.

અંગ્રેજોએ ઈ. સ. ૧૮૨૦માં રાજકોટ રાજ્યનો રાજકોટનો થોડો વિસ્તાર સનદ ઉપર લઈ ત્યાં પોતાની કોઠી સ્થાપી. તે વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી કહેવાણી.

કર્નલ વોકરે કાઠિયાવાડમાં મોરબી પાસેના ધુંટુ ગામે પોતાનું મોટું લશ્કર હાજર રાખી કાઠિયાવાડના રાજ-રજવાડાઓની મુલાકાતો ગોઠવી. કેટલાક જાતે અને બાકીના તેમના વકીલો મારફતે ઉપસ્થિત રહ્યા. રાજરજવાડાઓ સાથેના વિચારવિમર્શ પછી 'વોકર કરારો' થયા. અંગ્રેજ સત્તા કાઠિયાવાડમાં સ્થિર થઈ.

તે પહેલાં કર્નલ વોકરે મુંબઈની કાઉન્સિલ સરકારને આખા કાઠિયાવાડની જુદી જુદી રાજકર્તા કોમોની વિગતવાર માહિતીઓ એકઠી કરી, રિપોર્ટ્સ કરી, માહિતગાર કરેલ.

આવા એક રિપોર્ટમાંથી માહિતી મળે છે કે તે સમયના કાઠી રાજાઓ કે ગીરાસદારો હજુ બંદૂક કે તોપનો ઉપયોગ કરતા ન હતા. દારૂગોળાથી લડાઈ લડવામાં તેઓ હીનતા અનુભવતા હશે તેવું જણાય છે. પછીથી જ્યારે બધાઓ આવા દારૂગોળાનાં શસ્ત્રો વાપરતા થયા ત્યારે નાછૂટકે તેમણે તેવાં શસ્ત્રો અપનાવ્યાં ખરાં, પણ તેનો ઉપયોગ કરવા તો અલગ બહારના માણસોને ગોઠવ્યા. આ એક નોંધવા જેવી હકીકત જણાતાં નોંધી છે.

લગભગ દોઢસોક વર્ષ સુધી અંગ્રેજ શાસન ભારત ઉપર ચાલ્યું. ઈ.સ. ૧૮૦૩-૦૪માં વોકર કરારો થયા હતા. ત્યારે અંગ્રેજ રાજસત્તાનો પાયો નખાણો હતો. તે અંગ્રેજ સરકાર ભારતમાંથી ૧૯૪૭માં ચાલી ગઈ. ભારતની પ્રજાના આગેવાનોએ આપેલા સત્યાગ્રહના કાર્યક્રમોને કારણે તેના માનસમાં પરિવર્તન આવ્યું હશે. દેશવિદેશની રાજસત્તાઓએ અંગ્રેજોને તેમ કરતા પ્રેર્યા હશે.

તેણે તેવા પ્રથમ પ્રયાણ તરીકે 'એટેસ એરિયા' ની યોજના ઈ. સ. ૧૯૪૦ પછી હાથ ઉપર લીધી હતી. નાનાં રાજ્યોનું મોટાં રાજ્યોમાં વિલીનીકરણ કરવાની તેમાં યોજના હતી. તેમ કરીને મોટી સત્તાઓને એજન્સીની સત્તાઓ સોંપવા અંગ્રેજોએ વિચાર્યું હતું અને નાનાં રાજ્યોને મોટાં રાજ્યો તળેની સત્તા તળે મૂકતા હુકમો થઈ ચૂક્યા હતા. અમલવારી પણ થઈ હતી. કાઠિયાવાડના ગોંડળ રાજ્ય નીચે હાલારના ભાડવાના તાલુકદાર મર્હૂમ ઠાકોરસાહેબ ચંદ્રસિંહજીના તાલુકાને મૂકવામાં આવ્યો હતો. ગોંડલના તે વખતના મહારાજા સર ભગવત હતા. તેમની કદાચ પ્રેરણા હશે, તેથી ભાડવા દરબારસાહેબે આ 'એટેચ એરિયા' સ્કીમને ન્યાયની વરિષ્ઠ કોર્ટમાં પડકારી. રાજાઓને બંધારણથી બ્રિટિશરોએ જે વિશિષ્ટ હક્કો એનાયત કર્યા હતા તેનો ભંગ થાય છે. તે મુદ્દા ઉપર કેસ લડાયો હતો. તે કારણે અગર બીજા ઘણા કારણોવશાત્ તે સ્કીમ નાકામયાબ રહી.

તે પછી બ્રિટિશરોની પ્રેરણાથી હોય તેવો એક પ્રયાસ જામનગરના જામસાહેબે કર્યો. તેની સ્કીમ 'જામ જૂથ યોજના' ના નામે ઓળખાણી પણ કાઠિયાવાડના રાજ-રજવાડોને તે સ્કીમમાં પણ વિશ્વાસ ઊભો થયો નહિ તેથી તેનું સુરસુરિયું થઈ ગયું.

આ બધી સ્કીમો પાછળ રાજ-રજવાડાંઓનું સંયુક્ત બળ ઊભું કરવાની અંગ્રેજોની ધારણા હશે તેવું અનુમાન કરું છું પરંતુ કોઈ રજવાડા તે માટે સહાનુકૂળ થયા ન હતા.

અંગ્રેજ સરકારે ભારત છોડવા નિર્ણય કરી જ લીધો હતો. જનાબ જિન્હાની માંગણી અનુસાર ભારતનો એક ટુકડો કરી પાકિસ્તાન ઊભું કરવા અને તેના પ્રમાણમાં મિલિટરી તેને સોંપવાની જોગવાઈ થવાની હતી. જનાબ જીણાએ તે બાબત સ્વીકારી અને પાકિસ્તાન સરકાર ઊભી થઈ.

અંગ્રેજોનો બીજો મુદ્દો ભારતનાં રાજ-રજવાડાંઓની રાજસ્થાન સરકાર રચવા અને તેના પ્રમાણમાં તેઓને મિલિટરી સોંપવાનો હતો.

પાકિસ્તાન અને રાજસ્થાનમાં જેનો સમાવેશ ન થયો હોય તેવા વિસ્તારની ભારતની પ્રજાકીય સરકાર ઊભી કરી તેના પ્રમાણમાં મિલિટરીનો ત્રીજો ભાગ તેમને સોંપવાનો અંગ્રેજોનો ઇરાદો હતો.

ભારતના રાજવીઓની તે વખતે ઘણી સભાઓ થઈ. સૌએ સાથે બેસી અલગ રાજસ્થાન મેળવવા કરતાં અખંડ ભારતના રાજ્યની તરફેણ કરી. રાજાઓની એ એક ઉદાર નીતિ હતી કે જો આપણે પરદેશી અંગ્રેજ સરકારના રાજવહીવટ નીચે આપણાં રાજ્યોનું શાસન કરી શક્યા હોઈએ તો, આપણા પોતાના જ દેશની પ્રજાકીય સરકારને તાબે રહી, ભારતના વધુ ભાગલા પડતા શા માટે ન અટકાવવા? ભારત સરકારના અનુશાસનમાં તેઓ સહમત થયા હતા. તેના કૉલકરારો થયા હતા. બંધારણીય જોગવાઈઓ પણ થઈ હતી અને દેશી રાજ્યો, દેશની સરકાર તાબે રહી, રાજસ્થાનની રચના નિવારી હતી. સમય તો સમયનું કામ કરતો જ હોય છે પરંતુ એક વખત રચાયેલ રાજસ્થાન ભારતનો એક વધુ ભાગ ઊભો કરવાનું નિમિત્ત બની ચૂકત.

આપણે અત્યારે જોઈ શકીએ છીએ કે ભારતના જ ભાગ ગણાતા સંપૂર્ણ કાશ્મીરની શું સ્થિતિ છે.

ભારત દેશ ઈ. સ. ૧૯૪૭ના ઑગસ્ટ મહિનાની પંદરમી તારીખે સ્વતંત્ર થયો. ત્યારના અંગ્રેજ વાઈસરૉય માઉન્ટબેટન અમુક બંધારણીય કાર્યવાહી પૂરી થતાં સુધી દિલ્હી રહ્યા.

જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે પોતાનું જૂનાગઢ રાજ્ય જોડવા સહમતી આપી. પછી નવાબ મહોબતખાનજી (ત્રીજા) તેમના દીવાન શાહનવાઝ ભુટ્ટોની સલાહ અનુસાર પોતાના કુટુંબ સહિત ઍરોપ્લેનમાં કરાંચી નાસી ગયા.

જૂના રાજ્યનું શાસન સંભાળતા અધિકારીઓ નવાબના શાસનની માફક જ શાસન ચલાવતા રહ્યા. દેશ આઝાદ થયો હતો. પ્રજાકીય તંત્ર ગોઠવાતું હતું ત્યારે ભારતની અંતર્ગત આવેલ જૂનાગઢ ઉપર નવાબનું શાસન ચાલે તે પ્રજા કેમ સાંખી શકે? ૧૯૪૭ના સપ્ટેમ્બર માસની પચ્ચીસમી તારીખે મુંબઈના માધવબાગમાં જૂનાગઢના નવાબની સત્તા ઉથલાવી નાખવા જૂનાગઢની પ્રજાની આરઝી હકૂમત રચવાનો નિર્ણય

થયો. શામળદાસ ગાંધીના પ્રમુખપણા નીચે જૂનાગઢની આરઝી હકૂમતની રચના થઈ. તેમાં ભવાનીશંકર આત્મારામ ઓઝા, નરેન્દ્ર નથવાણી, મણિલાલ જોશી, સુરગભાઈ કાળુભાઈ વરૂ (નાગેશ્રી) અને પુષ્પાબેન મહેતા ઉપરાંતમાં દુર્લભજીભાઈ ખેતાણીનું તે માટે પ્રધાનમંડળ રચાણું.

રતુભાઈ અદાણી આરઝી હકૂમતના સરસેનાધિપતિ બન્યા. બાબરિયાવાડના તાલુકદારો ઉપર જૂનાગઢનો વહીવટ હતો તે તેમણે ફગાવી દીધો. નાગેશ્રીમાં ભારત સંઘનું જોડાણ સ્વીકારતો ત્રિરંગી ધ્વજ લહેરાયો.

સૌપ્રથમ આરઝી હકૂમતે રાજકોટમાં આવેલ જૂનાગઢનો આલીશાન નવો ઉતારો કબજે કર્યો. ત્યાર પછી અમરાપર અને જૂનાગઢનો બીજો મુલક કબજે લીધો. તા. ૯-૧૧-'૪૭ના રોજ જૂનાગઢમાં પ્રવેશી ઉપરકોટ ઉપર ત્રિરંગો લહેરાવ્યો. ભારત સરકારના પ્રતિનિધિ શ્રી નિલમભાઈ બૂચે તે જ દિવસે ઢંઢેરો પ્રસિદ્ધ કરી જૂનાગઢનો કબજો હિન્દી સંઘે લીધાનું જાહેર કર્યું.

વિધિવત્ રચનાઓ અને જાહેરાતો થઈ. વ્યવસ્થાઓ ગોઠવાતી હોય છે. તેમ કરવું બંધારણીય હોય છે. પરંતુ કાર્યવાહીના પાયામાં જુદાં પાત્રો પણ મહત્ત્વની કામગીરી ઉપાડતાં હોય છે.

ઈ. સ. ૧૯૪૭ પહેલાંનાં વર્ષોમાં એમ કહેવામાં આવતું હતું કે જૂનાગઢના નવાબના એક સાળા જૂનાગઢ રાજ્યનાં વાહનો અને હથિયારો લઈને સંધિઓ મારફતે કાઠિયાવાડના ઉપલેટા, મોટી કુંકાવાવ જેવાં ગામો ભાંગતા હતા. લૂંટો ચલાવતા હતા. જૂનાગઢ જેવા માતબર રાજની છાંયામાં તેઓએ બીલખાનો નથુરામ શર્માનો આનંદઆશ્રમ પણ લૂંટ્યો હતો.

સંધિ લોકોએ આનંદ આશ્રમ લૂંટ્યો તે વાઘણિયા દરબારના રાજ્યમાં આવતો હતો. કુંકાવાવમાં લૂંટ ચલાવી તે બિલકુલ વાઘણિયાથી નજદીકનું ગામ હતું. આવા બનાવોથી 'છોટા શિવાજી'નું બિરુદ પામનાર વાઘણિયા દરબાર મનોમન સણસણતા રહ્યા હતા. કારણ કે આ લૂંટારાઓ ઉપર સૌરાષ્ટ્રનું પ્રથમ કક્ષાનું મોટું રાજ્ય જૂનાગઢ ઢાંકણ રૂપ હોવાનું કહેવાતું હતું.

આરઝી હકૂમત માટે વિચારાયું ત્યારે વાઘણિયા દરબારસાહેબે સૌપ્રથમ સુરગભાઈ વરૂને મોકલીને આરઝી હકૂમતને જોઈએ તે સાથ આપવા સંદેશો મોકલ્યો હતો. સુરગભાઈ વરૂ સાથે દરબારસાહેબનાં બહેનનાં લગ્ન થયાં હતાં. સુરગભાઈ વરૂ અને રતુભાઈ અદાણીને જિંદગીભરની અતૂટ મૈત્રી રહી હતી.

આનંદ આશ્રમ લૂંટનારની સાન ઠેકાણે લાવવાની વાઘણિયા દરબારસાહેબને અત્યંત તાલાવેલી હતી. તેમના માણસો સાધનો સાથે પોતે પણ આરઝી હકૂમતનાં કાર્યોમાં ઓતપ્રોત થઈ, તેની ગતિને દ્વિગુણી કરી હતી. આવાં કાર્યો તાલીમી લશ્કર કરી શકે તેથી વિશેષ અસરકારક દેશી પલટન કામ કરી શકે. આરઝી હકૂમતની કામગીરી સાથે પોતાની કામગીરીને જોડી દરબારસાહેબે પોતાના મનની પણ શાંતિ મેળવી.

કેટલાક વિઘ્ન સંતોષીઓ તરફથી છોટે શિવાજીનું બિરુદ પામનાર દરબાર અમરાવાળાનું નામ 'ભૂપત બહારવટિયા'ના હંગામામાં જોડવા પ્રયાસ થયો હશે. પરંતુ ભૂપત એ તો દરબારસાહેબનો એક બહુ નાનો નોકર હતો. તેની પાસેથી દરબારસાહેબે આરઝી હકૂમતમાં કામ લીધેલું. આ તરવરિયા જુવાનની કામગીરીથી તે વખતે આરઝી હકૂમતમાં અને પછીથી સૌરાષ્ટ્ર રાજ્યમાં અગ્રપદે બિરાજેલા મહાનુભાવોનો વિશ્વાસ ભૂપતે સંપાદિત કર્યો હતો હશે. આવા મહાનુભાવો તરફથી આરઝી હકૂમતના વિસર્જન પછી ખાસ કેટલીક ખાનગી કામગીરીઓ આરઝી હકૂમતમાંથી છૂટા થયેલા વિશ્વાસુ માણસો પાસેથી લેવામાં આવી હશે. તેમ કરતાં પહેલા તેમને આરક્ષણો માટે વિશ્વાસ આપવામાં આવેલ હશે પરંતુ અમલ નહિં થયો હોય તેથી નારાજ થઈને ભૂપત વિ. ભાગતા ફરતા રહ્યાનું કહેવાય છે. પછી તો તેઓને એવું એલાન મળ્યાનું પણ કહેવાય છે કે "રાજ્યના હાથ" મોટા છે. તેમાં વાઘાણિયા દરબારસાહેબની સંડોવણી વ્યાજબી ગણી ન શકાય. ભૂપત વગેરેએ ટોળકી જમાવી પછી બહારવટું ખેડ્યું. તે તેની અંગત બાબત હતી.

તે ટોળકીને મળેલાં અદ્યતન હથિયાર અને દારૂગોળાનો જવાબ તો જગજાહેર છે. કુંકાવાવ આજુબાજુના રહેવાસીઓએ નજરે જોયેલું છે કે ઢગલાબંધ હથિયારો અને દારૂગોળો, સેના છાવણીઓ અને મુકામો ઉપર જોવા મળતો હતો. તેનો કોઈ હિસાબ ન હતો. આરઝી હકૂમતનું કાર્ય પૂરું થયા પછી આવાં હથિયારો અને દારૂગોળા દેખા દેતા હતા. બનવા જોગ છે તે તેના એક વખત અંગભૂત અને વિશ્વાસુ ગણાયેલા માણસોએ પોતાના ઉપયોગ માટે દલા તરવાડી પાસેથી માગી પણ લીધા હોય.

જેમણે પોતાનાં રાજ્યો સ્વેચ્છાએ દેશને ચરણે ધર્યાં. બંધારણમાં સાલિયાણા વારસાગત આપી ક્રમે ક્રમે ઘટાડો કરી છેવટે નામશેષ કરવાની જોગવાઈઓ થઈ. બહોળી બહુમતીને કારણે બંધારણમાં સુધારો કરી કલમના એક ઝાટકે સાલિયાણાં બંધ કરી દીધાં તેવા રાજવીઓ ઉપર ફાવે તેવા આક્ષેપો કરતાં પણ જવાબદારો પાછા પડ્યા નથી.

આઝાદી પછી રાજવી પેઢીઓ અને પ્રજા વચ્ચે બંધાયેલી સંબંધોની સાંકળો તોડવા વ્યવસ્થિત પ્રયાસો થયા હોય તેમ જણાતું. તેઓને પ્રત્યાઘાતી ચીતરવા પ્રયાસો થયા હોય તેવી લોકમાનસ ઉપર છાપ પડતી હતી. ટૂંકમાં રાજવી સંસ્થાની દેણગીનું અવમૂલ્યન થતું જણાતું હતું.

સરકાર વ્યવસ્થિત થઈ. કલાલ, ટ્રાન્સપોર્ટ, સોની વિ. અનેક ધંધાદારીઓના ધંધાઓ કાયદાથી છિનવાયા, તેનું પુનઃવસન થયું પરંતુ ભગવાન રામચંદ્રજીના વખતથી, પેઢી દર પેઢીના અધિકારોથી જે સંસ્થા ઊભી હતી તેના વારસો રાજવીઓ અને ગીરાસદારોના ગીરાસ ખાવાના અધિકારો કલમના એક ઝટકે બંધ પાડવામાં આવ્યા. તેમનું કોઈ પુનઃવસન ન થયું. રાજવંશી લોહીએ આવી ભીખ પણ ન માંગી.

"જગતના ઇતિહાસમાં સ્વાર્પણ, ત્યાગ, દેશાભિમાનનું અજોડ દૃષ્ટાંત પૂરું પાડનાર, રાજ-રજવાડા-ગીરાસદારો સન્માનને પાત્ર છે." તેવું સ્વામી સચ્ચિદાનંદે થોડા સમય પહેલાં સૌરાષ્ટ્રના એક સન્માનસમારંભમાં (૧૯૯૮ના ઑક્ટોબર માસ આસપાસ) કહ્યાનું મેં દૈનિક પત્રમાં વાંચ્યું હતું પરંતુ આવી વાતો તો તેવા સમર્થ ચિંતકો જ સમજી શકે.

બીજાઓ પાસેથી કોઈ પ્રકારની અપેક્ષા રાખ્યા વગર, ગમે તેટલું ગુમાવ્યું હોય તેનો ઓરતો કર્યા સિવાય, જેના વંશમાં તીર્થંકરો પેદા થયા છે તેવા ક્ષત્રિયોએ છાત્રવટને છાજે તે રીતે સંલગ્ન થઈ રાષ્ટ્રઘડતરના કાર્યમાં લાગી જવું બહેતર છે.

હીરો ઘસાય છે તેમ તે વધુ પ્રકાશિત થાય છે. સુખડ ઘસાય છે ત્યારે જ તેની સુગંધ પ્રસરે છે. ધૂપસળી બળીને જ બીજાને માટે સુગંધ પ્રસરાવે છે. તે ઉત્કૃષ્ટ ઉદાહરણોને અપનાવી, દેશની સ્વતંત્રતાને હાનિકર્તા પરિબળોને નાથવા ક્ષત્રિયોએ આગળ આવવું પડશે. તેઓ જ લીધા કરતાં અનેકગણું આપી શકશે.

આ દેશનાં ધર્મયુદ્ધોમાં શિવાજી અને મહારાણા પ્રતાપ જેવી વિભૂતિઓ અમર બની છે. દેશની સ્વતંત્રતાને કોરી ખાતાં પરિબળો સામે ધર્મયુદ્ધની જરૂર છે. તે કાર્યમાં ક્ષત્રિયોની સમર્થ શક્તિ પુણ્યશાળી બની શકશે. ખોટા રિવાજો, વ્યસન, નિરીક્ષરતાને તિલાંજલિ આપી સમાજ સજ્જ થાય તો તેના માટે કોઈ કાર્ય અશક્ય નહિ બને. કુદરતે તેને આપેલી બુદ્ધિપ્રભા, શારીરિક શક્તિ, ઉત્તમ પ્રકારની વિચારશક્તિની જે અણમોલ વિશિષ્ટતાઓ આપી છે તે દેશ પાછળ ખર્ચવાનો સમય પાકી ગયો છે.

એક ઇતિહાસ ભલે પલટાયો, બીજા ઇતિહાસનું સર્જન કરી શકાય છે. જરૂર માત્ર મળેલી શક્તિનો સદ્‌ઉપયોગ કરવાની જ છે.

બીજાઓથી જે સત્‌કાર્ય નહિ થઈ શક્યું હોય તે પૂરું કરવા તમારી શક્તિ સમર્થ થશે. બિનજરૂરી વેડફાતી શક્તિનો સંચય કરો. તેનો પ્રવાહ સત્કાર્ય તરફ વાળો. લોકસેવા તે તમારો યુગોજૂનો અધિકાર છે. તેનાથી દૂર ન ભાગો. અસમર્થોની સેવા એ તો પ્રભુસેવા છે.

જાગો, ઊઠો, સૂતેલાને જગાડો, દીવાથી જ દીવો પ્રગટે છે. સ્વરાજની ચેતનાને ગતિશીલ બનાવવા તમારી શક્તિને કામે લગાડો તો તમે હતા તેવા જ બની બીજાના આદરને પાત્ર બની શકશો. દેશની સ્વતંત્રતાનો સ્વાદ ઝૂંપડાવાસીઓ સુધી પહોંચાડવામાં ઊભી થતી આડશો દૂર થશે. દેશ માત્ર સ્વતંત્ર રાજ્ય જ નહિ સુરાજ્ય બની શકશે.

૧૬. સત્તા સામે સંઘર્ષ

ગાયકવાડ અને પેશ્વાઓએ અમદાવાદ લીધા પછી તેમણે સૌરાષ્ટ્રના નાના રજવાડા અને ગીરાસદારોની શક્તિમર્યાદાનું માપ અંદાજી ત્યાં પગપેસારો શરૂ કર્યો. મોટાં અને શક્તિશાળી મરાઠા લશ્કરો સૌરાષ્ટ્ર ઉપર આવવા લાગ્યાં અને નાનાથી મોટા રજવાડાઓ સુધી ખંડણી લેવાનું શરૂ કર્યું.

મરાઠાની આવી સવારીઓ દર વર્ષે આવવા લાગી. મોટાં લશ્કરો સામે ટકવું મુશ્કેલ જણાતાં ખંડણીથી જ પતતું માની સૌરાષ્ટ્રનાં નાના મોટા રજવાડાઓ દર વર્ષે પ્રતિકાર કે પ્રતિકાર વિના ખંડણી ભરવા લાગ્યા.

ગાયકવાડના ત્રણ સગા ગણપતરાવ, મોરારીરાવ અને મલ્હાવરાવે બંડ કર્યાં હતાં. ગાયકવાડ સરકાર આર્થિક સંકડામણ અને મુશ્કેલીમાં હતી. ખર્ચા વધી ગયા હતા, ખજાનો ખાલી થઈ ગયો હતો. ખજાનાની ખોટ પૂરી કરવા સૌરાષ્ટ્ર તેમને અનુકૂળ જણાયું. તેથી ૧૮૦૩માં ફત્તેસિંહરાવ ગાયકવાડે તથા ૧૮૦૪માં સેનાપતિ બાલાજીરાવે સૌરાષ્ટ્ર પર સવારી કરી.

ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ વડોદરામાં કર્નલ વોકરની રેસિડેન્ટ તરીકે નિમણુક કરી. વડોદરાની પરિસ્થિતિ તે વખતે કથળી ગઈ હતી. તે સુધારવા કર્નલ વોકરે પ્રયાસો કર્યા. તેણે સૌરાષ્ટ્રના રાજ-રજવાડાઓને વિશ્વાસમાં લઈ, ગાયકવાડની ખંડણી નિયમિત ભરવા સમજાવ્યા. કાઠિયાવાડના વિકાસ, વ્યવસ્થા અને ન્યાયતંત્રને વ્યવસ્થિત બનાવવાના નામે તેમણે રાજાઓને કંપની સરકારની સત્તા નીચે આવવા સમજાવ્યા. તેમની પાસેથી તેવા લેખ કરાવ્યા.

વડોદરાની કથળેલી સ્થિતિને સુવ્યવસ્થિત કરવા, આર્થિક પરિસ્થિતિ સુધારવા ગાયકવાડને અંગ્રેજો ઉપયોગી જણાયા. જિલ્લાઓના મુલકો કબજે કર્યા પછી અંગ્રેજોને કાઠિયાવાડના તાતા લોહીના ક્ષત્રિયો ઉપર પોતાની સત્તા બેસાડવા તેમને ગાયકવાડની જાણકારી અને મદદની જરૂર હતી. તે વખતે ગાયકવાડ હસ્તક અમરેલી આસપાસનો થોડો મુલક આવી ગયો હતો ત્યાં થાણું સ્થાપ્યું હતું.

રાજરજવાડાઓ સાથે કર્નલ વોકરે કરાર કર્યા. તે વોકર કરાર તરીકે જાણીતા થયા. અંદરો અંદર રાજ-રજવાડા કે ગરાસિયાએ હવે ઝઘડવું કે લડવું નહીં. કોઈએ કોઈના ગામ ગીરાસ લડાઈ કરી લેવા નહિ તેવી શરતની કરારમાં જોગવાઈ હતી. છતાં પણ જો કોઈ તેમ કરશે તો અંગ્રેજ ફોજ તેમની સામે લડશે. આ કરાર ઈ. સ. ૧૮૦૬-૦૭માં થયા.

અંગ્રેજોની બેસતી સત્તાએ, કરારમાં ગમે તે મજકૂર હતો છતાં મોટા રજવાડાઓની વિસ્તાર વધારવાની લાલછા સામે નવી બેસતી અંગ્રેજી સત્તા સમર્થોને છંછેડવા માગતી નહીં હોય તેથી આંખ આડા કાન કર્યા. નાના જાગીરદારો વચ્ચે વૈમનસ્ય જગાવી,

ઝઘડા કરાવી તેમાં મધ્યસ્થી બની તેનો ન્યાય વાંદરા અને બિલાડીની વાર્તાને ધોરણે મોટા રજવાડા કરવા લાગ્યા.

મલ્હાવરાવના બંડ અને બીજા પ્રસંગોએ લાંબા સમય સુધી ખંડણી ઉઘરાવવા ગાયકવાડના સરદારો આવી શક્યા ન હતા ત્યારે ખંડણીની ચડત રકમ મોટી થઈ ગઈ હતી. જાગીરદારોની શકિત ચડત ચુકાવવા ઓછી પડી ત્યાં ત્યાં ગાયકવાડી ફોજે કેટલીયે જાગીરો લશ્કરના દબાણથી લખાવી લીધી.

ઈ. સ. ૧૮૦૬-૦૭માં, ધારીનો કિલ્લો, જે સરસિયાના ઠેબાણીવાળા કાઠીઓનો હતો તે તેમણે રાણીંગવાળાને પાળમાં આપ્યો હતો. રાણીંગવાળા અને માત્રાવાળા સાથે મળી બહારવટું કરતા થયા. માત્રાવાળાએ આ કિલ્લામાં બંડખોર કડીના મલ્હાવરાવને આશરો આપ્યો ત્યારે ગાયકવાડ સરકારે ધારીનો કિલ્લો અને ધારી તાલુકો પોતાના હાથમાં લઈ લીધાં. ગાયકવાડ સરકારે સરસિયાના ઠેબાણીવાળા કાઠીઓનાં ધારી સહિતનાં ૧૩ ગામની જાગીર હતી તે લખાવી લીધી. સરસિયાનાં, ધારી સહિતનાં ૧૩ ગામો ગાયકવાડે ગળત કરી તેના બદલામાં ત્યાંના ઠેબાણી વાળા કાઠીઓને તે સરસિયાની જમીનો હતી તે તેમને તેમ રહેવા દઈ બીજા ગાયકવાડી ૩૦૦૦ વીઘા જમીન વળતરમાં આપવા કરાર કર્યા પણ આ કરારનો અમલ ન થયો. તેની સામે આ ગીરાસદારોએ ગાયકવાડ સરકારની કોર્ટ કચેરીઓમાં ઈ. સ. ૧૮૧૧માં દાદ માગી.

ગીરાસ કેસ નં. ૨૩માં લઈ લેવાયેલાં ૧૩ ગામમાં ભાગ માગી, વધુ જમીનો સરસિયામાં મળવા દાવો, અમરેલી પ્રાંત ન્યાયાધીશીમાં કરેલો. તેમાં મળેલ ઠરાવથી આ ગીરાસદારોએ નારાજ થઈ ઈ. સ. ૧૮૮૪-૮૫માં વડોદરાની વરિષ્ઠ કોર્ટમાં નં. ૩૬૪૪થી અપીલ દાખલ કરી. તેનો નિકાલ તા. ૧૧-૮-૮૬ના ઠરાવથી આવ્યો. તેના સામે બન્ને પક્ષે વડોદરા હજૂર કોર્ટમાં અપીલ કરી તેનો નિકાલ તા. ૧૫-૧૧-૧૮૯૩માં આવ્યો. છતાં તેનો અમલ બજવણી થતી ન હતી. સમાધાનનો તખતો તૈયાર કરાયો. ગીરાસદાર હસ્તકની કેટલીક ખેડવાણ જમીન પડતર જમીન વીડ વિ. તેમના હસ્તક જ રહેવા દઈ, ગીરાસની જમીન એકજથ્થે કરવાના કામે કેટલીક જમીનોની ફેરબદલી થઈ અને તે ઉપરાંત સ. નં. તથા કબજેદાર ખેડૂતોનાં નામ તથા જમીન વીઘાનું પત્રક તૈયાર થઈ છેવટે ખેડૂતો સહિત ગાયકવાડી ૩૦૦૦ વીઘાં (આશરે ૧૭૧૪ એકર) જમીન ધારી તાલુકાના વહીવટદારે (મામલતદારે) તા. ૭-૧૦-૧૮૯૪માં ગીરાસદારોને ૮૩ વર્ષના ન્યાયસંઘર્ષ પછી સોંપી આપી.

અંગ્રેજોએ ભારતમાં સત્તા સંભાળી તે સમયના ગીરાસ ઉપરના આક્રમણ સામેનો ન્યાયી સંઘર્ષ હતો. લાંબા સમયે પણ તેનો નિકાલ આણવામાં આવ્યો તે આ કેઈસની વિશિષ્ટતા હોવાથી અત્રે નોંધ્યો છે.

સરસિયાના ગીરાસદારોનાં ૧૩ ગામ ગાયકવાડે લીધા પછી ધાંતરવડની જાગીર તથા અંગ્રેજ લેખકો, આલેગવાળાના વારસદારોને આલેગ-ધાનાણીના નામથી ઓળખે છે તે ધાનાણી શાખાના વાળા કાઠી ગીરાસદારોનાં મળીને ૭૮ ગામો

ગાયકવાડ સરકારે કબજે લીધાં. ચાંચઈના ઠેબાણીવાળા કાઠી ગીરાસદારોનાં પણ કેટલાંક ગામો લઈ લેવામાં આવ્યાં. ગાયકવાડે આ રીતે પોતાનો પગપેસારો વધારી, જેતપુરના કાઠી દરબારોનાં ૨૪ ગામો ઉપર જે ચોથનો હક્ક હતો તેના બદલામાં ૯ ગામ સ્વતંત્ર રીતે સંભાળી લીધાં.

ગાયકવાડ સરકારે અમરેલી જે ત્રણ ભાગદાર (૧) જેબલિયાં શાખાના કાઠી ગીરાસદારો (૨) જૂનાગઢના નવાબ (૩) અને સૈયદોના હાથમાં હતું તે યેનકેન પ્રકારે સ્વતંત્ર રીતે હસ્તગત કર્યા પછી અમરેલીને પ્રાંત બનાવવા વધુ વિસ્તારો - ગીરાસદારોના ઓળવ્યા.

એ અરસામાં અમરેલીની નજદીકના જ પ્રદેશમાં એક કુંડલાના તાલુકદાર ખુમાણં કાઠી ગીરાસદારનું અવસાન થતાં તેના વારસો વચ્ચે ભાઈઓ ભાગની તકરાર ઊઠી. કુંડલા તાલુકો હાથ કરવાના ઇરાદે ભાવનગરના ઠાકોર વખતસિંહે દરમ્યાનગીરી કરી ગીરાસ પોતાના હસ્તક લીધો.

પછીના સમયમાં, વિસાવદર અને લુંધિયાના કાઠી દરબારોની જાગીર સામે જૂનાગઢના નવાબે દરમ્યાનગીરી કરી.

ઈ. સ. ૧૮૧૬ના અરસામાં કુંડલાના ગીરાસ માટે ખુમાણ દરબારોએ અને ઈ. સ. ૧૮૨૦ આસપાસમાં વિસાવદર-લુંધિયાના વાળા દરબારોએ સત્તા સામે ભાવનગર અને જૂનાગઢ જેવાં મોટાં રાજ્યો સામે બંડ પોકાર્યાં.

બેસતી અંગ્રેજ સત્તાએ બંડખોરોને બહારવટિયા ઠરાવ્યા.

પોતાના ગીરાસ ઉપર થયેલ અન્યાયી આક્રમણ સામે બંડ ઉઠાવવા સિવાય તેમને કોઈ રસ્તો રહ્યો નહિ હોય. બિનગુન્હે પોતાના ગીરાસ ઝૂંટવી લેનાર રાજાઓની ન્યાય અદાલતોનાં બારણાં ખખડાવવા છતાં તેમને ન્યાય મળ્યો નહિ હોય. તેમણે ઈન્સાફ મેળવવા પ્રયાસો કર્યા હશે પણ બહોળા સૈન્યો ધરાવતા હાકેમોની મગરૂબીએ તેમની એક પણ સાંભળી નહિ હોય ત્યારે તે ગીરાસદારોનો આત્મા ઊકળી ઊઠ્યો હશે અને તેમણે સત્તા સામે જેહાદ ઉપાડી હશે.

બેસતી અંગ્રેજ સત્તાએ કરેલા કરારો સામે આંખમીંચામણાં કરી મોટાં રાજ્યોની તરફદારી કરી નાના ગીરાસદારો પાસે નાની ખંડણીની રકમો એકઠી કરવામાં અંગ્રેજોને નાકે દમ આવી જતો તેથી આવી નાની રિયાસતો ઓછી થાય તેવો તેનો હેતુ હશે એટલે આ નાના જાગીરદારોને પાયમાલીના છેલ્લે પાટલે બેસારી, તેમનાં બંડ વહોર્યાં હશે. નવી સત્તાના નવા કાયદાઓએ તેવા બંડખોરને બહારવટિયાના શિરપાવ આપ્યા.

કાયદાઓના અર્થઘટન નહીં શીખેલા કે નહિ જાણતા એ જવાંમર્દ જમીનદારોએ સત્તા સામે કેસરિયાં કર્યાં. ખડિયામાં ખાપણ લઈ, ટાઢ-તડકો ભૂખ વેઠીને, સત્તાની સાન ઠેકાણે લાવવા તેમણે તેમના જાનની બાજી લગાવી કુંડલા અને લુંધિયાના ગીરાસદારોએ સત્તા સામે મોંઘાં બલિદાનો દીધાં. તેઓ ગમે તેવી નુકસાની કે આફત

સામે વરસો સુધી અડગ રહ્યા. સત્તાધીશોની ઊંઘ હરામ થઈ ત્યારે તેમને સમાધાન કરવાં પડ્યાં હશે.

અંગ્રેજ આઈ. સી. એસ. ઑફિસર અને બહારવટિયાનો અંગ્રેજ ઇતિહાસકાર કિનકેઈડ કહે છે કે તેણે બહારવટિયાના ત્રણ વિભાગો પાડ્યા હતા. એક ગરાસિયા, બીજા વાઘેરો અને ત્રીજા મીંયાણા. તેમાં પહેલા વિભાગમાં ઘણાં જાણીતાં નામો આવે છે જેમાં એક નાજાવાળો (એ નાજાવાળાને એક દુહામાં વરસાદની ગર્જના સાંભળી માથું પછાડી મરતાં શાર્દુળા સિંહ સાથે સરખાવ્યો છે.) અને બીજો આંબરડીનો જોગો ખુમાણ. **ખરી રીતે તો તે બહારવટિયો નહિ પણ બળવાખોર કાઠીઓની ટોળીનો સરદાર હતો.** વધુમાં તે જણાવે છે કે મને મારા સંશોધનની અંદર મળેલા એક ઉત્કૃષ્ટ દુહા માહલો તે વીર હતો.

ધ્રુવ ચળે, મેરૂ ડગે મહદલ મેલે માન
જોગો કીં જાતી કરે, ક્ષત્રીવટ ખુમાણે.

આ પુસ્તકના કવર પેજ ઉપરનો ફોટો બીલખા દરબાર નાજાવાળાનો છે.

કિનકેઈડસાહેબે તેનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું છે :

The stars may fall from heaven's do me,
The pride of ihrones depart,
Yet valour still will make her home
In Joga Khuman's heart.

અંગ્રેજ અફસરના આ શબ્દો જોગીદાસ પ્રત્યેની તેની છતી થતી લાગણીથી તે તેને સાચા અર્થમાં પિછાની શક્યો હોય તેવું તેનાથી જણાયા વગર રહેતું નથી.

જોગીદાસ ખુમાણ પછી વીર બાવાવાળાના બંડ ઉપરાંત એક કાઠી જાગીરદાર ચરખાના ચાંપરાજવાળા પણ બહારવટિયા તરીકે જાહેર થયા હતા. તેમને તેમના ગીરાસ માટે બહારવટેં નીકળવું પડ્યું ન હતું પણ એક વિધવા સ્ત્રીની જિવાઈ મેળવવાની હઠ પાછળ તેમને જન્મટીપ સજા મળી હતી. આ ત્રણ કાઠી જાગીરદારો તેમની નેક પ્રમાણિકતા અને બહાદુરી માટે ખ્યાતનામ થયા છે. સીધી નહિ તો આડકતરી રીતે પણ તેઓને અંગ્રેજ ઇતિહાસકારોના ઇતિહાસમાં સ્થાન મળ્યું છે. તેમાંથી તેમની હકીકતો અલગ અલગ લઈએ તો-

૧. અમર વિભૂતિ જોગીદાસ ખુમાણ (કૅપ્ટન બેલના કાઠિયાવાડના ઇતિહાસમાંથી તારણ)

આંબરડીના જોગીદાસ ખુમાણના દાદા આલા ખુમાણ કુંડલા તાલુકાના જાગીરદાર હતા. આ આલા ખુમાણને છ દીકરા હતા. ૧. ભોજ, ૨. મુળુ, ૩. હાદો, ૪. લુણો, ૫. સુરો અને ૬ વીરો. ઈ. સ. ૧૭૮૪માં હાદા ખુમાણે દેહ છોડ્યો ત્યારે ગીરાસના ભાગ સમજવામાં ભાઈઓ વચ્ચે મનદુઃખ થયાં.

આલા ખુમાણના મોટા પુત્ર ભોજને લાગ્યું કે તેને ભાગમાં અન્યાય થાય છે એટલે તેણે ભાવનગરના ઠાકોર વખતસિંહને સાધ્યા. તેણે પોતાના અમુક હક્કો રાખીને બાકીનો બધો ગીરાસ ઠાકોર વખતસિંહને ભળાવ્યો. તે જ્યારે કુંડલા આવ્યો ત્યારે તેના ભાઈઓ તેને મારી નાખે તેમ છે તેમ કહી ભાવનગર ઠાકોરની મદદ અને રક્ષણ માંગ્યાં. વખતસિંહે તે માટે પોતાની ફોજ મોકલી. બાકીના પાંચ ભાઈઓ આ વખતે સામા થયા અને ભાવનગરની ફોજને હાંકી કાઢી.

ભોજ ખુમાણના બીજા બે ભાઈઓએ તેના એક ભાઈ મુળુ ખુમાણ સામે જૂનાગઢના નવાબ પાસે દાદ માગી. ભોજ ખુમાણે ભાવનગરના ઠાકોરને જેવી લાલચો આપેલી હતી તેવી જ લાલચો તેના બે ભાઈઓએ જૂનાગઢના નવાબ હામદખાનને આપી અને મુળુ ખુમાણ સામે લશ્કરી મદદ માંગી.

નવાબ હામદખાનની ફોજ મદદગારીમાં જૂનાગઢથી ગઈ ત્યારે તેને પણ મુળુ ખુમાણ અને બીજાઓએ હાંકી કાઢ્યા. આ અરસામાં જુનાગઢમાં અમરજી દીવાનનું મૃત્યુ થયું હતું. તેથી થોડીક અંધાધૂંધી જૂનાગઢ-પરગણામાં વ્યાપેલી હતી. તેમ હોવાથી નવાબ હામેદખાન ફરીથી કુંડલા માટે કંઈ તજવીજ ન કરી શક્યો.

ઈ. સ. ૧૭૯૦માં ભાવનગરના ઠાકોર વખતસિંહને લાગ્યું કે કુંડલાનો ગીરાસ હાથ કરવાનો અત્યારે સારો મોકો છે માટે ફોજ લઈ ત્યાં જઈ પોતાની આણ સ્થાપવી. તેથી તેમણે કુંડલા ઉપર ચડાઈ કરી. ભોજ ખુમાણ સિવાયના તેના પાંચ ભાઈઓએ ભાવનગરની ફોજનો સામનો કર્યો. ધમાસાણ લડાઈ થઈ. બે દિવસની લડાઈ પછી, ભાવનગરના સૈન્યે ખુમાણ કાઠીઓને વેરવિખેર કરી તેઓ કુંડલામાં ન પ્રવેશે તે રીતે પોતાનું સૈન્ય ગોઠવી નાકાબંધી કરી. પરિણામે ખુમાણ કાઠીઓ વેરવિખેર થયા.

થોડા દિવસો પછી કાઠીઓ મિતિયાળે ભેળા થયા. ત્યાં જૂનાગઢની એક નાની ફોજ તેઓની મદદે પહોંચી. આ એકત્રિત થયેલ સેના કુંડલા પાછું લેવા પૂરતી ન હતી. વખતસિંહે તેની સામે પગલાં ભર્યાં અને મિતિયાળા ઉપર કૂચ કરી અને તેણે કુંડલા અને લીલિયા ઉપર કબજો કર્યો.

પાન ૧૯૯ ઈ.સ. ૧૮૧૬માં ઠાકોર વખતસિંહનું અવસાન થયું. ઈ.સ. ૧૮૨૦માં ખુમાણોએ, હાદા ખુમાણની આગેવાની નીચે બાબરિયાધાર અને બર્બટાણા ગામો બાળ્યાં. મિતિયાળા તથા નેસડી ગામો લૂંટ્યાં. ત્યારે કુંડલાની ફોજના સરદારે અમરેલી અને લાઠીની ફોજોની મદદથી ચડાઈ કરી. ખુમાણો બધાએ ગીરના જંગલમાં આશ્રય લીધો પણ હાદા ખુમાણનો દીકરો ગેલો ખુમાણ પાછળ રહી ગયો હતો. તેણે આંબા ગામમાં આશ્રય લીધો હતો. તેને લાઠીની ફોજે એક ગોળી મારી તેનો જીવ લીધો.

હાદા ખુમાણે તેના દીકરા ગેલાના મૃત્યુની વાત જાણી કુંડલાનું ગામ વંડા ઈ. સ. ૧૮૨૧માં ભાંગ્યું.

તેમને ડેડાણ પાસે પહોંચતાં, કુંડલાની કાળા ભાટની ફોજ આંબી ગઈ. લૂંટનો માલ મૂકીને ભાગતાં જોગીદાસ ખુમાણનો દીકરો માણસુર ગોળી ખાઈ પડ્યો, તેનો ભાઈ લાખો ખુમાણ ઘવાયો.

પરાજય અને નુકસાનીથી રોષે ભરાયેલા ખુમાણો પાછા વધુ ને વધુ મક્કમતાથી ઝનૂનપૂર્વક કુંડલા પંથકમાં લૂંટફાટ કરવા લાગ્યા. આ પંથકમાં તેનાથી અનેક મુસીબતો ઊભી થઈ.

ઈ. સ. ૧૮૨૨માં કૅપ્ટન બાર્નવેલ નામનો પોલિટિકલ એજન્ટ એક સૈન્ય લઈ અમરેલી પહોંચ્યો. તેણે ઠાકોર વજેસિંહજી અને આજુબાજુના તમામ રાજાઓને મળવા તેડાવ્યા. બહારવટિયાઓનો નાશ કરવા માટે તેમનો સાથ-સહકાર માગવામાં આવ્યો. સુલેહ જાળવવા અને ગુન્હેગારોને નસિયત પહોંચાડવાના કામે બનતી સહાય આપવા તેઓએ વચન આપ્યું. આ ઉપરથી ઠાકોર વજેસિંહ, આ આક્રમણકારીઓને ઘેરી લેવાની પેરવી કરવા લાગ્યા. તેઓ કુંડલા ગયા. ત્યાં તેને જણાયું કે ખુમાણોને જેતપુર અને ચિતલના વાળા કાઠીઓ ચડાવે છે અને મદદ કરે છે. તેણે આ વાત કૅપ્ટન બાર્નવેલને લખી. તેણે તે વાળા સરદારોને બોલાવ્યા પણ તેમણે તે વાતનો ઇન્કાર કર્યો. તેમ છતાં તેમના જામીનો લેવાયા.

આટલું બન્યું ત્યાં ખુમાણોએ ભાવનગરનું જૂનવદર ગામ ભાંગ્યું. ત્યાં ઘણાં માલઢોર લઈ ગયા. તેનો પીછો કરવામાં આવ્યો. જેતપુરના કાઠી દરબારોના ગામ ધુધરાળા અને વલારડી ગામોમાં તેઓ સંતાયા હોવાનું માલૂમ પડ્યું. આ વાત વજેસિંહને પહોંચતાં તેણે કુંડલાથી મોટી ફોજ મોકલી. રાતોરાત છત્રીશ માઈલ ચાલીને ફોજ પ્રભાતે ઓચિંતી વલારડી આવી. ત્યાં આશ્રય લેતા જોગીદાસના બે દીકરા - હરસુર અને ગોલણને તેમજ દીકરી કમરીબાઈને કબજે કર્યાં.

આ પછી તુર્ત જ ફોજ ધુધરાળે પહોંચી પણ મોડું થઈ ગયું. હાદા ખુમાણ સિવાયના તમામ ત્યાંથી ચાલ્યા ગયા હતા.

હાદા ખુમાણે તાબે થવા ના પાડી તેથી તેને મારી તેનું માથું વજેસિંગને મોકલી અપાયું.

વજેસિંહે આ હકીકતના ખબર કૅપ્ટન બાર્નવેલને આપ્યા. જેતપુરના કાઠીઓની મદદગારીને સાબિત ગણી કૅપ્ટન બાર્નવેલે તેઓને તેડાવી કેદ કર્યા. પછીથી એવી શરતે તેમને છોડ્યા કે તેઓએ બાકી રહેલા ખુમાણ બહારવટિયાઓને પકડીને વજેસિંગને સોંપવા.

તેઓએ બહારવટિયાઓનો પીછો લઈ જોગીદાસ તથા તેના છ સગાઓ કે જે બહારવટિયાઓના સરદારો હતા તેઓને પકડ્યા. કૅપ્ટન બાર્નવેલે એ બધાને કેદમાં નાખ્યા.

તેમાંથી બેનાં જેલમાં મૃત્યુ થયાં. બાકીના બધાને જસદણના ચેલા ખાચર, ભડલીના ભાણ ખાચર, બગસરાના હરસુરવાળા, ડેડાણના દંતા કોટીલા વિગેરે કાઠી

રાજાઓ કે જેમને બાર્નવેલે અટક કર્યા હતા તે સહુના હામીપણા નીચે સોંપવામાં આવ્યા. તેઓ આ બહારવટિયાને ઈ. સ. ૧૮૨૪માં ભાવનગર લઈ ગયા. વજેસિંહ સાથે સમાધાનની વિષ્ટિ ચાલી પણ સમાધાન ન થયું. તેથી તેઓ બધા પાછા ગયા.

પાનં ૨૦૧ વજેસિંહની આવી ડામાડોળ માનસિક પરિસ્થિતિને કારણે વર્ષને અંતે ફરીથી ખુમાણો બહારવટે નીકળ્યા અને ભાવનગરનું ગામ જેસર ભાંગ્યું. કુંડલા અને મહુવાની ફોજો તેની પાછળ છેક મિતિયાળા સુધી પડી. ત્યાં ચાંપો ખુમાણ કામ આવ્યો. બાકીના બધા ગીરમાં નાસી ગયા. ભાવનગર ફોજને પાછું વળવું પડ્યું.

પાન ૨૦૫ જોગીદાસ ખુમાણે હવે ભાવનગર શહેરને લૂંટવાનો નિર્ધાર કર્યો. પાલિતાણા જઈને એણે જૂનાગઢ અને ભાવનગર રાજ્યોના બહારવટિયાની ફોજ તૈયાર કરી. હાલરિયાનો ઓધડ માત્રા પણ તેમાં હતો. પાલિતાણાના ઠાકોર કાંધાજીએ માણસો તેમજ સાધનોની મોટી મદદ કરી હતી.

આ પૂરતી ફોજ લઈ જોગીદાસે નાગધણીબા ગામ ઉપર પડી ગામ બાળ્યું. પછી ભાવનગર લૂંટવાનો ઈરાદો છોડી પાછા વળતાં, રસ્તાનાં ગામો લૂંટતો, મોલાતનો નાશ કરતો ગયો. ઠાકોર વજેસિંગ કાઠીઓનો રસ્તો રૂંધવા એક ફોજ પાલિતાણા મોકલી અને પોતે ચારસો માણસોની ફોજ લઈ પીછો કર્યો. શેત્રુંજીકાંઠે ટીમાણિયા ગામે ભેટો થતાં સામસામું યુદ્ધ થયું. કાઠીઓ હાર્યા અને રાબેતા મુજબ વિખરાઈને બીજી લૂંટની તૈયારી માટે ગીરમાં ચાલ્યા ગયા.

ગીરમાં જોગીદાસ આળસુ થઈને પડ્યો ન રહ્યો. થોડા જ મહિના પછી ફોજ લઈને નીકળ્યો અને હળિયાદ ઉપર ચડ્યો. ફરીથી સિહોરથી તેની સામે ફોજ મોકલવામાં આવી પણ તે જોગીદાસને ન પકડી શકી. સમઢિયાળા પાસે તો ભાવનગરની ફોજ આંબી ગઈ પણ લૂંટનો માલ રોકવા જેટલી પણ એ ફોજ ફાવી નહિ.

સને ૧૮૨૭માં ખુમાણોએ ફરીવાર ભાવનગરના પ્રદેશ ઉપર હુમલા કર્યા. ત્યાંના થાણાને હરાવ્યું. પણ ટાણાથી મોકલાયેલ ફોજથી તેઓએ હાર ખાધી. ટાણા સુધી ફોજે પીછો કર્યો.

હવે વજેસિંહ થાક્યા હતા. તેમણે સુલેહનું કહેણ મોકલ્યું. એક વર્ષ વાટાઘાટો ચાલી. ઈ. સ. ૧૮૨૯માં કરારો નક્કી થયા. તેમાં નેસડી, જીરા, વીજપડી, ભમોદરા, મિતિયાળાનો અમુક હિસ્સો નુકસાની બદલ ભાવનગર રાજ્યને આપ્યો. આ સમાધાનના કરારો મુંબઈ સરકારના પોલિટિકલ એજન્ટ મિ. બ્લેને મોકલાયા. તે મંજૂર થયા.

ઉપરોક્ત વર્ણન કૅપ્ટન બેલના અંગ્રેજી પુસ્તક ''હિસ્ટ્રી ઑફ કાઠિયાવાડ''માંથી ટૂંકાણમાં લીધેલું છે. કૅપ્ટન બેલે ભાવનગર રાજ્યના રેકોર્ડ ઉપરથી લીધેલ હોય તો તેને કેટલું આધારભૂત ગણવું તે વિચારવાનું રહે. તેમનું આ લખાણ ઘણું અધૂરું પણ જણાય છે. અંગ્રેજ ઇતિહાસકારને મર્યાદા હશે.

ઠાકોર વજેસિંહના કુંવર કેસરીસિંહના અવસાનના સમાચાર જાણી લૌકિક રીતરિવાજો અનુસાર (જેની પાછળ ભાવનગરની ઘિસતુ ફરતી હતી, જેને બહારવટિયા

તરીકે જાહેર કર્યા હતા તેવા) જોગીદાસ ખુમાણ, કુંવરનો ખરખરો કરવા ઠાકોર વજેસંગ રૂબરૂ મોઢે જાય છે. જોગીદાસ ખુમાણના બાપુ હાદા ખુમાણના મૃત્યુ વખતે, કુંડલા જઈ ઠાકોર વજેસંગ કારજ કરે છે અને પોતે સુંવાળું ઉતરાવી જાતે સરાવણું કરે છે. ભાવનગરનાં રાજરાણી નાનીબા વેલડું લઈને અસવારો સાથે દડવા જાય છે ત્યારે નામાંકિત લૂંટારો રાધા ચાવડા પોતાને જોગીદાસ તરીકે જાહેર કરી લૂંટવા પ્રયાસ કરે છે. સંજોગવશાત્ તે વખતે ખુદ જોગીદાસ તેના માણસો સાથે ત્યાંથી પસાર થાય છે તે આ મામલાની તપાસ કરે છે ત્યારે રાધા ચાવડાનાં કરતુકો જાહેર થઈ જાય છે. તેને જોગીદાસે તગડી મૂકીને રાજરાણીને છેક ભાવનગરના સીમાડા સુધી પોતાના રક્ષણ તળે પહોંચતા કર્યા હતા. ત્યારે નાનીબાએ લાગણીવશ બની, જોગીદાસને ભાઈ તરીકે સંબોધી – માની તેના બહારવટાની પતાવટ માટે પોતે દરમ્યાનગીરી કરશે તેમ જણાવી જોગીદાસને ભાવનગર આવવા નિમંત્રણ આપ્યું. સમાધાન કરાવી પરગણું પાછું અપાવવા ખોળાધરી આપી ત્યારે જોગીદાસે જવાબ આપેલો કે **કાં તો ઠાકોર સાથે સામી છાતીએ ઝાટકા લઈ-દઈને અને કાં તો પ્રીતિની બથો ભરીને બહારવટું પાર પાડશું. બહેનના નજીવા કામ બદલ વળતરની અપેક્ષા ન રાખી શકાય.** જોગીદાસ ખુમાણના કુટુંબના સભ્યોને, રાજકુટુંબના સભ્યોથી અદકા કરી વજેસંગ ઠાકોરે સાચવ્યા હતા અને છેવટે સમાધાન થયું ત્યારે ઠાકોરે સૌથી પહેલાં કુંડલા જોગીદાસને આપવા કહ્યું ત્યારે જોગીદાસે ના પાડી. **કુંડલા લેવાની હઠે બે-ત્રણ વખતનાં સમાધાન પડી ભાંગ્યાં હતાં. એટલે તેનું કારણ ઠાકોરે પૂછ્યું ત્યારે જોગીદાસે જવાબ દીધેલ હતો કે, આપે મારા બાપુનું કારજ અને સરાવણું કરાવ્યાં હતાં. એટલે આપ મારા મોટાભાઈ ઠર્યા. એટલે કુંડલા હવે આપનું રહે.**

જોગીદાસને લગતી આવી - આવી, લોકમુખે સતત હજુ સંભળાતી રહે છે તેવી વાતો, ઇતિહાસમાં સમાવિષ્ટ ન થાય, તો ઇતિહાસ અધૂરો ગણાય. જોગીદાસ અને વજેસંગ જેવા મહારથીઓ - દાના દુશ્મનોની યશગાથાઓ પુસ્તકો ભરાય તેટલી લોકમુખે રૂઢ થયેલી પડી છે.

આ અધૂરપને, અક્ષરે અક્ષર મૂકીને ભલે પૂર્ણતા તરફ પ્રયાણ ન કરી શકીએ પરંતુ જેમણે તેમને શબ્દપુષ્પોથી નવાજ્યા છે તેવા શાયરોનાં આભાર અસ્થાને નહિ ગણાય.

માત્ર સોરઠી જ નહિ પણ જેમને રાષ્ટ્રીય શાયરનું બહુમાન મળ્યું છે તેવા ઝવેરચંદ મેઘાણીએ તેમના સોરઠી બહારવટિયા નામના પુસ્તકમાં નોંધ્યું છે કે, કવિ ન્હાનાલાલે એક સ્થળે "સોરઠી ત્વારિખના થરો" ઉખેળતાં જોગીદાસને અતિ માનભેર સંભાર્યો છે. એને પોતે "જોગી બહારવટિયો" કહીને બિરદાવ્યો છે. તે પોતે જો સોરઠનું 'રોબરોય' લખે તો તે જોગીદાસ વિશે જ લખે એવી તેમણે ભાવના વ્યક્ત કરી હતી.

ઝવેરચંદ મેઘાણીએ આગળ લખતાં જણાવ્યું છે કે ભાવનગર રાજને જોગીદાસે દુશ્મનાવટથી પણ શોભા ચડાવી. વજેસંગ - જોગીદાસની શત્રુ જોડલી તો અપૂર્વ બની

ગઈ છે. બન્નેયે જાણે કે પરસ્પર વીરધર્મના પાલનમાં સ્પર્ધા ચલાવી હતી.

આગળ જતાં લખે છે કે છતાં જોગીદાસને ભાવનગરના ઇતિહાસમાં સ્થાન નથી. 'ધ ભાવનગર સ્ટેટેસ્ટિક્સ' નામનું એક રાજ્યમાન્ય તેમજ સરકારમાન્ય ઇતિહાસ પુસ્તક, વજા-જોગાની અન્યોન્ય નેકીનો શબ્દ સરખોયે ઉચ્ચારતું નથી. કૅપ્ટન બેલનો ઇતિહાસ તો ઉક્ત પુસ્તકમાંથી જ ઉતારો કરે છે! વાર્તાને છેડે બેલનું કથન મેં ટાક્યું છે. (સોરઠી બહારવટિયા પુસ્તકમાં જોગીદાસની વાર્તાને છેડે) વૉટ્સન, ભગવાનદાસ સંપતરામ અથવા અન્ય કોઈના ઇતિહાસમાં આ પુરુષનો ઉલ્લેખ નથી.

મેઘાણી પોતાનું મંતવ્ય પૂરું કરતાં આગળ જણાવે છે કે

જોગીદાસે ભાવનગર રાજ્ય સિવાયનાં ગામ ભાંગ્યાં ક્યાંયે સાંભળવામાં નથી. લૂંટ કરવામાં સીમાડો ભાવનગરનો જ છે ને એ વાતની પોતે ચોકસી રાખતો. સીમાડાનો એવો પાકો માહિતગાર હતો. માટે જ અમરેલી - ભાવનગર વચ્ચેના સીમાડાની તકરાર એને સોંપાઈ હતી એમ કહેવાય છે. તેઓ કવિશ્રી નાનાલાલને એક પ્રસંગે આ વાત કરતાં મેઘાણીજી એક પ્રસંગ એમ સંભળાવે છે કે ગાયકવાડ અને ભાવનગર રાજ્યો વચ્ચે સીમાડાની મોટી તકરાર હતી. કેમેય ગૂંચ નીકળી નહિ. **બન્ને રાજ્યોને એમ સૂઝ્યું કે જોગીદાસ બહારવટિયો સતવાદી છે, સીમાડાનો અજોડ માહિતગાર છે, એ ખરો ન્યાય તોળશે.** માટે એને જ આ તકરારનો ફડચો સોંપાયો હતો. સતવાદી બહારવટીઓએ ભાવનગરની સામે કારમું વેર ચાલુ હતું છતાં સત્ય ભાંખ્યું. ફડચો ભાવનગરના લાભમાં ગયો. એ પ્રસંગના ગુલતાનમાં બહારવટિયાને તેડાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગના અનુસંધાને મેઘાણી ગ્રંથ, લોકસાહિત્યકથાઓમાં મેઘાણીએ લખ્યું છે તેને ટૂંકાણમાં લઈએ તો "કચેરીમાં વજેસંગ અને જોગીદાસની બિરદાવળીઓ ગવાતી હતી. બિરદાવળિયો સાંભળી વજો મહારાજ ધરાતા નથી. વજો મહારાજ તો રસરાજનો જાણે અવતાર જેવો. સંગ્રામમાં તેવો રસ ભોગમાં, કચેરીમાં વારાંગનાઓના ગળા ગહેકવા લાગ્યા. ગણિકાઓ સુર-સરોવરમાં તરવા અને પીગળવા લાગી."

આ પ્રસંગે જોગીદાસે ઊભા થઈ ચાલવા માંડ્યું. મહારાજ વજેસંગે તેનું કારણ પૂછ્યું ત્યારે તેણે જણાવ્યું કે **"મારૂવા રાવ! તમે મારવાડ થકી આવેલા છો, તમારે પરવડે. પણ હું કાઠી છું. મારી મા બોન્યું નાચે અને હું તે બેઠો-બેઠો જોવું,** એમ ન બને." ત્યારે ઠાકોર વજેસંગે ખુલાસો કર્યો કે આ મા બોન્યું ન કહેવાય, આ તો નાયકાઉ, તેનો ધંધો જ આ. ગણિકાઓ ગાય, નાચે.

જવાબમાં ત્યારે જોગીદાસે કહ્યું હતું કે -

"ગણિકા તોય અસ્ત્રીના ખોળિયા. જનેતાનો અવતાર. તેના ઓદરમાં, આપણે સહુ નવ મહિના ઉજરીએ, એ જ માતાજીનું કુળ. તમે રજપૂત ઝટ નહિ સમજી શકો પણ મને કાઠીને દીવા જેવું કળાય છે."

"નાચ-મુંઝરા બંધ કરવામાં આવ્યા હતા."

શ્રી મેઘાણી આગળ જતાં જણાવે છે કે તેમને ધીરસિંહ ગોહિલે લખી જણાવ્યું છે કે -

"જ્યારે ઠાકોર અને જોગીદાસ કસુબો લેવા બહાર બેઠા હતા, ત્યારે ઓચિંતા એક સાપ નીકળ્યો. બધા તે સાપને દેખી ભાગ્યા. પણ જોગીદાસ બેઠા રહ્યા. સાપ જોગીદાસ તરફ ચાલ્યો. ઠાકોરે જોગીદાસને ત્યાંથી ભાગવા કહ્યું. ત્યારે બહારવટિયાએ કહ્યું કે' "મહારાજ આપ દેખો તેમ મારે સાપોલિયાથી ડરીને - તગતગ ભાગવું ન પરવડે."

પલાંઠી ઠાંસીને બહારવટિયો બેસી રહ્યો. સાપ તેના શરીર ઉપર ચડ્યો. માથા ઉપર ફેણ લઈ ગયો. પછી ઊતરીને ચાલ્યો ગયો. જોગીદાસ તો જેમના તેમ બેસી રહ્યા હતા."

આ પ્રસંગ લોકસાહિત્યકથાઓ - જોગીદાસ ખુમાણ. (લે. ઝવેરચંદ મેઘાણી) પાન ૯૬ થી ૧૫૬માં નોંધાયો છે.

આવો સંતપુરુષ લશ્કરના બળે લઈ લેવાયેલ ગીરાસ માટે ઝઝૂમે તોપણ તેને બહારવટીઓ કહી શકાય ખરો?

પોતાના ગીરાસ માટે ઝઝૂમતા કાઠી ગીરાસદારોને અંગ્રેજ ઇતિહાસકારોએ, લૂંટ-લૂંટારા શબ્દથી નવાજ્યા છે. સૌરાષ્ટ્રમાં ઘણાં રાજ્યો સ્થપાયાં. તેના સ્થાપકો બધા ટંકશાળો લઈને આવ્યા હશે? માત્ર કાઠી ગીરાસદારોએ જ લૂંટના પૈસા વડે તેમની ફોજોને નિભાવી છે? મરાઠા સામ્રાજ્યના સ્થાપક મહારાજા શિવાજીએ સુરત શહેર ઉપર છ-છ વાર લૂંટ કરી હતી ત્યારે સામ્રાજ્ય સ્થાપી શકાયું હતું તે વાત કેમ નહિ સમજાતી હોય?

વીર બાવાવાળા

(ઈ. સ. ૧૮૨૦ ૧૮૨૨ લગભગ)

સત્તરમી સદીની આખરમાં વિસાવદર અને છેલણના મહાલો લુંધિયાના રાણીંગવાળા અને માંડાવડના માત્રાવાળાના તાબે હતા. તેઓ જૂનાગઢથી સ્વતંત્ર હતા. આ વિશાળ વિસ્તારના મોટા ભાગમાં જંગલો જ હતાં. વસ્તી નહિવત્ હતી. તેથી તે જાળવવામાં મુશ્કેલી ઊભી થયા કરતી હતી. ગોંડલ રાજ્યની દખલ પણ થતી હતી. તેથી આ વાળાઓએ તે ગીરાસનો અર્ધો ભાગ અને કેટલીક જિવાઈ રાખી, બાકીનો વિસ્તાર, મદદગારી મળવાની શરતે ઇ. સ. ૧૭૮૨માં જૂનાગઢના નવાબને સોંપી આપ્યો. નવાબને આ વિસ્તાર સાચવવો મુશ્કેલ લાગ્યો હશે તેથી ઈ. સ. ૧૭૯૪માં બાંટવાના બાબીને તેની શાહજાદીના લગ્નપ્રસંગે પહેરામણીમાં આપી સરહદે કાઠીઓની હાકથી અળગા થવા પ્રયાસ કરો.

બાંટવાના બાબીઓને સોંપવામાં આવ્યો તે વિસ્તાર ઉપરાંત વાળા કાઠીઓએ જે અર્ધો ભાગ પોતાના હસ્તક રાખેલ હતો. તે પણ તેણે દબાવીને કબજો કર્યો અને વાળાઓને સતાવવા લાગ્યા.

તેથી વાળાઓ ગીરના જંગલમાં ભરાયા અને ત્યાંથી આજુબાજુના વિસ્તાર ઉપર લૂંટ અને ત્રાસનું વાતાવરણ ઊભું કર્યું.

રાણીંગવાળા અને માત્રાવાળાએ એકમત થઈ ગોંડલ રાજ્ય સામે પણ જેહાદ જગાવી હતી. તેમણે ગોંડલ રાજ્ય ઉપર બહારવટું કર્યું - તેમાં રાણીંગવાળાના ભાઈ વાલેરાવાળો ખપી ગયા હતા. ગોંડલવાળાઓએ કુનેહ કરી રાણીંગવાળા અને માત્રાવાળા વચ્ચે કુસંપ કરાવ્યો. કહે છે કે ગોંડલ પાસે ઊંટિયું ઝેર હતું. તે માત્રાવાળાના પગરખામાં લગાડાવી તેને ખતમ કરવા પણ પ્રયાસ થયો હતો. માત્રાવાળા તેની ચાલમાં આવ્યો નહિ તે બચી ગયો.

આ માત્રાવાળા જોરાવર પુરુષ હતો. કોઈક દિવસ આવો બળિયો માણસ કામ આવે તેમ વિચારી, તેને વિશ્વાસમાં રાખવા મેરૂ ખવાસે મેવાસા ગામ તેને આપ્યું હતું.

સરસિયાના ઠેબાણી વાળાઓએ, તેમનો ધારીનો કિલ્લો રાણીંગવાળાને પાળમાં આપ્યો હતો. માત્રાવાળા અને રાણીંગવાળાના સારા સંબંધોના દિવસોમાં માત્રાવાળા તે કિલ્લાનો ઉપભોગ કરતો. તેને કડીના બંડખોર મલ્હાવરાવ સાથે સારા સંબંધો હતા. તેથી તે જ્યારે ગાયકવાડથી નાસીને સૌરાષ્ટ્રમાં ભરાયો ત્યારે માત્રાવાળાએ તેને આ કિલ્લામાં આશરો આપ્યો હતો.

ઈ. સ. ૧૭૯૯માં ગોંડળના વાસણજી બૂચ, રાણીંગવાળા ઉપર લશ્કર લઈ ચડ્યો હતો પણ સમાધાન કરી પાછો ગયો હતો.

માત્રાવાળા સામે ગોંડલની કુનેહ કામ આવી ગઈ હશે તેથી તેને અને રાણીંગવાળાને વાંધા પડ્યા. રાણીંગવાળાએ બંડખોર મલ્હાવરાવને પકડાવી આપવામાં મદદ કરી.

બાંટવાના બાબીઓ વાળાઓ સામેના વેરનો મુકાબલો કરી શકે તેમ નહિ હોય ત્યારે તેમણે કુનેહ કરી તેઓની અંદરોઅંદર વેર જગવવાના હેતુથી વિસાવદર શેલણાના બધો જ ગીરાસ, માત્રાવાળાને અલિપ્ત રાખી એકલા રાણીંગવાળાને સોંપી આપ્યો. મલ્હાવરાવને પકડાવેલો તેથી ગાયકવાડે પણ આ કામમાં રાણીંગવાળાને મદદગારી કરી હોવાનું પણ કહેવાય છે.

માત્રાવાળાના મૃત્યુ પછી તેનાં વિધવાએ, તેનાં બાળપુત્ર હરસુરવાળા વતી કર્નલ વૉકરને અરજ હેવાલ કર્યા. આઈ. સી. એસ. ઑફિસર અને 'આઉટ લોઝ ઑફ કાઠિયાવાડ'ના અંગ્રેજ લેખક તેના પુસ્તકના બીજા પ્રકરણમાં જણાવે છે કે કર્નલ વૉકરે ભૂલ કરી એક નહીં પણ બે ભૂલ કરી. એક તો તેણે બ્રિટિશ સત્તાની સ્થાપના થયા પહેલાં, રાણીંગવાળાએ જે ગીરાસ મેળવ્યો હતો તે તેના પાસેથી ખૂંચવી લઈને હરસુરવાળાને સોંપ્યો. બીજી ભૂલ એ કરી કે રાણીંગવાળાનો પોતાના ભાગનો ગીરાસ હતો તે પણ કર્નલ વૉકરે તેની પાસેથી ખૂંચવી હરસુરવાળાને સોંપી આપ્યો.

કર્નલ વૉકરે રાણીંગવાળાનો ગીરાસ પણ લઈને હરસુરવાળાને સોંપાવ્યો તેથી

રાણીંગવાળાએ બંડ પોકાર્યું પણ તે પોતાની પાછળ એક પુત્ર બાવાવાળાને મૂકી મૃત્યુ પામ્યા.

રાણીંગવાળાને પુત્ર ન હતો, ત્યારે રાણીંગવાળાએ તેનું જાંબુડું ગામ ત્યાંના જોગી ધમસાણનાથને, જગ્યાના નિભાવ માટે આપેલું હતું. એક વખત આ જોગી પસંદ થયા હતા અને તેણે રાણીંગવાળાને વચન માગવા કહ્યું હોવાનું કહેવાય છે ત્યારે પુત્ર મળવાની માંગણી કરી હતી. રાણીંગવાળાના ભાગ્યમાં પુત્ર નહિ હોય તેથી જોગી ધમસાણનાથે પોતે સમાધિ લઈને રાણીંગવાળાને ઘરે પુત્ર તરીકે જનમ લીધેલો. વચન આપતી વખતે ધમસાણનાથજીએ પુત્ર થશે તેની ઉંમર, પોતાની બાકીની જિંદગીની ઉંમર જેટલી એટલે કે અઠ્ઠાવીશ વર્ષ જેવી રહેશે તેવું કહ્યા હોવાનું પણ લોકમુખે બોલાય છે. પુત્ર થાય તેનું નામ 'બાવો' રાખવાનું પણ જોગીએ કહ્યું હોવાનું મનાય છે. સાધુના આશીર્વાદ અનુસાર બાવાવાળાનો જન્મ થયો. જોગીની ઇચ્છા અનુસાર તેનું નામ રખાયું.

આ બાવાવાળો જ્યારે જુવાન થયો ત્યારે તેણે બહારવટું આદર્યું. તેના બાપુ રાણીંગવાળાનો ગીરાસ જે હરસુરકા શાખના વાળાઓએ ઓળવ્યો હતો તેની સામે અને જેતપુરના દરબાર મુળુવાળા સામે કારણ કે રાણીંગવાળાની વાઘણિયાની ગીરાસની પાટી તેણે દબાવી હતી.

એમ પણ કહેવાય છે કે ચલાળાના સંત આપા દાનાએ સત્ત અને નીતિ ઉપર બાવાવાળો ચાલશે તો તેના બહારવટાને ઊની આંચ નહિ આવે તેવા આશીર્વાદ આપ્યા હતા. સવાર-સાંજ ચલાળાના દાનાબાપુનું સ્મરણ કરી બાવાવાળા ભગવાન સૂર્યનારાયણ સામે, ગમે તેવા ભયના પ્રસંગે પણ, જાનની પરવા કર્યા સિવાય જ્યોત જગાવવાનો કાયમનો નિરધાર કરેલ હતો. એમ પણ કહેવામાં આવે છે કે જે દિવસે બાવાવાળાથી સત્ નહિ પળાય ત્યારે મૃત્યુ નજદીક આવ્યાનું અનુમાન કરવું તેવા સંતના આશીર્વાદ હતા.

વિસાવદર અને ધારીની વચ્ચે જમીનના ધડા તરીકે ઓળખાતી, ડુંગરા ઉપરની જગો છે. ત્યાં દાતારની પણ જગ્યા છે. તે જગ્યા વિસાવદર અને લાલકા ગામ વચ્ચે આવેલ છે. ધારીથી વિસાવદર જતી અત્યારની રાજ્ય ધોરીમાર્ગની સડક ઉપર દક્ષિણ બાજુ લાંગીને આવેલી અત્યારે પણ ઓળખાય છે. ત્યાં બાવાવાળાએ અને તેના સાથીદારોએ બીજી વસ્તીને વસાવી પોતો સતની ધૂણી ધખાવી.

હરસુરકા વાળા અને જેતપુર દરબારનાં ગામો ઉપર બાવાવાળાની બરછી ફરવા લાગી. હરસુરકા વાળાઓના એક પછી એક ગામ ધબેડવા લાગ્યો. ભોજા માંગાણી, માત્રા વેગડ, જેઠસુર બસિયા જેવા ત્રીસ-ચાલીસ સાથીદારોની સંગાથે જુવાન બાવાવાળાએ મોતને મુઠ્ઠીમાં લઈ દુશ્મનોની ઊંઘ હરામ કરાવી.

બાવાવાળા પાછળ ઘીસતુ ફરતી હતી. ગીરની વંકી ભોમમાં સાતતાલી રમતા ડુંગરાઓની ચોગઠ વચ્ચે બાવાવાળા અને તેના સાથીદારો સલામત રહી જતા.

એક દિવસ દરિયાઈ ફોજનો કપ્તાન બાવાવાળાના હાથમાં આવી ગયો. કોઈ

કહે છે કે ફોજ લઈને તે બાવાવાળાને પકડવા નીકળ્યો હતો તો કોઈ કહે છે કે વેલણ બંદરેથી અમરેલી જવા ગીરમાંથી તે પસાર થતો હતો. પણ તે બાવાવાળાની કેદમાં સપડાઈ ગયો હતો.

ભારત ઉપર બ્રિટિશરોની વખંભર રાજસત્તાએ ભરડો લીધો હતો. મોટા મોટા રાજવીઓ તેમના આંખના ઈશારે બેસતા કે ઊઠતા હતા. 'એમ કહેવાતું કે' બ્રિટિશરોના રાજ્યમાં સૂર્ય કદી આથમતા નથી તેટલી દુનિયાની વિશાળ ભૂમિને તેમના શાસન નીચે લીધી હતી.

ભાવનગર રાજ્ય સામે ખુમાણોએ જ્યારે બળવો પોકાર્યો ત્યારે બ્રિટિશરોએ કેટલાય કાઠી રાજાઓને કેદ કર્યા હતા. ખુમાણોને પકડવા તેમની શક્તિ જ્યારે ઓછી પડી ત્યારે તેમણે આ કાઠી રાજાઓના રજવાડાઓ ઉપર જપ્તિ મૂકી. આ કાઠી રાજાઓએ જામીન ઉપર છૂટવા ઇચ્છા બતાવી નહોતી ત્યારે અંગ્રેજ સરકારે જૂનાગઢના નવાબ ઉપર ફરજ પાડી આ કાઠી રાજાઓના ધરાર જામીન બનાવરાવી, જોગીદાસ ખુમાણ અને તેના સાથીદારોને રજૂ કરાવવાની જવાબદારી લાદી. જેતપુર ઉપર થાણું મૂકવા આદેશ કર્યો. થાણું મુકાણું ન હતું છતાં જેતપુર દરબારો ઉપર થાણા ખર્ચની રકમની વસૂલાત કરાવી.

આવા આવા અનેક કરતુકોના ખેલાડી અંગ્રેજ સરકારનો એક અફસર બાવાવાળાના હાથમાં પકડાયો.

ટોપીને તલવાર, નર બીજાને નમે નહિં,
સા'બને મહિના ચાર, બંદીખાને રાખ્યો બાવલા.

બીજાને કદી નહિ નમનાર અંગ્રેજ સરકારનો પ્રતિનિધિ બાવાવાળાનો કેદી થયો. દુહામાં ચાર મહિના કેદમાં રાખ્યો તેમ કહેવાયું છે, ગ્રાંટસાહેબ પોતાની ડાયરીની નોંધમાં અઢી મહિના પોતાને કેદમાં રાખ્યાનું કહે છે. જે હોય તે, લાંબા સમયની તેની તે કેદ હતી તેનો તો કોઈ ઇન્કાર કરતું નથી.

ગ્રાંટસાહેબને છોડાવવા વિશાળ વિસ્તારના ધણી કાબેલ અને શક્તિશાળી અંગ્રેજ સરકારે બાવાવાળાને પકડવા - ગ્રાંટસાહેબને છોડાવવા બહુ ફાંફાં માર્યાં પણ તેમની કારી ફાવી નહિ. છેવટે તેમને કોઈકનો સંદેશો મળ્યો કે ગ્રાંટસાહેબને છોડાવવા હોય તો બાવાવાળાનો ગીરાસ તેને પાછો આપો. તે કહે તે શરતો માન્ય રાખો તો જ ગ્રાંટસાહેબ છૂટશે. ગ્રાંટસાહેબને છોડાવવા અંગ્રેજસત્તાએ કંઈ કરવાની બાકી રાખી ન હતી છતાં તેની જરા પણ કારી ફાવી ન હતી તેથી નાઈલાજ થઈ તેમને મળેલા સંદેશાનો અમલ કરાવ્યો. જૂનાગઢના નવાબ ઉપર દબાણ કરાવીને બાવાવાળાનો ગીરાસ તેને પરત સોંપાવ્યો ત્યારે ગ્રાંટસાહેબ બાવાવાળાની કેદમાંથી છૂટ્યો હતો. બાન પકડવાના અનેક દાખલાઓ બન્યા છે પણ આ પ્રસંગ અનોખો અને ઐતિહાસિક બની ગયો. કર્નલ વૉકરસાહેબના દિમાગે કરેલ ભૂલનું પરિણામ અંગ્રેજ સરકારને ભારે પડ્યું. કાઠિયાવાડના ઇતિહાસમાં આ કિસ્સો અનોખો છે.

અંગ્રેજોએ કાઠી ગીરાસદારોને ડગલે ને પગલે લૂંટારાઓ કહીને નવાજ્યા છે. માણસો અને લશ્કરના ખર્ચને પહોંચી વળવા કાઠી ગીરાસદારોએ પણ સૌરાષ્ટ્રમાં નવા આવેલ બધા જ ગીરાસદાર રાજવીઓએ કર્યું હતું તેનું જ અનુકરણ કર્યું હતું. લશ્કરના જોરે પોતાના રાજ્યો - ગીરાસો ઓળખી જતા મોટા રજવાડાઓ સામે જેમણે બંડ ઉઠાવ્યા તેવા બંડખોરને તેમણે બહારવટિયા જાહેર કર્યા. એવા આ એક બહારવટિયાએ અંગ્રેજ સરકારનું નાક દબાવી મોઢું ઉઘાડી નાખ્યું હતું. એટલે આ એક અનોખો અને નોંધનીય બનાવ ગણાયો છે.

ગ્રાંટસાહેબે તેની ડાયરીમાં, તેમની કેદી અવસ્થાના દિવસોની નોંધ લખી છે. તેમાં તેણે બહારવટિયાઓની ક્રૂરતા, પાણાના ઓસિકા નીચે રાતઉજાગરા વિ. બધી બાબતોનો ઉલ્લેખ કર્યો છે. માત્ર અઢી મહિનાના ગાળા પછી ગ્રાંટસાહેબને સનેપાત ઊપડી ગયો હતો. તો વર્ષો સુધી બહારવટું ખેડનારની કઈ દશા થતી હશે તે શાસકો સમજતા થાય, મુઠ્ઠીમાં મોત લઈ, ભૂખ, તરસ અને ભયના વાતાવરણ વચ્ચે વર્ષો પસાર કરનારને, તે પ્રસંગ જ ઊભો થવા દીધા સિવાય, સાચો ન્યાય આપતા થાય તો નિર્દોષોને વેઠવો પડતો ત્રાસ પણ આપોઆપ દૂર થાય. ગ્રાંટસાહેબની આ ડાયરી વિસ્તારભયે અહીં મૂકવી મુનાસબ નથી. કર્નલ વૉટ્સનના કાઠિયાવાડ સર્વસંગ્રહના પાન ૭૩ ઉપર અને ઝવેરચંદ મેઘાણીના સોરઠી બહારવટિયા નામક પુસ્તકના પાન ૧૧૩ ઉપર તે પ્રકાશિત થયેલ છે.

બાવાવાળાને તેનો ગીરાસ મળી ગયો. જોગીએ ભાખેલી તેની ઉંમર પૂરી થવા આવી હતી. તે દિવસોમાં બાવાવાળાના જોડીદાર, ભોજા માંગાણીએ હઠ પકડી કે બાવાવાળા, હરસુરવાળાય ચોરાશી પાદરનો ધણી હતો. અત્યારે તેના છોરુડા અનાજ વગર ટળવળે છે. હરસુરવાળા મજૂરી કરી શકે નહિ માટે તેને પણ થોડીક જમીન આપ તો તે ગદરી ખાય.

પણ બાવાવાળાને ઉપર કહ્યું તેમ જોગીએ આપેલ ઉંમર પૂરી થવા આવી હતી. નજીવી શંકાથી અસ્ત્રી હત્યાનું તેના ઉપર પાપ ચડ્યું હતું. તેથી સંતના આશીર્વાદ મુજબ જ્યોતનો પ્રકાશ પથરાતો બંધ થઈ ગયો હતો. તેના દિવસો પૂરા થયા હતા તેથી તેણે ભોજા માંગાણીની વાત માની નહિ. "જમીન ચાંકડે નથી ઉતરતી" તેવા મર્માળુ વેણ કહ્યા ત્યારે માંગાણી વિફર્યો. હરસુરવાળાને સાથ આપ્યો. માણસોની સગવડ કરી રાતના વિસાવદરના બાવાવાળાના દરબારગઢ ઉપર ખાબક્યા અને બાવાવાળો ધિંગાણામાં બહાદુરીથી લડી વીરગતિને પામ્યો.

આ પ્રકરણમાં જોગીદાસ ખુમાણ અને બાવાવાળાના બંડની વાતો કરવામાં આવી. બન્ને વીરનરોની બહાદુરીને બિરદાવી છે. તેમ કરવામાં ન આવે તો ઇતિહાસ અધૂરો ગણાય. જગતભરમાં વીરતા પૂજાણી છે. કાઠિયાવાડ તેમાંથી અલિપ્ત રહી ન શકે.

આ બે વીરલાઓની કથા આ પ્રકરણમાં આલેખવાનો મારો આશય એટલો જ છે કે તે બહારવટિયા ન હતા. હા બંડખોર જરૂર હતા. જેમને ન્યાયની અદાલતોમાં પગરખાં ઘસી નાખવા છતાં ન્યાય ન મળે. પોતાની બાપુકી જાગીરો ઉપર સેનાના જોરે આક્રમણ કરી પચાવી પાડવામાં આવે ત્યારે મરવા-મારવા સિવાય કોઈ ઇલાજ રહેતો ન હતો. કરારોથી જેમની જાગીરોને વૉકરસાહેબ રક્ષણ આપે અને તેમની જ સરકાર મોટા રજવાડાઓની બોતાજી કરી રક્ષણ ન આપે ઊલટાં, હરસુરવાળાનો ગીરાસ તો ઠીક પણ સાથે બાવાવાળાનો ગીરાસ પણ તેને સોંપી દેવા ફરજ પાડે ત્યારે જ, અંગ્રેજોએ કહ્યા છે તેવા બહારવટાં ઉદ્‌ભવી શકે.

દેશના વિદ્વાનોએ જ નહિ પણ અંગ્રેજ મહાસત્તાના પ્રતિનિધિ સમા કીનકેઈડે પણ આ વાતમાં પોતાનો સૂર પુરાવ્યો. આ અંગ્રેજ બચ્ચાને સાચો ખેલદિલ અને ન્યાયી કહી શકાય, એમ હું માનું છું.

નોંધ : કાઠી ક્ષત્રિયોના ઇતિહાસને વાચા આપવા, તેનું સંકલન કરવાનું કામ હાથ ઉપર લીધું છે ત્યારે સંત જેવા જોગીદાસ અને વીર બાવાવાળાના 'ભારથના બે ડગલા' મંડાવી તેઓ બહારવટિયા ન હતા તે બતાવવા પ્રયાસ કર્યો છે. કાઠી ક્ષત્રિયોની શક્તિ, નેકટેકની વાતો લખી છે. જે નમૂના ખાતર પણ અહીં લખવી જરૂરી લાગી છે.

છતાં પણ મને હજુ પણ વાત અધૂરી જણાય છે. સંત જોગીદાસ અને બાવાવાળાને બહારવટિયા ચીતરવા મેં ભલે શબ્દોથી તેનો પ્રતિકાર કર્યો. તેની સાથે મારે મારા આ પુસ્તકમાં કાઠી ક્ષત્રિયોના સત અને નીતિની એક, અનેકમાંથી માત્ર એક, વીરનરની કથા આલેખવાની ઇચ્છા છે તેને નિવારી શકતો નથી. તેથી અહીં આલેખું છું.

વીર ચાંપરાજવાળા (ઈ. સ. ૧૮૩૫)

અત્યારના ધારી તાલુકાના ચલાળા ગામની બિલકુલ નજદીકમાં કહી શકાય તેવા ઉગમણી દશે આવેલ ગામ ચરખા કે જેને અત્યારે ચાંપરાજવાળાના ચરખા તરીકે લોકો ઓળખે છે. તે ચરખાના ચાંપરાજવાળાને પણ લોકો ઓળખે તે જરૂરી લાગે છે.

ચરખાના વાળા દરબાર ફકીરા વાળા પછી, તેનો ગીરાસ અને વહેવાર તેના પુત્ર ચાંપરાજ વાળે સંભાળ્યા.

જૂના એ જમાનામાં કાઠી ક્ષત્રિયોમાં એક રિવાજ રૂઢ થઈ ગયો હતો કે કોઈના પણ ઘરે ખોટકાનો પ્રસંગ ઊભો થાય અને કારજ કરવામાં આવે ત્યારે બહોળી નાતને નોતરવી. ત્યારથી એક રિવાજ રૂઢ થઈ ગયો છે કે કારજના કાગળો - મેલાઓ લખાય તેમાં 'ગામ તરે પણ નામ ન તરે.' તે પ્રથા અંશતઃ હજુ પણ ચાલુ છે. કારજના દિવસે તેથી મોટી સંખ્યામાં જ્ઞાતિજનો - સંબંધીઓ એકઠા થાય. તે દિવસે અંદરોઅંદરના વાંધા વિષ્ટિ હોય તેનો ડાહ્યા મોટેરાંઓ નિકાલ લાવે - સમાધાન કરાવે. નવા કોઈ પણ પર-પરિયાણ હોય તો તેની વિગતો ત્યાં નક્કી થાય. પગપાળા કે ઘોડાથી ત્યારે મુસાફરી થતી એટલે તાત્કાલિક કોઈ બાબતોનો સામૂહિક નિર્ણય લઈ શકાતો નહિ અને સમાજને

જાણકારી આપવી હોય તો આપી શકાય નહિ. તેથી આ પાણીઢોળને દિવસે મહેમાનોની બહુ મોટી હાજરી રહેતી અને ત્યાં બધા પર-પરિયાણ થતાં. ઘરધણી ઉપર મહેમાનોની વ્યવસ્થાનો મોટો બોજો આવે, જમણવાર માટે મોટી તૈયારી અને ખર્ચ થાય પણ પાણીઢોળના દિવસે આવનાર દરેકના દિલ ઉપર શોકની અસર હોય ત્યાં વિષ્ટિ પર પરિયાણની સારી અસર થતી. ઉપર કહ્યું તેમ ઘરધણી ઉપર ખર્ચનો બોજો પડે તેમાં મદદરૂપ થવા દરેક આગંતુક પોતાના તરફથી વહેવારની રકમ નોંધાવતાં. 'સાપ ગયા ને લિસોટા રહ્યા' તે કહેવત અનુસાર ગામ ગીરાસ ગયા, વિષ્ટિ ગઈ પર પરિયાણ ગયા પણ 'ગામ તરે પણ નામ ન તરે' તે પ્રથા અત્યારે ચાલુ રહી છે. જમીન કે બીજી મિલકત વેચીને અથવા ગીરો મૂકી હજુ આ પ્રથા ચાલુ રહી છે.

ચલાળા મુકામે તે વખતે એક કારજ હતું. પાણીઢોળના આ દિવસે ત્રણેય પરજના મહેમાનો, કુટુંબીઓ, સ્નેહીજનો મોટા સમૂહમાં એકઠા થયા હતા.

પહેલાના સમયમાં એકઠો થતો હતો તેટલો જ સમૂહ હજુ ભેગો થાય છે. બહુ દૂરથી સગાના સગા ઉપરાંતના જ્ઞાતિજનો એકઠા થાય છે. બોઘરાના બોઘરા ઠાલિયા ઠલવાય છે. તે પણ સમ સાગરા દઈ દઈને. જોકે આ પ્રથા લુપ્ત થવાની શરૂઆત થઈ છે ખરી પણ પોતાનું મોળું કહેવાશે તેવા ભયને કારણે, કાઢવા જોગી પ્રથાને સમૂળગો દેશવટો નથી દેવાયો તે આ જ્ઞાતિની મનશીબી છે. સાચાખોટા તડસા દઈ, બપોરે ભોજન કર્યા પછી વહેવાર હજુ પણ નોંધાવાય છે અને પછી જ દાયરો વિખરાય છે. જે સત્ત્વને ખાતર બહોળા સમૂહને નોતરવાની પ્રથા પડેલ હશે તે વાત વિસારે પડી ગઈ છે.

વર્તમાન યુગમાં મોટું પરિવર્તન આવ્યું છે. ગામ-ગીરાસવાળી આ હાકેમ કોમમાં, 'અથથી ઈતિ' સુધીના રિવાજો રજવાડી હતા. બહુ ખર્ચાળ હતા. જમીનદારી કાયદો આવતાં અને રાજાઓનાં સાલિયાણાં બંધ થતાં હવે જૂના રિવાજો નિભાવવા અતિ મુશ્કેલ થયા છે. છતાં આ જૂના પ્રસંગોપાત્તના રિવાજ હજુ તેટલા જ ખર્ચાળ અને મોંઘા બની રહ્યા છે. મોટા ભાગના કાઠી ક્ષત્રિયો હજુ રિવાજ છોડતા નથી. એકે કર્યું તેમ બીજાએ કરવું પડે તેમ કહી જૂની ખર્ચાળ પદ્ધતિઓ પરવડે કે ન પરવડે તોપણ ચાલુ રહી છે.

એટલે સમાજના વિકાસ માટે કુરિવાજો બંધ કરી નવું બાંધણું બાંધવાની તાતી જરૂર છે. તે કામે કારજના પ્રસંગનો લાભ ઉઠાવી સમૂહ વિચાર થઈ નિર્ણયો કરી - કરાવી શકાય પણ તેમેય થતું નથી. ચલાળા પાસેના એક ગામમાં હું કારજ ઉપર ગયો હતો. ગામની વસ્તી ૧૫૦ માણસની હતી. મહેમાનોની સંખ્યા ૧૫૦૦ની હતી. ગામમાં ન સમાય તેથી સીમ-વગડાનાં ઝાડવાંના છાંયે મહેમાનોને બેસારવા પડ્યા હતા. પણ આ સમૂહનો કોઈ ઉપયોગ થતો નથી.

મૂળ વાત ઉપર આવીએ તો આવા કારજને પ્રસંગે ચલાળા મુકામે કાઠી જ્ઞાતિનો મોટો સમૂહ એકઠો થયો હતો.

તે વખતે ચરખાના ચાંપરાજવાળા પણ આવ્યા હતા. ટીંબલાના દરબાર હાથિયાવાળા અને જેઠસુરવાળા પણ આવ્યા હતા. ચાંપરાજવાળાના ફૂઈની દીકરી રૂપદેબાઈને જિવાઈ અપાવવામાં આનાકાની થતી હતી. લાંબા સમયથી જિવાઈ નહિ મળતાં રૂપદેબાઈ દુ:ખી થઈ ગયાં હતાં. તેથી ચાંપરાજવાળા એ તકનો લાભ લેવા ટીંબલાના દરબાર હાથિયાવાળાને વાત કરી. ભરડાયરામાં જિવાઈની બાબત આવતાં હાથિયાવાળા અને તેની સાથે કારજે આવેલા જેઠસુરવાળાને આ વાત ન ગમી. તેઓ થોડાક છંછેડાયા. ચાંપરાજવાળા લાંબા સમયથી જે વાતનું નિવારણ લાવવા પ્રયત્નશીલ હતા તેમ તેમની વેદના ઠલવતા રહ્યા.

જિવાઈની વાત ઉપર બે પક્ષ પડી ગયા. ચાંપરાજવાળાના રંડવાળ ભાણેજ રૂપબાઈબેનની તરફેણમાં તે વધુ આગ્રહી રહ્યા ત્યારે હાથિયાવાળા અને જેઠસુરવાળાએ ચાંપરાજવાળાને સુણાવી દીધું કે "એમ તારા કહેવાથી કંઈ થોડી જિવાઈ થશે." જવાબમાં ચાંપરાજવાળાએ પોતાને ટીંબલા આવવું પડશે તેમ કહ્યું. સામા પક્ષે ચાલ્યા આવવાનું આહ્‌વાન કર્યું. ચાંપરાજવાળાએ તે સ્વીકાર્યું. તે દિવસથી એક અઠવાડિયાની મુદત અપાણી. અરસપરસની લાગણીઓ અથડાણી. ચકમક ઝર્યા. તેમાંથી નિર્ણય બાવડાના બળ ઉપર લેવાની વાત પહોંચી.

ટીંબલામાં કાઠી દરબારોનું મોટું જૂથ હતું. ચાંપરાજવાળાએ વાયદો કરી વાળ્યો, પણ પછીથી તે વિચારમાં પડ્યો કે પોતે થોડી ઉતાવળ કરી છે.

સમય અનુસાર ચરખાના ચાંપરાજવાળા પાસે એક મકરાણીઓની ટુકડી રહેતી. તેના જમાદારને ચાંપરાજવાળાએ વાત કરી. વાયદો નિભાવી લેશું તેમ જણાવી, જમાદારે ખેપિયો મોકલી, આવતા રવિવારે ટીંબલા આવવાના પોતાના નિશ્ચયની જાણ કરી. તમે કંઈ ગફલતમાં ન રહેશો તેવું પણ જણાવી દીધું.

ધિંગાણાની જાણે કે કંકોત્રી લખાણી. ટીંબલાવાળાઓએ આજુબાજુના પોતાના લાગતાવળગતાને એક દિવસ અગાઉ બોલાવી લીધા.

ટીંબલામાં એક સામતવાળા કરીને ગળઢેરા હતા. તેને અને ચાંપરાજવાળાને ઘાટી ભાઈબંધી હતી. એક બીજાને આંતરે ગાંઠ્યું હતીયું. અઠવાડિયા પંદર દિવસે એક બીજા મળે, એક બીજાના મહેમાન બને, ડાયરા થાય અને કસુંબાની અંજલીઓ લ્યે અને લેવરાવે. એક બીજા, એક બીજાની વિપદના સાથી હતા. તેથી ચાંપરાજવાળાએ ખાસ અસવાર મોકલી, પોતાના જાઈભાઈ સામતવાળાને ખબર મોકલ્યા કે ભાઈ રવિવારના એક દિવસ માટે તું ભલો થઈ ટીંબહામાં રહેતો નહિ.

રવિવારનો દિવસ આવી ગયો. ચાંપરાજવાળા પણ પોતાના મકરાણીઓ અને જાઈભાયો સાથે ટીંબલા પહોંચી ગયા. ટીંબલાના ચોરે, ટીંબલાના મહેમાનોનો હકડેઠઠ ડાયરો બેઠો છે. કસુંબા લેવાઈ રહ્યા છે. ચાંપરાજવાળાને દેખીને તેને પણ કસુંબો લેવા આગ્રહ થયો, સ્વીકારાયો. કસુંબા લેવાણા ન લેવાણા ત્યાં તો ટીંબલાને પાદર,

મકરાણીઓની સીસકાણો હમાકા લેવા માંડી. ચાંપરાજવાળા અને ટીંબલા વાળાઓ વચ્ચે ધિંગાણું થયું. કંઈક મરાણા કંઈકે વહેતી પકડી.

ચાંપરાજવાળો દરબારગઢમાં પહોંચ્યો. રૂપદેબાઈને પોતાનાં કપડાં-લત્તાં, ઘરેણુંગાંઠું લઈ તૈયાર કરાવેલ માફામાં બેસી જવા કહ્યું. ગઢના બીજા બાઈયું બેનુને જણાવ્યું કે, રૂપબાઈબેનની જિવાઈની ચડત પણ ચૂકવવી પડશે. તેમાં તમે સૌ તમારાં ઘરેણાં ઉતારી દ્યો.

ત્યારે દરબારગઢની નાઠાબારીએથી સામતવાળો કૂદ્યો. હાકલ કરી, ગઢનાં બાઈયું બેનુ ઉપર ચાલતી લૂંટ અટકી ગઈ. ચાંપરાજવાળાએ સામતવાળાને દેખી આશ્ચર્ય થયું. પૂછ્યું ભલાભાઈ હજુ તું અહીં જ છો. સામતવાળાએ પડકારો ફેંક્યો કે મારી બાઈયું બોનું ઉપર તમે લૂંટ કરો અને આ સામંત ટીંબલા છોડે ખરો?

સામતવાળાએ તલવાર ખેંચી. ઘરેણાં ઊતરવતા જુવાનો તરફ ધસ્યો. થાજો માટી કહીને તે ઘા કરે ત્યાં તો ચાંપરાજવાળાના માણસોએ તેને ઘેરી લીધો. હાં, હાં, કરતો ચાંપરાજવાળો વચ્ચે પડ્યો. પણ તેના જોડીદારે કામ પૂરું કર્યું. હેતપ્રીતની આંતરે ગાંઠ્યું પડી તેના કરતાં તેને તેની ફરજની કિંમત ઊંચી લાગી. સામંતવાળા કામ આવી ગયો.

ચાંપરાજવાળે વેલડું રવાના કરી તેના ભેગા ચોકિયાતો મોકલ્યા. પોતે ચરખા નહિ જતાં સિધ્ધો બહારવટે નીકળી ગયો.

હા ને નાની હુંસાતુંસીમાંથી ધિંગાણું સરજાણું. પોતાની જાત કરતાં અબળાની સહાયની કિંમત તેણે ઊંચી આકારી. ઉપર આભ અને નીચે ધરતીની પરીસીમાઓમાં ચાંપરાજવાળો પસરી ગયો. પછીથી જે બીજા બહારવટામાં બને છે તેમ ચાંપરાજવાળાના બહારવટામાં ઝીંકાઝીંક બોલી. ગાયકવાડી પ્રદેશમાં લૂંટો કરી ધોળા દિવસે અમરેલી ભાંગ્યું. ખાંભા પાસેના ભાણિયાના ડુંગરે એક ગોરા અફસરને પતાવ્યો. દિવસે દિવસે આવું લિસ્ટ મોટું થતું ગયું. ગાયકવાડી ફોજ ચારેકોર ફરવા લાગી.

ચાંપરાજવાળાએ મકરાણીઓને હફેદફે કરી દીધા અને પોતે બે-ચાર સંગાથીને લઈ જેપુર પહોંચ્યો. માળવા ભટક્યો. બહારવટાની સાથે દુઃખિયાના દુઃખનો ઇલાજ પણ તે કરતો હતો. દગાફટકાથી વહેમાતો, બચતો તે ફરીથી ગુજરાતમાં પ્રવેશ્યો.

બહારવટે નીકળતા પહેલાં તેના સારી ચાલચલગતના જામીન લેવાયા હતા. જામીન તરીકે જેતપુરના દરબાર મુળુવાળા હતા. જામીન ખતાની બાંહેધરીમાં તેણે તેના ગીરાસને હોડમાં મૂક્યો હતો. એજન્સી સરકારને મોકો મળ્યો. તેણે મુળુવાળા ઉપર ધોંસ બોલાવવી શરૂ કરી કે કાં તો ચાંપરાજને રજૂ કરો નહિં તો તમારું રાજ જતું કરો.

મુદતો પડી. પણ મુળુવાળા કંઈ તજવીજ કરતા નથી. પોતાના માસયાઈ ભાઈ ચાંપરાજવાળા ઉપર અંગ્રેજ અફસરના ખૂનનું તહોમત હતું. તેને સોંપે તો જિંદગીભરની જેલ સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. તેથી મુળુવાળાને મન તેનો માસિયાઈ ભાઈ તેના રાજપાટથી વિશેષ જણાયો.

પણ એક બારોટે અનાયાસે આ વાતના વાવડ ચાંપરાજવાળાને દીધા. ચાંપરાજવાળાએ જામીન ઉપર થતી કનડગતની જવાબદારી મનોમન સ્વીકારી લીધી. મુળુવાળા પાસે હાજર થયા. મુળુવાળા પોતાનું થવું હશે તે થાશે પણ જિંદગીભરની જેલથી બચવા ચાંપરાજવાળાને સમજાવ્યો. તે ન માન્યો ત્યારે તેને રાજકોટ જઈ સોંપી આપ્યો. દુનિયાએ માન્યું કે મુળુવાળાએ ખોટ ખાધી. અંગ્રેજથી ડરીને તેની તવાઈથી બીયને જવાંમર્દ ચાંપરાજને જલાવી દીધો.

મુકરદમો ચાલ્યો. જન્મટીપની ચાંપરાજવાળાને સજા થઈ. ઈ. સ. ૧૮૩૭ની તે સાલ હતી.

આ બધી વાતો ટૂંકાણમાં કહી છે. બહારવટાની વિગતમાં ઊંડો ઊતરવા માગતો નથી. મારે જે કહેવું છે તે હવે પછી કહેવા માગું છું.

દુનિયાએ ચાંપરાજવાળાને બહારવટિયો જ ગણ્યો હતો. તેણે નિર્દોષોને રંજાડનાર માત્ર જાલીમનો લૂંટારો હોવાનું માન્યું હશે પરંતુ તેની પરીક્ષા જેલમાં સજા ભોગવતાં ભોગવતાં થઈ હતી. તે વાત કરીએ તે પહેલાં, મુળુવાળાના જામીન ખતાથી છૂટેલા ચાંપરાજની એક વાત કહેવા જેવી છે, તે લઈએ.

ધારીની નજદીકમાં માણાવાવ નામે ગામ છે. અસલમાં તો તે લાખાપાદર થાણા નીચે હતું. ત્યાંના તાલુકદારો વાળા કાઠી ગિરાસિયા છે.

કાઠિયાવાડમાં બ્રિટિશરોએ સત્તા સ્થાપી ત્યારે તેનો રેસિડેન્ટ કર્નલ વોકરનો મુકામ વડોદરા રહ્યો હતો. પણ અંગ્રેજ ફોજ, ગાયકવાડ સરકારની હકૂમત નીચે આવેલ અમરેલીના સૂબાની દેખભાળ નીચે રહી.

ઈ. સ. ૧૮૨૦ આસપાસમાં અંગ્રેજોએ પોતાનું સદર સ્ટેશન રાજકોટમાં સ્થાપ્યું ત્યારે અહીં રહેતું લશ્કર ત્યાં ચાલ્યું ગયું હશે.

ગાયકવાડ સરકારે, અત્યારના અમરેલી જિલ્લાનો ખાસ કરીને અમરેલી, ધારી, ખાંભા, દામનગરનો વિસ્તાર કાઠી ગીરાસદારો પાસેથી એક યા બીજી રીતે હસ્તગત કર્યો હતો. આ વિસ્તારના કાઠી ગિરાસિયાઓના ગીરાસ છિનવાતાં ઠેરઠેર તેનો પ્રકોપ વર્તાતો હતો. ગાયકવાડ સરકારની રાજધાનીથી આ મુલક દૂર પડતો હતો. તેથી ત્યાં બંડો થતાં અને વધુ થવાની શક્યતા ગાયકવાડ સરકારને જણાઈ હશે તેથી તેણે ધારી મુકામે એક લશ્કરની ટુકડી રાખી હતી. તે રાખવાનો હેતુ માત્ર અહીંની કરડી અને ખુમારીવાળી પ્રજાઓ તેમના મુલકને અડચણરૂપ ન બની શકે તે હોઈ શકે છે. અત્યારે આ મિલિટરીનાં મકાનો ઊભાં છે. તેનો ઉપયોગ હાલમાં ખેતી સ્કૂલ ચલાવવામાં થાય છે. ઇ. સ. ૧૯૪૭ પહેલાં આ લશ્કર અહીંથી ખસેડાઈ ગયું છે.

બ્રિટિશરોએ કાઠિયાવાડમાં ઇસુની ઓગણીસમી સદીની બિલકુલ શરૂઆતમાં પગ મૂક્યા હતા. તેના એકાદ બે દાયકા વચ્ચેનો આ બનાવ છે.

તે સમયમાં, ગીરાસદાર કાઠી ગળઢેરાનો ડાયરો સામાન્ય દિવસોમાં તેમજ વરે

પ્રસંગે પણ ગામના ચોરે (રામજી મંદિરે) બેસતો. તે રીતે એક દિવસ રાબેતા મુજબ માણાવાવ ગામના ચોરે કાઠી ગળઢેરાઓનો ડાયરો બેઠો હતો. ત્યારે, સીમમાં સરપણછાંણા વીણવા ગયેલી ગામની બૈરાઓએ આવીને ખબર આપ્યા હતા કે માણાવાવની બાજુના જ ડુંગરામાં કોઈ સરકારી જણાતા માણસો હરણનો શિકાર કરે છે.

વાળા દરબારો હરણનો શિકાર પોતે તો કદી કરતા નથી પણ તેમના વિસ્તારમાં બીજા કોઈ ચમરબંધીને પણ કરવા દેતા નથી.

આ વાત સંબંધી એક લોકોક્તિ છે કે ઢાંકના રાજા ધાનવાળા ત્યારે વળાના ગાદીપતિ હતા. દિલ્હીના બાદશાહના દરબારમાં ક્ષત્રિય રાજાઓના વખાણ કરતાં, એક સમયે એક બારોટ થાકતો નથી. વાત વાતમાં તેણે કહી દીધું કે ચારણોને માટે તો તે પોતાના સાત-સાત દીકરાઓને પણ ઓળઘોળ કરી શકે છે. આ વાત ઉપર બાદશાહને અને ચારણને જીદ થઈ. બાદશાહ કે તેવું બને નહિ. ચારણ તેની વાતમાં મક્કમ થયો. બાદશાહે વાતને ખાત્રી કરાવવા ચારણને છ માસની મુદત આપી. ત્યાં સુધી તેના સાત દીકરાઓને બાદશાહે અટકમાં રાખ્યા. જો ચારણની વાત સાચી પડે તો તેને મોટો સરપાવ આપવા અને જો ખોટી પડે તો તેના સાતેય પુત્રોને વધેરી નાખવાની હોડ બકાણી.

ચારણ ઘણા મુલકમાં ફર્યો પણ તેણે બકેલી આકરી હોડમાં હોમાવા કોઈ તૈયાર થતું નથી. મુદતમાં માત્ર થોડા દિવસો બાકી રહ્યા હતા ત્યારે ચારણ ફરતો ફરતો વળા-તળાજા આવ્યો. ધાનવાળા ત્યાં રાજ કરતા હતા. તેની પાસે રાજાની બિરદાવલીઓ ગાઈ અને પછી પોતાને આવવાનું કારણ જણાવ્યું. મેં જે રજપૂતાઈનાં વખાણ કર્યાં તે આજે ક્યાંય જોવા ન મળી. મારા દિલમાં જે રજપૂતોની શૂરવીરતા અને દાન-દિલાવરીના અરમાન હતા તે ક્યાંય નથી દેખાતા. રજપૂતી અને ક્ષત્રિયવટ જો રાંડી બેસશે તો મારા સાત પુત્રોનો શિરચ્છેદ થશે તે વાત પણ ચારણે કરી.

ધાનવાળાએ તેના સાત પુત્રોને બોલાવ્યાં. ચારણની આપવીતી કહી સંભળાવી અને પછી તેઓની રાય માગી. સાતેય પુત્રોએ હસતે મુખે, ચારણના પુત્રોને બચાવવા, પોતાના ભોગ આપવા ખુશી બતાવી. જગજાહેર છે કે ધાનવાળાના પૂર્વજ એભલવાળાએ સાંય નેસડીના પતિનો કોઢ મટાડવા, પોતાના પુત્ર અણોવાળાનું માથું સગે હાથી ઉતારી, ચારણને અણાના લોહીથી નવરાવ્યો હતો.

આ એભલવાળાના વંશના રાજવી ધાનવાળાએ ચારણને હસતે મુખે પોતાના સાતેય કુંવરો અર્પણ કર્યા હતા. બાદશાહે કુંવરોને બિવરાવ્યા - બહેકાવ્યા પણ સાતેય કુંવરો અડગ રહ્યા અને ચારણ પુત્રોને બદલે પોતાના ઉપર તલવાર ચલાવવા બાદશાહને અનુમતિ આપી. કુંવરોને જલ્લાદને સોંપવામાં આવ્યા. બાજુના મકાનમાં તેને લઈ જવામાં આવ્યા અને એક પછી એક કુંવરોને વધેરવાની કામગીરી શરૂ કરી.

ચારણની સાથે શરત હતી કે કુંવરોનો શિરછેદ થશે ત્યારે એક પછી એક

કુંવરની આંખો દરબારમાં લાવવામાં આવશે. વારાફરતી તે આંખોને કુંવરના પિતાએ પગથી કચરવી પડશે અને તે પણ આંખમાં આંસુનું ટીપુ પણ વ્યા સિવાય.

આ પ્રમાણે વારાફરતી બબ્બે આંખ લઈને બાદશાહનો હજૂરિયો આવતો ગયો. ધાનવાળા તે આંખોને કચરતા ગયા. સાતમી વારની આંખો આવી ત્યારે રાજાની આંખમાં આંસુનું બિંદુ દેખાણું. બાદશાહે કૂદીને હુંકાર કર્યો કે શરતનો ભંગ થયો છે. ચારણની હાર થઈ છે. ત્યારે ધાનવાળાએ બહુ નરમાશથી બાદશાહને વિનંતી કરી કે તે પોતાને સાંભળે. બાદશાહે ધાનવાળાને કહેવાની તક આપી ત્યારે ધાનવાળે જણાવ્યું કે આ સાતમો પુત્ર પોતાનો ન હતો. તે પાલકપુત્ર હતો. તેનું લાલનપાલન કર્યા પછી પોતે સામે ચાલી તેનો વધ થવા દીધો તે ધાનવાળાને રંજ થયો તેથી તેની પાંપણો ભીની થઈ હતી. બાદશાહે વાતને યથાર્થ ગણી. બધાને બાદશાહે સરપાવ આપ્યા.

પોતાના પુત્રોના જાન બચ્યા પણ તેમને બચાવવા ખાતર જે પશુડાઓનો ભોગ લેવાયો, તે હરણને ધાનવાળાએ અભય આપ્યું. એમના વંશમાં કોઈ તેમના રાજમાં હરણનો શિકાર કરશે નહિ કે બીજાને કરવા દેશે પણ નહિ. હાલમાં પણ વાળા કાઠીઓ તે વાતનું અનુસરણ કરે છે.

તે હકીકતને માણાવાવ મુકામે બનેલો કિસ્સો સમર્થન આપે છે. માણાવાવના વાળા ગળઢેરાઓ અને તેમના માણસો ડુંગર તરફ વાતની ખાત્રી કરવા આગળ વધે છે. ત્યાં જ એક ઘાયલ થયેલ હરણને હાથ કરવા, તેની પાછળ ત્રણ લશ્કરીઓને ધસી આવતા જોયા. માણાવાવના ડાયરાએ એ ત્રણેમાંથી બે લશ્કરીઓને પકડ્યા. એક માણસ નાસી છૂટ્યો અને ગામમાં તેઓને લાવીને ગામના ચોરે બાંધી દીધા.

આ ત્રણેય લશ્કરી માણસો ધારીની રેજિમેન્ટના હતા. તેમના ગોરા અમલદારને હરણનું માંસ ખાવા ઇચ્છા થઈ હતી એટલે હરણનો શિકાર કરવા નીકળ્યા હતા. ત્યાં તેઓ પૈકીના બે પકડાઈ ગયા, એક નાસી છૂટ્યો. જે માણસ નાસી છૂટ્યો તેણે ધારી જઈ, ગોરા અમલદારને વાત કરી વાકેફ કર્યા. ગોરા અમલદારે પોતાના વિશ્વાસના થોડા માણસોને સાથમાં રાખી, માણાવાવના ડુંગરા ઉપર મુકામ કર્યો. તેમના માણસોને તુર્તાતુર્ત છોડી દેવા અને જો છોડી દેવામાં નહિ આવે તો માણાવાવ ગામ ઉપર તોપો માંડી ઉડાવી દેવામાં આવશે તેવો સંદેશો પોતાના માણસથી મોકલ્યો.

માણાવાવના ચોરે એકઠા મળેલા કાઠી સમાજના ગળઢેરાઓને સંદેશો મળ્યો. તેના તે સંદેશવાહક સાથે નિર્દોષ હરણાનો શિકાર ખેલતા આતતાયીઓની શાન ઠેકાણે લેવા તેને અટકમાં લીધા છે અને તે માણસો અને તેના અફસર, ભૂલનો એકરાર કરી માફી નહિ માગે ત્યાં સુધી અટકમાં લીધેલા માણસોને છોડવામાં નહિ આવે તેવો સ્પષ્ટ સંકલ્પ જણાવ્યો. સાથોસાથ, તોપોના રૈંકડા લાવવાની ધમકી આપનાર ગોરા ઑફિસરને એમ પણ કહેવરાવ્યું કે, તમારાથી જે થઈ શકે તે કરી શકો છો.

ગોરો અફસર તેનું ધાર્યું કરશે તેવી સૌને દહેશત હતી. શક્તિશાળી લશ્કરના માણસોનો મુકાબલો કરવામાં વધારે માણસોની જરૂર રહેશે તેમ માણાવાવના ડાયરાને

જણાતાં, તૂર્તાતૂર્ત એક બે ખેપિયાઓને રવાના કર્યા. ચલાળા અને ચરખા ગામોએ તે દિવસે જ્ઞાતિમાં કારજ હતા. તે બન્ને ગામે જઈ ખેપિયાઓએ પરિસ્થિતિ જણાવી એટલે તૂર્તાતૂર્ત જેને જે હથિયાર હાથ આવ્યું તે લઈને ઘોડા ઊંટ લઈને ત્વરિત ગતિથી માણાવાવ આવવા રવાના થયા. ચરખાના દરબાર ચાંપરાજવાળા ઉપર આવેલ તહોમત બદલ તાજેતરમાં જ તેમને અટક કર્યા હતા. તેને જેતપુર દરબાર મુળુવાળાએ પોતાનું જામીનખતું આપી થોડા દિવસો પહેલાં છોડાવ્યા હતા. હજુ તેઓ બહારવટિયા તરીકે જાહેર નહોતા થયા તે સમયની આ વાત છે.

ચાંપરાજવાળા તેમના ગામના ગળઢેરાઓ અને મહેમાનોના મોટા જૂથ સાથે, પોતાના મકરાણીઓને ત્રણ બંધી સીસકાણ- ઉપરથી ભરવાની બંદૂકોના સાધન સહિત હાજર થઈ ગયા હતા.

પોતાના વડવાઓ જેને અભય આપ્યું છે તે મૂંગા અબોલ પ્રાણીની હત્યાની વાત સાંભળી આજુબાજુનો કાઠી ડાયરો છંછેડાયો હતો. તેથી સાખાયત-અવરતિયા કાઠી ડાયરા માણાવાવ જવા રવાના થવા લાગ્યા.

જોકે હરણને અભયદાન તો વાળા એટલે કે સાખાયત વાળાઓએ જ પાળવાનું હતું પણ જ્ઞાતિબંધારણ મુજબ દરેક અવરતિયાઓ સાખાયતના જ ભાણેજ હોય છે. તેથી તેઓ પણ મામા કે ભાણેજને નાતે મદદગારીમાં આવવા લાગ્યા.

ચલાળા તરફથી માણાવાવ આવતા રસ્તે એક પછી એક ઘોડા, સાંઢિયા અને પગપાળા કાઠી યુવાનોનો પ્રવાહ કીડી ઊભરાય તેમ ઊભરાયો હતો અને તે માણાવાવ પહોંચી, ડુંગરા ઉપર જ્યાં ગોરા અફસર અને તેના માણસો મોરચો ઊભો કરી ઊભા હતા તેની બિલકુલ સામે માણાવાવના પાદરમાં આવનારાઓ ખડકાવા લાગ્યા. બે-ત્રણ કલાકમાં હજાર પંદરસો માણસનું જૂથ ખડું થઈ ગયું.

ગોરા અફસરે પ્રત્યક્ષ આ બધું નિહાળ્યું. તોપો માંડવાની ધમકી આપી હતી છતાં આટલી વિશાળ સંખ્યામાં કાઠી ડાયરો એકઠો થશે તે તેની કલ્પના બહારની વાત હતી. એકમાત્ર હરણનો શિકાર કરવામાં આવ્યો તેમાં શું થયું? પોતાના બે લશ્કરી માણસોને છોડાવવા કૃતનિશ્ચયી ગોરા અફસરને આટલા મોટા સમૂહનો પ્રતિકાર ઊભો થશે તેની કલ્પના ન હતી તેથી તે મનોમન વિચારમંથનમાં પડ્યો કે હવે શું કરવું?

ગોરા ઑફિસર સાથે તેનો દેશી દુભાષિયો પણ હતો. તેને સાહેબે પૂછ્યું કે એક હરણું માર્યું તેમાં પોતાના બે માણસોને માણાવાવ વાળાએ પકડીને બાંધી દીધા છે. સરકારના માણસોને અટક કરવાનો મોટો ગુન્હો કર્યો છે, અને ઉપર જતાં આટલો બધો મોટો સમૂહ હંગામો કરવા એકત્રિત થયો છે. આ બધું છે શું? મને આ વાત સમજાતી નથી.

દુભાષિયો આ વિસ્તારનો અને વાળા દરબારોથી જાણકાર હતો. તેણે સાહેબને વાત કરી કે આ વિસ્તારના મોટા ભાગમાં કાઠી ગીરાસદારો વસે છે. તે વાળા દરબારોના વડવાઓએ, પ્રસંગોપાત્ત હરણને અભય આપેલ છે. વાળા કાઠીઓ પોતે

કદી હરણનો શિકાર કરતા નથી. પોતાના વિસ્તારમાં બીજા કોઈને પણ શિકાર કરવા પણ દેતા નથી. ભૂલેચૂકે કોઈ તેમ કરે તો તેઓ ઊકળી ઊઠે છે. ચમરબંધીને પણ છોડતા નથી. અત્યારે અહીં ભેગો થયો છે તે સમૂહ ઉપરાંત જેમ જેમ વાત પસરતી જશે તેમ વધુ માણસો આવી પહોંચશે. આ ઝનૂની કોમની આ વિસ્તારમાં ઘાટી વસ્તી છે. તે સુલેહભંગ ન કરે અને આતંક ન જગાવે તે માટે જ વડોદરા સરકારે આપણી ઇન્ફેન્ટ્રી ધારીમાં રાખી છે.

ડાહ્યા દુભાષિયાએ સાહેબને એ વાત પણ જણાવી કે બેસતી સરકારના સમયમાં જો અહીંયાં તમે કંઈ કડક અમલ કરવા જશો તો હંગામો મચી જશે. તેઓની ધાર્મિક લાગણીને ઉશ્કેરવાથી આ પરિસ્થિતિ ઊભી થયેલી ગણાશે. ધર્મઝનૂનમાં એકઠો થયેલ સમૂહ પાછી પાની નહિ જ કરે. માટે બળનો ઉપયોગ ન કરો તે જ સલાહભરેલું છે.

સાહેબના મગજમાં બધી વાત સમજાણી. જે કંઈ અણઘટતું બની જાય, તેની છેવટે એક અધિકારી તરીકે તો પોતાની જવાબદારી છે. વાત અંગ્રેજ બચ્ચો સમજી ગયો. તેણે એકત્રિત થયેલ સમૂહના આગેવાનોની મુલાકાત માગી. પોતે બહુ થોડા પોતાના માણસો સાથે મુલાકાત માટે ગયો. ત્યારે વાળા દરબારોના આગેવાનોમાં ચાંપરાજવાળા મહત્ત્વના પુરુષ હતા. તેમને જોયા. ઓળખ્યા પણ ખરા અને છતાંયે ઈદમ તૃતીયમ્ કર્યા સિવાય, સાહેબે, સહુ ડાયરાની સમક્ષ, પોતાના માણસોની ભૂલનો એકરાર કર્યો. બનેલી બીના માટે અફસોસ જાહેર કર્યો. કાઠી દરબારોની ધાર્મિક લાગણીને ઝફા પહોંચાડ્યાના થયેલ કૃત્ય બદલ દિલગીરી વ્યક્ત કરી.

સાહેબ અને તેના દુભાષિયાની સમયસરની સૂઝને કારણે એક મોટો હંગામો થતો રહી ગયો. વાળા દરબારોની હરણને અભય આપ્યા પછી તેના પાલન પાછળની આવી તો મક્કમતા છે. વર્ષોનાં વહાણાં વાઈ ગયા પછી પણ તે માન્યતા તેવી ને તેવી જ છે.

નોંધ : હરણને અપાયેલ અભયનું પાલન વાળા કાઠી દરબારો કે વાળા રાજપૂત દરબારો બધા જ કરતા હતા. હમણાં ઢાંકના શ્રી સહદેવસિંહજીભાઈ વાળાએ ધાનવાળાથી હરણને અભય અપાયાની જે વાત લોકોક્તિથી સંભળાય છે તે ખોટી હોવાનું જણાવ્યું છે. વાત કંઈક જુદી હશે તેમ જણાવી શંકા કરી છે. તેમણે આ ધાનવાળાને “ધાનકવાળા” કરી અલગતાના પાયા પૂરવા પ્રયાસ કર્યો હોય તેવું અનુમાન કરી શકાય છે ત્યારે તેમના વિચારો તેમને જ મુબારક કરવાના રહે.

ચાંપરાજવાળાની રૂબરૂમાં, પોણા બસો વર્ષ પહેલાં બનેલો આ બનાવ ‘હરણના અભય’ બાબતમાં ઘણું કહી જાય છે. તેથી વિશેષ ચર્ચાની જરૂર ન ગણાય.

આ વાત અહીં પૂરી કરીએ.

ચાંપરાજવાળાની મુલવણી લોકોએ જે કરી હોય તે. પરંતુ તેમના સમાયેલા એક અનોખા સત્ત્વનો પરિચય તો તેમની જેલસજા દરમ્યાન થયો.

જિંદગીભરની જેલ. હવે જેલની સજા ભોગવવા સિવાય તેની જિંદગીમાં બીજું કશું જ ન હતું. વૉર્ડરો અને અધિકારીઓના તુમાખીભર્યાં વર્તન, અપૂરતા અને માનવ ખોરાક તરીકે ગણી શકાય નહિ તેવી ઝંઝટમાં પડી જવાય તેવા જેલના ખોરાક, ક્રૂર આત્માઓ વચ્ચેનો સહવાસ, કોઈનીયે મમતા કે માનવતાભર્યું સાંનિધ્ય જ્યાં મળી ન શકે તેવા વાતાવરણ વચ્ચે ભલા ક્યાંય સત્ અને નીતિનો પડછાયો પણ દેખાઈ શકે ખરો? પણ હા, જેલના જુલમોની વચ્ચે આવો એક ચમકારો ત્યારે ચમકી ગયો હતો અને તેણે ચાંપરાજવાળાની જિંદગીની રૂખ ફેરવી હતી.

વાત એમ બની હતી કે

મોટા ગુન્હા બદલની લાંબી, ખાસ કરીને આજીવન કેદના કેદીઓની આ જેલ હતી. ચાંપરાજવાળો તેવી કેદનો જ કેદી હતો.

નક્કી થયેલા થોડા સમય માટે કેદીઓને પ્રભુપૂજા કે પ્રાર્થના માટે થોડી છૂટ મળતી. અઠંગ કેદીઓ આ સમયકાળમાં પોતાની મન માની કરતા. પણ ચાંપરાજવાળા તો નિયમિત રીતે, નિશ્ચિત ભક્તિ કરતા. સવારના પહોરમાં, નાહીને તે ભગવાન સૂર્યનારાયણને અર્ઘ્ય અર્પી, ઊંડા ભક્તિભાવમાં લીન થઈ જતા હતા. ત્યારે તેના તરફ જો કોઈ નજર કરે તો આ જન્મટીપના કેદીની મુખમુદ્રા અને તેના ભાવ કોઈ ઋષિમુનિ જેવા જણાતા. તેમનું ચિત્ત કોઈ અડગ ઊંડાણમાં ઊતરી જતું.

જેલના અંગ્રેજ દરોગાને બંગલે કામવાળી તરીકે એક છોકરી રહેતી. તે સાહેબના બંગલા માટે ફૂલ એકઠાં કરી લાવવાના કામે રોજ જેલના બગીચામાં જતી. તે જ્યારે આ કામે નીકળતી તે વખતે તેને કેદી ચાંપરાજવાળાને પૂજા કરતો જોવાનો મોકો મળતો. શરૂઆતમાં તો આ નાની ઉંમરની બાળાને કૌતક જેવું લાગતું. પણ વખત જતાં તેને ચાંપરાજવાળામાં કોઈ યોગીનાં દર્શન થવા લાગ્યાં. હંમેશાં તે નિયમિત રીતે ફૂલ એકઠાં કરવા નીકળતી અને ચાંપરાજવાળો જ્યાં પૂજા કરતો હોય તેની સામે તે બે મિનિટ ઊભી રહી જાતી.

હંમેશની આ બીનાએ છોકરીમાં, ચાંપરાજવાળા પ્રત્યે શ્રદ્ધેયતાનું બીજ રોપ્યું. તેનાથી જાણ્યે અજાણ્યે આ અટંકી વીર સામે પોતાના હાથ જોડાઈ જતા. આ નાની એવી છોકરીથી આ વીરને વંદન થઈ જતાં. ભક્તિમાં લીન એવા ચાંપરાજવાળાને નિરખી રહેવાનું મન થતું. તેને તે એક લાવો માનતી થઈ ગઈ હતી. જેલના કઠોર હૃદયના કેદીઓ વચ્ચે તેને આ એક અદ્ભુત વિભૂતિ જણાવા લાગી હતી.

સમય તેનું કામ કર્યે જાય છે તેમ એક દિવસ દરોગોસાહેબનાં પત્નીને મહિનાઓ પૂરા થયા હશે તે પ્રસૂતિનો સમય આવ્યો. પણ પ્રસૃતિ થાય નહિ. દૂર દૂરથી મોટા મોટા અને ગોરા તેમજ દેશી ડૉક્ટરોને તેડાવવામાં આવ્યા પણ તેમનો કોઈ ઇલાજ કામયાબ ન બન્યો. અંગ્રેજ મેડમની પીડા વધતી ચાલી. ત્યારે પહેલી છોકરીએ મેડમનું ધ્યાન દોર્યું કે જેલમાં એક તપસ્વી કેદી છે. તે જો આશીર્વાદ આપે તો તમારું દુ:ખ મટે. છોકરીની શ્રદ્ધેયતાએ તેને ચાંપરાજવાળા સાંભરેલ અને તેથી તેણે મેડમને તેનો

અંગુલિનિર્દેશ કર્યો. પણ અંગ્રેજ પ્રજા આવી વાતોમાં માને ખરી? તેથી મેડમે છોકરીની વાત ઉપર ધ્યાન ન દીધું. ખૂબ ઇલાજો કરવામાં આવ્યા છતાં મેડમનો છૂટકારો થતો ન હતો ત્યારે પહેલી છોકરીએ ફરીવાર કરગરીને કહ્યું કે બાઈસાબ એક વખત તો અખતરો કરી જૂવો. તે તપસ્વી જરૂરથી તમારું દુ:ખ ટાળી શકશે. ત્યારે મેડમે દરોગાસાહેબને છોકરીની વાત કરી. અંગ્રેજ બચ્ચાને પણ તે વાત નમાલી લાગી. તેણે આ વાત ઉપર ધ્યાન ન દીધું. પછી તો ભગવાન અને ગોરી મેડમના આત્માને એકાદ વેંતનું જ છેટું રહ્યું ત્યારે ગોરી મેડમે હઠ પકડી કે ચાંપરાજવાળાને બોલાવો. સ્ત્રીહઠ આગળ દરોગાજીએ નમતું જોખ્યું. વળી કરવા જોગા ઇલાજો તો કરી જ લીધા હતા ત્યારે આ એક અનોખો ઉપચાર કરી જોવાની તેને પણ ભગવાને સન્મતિ આપી છોકરીને જેલમાં મોકલી. ચાંપરાજવાળાને મળીને વાત કરવાનું તેને કહેવામાં આવ્યું. છોકરીએ કેદખાનામાં દરોગાએ આપેલ રજાના આધારે મળી બધી વાત કરી અને હાથ જોડી વિનંતી કરી કે જે કરવું હોય તે કરો પણ મારા બાઈસાબને બચાવો.

ચાંપરાજવાળા પાસે કોઈ મંત્રતંત્ર ન હતા. તેણે કોઈ દિવસ કોઈને કહેલું પણ નહિ કે મારી પાસે આવી કોઈ હિકમત છે. પરંતુ છોકરીના મગજમાં એક જ વાત હતી કે બાઈસાહેબને ચાંપરાજવાળા સિવાય કોઈ બચાવી શકશે નહિં તેથી તેણે ચાંપરાજવાળા રૂબરૂ કાગારોળ કરી મૂકી. ચાંપરાજવાળો લાગણીપ્રધાન હતો. તેણે છોકરીની આજીજી સ્વીકારી. પોતાને ન્હાવાધોવા, પૂજાપાઠ કરવા પરવાનગી મળે, એક તલવાર મળે અને પોતાની કેદની કોટડીની ચાવી મળે તો પોતે ભગવાન સૂર્યનારાયણ પાસે આરદા કરવાની સંમતિ આપી. છોકરી દોડી. સાહેબને વાત કરી. મહામહેનતે હા પાડ્યાની હકીકત જણાવી. ત્યારે સાહેબના ઝડપી હુકમથી કેદીની કોટડી ધોવાઈ સાફ થઈ ગઈ, પૂજાપાઠ માટે ધૂપ-દીપની સામગ્રી અને તલવાર પણ મળી ગયાં. ચાંપરાજવાળાની કોટડીના તાળાની ચાવી તેને સોંપાણી.

ચાંપરાજવાળાએ નાહીધોઈ ધૂપદીપ કરી હાજર દેવતા - સૂર્યદેવતાનાં દર્શન કરીને આરદા કરી કે હે દયાળુ દેવ, આ જગત ઉપર તું પ્રત્યક્ષ રીતે કાયમ પ્રકાશતો રહે છે. તું જગત આખામાં બનતા બનાવોનો સાક્ષી છો. તારાથી કોઈ વાત અજાણી નથી. એટલે તું જ મારા સારા- નરસા કૃત્યોનો સાક્ષી છો. મેં કદીએ પરસ્ત્રી પેખી ન હોય, નિર્દોષને રંજાડ્યા ન હોય, ગરીબ ગુરબાની મારાથી થઈ શકે તેટલી જો મેં સખાત કરી હોય તો હે દયાળુ દેવ, મારું મૃત્યુ બગાડતો નહિ. મારા સત અને નીતિને ધ્યાને લેજે અને અંગ્રેજ મેડમની પીડા ટાળજે એવી પ્રાર્થના કરી. પોતાની સુરવાળની નાડી ધોઈ તે પાણી એક વાટકામાં ભર્યું. વાટકો છોકરીને આપ્યો. મેડમને પાવા સૂચના કરી. છોકરી જેવી રવાના થઈ કે તુર્ત જ પોતાના હાથે પોતાની ખોલીનું બારણું બંધ કરી તાળું મારી દીધું. પોતે ખુલ્લી તલવાર પોતાની આગળ મૂકી ભગવાન સૂર્યનારાયણની આરદામાં લીન થઈ ગયા. છોકરીને કહેવામાં આવ્યું હતું જ કે પાણી મેડમને પાયા પછી પરિણામની પાંચ મિનિટે જાણ કરજે.

ચાંપરાજવાળો ભક્તિમાં લીન છે. દૈવી આરાધના કરતાં પહેલાં ભગવાન સૂર્યનારાયણને પોતાનું મોત નહિ બગાડવા આરદા કરી હતી. તેણે તલવાર પણ હાજર રાખી હતી. ધાર્યું પરિણામ ન આવે તો કમળપૂજા ખાવાનો તેનો દૃઢ નિરધાર હતો. પોતાની ધારણા આડે કોઈ અવરોધ ન કરે તે માટે તેણે પોતે જ પોતાના હાથે ખોલીની સાંકળ વાસી તાળું મારી ચાવી પોતાના પાસે રાખી હતી.

આરદાની એકાગ્રતાએ ત્યારે ચાંપરાજવાળાની મુખકાંતિમાં તેજ પૂર્યાં હશે, ભગવાન સૂર્યનારાયણમાં વત્સલભાવ જાગ્યો હશે. ત્યારે તે વત્સની સમીપ આવ્યા હશે. કાઠી ક્ષત્રિયોનો જીવનમંત્ર છે "મોતને અભડાવશો નહિ." તે તેના જીવનમંત્રની કદર કરી હશે.

છોકરીએ સિદ્ધા દરોગાના બંગલે પહોંચી બાઈસાહેબને, ચાંપરાજવાળાએ આપેલું પાણી આપ્યું. અંગ્રેજ મેડમે તે પીધું અને જાણે કે કોઈ દૈવી ચમત્કાર થયો હોય તેમ બાઈની પ્રસૂતિ થઈ ગઈ, પીડા માત્ર મટી ગઈ. છોકરીએ દોડતા આવી પ્રથમ ચાંપરાજવાળાને આ ખુશીના સમાચાર દીધા ત્યારે ચાંપરાજવાળાએ પોતાની પત રાખ્યા બદલ ભગવાન સૂર્યનારાયણને ભજ્યા હશે.

મેડમ બચશે નહિ તેવી ત્યારે ભીતી ઊભી થઈ ગઈ હતી પણ મેડમ બચી ગઈ. તેને નવું જીવન મળ્યું તેથી આંગ્લ યુગલની ખુશીનો પાર ન હતો.

૦ ૦ ૦

આ બનાવ પછી થોડો સમય પસાર થયો. મેડમ હરતાંફરતાં થયાં. આપણે હિંદુઓ કે મુસલમાનોમાં કોઈ સ્ત્રીને કોઈ પુરુષ જીવનદાન આપવા નિમિત્ત બને તો તેવી સ્ત્રીઓએ જીવનદાન દેનાર પુરુષને પોતાનો ભાઈ ગણી તેનાં પણ અશક્ય કામોને શક્ય બનાવ્યાં હોવાના ઘણા દાખલાઓ છે. મેડમે પોતાના જીવનદાતા ચાંપરાજવાળાને પોતાના ભાઈ તરીકે સ્થાપ્યો કે નહિ તે જાણવામાં નથી આવ્યું પણ પોતાના જીવન-દાતાની થઈ શકે તેવી મદદગારી કરવા તેણે દૃઢ સંકલ્પ તો કર્યો જ હશે.

દરોગો અંગ્રેજ બચ્ચો હતો. તેનું ચાલ્યું હોત તો કદિયેય ચાંપરાજવાળાની રીતે તેની મદદ માગત નહિ. વિષમ પરિસ્થિતિમાં મુકાવાના કારણે તેણે તેમ કર્યું હતું. વિજ્ઞાનને સમજતો અને માનતો કોઈ પણ માનવી હરગિજ અંધશ્રદ્ધામાં ન માને. પણ દરોગાસાહેબને કાઠીઓની આગવી સંસ્કૃતિ અને ઊંચા સિદ્ધાતોના અમીરસ પીવાનું નિર્માણ થયું હશે તેટલે જ તેણે છેવટના ઇલાજ તરીકે આ ઇલાજ અજમાવ્યો હતો. બીજા અર્થમાં કહીએ તો આ અંગ્રેજ બચ્ચાને આ ઇલાજમાં લગરીકેય વિશ્વાસ પણ નહિ હોય પરંતુ મરણપથારીએ પડેલી પોતાની વહાલસોયી પત્નીની અંતિમ ઇચ્છા પૂરી કરવાના આશય માત્રથી પોતે સંમત થયો હતો. પશ્ચિમી હવામાન અને વિચારસરણીથી ઘડાયેલા આ યુરોપિયન બચ્ચાને તો આ બનાવ એક ચમત્કાર લાગ્યો હશે. ભલભલા હકીમ - ડૉક્ટરોએ જે માટે હાથ ધોઈ નાખ્યા હતા તેને જન્મટીપનો

એક કેદી થોડુંક નાડી ધોયેલ પાણી આપી મેડમને નવું જીવન આપી શકે તે વાતનો પ્રત્યક્ષ અનુભવ કર્યા પછી તેને ચાંપરાજવાળો જેલનો કેદી નહિ, સામાન્ય માણસ જ નહિ પણ દેવના કોઈ ફિરસ્તા સમો દેખાયો હશે. તેણે પ્રસુતિ સલામત રીતે થઈ ગયાનું જાણ્યું હશે ત્યારે તેણે દોટ દઈને ચાંપરાજવાળાને બથમાં લઈ, 'તુમને તો કમાલ કર દિયા' કહીને ભારોભાર આભાર વ્યક્ત કર્યો હશે.

મેડમની ઇચ્છા અને દરોગાને બદલો ચૂકવવાની ભાવના કામ કરી ગયાં. અશક્ય બાબત શક્ય બની ગઈ.

દરોગોસાહેબે (જેલ સુપ્રિન્ટેન્ડન્ટ) ચાંપરાજવાળાની જેલમુક્તિ માટેની અરજી લખાવી, તેમાં તેની સહી કરાવી. પોતે સારી ચાલચલગત અને પવિત્ર ઇન્સાન તરીકે ચાંપરાજવાળાનું વર્ણન કરી બનેલા બનાવની હકીકતનો રિપોર્ટ વાઈસરૉયને કર્યો. કાઠી કુળની આવી વિરલ વ્યક્તિને જેલમુક્ત કરવામાં આવે તેવી ઇચ્છા બતાવી. તેમ કરવામાં આવશે તો કાઠિયાવાડની એક કરડી કોમનાં દિલ જીતવાની તક ઊભી થશે વિ. બાબતો તેમાં વર્ણવી હશે કે વહેલી તકે જેલની મુલાકાત લીધી. ચાંપરાજવાળા અને દરોગાજીને સાંભળ્યા હશે. બનેલી બીનાની ચકાસણી કરી હશે અને તેને ખાત્રી થઈ હશે ત્યારે તેણે પણ દરોગાના રિપોર્ટને ટેકો આપી પોતાનો સૂર પુરાવી ઇંગ્લાંડ લખ્યું. બ્રિટિશ વડાને ગળે પણ વાત ઊતરી. અંગ્રેજ અફસરના ખૂનીને માફી ન આપવી જોઈએ તેવી બ્રિટિશ સરકારની દલીલો હતી પણ તે ન ટકી. ચાંપરાજવાળાને ઇંગ્લૅન્ડથી માફી આપતો હુકમ થયો.

અંગ્રેજ અફસરના ખૂનીને માફી આપતો હુકમ ન તો ભૂતકાળમાં બન્યો હોય કે ન તો ભવિષ્યમાં બનશે પણ ચાંપરાજવાળાની નેક, ટેક, સત અને નોધારાના આધાર બનવાની પરોપકારવૃત્તિ અને પવિત્રતાએ તે અશક્ય વાતને શક્ય બનાવી. માનભેર તે મુક્તિ પામી વતનમાં આવ્યો.

કૅપ્ટન બેલ 'હિસ્ટ્રી ઑફ કાઠિયાવાડ' નામના તેના અંગ્રેજી પુસ્તકમાં નોંધે છે કે : "ચાંપરાજવાળો કે જેણે પંદર નંબરના બૉમ્બે ઇન્ફન્ટ્રીના એક અધિકારીની ગોળી મારી હત્યા કરી હતી તે ઇ. સ. ૧૮૩૮માં પકડાયો હતો. પોતાના દુષ્ટ કૃત્યના બદલામાં તે જન્મટીપની સજા પામ્યો હતો. ચાંપરાજવાળો નામીચો અફીણનો બંધાણી હતો. જેલમાં પણ તેને દવાના મોટા મોટા રગડા પાઈને જીવતો રાખવો પડ્યો હતો. તે જ્યારે છૂટ્યો ત્યારે તેને દરેક ટંકે કબૂતરના એકેક ઈંડા જેટલું અફીણ લેવું પડતું હતું."

જેલમાંથી છૂટ્યા પછી ચાંપરાજવાળા દસેક વર્ષ જીવ્યા હશે.

કૅપ્ટન બેલના ઉપરોક્ત કથનથી ઉપર કહેલ વાતના

૧. પંદર નંબરની બૉમ્બે ઇનફન્ટ્રીના એક અધિકારીની ચાંપરાજવાળાએ ગોળી મારી હત્યા કરી હતી.
૨. તેના દુષ્ટ કૃત્ય બદલ તેને જન્મટીપની સજા થઈ હતી.

૩. તે જ્યારે છૂટ્યો ત્યારે તેને દરેક ટંકે કબૂતરના એકેક ઈંડા જેટલું અફીણ લેવું પડતું હતું.

આ કેપ્ટન બેલના કથનથી ચાંપરાજવાળાએ ઇન્ફન્ટ્રી ઑફિસરની હત્યા કર્યાની, તેને જન્મટીપની સજા થયાની અને તેમાંથી છૂટ્યા બાબતની પ્રતીતિ થાય તેમ છે.

ચાંપરાજવાળાના ઘણા દુહા છે જેમાંનો એક નીચે મુજબ છે.

વીકે સરવૈયે વાઢીયા, રણઘેલા રજપૂત,
ભાણીયાને ડુંગરભૂત, સાહેબને સરજ્યો ચાંપરાજ.

કાઠી ક્ષત્રિયોની નેકી ટેકી, કઠણ જીવન જીવતા. જીવતાં જીવતાં, પારકાના દુ:ખ ટાળવાની વૃતિ વિ. ઉત્તમ ગુણો, નમૂનાઓ, સંત જોગીદાસે સમાજને આપ્યા છે તેમાં આ વાત પુરક બને છે.

જનની જણો તો ભક્ત જણ,
કાં દાતા કાં સુર,
નહિં તો રહેજે વાંઝણી,
મત ગુમાવજે નૂર.

૧૭. શાખા અને પેટાશાખાની વિગત

વાળા રાજવંશની શાખાયત શાખાઓ

વાળા રાજવંશની સાખાયત શાખોમાં ૧. આગળથી ચાલી આવતી - ચાલુ રહી તે વાળા શાખા.૨. તેમાંથી પેટાશાખા ચાલી તે. ૨. ખુમાણ શાખા અને ૩. ખાચર શાખા તેમજ સિસોદિયા રાજપૂતોમાંથી રાજવંશોના પુનઃગઠનથી આવેલી. ૪. હાટી શાખા, જોગિયા ખુમાણ શાખા અને મન ખુમાણ શાખાઓનો સમાવેશ થાય છે.

૧. વાળા શાખા :

હરસુરવાળા ઉર્ફે વાળોજીથી વાળા શાખા ચાલુ રહી. તેમના સંબંધે, તેની પેટાશાખાઓ વગેરેની માહિતી રાજવંશના પુનઃગઠનના પ્રકરણમાં આપવામાં આવેલ છે.

તે અગાઉ બતાવવામાં આવેલી વાળા પેટાશાખાઓમાં વાળાજીના પુત્ર જેઠસુર અને મુળચંડ પછીથી ઉદ્ભવેલી પેટાશાખાઓ આગળના પ્રકરણમાં બતાવવાની રહી ગઈ છે તે નીચે મુજબ છે.

૧. વજમલકા, ૨. હુદડ, ૩. ગોવાળિયા, ૪. વિકમા, ૫. ભોજક, ૬. આલેગા, ૭. કાગડા, ૮. વાયખા, ૯. વજશીકા, ૧૦. ડેરૈયા, ૧૧. કરપડા, ૧૨. રાદડિયા, ૧૩. ફાડદંગિયા, ૧૪. સાગદી, ૧૫. બુટવા, ૧૬. બોધરા, ૧૭. ચાક.

આમાંની અમુક શાખો, ધાનવાળાના દશ પુત્રોથી નીકળી હોવાનું બગસરા દરબાર હરસુરવાળા લક્ષ્મણવાળાએ બારોટ મામૈયા ભગવાનની વહી ઉપરથી કવિ કહાનદાસ સ્વરૂપદાસ પાસે તૈયાર કરાવેલ ઈ. સ. ૧૮૯૬ની રવી વંશ - વાળા વંશાવલીમાં ઉલ્લેખો થયા છે.

વાળા શાખા માટે બીજી માહિતીઓ અગાઉનાં પ્રકરણોમાં અપાઈ ગયેલ હોઈ અહીં વિશેષ માહિતી આપવાની રહેતી નથી.

વાળા રાજવંશમાંથી પ્રગટેલી ૧૯ શાખો સંબંધે અગાઉનાં પ્રકરણોમાં કહેવાયું છે. તેના પેટાશાખા, ગીરાસ અને વસવાટોની વિગત પરિશિષ્ટ-૧ એકમાં આપેલ છે.

પરિશિષ્ટ - ૨ થી કાઠી દરબારોનાં સ્ટેટ્સ અને તાલુકાની વિગત આપી છે. (કાઠિયાવાડ ડિરેક્ટરી ઈ. સ. ૧૮૭૧, મુંબઈ)

પરિશિષ્ટ - ૩ થી બિનઅખતિયારી તાલુકાદારો અને રિયાસતોની માહિતી આપી છે.

પરિશિષ્ટ - ૪ (કાઠિયાવાડ ડિરેક્ટરી ઇ. સ. ૧૮૭૧ - મુંબઈ) = કાઠી દરબારોના ગીરાસના ગામની વિગત.

૨. હાટી શાખા અને જોગિયા તેમજ મન ખુમાણો. હાટીશાખામાં શાખાયત અને અવરતિયા તે બન્ને વિભાગોનો સમાવેશ છે.

હાટી શાખા અને જોગિયા તેમજ મન ખુમાણો

કાઠી ક્ષત્રિયોની માળીયાહાટીના આજુબાજુમાં વસતી અને હાટી તરીકે ઓળખાતી એક શાખા છે. આ હાટીઓમાં સાખાયત અને અવરતિયા બન્ને સાખો છે. કાઠી ક્ષત્રિયોના વિસ્તારથી છેવાડે વસવાનું થતાં આવી વ્યવસ્થા ઊભી કરવી પડી હશે.

ચિત્તોડમાં સિસોદિયાની ગાદીએ રાણા રાહુપ થયા. તેની બારમી પેઢીએ રાણા જયસિંહ થયા.

દોહો

ગઢ ચિત્તોડા ગાદીએ જ્યાં જયસિંહનો રાજ
સૂર્યવંશી સિસોદિયા, મેવાડા કુળમાં જ.

જયસિંહના લખમણસિંહ થયા. આ લખમણસિંહના બીજા મોસાળે છ ભાઈઓ થયા. તે ૧. કટારસિંગ, ૨. હઠીસિંગ, ૩. મોઢાજી, ૪. ગોઢાજી, ૫. જોગાસિંગ અને ૬. માનસિંગ.

ઈ. સ. ૧૨૭૦માં રા'માંડલિક પાસેથી જગતસિંહે વંથળી જીતી લીધું ત્યારે આ સિસોદિયાઓ સૌરાષ્ટ્રમાં આવ્યા હોવાનો એક મત પ્રસરે છે. ચિતોડની રાજખટપટથી કંટાળી તે છ ભાઈઓએ માતૃભૂમિ ચિતોડને અલવિદા કરવી પડી હશે.

તેઓ પ્રથમ દ્વારકા આવ્યા. દ્વારકામાં જગતમંદિરમાં રાજા રણછોડરાયનાં દર્શન કરી ધુમલી ગયા. ત્યાં જેઠવાનું રાજ્ય હતું. ત્યાં તેમની પાસે રહ્યા. ધુમલીની પ્રજાને એક સાવજ રંજાડતો હતો. તેને કટારસંગે પોતાના બાહુબળથી ઠાર કર્યો. તેમની બહાદુરીની પ્રશંસા કરી જેઠવા રાજાએ કટારસંગને આઠ ગામ બક્ષિસ કર્યાં. આ જેઠવા રાજાના એક અમીર કેશવાળા મેર હતા. તેમણે પોતાની પુત્રી કટારસંગને પરણાવી. તેથી કટારસંગ મેર શાખામાં ભળી ગયા.

તે સમયમાં ઓખાના કાબા લોકોનો ખૂબ ત્રાસ હતો. ધુમલીના રાજા ભાણ જેઠવાએ મોઢાજી, ગોઢાજી, હઠીસિંગ જોગાજી અને માનસિંગને કાબા ટોળીનો પીછો કરવાનું કામ સોંપ્યું. તેમણે કાબાઓને પરાસ્ત કર્યા.

આ રાજપૂત વીરોની કદર કરી ધુમલીના રાજા ભાણ જેઠવાએ બાર ગામ મોઢાજીને અને છ ગામ ગોઢાજીને બક્ષિસ આપ્યાં.

મોઢાજીએ પોતાને મળેલ ગીરાસમાં મોઢવાડા ગામ વસાવ્યું. તે નામે તે ગામ હજુ પણ ઓળખાય છે. તેમણે મેરકન્યા સાથે લગ્ન કર્યાં અને મેર કોમમાં ભળી ગયા. તેના વારસો મોઢવાડિયા મેર તરીકે ઓળખાય છે.

નાનાભાઈ ગોઢાજીને મળેલ ગીરાસમાં તેણે ગામ વસાવી, પોતાના નામ ઉપરથી ગોઢાણાં નામ રાખ્યું. તે પણ મેરકન્યા સાથે લગ્ન કરી, તેમની સાથે ભળી

ગયા. તેના વારસો ગોઠાણિયા મેર તરીકે ઓળખાય છે. તે બન્ને ભાઈઓને અમીરાતનો પટો રાજ તરફથી અપાયો.

કટારસંગ, મોઢાજી અને ગોઠાજી જાગીરદાર થયા. હઠીસિંગ, જોગાજી અને માનસંગને લુખ્ખી અમીરાતમાં રસ રહ્યો નહિ તેથી તેઓ ત્યાંથી નીકળી ગયા. ગિરનારની યાત્રા કરી તેઓ પ્રભાસપાટણ આવ્યા. ત્યારે ત્યાં વેરાજી ચાવડાનું રાજ હતું. ચાવડા રાજની કચેરીમાં ગયા. ઓળખાણો અપાણી. ચાવડા રાજે તેમની ખાતર બરદાસ્ત સાથે માન આપ્યાં. તેજસ્વી સિસોદિયા કુંવરોનો પરિચય પાકો કરવા તેણે તેઓને કામકાજમાં અવાણ્યા. તેને ખાત્રી થયા પછી તેણે પોતાની પુત્રી મોટેરા હઠીસિંહજી વેરે પરણાવી.

તે સમયમાં વેરાજી ચાવડા ઉપર ચુડાસમાઓ ધોંસ બોલાવતા હતા. વેરાજીને સારા અને બળવાન પુરૂષની મદદની જરૂર હતી તેથી તેણે હઠીસિંગ સાથે સંબંધ જોડેલ હતો. હઠીસિંગને ચુડાસમાના ત્રાસની વાત કરી. તેથી હઠીસિંગે મેવાડથી ઊતરી આવેલા મોરી રાજપૂતો અને સોરઠમાં વસતા મહીપાળોની સેના તૈયાર કરી. જૂનાગઢ ઉપર ચડવા તૈયારી કરી. પરંતુ ચુડાસમા પાસે તે વખતે સામનો કરવા જેટલી શક્તિ ન હતી. તેથી તેમને ખબર પડતાં સમાધાન માટે વિષ્ટિ શરૂ કરી. હઠીસિંગને કચેરીમાં બોલાવી માન આપી સમાધાન કર્યું.

હઠીસિંગ પરાક્રમી હતા. તેમણે વેરાજી ચાવડાની રજા લઈ, બુધેચા ગામ લીધું. ત્યાં તેમણે મંદિર, વાવ, ઘાટ, ધર્મશાળા વિ. બંધાવ્યાં. ચામુંડા માતાની સ્થાપના કરી મંદિર બંધાવ્યું.

ઈ. સ. ૧૩૫૧-૫૨માં મહમદ તઘલખ જૂનાગઢ ઉપર ચડી આવ્યો. ત્યારે રાહનું રાજ્ય હતું. જોગાજી, માનસિંગ અને હઠીસિંગ રાહની મદદે ગયા. મહમદ તઘલખને તલમાં તેલ નહિ દેખાણું હોય એટલે તેણે વળતા કર્યા. લડાઈ કર્યા વગર જ ચાલ્યો ગયો.

રાહે વિજયનો દરબાર ભર્યો. ત્રણેય વીર સીસોદિયા રાજપૂતોની કદર કરી. ત્યારે ગીરના અઢાર ગામ તેમને બક્ષિસ આપ્યાં.

હઠીસિંગ પોતાના ત્રણેય ભાઈઓ સાથે બુધેચા આવ્યા. અઢાર ગામો મળ્યાં તેમાંથી બાર ગામ જોગાજીને ગીરાસમાં આપ્યાં અને છ ગામ માનસિંગને ગીરાસમાં આપ્યાં. પોતાનાં ગીરનાં ચોવીસ ગામો પણ તેણે માનસિંગને આપ્યાં.

જોગાજી પોતાને મળેલાં બાર ગામ સંભાળી ચણાકા વસ્યા. જ્યારે માનસંગે ગીરનો પ્રદેશ અને છ ગામનો ગીરાસ સંભાળી જામકા ગામે મુકામ કર્યો.

જામકા આજુબાજુમાં ત્યારે માંજરિયાઓ વસતા હતા. તેમણે સીસોદિયા જોગાજી અને માનસિંગને કાઠી રાજવંશમાં સાખાયત શાખામાં ભેળવાવરાવ્યા. કારણ કે સિસોદિયાઓ મૈત્રક વંશમાંથી ગેહલોત વંશ ચાલ્યો તેમાંથી ઊતરી આવેલા હતા.

વાળાઓ પણ મૈત્રક.વંશમાંથી ઊતરી આવેલા હોવાથી તે બન્ને ભાઈઓને સાખાયત શાખામાં સ્થાન અપાવ્યું. જોગાજીનાં લગ્ન માંજરિયા પુત્રી સાથે અને માનસિંગનાં લગ્ન પટગીર પુત્રી સાથે થયાં. તે વખતે સોરઠમાં અષ્ટક કોમની માંજરિયા અને પટગીર શાખાનો વસવાટ હતો.

આ રીતે કાઠી રાજવંશની શાખાયત શાખામાં સિસોદિયા રાજપૂતોના આગમનથી બે નવી શાખા શરૂ થઈ. જોગાજીના વારસો જોગિયા ખુમાણ તરીકે ઓળખાયા. તેઓ ભેંસાણ, વાવડી, ખંભાળિયા, ગુજરિયા, ચણાકા વિ. ગામોમાં વસે છે.

જ્યારે માનસિંગના વારસો મન ખુમાણ તરીકે ઓળખાયા. તેઓનું મુખ્ય મથક જામકા (મનનું) રહ્યું. તેમના ગીરાસનાં ગામો પ્રસર્યાં.

જોગિયા અને મન ખુમાણો વેરાવળજીના પુત્ર ખુમાજી પછીથી થયેલ ખુમાણોના વારસોથી જુદા છે.

હઠીસિંગ ઈ. સ. ૧૪૧૩ના વૈશાખ સુદી ત્રીજના દિવસે ગાજતેવાજતે માળિયા ગામે પ્રવેશ્યા. માળિયાનું તોરણ ત્યારે બંધાવ્યું. ગામનું નામ હાટીનામાળિયા રાખ્યું. માળિયાહાટીના તાબે ૮૪ ગામની હકૂમત થઈ હતી.

આ હઠીસિંગ વિ. સં. ૧૪૩૦માં દેવ થયા. તેના પછી તેનો પુત્ર ખીમાણંદ થયો. ખીમાણંદના આપા કાળા થયા. તેના પુત્ર પીઠાયત (પહેલો) માળિયાની ગાદીએ આવ્યો.

આ પીઠાયત હાટી બહુ કરમી, પ્રતાપી અને દાતા હતા. એક ચારણબાઈને તેણે નવસરો સોનાનો હાર ભેટ ધર્યો હતો.

પહેલા પીઠાયત હાટી પછી તેનો પુત્ર ગોલણ હાટી થયો. તેના વખતમાં ભયંકર દુષ્કાળ પડ્યો. પ્રજાને તેણે નિભાવી. ગોલણ હાટી પછી તેનો પુત્ર અલૈયો, તેનો પુત્ર આસાયત થયા. તેના સરમણ થયા.

આ સરમણ હાટીની તેરમી પેઢીએ પાલો હાટી થયા. તેને સાત દીકરા હતા. સૌથી મોટો ભોજ હતો. આ ભોજ હાટીના વારસોએ માળિયાના ગીરાસનો ઉપભોગ કર્યો.

ભોજ હાટીએ માળિયા પોતાના ભાગમાં રાખ્યું તેથી તેને તેના ભાઈઓ સાથે વાંધો પડ્યો. આ ભોજના વંશના હાટી તે પાતળા હાટી કહેવાયા. તેના બીજા છ ભાઈઓના વંશજો જાડા હાટી તરીકે ઓળખાયા. પાતળા હાટીની સંખ્યા વધારે છે. તેઓનો ગીરાસ પણ પ્રમાણમાં મોટો છે. ભોજ હાટીએ ઈ. સ. ૧૭૭૩માં ભોજ કોઠો બંધાવ્યો. તેના દીકરા દેવાએ માળિયાનો કિલ્લો બંધાવ્યો. ભોજનો પ્રપૌત્ર પીઠાયત બહુ બળવાન થયો. કવિઓએ તેની ઘણી કવિતાઓ ગાઈ છે.

તેણે ચોરવાડના રાયજાદા જાગીરદારો સામે વેર બાંધ્યું. તેથી ઈ. સ. ૧૭૮૯માં કુંવર બાબજી અને તેના કાકા સંગજીએ માળિયા ઉપર ચડાઈ કરી. ત્યારે હાટીઓએ

તેમને હણીને હરાવ્યા હતા. સને ૧૭૯૫-૯૬માં જૂનાગઢના નવાબે ચોરવાડ જીતી લીધું અને માળિયા ઉપર ચડાઈ કરી. પીઠાયતે માળિયાનો કિલ્લો નવાબને સ્વાધીન કર્યો. નવાબે માળિયાનાં ચાર ગામોમાં અર્ધો હિસ્સો પીઠાયતને આપી, બીજો તાલુકો જૂનાગઢ સાથે ભેળવી દીધો.

જૂનાગઢના ચુડાસમા રા'એ જ્યારે બેટ અને દ્વારકા લીધાં ત્યારે સાજણ ધાંકેલ નામના એક અવરતિયા હાટીએ તેને સારી મદદ કરી હતી. તેથી રા'એ તેને ધણેજ ગામ જાગીરમાં આપ્યું. તેના વંશજોએ છેવટ સુધી તે જમીનોનો ઉપભોગ કર્યો. હાટીની વસ્તી અંદાજે ૫૦૦-૬૦૦ ઘરોની હોવાનું કહેવાતું. તેમાંના કેટલાક માંગરોળના તાબાનાં ગામોમાં રહેતા. સિસોદિયા હાટી શાખાયત વિભાગના છે. તેની પેટાશાખાઓ નીચે પ્રમાણે છે :

૧. લાખાણી, ૨. રાજાણી, ૩. ફકીરા, ૪. ભોજક, ૫. ધુંસ.

શાખાયત હાટીઓ અવરતિયા હાટી અથવા અવરતિયા કાઠીમાં લગ્નવહેવાર કરે છે.

અવરતિયા હાટી વિભાગની નીચે જણાવેલ પેટાશાખાઓ છે.

૧. કાગડા, ૨. શેખવા, ૩. સિંધવ, ૪. કામળિયા, ૫. જુંજીયા, ૬. ધકેલ, ૭. ભલગરિયા, ૮. ચાવડા, ૯. જેઠવા, ૧૦. જડારિયા, ૧૧. ભુરાણી, ૧૨. ગાંગણા, ૧૩. ડાંગર, ૧૪. બુટા, ૧૫. આસડિયા, ૧૬. શેડવા, ૧૭. જોટા અને ૧૮. સોલા.

હાટી પરજની વસતી મુખ્યત્વે નીચેનાં ગામોમાં છે : માળિયા, જાનડી, ધુંધટી, ભંડુરી, થાણખાણ, લાંકોદા, એકલેરા, સીમરોલી, સુલતાનપુર, વડાળા અને વીરડી.

જ્યારે મેપાળ કે મહિપાળ શાખાના અવરતિયા હાટીઓની વસતી નીચેનાં ગામોમાં છે :

આબંચા, ભલગરિયા, વડિયા, સિંધવા, ભલગરીયા, કાગડા, નાજાધણેજ, જુંજીચી, મોટી ધણેજ, ધકેણ, કામેજ, દુધાળા, કામળિયા, જુથળ, ગમોદર, સિંધવ, રેયાતી.

આ અવરતિયા હાટીઓ પ્રથમથી જ આ વિસ્તારમાં વસતા હતા. જ્યારે શાખાયત હાટી મેવાડના સિસોદિયા વંશમાંથી નીકળી અહીં આવી વસ્યા છે. ઈ.સ. ૧૮૫૧ સુધીમાં તેમનાં ૮૪ ગામો હતાં. તેમના મુલકની ચતુ:સીમા : પૂર્વે કાત્રાસા, પશ્ચિમે કામેજ, ઉત્તરે વંથળી અને દક્ષિણે મંડોર એ પ્રમાણે ગણાતી હતી. તે વચ્ચેનો મુલક હાટી દરબારોના આધિપત્ય નીચેનો હતો. ક્રમે ક્રમે જૂનાગઢ નવાબે તે પૈકીનાં ઘણાં ગામો તેના રાજ્યમાં ભેળવી દીધાં. થોડાં ગામોમાં તેમને ગીરાસ આપ્યો. અવરતિયા હાટીનાં ૨૦ ગામો રહેવા દીધાં. હાટીઓની વસ્તી ૧૨૦૦થી ૧૫૦૦ ઘરની અંદાજવામાં આવે છે.

વાળા રાજવંશની ખુમાણ શાખા

ધાનવાળાના પુત્ર વેરાવળજી ઉર્ફે વળોચજીને ત્રણ પુત્રો હતા. ૧. વાળાજી, ૨. ખુમાજી અને લાલુજી. તે ત્રણેય ભાઈઓ વાળા તરીકે ઓળખાયા હતા. તેમાં લાલુજીના વારસો લાલુ તરીકે ઓળખાયા અને તેની લાલુ શાખા ચાલી.

તેમાં ખુમાજી પછી ૧. માણસુર ૨. નાગપાલ થયા. માણસુરના નાગસુર થયા અને તેના વારસો ખુમાણો તરીકે ઓળખાયા. એટલે કે ત્યાંથી વાળા રાજવંશની અલગ શાખા ખુમાણ શાખા તરીકે ઓળખાણી.

ખુમાજી પછી નાગપાળ થયા. તેના ખાચરજી થયા. તેના ખીમોણંદ થયા. તેના વારસો ખાચર તરીકે ઓળખાયા. એટલે કે ત્યાંથી વાળા રાજવંશની અલગ શાખા ખાચર શાખા તરીકે ઓળખાણી.

છત્રીશ કુળ રાજવંશોમાં વાળા વંશ વાળા રાજવંશ તરીકે ઇતિહાસોમાં પ્રસ્થાપિત થયેલો. એટલે ખુમાણ અને ખાચર શાખાઓને વાળા રાજવંશની શાખાઓ તરીકે સંબોધી છે.

અબડાજામ સાથેના લાખામાસીના યુદ્ધ પછી રાજવંશોનું પુનઃગઠન થયું. તેમાં વાળા રાજવંશની વાળા શાખા સાખાયત કહેવાણી. રાઠોડ, ચૌહાણ, પરમાર, વાઢેર, કાઠી વગેરે રાજવંશોમાં આવેલાં કુટુંબો અવરતિયા શાખામાં આવ્યાં.

આગળ કહ્યું તેમ વાળા શાખામાંથી ખુમાણ શાખા નીકળી. સમયના વહન સાથે તેમાંથી ૨૩ પેટાશાખાઓ નીકળી.

૧. ગેલાણી, ૨. હીપાણી, ૩. લોમાણી, ૪. નાગસુરકા, ૫. નાગપાળકા, ૬. દેપાણી, ૭. લુણાણી, ૮. ભોજગાણી, ૯. સોયાપેટ, ૧૦. વડવાળા, ૧૧. મોટિયાર, ૧૨. સાંડસુર, ૧૩. લુણસુર, ૧૪. માંગાણી, ૧૫. ચાંદુ, ૧૬. ઝમ્મર, ૧૭. જાળિયા, ૧૮. તોતળા, ૧૯. વિસામણકા, ૨૦. વડદડ, ૨૧. ચાંદડ, ૨૨. સાવરિયા, ૨૩. સેગાણી.

રાજવંશોનું પુનઃગઠન થયું તેની બધી શાખાઓ 'કાઠી ક્ષત્રિય'ના એક નામથી ઓળખાણી.

થાન-ચોટીલાથી વાળાઓ અને ખુમાણો દક્ષિણમાં આગળ વધ્યા. ખુમાણ પ્રથમ જસદણ અને ખરેડી તેમજ કુવાડવા તરફ ગયા. ત્યાંથી અમરેલી થઈ સાવરકુંડલા તરફ પ્રસર્યા.

વેરાવળજી ઉર્ફે વળોચજીના એક પુત્ર ખુમાજી થયા. તેના મુળાત, મુળાતના માણસુર અને માણસુરના નાગસુર થયા. નાગસુરથી આઠ પુત્રો થયા. (૧) મોટા તેનાથી મોટિયાર શાખ ચાલી. (૨) ધારો તેનાથી મુળસદ થયા. (૩) નાજાથી તોતળા શાખ ચાલી. (૪) માણસુર (૫) જામતથી જામોર - જમ્મર શાખા ચાલી. (૬) ગાંગાથી ગૈયા કે ગીલાણી કહેવાયા. (૭) ચીત્રાથી ચીત્રાણી કે સેવાણી કહેવાયા. (૮) જાલો તેના જાળિયા થયા.

માણસુરના મુળાઈતના (૧) શેલાઈત થયા. તેના ચાંદુ અને ચાંદસુર થયા. શેલાઈતના મુંધરાજ થયા.. તેણે વિ. સં. ૧૫૩૬માં સાવર વસાવ્યું. મિતીયાળુ લીધું.

મુંધરાજના દેવરાખી થયા. તેની પેઢીમાં દેખો-દહાલુણ-દેખાણી થયા.

દેવરાખીના માંચો અને માંચાના વીરા તથા નાગપાલ થયા. નાગપાલના ના નાગપાલકા શાખ ચાલી. તેના વંશના ખુમાણોએ ગાધકડા, પીઠવડી, ધામલા, લીંખાળા, ચાંપરયાળી, પીપળિયું, સમઢિયાળુ અને ભમર ગામનો ગીરાસ લીધો.

વીરાના વીરનર લોમા ખુમાણ થયા. તેણે અપ્રતિમ શૌર્ય અને બહાદુરીનો ઇતિહાસ સર્જ્યો. તેની હાક નવાનગર સુધી વાગતી હતી. અમદાવાદનો બાદશાહ મુઝફર પદભ્રષ્ટ થયો હતો. તેને લોમા ખુમાણે મદદ કરી તેથી તે ફરીથી અમદાવાદ લઈ શક્યો હતો. ભૂચર મોરીના યુદ્ધમાં નવાનગરના જામે તેની મદદ માગી હતી. મોટા લશ્કર સાથે મદદે ગયા હતા. જીત નવાનગરની જ દેખાતી હતી. મોગલ સૂબાના લશ્કરની મોટી ખુવારી થઈ હતી. તે હારવાની તૈયારીમાં હતો ત્યારે તેણે જામને સુલેહનું કહેણ મોકલ્યું. જામે જોડીદાર લશ્કરોના વડાઓને વિશ્વાસમાં લીધા સિવાય બારોબાર સુલેહની વિષ્ટિ શરૂ કરી દીધી. લોમા ખુમાણને દગો થયો લાગ્યો. તેના લશ્કર સાથે યુદ્ધમાંથી હટી ગયા. જામની હાર થઈ. નવાનગર એક વખત હાથમાંથી ગયું.

લોમા ખુમાણ ઉપર વિ. સં. ૧૬૮૧માં નવાનગરના જામે તરકટ રચી દગો કર્યો.

લગ્નપ્રસંગે નોતરી, હથિયારો હેઠાં મુકાવી, હલ્લો કરી તદ્દન ઘાયલ કર્યા ત્યારે જામે પૂછ્યું કે તમને આ હાલતમાં અમે હવે જતા કરીએ તો તમે શું કરો? ત્યારે આ વીરપુરુષે જવાબ આપ્યો હતો કે **"બાયડી જેમ તાવડીમાંથી રોટલો ઉથલાવે તેમ હું તારા નવાનગરને ઉથલાવી નાખું." બંદીવાન અવસ્થામાં જીવનની અંતિમ પળોમાં પણ લોમા ખુમાણનો આત્મવિશ્વાસ બુલંદ રહ્યો હતો.** તેમણે થોડીકેય ઢીલાશ કે લાચારી બતાવ્યા સિવાય મક્કમતાથી મોતથી ડર્યા સિવાય જવાબ દીધો હતો. **આ વીરનર ઉપર દગો થયો ન હોત તો કાઠિયાવાડનો ઇતિહાસ કોઈ ઓર રચાત. આ રીતે ઈ. સ. ૧૬૮૧માં લોમા ખુમાણ વીરગતિને વર્યા.**

દગાખોરોના વંશજોએ છેક કચ્છથી માંડીને દગાઓ જ કર્યા. પણ ખુમાણોના વંશમાં લોમા ખુમાણ જેવા અટંકી પુરુષ અને સંતની ઉપમા આપી શકાય તેવા જોગીદાસ થયા હતા.

લોમા ખુમાણના વંશના લોમાણી ખુમાણો કહેવાયા. તેમના ગીરાસમાં ખેરડી, રાણીંગામ અને વીરડી ગામો હતાં. વીરા ખુમાણ પછીની પેઢીમાં ભોંકો ખુમાણ, નાગસુર અને હીપો ખુમાણ થયા. નાગસુરના નાગસુરકા ખુમાણ અને હીપાના હીપાણી ખુમાણો થયા. તેમની પાસે ગીરાસના વડાળુ, લુવારા, મોડા, દુધાળા અને

હાડીડા ગામો હતાં. ભોંકા ખુમાણ વળા પાસે લોલિયાણા વસ્યા હતા અને હીપો ખુમાણ અમરેલી પાસે દુધાળામાં રહ્યા હતા.

ભોંકા ખુમાણના ગોલણ ખુમાણ થયા, તેને બે દીકરા હતા. ૧. કાળો. તેની કાળાણી શાખ ચાલી. એકલોરામાં રહ્યા. ૨. જસો ખુમાણ થયા. તેના ત્રણ દીકરા થયા.

૧. વિસામણ ખુમાણ. તેના વારસો વિસામણકા ખુમાણ કહેવાયા. તેના વારસોને ગીરાસમાં, આંસોદર, રાજકોટ, ગુંદરણ, ખારા, ઢાંગલા, કણકોટ, શાખપર, લુવારિયા, પાડરશીંગા, પાંચતળાવડા અને અંટાળિયા ગામો રહ્યાં હતાં.

૨. સાવર ખુમાણ. તેના વારસો સાવરિયા ખુમાણો કહેવાયા.

તેમના ગીરાસનાં ગામો : સાવર, ચાંદગઢ, આંબા, જીરા, ભુવા, અમૃતવેલ, કેરાળુ, ધાર, ખડકાળુ, લીલી પાધરડી, બોરાળુ, સીમરાણ, શેઢાડુ, લોણકી અને બગોયા હતાં. જસા ખુમાણના પુત્ર રામ, જીરા ગયા. તેના વારસો જસાણી તરીકે ઓળખાયા.

વિસામણના પુત્ર માણસુર આસોદર રહ્યા હતા. તેના લુણા ખુમાણ થયા અને લુણા ખુમાણના ઓઢા ખુમાણ થયા.

એમ કહેવાય છે કે પાલિતાણાના ઠાકોર નોંધણજીના કુંવર ઉનડજીના બાળપણમાં તેના કાકા અલુજી ગાદી પચાવી બેઠા. નોંધણજીનાં વિધવા રાણીએ ઓઢા ખુમાણને જીભના માનેલા ભાઈ કહી ઉનડજીને મદદે આવવા કહેવરાવ્યું. ત્યારે ઈ. સ. ૧૭૬૬માં ઓઢા ખુમાણે તેના બાર ગામના બારસો શુરવીરોને પાંચતોબરા ગામે ભેળા કરી તેનું સૈન્ય સજ્યું અને ધમાસાણ યુદ્ધ ખેલી ઉનડજીને પાલિતાણાની પાટે થાપ્યો હતો.

૧. *ઘાંટોડે ઘડીયો તેને લુણ તણા,*
માટી આઈએ માણા, એતી જ હુતી ઓઢિયા.

૨. *પાલિતાણાને પાટ ઠાકોર ઉનડ થાપીયો*
હીરચંદ વાલા હા અલુના કીધા ઓઢીયા.

ગોલણ ખુમાણના પુત્ર જસો ખુમાણ થયા. તેના બે પુત્રો થયા. ૧. રાણો અને ૨. દેવદાન.

૧. રાણા ખુમાણના વંશજો ક્રાંકચ, જીંજુડા, મોટા, બધોડા બવાડી, જાબાળ ઈંગોરાળા, બાઢડામાં ગીરાસ હતો.

૨. દેવદાન ખુમાણના વંશજો ભોરીંગડા અને જેજાદમાં વસ્યા. દેવદાન ખુમાણના ત્રણ પુત્રો થયા હતા.

૧. સાદો : તેના ગીરાસમાં વાંસિયાળી, આકોરડા અને ફાચરિયા હતા.

૨. હમીર : ઉપર કહ્યું છે તે પ્રમાણે ભોરીંગડા અને જેજાદનો ગીરાસ તેમને મળ્યો હતો.

૩. નાગાજણ : ખુમાણને છ પુત્રો થયા હતા.

૧. કાળો ૨. સામત. ૩. ડોસા ૪. ગોરખ ૫. ખોડા અને ૬. વજા

તે ભાઈઓ પૈકી ખોડાએ વહેલું ગામતરું કર્યું હતું. તે વખતે ગારિયાધાર પાલિતાણાની રાજધાનીનું ગામ હતું. વજો એક વખત ગારિયાધાર હટાણું કરવા ગયો હતો ત્યારે તેને એક દરબારી સાથે અથડામણ થઈ તેમાં મરાઈ ગયો. તેના રોષમાં તેને ગારિયાધાર સામે વેર ઊભું થયું. વેર લેવાના હેતુથી તેના ભાઈઓ સામત, ડોસા, કાળા અને ગોરખ બહારવટે ચડ્યા હતા. ગારિયાધારના એક પ્રશ્નોરા બ્રાહ્મણની સમજાવટથી સમાધાન થયું. તેથી વંડા અને અકોરડા ગામ વસાવી તે બધા ત્યાં રહ્યા.

ઈ. સ. ૧૬૭૯માં સામત ખુમાણે કુંડલા ગામ વસાવ્યું. તે વખતે મિતિયાળા ખસિયા પાસે હતું. વજો ખસિયો તે વખતે જોરાવર ગણાતો. તેણે કુંડલા ઉપર હલ્લો કર્યો ત્યારે સામત ખુમાણના પુત્ર આલા ખુમાણે તેને હરાવી પાછો કાઢ્યો. ખસિયાઓનું મિતિયાળા અને બીજાં કેટલાંક ગામો ખુમાણોના હાથ આવ્યાં.

દેવદાનને નાગાજણ ઉપરાંત સાદો (શાર્દુળ) અને હમીર નામે પુત્રો હતા. શાર્દુળના વારસો વાંસિયાળી, આંકોરડા ફાચરિયાનો ગીરાસ ખાતા હતા. જ્યારે હમીરના વારસો ભોરીંગડા અને જેજાદનો ગીરાસ ખાતા હતા.

નાગાજણના પુત્રો ગોરખ અને ડોસાના વારસોને વંડામાં અને કાળા ખુમાણના વંશજો પિયાવા અને મેવાસામાં વસ્યા હતા.

નવાનગરનો મેરૂ ખવાસ જોરાવર હતો. તેણે મોટા લશ્કર સાથે કુંડલા ઉપર ચડાઈ કરી. તેમ કરવાનો તેનો હેતુ ખંડણી તરીકે ખુમાણો પાસેથી નાણાં લેવાનો હતો. પરંતુ મોટા લશ્કર સામે ટકી શકાશે નહિ એમ માની ખુમાણો મિતિયાળા ચાલ્યા ગયા. મેરૂ ખવાસ થાક્યો એટલે પાછો ચાલ્યો ગયો. ત્યારે ખુમાણો પાછા કુંડલામાં આવી ગયા. સામત ખુમાણે કુંડલા ઉપર લાંબા સમય સુધી શાસન ચલાવ્યું. સામત ખુમાણને પાંચ દીકરા હતા.

૧. પૂંજા ૨. આલા ૩. પીઠા ૪. હરસુર અને ૫. મામૈયા.

કુંડલા અને બીજાં કેટલાંક ગામોનો ઉપભોગ સામત ખુમાણના પુત્ર આલા ખુમાણે કર્યો. તેમને છ પુત્રો હતા. ૧. ભોજ ૨. મુળુ ૩. હાદા ૪. વીરા ૫. લુણા અને ૬. સુરા.

આ ભાઈઓને ગીરાસ વહેંચણમાં ઝઘડા થયા. ભાવનગર અને જૂનાગઢ રાજ્યોની મદદ લેવાણી. હાદા ખુમાણ અને પછી જોગીદાસ ખુમાણે ખૂબ લાંબા સમય સુધી બંડ ચલાવ્યું.

આ પછીની વિગતો મેં મારા પુસ્તકમાં 'સત્તા સામે સંઘર્ષ' નામના પ્રકરણમાં 'અમર વિભૂતિ જોગીદાસ' (ની યશગાથા)માં અન્યત્ર સમાવી છે. તેથી અહીં ફરીથી લખતો નથી.

ખુમાણ દરબારોએ ૭૫ ઉપરાંતનાં ગામોનો ગીરાસ ઘેરે કર્યો હતો. તેમાં મોટા ગીરાસદારો પણ હતા. ભાવનગર રાજ્યને તાબે તેમનો ગીરાસ હોવાથી કોઈ અખત્યારી તાલુકો ન હતો. ભાઈએ ભાગની પ્રથાને કારણે ગીરાસ વહેંચાયો હતો. નહિ તો એક મોટા સ્ટેટમાં ગણતરી થઈ હોત. ખુમાણ શાખાનાં કુળદેવી મમાઈ માતાનો ઓરડો કુંડલા મુકામે છે. દિવસે દિવસે આ જગ્યાનો વિકાસ વધતો રહ્યો છે.

ખુમાણોના ગીરાસનાં હતાં તે ગામો

૧. સાવર	૨૫. કણકોટ
૨. મિતિયાળા	૨૬. સાખપર
૩. ગાધકડા	૨૭. લુવારિયા
૪. પીઠવડી	૨૮. પાડરશીંગા
૫. ધામલા	૨૯. પાંચતલાવડા
૬. લીંખાળા	૩૦. અંટાળિયા
૭. ચાંપરયાળી	૩૧. સાપર
૮. પીપળિયું	૩૨. ચાંદગઢ
૯. સમઢિયાળા	૩૩. આંબા
૧૦. ભમર	૩૪. જીરા
૧૧. ખેરડી	૩૫. ભુવા
૧૨. રાણીગામ	૩૬. અમૃતવેલ
૧૩. વીરડી	૩૭. કેરાળુ
૧૪. વડાળુ	૩૮. ધાર
૧૫. લુવારા	૩૯. ખડકાળા
૧૬. મોઢા	૪૦. લીલી પાધરડી
૧૭. દુધાળા	૪૧. બોરાળુ
૧૮. હાડીડા	૪૨. સીમરણ
૧૯. લોલિયાણા	૪૩. શેઢાડુ
૨૦. આંસોદર	૪૪. લોણકી
૨૧. રાજકોટ (નાનું)	૪૫. બગોયા
૨૨. ગુંદરણ	૪૬. પાંચતોબરા
૨૩. ખોરા	૪૭. ક્રાંકચ
૨૪. ઢાંગલા	૪૮. જીંજુડા

૪૯. બઘોડા
૫૦. બવાડી
૫૧. જાબાળ
૫૨. ઈંગોરાળા
૫૩. બાઢડા
૫૪. ભોરીંગડા
૫૫. જૈજાદ
૫૬. વાંસિયાળી
૫૭. આંકોરડા
૫૮. ફાચરિયા
૫૯. વંડા
૬૦. પીયાવા
૬૧. કુંડલા
૬૨. મેવાસા
૬૩. આદસંગ
૬૪. રબારીકા
૬૫. આંબરડી
૬૬. આગરિયા ૧
૬૭. આગરિયા ૨
૬૮. ઠવી
૬૯. મેકડા
૭૦. ભમોદરા
૭૧. સેલણા
૭૨. ધોબા
૭૩. સેંજળ
૭૪. ખોડિયાણા
૭૫. હાથસણી

વાળા રાજવંશની ખાચર શાખા

ધાનવાળાના પુત્ર વેરાવળજી ઉર્ફે વળોચજીને ત્રણ પુત્રો હતા. ૧. વાળાજી, ૨. ખુમાજી અને ૩. લાલુજી. તે ત્રણેય ભાઈઓ વાળા તરીકે ઓળખાયા હતા.

તેમાંના ખુમાજીને બે પુત્રો થયા : ૧. માણસુર અને ૨. નાગપાલ. માણસુરના નાગસુર થયા. તેમના વારસોથી ખુમાણ શાખા ચાલી અને નાગપાળના ખાચરજી થયા. તેમના ખીમાણંદ થયા. ત્યાંથી તેમના વારસોથી ખાચર શાખા ચાલી. ત્યારથી વાળા રાજવંશની અલગ શાખા ખાચર શાખા તરીકે ઓળખાણી.

છત્રીશ કુળ રાજવંશોમાં વાળા વંશ તે વાળા રાજવંશ તરીકે ઇતિહાસોમાં માન્ય રહી પ્રસ્થાપિત થયેલ છે. એટલે ખુમાણ અને ખાચર શાખાઓને વાળા રાજવંશની શાખાઓ તરીકે સંબોધી છે.

અબડા જામ સાથેના લાખામાચીના યુદ્ધ પછી રાજવંશોનું પુનઃગઠન થયું. તેમાં વાળા રાજવંશની વાળા શાખા, સાખાયત શાખા કહેવાણી. રાઠોડ, ચૌહાણ, પરમાર, વાઢેર, કાઠી વગેરે રાજવંશોમાંથી આવેલાં કુટુંબો અવરતિયા શાખામાં આવ્યાં.

સમયના વહન સાથે ખાચર વંશની અઠ્ઠાવીશ જેવી પેટાશાખાઓ નીકળી :

૧. ભોપાણી, ૨. દાંડ, ૩. ઝેબાળિયા, ૪. આણંદપરા, ૫. મારખિયા, ૬. બાબરિયા, ૭. સોમાસરિયા, ૮. વાશિયા, ૯. કુંડળિયા, ૧૦. રામાણી, ૧૧. નાનાણી, ૧૨. સુરગાણી, ૧૩. તાજપરા, ૧૪. નાગાણી ઉર્ફે કુરડિયા ખાચર, ૧૫. ગોદડકા,

૧૬. ઠેલાણી, ૧૭. કન્દુવાળિયા, ૧૮. રોડિયા, ૧૯. લખાણી, ૨૦. ચામુંડિયા, ૨૧. સાંગુપા, ૨૨. સાપરા, ૨૩. મોકાણી, ૨૪. કાલાણી ભુવડિયા ખાચર, ૨૫. રોજમાળિયા, ૨૬. નિલવળા, ૨૭. હીપા રાતડકા, ૨૮. ખારા ખાચર.[૧૦૩]

ખાચર દરબારોનાં કાઠિયાવાડમાં નીચે પ્રમાણેનાં રાજ્યો અને ગામો હતાં. જસદણ - ૫૬, આણંદપુર - ૩૫, ચોટીલા - ૩૨ પાળિયાદ - ૧૭, ભડલી - ૧૩, ભીમોરા - ૧૨, ગઢડા, બોટાદ ખાચર હસ્તક હતાં. જ્યારે મેવાસા, સણોસરા, બામણબોર, નીલવળા, કરિયાણા, ઈતરિયા, ખંભાળા, માત્રા ટીંબા વગેરે ગામના તાલુકદારો ખાચર હતા.[૧૦૪]

વાળાઓ, ખુમાણો અને ખાચરો પ્રથમ તો થાનમાં રહ્યા. ત્યાં તેમનું જૂથ જામ્યા પછી અને સંઘબળ મજબૂત થયા પછી પ્રથમ ખુમાણો અને ખાચરો કુવાડવા સરધાર ગયા હતા. જસા ખુમાણે જસદણ વસાવી, પોતાના નામ ઉપરથી તે ગામનું નામ જસદણ રાખ્યું. તે જસદણ પછીથી લાખાણી શાખાના વિકા ખાચરના હાથમાં રહ્યું.

ખાચર દરબારોનું જૂથ જામ્યા પછી ઈ. સ. ૧૪૦૦માં થાનમાં સ્થાયી થયા પછી ચોટીલા અને સમગ્ર પાંચાળમાં તેમનું પરિબળ પ્રવર્ત્યું.

સંવત ૧૩૩૩માં વાળાઓ થાનમાં વસ્યા પછી ત્યાંથી વાળાઓ અને તેની નવી પ્રગટેલી ખુમાણ શાખા દક્ષિણ તરફ આગળ વધ્યા. વાળાઓ પ્રથમ મોટા દેવળિયામાં રાજગાદી સ્થાપી ત્યાં રહ્યા. ત્યાંથી ચિતળ સરવૈયા પાસેથી લીધું અને ત્યાં રાજગાદી કરી અને જૂનાગઢના નવાબ પાસેથી મેંદરડા, બીલખા અને જેતપુર મળ્યાં ત્યારે જેતપુર - રાજગાદી સ્થાપી.

ખુમાણોએ બાબરિયાઓને આગળ હટાવી કુંડલામાં રાજ્ય સ્થાપ્યું. પ્રથમ હીપા ખુમાણે તેમના કાકા નાગપાલની સાથે ખરેડીમાં રાજગાદી સ્થાપી હતી. પછી આંસોદર હાથ કરી હીપા ખુમાણ ત્યાં રહ્યા હતા.

વાળા, ખુમાણ અને ખાચર ભાઈઓએ રાજસત્તાઓ જાણે કે આગોતરાં આયોજનપૂર્વક, અરસપરસના સાથ-સહકાર અને સમજણપૂર્વક સ્થાપી હશે તેવું જણાઈ આવે છે. ખાચર ભાઈઓ જસદણ, બાબરા, ભડલી, ઇતરિયા, ગઢડા, બોટાદ અને દામનગર (સિયાનગર)ના સીમાડા સુધી પ્રસર્યા હતા. ત્યાંથી લાગીને પાડરશીંગા, પાંચતળાવડા, આંસોદર, ગુંદરણ, ચાંદગઢ વગેરે વિસ્તારોથી શરૂ કરી છેક કુંડલા પંથક સુધી ખુમાણ ભાઈઓએ તેમની રાજસત્તા જમાવી હતી. આ રીતે ઉત્તર ભાગમાં ખાચર ભાઈઓનો ખાચર વિસ્તાર અંકાયો. ત્યાંથી લાગીને ખુમાણ પંથક સ્થપાયો. ખુમાણ અને ખાચર પંથકથી પશ્ચિમે વાળા ભાઈઓએ બાબરા અને કુંડલાથી પશ્ચિમે પોતાના સીમાડાઓ દોર્યા. તે રીતે ખાચર પંથક, ખુમાણ પંથક અને વાળાંકનાં રાજ્યો-રિયાસતો રચાયાં જણાય છે.

ખાચર ભાઈઓનું જૂથ પુખ્ત થયા પછી તેમણે તેમના સીમાડાઓ કંડાર્યા હતા.

એક વંશાવળી અનુસાર, નાગપાળના ખાચરજી થયા. તેમના ખીમાણંદ, માણા, નાગશી નાગપાળ, નાગશી, થયા. તેના ત્રણ પુત્રો થયા. ૧. પુંજો ૨. નાગસુર અને ૩. ખોડા ખાચર થયા. તેમાં નાગસુરના છ પુત્રો થયા :

૧. માણંદ તેના દાંડ ભોજાણી થયા.

૨. નાગ. તેના આણંદપરા અને જોબાળિયા શાખા થઈ.

૩. ભુંભલ. તેની બાબરિયા ખાચર શાખા ચાલી.

૪. મેરકલા. તેના મેરકલાણી ખાચર શાખા ચાલી.

૫. સુંથા ખાચર. તેનાથી સોમા સરીયા શાખા ચાલી.

૬. નાગાજણ : તેના ચાર પુત્રો થયા.

૧. કાળો ખાચર ૨. નાગપાળ ખાચર ખીજડિયા ગયા. ૩. હીપા ખાચર સમઢિયાળા વસ્યા અને ૪. જાદરો ખાચર કુંડલિયા વસ્યા. હીપા ખાચરના વારસો હીપાણી કહેવાયા.

કાળા ખાચરને પાંચ પુત્રો હતા. તેમાં સામત ખાચર બહુ પરાક્રમી અને વીરપુરુષ થયા. તે વખતે ચોટીલામાં જગદીશિયા પરમારનું રાજ્ય હતું. તેણે વાત સાંભળેલી કે કાઠી ક્ષત્રિયોનાં બૈરાંઓ પાસે ગાર-ઓળીપાની અદ્દભુત કળા હોય છે. તેથી તેણે તેવી અપેક્ષા રાખેલી. સામત ખાચર ત્યારે ગુગંળયાણા વસ્યા હતા. તેમને આ વાતની ખબર પડતાં તેઓ ચોટીલા ઉપર ચઢ્યા અને જગદીશિયા પરમારને મારી ચોટીલા લીધું.

કાળા ખાચરના ભાઈ નાગપાળ ખીજડિયા ગયા. તેના મોકા ખાચર થયા. હીપા ખાચર સમઢિયાળા ગયા. તેના ભૂંભલ, હમીર અને વિસામણ ખાચર થયા. તેઓ, ચોકડી મોલડી અને કુંઢડા વસ્યા. કાળા ખાચરના ભાઈ જાદરા ખાચરના વંશજો કુંડળિયા શાખાથી ઓળખાયા. મોલડીના પ્રખ્યાત સંત આપા રતા કુંડલિયા ખાચર હતા.

મોકાણી ખાચર

નાગપાળ અને તેના પુત્ર મોકાએ ચુડાસમા પાસેથી ખસ જીતી લીધું. ત્યાં રાજધાની કરી. તેમના વારસોથી મોકાણી ખાચર શાખા ચાલી. તેમાં દેશા ખાચર અને માંડણ પ્રસિદ્ધ પુરુષો હતા.

દુહો

માતા કુંભ કોડચી જગ અવતાર જ હોય,
જજકલ ભીમ જનમીયો, દેસા માંડણ હોય.

ભડલીમાં સકાન સરવૈયાનું રાજ હતું. ત્યારે દેસા ખાચરના પ્રપૌત્રો ભોજ

ખાચર અને હાથિયા ખાચર એક વખત ભડલી ગામ પાસેથી પસાર થયા ત્યારે ભડલીની સમૃદ્ધિથી તેઓ આકર્ષાયા. ત્યારે ભડલીમાં ત્રણસો કારડિયા રાજપૂતો રહેતા તે સકાન સરવૈયાના મેલીકારમાં હતા. તે કારડિયા રજપૂતો તાકાતવાળા હોવાથી પ્રથમ તેમને હટાવવામાં આવે તો કામ સહેલાઈથી પતે તેમ હતું. તેથી પોતાના એક કામદારને આ કામ સોંપ્યું. તે સકાનનું કારભારું કરવા ત્યાં રહ્યો. સરવૈયા અને કારડિયાઓ વચ્ચે તેણે અંટસ ઊભો કર્યો. કારડિયાઓ ભડલી છોડી ચાલ્યા ગયા. તે વખતે હાથિયા ખાચરે ભડલી ઉપર ચડાઈ કરી જીતી લીધું. આ બનાવ સંવત ૧૭૪૦માં બનેલો કહેવાય છે.

સંવત સત્તર ચાલીશમેં, કારતક માસ કહાય
કાન રાયને કાઢિયો, રાજા હાથી રાય.
ઘેલાણંદ રોજીલણો, ગઢાચ ભડલી ગામ
સો માનવ સભાગિયા, રાજા હાથી રામ.
એક ભડલી આવાર હિંદુ વાંકો હાથિયો
અસુરે વરણ અઢાર વટલાઈ તું વેલાઉત.
ભોજે બંધ ભારા તણાં કાપ્યા કર માળે
પુલા પથડે વેરણીયા, વેલવા ઉતરે.

આ ભડલીમાં એક ભાણ ખાચર નામના હિંમતવાન ખાચર દરબાર થયા, જે ભોજ ખાચરના પ્રપૌત્ર હતા. તેમના સંબંધે એક વાત પ્રવર્તે છે કે :

ગાયકવાડી સૂબો બાબાજી રાવ કાઠિયાવાડમાં ખંડણી ઉઘરાવતો હતો. તેની બીક લોકોને બહુ રહેતી. તેથી તે જે ગામને પાદર મુકામ કરે તે ગામના લોકો કમને પણ તેને નજરાણું ધરતા હતા. બાબાજી રાવના લશ્કરના કૅમ્પમાં એક બકરી રાખવામાં આવતી. તે અંગે એક દુહો પ્રચલિત છે કે :

બાબા તારી બાકરી, કોઈ ન જાલે કાન
(પણ) ખરીયું સોતો ખાઈ ગયો, ભડલીવાળો ભાણ.

આ વાત ભડલીના ભાણ ખાચરની પ્રશસ્તિરૂપે છે. આ ભાણ ખાચર સંવત ૧૮૯૫માં મૃત્યુ પામ્યા હતા. જોગીદાસ ખુમાણના બંડ વખતે, ભાણ ખાચરની તારીફ સાંભળી, જોગીદાસને હાજર કરાવવા અંગ્રેજ સરકારે તેના ઉપર દબાણ કર્યું હતું.

આ સામત ખાચરના એક પુત્ર દેવાયત ખાચર થયા અને તેને ગોદડ ખાચર નામે પુત્ર હતા.

ગોદડકા ખાચર

બોટાડ અને ગઢડાના ખાચર દરબારોમાં ગોદડ ખાચર પ્રભાવશાળી હતા. તેમના પિતા દેવાયત ખાચર પાસે ત્યારે વીંછિયા, સોખડા, રતનપુર અને ડોકશિયા તે ચાર ગામ હતાં. પણ આ ગીરાસ જ્યારે ગોદડ ખાચર પાસે આવ્યો ત્યારે તેમણે

બોટાદ ગામ કારડિયા રજપૂતો પાસેથી જીતીને ગીરાસમાં વધારો કર્યો. ગોદડ ખાચરના વારસો ગોદડકા ખાચર તરીકે ઓળખાયા.

આ ગોદડ ખાચરને સાત પુત્રો હતા. ૧. આલા, ૨. ભોંકા, ૩. વૈજાણંદ, ૪. સાગલ, ૫. આતો, ૬. કાંધા અને ૭. નાજા. આ સાતમાંથી છેલ્લા ત્રણ વીંછિયાની એક લડાઈમાં કામ આવી ગયા. બાકીના ચાર ભાઈઓ બોટાદ આવ્યા. તેમાંના આલાને રતનપુર, વૈજાણંદને સારેહડા, સાગલને ડોટાશિયા અને ભોંકાને વીંછિયા મળ્યું. તે ભાઈઓની તાકાતથી તેમણે ભોજાવદર, ઝીંઝાવદર, સાંધગુધ, માલેદ, સરવા, કેરિયા વગેરે ગામો જીતી લીધાં.

ગોદડીયા માથુ ગયે, ઘટ ઘટ પ્રસણા નેધા,
ચાંપાવાળે ચાલીયો, પગલે પાવરરા ધણી.

ભોંકા ખાચર, આલા ખાચર અને વૈજાણંદ ખાચરે ગીરાસની વહેંચણ કરી ત્યારે ત્રણેય ભાઈઓએ બોટાદનો ત્રીજો ભાગ લીધો હતો. ઉપરાંતમાં નીચે મુજબ ગામો ભાગમાં આવ્યાં :

ભોંકા ખાચર = હાડિકા, માલેંદ, નાસીપોર, ભંડારિયા, લાઠીદડ અને કારિયાણી

આલા ખાચર = તોટામીલા, ચડા, રતનપુર અને સરવા.

વૈજાણંદ = સામલી, ઝીંઝાવદર, ભોજવદર, કેરિયા, પાલી, રોહીશાળા અને સમઢિયાળા.

ભોંકા ખાચરને ચાર પુત્રો થયા.

૧. હમીર ખાચર : તેમને બોટાદનો ત્રીજો ભાગ મળ્યો. બોટાદના ખાચર દરબારોના મૂળ પુરુષ હતા.

૨. દેવા ખાચર ઉર્ફે દાના ખાચર : તેમને માલેંદ અને હડિયા ગામો મળ્યાં.

૩. વસતા ખાચર : તેમને લાઠીદડ અને કારિયાણી ગામો મળ્યાં.

૪. માંચા ખાચર : નાસીપોર અને ભંડારિયા ગામો તેમને મળ્યાં.

દાના ખાચરના પુત્ર ઉનડ ખાચરે ભડલીના રા'કાન પાસેથી ગઢડા જીત્યું હતું. ઉનડ ખાચર પછી તેમના પુત્ર જીવા ખાચર પાસે ગઢડાનું સુકાન આવ્યું.

જીવા ખાચરની ઉમર થઈ હતી. જુવાનો બહારગામ ગયા હતા તે તકનો લાભ લઈને સરવૈયાઓએ લાખણકા ઉપર હલ્લો કર્યો. લાખણકામાં એકમાત્ર લાખો ગોવાળિયો હતો પણ તે એકલો હોવાથી ગઢડાની વાટની રાહ જોતો હતો. તેણે ગઢડા ખબર કર્યા હતા. જીવા ખાચરે પાકટ વયે ઘોડી પલાણી, તેની સાથે તેનો વયોવૃદ્ધ કામદાર સરૂ ડોસા મેમણ, ભોળો ગોવાળિયો અને તેનો એક દીકરો[૧૦૫] એમ ફક્ત ચાર જ જણા લાખણકાની વહાર કરવા નીકળ્યા. સરવૈયાના જૂથ સામે આ પાકટ મર્દો ટકી નહીં શકે તેમ તેઓ જાણતા હતા છતાં તેઓએ દુશ્મનોના જૂથ વચ્ચે તરવારો વીંઝી

દુશ્મનના ઘણા માણસોને ભોં ભેગા કરી આ નરબંકાઓ કામ આવ્યા. 'હું એકલો અને દુશ્મનો ઝાઝા' એવું ઓસાણેય મનમાં આવવા દીધા સિવાય લાખેણા લાખણકાનું રક્ષણ કરવા પોતે કામ આવી ગયા. ગઢડાના દરબાર જીવા ખાચર અને કામદાર સરૂ ડોસાની ખાંભીઓ આજે પણ તે ધિંગાણાની યાદ આપતી લાખણકા ગામને પાદર ઊભી છે.

ઉનડ ખાચર અને જીવા ખાચર પછી ઉનડ ખાચરના બાવા ખાચર અને જીવા ખાચરના પૂંજા ખાચર થયા.

આ બાવા ખાચરના પુત્ર એભલ ખાચર થયા અને તેમના **ખોળે શ્રીજી મહારાજના અક્ષરમુક્ત રાજવી ભક્તરાજ દાદા ખાચર પ્રગટ્યા હતા.**[૧૦૬]

ગઢડાના ખાચર દરબારોના બારોટ રાણા બારોટ ઉર્ફે નાગાજણના વારસવંશજ ભાયાભાઈ બારોટના ચોપડા ઉપર લખાયું છે કે,

ઉનડખાચર અને જીવાખાચરે વિ. સં. ૧૭૩૦ ઈ. સ. ૧૬૨૬માં ગઢડા ગામ વસાવી તોરણ બાંધ્યું. ત્યારે દિલ્હીની ગાદીએ ઔરંગઝેબ હતો. શિવાજી મહારાજે મરાઠા સામ્રાજ્ય ત્યારે સ્થાપેલું.

ઉનડ ખાચરને પુત્ર ન હતો. તેમના રાણી રાણદેબાઈ, તેના પિયર પાડરશીંગા ગયેલાં હતાં. તે સમયે ગઢડા ખાચર દરબારોના ગીરાસનો સીમાડો ત્યાં સુધી આંબતો હતો.

દામનગર પાસે પાડરશીંગાના રસ્તે કુંભનાથ મહાદેવનું પુરાતની મંદિર છે. આઈ રાણદેબાઈ ભગવાન પરશુરામે પધરાવેલા કુંભનાથ મહાદેવના દર્શને ગયાં. કૃપાળુ શિવ ભગવાનનાં દર્શન કરતાં વખતે આઈ રાણદેબાઈની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. તે મહાદેવના પૂજારી મનનાથજી તે જોઈ ગયા. તેમણે કારણ પૂછ્યું. આઈએ શેર માટીની ખોટનું દુઃખ વર્ણવ્યું. પૂજારીએ આશીર્વાદ આપ્યા; પુત્રજન્મ થશે. તેને કાનની બુટ્ટી ઉપર શિવલિંગની નિશાની હશે તેવી ઓળખ આપી. નામ બાવા રાખવા કહ્યું. ઉપરાંતમાં કહ્યું કે તમારા ગઢમાં ગૌશાળામાં માંડવઋષિએ પૂજેલું નીલકંઠ મહાદેવનું બાણ છે. તેને ઘેલા નદીને કાંઠે પધરાવજો.

પુત્રજન્મ થયો. નામ બાવા ખાચર રાખવામાં આવ્યું. શિવલિંગ ખોદી કાઢી નીલકંઠ મહાદેવની સ્થાપના કરી.

આ બાવા ખાચરના પુત્ર એભલ ખાચર થયા. તેમના નાતાદાર સાથે એભલ ખાચર એક વખત બાબરિયાવાડમાં ઉમેજ ગામે ગયેલા. ત્યાં શ્રીજી પ્રભુના ગુરુ રામાનંદ સ્વામીના ગુરુ આત્માનંદ સ્વામીના બે શિષ્યો બાળાનંદ અને વિઠલાનંદ ત્યારે ત્યાં બિરાજતા હતા. **તેઓ એક લીંબડાના રોપને જોઈને એક બીજાને વાત કરતા હતા કે આ લીંબડા નીચે પ્રભુ બિરાજશે.** આ સંતોની આગાહી સાંભળીને પછીથી એભલ ખાચરે તે રોપને જાળવીને તેની પીંડ પોતાની ઘોડીના તોબરામાં લઈને ગઢડા લાવ્યા. પોતાના

દરબારગઢની આગળ ફળીમાં તે લીંબડાના રોપને રોપી દીધો, ઉજેર્યો તેનો લીંબડો થયો: શ્રીજી ભગવાન ખરેખર એક દિવસ ત્યાં પધાર્યા. લીંબડાના વૃક્ષ નીચે બેસી અનેક વચનામૃતો ત્યાંથી વહાવ્યાં હતાં. તે માત્ર ગઢડામાં જ સંગ્રહાયાં નથી. સમગ્ર ભારતમાં સમગ્ર સૃષ્ટિમાં લોકોને જીવનમૂલ્યો સમજાવ્યાં છે. તે લીંબડો હમણાં સુધી દરબાર દાદા ખાચરના દરબારગઢમાં ઊભો રહી ભગવાન સહજાનંદનાં વચનામૃતોને વાગોળતો હતો.

શ્રીજી ભગવાનના મુખે ઉદ્ભવેલાં બસો અને બાસઠ વચનામૃતોમાંથી બસો બત્રીશ વચનામૃતો કાઠી દરબારગઢોમાં અમૃતરૂપે વરસ્યાં છે.

૨૬૨ - ૨૩૨ = ૩૦ તે.

માત્ર ત્રીશ વચનામૃતો બીજે વરસ્યાં હતાં બાકીનાં બધાં એટલે કે બસો બત્રીશ, **કુલ વચનામૃતોનાં અઠ્યાશી ટકા વચનામૃતો તો કાઠી દરબારોના દરબારગઢોમાં જ વહાવી, શ્રીજી ભગવાને કાઠી સમાજ તરફ અનન્ય ભાવ બતાવ્યાની બાબત સાબિત થાય છે.**

એભલ ખાચરે પોતાના દરબારગઢમાં લીંબડાના વૃક્ષને રોપીને પરમ બ્રહ્મસ્વરૂપ શ્રીજી પ્રભુને નોતર્યા, તેની આ સાર્થકતા જણાય છે.

ગઢડામાં શ્રીજી ભગવાને, દાદા ખાચરના દરબારગઢમાં જ વાસ કર્યો હતો. તે વખતે શ્રીજી ભગવાનના પરમ ભક્ત સમુદાયમાં ગઢડામાં દરબાર જીવા ખાચર અને દાદા ખાચર, લોયામાં સુરા ખાંચર, સારીંગપુરમાં જીવા ખાચર, કારિયાણીમાં વસ્તા ખાચર બિરાજતા હતા. આ કાઠી સમાજના સત્સંગી દરબારોએ શ્રીજી ભગવાનને અનન્ય ભાવથી સાચવ્યા હતા. ભગવાન પણ તેમનામય બન્યા હતા તેના પુરાવાની જરૂર નથી. ભગવાને પોતાનો પહેરવેશ, ઘોડેસવારી વિ. કાઠી દરબારોમાંથી જં અપનાવ્યાં હતાં. તેમને એક અર્થમાં અમર કરી દીધા છે.

ભક્તરાજ દાદા ખાચરને સંતાન ન હોવાના કારણે શ્રીજી ભગવાને જ બીજાં લગ્ન કરાવ્યાં હતાં. રાજુલા પાસેના **ભટ્ટવદર ગામના વરૂ દરબાર નાગપાળનાં પુત્રી જસુબા સાથે શ્રીજી ભગવાનના જ આગ્રહથી દાદા ખાચરે લગ્ન કર્યાં હતાં. જાન જ્યારે ભટ્ટવદર ગઈ ત્યારે તેમના ભક્ત વરરાજા દાદા ખાચરનો રથ પણ શ્રીજી ભગવાને જ હાંક્યો હતો.**

દાદા ખાચરે ભગવાન તરફના ભાવથી પોતાની સમગ્ર મિલકત તેમને અર્પણ કરી હતી. પોતાને રહેવાનો દરબારગઢ પણ પ્રભુ-ચરણમાં અર્પણ કર્યો હતો. તે આજે પણ સ્વામિનારાયણ મંદિરમાં ઊભો છે - ભગવાન અને ભક્તની અણમોલ એકતાની સાક્ષી પૂરતો ત્યાં ખડો છે.

સહજાનંદ સ્વામી વિ. સં. ૧૮૮૬માં અક્ષરધામ સિધાવ્યા; તે પણ ગઢડામાં જ. ત્યાર પછી વિ. સં. ૧૯૦૯માં ભક્તરાજ દાદા ખાચર સ્વધામ સિધાવ્યા.

સહજાનંદ સ્વામી ગઢડા પધાર્યા અને ત્યાંથી સ્વામિનારાયણ સંપ્રદાયનું સંસ્થાપન થયું. ધર્મસંસ્થાપન અને ધર્મકાર્યમાં હંમેશાં રાજ્યાશ્રય મળતો આવ્યો છે તેમ ગઢડામાં

પણ મળ્યો. દરબાર દાદા ખાચર સ્વામીજીમાં ઓતપ્રોત હતા. તેમને સંસારનો મોહ રહ્યો ન હતો પરંતુ શ્રીજી મહારાજની આજ્ઞાથી ફરીથી લગ્ન કર્યાં હતાં છતાં તેમણે પોતાનું સર્વસ્વ શ્રીજી મહારાજને ચરણે ધરી દીધું હતું. તેમને ભલે સંસારી બનવું પડ્યું પણ પોતે શ્રીજી મહારાજને પોતાનું બધું જ અર્પણ કરી, ભલે સાધુ ન બન્યા તોંપણ સાધુ જેવા તો બન્યા જ હતા.

સ્વામિનારાયણ સંપ્રદાય અત્યારે ખૂબ ફાલ્યોફૂલ્યો છે. માત્ર દેશમાં જ નહિ પણ વિદેશમાં પણ ગગનચુંબી શિખરો વિશાળ મંદિરો બંધાણાં છે, બંધાતાં જાય છે.

મર્યાદાપુરુષ ભગવાન રામચંદ્રજી પ્રગટ્યાને યુગો વીતી ચૂક્યા છે. ગામડે-ગામડે તેનાં નાનકડાં મંદિરો જોવા મળે છે. મંદિરો નાનાં હોવા છતાં તેમાં ભગવાનના ભક્ત હનુમાનજીની સ્મૃતિ સચવાણી જોઈ શકાય છે. જ્યારે ગગનચુંબી મહેલાતો સમા સ્વામિનારાયણ મંદિરોમાં ક્યાંય અક્ષરમુક્ત ભક્તરાજની યાદી જોવામાં આવતી નથી. તેમણે પોતાના દરબારગઢને પણ અર્પણ કરી આશ્રયરહિત થયા. તેને કોઈ આશ્રય મળ્યો દેખાતો નથી.

રામાણી ખાચર

નાગાજણના પુત્ર કાળા ખાચરે જસદણ પાસે પોતાના નામ ઉપરથી કાળાસર ગામ સંવત ૧૫૪૨માં વસાવ્યું. કાળા ખાચર અહીં ગુગળિયાણાથી આવ્યા હતા. તેમને ઠાંગનાથ મહાદેવ ઉપર ખૂબ શ્રદ્ધા અને ભક્તિ હતાં. કહેવાય છે કે એક દુષ્કાળમાં તે તેની સહાયમાં રહ્યા હતા.

કાળા ખાચરને પાંચ પુત્રો હતા. ૧. સામત, ૨. ઠેબો, ૩. બોડો, ૪. દાનો, ૫. વૈજાણંદ. છેલ્લા ત્રણના વંશજો અનુક્રમે સાંગોર, શાહપોર અને કોટડામાં છે. પહેલા બેના વંશજો પાળિયાદ અને જસદણમાં છે. પાળિયાદમાં તેઓ ઠેબાણી ખાચર તરીકે ઓળખાય છે જ્યારે જસદણમાં લાખાણી ખાચર તરીકે ઓળખાયા છે.

કાળા ખાચરના મોટા પુત્ર સામત ખાચરે ચોટીલા, સેજકપર, શાહપુર જીત્યાં હતાં. સામત ખાચરના પુત્ર નાગ ખાચરે જગદીશિયા પરમારને પતાવી ચોટીલા લીધું હતું. સંવત ૧૬૨૨માં ચોટીલા ગાદી સ્થાપી. ચામુંડા માતાને પોતાનાં કુળદેવી સ્થાપ્યાં.

જગદીશિયા પરમાર સાથેની અથડામણમાં નાગ ખાચર અને પચ્ચાસ સાગ્રીતો ચોટીલામાં મરાયા હતા. તેઓની ત્યાં ખાંભીઓ ઊભી છે. પણ કઈ ખાંભી કોની છે તેની ઓળખ મળતી નથી.

પરમારો ખાચર દરબારો સામે નહિ ટકી શકાય તેમ સમજીને ત્યાંથી પાછા હટી ગયા હતા. નાગ ખાચર પછી તેમના ભાઈ રામા ખાચરે ચોટીલાની ગાદી સંભાળી. તેમના વારસો રામાણી ખાચર તરીકે ઓળખાયા. જગદીશિયા પરમારને મારનાર નાગખાચરના વંશજો કોરડિયા ખાચર કહેવાયા. તેઓ કોટડા, ગંગાજળ, સમઢિયાળા - મોદરામાં વસે છે. સામત ખાચરના બીજા પુત્ર સેંજળ ખાચરના વારસો સુરગવા ખાચર તરીકે ઓળખાયેલા જે તાજપર વસતા હતા.

રામા ખાચરને છ પુત્રો હતા જેમાં છઠ્ઠા પુત્ર કાપડી ખાચર ચોટીલાથી ધંધુકા ગયા હતા. ત્યાં તેમણે ૮૪ ગામમાં પોતાની રાજસત્તા જમાવી હતી.

પહેલા પુત્ર સોમલા ખાચર હડમતિયા (હડંબારિયા) મળ્યા હતા. બીજા પુત્ર ભીમખાચરને થોડોક ભાગ કુંઢડા અને ભાદરકાંઠે મોકાસર ગામ મળેલ હતાં. તેમના વારસો ભામાણી ખાચર કહેવાયા. ત્રીજા પુત્ર જસાના વારસો જસાણી ખાચર કહેવાયા. ચોથા પુત્ર નંદાના વંશજો નંદાણિયા ખાચર કહેવાયા. તેઓ ચોરવીરાનો ગીરાસ ખાતા હતા. પાંચમા પુત્ર જોગી હતા. તેમના વંશજો ધ્રાંગધ્રા તાબાંના ઉમરડાનો ગીરાસ ભોગવતા હતા.

કેસર ફાડી એજાડ અવચરનહર કાઠીએ અવસરા ડુંગરા ખરાં ભાંઠે
કેસરી રામરો દીકરો કાપડી, કાપડી ગરજીયો ભાદર કાંઠે.
ધંધુકે ગયા પતશાહ ઘર પોપટે પ્રજા રખપાલજાણે પયલો
ગડુ સુંઢા વડાલલાં આખાગે બોલી એમ શી ભરવા ધબાલો
લોહમેકા થાય ઉભારી તે અતલબલ અરહરાં ગીડીએ કાંધ ચાઢી
છ માધર ધોબલે સીમલા મેંગલા કહો મહા નામ સોરાઢ કાઢી
અસરવાએ આકરી ચાકતણ ઉતરી વાહરા શિહરી હાક વાણી.

પાડલી ઉમર પાગન પડે તે ઝાલા તણો
કાપડીઓ કરમાલ ઘોડે ચોટીલા ધણી.

આ કાપડી ખાચરને સાત પુત્રો હતા. પહેલા પુત્ર નાગાજણ ખાચર. તેમણે પોતાની પુત્રી પુનબાનાં લગ્ન ગુગળિયાણા ગામે બાંભાણી ધાધલ સાથે કર્યાં હતાં. તેને ચરિયાળી ગામ જિવાઈમાં આપ્યું હતું.

નાગાજણ ખાચરને બે પુત્રો હતા. મુળુ ખાચર અને લાખા ખાચર. તેમણે ગુગળિયાણા છોડીને સેજકપર અને શાહપુર આવ્યા. તેમણે કેટલાક ઉજ્જડ ટીંબા ફરી વસાવ્યા. નાગાજણના પુત્ર લાખા ખાચરે શાહપુર ગાદી કરી મેવાસા, ભીમોરા, સણોસરા અને અજમેર ફરી વસાવ્યાં. ત્યારબાદ ભાડલા જીતી લીધું. આ લાખા ખાચરને સાત પુત્રો હતા.

૧. ભીમા ખાચર :	ભાડલા મળ્યું હતું.
૨. સામત ખાચર :	તેમાં તેઓના ત્રણ ભાગ થયા.
૩. કુંપા ખાચર :	

૪. સુરા ખાચર : શાહપુર મળ્યું. તેમના પુત્ર વીરા ખાચરે સણોસરા અને નાજા ખાચરે ચોબારી જીત્યા. સણોસરાના સાંગા ખાચર યુવાન વયે ગાયોની રક્ષાના કામે પીયાવાના સીમાડે કામ આવી ગયા. તેમનો પાળિયો પૂજાય છે અને સણોસરા સાંગા ખાચરનું કહેવાય છે.

૫. વાઘા ખાચરને મેવાસા મળ્યું

૬. ભોંકા ખાચરને અજમેર મળ્યું.

૭. વીરા ખાચર. વિશેષ વિગત મળી નથી.

નાગાજણ ખાચરના બીજા પુત્ર મુળુ ખાચર સદ્‌ગુણી અને બહાદુર હતા. બારોટો કહે છે કે મુળુ ખાચર એટલા સંસ્કારી અને શીલવાન પુરુષ હતા કે તેઓ નહાય તે પાણી લઈને રક્તપિત્તનો રોગી તે પાણીથી નહાય તો તેનો રોગ મટતો.[૧૦૭]

આ મુળુ ખાચરે ઈ. સ. ૧૬૩૫માં આણંદપુર જીતી લીધું હતું. ધારૈયમાં સ્થાયી થયેલ ખાચર કુટુંબો આણંદપુરા ખાચર કહેવાય છે.

નાગાજણના પુત્ર મુળુ ખાચરને ચાર પુત્રો હતા. ૧. રામ ખાચર, ૨. શાર્દુળ ખાચર ૩. વાજસુર ખાચર અને ૪. હમીર ખાચર.

આમાંના ત્રણ ભાઈઓએ ઈ. સ. ૧૭૫૦માં તેના કારભારી કાંધા ખવડની મદદથી ચોટીલાને ફરી વસાવ્યું. ત્યાર પછી તેઓ સેજકપર છોડી ચોટીલા વસ્યા. શાર્દુળ ખાચરને ચોટીલા મળ્યું. વાજસુર ખાચર આણંદપુર રહેવા ગયા. શાર્દુળ ખાચરને પુત્ર ન હોવાથી તેમણે પોતાના ભાઈ રામ ખાચરના પુત્ર નાગાજણને દત્તક લીધા.

રામ ખાચરના પુત્ર એભલ ખાચર અને તેના પુત્ર રામ ખાચર બહુ શક્તિશાળી હતા. તેમની પાસે ૯૦૦ નવસો ઘોડેસવારોનું અશ્વદળ હતું. કોટડાના સરદારો જસાજી અને સરતાનજીએ તેનો બહિષ્કાર કર્યો હતો. તેથી રામ ખાચરે તેમનું સરધાર આંચકી લીધું હતું. સરધારને પોતાનું મુખ્ય મથક બનાવ્યું હતું. રામ ખાચર કોટડા ઉપર ત્રાટકવા માગતા હતા પરંતુ રાજકોટ અને કોટડાના ઠાકોરોએ સાથે મળીને રામ ખાચર પાસેથી સરધાર પાછું મેળવવા હલ્લો કર્યો, પણ હારી ગયા. તે પછી સમાધાન થયું કે સરધાર ભલે રાજકોટ અને કોટડા(સાંગાણી)ના ઠાકોરોના એક કબજા તળે રહે પરંતુ ત્યાંનું મહેસૂલ રામ ખાચરને ભરી આપવું. એક વખત રામ ખાચર બહાર ગામ ગયા હતા ત્યારે તે ઠાકોરોએ નવાનગરના જામની મદદ લઈ સરધાર લીધું. ત્યાર પછીના સમાધાનથી એમ નક્કી કરવામાં આવ્યું કે જાડેજા ઠાકોરોએ સરધારના વળતર રૂપે અમુક રકમ રામ ખાચરને આપવી. આ રામ ખાચર પછી તેના પુત્ર વિસામણ ખાચર આણંદપુરની ગાદીએ આવ્યા. તેમને ચાર પુત્રો હતા. ૧. જેઠસુર ૨. દેશા ૩. રામ અને ૪. મેસુર ખાચર.

ઢોકળવાના ખાચર દરબારો આણંદપુરના જ ભાયાતો છે. કાપડી ખાચરના અન્ય પુત્રોની વિગત નીચે મુજબ છે : દેવાયત ખાચરના વંશજો કરાડી અને પાદલમાં છે. હરસુર ખાચરના વંશજો ડોળિયા અને ગોસળમાં છે. વસ્તા ખાચરના વંશજો ઠીકરિયાળા અને રેશમિયામાં છે. જસા ખાચરના વંશજો બામણબોર, જસાપર અને મઢાદમાં છે.

વાલેરા ખાચર અને હિપા ખાચર નિ:સંતાન મૃત્યુ પામ્યા હતા. આ કાપડી

ખાચરના સાત પુત્રોના વંશજો પહેલાં કાપડી અંટક ધરાવતા હતા. આજે તેઓ મોટા ભાગે રામાણી ખાચર તરીકે ઓળખાય છે.

ઠેબાણી ખાચર

ઠેબા ખાચરના વંશજો પાળિયાદ, લોયા, નોલી, નાગડકા વગેરે ગામના ખાચર દરબારો ઠેબાણી ખાચર તરીકે ઓળખાયા છે. પાળિયાદના દાના ખાચર હિંમતવાન અને સમર્થ પુરુષ થયા.

ભાખા ખાચર બોટાદ પાસેના અલાણ ઉપર રાજ કરતા હતા. તેને સાત પુત્રો હતા. ૧. નરસુર, ૨. માણસુર, ૩. વાલેરા, ૪. મંગા, ૫. ઠેબા, ૬. દાના અને ૭. મેસુર. તેમાં મેસુર ખાચરને બરવાળા અને જોટીંગડા મળ્યું. વાલેરા ખાચરને અલાણ મળ્યું.

જૂનાગઢનો શાહી સૂબો એક વખત રાધનપુર તરફ ધ્વજ નગારાં અને વાજિંત્રો સાથે જઈ રહ્યો હતો. તે જ્યારે જોટીંગડાની હદમાં પ્રવેશ્યો ત્યારે મેસુર ખાચરે પોતાની હદમાં નગારાં વગાડી શકાય નહિ તેવું કહીને નગારાં ખૂંચવી લીધાં.

તેથી શાહી સૂબાએ જોટીંગડા ઉપર આક્રમણ કર્યું. ભયંકર ધિંગાણું થયું. તેમાં મેસુર ખાચર બીજા ઘણા કામ આવી ગયા. આ પછી મૈસુર ખાચરના વંશજોએ જોટીંગડા ફરી વસાવ્યું પણ તે ગામ પીપળિયા તરીકે ઓળખાયું.

વાલેરા ખાચરે અલાણ ઉપર શાસન કર્યું. તેમના પછી લુણવીર અને કાંધાના બે પુત્રો થયા. તેમના સમયમાં જસદણના ખુમાણો અને ખાચરો વચ્ચે એક અઘટિત બનાવને કારણે વેર બંધાયું. ખુમાણોએ અલાણ ઉપર હુમલો કર્યો. લુણવીર અને તેના માસિયાઈ ભાઈ - બોટાદના હમીર ખાચરે રાણપુરના શાહી થાણદાર હમીરખાને મળીને તેનો પીછો કર્યો. તેઓએ ખુમાણોને લીલિયા અને ખાંભલા વચ્ચે 'ભૂતડાની ભાંગ' તરીકે ઓળખાતી જગ્યા પાસે આંતર્યા. જબ્બર ધિંગાણું થયું. તેમાં લુણવીર ખાચર, હમીર ખાચર અને હમીર ખાન મરાઈ ગયા. હમીરખાનનો દેહ રાણપુર લાવીને ત્યાં દફનાવ્યો જેનો મકબરો પ્રખ્યાત છે.

લુણવીર ખાચરના વારસદારોએ અલાણ અને ચિતલિયા ભાગમાં મેળવ્યા. જ્યારે કાંધા ખાચરના વંશજોએ કોઠિયા અને કુચિયાનાડ મેળવ્યા. માણસિયા ખાચરે રોજીંદ મેળવ્યું. લુણવીર ખાચરના વંશજો ખારા ખાચર તરીકે ઓળખાતા હતા.

માણસિયા ખાચરનો પુત્ર વિકો ખાચર ખૂબ શક્તિશાળી હતા. તેના કાકા લુણવીરના મોતનું વેર વાળવા જસદણ ઉપર હુમલો કર્યો. જસા ખુમાણ પાસેથી ઈ. સ. ૧૬૬૫ના ઑક્ટોબર માસની છઠ્ઠી તારીખે જસદણ તેણે મેળવ્યું. તે વિકો ખાચર ઈ. સ. ૧૬૮૫માં મૃત્યુ પામ્યા. તેમનો પાળિયો રાજવાડ પાસે ઊભો છે. ત્યાર બાદ જસદણના શાસક ક્રમશ: ઓઢા ખાચર, વાજસુર ખાચર, ચેલા ખાચર, આલા ખાચર, ઓઢા ખાચર, વાજસુર ખાચર, આલા ખાચર, શિવરાજકુમાર ખાચર અને સત્યજિત ખાચર થયા. સત્યજિત ખાચરના કુમાર રવિરાજ ખાચર છે.

તેમાંથી વાજસુર ખાચર ૧લાની પાસે જામસાહેબે ઘોડી માંગી, તે ઘોડી વાજસુર ખાચરે ચારણને દાનમાં દઈ દીધી. તેથી જામ અને વાજસુર ખાચર વચ્ચે યુદ્ધ થયું.

વાજસુર ખાચરને ભાવનગરના વખતસિંહ (આતાભાઈ) સાથે સંઘર્ષ થયો હતો. તેના પુત્ર ચેલા ખાચરના સમયમાં ભીમોરાની પ્રખ્યાત લડાઈ થઈ હતી. તેમાં ભીમોરાના નાજાખાચર કામ આવી ગયા. ચેલા ખાચરના સમયમાં હિંગોળગઢનો કિલ્લો બંધાયો હતો.

આલા ખાચર ૧લાએ જસદણનો ખૂબ વિકાસ કર્યો. તે પોતે અશિક્ષિત હતા છતાં તેમણે પોતાની રોજનીશી (ડાયરી) લખાવી છે. તેમાં જાણવા જેવી ઘણી હકીકતો મળે છે. પોતે સતારા ગયેલા તે પ્રવાસનું તેમાં વર્ણન કર્યું છે. છત્રપતિ શિવાજી મહારાજ ભવાની તલવારનું તેમાં વર્ણન આવે છે જે મુજબ તે તલવાર પરદેશની બનાવટની હતી તેમ લખ્યું છે. જસદણ રાજ્ય સંબંધી વિગતવાર નોંધો તેમાં કરવામાં આવી છે.

જસદણ કોઠી, કુંદણી, અળાવ, નાગલપર, ખાંભડા અને સારીંગપુર વગેરેમાં ખાચર દરબારો છે.

ખાચર દરબારોની એક વિશિષ્ટતા એ છે કે તેમાં એક પણ બહારવટિયો થયો નથી. પરંતુ દાના ભગત ચલાળા, દાદા ખાચર ગઢડા, જૈતા ખાચર (સિદ્ધ) - જસદણ, આપા રતા મોલડી જેવા સંતો ખાચર કુટુંબોમાંથી પ્રગટ્યા છે.

ખાચર દરબારોમાં ભીમોરાના ઓઢા ખાચર જેવા પ્રતાપી નેક-ટેકવાળા પુરુષ થયા. જે પારકી સ્ત્રીનું મોઢું પણ ન જોતા અને ભૂલેચૂકે જોવાઈ જાય તો આંખમાં મરચાંનું ભરણ ભરતા. તેમની આજે પણ માનતાઓ ચાલે છે. તેમની માનતાથી બેરા કે પશુના આડા ભાંગે છે તેવી લોકમાન્યતા છે.

આવા જ નેકટેકવાળા ચોટીલામાં થઈ ગયેલા મુળુ ખાચર બાદશાહ ઔરંગજેબ જેવા ધર્માંધ જુલમી સામે અણનમ રહ્યા હતા. તેમના દુહાઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લોકસાહિત્ય ભવનમાં રચાયેલા પડેલ છે.[૧૦૮]

ખાચર દરબારોનાં કુળદેવી ચામુંડા માતાજી છે. છેડાછેડી ચોટીલા મુકામે ચામુંડા માતાજીને ઓરડે છૂટે છે. નૈવેદ પણ ત્યાં જ થાય છે.

ખાચર દરબારોનાં કુળદેવી ચામુંડા માતાજીનું એક સ્થાનક પાળિયાદ અને ગઢડિયા વચ્ચે મોદળિયા ગામે છે. પાળિયાદથી મુળુ ખાચર અવારનવાર ચોટીલા માતાજીનાં દર્શને આવતા. તે વૃદ્ધ થયા ત્યારે કહેવાય છે કે માતાજીએ મુળુ ખાચરની ભક્તિથી પ્રેરાઈને પાળિયાદ આવવા પ્રેરણા દીધી. તેથી મોદળિયા સ્થાપના થઈ. તાજેતરમાં પાળિયાદના આગેવાન ભાઈઓએ સહકાર મેળવી માતાજીના સ્થાનકનો વિકાસ કર્યો છે. પાળિયાદના ઠેબાણી ખાચર ભાઈઓ જેને ખૂબ શ્રદ્ધાથી પૂજે છે.[૧૦૯, ૧૧૦]

કાઠી રાજવંશની અવરતિયા શાખાઓ

રાજવંશોના પુનઃગઠનથી અવરતિયા વિભાગમાં સંમિલિત થનાર રાઠોડ, પરમારો, ચૌહાણ, વાઢેર, અષ્ટક કોમ વગેરેમાંથી પ્રસરેલી ૪૭ પેટાશાખાઓની નોંધ લેવાઈ ગઈ છે.

અવરતિયા શાખાની બીજી કેટલીક પેટાશાખાઓ અને બાબરિયાઓની કેટલીક પેટાશાખાઓ એવી રીતે ભેગી મળી ગઈ છે જેને અલગ પાડી શકાય તેમ નથી તે નીચે પ્રમાણે છે :

૧. સોંધિયા, ૨. કટિયા, ૩. સોમ, ૪. નાટેરિયા, ૫. કુયા, ૬. લુણેલ, ૭. ધોણકા, ૮. મેયાળ, ૯. દાહોટિયા, ૧૦. આશિયા, ૧૧. કાળિયા, ૧૨. ભાંભળા, ૧૩. મેહરા, ૧૪. સાકોડિયા, ૧૫. રેકડિયા, ૧૬. ખોંધલા, ૧૭. રોંણક, ૧૮. કોઠીવાળ, ૧૯. વીંછી, ૨૦. બંધિયા, ૨૧. સિંધવ, ૨૨. દિવાળિયા, ૨૩. માકડ, ૨૪. ચઈડા, ૨૫. સોયા, ૨૬. ભુવા, ૨૭. વહરા, ૨૮. ધીંગા, ૨૯. ભંડારી, ૩૦. ગોહિલ, ૩૧. કહોર, ૩૨. મોયા, ૩૩. ગીગઈયા, ૩૪. તુર, ૩૫. મોડા, ૩૬. ખાખડિયા, ૩૭. ચાવડા, ૩૮. સોડા, ૩૯. ગમડિયા, ૪૦. મયાત્રા, ૪૧. ખાધા, ૪૨. ગળચર, ૪૩. ડાંગર, ૪૪. બોરીચા, ૪૫. મેજડિયા, ૪૬. લેખડા, ૪૭. લોંધ, ૪૮. ભૂખદમ, ૪૯. બાળ, ૫૦. જાળિયા, ૫૧. પાલણ, ૫૨. કટઈ, ૫૩. મરમલ, ૫૪. ઝેટલરિયા, ૫૫. ધાંગા, ૫૬. વડેરા, ૫૭. બાડા, ૫૮. ગોગળા, ૫૯. ધુડિયા, ૬૦. સાલુરકા, ૬૧. દેતાણી, ૬૨. તાલબાણી, ૬૩. સોંસર, ૬૪. રખૈયા, ૬૫. માખેલા,[૧૧૧] ૬૬. કામળિયા, ૬૭. મોભ.

સેરિંગ એમ. એ. અને ૧૯૮૭ના હિન્દુ જાતિ-જ્ઞાતિ વૉલ્યૂમ ૯ (II) માં નોંધવામાં આવ્યા અનુસાર સાખાયતની ૩૭ અને અવરતિયા ૯૩ પેટાશાખાઓ છે. (સેરિંગ્સ - ૧૯૮૭) ન્યુ દિલ્હી.

ઉપરોક્ત ૬૭ અવરતિયા પેટાશાખા પૈકીની મોટા ભાગની બહુ જ જૂની અને મોટા ભાગની લુપ્ત થઈ ગયેલી પેટાશાખાઓ છે. તેનું સર્વે કે સંશોધન કરવું મુશ્કેલ છે.

અવરતિયા શાખામાં પણ ઘણી શાખો ગીરાસદાર હતી. જેમની માહિતી મળી છે તે અન્યત્ર નોંધી છે. માહિતી નથી મળી શકી તેની નોંધ લઈ શકાઈ નથી. તે જ પ્રમાણે જે જે શાખાનો ઇતિહાસિક પરિચય મળ્યો છે. મહેનત કરવા છતાં જેઓ પરિચય પૂરો પાડી શક્યા નથી તેવી શાખાઓની વિગત-માહિતી ઉપર લખી શકાયું નથી તેનું દુઃખ છે.

જેમની નોંધ લઈ શકાઈ છે તે નીચે પ્રમાણેની શાખાઓ છે :

૧. ધાધલ, ૨. માંજરિયા, ૩. બસિયા, ૪. ખવડ અને ૫. બાબરિયા, ૬. ગીડા તીતોસા-તગમડિયા, ૭. બાબરિયા (ચભાડ).

ધાધલ (રાઠોડ) શાખા

રાજવંશોના પુનઃગઠનમાં, અન્ય રાજવંશોમાંથી આવી સામેલ થનાર ૪૭ પેટાશાખાનો કાઠી રાજવંશનો અવરતિયા વિભાગ ગણાયો. કાઠી રાજવંશના બે વિભાગો થયા. ૧. સાખાયત વિભાગ અને ૨. અવરતિયા વિભાગ.

અવરતિયા વિભાગની મોટા ભાગની શાખાઓ બિનગિરાસદાર હતી. વળાંક, ખુમાણ પંથક, ખાચર પંથક, બાબરિયાવાડ, હાટી પંથક તે પાંચ વિસ્તારો, કાઠિયાવાડમાં અલગ અલગ વિસ્તારોના એકમો અસ્તિત્વમાં છે. તે દરેક એકમમાં અવરતિયા શાખાના કુટુંબો પ્રસરી વસવાટ કરે છે. થોડીક ગીરાસદાર અવરતિયા શાખાઓ ગીરાસદાર હતી તેના વિસ્તાર-એકમો હતા ખરા.

આ અવરતિયા શાખાઓ પૈકીની બહુ થોડી શાખાઓની ઐતિહાસિક માહિતી મળી શકી છે તેનો આ પ્રકરણમાં સમાવેશ કર્યો છે. વિશેષ માહિતીઓ મળશે તો તેને ભવિષ્યમાં સમાવિષ્ટ કરવા પ્રયાસ થશે.

ધાધલ

ધાધલ તે મૂળ રાઠોડ વંશમાંથી જોધપુર-રાજસ્થાનથી ઊતરી આવેલી શાખા છે. મારવાડમાં શિયાજી નામે પરાક્રમી મહારાજા થયા. તેમણે લાખા ફુલાણી જાદવને હરાવીને મારવાડનું રાજ્ય કબજે કર્યું હતું અને વિ. સં. ૧૨૯૨માં રાઠોડ વંશની રાજગાદી સ્થાપી હતી. શિયાજી તે રાવ સિંહજી તરીકે ઓળખાયા હતા. તેમણે ગુર્જરાધિપતિ અણહિલપુર પાટણના મહારાજા મૂળરાજ સોલંકીની કુંવરી પાર્વતીદેવી સાથે લગ્ન કર્યાં હતાં. પાર્વતીદેવીથી તેમને ૧. અજાજી, ૨. સોનંગજી અને ૩. આસ્થાનજી નામે ત્રણ પુત્રો થયેલા.

રાવ સિંહાજીના પુત્ર આસ્થાનજી પાલીમાં તેમના પિતાની રાજગાદી ગુલોરાની પાટે બેઠા. તેમણે ગોહિલોના ખેડધર રાજ ઉપર હુમલો કરી ખેડ જીતી લીધું. ખેડના ગોહિલ વંશના જાજરજી કે મોહેદાસના પુત્ર સેજકજી ખેડ છોડી સૌરાષ્ટ્રમાં આવ્યા.[૧૧૨] આસ્થાનજીના એક પુત્રનું નામ ધાધલજી હતું. આ ધાધલજી રાઠોડને ત્રણ પુત્રો થયા. ૧. ધુહડજી ૨. બુદ્ઢાજી અને ૩. પાબુજી. આ ધાધલજી રાઠોડના વંશજો ધાધલ રાઠોડ તરીકે ઓળખાયા.

ધુહડજીએ જોધપુરની રાજગાદી સંભાળી. બુદ્ઢાજી ફટાયા હતા. તેથી તેને જિવાઈમાં થોડાં ગામો મળ્યાં. પાબુજી પરાક્રમી પુરુષ હતા. તેમનામાં દૈવી શક્તિ હતી. તેઓ પાબુજી પીર તરીકે રાજસ્થાનમાં પંકાયા. તેમને જિવાઈમાં ફલોદી પરગણું મળ્યું હતું.

તેમના પરગણામાં ઉદા નામે એક ચારણ મોટો માલધારી હતો. તેની પાસે કેસરજાતની દેવાંગી ઘોડી હતી. ઘણા રાજરજવાડાની દાઢ આ ઘોડી ઉપર હતી. રાજા જીંદરાજ ખીચીએ પણ આ ઘોડી મેળવવા પ્રયાસ કર્યો હતો પણ તે વ્યર્થ ગયેલો.

પાબુજી પાસેથી ઉદા ચારણે પોતાંના માલઢોરના રક્ષણનું વચન મેળવ્યું હતું. પોતાની કેસર ઘોડી તેણે પાબુજીને આપી હતી. પાબુજી ઘણા યુદ્ધો કરી મોટા મુલક ઘરે કરી રાજ્ય સ્થાપ્યું હતું.

પાબુજી રાઠોડ ઉમરકોટ મુકામે સોઢા રાજપૂતમાં પરણવા ગયા ત્યારે મોકો જોઈને જીંદરાજ ખીચીએ ઉદા ચારણની ૫,૦૦૦ જેટલી ગાયો વાળી. ઉદાચારણની અર્ધાંગના આઈ દેવળબાઈએ ઉમરકોટ આવી પાબુજીને બનાવની વાત કરી. મીંઢોળબંધા પાબુજી યુદ્ધે ચડ્યા. ચારણની ગાયો છોડાવી. પોતે ઘાયલ થયા અને પછીથી દેવ થયા. હજુ પીર તરીકે પૂજાય છે.

બુઢ્ઢાજી પણ આ યુદ્ધમાં ખપી ગયા. તેમનાં રાણી આશાભર્યાં હતાં છતાં તેમણે સતી થવા હઠ કરી. સ્મશાનભૂમિ સુધી તે પહોંચી પણ ગયાં. લોકોએ ખૂબ સમજાવ્યાં, આજીજીઓ કરી, સતી થતાં અટકાવવા પ્રયાસો કર્યા. બુઢ્ઢાજીનો વંશ રાખવા વિનંતીઓ કરી.

રાણીએ સ્મશાનમાં પડેલા એક ઝરડાથી પેટ ચીરી પુત્ર લોકોને સોંપ્યો. તેનું નામ ઝરડોજી રાખવા કહ્યું. તે બાર વર્ષનો થશે ત્યારે તેના પિતા અને કાકાનું વેર લેશે. જીંદરાજ ખીચીને મારશે તેવી આગાહી કરી.

આ ઝરડાજીએ તેના પિતા અને કાકાનું વેર લીધું. જીંદરાજ ખીચીનો વધ કર્યો. ઝરડોજીને ત્રણ દીકરા થયા. ૧. કાળુસિંહજી ૨. વડસુરસિંહજી અને ૩. જેતસિંહજી. તેઓ જોધપુરના ફટાયા હતા. તેઓ વિ. સં. ૧૩૩૩માં દ્વારકાની જાત્રા કરવા નીકળ્યા હતા ત્યારે થાન પાસે તેમના રસાલાએ મુકામ કર્યો.

થાનમાં વાળોજીનો મોટો પડાવ હતો. તેમણે રાઠોડોને કાવા કસુંબા માટે નોતર્યો..મહેમાનગતિ કરી તેમની આગતાસ્વાગતા અને મહેમાનગતિમાં ત્યાં બે-ત્રણ દિવસ પસાર થઈ ગયા.

ત્યારે કચ્છનો અબડો જામ વાળાજી ઉપર મોટા લશ્કર સાથે ચડી આવતો હતો. તેથી બધા જ વાળાઓ, વાળાજીના કૌટુંબિક સંબંધીઓ, તેવા અષ્ટ કોમના સરદારો, પરમારો, ચૌહાણો, ચાવડાઓ વિ. રાજવંશોની કુમકમાં આવેલા સૈનિકોની ત્યાં મોટી ચહલપહલ જોઈને આ બધાને ભેળા મળવાનું કારણ કાળુસિંહજીએ પૂછ્યું. તેથી તેને યુદ્ધની તૈયારી થતી હોવાનું જાણવા મળ્યું. જેની મહેમાનગતિ માણી તેને યુદ્ધ માટે છોડી પોતે દ્વારકાની જાત્રા કરવા જાય તે ઠીક ન લાગ્યું. ત્રણેય રાઠોડ રાજકુમારોએ 'અઠે દ્વારકા' કરી રોકાઈ જવા નક્કી કર્યું.

તે વખતે કચ્છનો અબડો જામ થાન ઉપર ચડી આવતો હતો. તેને વાળાજી સાથે વેર થયું હતું. એકાદ વખત અબડા જામની મનની મનમાં રહી પાછા ફરી જવું પડ્યું હતું. પરંતુ આ વખતે કુમકમાં મોટું લશ્કર એકઠું કરી ચડ્યો હતો.

વાળાજીએ પણ વલ્લભીભંગ પછી સૌરાષ્ટ્રમાં વસેલાં પોતાના વાળા ભાઈઓ તેમજ પોતાના વગવસીલા અને સંબંધના વર્તુળમાંથી નોતરીને લશ્કર માટે સારો

સમૂહ કર્યો હતો.

જામ અબડો એકાદ લાખની ફોજ લઈને આવે છે તેવા સમાચાર મળતા હતા. વાળાજી આ યુદ્ધ માટે ચિંતિત હતા.

ભગવાન સૂર્યનારાયણને વાળોજી વારંવાર આર્દ્ર કરી સહાયે રહેવા ભજતા હતા. તેમાં વાળાજીને એક રાતે ભગવાન સૂર્યનારાયણનો સાક્ષાત્કાર થયો. વિજયી થવાના વાળાજીને આશીર્વાદ સાથે પ્રતીતિ માટે સંજ્ઞા મળી.

પછી તો વાળાજી અને તેમનું સૈન્ય બમણા જોરમાં આવી ગયું. માંડવધાર - સારંગ પર્વત ઉપરના વાળાજીનું સૈન્ય આતુરતાપૂર્વક અબડા જામની પ્રતીક્ષા કરવા લાગ્યું.

વિશાળ લશ્કર લઈને અબડો જામ આવી પહોંચ્યો. લાખામાચી ગામ પાસે યુદ્ધ થયું. ભડે ભડ આફળ્યા. ધમાસાણ યુદ્ધ ત્રણ દિવસ સુધી ચાલ્યું. બન્ને પક્ષે સેંકડો નરવીરો ખપી ખૂટ્યા. અબડા જામના પક્ષે મોટી ખુંવારી થઈ. વખત ગુમાવવામાં તેને સાર નહિ લાગ્યો હોય એટલે તેણે પારોઠના ભર્યા.

વાળાજીના પક્ષે કાળુસિંહજી રાઠોડના ભાઈ વડસુરસિંહજી કામ આવી ગયા. તેમની ખાંભી વાસુકિદાદાના પૂજારીના ઓરડા પાસેના ઓરડમાં દરબારગઢમાં છે. ધાધલ કુટુંબો ત્યાં નૈવેદ જુવારે છે. વાળાજીના યુવાન પુત્ર મુળચંડવાળા પણ આ યુદ્ધમાં ખપી ગયાનું અને તેમની ખાંભી સૂરજદેવળ પાસે હોવાનું કહેવાય છે. બીજા ઘણા નામીઅનામી વીરલાઓએ આ યુદ્ધમાં અગનપિછોડી ઓઢી લીધી હતી.

કાળુસિંહજીએ સૌરાષ્ટ્રમાં જ રોકાઈ જવાનો નિર્ણય કર્યો. યુદ્ધ પછી બે-ત્રણ દિવસે વાળાજીની પ્રેરણાથી રાજવંશોના પુનઃગઠન માટે ડાયરો થયો ત્યારે કાળુસિંહજીએ પોતાનો સૂર તેમાં પુરાવ્યો. અગ્રસ્થાને રહી તેમણે કાઠી રાજવંશ સાથે જોડાવા તત્પરતા બતાવી. તેમના ભાઈ જેતસિંહજી મારવાડમાં પાછા ગયા. ત્યાં રાજગાદી સ્થાપી.

કાળુસિંહજીને વાળાજીએ થાનની ચોવીશી આપી. સ્થિર કર્યા. તેમના વારસો ધાધલ શાખાથી ઓળખાયા. લાખામાસી ગામે ગાદી કરી. વાસુકિદાદાને ધાધલોએ 'ઈષ્ટ દેવ' તરીકે સ્થાપ્યા. વાસુકિદાદાના પૂજારીને ગુગમિયાળા અને વર્માધાર ગામ દાનમાં આપ્યા. થાનમાં વાસુકિદાદાનું મંદિર અને દરબારગઢ બંધાવ્યાં.

જૈતસિંહજીના વંશજો ઉપર કહ્યું તેમ ધાધલો કહેવાયા. તે કાઠી રાજવંશના અવરતિયા વિભાગમાં ગણાયા. કાળુસિંહ ધાધલના દીકરા સોમેશ્વર થયા અને સોમેશ્વરના સગાળ થયા. સગાળ ધાધલના તેર દીકરા થયા. તે જુદી જુદી તેર શાખ થઈ. પાછળથી એક શાખ નવી ઓળખાતાં કુલ ૧૪ શાખના ધાધલ થયાં. તે નીચે પ્રમાણે છે :

૧. ધધાણી, ૨. ટાઢાણી, ૩. ઝાંઝરિયા, ૪. ભેરિયા, ૫. રેફડિયા, ૬. વીરમકા, ૭. હાળિકા, ૮. સારંવળા અથવા સરવડા, ૯. માલાણી, ૧૦. ધ્રાંગડિયા,

૧૧. પંખારાડિયા, ૧૨. બાભાણી, ૧૩. મોકશિયા, ૧૪. ખરેડિયા.

એક જૂની માહિતી અનુસાર હાળિકા, ખેરડિયા, રેફડિયા અને વીરમકા શાખાઓ શરૂમાં ધંધુકા તાલુકાના ગામોમાં વસી હતી. ધંધુકાના રેફડી કે રૈફડા ગામના નામ ઉપરથી રેફડિયા શાખ કહેવાણી હોવાનું કહેવાય છે.

ઉપર પ્રમાણેની ધાધંલોની ચૌદ શાખા થઈ. તે કાઠિયાવાડમાં વાળાંક, ખુમાણ અને ખાચર પંથકોમાં પ્રસરી છે. દરેક પરજમાં ચાહના મેળવી છે. દૂધમાં જેમ સાકર ભળે તેમ આ કમધજ રાઠોડો ભળી ગયા અને ધાધલ થઈ ઓળખાણા છે.

કાળુસિંહજી ધાધલ લાખામાચીના યુદ્ધ પછી કાઠી ડાયરામાં ભળ્યા અને રાજવંશોના પુનઃગઠનના કાર્યમાં આગેવાની લીધી ત્યારથી કાઠી રાજવંશે તેમને નાતના આગેવાન સ્થાપ્યા હતા. નાતની આગેવાનીના અનુસંધાને ધાધલોના બારોટની વહીમાંથી એક કવિતા મળે છે. ધાધલોના બારોટ મારવાડમાંથી આવે છે. મારવાડી છે એટલે કવિતના લફઝ પણ મારવાડી જણાય છે.

સવંત તેર તેંતરીસા જરૂર માસ અગ્રહણ જાણો;
નોમ તિથિ નિર્ધાર, પખ શુક્લ પ્રમાણો;
લાખા માસી લેખ, પણ ધરવાસ પંચોળો;
તહાં આયો તડતાંણ કમધજ રાવ કાળો;
વાળા, ખુમાણ, ખાચર વહદ કર વિચાર સગપણ કીઓ;
તણ દીહ મળી કાળાતણે થર પટલ કરો થાપીયો; ૧

આ કવિતાનો સાર એવો જણાય છે કે સંવત તેર તેતરીસના પ્રથમ માસે, શુક્લ પક્ષની નોમના દિવસે કમધજ (ધાધલ-રાઠોડોનું બિરુદ) કાળા ને કાઠી રાજવંશની ત્રણેય પરજોએ, સંબંધો બાંધી, નાત પટલ (સમાજના આગેવાન) કરી થાપેલ છે. તેમ લાખામાસીના લેખથી પાંચાળ પ્રદેશમાં તેમનો વસવાટ-વરણપરણ થયા છે (ગોઠવાયા છે).

આ કવિતના અનુસંધાને, ઈસ્વીસનની તારીખ ૧-૧૧-૧૮૯૯ મુ. ગુંદા (ધંધુકા તાલુકાનું હશે) થી ધાધલ હરસુર જાદરાની સહીથી એક પત્રિકા છપાયેલ તેની ઝેરોક્સ નકલ મને મળી છે. તેમાં કવિતાની નીચે લખવામાં આવ્યું છે કે :

"ઉપર પ્રમાણે લખેલા આધારથી, અવરતિયા તથા સાખાયતમાં તમામ કાઠી નાતમાં ધાધલોની નાત પટલાઈ છે. માટે નાત તરફના કાંઈ પણ ઉત્તેજન આપવાનો હુકમ કાઢવો, તેમાં ધાધલોની સહી લેવી; તે સહી વિના નાત સંબંધી કાંઈ પણ હુકમ કરવો નહિ. તે સર્વે કાઠી નાતને જાહેર ખબર આપવામાં આવે છે. એ જ અરજ."

તે મુજબની એક ઝેરોક્સ અને થોડી હસ્તલિખિત પત્રિકાઓ મને મળી છે. તે ઇતિહાસના કામે અર્થવાહી જણાય છે તેથી અહીં લીધી છે. તેનો સારાંશ વિચારવામાં આવે તો અંધારે અટવાતા ઇતિહાસની કેટલીક કડીઓ મળે છે.

૧. સાંગામાચીનું અબડા જામ સાથે થયેલ યુદ્ધ સંવત ૧૩૩૩માં થયું હશે.

૨. કાળા રાઠોડ, રાઠોડ રાજવંશના, ત્યારે કાઠી રાજવંશ સાથે કૌટુંબિક સંબંધોથી જોડાઈને ધાધલ તરીકે તેના વારસો ઓળખાયા હશે.

૩. રાજવંશોનું પુનઃગઠન અને સુધારણાનો કાર્યક્રમ સાંગામાસીના યુદ્ધ-વિરામ પછીના દિવસોમાં લેવાયો છે. તેનો સંવત તેર તેંતરીસના પ્રથમ માસની શુક્લ પક્ષની નોમ તિથિના દિવસે નિર્ણયો કાળા ધાધલના ત્રણ દિવસના પરિશ્રમ પછી લેવાયા હશે. તે તેમની આગેવાની હેઠળ લેવાયા હશે. તેમને નાતના આગેવાન તરીકે સ્થાપ્યા હશે.

અબડા જામ સાથેનું લાખામાસીનું યુદ્ધ સં. ૧૯૩૩માં થયાને તેને અનુમોદન મળે છે. આ ત્રણ મુદ્દાઓ (સમાજસંગઠન) થી થયેલ નિર્ણયોની તિથિ સહિત માહિતી આપવામાં આવી જણાય છે.

તે ઉપરથી નિર્ણય થઈ શકે કે સંવત ૧૩૩૩ના કારતક માસની અજવાળી નોમના દિવસે જુદા જુદા રાજવંશોના ડાયરાએ સાથે મળીને નિર્ણયો કરી રાજવંશોનું પુનઃગઠન અને સુધારા મંજૂર કર્યા હતા. તેમાંથી વાળા રાજવંશ - કાઠી રાજવંશના સાખાયત અને અવરતિયા વિભાગો ત્યારથી થયા. લગ્નાદિક રીતરિવાજોમાં ત્યારથી સુધારો થયો. માત્ર સાખાયત અને અવરતિયા વિભાગોએ અરસપરસ જ લગ્ન કરવાં તેમ નક્કી થયું. બીજા રાજવંશો સાથેના લગ્નસંબંધો બંધ પાડવામાં આવ્યા. આ કાર્યક્રમમાં કાળા ધાધલ અગ્રસ્થાને રહ્યા. તેથી તેને નાતમુખી તરીકે સંબોધ્યા હશે.

રાઠોડ-ધાધલ કુળની ઓળખવિધિ નીચે પ્રમાણે છે:

૧. વેદ = યજુર્વેદ	૨. ગોત્ર = કશ્યપ
૩. વંશ = સૂર્યવંશ	૪. કુળદેવી = નાગણેચીમા
૫. ઈષ્ટદેવ = વાસુકિદાદા	૬. ઉપમા = રણબંકા રાઠોડ અને કમધજ.

કાળો બોલ્યો કેમ ધનુ,
પરધન હંદો મોડ,
વાળા ધાધલને હુઈ
સંગપણ હુંદી જોડ.

ઈ. સ. ૧૯૯૩માં રાજકોટના ગણિતશાસ્ત્રી લખુભાઈ ધાધલના પ્રયાસોથી રાઠોડ ધાધલનાં કુળદેવી નાગણેચીમાની પ્રાણપ્રતિષ્ઠા થાન મુકામે વાસુકિદાદાના પટાંગણમાં ધાધલ ભાઈઓના સાથસહકાર અને મદદથી થઈ હતી. માતાજીનું મંદિર બંધાયું હતું. તે પ્રસંગે ધાધલ પરિવારના કૌટુંબિક સ્નેહથી જોધપુરનાં રાજમાતા કૃષ્ણકુંવરબા તથા માજી રાજવી ગજસિંહજીસાહેબ અને રાણીસાહેબા પધાર્યાં હતાં.

આ વિભાગની માહિતી લખુભાઈ ધાધલના સૌજન્યથી મળી છે.

વાઢેર – રાઠોડ (ગીડા શાખા)

રાઠોડ રાજપૂતોના ધાધલજીના વંશના કાઠી રાજવંશમાં ભળી ગયાની હકીકત આપણે આગળ જોઈ. રાઠોડ રાજપૂતોની એક શાખા વાઢેર કહેવાણી છે.

રાવ સિંહાના પુત્ર અજાજી પછી તેમના કુંવર વેરાવળજી થયા. કોઈ ઇતિહાસકારો તેમનું નામ વાઢેરજી હોવાનું પણ કહે છે.[૧૧૩] ત્યારપછી વિક્રમશી વાઢેર પણ ઇતિહાસ-પ્રસિદ્ધ છે. રા'માંડલિકના સમયમાં સાગણ વાઢેરનું રાજ્ય વાડીનારથી બરડા ડુંગર સુધી હતું. ઓખા મંડળ - દ્વારકા વિ. વિસ્તારોમાં વાઢેર રાજપૂતોની મહત્તા હતી. તે વાઢેર રાજપૂતોનાં કેટલાંક કુટુંબો લાખામાસી યુદ્ધ વખતે વાળાઓની મદદગારી માટે આવેલાં હતાં. તે રાજવંશ પુનઃગઠન અને સુધારા કાર્યક્રમથી 'કાઠી રાજવંશ' માં સામેલ થયા હતા.

તેની ત્રેણ શાખા થઈ જે ૧. ગીડા ૨. તિતોસા અને ૩. તગમડિયા શાખા તરીકે ઓળખાણી.

વીજાનાં વાજા હુવા, વેરાવળ વાઢેર,
એતા ભાડ, ભુંજીયા ઈ રાવ રાઠોડ.

બસીયા – શાખા

રાજવંશોના પુનઃગઠન પ્રક્રિયાથી ઉદ્‌ભવેલ રાજવંશની અવરતિયા શાખામાં કેટલાંક પરમાર કુટુંબો જોડાયાં હતાં. આ પરમારોમાંથી કેટલીક શાખા ઉપસ્થિત થઈ. તેમાંની એક બસિયા પેટાશાખા છે. વાંગડના હરિસિંહજી પરમારના વંશમાંથી બસિયા ઊતરી આવેલ હોવાનું કહેવાય છે. બસિયાઓ તે નામથી જ અવરતિયા પેટાશાખામાં ગણાયા.

થરપારકરના ગામ કાનમેર તેમનું બેસણું હતું. બસિયાવાડુ, બાણુંગોર, વાગડિયાળા, પરમારિયા તે દેશ-વાગડના ગામ હતા. તે બસિયાઓના હતા.

સોરઠમાં સંવત ૧૪૭૬માં બસિયાઓનો ખોખરી તાલુકો હોવાનો આધાર નીકળે છે. દિલ્હીના બાદશાહ-શહેનશાહ નાદીવાન મ્રજાઈઓ તથા ગોરી તતારલખાં જૂનાગઢ રાજ કરતો હતો. તે વખતે બસિયાઓએ તેનાં ૫૪ ગામની જૂનાગઢની જોરતલબી ૧૪૦૦ કોરી ઠરાવી હતી.[૧૧૪]

સંવત ૧૫૯૫માં ધુંસા બસિયાના સાત દીકરાઓએ કરાર કરી ભાયોભાગની વહેંચણ કરી હતી. આ ધુંસા બસિયાને કોઈ ઢુંહા બસિયા પણ કહે છે. ચામુંડા માતા તેમની સાથે સૌરાષ્ટ્રમાં આવ્યાં અને ધુડશિયામાં માતાજીની સ્થાપના કરવામાં આવી.

તેના સાત દીકરાઓ વચ્ચે થયેલ ગીરાસ વહેંચણની વિગત :

૧. ભાગદાર = સાતાબસિયાના ગીરાસનો ભાગ :

ખોખરીનો ચોથભાગ, સરતાનપર, દેવળકુ, વડિયું, મોરવાડુ, ખડખડ, અનીડા, રબારિકા, સાતોદડ, વાવડી તે વિગતે દશ ગામ.

૨. ભાગદાર = લાખાબસિયાના ગીરાસનાં ગામો :

ખોખરીનો ચોથ ભાગ, ભેંસદડ તથા વગદડમાં અર્ધો ભાગ, ભમકદડ, પાટીદડ, અરજણસખ, કોટડુ, ઉદરિયું, ખાખરિયું, ગળથ, લાખાપાદર, પાંચપીપળા, બારમાસીયું, તે વિગતના ગામ તેર.

૩. ભાગદાર = લુખા બસિયાના ગીરાસનાં ગામો : ખોખરીનો ચોથો ભાગ, ભેંસદડ, વગદડમાં અર્ધો ભાગ, રાણસીકી, ઉજળા, લુખેલું તે મુજબનાં છ ગામો.

૪. ભાગદાર = જૈતા બસિયાના ગીરાસનાં ગામો : ખોખરીનો ચોથ ભાગ, જાંપોદડ, સરપદડ, તોરી ઉસડી, લીંબુકિયું, ટીંબાધાર, જૈતાવડ તે મુજબનાં આઠ ગામ.

૫. ભાગદાર = અલૈયા બસિયાના ગીરાસનાં ગામો : તાલાળી, તરઘરી, પીપળિયું, બીજું પીપળિયું, સાણથલી, હોકાપાદર, ધુડશિયા, તે વિગતનાં ગામ પાંચ.

૬. ભાગદાર = નાનકા બસિયાના ગીરાસનાં ગામો : સાંકરોળા, હનુમાન ખીજડિયા, ખાનખીજડિયા, સમઢિયાળા, સાજડિયાળી તે વિગતનાં ગામ પાંચ.

૭. ભાગદાર = બસિયા હરિયાના ગીરાસનાં ગામો : હરધોળ, માચીયાળુ, લુણી, પીપળલગ, કુતેલિયું તે વિગતનાં ગામ પાંચ.

સાંકરોળાના મૂળ ગીરાસિયાનો કેઈસ સંવત ૧૮૭૫માં રાજસ્થાન કોર્ટમાં જૂનાગઢ મારફતે ચાલ્યો હતો. તેમાં બસિયા મૂળ ગરાસિયા ઠર્યા હતા.

ગામ નિકાવા, કાળાવડ અને નાગઈઆમાં બસિયાઓ છે. તુરિયા શાખાના બસિયાઓ દુધાળા કરિયા અને રાણપુરમાં વસતા હતા.

કાઠી રાજવંશની અવરતિયા શાખામાં સમાવિષ્ટ થયેલી બહુ થોડી શાખો ગીરાસ ધરાવે છે. તેમાં બસિયા ગીરાસદાર તરીકે અગ્રે છે.

ભારત ઉપર આક્રમણ કરી મહાન સિકંદર ઈ. સ. પૂર્વે ૩૨૭માં સ્વદેશ જતો હતો ત્યારે સાંગાલા પાસે કંઠગણે તેનો સામનો કર્યો હતો. માસંગાના કિલ્લા પાસે 'મોકા બસિયા' નામના બહાદુર સરદારે સિકંદરના ખંભા ઉપર ભાલુ માર્યું હતું. તે ઘાથી પાછળથી સ્વદેશ ગયા પછી સિકંદરનું મૃત્યુ થયાનું કહેવાય છે. તે રીતે બસિયાઓ ઈસ્વીસન પૂર્વેથી પંજાબમાં હસ્તી ધરાવતા માલૂમ પડે છે. તેના કઠગણમાં સામેલ ગણાતા હશે.

તેવો જ એક બીજો આધાર પણ મળે છે કે સિંધમાં પહેલા મુસ્લિમ હાકેમ મહમદ બિન કાસીમે તે વખતના એક બહાદુર સરદાર 'મોકા બસિયા'ને છત્રનું માન આપ્યાનું પણ ઇતિહાસમાં નોંધાયું છે.

વીછીંયા શાખા :

રાજવંશોના પુનઃગઠનમાં કાઠી રાજવંશની અવરતિયા શાખામાં પરમાર રાજપૂતો

ભળ્યા તે 'વીંછિયા' તરીકે ઓળખાયા. તેનો લુણકી, ઝાંઝરડા અને કુતાણામાં ગીરાસ હતો.

માંજરિયા શાખા

કુમઉ પ્રદેશની ઉત્તરે આવેલ કુર્માચલથી સિંધ-કચ્છ થઈ સૌરાષ્ટ્રમાં પ્રવેશેલ અને 'અષ્ટક કોમ' તરીકે ઓળખાયેલી કઠગણની 'માંજરિયા' એક શાખા છે. તેઓ કઠ કે કાઠાર્ય તરીકે ઓળખાયા પછી સૌરાષ્ટ્રમાં કાઠી કહેવાયા હતા. આઠ શાખાઓવાળી 'અષ્ટક' કોમની એક શાખા માંજરિયા હતી.

આ માંજરિયાઓએ સૌરાષ્ટ્રમાં પ્રવેશી હાલાર પ્રાંત તરીકે પછીથી ઓળખાયેલ મુલકમાં કાલાવડનગર વસાવ્યું જે પછીથી શીતળાનું કાલાવડ તરીકે ઓળખાયું છે.

વિક્રમના અગિયારમા સૈકામાં કાળા માંજરિયાએ કાળાવડ વસાવ્યું. ત્યાં તેનાં કુળદેવી શીતળા માતાજીનું સ્થાનક સ્થાપ્યું. ધોળવડી નદીના પશ્ચિમ કિનારે અસ્તર નામનું ગામ હતું. ત્યાં પ્રથમ તો કાળા માંજરિયા રહેલ. અસ્તર ગામનાં ખંડેરો જ રહ્યાં હતાં. કાળાવડ ફાલીફૂલી આબાદ થયું હતું. શીતળા માતા ઉપરની અપાર શ્રદ્ધાએ કાળા માંજરિયાએ સાત ચોવીશી (૧૬૮ ગામ) બાંધી હતી. પોતાના નામ ઉપરથી ગામનું નામ કાળાવડ રાખ્યું હતું. કાળાવડમાં કાળા માંજરિયાએ રાજગાદી કરી હતી. કાળાવડી નદીને પૂર્વકિનારે કાળેશ્વર મહાદેવની સ્થાપના કરી હતી. તે દેવાલય પશ્ચિમ દ્વારનું હોઈને પુરાતનકાળની સાક્ષી પૂરતું હજુ ઊભું છે. કાળાવડી નદીના પશ્ચિમ કિનારે કાળા માંજરિયાનો રાજમહેલ હતો.[૧૧૫]

માંજરિયાનો મહેલ, વેતે જળ વાતુ કરે,
જરૂખડે જજુમેલ, કાળાવડીયે કાઠીઓ

શીતળા માતાના પૂજારી, તે માંજરિયાનાં કુળદેવી હોવાથી રાજગોર બ્રાહ્મણો જ કરતાં કેટલાયે જામો અને તેમના રાજકુટુંબીઓ આ શીતળા માતાની માનતાઓ કરી માતાજી સમક્ષ તોળાયા છે.

વિક્રમ સંવત ૧૫૭૫માં કચ્છમાં મોટા કુટુંબ કબા અને દગાખોરી થઈ પછી જામરાવળજી સૌરાષ્ટ્રમાં આવ્યા. સૌરાષ્ટ્ર ભૂમિમાં પ્રથમ વવાણિયા બંદર નજદીક મોરાણા ગામ તેણે લીધું. તેમણે આજુબાજુના દેદા તમાસીના મુલકને ઉજ્જડ કરવા લાગ્યા ત્યારે યુદ્ધ થયેલું. તેમાં દેદા તમાસીની મદદે ઘણા કાઠી સરદારો હતા. જામરાવળે વખત જતાં ઘણો મુલક કબજે કર્યો. સંવત ૧૫૯૬માં નવાનગરનું વાસ્તુકર્મ કર્યું હતું.

નવાનગર ગાદી કર્યા પછી જામ રાવળ શીતળાના કાળાવડ ગામે શીતળા માતાની માનતાએ ગયેલા. કાળાવડનો રાજા ત્યારે લાખો માંજરિયો હતો. તે તદ્દન વૃદ્ધ થયો હતો. તેના ભાઈ વીરમ માંજરિયા પાસે કોટડા ગામે જ રહેતો હતો.

જામરાવળે જેસા વજીરને ખબર મોકલી પોતાનું લશ્કર લઈ કાળાવડ આવવા ખબર મોકલ્યા. કાળાવડ તદ્દન રેઢું પડ હતું. તેનો કબજો કરી થાણું મૂકી દીધું.

લાખા માંજરિયાનો પુત્ર દેવાયત બહાદુર હતો. તેણે નવાનગર સામે બંડ ઉઠાવ્યું. વસતીને ધમરોળવા લાગ્યો. થાણાના માણસોને ત્રાહિમામ્ પોકારાવી દીધા તેથી જામરાવળે વધુ કુમક મોકલી પરંતુ દેવાયત માંજરિયાએ તો મરણિયા થઈને પોતાના ઘોડાઓ હાંક્યે જ રાખ્યા.

દોહો

કાળાવડની કોર, માંજરીયો મેલે નહિં,
ચોડે ધાડે ચોર, દી ઉગે દેવાતીયો.

પ્રજા લૂંટાવા લાગી, નવાનગરને માણસો અને નાણાંની નુકસાની લાગવા લાગી. તેથી એક વૃદ્ધ ચારણથી વિષ્ટિ કરાવી, કાળાવડ બાજુના ખીજડિયા વિગેરેના ત્રણ ટીંબા દેવાયતને આપી સમાધાન કર્યું. ત્યાર પછી જ્યારે દેવાયત માંજરિયો મૃત્યુ પામ્યો ત્યારે બધાના શ્વાસ હેઠા બેઠા.

અંગ્રેજ અને બીજા ઇતિહાસકારોએ કાઠિયાવાડના ઇતિહાસો લખ્યા છે. તેમાં કાઠી ક્ષત્રિયો ક્યાંથી અને ક્યારે આવ્યા તે સ્પષ્ટતા નથી. માત્ર હકીકતનો અભાવ જ બતાવતા રહ્યા છે.

ઈ. સ. પૂર્વે ૩૨૭માં સિકંદરના દાંત ખાટા કરનારી આ શક્તિશાળી કોમને અંગ્રેજોએ ઓળખી નહિ હોય. અઢારમી સદી પછી લખાયેલા કેટલાક ઇતિહાસોમાં વિક્રમની અગિયારમી સદીમાં કાળવડનું એકસો ને ચોવીસ ગામનું રાજ્ય સ્થપાયું અને તેણે પાંચસોથી વધારે વર્ષ સુધી રાજસત્તા ભોગવી તે અંધારામાં જ રહ્યું જણાય છે.

સારું થયું કે માવદાનજીએ યદુવંશ પ્રકાશ ગ્રંથ રચ્યો અને રાજ્યાશ્રિત હોવાથી તે જમાના અનુસાર તેને લખાણો ગોઠવવાં પડ્યાં હશે તેમ છતાં કાળા માંજરિયાના કાળાવડની હકીકત તેમણે પ્રસિદ્ધ કરી તે માટે તે ધન્યવાદને પાત્ર ઠરે છે.

વળામાં વાળાઓ આવ્યા અને તે નગર વસાવ્યું ત્યારે તેમની સાથે કાઠી ક્ષત્રિયો પણ આવ્યા હતા તેમ ઇન્ડિયા એન્ટિક્વિટીમાં ઉલ્લેખ છે. કાઠીઓ ત્યાંથી પાવાગઢ ગયા તેવો પણ ઉલ્લેખ છે. બનવા જોગ છે કે ત્યારે જ કાળા માંજરિયાની ટુકડી સૌરાષ્ટ્રમાં આવી હોય અને તેણે શીતળાના કાળાવડનું રાજ્ય સ્થાપ્યું હોય.

ખવડ શાખા

હરપાળદેવ મકવાણા, ગુજરાતના રાજા કરણ વાઘેલાના માસીઆઈ ભાઈ હતા. કરણે તેમને સૌરાષ્ટ્રમાં વસવા માટે સુરેન્દ્રનગરમાં વસવા માટે મોટો વિસ્તાર આપ્યો. જે પછીથી ઝાલાવાડ તરીકે ઓળખાયો. હરપાળદેવજી તે ઝાલાઓના પ્રથમ-મુખ્ય પુરુષ હતા. તેમણે પ્રથમ પાટડીમાં રાજગાદી સ્થાપી હતી. હરપાળદેવજી શક્તિદેવીને વર્યા હતા. તેમની કૂખે ત્રણ પુત્ર અને પુત્રી થયાં પણ ઈ. સ. ૧૧૧૫માં સ્વર્ગવાસી થયાં.

શક્તિદેવીના અવસાન પછી હરપાળદેવે થરપારકરના સોઢા રાજપૂતની કુંવરી

રાજકુંવરબા સાથે લગ્ન કર્યાં. તેણે પોતાની રાજધાની ધામા ફેરવી. સોઢા કુંવરીથી હરપાળદેવને ખવડજી, ખોડાજી જોગાજી, રાણાજી, બાપુજી, બળવંત, લોણકજી, દેવાજી અને વિઠલજી નામે કુંવરો થયા. ખવડજીએ કાઠી રાજવંશમાં લગ્ન કર્યાં. તેમના વારસો કાઠી રાજવંશના અવરતિયા વિભાગમાં ગણાયા. ત્યાંથી ખવડ શાખા ચાલી.

સાયલા, સુદામડા, સેજકપર, ધાંધલપર વિ. ચોવીસ ગામો ખવડનાં હતાં.

જૂનાગઢના નવાબ હામેદખાનનો કારભારી કલ્યાણ શેઠ હતો. તે બળૂકો આદમી હતો: નવાબ હામેદખાન ખર્ચી ખૂટ થયો હતો ત્યારે કારભારી કલ્યાણ શેઠ નાણાં ક્યાંથી મેળવવાં તેની ગડમથલમાં હતા. તેણે નવાબ હામેદખાનના દૂરાચારી વહીવટથી તેજૂરીનું તળિયું દેખાઈ ગયું હતું. ફોજ અને સિપાઈસપરાના પગારો બંધ પડ્યા તેથી સિંધી અને આરબ ફોજના માણસોનો ઊહાપોહ વધી ગયો હતો. વળી નવાબસાહેબને નજદીકમાં જ પોતાની શાદીનું ખર્ચ આવવાનું હતું. તેથી તેને નાણાંની સખત જરૂરિયાત હતી. નાણાં મેળવી આપવા માટે કલ્યાણ શેઠને કામ સોંપાયું હતું.

તેવામાં નવાબને કલ્યાણ શેઠે ખબર મોકલાવ્યા કે "ધાધલપુરના ગોદડ ખવડ પાસે, સોના-ચાંદી અને ઝવેરાતના પટારા ભર્યા છે. ફક્ત ૧૫૦ જ કાઠીઓ તેની પાસે છે. લશ્કર લઈને આવી પુગો." કલ્યાણ શેઠે માન્યું હતું કે મધમાખીઓ વિનાનું છે. તેથી ખબર મોકલ્યા.

પંદરસો - બે હજારની ફોજ લઈને નવાબ હામેદખાન ધાંધલપુર ઉપર ચડી આવ્યો. ખવડોની તાકાત કરતાં લશ્કર મોટું હતું તેથી ખુલ્લી લડાઈ આપવી ખવડોને ઠીક ન લાગ્યું. તેથી દરવાજા બંધ કરી આડા ગાડાઓ ઠાંસી દીધા. નવાબે ધાંધલપુર ઉપર તોપું અને જજાળ્યું માંડી પણ ધાંધલપુરના પેટનું પાણીય ન હલ્યું.

ખવડ ડાયરો ટાણે-કટાણે રાત-વરત ઓચિંતાના નવાબની છાવણી ઉપર છાપાઓ મારીને બોકાસા બોલાવવા માંડ્યા.

નવાબે ત્રણ ત્રણ મહિના સુધી ધાંધલપુર ઉપર પડાવ રાખી મારો કર્યો પણ તેની કંઈ કારી ફાવી નહિ. અંતે નવાબ અને ફોજ થાક્યાં. બેકારીમાં સબડતા સૈનિકોને તેના કુટુંબીઓની કપરી પરિસ્થિતિ સતાવતી હતી અને ગોદડ ખવડે તેઓની રાતની ઊંઘ હરામ કરાવી દીધી હતી.

ગોદડ ખવડે ફોજને થકવી. ફોજે નવાબને થકવી દીધો. નવાબ વાણિયા કારભારી ઉપર વિફર્યો. તેથી કલ્યાણ શેઠ લીંબડી નાસી ગયો. મોરચો પડી ભાંગ્યો. નવાબે પારોઠના ભર્યા.

આ રીતે ગોદડ ખવડે નવાબ હામદખાનના દાંત ખાટા કર્યાનું કહેવામાં આવે છે.

દુહા

૧. નર ગોદડ ને નવાબ, લડ્યા તે મહિના ત્રણ,
પર્વત મોટા પહાડ, ઢુંઢળિયું નાળ્યું ધ્રબે.

૨. નોતીને નવી કરી, ગઢ જુનાને ગાળ,
બાબી અકલ બાળ્ય, ખીજવીયો ગોદડ ખવડ.

૩. ભડ ગોદડથી ભાટક્યો, મહિપત મુકી માણ,
રાત વહે રસ્તે પડ્યો, બાબી હામીદ 'ખાન.

બાબરિયા ૧

કાઠિયાવાડના દક્ષિણ કિનારાના હાલના રાજુલા-જાફરાબાદ તાલુકાઓ અને આજુબાજુનો વિસ્તાર બાબરિયાવાડના નામથી ઓળખાય છે. ત્યાં કોટીલા, વરૂ અને ધાંખડા વિ. ૭૨ બોતેર શાખ ધરાવતા હતા તે બાબરિયો વસે છે. તેમનો આ પ્રદેશ બાબરિયાવાડ તરીકે ઓળખાય છે.

પરમારોએ તેમની પાસેથી થાન આસપાસનો મુલક જીતી લીધો ન હતો ત્યાં સુધી તે પ્રદેશ બાબરિયાઓના કબજામાં હતો. ત્યાંથી તેમને હટવું પડ્યું ત્યારે તેઓ અમરેલી, કુંડલા વિગેરે સ્થળોએ રહીને છેવટે રાજુલા-જાફરાબાદ તરફ આવી વસ્યા. તેથી તે પ્રદેશ બાબરિયાવાડ કહેવાયો. બાબરિયાવાડનો વિસ્તાર ડુંગરથી વિક્ટર બંદર સુધીનો વિસ્તરેલ છે. ખુમાણ પંથકને લાગીને આવેલ આ વિસ્તાર છેક ખાંભા સુધીનો ગણાય છે. તેઓ કાઠી રાજવંશની સાખાયત શાખા સાથે વરણપરણ કરે છે. ઉપરાંતમાં સાંખ તારવી અંદરોઅંદર પણ વરેપરણે છે.

બાબરિયાઓ ત્રણ વિભાગમાં વહેંચાયેલા છે. ૧. કોટીલા, ૨. વરૂ, ૩. ધાંખડા, તેમની પેટાશાખાઓ બોંતેર હતી.

તેઓની ઉત્પત્તિનો કોઈ ચોક્કસ ઇતિહાસ મળતો નથી. વિવિધ પ્રકારની દંતકથાઓ છે પણ તેમાં ચોક્કસતા ન હોવાથી વિવરણ કરવું ઠીક નથી.

બાબરિયાની એક શાખા હસ્તિનાપુરના પાંડવ વંશમાંથી નીકળી, અણહિલપુર પાટણ આવી વસેલ તેમાંથી બાબરિયાઓની પ્રથમ શાખામાં ધાંખડા ગણાય છે.

ઈસુની ચૌદમી સદી પહેલાં, જામ બાંભણિયાજીએ ઘુમલીનો નાશ કર્યો તે પહેલાં બાબરિયાની બીજી શાખા ત્યાંના રાજકર્તા જેઠવા હનુમાનથી ઊતરી આવ્યાનું કહેવાય છે.

ત્રીજી શાખા તે કોટીલા. તળાજામાં એભલવાળા રાજ કરતા હતા ત્યારે તેમણે તેમની પુત્રી ગણી, દેવા દોરેલાની પુત્રી શ્રી બાઈને શિહોરના જાની ગીરાસદાર સાથે પોતે કન્યાદાન આપી પરણાવેલ. તેનાથી કોટીલાઓનો વંશ ચાલ્યો. કોટીલાઓને ટિલાત કરીને બાબરિયાઓમાં સ્થાપવામાં આવ્યા છે.

આ રીતે બાબરિયાઓની ત્રણ મુખ્ય શાખાઓ બની. પરંતુ તેમની પેટાશાખાઓ ૭૨ હતી. પરંતુ સ્વધર્મને ખાતર તેમની છત્રીશ શાખાઓ ખપી-ખૂટી ઊજળો ઇતિહાસ ઊભી કરી ગઈ છે. જોકે ઇતિહાસમાં તે ો સમાવેશ ભલે ન થયો હોય પણ લોકમુખે તે હકીકત કર્ણોપકર્ણની દંતકથા તરીકે જીવિત રહી છે. હકીકત એમ છે કે-

જૂનાગઢના નવાબે પાલિતાણાની કુંવરીનું માંગુ નાખ્યું. તે વખતના મુસલમાની બાદશાહોની નીતિરીતિ ધરારી હતી. માન અગર ન માન મેં તેરા મહેમાન તરીકે વર્તતા હતા. લશ્કરી તાકાતથી મદાંધ બાદશાહો ધરારીથી હિન્દુ પુત્રીઓ સાથે લગ્ન કરતા હતા. પ્રમાણમાં જૂનાગઢની તાકાત સામે પાલિતાણાની તાકાત બહુ નાની પડે. પાલિતાણાના ઠાકોર ઉપર આફત આવી પડી. તેમનો રાજવટ અને ધર્મવટ માંગુ સ્વીકારી શકે નહિ જ્યારે જૂનાગઢનો નવાબ માગું સ્વીકારાવ્યા સિવાય પણ ન રહે તેવી સ્થિતિ હતી. ઠાકોરનાં અન્ન-જળ આ ઉપાધિમાં કડવાં થઈ ગયાં હતાં.

તેમને બે કુંવરી હતાં. રાજપૂત પુત્રીઓએ પિતાની મજબૂરી પિછાણી લીધી. પિતા કે પાલિતાણાને બરબાદ થતાં બચાવવા તેમણે પોતાનો માર્ગ કાઢી લીધો. એક વેલડામાં બન્ને રાજકુંવરીઓ પોતાના નસીબ ઉપર બાજી છોડી નીકળી પડી.

તે વખતે કુંડલામાં દેવા કોટીલાનું રાજ હતું. તેને આ વેલડાનો ભેટો થઈ ગયો. રાજવંશી બે કુંવરીઓને એકલ-દોકલ અવસ્થામાં ભાળી તેમને ઊભી રાખી ઓળખાણ પૂછી. પિતાની આફત ટાળવા નીકળેલ રાજકુંવરીઓએ પોતાની ઓળખાણ 'આફત' તરીકે આપી. પરંતુ આફતથી ફાટી પડે તેવો દેવા કોટીલો ન હતો. તેણે સામે ચાલીને મર્દ પુરુષ તરીકે મદદને પોતાને ત્યાં નોતરી.

પરધર્મીઓની આફતો વખતે સ્વધર્મના બચાવ માટે એકતા ઊભી થાય છે. તેમ કુંવરીયુંનું રૂવાડું પણ ખડું ન થવાની ખાત્રી આપી દેવા કોટીલાએ પોતાની પુત્રીઓ ગણી રાજકુંવરીઓને પોતાને ત્યાં રોકી. પોતાની બોંતેર શાખો ખપી ખૂટે તોપણ તેમના રક્ષણની ખાત્રી આપી. ધર્મને ખાતર, વિરાટની સામે વામને યુદ્ધનો લલકાર આપ્યો. બાદશાહને ખબર પડી. પાલિતાણાને એક બાજુ રાખી તે કુંડલા ઉપર ચડ્યો. બાબરિયાની બોંતેર શાખોએ સામનો આપ્યો. કુંડલાના કરલા-મોદા ગામોના વચ્ચેના ભાગે બન્ને જૂથો વચ્ચે યુદ્ધ થયું. સમર્થ નવાબના સમર્થ લશ્કર સામે બાબરિયાઓ જીવસટોસટ લડ્યા. કુંવરીઓનું રક્ષણ કર્યું. તેમને આપદ કાળમાંથી બચાવી લીધી પણ આ લડાઈમાં તેમની છત્રીશ બાબરિયા શાખો ખપી-ખૂટી. બોંતેર શાખમાંથી જે છત્રીશ શાખો રહી તેમાંથી પણ સમય જતાં પંદર શાખાઓ લુપ્ત થઈ ગઈ. અત્યારે બાબરિયાની એક શાખાનું અસ્તિત્વ ગણાય.[૧૧૬] ધર્મયુદ્ધ શહાદતો વહોરનારા શૂરાઓની રણખાંભીઓ કરલા-મોદા વચ્ચે આજે પણ ઊભી છે. ઇતિહાસની સાક્ષી પૂરે છે.

ડેડાણના દંતા કોટીલા વીરપુરુષ થઈ ગયા. તેમના પિતા મૈયા કોટીલાને ઘેરે સુખ-ચેન અને સાહ્યબી હતાં પણ શેર માટીની ખોટ હતી.

સરસિયા ગામ ઈ. સ. ૧૭૦૦માં વસ્યું ત્યારની એક વાત છે. મૂળ ફાડમી ગામ હતું પણ ત્યાં પાળ અને પાણી લાગતા હતા. ત્યાંના જાગીરદારોને તેથી તે ગામ ફેરવવા ઇચ્છા થઈ. ત્યારે અયોધ્યાના એક સમર્થ સંત દુધાધરી મહારાજ ત્યાં આવી વસ્યા હતા. દરબારોએ સંતને સારું સ્થળ બતાવવા આજીજી કરી. "આ જગ્યા સરસ છે." તેમ કહી તેમણે જ્યાં અત્યારે સરસિયા ગામ વસેલું છે તે જગ્યા બતાવેલી. તેમણે 'સરસ' કહી (જગ્યા) તેથી તે ગામનું નામ સરસિયા પાડવામાં આવ્યું.

સરસિયા વસ્યા પહેલા ફાડમી ગામ હતું. તેના એક દરબારનો પુત્ર સવારમાં ઊઠીને તુર્ત દુધાધરી મહારાજના દર્શને જાય અને એક લોટો દૂધ નિયમિત રીતે સવારમાં પહોંચાડતો.

તે દરબારના કુંવરને એક દિવસ સર્પદંશ થયો. પ્રાણ છોડી દીધા. આજુબાજુનાં ગામોમાંથી પણ આભડિયા આવી ગયા. દુધાધરી બાપુને રોજ દૂધનો લોટો પહોંચાડતો દરબારનો દીકરો તે દિવસ વખત થવા છતાં કેમ ન આવ્યો તેની બાપુએ તપાસ કરાવી. સર્પદંશ થયાની બાબત તેમણે જાણી. તેમણે દરબારને, તેમના કુંવરને સ્મશાને લઈ જતા અટકાવ્યા. પોતાની રાહ જોવા કહ્યું. દુધાધરી મહારાજે શ્યામ ભગવાનની પ્રાર્થના કરી, કુંવરને સજીવન કર્યો. તેમણે સરસિયા નવું વસ્યું ત્યાં શ્યામ-ભગવાનનું મુખ્ય મંદિર બાંધ્યું.

સરસિયાના માલધારીઓ તેમનો માલ લઈ ગીરમાં જાય. તેમને હાલના તુલસીશ્યામ જગ્યા પાસે શંખનાદ અને ધૂપસુગંધનો અનુભવ થયો. તેમણે સરસિયા આવી દુધાધરી બાપુને વાત કરી. દુધાધરી બાપુએ જાતે જઈને ત્યાંથી 'શ્યામ ભગવાન'ની મૂર્તિ, જે જમીનમાં દટાયેલ હતી તેની બહાર કાઢી ત્યાં તુલસી શ્યામ વસાવ્યું.

દુધાધરી બાપુ ઉપર સરસિયાના દરબારને અનન્ય ભાવ રહ્યો હતો. દરબારોમાં લગ્નપ્રસંગે મંદિરને જમીનો અપાતી. હમણાં સુધી શ્યામ મહારાજની સરસિયાની જગ્યા નામાંકિત હતી અને ખૂબ જ કિંમતી વાડીઓ અને જમીનો ધરાવતી સમૃદ્ધ સંસ્થા હતી. પત્થરની મોટી ઘંટીનાં પડ ત્યાં પડ્યાં છે, જે બળદથી ઘંટી ચલાવાતી ત્યાં મોટું સદાવ્રત ચાલતું. દર વર્ષે સરસિયા જગ્યામાં આવતી એક સાધુની જમાતે જગ્યાની સુવ્યવસ્થા અને સદાવ્રતથી પસંદ થઈ બીજા વર્ષે હાથી ઉપર અયોધ્યાથી લાવી ભગવાન શ્યામજીની અલૌકિક મૂર્તિઓ ભેટ આપેલ તે મંદિરમાં અત્યારે છે.

દુધાધરી મહારાજે તુલસીશ્યામની સ્થાપના કરી ઘટાટોપ ગીર ભૂમિમાં શ્યામ મહારાજના મંદિરે સવાર-સાંજ ઘંટારવ શરૂ થયા. યાત્રિકો ઊભરાવા લાગ્યા.

મૈયા કોટીલાને શ્યામ મહારાજ અને દુધાધારી મહારાજ (તેમનું મૂળ નામ સંત હરિદાસ હોવાનું કહેવાય છે) ઉપર આસ્થા ઊભરવા લાગી. વારંવાર ત્યાં દર્શને જતા. જગ્યાના મદદગાર તરીકે મૈયા કોટીલાનું નામ આગળ આવતું ગયું.

મૈયા કોટીલા એક વખત બેઠા હતા. અંતે તેમના કુટુંબના ખબરઅંતર પૂછ્યા. જવાબમાં મૈયા કોટીલાએ સૌની કુશળતા બતાવી પણ તેના મુખ ઉપર શાહી ઢળી ગઈ. સંતે કારણ પૂછ્યું. શેર માટીની ખોટ હોવાનું મૈયા કોટીલાએ દુ:ખ બતાવ્યું. આ જગતમાં આવનાર સંતો ભાવિકોનાં દુ:ખ હરતા હોય છે. સંત દુધાધરી મહારાજે યોગ સાધ્યો. મૈયા કોટીલાના ભાગ્યમાં તેમને સંતતિનું સુખ ન દેખાણું. તેથી પોતે સમાધિ લઈ પછી મૈયા કોટીલાને ત્યાં પુત્ર થઈ જન્મવા મનસૂબો કર્યો. એમ પણ કહેવાય છે કે તેના એક શિષ્યે ગુરુને સમજાવી પોતે સમાધિ લીધી અને મૈયા કોટીલાને ઘેરે પુત્ર થઈ જન્મ્યા.

સંતે મૈયા કોટીલાને ઘેરે પુત્ર જન્મશે તેમ કહી આશીર્વાદ આપ્યા હતા ત્યારે દાંત સોતો પુત્ર જન્મશે તેમ કહેલું. પુત્રજન્મ થયો ત્યારે ખરેખર તેમ જ થયું. બાળકના મોઢામાં જન્મથી જ દાંત દેખાતા હતા. તેથી તેનું નામ દંતો કોટીલો પડ્યું. શ્યામ મહારાજની કૃપાથી મૈયા કોટીલાને ત્યાં પુત્રજન્મ થયો. આનંદમંગળ વરતાણાં. બાબરિયા પંથકમાં આ સમાચાર ફેલાયા. બધા જ બાબરિયાઓ તુલસીશ્યામને ઇષ્ટદેવ તરીકે પૂજવા લાગ્યા. આજે પણ તે શ્રદ્ધા ટકી રહી છે. બાબરિયા દરબારોએ એક સરસ મજાનું આરામગૃહ ત્યાં ઊભું કર્યું છે.

દંતો કોટીલો એક તાકાતવાન અને સમર્થ પુરુષ તરીકે બાબરિયાવાડમાં પંકાયો હતો.

બાબરિયાઓમાં ઘણા સંત અને શૂરાઓ થયા છે. મહેમાનગતિ અને રખાવટની લોકગાથાઓ રચાણી છે.

જૂનાગઢના દીવાન પ્રભાશંકરે બાબરિયાવાડ ઉપર જૂનાગઢની આણ નહોતી વર્તાણી ત્યાં સુધી બાબરિયાવાડના ગિરાસદારો સંપૂર્ણપણે સ્વતંત્ર હતા. ઈ. સ. ૧૮૬૪થી બાબરિયાવાડ ઉપર જૂનાગઢ રાજ્યે હકૂમત સ્થાપી.

આ તકે બાબરિયાવાડના નાગેશ્રી ગામના વરૂ દરબાર સુરગભાઈ કાળુભાઈને યાદ કરવા જરૂરી ગણાય. જેઓએ આજીવન લોકસેવામાં ઝંપલાવીને અમર કીર્તિ ઊભી કરી. અમરેલી જિલ્લાના એક પીઢ આગેવાન તરીકે તેમણે સમાજસેવાના ઉમદા ગુણોથી અન્યો ઉપર ઉમદા છાપ ઊભી કરી હતી. ગુજરાતના રાજ્યકક્ષાના કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે તેમણે લાંબી સેવા આપી હતી. અમરેલી જિલ્લા પંચાયતનો, પ્રમુખની સાથે રહીને સુવહીવટ કર્યો હતો. આરઝી હકૂમત (જૂનાગઢ) માં પ્રધાન દરજ્જે વરાયા હતા. બાબરિયાવાડમાં સુરગભાઈ એટલે સરકાર જ ગણાતા હતા. કોંગ્રેસ પક્ષ તરફની તેમની નિષ્ઠાને કારણે બાબરિયાવાડ કોંગ્રેસનો ગઢ ગણાતો. વર્ષો સુધી ધારાસભ્યપદે રહ્યા હતા. જૂનાગઢ રાજ્યને પાકિસ્તાનથી અળગું પાડવા, આરઝી હકૂમતની રચના અને અમલમાં તેમનો હિસ્સો અગ્રેસરનો હતો.

બાબરિયા – ૨

કાઠી રાજવંશમાં બે પ્રકારના બાબરિયાઓ છે. તેમાંના એક તે સાયલામાં જેણે રાજગાદી સ્થાપી હતી તે ચભાડો છે. ચભાડ રાજપૂતોનાં બહેન વઢવાણનાં રાણી હતાં.

ઈ.સ. ૧૨૪૩ થી ઈ.સ. ૧૨૬૧ના વચગાળામાં, પરમારો સિંધના થરપારકર પ્રદેશમાં સૌરાષ્ટ્રમાં આવ્યા. વઢવાણના વિશળદેવ વાઘેલાએ તેઓને અત્યારના મૂળી શહેરની નજદીકમાં પડતર વિસ્તારમાં રહેવા પરવાનગી આપી. ત્યાં પ્રથમ મૂળી રબારણનો નેસ હતો તેથી પરમારોએ નગર વસાવ્યું તેનું નામ મૂળી પડ્યાની લોકવાયકા છે. લખધીરજી આ પરમારોના આગેવાન પુરુષ હતા.

તે દિવસોમાં આ ચભાડ રાજપૂતોનું સાયલામાં રાજ્ય હતું. તેમના વિસ્તારમાં આ પરમારોનો સંઘ રહેતો. તેતરના શિકાર બાબતની વાત બહુ પ્રસિદ્ધ થયેલી છે. એક તેતરને કારણે મોટું ધિંગાણું થયું. પરમારો સોઢા પરમારો કહેવાતા હતા.

પડ્યા ચભાડ પાંચસો, સોઢા વીશુ સાત
એક તેતરને કારણે અળ રાખી અખીયાત.

સાયલા, ખવડ અને કરપડાઓના હાથમાં ગયા પહેલાંની આ વાત છે. ત્યારે ત્યાંના ગાદીપતિ ચભાડો હતા. તે ચભાડ રાજપૂતો, રાજવંશોના પુનઃગઠન વખતે કાઠીરાજવંશમાં આવી ગયા હતા. તેઓ પછીથી બાબરિયા તરીકે ઓળખાયા અને અમરેલી-બગસરા તરફ આવી વસ્યા. અત્યારે પણ તેમની વસ્તી બગસરા આજુબાજુમાં છે. માંચાવાળાએ તેમની પાસેથી બગસરા લીધું ન હતું ત્યાં સુધી તેઓ બગસરાના ધણી પણ રહ્યા હતા.

બાબરિયાવાડના કોટીલા, વરૂ અને ધાંખડા જે બાબરિયાઓ તરીકે ઓળખાય છે તેનાથી આ બાબરિયા જુદા છે. તેઓ પણ અવરતિયા શાખામાં ગણાયા છે.

મોભ – કામળીયા (અવરતિયા શાખા)

પાલીતાણા, તળાજા અને મહુવા પરગણામાં મોભ-કામળીયા ભાઈઓનો વસવાટ છે. તેઓ અવરતિયા શાખામાં આવેલા છે. તેઓ રાજપૂત વંશમાંથી આવ્યા હોવાનું વહીવંશા બારોટોનું કહેવું છે.

તેઓ ખાસ કરીને ખેતી અને પશુપાલનના વ્યવસાયી છે. તેથી ભાષા અને રહેણીકરણીથી તેઓ બીજાઓથી જુદા પડે છે. કાઠી પ્રદેશથી તો છેવાડા છે જ અને તેથી પણ તેમની સાથેના વ્યાવહારીક સંબંધોમાં ગતિશીલતા ઓછી દેખાય છે.

અન્ય અવરતિયા શાખાઓ તરફથી, સાખાયત શાખાઓના ગળઢેરાઓને, ગામ ગીરાસ મેળવવા માટેની લડતોમાં સાથ-સહકાર હતો. તેવો સાથ આ શાખાના ભાઈઓ તરફથી મળેલો નહિ હોય. તેમ થવાનું કારણ તેમનો પ્રદેશ છેવાડો છે અને

ખેતી-પશુપાલનના કાર્યમાં તેઓ વ્યસ્ત રહેતા તેથી ધીંગાણાઓમાં ભાગ ન લઈ શક્યા હોય. મહેનત અને પસીનાની કમાઈથી તેઓ તેમનું જીવન નિભાવતા હોવાથી લડાયકવૃત્તિથી પર રહ્યા હશે.

સમયના વહનની સાથે તેઓ કાઠી ક્ષત્રિયોથી વીખુટા પડતા ગયા છે. લોહીના સંબંધો ઘટતા ગયા છે. અરસપરસની આત્મીયતા અને ભેળસારો ઘટતા ગયા છે. તેઓની વંશાવળીઓ અને ઇતિહાસ બારોટોના ચોપડે લખાયેલા છે. તે મુજબ, તેઓ ચૌહાણ રાજવંશમાંથી ઊતરી આવેલા છે. ચૌહાણોની વંશાવળી એકંદર ખૂબ લાંબી છે. પૃથ્વીરાજ ચૌહાણથી આપણે જોઈએ તો, પૃથ્વીરાજના સુરસિંહ થયા. આ સુરસિંહને ચોવીસ દીકરાઓ હતા. તેથી ચૌહાણોની ચોવીસ શાખાઓ થઈ. આ ચૌહાણો પૈકી, સોનગઢનો કિલ્લો સર કરનારા ચૌહાણો, સોનગરા ચૌહાણ તરીકે ઓળખાયા. આ શાખામાં સોનરાવ થયા. વીરમદેવ થયા. તેના વરસંગજી થયા. આ વરસંગજીના વીરમદેવ ચૌહાણ થયા. તે દોઢસો ઘોડા લઈને તળાજા આવ્યા. તે સમયે એભલવાળા, સોળસો કન્યાઓના કન્યાદાન આપતા હતા.

વીરમદેવ કુંવારા હતા. કન્યાદાન માટે વરાયેલી સૌથી મોટી દીકરી કોને દેવી તેની વિમાસણ થઈ. તેનો ઉકેલ એવો કાઢવામાં આવ્યો કે, ચૌહાણોનું મોવાડુ આવ્યું છે. તેમાં વીરમદેવ સૌથી મોટા છે, તો મોટી કન્યા, મોટાને (મોભીને) આપવી. આમ મોભીમાંથી મોભ-શબ્દ પ્રચલિત થયો. ત્યારથી આ ચૌહાણો 'મોભ' (મોટા) કહેવાયા. તેઓને કુકડ નીચેના બત્રીશ ગામ કાપડામાં, પહેરામણીમાં અપાયા.

મોભ ગોત્રની શાખાઓ :

૧. મોભ, ૨. માત્રા, ૩. ડોંડા, ૪. જળુ, ૫. ખાખડીયા, ૬. વેગડ, ૭. શેખવા, ૮. ભીસરીયા, ૯. ડોડીયા, (ચાવડા - ભાણેજ)

મોભના ગામો :

૧. ઠળીયા, ૨. હુબકવડ, ૩. બેલડા, ૪. મેંઢા, ૫. સાંગણીયા, ૬. રામપરા, ૭. મોભનેસ, ૮. ગરીબપરા, ૯. ત્રાપજ વગેરે.

આલેગભાઈ સુરગભાઈ મોભ, મુ. ધાંટરવલા તરફથી તેમના બારોટ નાગભાઈ રામભાઈ, મુ. ઠળિયા પાસેથી મેળવેલી હકીકતના સૌજન્યથી.

પરિશિષ્ટ-૧

વાળા અને કાઠી રાજવંશો

વાળા રાજવંશમાંથી નીકળેલી પેટાશાખાઓ

અનુ.	પેટાશાખાનું નામ	તેમણે મેળવેલાં ગીરાસનાં ગામો અને વસવાટનાં ગામો
૧.	સેલારકા વાળા શાખા	૧. સરસઈ ૨. સીમાસી ૩. અજાબ ૪. બડોદર ૫. ચાંપરડા ૬. ઈશ્વરિયા (ગીર) ૭. બરડિયા ૮. શોભાવડલા ૯. બળિયાવડ ૧૦. વાડાસડા ૧૧. જાંબાળા.
૨.	હરસુરકા વાળા શાખા	૧. માંડાવડ ૨. ભૂતડી ૩. જાબુંડા (બાવાનું) ૪. ભલગામ ૫. હાજાણી પીપળિયા ૬. પીંડાખાઈ ૭. હડમતિયા ૮. રબારિકા ૯. હડમતિયા (બંધાળા) ૧૦. ઉમરાળા ૧૧. કાળસરી ૧૨. વીંછાવડ ૧૩. જાંબુડી
૩.	કાનાણી વાળા શાખા	૧. દેતડિયા ૨. કંટોલિયા ૩. ટીંબા (પાણીતાળા) ૪. ઢોલતપર ૫. કરમાળ કોટડા ૬. ખાખરિયા ૭. તપ્તી ૮. બીજી તપ્તી ૯. રાંઘલિયું ૧૦. વડાળી ૧૧. ખીજડિયા ૧૨. બીજી વડાળી ૧૩. ડોડિયાળુ ૧૪. માચિયાળા (નાના)
૪.	ધાનાણી વાળા શાખા	૧. અમરાપર ૨. નાની ગરમલી ૩. મોટી ગરમલી ૪. વાવડી ૫. ગઢિયા-પાતળા ૬. માણાવાવ ૭. લાખાપાદર ૮. કમી ૯. ઈંગોરાળા (ડું.) ૧૦. સમઢિયાળા-નાના ૧૧. કોટડા (ખાંભા) ૧૨. નાનીધારી ૧૩. મોટા ગુજરિયા ૧૪. લાંપાળિયા ૧૫. સોનારિયા ૧૬. ઢોલરવા (અમરાપર) ૧૭. આંબરડી (ધારી)
૫.	વેલાણી વાળા શાખા	૧. જામકા ૨. ભરડ ૩. હુડલી ૪. વાઘવડી ૫. પાણિયા ૬. માંડવડા ૭. સણોસરા
૬.	ચાડકા વાળા શાખા	૧. ચાડિયા ૨. ચલાળા ૩. મીઠાપુર (ડુંગરી) ૪. ઝર ૫. પરબડી ૬. ચરખા (ચાંપરાજ)

અનુ.	પેટાશાખાનું નામ	તેમણે મેળવેલાં ગીરાસનાં ગામો અને વસવાટનાં ગામો
		૭. ધારગણી. ૮. સમઢિયાળા - મોટા ૯. વીરપુર ૧૦. ટીંબલા ૧૧. કેરિયા ચાડ ૧૨. દેવરાજિયા ૧૩. સાજિયાવદર ૧૪. વાંકિયા ૧૫. સરંભડા ૧૬. શેલ-ખંભાળિયા ૧૭. અરજણસુખ ૧૮. ખડખડ ૧૯. થોરડી-ભંડારિયા.
૭.	ઠેબાણી વાળા શાખા	૧. સરસિયા ૨. ચાંચઈ ૩. પાણિયા ૪. કોટડા ૫. આંબાગાળા ૬. સોઢાપરા ૭. કુબડા ૮. જીરા ૯. ડાભાળી ૧૦. માલસિકા ૧૧. ચીવડ ૧૨. વરસડી ૧૩. વોર સતરિયું ૧૪. ત્રંબોડા ૧૫. રીકડિયા ૧૬. આંકડિયા (નાના) ૧૭. કુંકાવાવ-મોટી ૧૮. કુંકાવાવ-નાની
૮.	લુણાણી વાળા શાખા	૧. લુણી ૨. કાઠમા
૯.	મેરામકા વાળા શાખા	૧. માળીલા. ૨. લાલાવદર ૩. વરસડા ૪. વડેરા ૫. ઢોલરવા (ગો. ગ્રામ) ૬. નાગધ્રા ૭. ચક્કરગઢ ૮. રંગપર ૯. ભંડારિયા (મીંયા) ૧૦. વિઠલપુર (ખંભાળિયા) ૧૧. દેવળકી.
૧૦.	નાજાણી વાળા શાખા	૧. ખડ-ખંભાળિયા ૨. સિલાણા ૩. હાલરિયા ૪. હુલરિયા ૫. સનાળિયા ૬. ભથ. ૭. કરેણ ૮. વાંડળિયા ૯. ખીજડિયા (સીલાણા) ૧૦. બરવાળા ૧૧. માંડવડા (નાના) ૧૨. મોટા આંકડિયા ૧૩. માલવણ ૧૪. ગાવડકા.
૧૧.	વાઘાણી વાળા શાખા	૧. દડવા (મોટા) ૨. ઈશ્વરિયા ૩. બળધુઈ હમીરપરા ૪. કાનપર ૫. પાંચવડા ૬. વીરનગર ૭. ઈશ્વરિયા (લાખાપાદર) ૮. પીપળલગ.
૧૨.	આલાણી વાળા શાખા	૧. તરવડા ૨. ગોપાળગ્રામ ૩. પાદરગઢ ૪. દહીંડા ૫. મેડી ૬. સરંભડા ૭. અનીડા-સૂર્યપ્રતાપગઢ ૮. બાબરા ૯. ધારી-ગુંદાળી ૧૦. સરધારપર ૧૧. મોરવાડા (સોરઠ) ૧૨. છત્રડિયા.
૧૩.	મોણુકા વાળા શાખા	૧. મેડી ૨. પીઠવા જાળ ૩. કથીવદર
૧૪.	ભાયાણી વાળા શાખા	૧. વાળાશ્રી, રામવાળા હરસુરવાળા એસ્ટેટ ૨. વાળાશ્રી વાજસુરવાળા વાલેરાવાળા એસ્ટેટ

અનુ. નં.	પેટાશાખાનું નામ	તેમણે મેળવેલાં ગીરાસનાં ગામો અને વસવાટનાં ગામો
		૩. વાળાશ્રી રામવાળા અને વીરાવાળા મુળુવાળા એસ્ટેટ તે ત્રણે રાજવીઓમાં અનુ. નં. ૧ ને VI વર્ગનું અનુ. નં. ૨ ને V વર્ગનું અને અનુ. ૩ને VI વર્ગનું અખત્યારી રાજ્ય હતું ત્યારે અનુ. નં. ૪નો વર્ગ નક્કી થયો ન હતો.
૧૫.	કાંધાણી વાળા શાખા	૧. મોણવેલ ૨. બોરડી ૩. કાગદડી ૪. ભાડેર ૫. વાઘણિયા ૬. સુડાવડ ૭. લુંધિયા ૮. સાપર ૯. રાવણી ૧૦. વેકરિયા
૧૬.	વિરાણી વાળા શાખા	**અખત્યારી તાલુકા-સ્ટેટ્સ** **તાલુકા : સ્ટેટ્સ** ૧. વડિયા ૨. બીલખા ૩. ચાંપરાજપુર ૪. વાઘણિયા ૫. ચુડા ૬. રૂપાવટી ૭. સાંથળી ૮. હરસુરપુર ૯. અડતાળા ૧૦. ચરખા.
૧૭.	જેતાણી વાળા શાખા	**અખત્યારી તાલુકા - સ્ટેટ્સ** ૧. જેતપુર (પીઠડિયા) ૨. થાણા દેવળી ૩. માનપુર ૪. માયાપાદર ૫. ભાયાવદર ૬. સનાળા ૭. નડાળા ૮. સરધારપુર ૯. અકાળા ૧૦. અનીડા ૧૧. સુર્યપ્રતાપગઢ ૧૨. હનુમાન ખીજડિયા ૧૩. આલીધ્રા
૧૮.	મોકાણી વાળા શાખા	૧. બાબરા ૨. ગળકોટડી ૩. દેવળિયા - મોટા. ૪. ચમારડી ૫. ધરાઈ ૬. દરેડ ૭. ખાખરિયા ૮. સાણથળી ૯. ફુલઝર ૧૦. બરવાળા (બાવળ) ૧૧. ચાવંડ ૧૨. કરકોલિયા ૧૩. હીરાણા ૧૪. રસનાળ ૧૫. નાના રાજકોટ ૧૬. દેરડી **અખત્યારી મજમુ તાલુકો**
૧૯.	કોટડાપીઠાની વાળા શાખા	૧. કોટડાપીઠા ૨. ઉંટવડ ૩. વાવડા ૪. કલોરાણા ૫. રાયપર ૬. ઈંગોરાળા ૭. ઈસાપર ૮. ખાનપર ૯. ભાયાવદર ૧૦. હાથીગઢ

પરિશિષ્ટ-૨

કાઠિયાવાડના અખત્યારી કાઠી દરબારોનાં રાજ્યો

ક્રમ	દ. શ્રીનું નામ તથા જન્મતારીખ	સ્ટેટ / તાલુકો	ક્ષેત્રફળ	વસ્તી	આવક
૧.	દ. શ્રી આલા ખાચર તા. ૪-૧૧-૧૯૦૫	જસદણ	૨૯૬	૩૭,૬૭૨	૬,૦૦,૦૦૦
૨.	દ. શ્રી અમરાવાળા તા. ૨૮-૧૧-૧૮૯૫	થાણાદેવળી	૧૧૮	૧૮,૭૯૦	૩,૦૦,૦૦૦
૩.	દ. શ્રી સુરગવાળા તા. ૧૫-૩-૧૯૦૪	વડિયા	૯૨	૧,૬૮૨	૩,૦૦,૦૦૦
૪.	દ. શ્રી સુરગવાળા તા. ૮-૯-૧૯૨૩	જેતપુર	૧૦૨	૩૭,૮૩૧	૪,૫૦,૦૦૦
૫.	દ. શ્રી રાવતવાળા તા. ૧૯-૧-૧૯૦૬	બીલખા	૧૬૭	૪૫,૦૦૦	૩,૭૫,૦૦૦
૬.	દ. શ્રી ભાયાવાળા "	ખારી બગસરા	૪૦	૪,૬૦૯	૧,૪૦,૦૦૦
૭.	દ. શ્રી અમરાવાળા તા. ૧૯-૧-૧૯૧૯	બરવાળા (વાઘણિયા)	૪૫	૪૮૫	૧,૫૦,૦૦૦
૮.	દ. શ્રી ચાંપરાજવાળા તા. ૨૭-૬-૧૯૦૩	ચાંપરાજપુર	૩૯૫	૩,૭૪૦	૧,૦૦,૦૦૦
૯.	દ. શ્રી વાજસુરવાળા તા. ૩૦-૧-૧૮૭૩	હડાળા	૨૫	૫,૯૧૫	૬૦,૦૦૦
૧૦.	દ. શ્રી ભાભાવાળા તા. ૧૯-૯-૧૯૦૮	થુંબાળા (ચુડા)	૧૪	૧,૯૧૦	૪૦,૦૦૦
૧૧.	દ. શ્રી જેઠસુરવાળા તા. ૨૫-૭-૧૯૧૨	સૂર્યપ્રતાપગઢ	૨૩	૧,૮૧૦	૪૫,૦૦૦
૧૨.	દ. શ્રી માણસુરવાળા તા. ૫-૫-૧૯૧૪	અનીડા	૨૩	૧,૮૧૦	૪૫,૦૦૦

ક્રમ.	દ. શ્રીનું નામ તથા જન્મતારીખ	સ્ટેટ / તાલુકો	ક્ષેત્રફળ	વસ્તી	આવક
૧૩.	દ. શ્રી ભૂપેન્દ્રસિંહજી	ખીજડિયા	૨૩.૫	૨,૪૩૦	૪૦,૦૦૦
૧૪.	દ. શ્રી અમરાવાળા તા. ૨૦-૯-૧૯૦૨	આલીધ્રા	૨૩.૫	૨,૭૫૪	૫૦,૦૦૦
૧૫.	દ. શ્રી નાજાવાળા/ જીવાવાળા	માનપુર	૧૧	૧,૧૫૦	૨૪,૦૦૦
૧૬.	દ. શ્રી દેસાવાળા તા. ૨૧-૬-૧૮૯૭	માયાપાદર	૯.૫	૬૫૨	૨૦,૦૦૦
૧૭.	દ. શ્રી નથુવાળા	સનાળા	૭.૫	૬૪૦	૨૫,૦૦૦
૧૮.	દ. શ્રી ભાયાવાળા તા. ૩૦-૧૨-૧૮૮૦	ભાયાવદર	૧૧.૫	૧,૧૦૬	૨૫,૦૦૦
૧૯.	દ. શ્રી એભલવાળા તા. ૨૯-૧૧-૧૮૯૬	ડાંગાવદર	૭	૧,૧૦૯	૧૮,૦૦૦
૨૦.	દ. શ્રી મેરામવાળા તા. ૨૬-૧-૧૯૨૧	હરસુરપુર	૭	૬૭૧	૨૦,૦૦૦
૨૧.	દ. શ્રી ઉનડવાળા તા. ૨૮-૮-૧૮૮૧	નડાળા	૧૨	૯૧૮	૧૭,૦૦૦
૨૨.	દ. શ્રી વાજસુરવાળા	સરધારપુર	૧૨	૯૦૦	૧૭,૦૦૦
૨૩.	દ. શ્રી જગાવાળા તા. ...	અકાળા	૧૨	૯૦૦	૧૭,૦૦૦
૨૪.	દ. શ્રી દેસા ખાચર	આણંદપુર	૭૦	૨,૫૨૯	૧૬,૦૦૦

પરિશિષ્ટ - ૩

કાઠિયાવાડના બિનઅખત્યારી કાઠી દરબારોની જાગીરો

અનુ. નં.	નામ	ગીરાસના ગામની સંખ્યા	આવક
૧.	આંકડિયા	૧	૩,૦૦૦
૨.	આણંદપુર - મજમુ	૬	૧૨,૦૦૦
૩.	બાબરા - મજમુ	૬	૮૦,૦૦૦
૪.	બીલખા - "	૫	૧,૦૦,૦૦૦
૫.	બગસરા - "	૧	૨૬,૦૦૦
૬.	બામણબોર	૧	૫,૦૦૦
૭.	ભડલી	૫	૬૨,૦૦૦
૮.	ભલગામ-બળધોઈ	૨	૭,૦૦૦
૯.	ભાણેજડા	૨	૩,૦૦૦
૧૦.	ભીમોરા	૨	૧૪,૦૦૦
૧૧.	ચરખા	૧	૧૨,૫૦૦
૧૨.	ચીરોડા	-	૩,૦૦૦
૧૩.	ચોબારી	૬	૬,૦૦૦
૧૪.	ચોટીલા	૯	૬૯,૦૦૦
૧૫.	દહીંડા	૬	૨૪,૦૦૦
૧૬.	ડેડાણ મજમુ	૬	૩૦,૦૦૦
૧૭.	ઢોલરવા	૧	૧,૫૦૦
૧૮.	ગઢિયા	૨	૭,૦૦૦
૧૯.	ગરમલી	૧	૬,૦૦૦
૨૦.	ગરમલી-નાની	૧	૩,૦૦૦
૨૧.	ગીગાસણ	૨	૮,૦૦૦
૨૨.	હાલરિયા	૧	૧૧,૦૦૦
૨૩.	ઇતરિયા	૧	૨૦,૦૦૦
૨૪.	જામકા	૩	૫,૦૦૦
૨૫.	કણેર	૧	૨,૮૦૦
૨૬.	કાનપુર	૧	૧૬,૦૦૦
૨૭.	કરિયાણા	૪	૪૦,૦૦૦
૨૮.	કાથરોટા	૧	૭,૫૦૦

અનુ. નં.	નામ	ગીરાસના ગામની સંખ્યા	આવક
૨૯.	ખંભાળા	૨	૧૨,૦૦૦
૩૦.	ખીજડિયા	૧	૩,૦૦૦
૩૧.	લાખાપાદર	૧	૫,૦૦૦
૩૨.	માણાવાવ	૧	૮,૦૦૦
૩૩.	માત્રા ટીંબા	૨	૨,૦૦૦
૩૪.	મેવાસા	૨	૮,૦૦૦
૩૫.	મોણવેલ	૨	૨૫,૦૦૦
૩૬.	નીલવળા	૧	૫,૦૦૦
૩૭.	નોંધણવદર	૨	૩,૦૦૦
૩૮.	પાળિયાદ-મજમુ	૭	૬૦,૦૦૦
૩૯.	રામપરડા	૨	૩,૦૦૦
૪૦.	રાણીગામ	૧	૩,૦૦૦
૪૧.	રાણપરડા	૨	૧,૦૦૦
૪૨.	સણોસરા	૨	૬,૦૦૦
૪૩.	સેજકપર	૩	૫,૦૦૦
૪૪.	સીલાણા	૨	૭,૦૦૦
૪૫.	સુદામડા-ધાંધલપુર	૨	૪૦,૦૦૦
૪૬.	વાઘવડી	૧	૨,૦૦૦
૪૭.	વેકરિયા	૧	૮,૦૦૦
			૩,૭૯,૩૦૦

પરિશિષ્ટ - ૪

કાઠી દરબારોના ગીરાસના ગામોની વિગત

કાઠી રાજપૂત માસિક

વર્ષ ૨જું સંવત ૧૯૮૭ અષાઢ

અંક ૧૦મો ઈ. સ. ૧૯૩૧, જુલાઈના અંકમાંથી

અનુ. નં.	ગામ	ગીરાસદાર	ગામની સંખ્યા
૧.	ચોટીલા	ખાચર	૩૪
૨.	પાળિયાદ	ખાચર	૧૭
૩.	મેવાસા	ખાચર	૬
૪.	સેજકપર	ખવડ	૪
૫.	ભીમોરા	ખાચર	૧૧
૬.	ચોબારી	ખાચર	૩
૭.	બામણબોર	ખાચર	૩
૮.	રાણપરડા	કરપડા	૧
૯.	માત્રા ટીંબા	ખાચર	૧
૧૦.	ભાણેજડા	ભાંભળા	૧
૧૧.	જસદણ	ખાચર	૫૫
૧૨.	ભડલી	ખાચર	૧૬
૧૩.	કરિયાણા	ખાચર	૯
૧૪.	ઈતરિયા	ખાચર	૨
૧૫.	ખંભાળા	ખાચર	૧
૧૬.	નીલવળા	ખાચર	૧
૧૭.	કોટડાપીઠા	વાળા	૨૫
૧૮.	બાબરા	વાળા	૬
૧૯.	સુદામડા	ખવડ	૨૭
૨૦.	જેતપુર-બીલખા	વાળા	૧૪૫
૨૧.	ડેડાણ	કોટીલા	૧૨
૨૨.	બગસરા	વાળા	૧૫
૨૩.	લાખાપાદર	વાળા	૧
૨૪.	કણેર	વાળા	૧

અનુ. નં.	ગામ	ગીરાસદાર	ગામની સંખ્યા
૨૫.	કાથરોટા	માલા	૧
૨૬.	ગરમલી નાની	વાળા	૧
૨૭.	ગરમલી મોટી	વાળા	૧
૨૮.	જામકા	વાળા	૧
૨૯.	ખીજડિયા	વાળા	૧
૩૦.	ગઢિયા	વાળા	૨
૩૧.	ચરખા (ચાંપરાજ)	વાળા	૨
૩૨.	ઢોલરવા	વાળા	૧
૩૩.	માણાવાવ	વાળા	૧
૩૪.	મોણવેલ	વાળા	૪
૩૫.	વેકરિયા	વાળા	૧
૩૬.	વાઘવડી	વાળા	૧
૩૭.	હાલરિયા	વાળા	૪
૩૮.	સિલાણા	વાળા	૧
૩૯.	દહીંડા	વાળા	૩
૪૦.	ગીગાસણ	કોટીલા	૧
૪૧.	કાનપર (ઈશ્વ. ા)	વાળા	૨
૪૨.	ગળથ	બસિયા	૧
૪૩.	પીપળલગ	વાળા	૧
૪૪.	પાંચવડા	વાળા	૧

આ ચુમાલીશ ગીરાસદારો ઉપરાંત ભાવનગર રાજ્યમાં

વડોદરા રાજ્યમાં

ગોંડળ રાજ્યમાં

જામનગર રાજ્યમાં

જૂનાગઢ રાજ્યમાં

વગેરે રાજ્યોમાં કાઠી ગીરાસદારોનાં અંદાજિત ૨૦૦ સુવાંગ ગામો હતાં.

બધાં મળીને ૬૦૦ (છસો) ઉપરાંતનાં ગામો થતાં હતાં. સુવાંગ ગામો ઉપરાંત બે હજાર ગામોમાં કાઠી લોકોની વસતી પથરાણી છે.

કાઠી રાજપૂત માસિક

વર્ષ : ૫મું ડિસેમ્બર, ૧૯૩૩

અંક : ૪થો પોષ, સં. ૧૯૯૦

કાઠી પ્રદેશ = બરવાળા બાવીશી

૧.	બરવાળા	ખાચર
૨.	જાળીલા	ખાચર
૩.	કુંડળ	પટગીર
૪.	વેજલકા	ખાચર
૫.	ચંદરવા	ખાચર
૬.	સુંદરિયાણા	ખાચર
૭.	ગુંદા	ખાચર
૮.	ખાંભડા	ખાચર
૯.	રોજીંદ	ખાચર
૧૦.	ચાચરિયા	ધાધલ
૧૧.	રેફડા	ધાધલ
૧૨.	સારિંગપુર	ખાચર

અનુ. નં. ૯ના રોજીંદમાં જસદણ સ્ટેટની ૧૦૦૦ વીઘાંની પાટી હતી.

અમરેલી જિલ્લામાં (ગાયકવાડ) ૧૯ કાઠી ગિરાસિયાઓની જાગીર હતી. ૯૬ કાઠી ગિરાસિયાઓની મૂળગરાસિયાનાં ગામો તે અમરેલી જિલ્લાના ત્રણ તાલુકામાં ૧૭૦ ગામો હતાં તેમાંથી

કાઠિયાવાડ સર્વસંગ્રહ પાન ૨૮૩ થી ૨૯૨, લે. કર્નલ વૉટ્સન

પ્રવેશ

આમુખ

કાઠિયાવાડના અન્ય રાજવંશોથી પ્રમાણમાં જેની વસ્તી ઘણી ઓછી છે તેવા વાળા અને કાઠી રાજવંશોએ વિપુલ પ્રમાણમાં સતીઓ, શૂરાઓ, દાતાઓ, સંતો અને ભક્તો જેવી વિરલ વિભૂતિઓની આ દેશને અણમોલ દેણગી આપી છે.

જીવદયા અને શુશ્રૂષાના ક્ષેત્રે ચલાળાના દાનબાપુ અને પાળિયાદના વિસામણબાપુની સેવાવૃત્તિએ તે જૂના સમયમાં 'મિશનરી' સંસ્થા જેવી સંસ્થાઓનું સ્થાપન કર્યું હતું. ભારતમાં બ્રિટિશરોએ હકૂમત સ્થાપી તે પછી ભારતમાં ક્રિશ્ચિયન મિશનરિઝ સ્થપાઈ હતી. ગરીબ ગુરબાંઓને તેણે સેવા અને સહાય બક્ષ્યાં હતાં પણ તેઓની નેમ બિલકુલ સેવાભાવી ધ્યેયને જ વરેલી હતી કે તેઓના ધર્માંતરના હેતુલક્ષી હતી તે વાત ચોક્કસ નથી. જ્યારે ચલાળા અને પાળિયાદની સંસ્થાઓ ધાર્મિક હતી - છે, છતાં તે ધર્માંતરથી નિરપેક્ષ છે; નહિ તો દાનબાપુએ પોતાના પટ્ટ શિષ્ય તરીકે ગધઈ ગીગાને સ્થાપીને 'સત્તાધારના ગીગડા પીર'ના સ્થાને પહોંચાડેલ ન હોત. નાતજાતનાય ભેદ હોત તો હરિજન કન્યાને 'ભોળી આઈ' તરીકે સ્થાપી ન હોત.

હિન્દુ સમાજમાં ગૌસેવાનું માહાત્મ્ય અનાદિ કાળથી આગવું રહ્યું છે. જીવતાં અને મૂઆ પછી પણ જે ગાયનું પ્રદાન સમાજ ઉપર અદકેરું છે તેવી ગાયો સમાજમાં પૂજાતી આવી છે. સમાજની શારીરિક શક્તિને તંદુરસ્ત રાખી વિકાસ કરવામાં, વાતાવરણ શુદ્ધિના કાર્યમાં, વિંચારશુદ્ધિ અને પાવિત્ર્યને પોષનાર ગાય માતાઓ તે કારણે જ પૂજાઈ છે. આવી ગૌમાતાઓની સેવાશુશ્રૂષાથી શરૂઆત કરી, ચલાળા અને પાળિયાદના કાઠી સંતો, માનવસેવા અને શુશ્રૂષા, સદાવ્રત, શિક્ષણ, ઉપચાર વિ. સેવાકીય અનેક પ્રવૃત્તિઓથી સમસ્ત સમાજની કાયાપલટમાં અનાથોના નાથ બની રહેલ છે.

કાઠી સમાજની સ્ત્રીઓમાં રહેલા ઉત્તમ ગુણધર્મોથી સતીત્વની પરંપરા વહી છે. પતિની પાછળ પોતાને પણ અગ્નિમાં સમાવી લેનાર વિરાંગનાઓ પતિભક્તિની પરાકાષ્ઠારૂપ છે ખરાં તેમ પોતાના સંસ્કારોથી સમાજના વિચારોનું ઘડતર કરનાર તેમજ સ્વભોગે સમાજની સ્ત્રીઓના વિચારો અને વર્તનનું સંસ્કરણ થાય તેવી આહુતિ આપનાર સત્‌ધર્મી સતી સ્ત્રીઓનો મહિમા ઓછો ન ગણાય. છતાં જૌહરના બલિદાન કરતાં જિંદગીભર પોતે પ્રજવળીને અન્યને રાહ બતાવનાર માતાઓનાં મૂલ્ય ઓછાં તો નહિ જ આકારી શકાય.

સમાજમાં સંસારી બની રહી, પોતાનાં ઉત્તમ ચારિત્ર અને રહેણીકરણીથી જે

સંસારી છતાં જોગી જેવું જીવન જીવી સમાજનાં દુઃખો નિવારવાનો જોગ ધારણ કરી, બનેલા' જોગંધરોના દાખલાઓની કાઠી સમાજમાં કમીના નથી.

આ બધાએ સત્ત્વો માત્ર ભૂતકાળ બની વિસરાતા રહે તો તે બાબત સમાજને ન-પાલવે. આવાં સત્ત્વો સ્મૃતિમાં અમર રહે, પૂજાતાં રહે, તો જ સત્ત્વનો મહિમા જળવાય અને તો જ બીજાને વધુ પ્રેરણાદાયી બની શકે અને તેથી જ આવાં અમર પાત્રોનો ઇતિહાસ સમાજે જાણવો જરૂરી છે, તો જ સમાજનું સંસ્કરણ સુલભ બને.

બસ, આ હેતુથી જ આ પ્રકરણમાં આવી અમર વિભૂતિઓની યશગાથાઓનું આલેખન કરેલ છે.

આપા દાના ભગત

જસદણ પાસે આવેલા કોઠી ગામના ખાચર દરબાર દાના ખાચર સુરદાસ હતા. તેમની આંખો ઉપર ચડેલા અંધાપાના પડળ નીચે દિવ્ય દૃષ્ટિ સંતાઈ રહી હતી. બચપણથી જ દિવ્ય પુરુષ દેખાતા દાના ભગત બીજાઓને દૃષ્ટિ આપવા આવ્યા હતા. તેમની દૃષ્ટિ નિસ્તેજ કેમ રહી શકે.

સોનગઢના સંત જાદરા ભગતના સામર્થ્યે દાનબાપુના નેત્રોમાં અમી પૂર્યાં. જગતનો ક્રમ છે કે જ્યોતિથી જ્યોતિ પ્રગટે. દાનબાપુએ તેમના સમયકાળમાં છતી આંખે આંધળાઓની આંખોમાં માણસાઈના દીવા પ્રગટાવ્યા હતા.

દાનબાપુ સોનગઢથી નીકળી ગૌ માતાઓની સેવા કરતાં કરતાં છેક ગ[illegible] કાંઠાનાં ગામડાંઓમાં ફરી વળ્યા. ગૌસેવાના પરમ ઉપાસક ભગતે, ગૌસેવા અર્થે વગડો વેઠ્યો. ગૌવાની તરસ છિપાવવા નપાણીયા મુલકમાં નવલખા કૂવાઓમાં નીર પ્રગટાવ્યાં હતાં.

માણસજાતમાં પ્રાબલ્ય પછી મદ પેદા થતો હોય છે ત્યારે માણસ મદાંધ બને છે. આવા મદાંધ માણસો પાપના ઓથાર પાથરે છે. આવા ભાન ભૂલેલાઓને કુદરત તેનાં કૃત્યો અનુસાર સજા કરે છે. આવી સજાઓને હળવી કરવાનું કામ સંત અદાલતો કરે છે. સજામાં રાહત આપી, માણસને માણસ બનાવવાનું તેઓ શિખવાડતા હોય છે. આ બધી પ્રભુપ્રેરણા જ હશે, નહિ તો તેની વ્યાયામમાં આડો પગ કોણ કરી શકે? તેથી જ આવા દેવમાનવની સૃષ્ટિમાં પધરામણી થતી હશે.

તે ગમે તે જાતિ કે ધર્મના હોય તોપણ તેઓનો ધર્મ તે એક માત્ર માનવધર્મ બની રહે છે. પશુ હોય કે પ્રાણી તેવા દુઃખિયાનાં દુઃખ ટાળવા, માંદાની સારવાર કરવા, ભૂખ્યાને આહાર આપવા અને ભૂલેલાને માર્ગે ચડાવવાની કામગીરી આવા સંતો સંભાળતા આવ્યા છે. તેઓ સંસ્થાઓ સ્થાપે છે પરંતુ તે જીવસૃષ્ટિના કલ્યાણ માટે જ.

દાનબાપુ આવા જ સંત હતા. ચલાળામાં એમણે પોતાની જગ્યા સ્થાપી. તેના મહિમાથી કોઈ અજાણ નથી.

શાર્દુળ ભગત ભક્તિવાન હતા. મોટા ભજનિક હતા. તેમને કંઠે ભજન સાંભળવા એ એક લહાવો ગણાતો. તેમનાં ભજનો ભક્તિભાવથી ભરેલાં પ્રેરણાદાયી હતાં જુવાન વયના પુરુષો તેમનાથી ભક્તિના રંગે રંગાયા હતા. એમનો ભક્તિરસ અનોખો હતો. જગતને શીતળ પ્રકાશ પાથરતા ચંદ્રમામાં જેમ એક ડાઘ રહે છે તેવો ડાઘ શાર્દુળ ભગતની ભજનપ્રક્રિયામાં રહેલો હતો. તેઓ ઢોલીએ બેસીને ભજન ગાતા. ભજન ગાતાં ગાતાં એવો રંગ જમાવતા કે ઢોલિયો તેનો વજન જીરવી શકતો નહિ અને ભાંગી જતો.

દાનબાપુને શાર્દુળ ભગતમાં સાચી ભક્તિ દેખાણી. પણ તેમાં ડાઘ હતો. કહે છે કે ગુરુ વિના જ્ઞાન થતું નથી. ડાઘ દૂર કરવાનું કામેય સંતો જ કરે છે. શાર્દુળ ભગત જેવા ભક્તિશાળી પુરુષને ભજનમાં ઢોલિયા ભોગવવાનું અભિમાન થયું હતું. આ ડાઘ તેમને સંપૂર્ણ ભક્તિના મારગમાં અંતરાયરૂપ બનાવતો હતો. દાનબાપુએ આ વાત જાણી ત્યારે તેમને હીરાનો પત્થર ઘસવા જેવો લાગ્યો. એક વખત તેમના ભજનમાં દાન બાપુ હાજર રહ્યા. શાર્દુળ ભગતને દાનબાપુએ કહ્યું કે ભગત તમે ભજનમાં ઢોલિયા ભાંગી જાય તેવી જમાવટ કરો છો તેમ સાંભળ્યું છે. આજે મારેય તે લહાવો નજરે જોવો છે. શાર્દુળ ભગતને દાનબાપુની વાત ગમી. સંત જેવા સંત પાસે તેમની યશોગાથા પહોંચી તેવું જાણી તેમને આનંદ થયો. તે દિવસના ભજનમાં શાર્દુળ ભગતે અનેરી જમાવટ કરી. ઊલળી ઊલળીને ભજનોને લલકાવ્યાં પણ ઢોલિયો અખંડ રહ્યો. કોઈએ કહ્યું નહોતું કોઈને કહેવું પડ્યું ન હતું. પણ તે દિવસથી શાર્દુળ ભગતની આંખ ઊઘડી ગઈ. ઢોલિયો નહિ ભાંગવાનું કારણ તે સમજી ગયા. તેને તેમણે સંતની જ દેણગી માની, માથે ચડાવી. પછી ક્યારેય શાર્દુળ ભગત ભજન ગાતા ત્યારે ઢોલિયા ભાંગતા નહિ. સંતના પરોપકારે એક બીજા સંતનું સર્જન કર્યું.

ચલાળા પાસે આવેલ ગરમલી ગામે દાનબાપુએ પ્રથમ મુકામ કર્યો હતો. ગામની એક ખેડૂતકન્યાના માથામાં ઉંદરી થઈ હતી. માથું સડીને ગંધાતું હતું. કુટુંબીઓ પણ તેને નજદીક બેસવા દેતા નહિ. તેનાથી સૌ અળગા રહેતા હતા. તેથી તે ખેડૂતકન્યા પણ સૌથી અળગી રહેવા લાગી. ગામ બહાર બાવળિયાનો છાંયડો ગોતી તે પડી પડી માથું ખંજવાળ્યા કરતી.

એક વખત દાનબાપુ તેને જોઈ ગયા. વગડો વેઠવાનું તેને કારણ પૂછ્યું, ત્યારે આ ખેડૂતકન્યાએ પ્રથમ દાનબાપુને દૂર રહેવા કહ્યું. પોતાના માથામાં ઉંદરી થઈ છે. તેની ગંધ કોઈને ગમતી નથી. ઘરે સૌ છેટા ભાગે છે. તેથી તે વગડો વેઠતી હોવાનું કારણ બતાવ્યું. રોગયલ આ ગભરૂ બાળાએ ક્યારેક કાળિયા ઠાકરનો કૂતરો આવશે અને માથું ચાંટી જશે ત્યારે પોતાને આરામ થશે તેવી શ્રદ્ધા બતાવી.

આ બાળા રાજાની પીડાનો ઇલાજ કરવાનું પાવિત્ર્ય બિચારા કાળિયા કૂતરાના ભાગ્યમાં ક્યાંથી હોય? પ્રભુસ્વરૂપ બાળાની શ્રદ્ધા અધૂરી રહી ન જાય તેથી તે ફરજ દાનબાપુએ જ સ્વીકારી. કાળિયા ઠાકરે જ મને મોકલ્યો છે તેમ કહી બાળાનું

ઉંદરીવાળું - ગંધાતું માથું પકડી દાનબાપુ ચાટી ગયા. ગભરુ ખેડૂતબાળાની જ શ્રદ્ધાને સાધન બનાવી કાળિયા ઠાકરના કાળિયા કૂતરાની કામગીરી કરનાર ત્યારે કાળિયાના સ્વરૂપ જેવા જ ભગત દેખાયા હતા. દિવસોથી પીડાતી તે ખેડૂતકન્યાના માથાની બળતરા ગાયબ થઈ, ઠંડક પ્રસરી; ઉંદરીનું નામ ન રહ્યું. બાપુને આશીર્વાદ આપતી ગભરુ બાળા વગડો છોડી ગામમાં કુટુંબ સાથે રહેતી થઈ. 'સંત સદા સુખકારી' તે ઉક્તિ ત્યારે કહેવાણી હશે. ગૌસેવા તે મોટી સેવા છે. કાળિયો પણ ગૌસેવા પછી જ કાળિયો ઠાકર કહેવાયો હતો ને?

લાંબા રજળપાટ પછી દાનબાપુ ચલાળામાં સ્થિર થયા. દાનબાપુએ ચલાળામાં જગ્યા સ્થાપી. ગૌસેવા ઉપરાંત ભૂખ્યાદુખ્યાંને રોટલો પીરસવાની કામગીરી શરૂ કરી. સદાવ્રત ચાલુ થયું. કાળ-દકાળે ગરીબ માણસોને બાપુ અનાજ વહેંચતા. આ અન્નક્ષેત્ર અને અન્નદાનનો લાભ સેંકડો ગરીબગુરબાંઓ લેતાં હતાં. અનાજ વટોરાતું હતું તેવું બીજું અનાજ જગ્યામાં ભાવિકો દ્વારા પોઠો મારફત ઠલવાતું રહેતું. કાળિયો ઠાકર તેનું કામ તે સંભાળતો હતો.

એક વખતે જેતપુરનો રસાલેદાર મીરાજી ધંધુકિયો તેની વાર લઈને કુંડલા જતો હતો. રસ્તામાં તેને ચલાળા આવ્યું. તેની વારના માણસો ખરચી ખુટ થયા હતા તેથી ચલાળામાં તેમણે લૂંટ ચલાવી. ગામના રહેવાસીઓ આ લૂંટારાઓના ત્રાસથી બચવા જગ્યામાં દાનબાપુના આશરે ગયા. પરંતુ મીરાંજી અને તેના માણસોએ આ સંતની પણ મરજાદ ન રાખી. ભૂખ્યા વરુના ધાડા જેવા તેઓએ ત્યાં પણ લોકોને લૂંટવાનું ચાલુ રાખ્યું. દાનબાપુના વાર્યા પણ તેઓ ન અટક્યા. લૂંટની સાથે તેઓએ લોકોને ત્રાસ પણ આપ્યો. ત્યારે દાનબાપુને લાગેલું કે મીરાજીનું અંતરિયાળ રસ્તામાં મોત થવાનું થયું લાગે છે. મીરાજીના અંગ ઉપર બળતરા ઊપડી હતી. તે જગ્યાના ટહેલિયા પાસે કૂવામાંથી પાણી ઉલેચાવી નાહતો હતો. પણ બળતરા ઓછી થતી ન હતી. તેથી વારંવાર તે ટેલિયા પાસે વધારે પાણી માગતો હતો. તે દૃશ્ય દાનબાપુએ જોયું. તેમને થયેલી સ્ફુરણા યાદ આવી. ત્યારે દાનબાપુ ટહેલિયાને ઉદ્દેશીને બોલ્યા હતા કે તેને નિરાંતે નવરાવો. વગડામાં તેને કોણ નવરાવશે.

ખરેખર બન્યું પણ એવું જ નેસડી ગામની નજદીકમાં નદીના પટમાં વાઘરીએ ચીભડાનો વાડો કર્યો હતો. ત્યાં રોજ રાત્રે આવીને શિયાળ વાડામાં નુકસાન કરી જતું. તેથી વાઘરીએ તે દિવસે જામગરી બંદૂકમાં મૂઠી એક છરા ભરી, છુપાઈને બેઠો હતો. મીરાંજી રસ્તેથી વારથી અળગો થઈ નાડ છોડ માટે નદી તરફ ગયો. તેના ચાલવાનો સંચળ થયો હશે. તે ભેળા વાઘરીએ જામગરીથી બંદૂકને દાગી. મીરાજી ત્યાં જ કાયમને માટે અંતરિયાળ રોકાઈ ગયો.

મીરાજીને વગડામાં કોણ નવરાવશે તેમ દાનબાપુને ટેલિયાને કહ્યું હતું. તે વાત ટેલિયો સમજ્યો ન હતો. પણ જ્યારે સવારે ટેલિયાએ મીરાજી ગોળીથી વિંધાયાની હકીકત જાણી ત્યારે જ તેને બાપુનો મરમ સમજાયો હતો.

દુન્યવી સુખોથી પર રહી, મળે તોપણ તે સમૃદ્ધિ જીવસૃષ્ટિના કલ્યાણ માટે વાપરનારા સંતો કાઠિયાવાડમાં થયા છે. પારકા દુઃખે દુઃખી થનાર આવા સંતો, ભૂખ્યા દુઃખ્યાને માટે સદાવ્રતો ચલાવતા આવ્યા છે. જરૂરિયાતમંદોને અન્ન અને વસ્ત્રો વહેંચતા આવ્યા છે. ચલાળા દાનબાપુની જગ્યામાં સદાવ્રત તો કાયમ ચાલતું. પ્રસંગોપાત્ત અન્ન-વસ્ત્રોની લહાણી પણ થતી.

કાઠિયાવાડના હૃદયસમા અમરેલીનાં કાઠી પ્રદેશની ભૂમિની વડોદરાના ગાયકવાડને ભૂખ ઊઘડી ત્યારે વિઠલરાવને અમરેલીનો સૂબો કરી થાપ્યો.

વિઠલરાવ દક્ષિણી બ્રાહ્મણ હતો. સામાન્ય સૈનિક તરીકે ફરજ બજાવતા - બજાવતા તેની કાર્યનિપુણતાથી તે સૂબાના પદને પામ્યો. કાળજાળ ગણાતા કાઠીઓ પાસેથી ભોં ભેગી કરવાનું કપરું કામ તેણે સ્વીકાર્યું હતું. બગસરાના દરબાર હરસુરવાળાને ગાયકવાડની જેલમાંથી ચમત્કારિક રીતે છોડાવનાર દાનબાપુનું નામ તેણે જાણ્યું હતું. સંતના સામર્થ્યનાં તેને પ્રત્યક્ષ દર્શન થયાં હતાં. કાઠિયાવાડમાં પોતાની કલમ ડુબાડતા પહેલાં સંતના આશીર્વાદ લેવા તેને જરૂરી લાગ્યા. કોઈ જાતના પરિચય વગર કે. સૂબાની હેસિયતથી આ કામ કેવી રીતે પાર પાડવું તેવી ગડમથલ તેને મનોમન થઈ.

એક વખત દાના ભગત જગ્યાના ઓટલે જુવારના સૂંડાઓ ભરી ગરીબોને અનાજ વહેંચતા હતા ત્યારે જરૂરિયાતમંદોની સાથે ગાયકવાડનો અમરેલીનો સૂબો, દક્ષિણી બ્રાહ્મણ વિઠલરાવ દાનબાપુ પાસે જુવાર દક્ષિણામાં લેવા ગોઠવાઈ ગયો. તેણે દાનબાપુ પાસે જુવાર આપો, જુવાર આપો, તેવા પોકારો કરી દક્ષિણા માગી. ત્યારે દાનબાપુએ જુવારના ખોબાઓ પછી ખોબાઓ ભરી, આ લે આ લેના પ્રત્યુત્તર સાથે તેને દક્ષિણા આપી. દાનબાપુ સૂંડામાંથી જુવારના ખોબાઓ ભરતા ગયા ત્યારે તેમની બાજુમાં સમર્થ ભગત સુરા ખુમાણની હાજરી હતી. તે પોતે સમજી ગયા હતા કે વીઠોબાને ઘરે જુવારનો ત્રોટો નથી. પણ આને ભૂમિની ભૂખ છે, અને તે માટે દાનબાપુના આશીર્વાદ લેવા તે આવ્યો છે. એટલે તેમણે દાનબાપુને વાર્યા કે હવે કાઠીઓ માટે કંઈક તો રહેવા દ્યો!

દાનબાપુના આશીર્વાદ વિઠોબાને મળી ચૂક્યા હતા. આવતા દિવસનાં એંધાણ સંતે આગોતરાં જાણ્યા હશે. લેખમાં કોઈ મેખ મારી શકતું નથી. પછી બ્રાહ્મણને દક્ષિણાથી કેમ વંચિત રાખવો તેમ માની બાપુએ વિઠોબાને બહોળી જુવાર આપી. વિઠોબાએ અમરેલી આજુબાજુના પોણા બસો પાદર ઘરે કરી ગાયકવાડનો અમરેલી જિલ્લો સ્થાપ્યો.

ત્યારે કાઠિયાવાડમાં પ્રથમ પગપેસારો કરવા અંગ્રેજોએ ગાયકવાડનો સાથ લીધો હતો. ઓગણીસમી સદીનો તે પ્રારંભ કાળ હતો. અંગ્રેજોએ પોતાનું લશ્કર અમરેલીના ગાયકવાડી સૂબાને હવાલે મૂકી પોતાની ખંડણી પણ તેમના મારફત ઉઘરાવવાની શરૂઆત કરી હતી.

અંગ્રેજોએ કાઠિયાવાડ ઉપર પોતાની સત્તા સ્થાપી હતી. રાજરજવાડાં અને રિયાસતોને તેણે 'રૂકજાવ' નો આદેશ આપ્યો હતો. તેમની તલવારો મ્યાન કરાવી

હતી. કોઈએ કોઈના ઉપર આક્રમણ ન કરવા આદેશ થયો હતો. વડોદરા બેઠેલો અંગ્રેજોનો કમિશનર કર્નલ વૉકર કાઠિયાવાડના રાજવીઓ સાથે કરારો કરવાના કામમાં પડ્યો હતો. કાઠિયાવાડનાં રાજ્યોના ત્યારે સીમાડા અંકાતા હતા ત્યારે વિઠોબા અમરેલી મુકામે અંગ્રેજના પ્રતિનિધિ તરીકે અંગ્રેજની ફોજથી આકરી ખંડણીની ત્વરિત વસુલાત કરતો હતો. ખંડણી વસૂલવાની તેણે અપનાવેલી આકરી રીતને કારણે ખંડણી તાત્કાલિક ભરી શકાતી ન હતી. ખંડણી ભરી ન શકાય તેવાના ગામ - ગીરાસ દબાણપૂર્વક અંગ્રેજફોજની શિરબંધીથી લખાવી લેવામાં આવતા હતા. આ કાયદેસર કહેવાતી ગેરકાયદેસરની રીતરસમોથી ગાયકવાડે અમરેલી જિલ્લો પોતાની હકૂમતમાં લીધો.

વિઠોબાને પોતાના સાફલ્યમાં દાનબાપુના આશીર્વાદ ફળ્યાનું જણાયું. તેણે ચલાળા પાસેનું પાણિયા ગામ દાનબાપુની ગૌસેવાના કાર્યમાં પોતાની ભેટ તરીકે સમર્પણ કર્યું. ત્યારથી પાણિયા ગામ દેવના પાણિયા તરીકે ઓળખાયું.

અત્યારથી જગવિખ્યાત સત્તાધારની જગ્યાના સ્થાપક સંત આપા ગીગા ચલાળા દાનબાપુની જગ્યાના ટહેલવા હતા. તેમનામાં ભક્તિ-સંસ્કારનું સિંચન દાનબાપુએ કર્યું હતું. ગૌસેવાની સાથે જીવદયાના સંસ્કારથી રંગાયેલા આપા ગીગામાં સંતનું સામર્થ્ય પ્રગટ્યું હતું. પોતાથી સવાયા સંતનું ઘડતર દાનબાપુએ જ કર્યું હતું. જગ્યાના ટહેલવા અને પોતાની જીભથી માગેલી બહેન, મુળી આઈને સર્પદંશના મૃત્યુમાંથી સજીવન કરી. તેને જીવતદાન આપ્યું ત્યારે આપા દાનાને પોતાના શિષ્યમાં ભક્તિની પરિપક્વતા દેખાણી. તેમનામાં રેડેલા સામર્થ્યથી દીન-દુખિયાંની સેવા કરવા અન્યત્ર જગા વસાવવા ગીગાભગતને દાના ભગતે પ્રેરણા આપી. આપા ગીગાએ સત્તાધાર (સત્ત+આધાર)ની જગ્યામાં દીન-દુખિયાં અને રોગીઓની પીડા ટાળવાનું સત્‌કાર્ય કરી જગ્યાનો વિકાસ કર્યો.

એ સમયમાં હજુ ક્રિશ્ચિયન મિશનરિઝ ભારતમાં સ્થપાણી ન હતી ત્યારે ચલાળા, પાળિયાદ અને સત્તાધારની દેશાણ જગ્યાઓ આવી મિશનરિઝ સેવાઓની અહાલેક જગાવી પ્રસિદ્ધિ પામી ચૂકી હતી.

લોકો એમ માને છે કે ઈ. સ. ૧૯૪૭માં ભારત દેશ આઝાદ થયા પછી જ આભડછેટના ભૂતને નાથવામાં આવ્યું છે પરંતુ આપા દાનાના દરબારમાં તો ત્યારે સૌ વર્ણ સરખા ગણાતા હતા. માસિયાળા ગામના વણકરની પુત્રી ભોળી જગ્યામાં ટહેલ કરતી હતી. દાનબાપુના ચારેય હાથ તેના ઉપર હતા. ત્યાં સવર્ણ કે હરિજનના ભેદ હતા નહિ. દાના ભગતની સમદૃષ્ટિથી ભોળી તે ભોળીઆઈ તરીકે ખ્યાતનામ થયા. માચિયાળા ગામે તેની જગ્યાની ધજા આજે પણ ફરકે છે.

માર્ગ ભૂલેલાને માર્ગે ચડાવવા, દુઃખિયાના દુઃખનો ઇલાજ કરવા, સારાં-નરસાં કૃત્યોનાં પરિણામોનો બોધપાઠ પઢાવવા પરમેશ્વર આવા સંતોને પૃથ્વી ઉપર મોકલતા હોય છે.

સંતોની દૃષ્ટિ અમીભરી હોય છે. તે તડકે તપી જાણે છે પણ બીજા માટે તો છાંયડો છિછાવે છે. સુખ કે દુઃખના ભાવથી પોતે પર રહે છે. અન્ય ઉપર ઉપકારો વરસાવવામાં સંતો કદી થાકતા નથી.

ભક્ત નરસિંહ મહેતા ઉપર તેમની નાગરી નાતે કરવામાં કંઈ બાકી નહોતું રાખ્યું. છતાં ભગતને જ્યારે ઈશ્વરનો સાક્ષાત્કાર થયો ત્યારે પરમેશ્વર પાસે તેની નાગરી નાતનું કલ્યાણ ઇચ્છ્યું હતું.

દાનબાપુ ચોરાણું વર્ષની ઉંમર સુધી જીવદયાનો ધૂણો ધખાવી સંવત ૧૮૭૮ના પોષ સુદ અગિયારસના ઉત્તરાયણ સૂર્ય વેળા નિર્વાણ પામ્યા. પાંચાળની પવિત્ર ભૂમિમાંથી સંવત ૧૭૮૪માં પ્રગટેલા તેજસ્વી સંત ગીર કાંઠાના ચલાળા ગામે સમાધિસ્થ થયા.

સંત ગયા. પોતે પ્રજ્વળીને અન્યને પ્રકાશ પાથરવાની કરેલ ઉમદા કામગીરી દ્વીગુણી બની ચાલુ રહી.

આપા દાના સ્વયં નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. તેમના દેહોત્સર્ગ પછી તેમના નાનાભાઈ નાથા ભગતે જગ્યા સંભાળી. નાથા ભગતને બે પુત્રો હતા. સાતા ભગત અને જીવણ ભગત.

સાતા ભગતના પુત્ર દેવા ભગત થયા. તે સમર્થ સંત હતા. તેમના પછી ઉનડ બાપુ ગાદીએ આવ્યા. ત્યાર પછી તેમના પુત્ર દાદાબાપુ થયા. દાદાબાપુના ભાણબાપુ અને ભાણબાપુના મંગળુબાપુ ચલાળાની દાનબાપુની જગ્યાના ગાદીપતિઓ બન્યા. એકથી એક વધે તેવા આ સંતપુરુષોએ દાનબાપુની જગ્યાનો મહિમા વધાર્યો.

મંગળુબાપુ પછી હાલના મહંત મહારાજ વલકુબાપુ જગ્યાના અધિષ્ઠાતા બન્યા. જગ્યાને અને જગ્યાનાં કાર્યોમાં તેમણે અમી પૂર્યાં છે. જગ્યા નંદનવન સમી ફાલીફૂલી છે. સાધુ અને ભૂખ્યાદુખ્યાને ટુકડો આપે છે. અન્નક્ષેત્ર ચાલે છે. રોજિંદા સેંકડો જાત્રાળુઓથી જગ્યા ધમધમતી રહે છે. દીન-દુઃખિયાંનાં દુઃખો ઉલેચવાનું જગ્યા સાધન બની રહી છે. વલકુબાપુની અપાર સૂઝ અને શક્તિથી આરોગ્યધામ ચાલે છે. શિક્ષણ માટે પુરાણ કાળના જેવો આશ્રમ ચાલે છે. ગૌશાળાનો વિકાસ થયો છે. ગૌશાળાનાં જ સાત્ત્વિક દૂધ, ઘી આરોગી જાત્રાળુઓ તૃપ્ત થાય છે પણ પ્રખર રામાયણી વિદ્વાન વલકુબાપુને મુખે અમૃતવાણી સાંભળતાં ધરાતાં નથી.

ઊંચા ઊંચા સબ ચલે, નીચા ન ચલે કોઈ,
નીચા જો કોઈ ચલે, એ સબસે ઉંચા હોય.

o o o

આપા વિસામણ ભગત

"ભક્તિ શૂરાની સાચી રે
તેમાં નથી કાયરનું કામ જ જો."

આ ઉક્તિ આપા વિસામણ ભગતના જીવનમાં સાર્થક થયેલી જણાય છે.

જુવાનીના દિવસોમાં તીખા અને કરડા લેખાતા વિસામણ મન આખરે તો પીર તરીકે પૂજાયા હતા. એક દિવસ જેના નામ માત્રથી લોકો થરથરતા હતા તેવા કરડા પુરુષમાં વખત જતાં ઠાકરનો વાસો થયો હતો.

ધ્રુફણિયા ગામે રહેતા પાતા મન ભદ્રિક સ્વભાવના હતા. ધ્રુફણિયા ગામ આપા ઓવાળિયા નામના કાઠી દરબારનું ગામ હતું. પાતા મન તે ગામમાં રહેતા હતા. તેમના ટૂંકા કુટુંબમાં સાધુસંતોને તેઓ સથિયારો આપતા હતા.

ધ્રુફણિયા ગામની નજદીકમાં જ ચંદનગીરી પર્વત કો અડીખમ યોદ્ધાની મગરુરાઈથી ઊભો હતો. તેમાં એક નાનું એવું ભોંયરુ હતું. તેમાં ચંદનનાથ નામના એક જોગી બિરાજતા હતા.

પાતા મન પાસે થોડીક ગાવડીઓ હતી. સવારના પોરમાં ગાયોને છોડીને પાતા મન ચંદનગીરી પર્વતની તળેટીમાં તેને લાવતા. ગાયો તળેટીમાં ચરતી ત્યારે પાતા મન ચંદનનાથ સમીપ જઈને સાધુ સાથે સત્સંગ કરતા. આ તેમનો રોજિંદો કાર્યક્રમ હતો.

સવારના નિત્યકર્મને પતાવી જોગી પાતા મનની પાસે બેસતા. તે ઓછી વસ્તીના વિસ્તારમાં, પાતા મન એકમાત્ર તેમના સત્સંગી હતા. હાડેતા અને ચહેરે કરડા લાગતા પાતા મન સ્વભાવથી ભદ્રિક હતા. પછી તો ચંદનગીરી માટે પાતા મન અને પાતા મન માટે ચંદનગીરી આત્મજન સમા બની ગયા હતા.

જોગી દિવસભરમાં માત્ર એક લોટો દૂધ જ આહારમાં લેતા હતા. રાતનો થોડો સમય આરામમાં ગાળી દિવસ-રાત તે પ્રભુભજનમાં પસાર કરતા. સવારે જ્યારે પાતા મન ગાયો લઈને આવે ત્યારે શેર-સવાશેરનો લોટો - દૂધનો ભરતા આવે. તે ચંદનગીરી માટે પર્યાપ્ત બનતું.

દિવસભર સાધુ અને પાતા મનની ધર્મચર્ચાઓ અને સત્સંગ ચાલતાં રહેતાં. પાતા મનને, પરમતત્ત્વને સમજવાનો મોકો મળતો. સાધુનો સત્સંગમાં સમય પસાર થતો હતો.

પાતા મનને ઘેરે શેર માટીની ખોટ હતી પણ તે દુઃખ તેણે સાધુ પાસે ક્યારેય વર્ણવ્યું ન હતું. પોતાની પીડાનો નિર્દેશ કરી સાધુના સત્સંગમાં વિક્ષેપ પાડવા માગતા ન હતા. તે તેમની ભદ્રતા હતી.

પાતા મનના મનોભાવ દબાયેલા રહેતા. સુદૃઢ શરીરમાં શક્તિ કરતાં સ્થિરતા

વધુ દેખાતી હતી. રામ રાખે તેમ રહેવાનું તેણે સૂત્ર સંભાળ્યું હતું. ઇચ્છાશક્તિને તેણે કુંઠિત કરી હતી અને પ્રભુસ્મરણમાં મન વાળ્યું હતું. તેથી જોગીની સાથે તેનો દેશી બંધાણી હતી. સંતના સમાગમે હરિભક્તિમાં તેના દિવસો પસાર થતા રહેતા હતા. પોતાનો વાત્સલ્યભાવ તે સાથી ઉપર ઉતારતા હતા.

ચંદનગીરીને મન પાતા મનની પ્રકૃતિ વિલક્ષણ લાગતી હતી. સંસારી પુરુષમા આટલી બધી સ્થિરતા ક્યાંથી આવી તે સમજવા તાલાવેલી થતી. આ સંસારી સાધુની રૂક્ષતા તેમને ગમતી તો હતી પણ સમજાતી ન હતી. તેથી તેમણે પ્રયાસ કરીને જાણ્યું ત્યારે જ ખબર પડી કે પાતા મનને ઘેર શેર માટીની ખોટ છે.

આ જગતનાં કષ્ટો કાપવા જગતનિયંતા વચનબદ્ધ છે. યુગે યુગે તે પાપીઓનો સંહાર કરે છે. સાધુપુરુષોને સહારો આપે છે. ધર્મ લય થતો હોય ત્યારે તે ધર્મનું પ્રસ્થાપન કરે છે. પરમેશ્વર જ્યારે પોતાની આ કામગીરીમાં ઉપસ્થિત થઈ શકતા ન હોય ત્યારે તે અંશઅવતારી પુરુષને તે કાર્ય માટે આ પૃથ્વી ઉપર મોકલતા હોય છે.

ચંદનગીરી આવા અંશઅવતારી સાધુ હતા. પાતા મન જેવા ભદ્રિક અને પ્રભુ-પરાયણ સંસારી પુરુષનું દુઃખ અકારું લાગ્યું. વર્ષોની પોતાની તપશ્ચર્યા પછી તેમને પાતા મનની માનસિક ચિંતાનો ઇલાજ કરવાનું મન થયું. તેનું દુઃખ ટાળવા તેમણે નિર્ધાર કર્યો.

એક દિવસ જ્યારે સાંજના ટાણે પાતા મન ગાયોને લઈને ગામ તરફ જવાના થયા ત્યારે સાધુએ તેને એક કામ સોંપ્યું. સવારે આવો ત્યારે દૂધ ઉપરાંત એક મૂઠી ચોખા લેતા આવવાનું કહ્યું. જો જો ભૂલતા નહિ કે તે કામમાં મોડું કરતા નહિ તેવી ભલામણ કરી.

સવારના પહોરમાં પાતા મન ચંદનગીરી પર્વત તરફ રવાના થાય તે પહેલાં કોઈક મહેમાન આવી ગયા. પાતા મનનું જોગી સાથે મન મળ્યું હતું તે તેઓ જાણતા હતા. જોગી અને તેના સંબંધોની આગંતુકે ઠેકડી ઉડાવી. મન ફાવતી વાતો કરી. પાતા મનને, ઘેરે આવેલા મહેમાનને નાતે બધું સાંભળી લીધું. તે જાણતા હતા કે બિનજરૂરી સંભાષણમાં પોતાને જવામાં મોડું થાય છે. પણ આંગણે આવેલ મહેમાનને મૂકી જલદીથી તો કેમ નીકળાય? છતાંયે જ્યારે મહેમાનો તેમના વાણીવિહારમાં વધુ ને વધુ ચગતા ગયા ત્યારે પાતા મનને ત્યાંથી નીકળી જવું વધારે વ્યાજબી લાગ્યું. થોડી વારની રજા લઈ તેઓ નીકળી ગયા.

આજનો દિવસ પુણ્યકારી હતો. સત્સંગી પુરુષના દુઃખને નિવારવાનો હતો. તેથી ચંદનનાથ આંખ ઉપર નેજવા કરી-કરીને પાતા મનની રાહ જોતા હતા. સાધારણ દિવસોમાં જેનો આવવાનો સમય નિશ્ચિત હતો તેવા પાતા મન આજે મહત્ત્વના દિવસે કેમ મોડા પડ્યા હશે? તેવી વ્યથા ચંદનગીરીના મનમાં થતી હતી. પરંતુ ત્યાં તો પાતા મન આવી પહોંચ્યા.

ચોખા લાવ્યા છો કે કેમ તેવો પ્રશ્ન જોગીએ કર્યો ત્યારે પાતા મને જોગીની આગળ દૂધનો લોટો અને ચોખા ધરી દીધા.

જોગીએ દૂધના લોટાની અંદર ચોખા નાખ્યા. લોટાને પોતાના ધૂણા ઉપર ચડાવી, ખૂબ તપાવી તેનો ખીર બનાવી તે ખીર પાતા મનના હાથમાં આપી. જોગીએ આદેશ કર્યો કે પાતા મન તમે ઘરે જાવ. આ ખીર તમે બન્ને માણસો આરોગજો. ભગવાન તમારે ઘરે પુત્રરત્ન આપશે.

આગલે દિવસે સાધુએ પાતા મનની પરીક્ષા કરી હતી. રોજ દૂધ ભરીને પાતા મન તમે મને વર્ષોથી દૂધ પહોંચાડો છો. મારા તરફ તમે ભાવ રાખો છો તેનો મારેય કંઈક બદલો વાળવો જોઈએ ને. તેમ કહી તેમણે ચીપિયાને ધૂણામાં ફેરવી એક સોનાનો મોટો ટુકડો કાઢ્યો. તે પાતા મનને આપવા લાગ્યા. સાધુની નિઃસ્પૃહી સેવા પછી ક્ષત્રિય બચ્ચો, સાધુ લક્ષ્મીના રૂપે વળતર આપે તો તે કેમ સ્વીકારી શકે? તેમણે તે લેવા ના પાડી. હાથ પણ અડાડ્યો નહિ ત્યારે પાતા મનની સુપાત્રતાનાં પાકાં પારખાં સાધુને થયાં હતાં. ત્યારે જ તેમણે પાતા મનનું સંસારી દુઃખ દૂર કરવાનો નિશ્ચય કરીને ચોખા મંગાવ્યા હતા.

પાતા મનેય સાધુનો સંગ કર્યો હતો. તેના સંગથી તેમનામાં સાધુતા આવી હતી. સંસારમાં નિરમોહી રહી, પ્રભુને પ્યારુ લાગ્યું હોય તે વાતને પ્યારી ગણી લેવાના સિદ્ધાંતને પાતા મને સ્વીકાર્યો હતો. તેણે પોતે તો સાધુને, પોતે સંસારી હોવા છતાં, સંસારસુખની ઓછપ જેવી પુત્રલાલસા ક્યારેય બતાવી ન હતી. રામ રાખે તેમ રહેવાની તેઓ ટેવ પાડવા જતા હતા. પ્યારા પ્રભુને જે પ્યારું લાગ્યું તેને પ્યારું ગણી લેવાની પાતા મને ટેવ પાડી હતી. તે અપેક્ષારહિત કર્મ કરવાની ટેવ પાડ્યે જતા હતા.

પરંતુ પાતા મનના સંગાથી સંતપુરુષને આજે પાતા મનને ઘરે પારણું બંધાવવાના કોડ થયા હતા. ભગવાન રામચંદ્રજીને ભલે દશરથ રાજાએ આરાધ્યા ન હતા પણ પ્રભુ તેને ત્યાં પુત્રસ્વરૂપે પધાર્યા હતા. સાધુને પણ આવા જ કોડ થયા હતા. જગતમાં ઘણી વાર ન માગ્યું દોડતું આવતું હોય છે. પણ હા! ગીતાનો ઉપદેશ તેનો રાહ જોવાની આશા નથી કરતો.

જોગીએ પાતા મનને ઘરે પારણું બંધાવી પુત્રરત્ન આપવાનું કહ્યું. પુત્રરત્ન અને તે પણ દૈવી પુરુષ જન્મ લેશે, રાજસ્થાનના પોકરણથી તે આત્મા આ તરફ આવી રહ્યો છે. તે સાક્ષાત્ પોકરણનો પીર છે. તમારો એ પુત્ર દીન અને દુ:ખિયાનો વિસામો બનશે. એટલે તેનું નામ વિસામણ રાખજો.

વિશેષમાં એમ પણ કહ્યું કે તે જીવડો શરૂઆતમાં ઉત્પાતી જણાશે. તેની જુવાની થોડીક આકરી હશે પણ ચિંતા ન કરતા. સમય જતાં આપોઆપ તેની અસલિયત દેખાશે.

સાધુએ થોડાક કડક થઈ એક બીજી વાત કરી. જાણે કે શરત કરતા હોય તેમ, પાતા મનને કહ્યું. પાતા મન તમારે આજ પછી હવે મારી આ ગુફાએ કદી નહિ આવવું. સવાર પડતાં તમારે તમારા રાચ-રચીલા અને માલઢોર તેમજ કુટુંબ સાથે ગામ છોડી જવું. જ્યાં સૂર્યાસ્ત થાય ત્યાં નજદીકના ગામે વાસ કરવો.

પાતા મન આ બધું તમને કબૂલ છે? આ મારી શરત નથી પણ આવનારા આત્માની શરત છે. તમે તે પૂરી કરી શકશો?

પાતા મને જોગીને વિશ્વાસ આપ્યો કે જરૂરથી તેમ કરશે. એટલે આશીર્વાદ આપી જોગીએ પાતા મનને વિદાય આપી. આત્મીયતાના રંગે રંગાયેલા આત્મજન જેવા ગુરુ-શિષ્ય ત્યાંથી વિખૂટા પડ્યા. ઘરે જઈ બન્ને માણસે ખીર આરોગી. પ્રભુ-પ્રાર્થના કરી.

પાતા મન સવારના પહોરમાં રાસ-રચીલા, માલઢોર અને કુટુંબ સાથે ધ્રુફણિયા છોલી ચાલી નીકળ્યા. ભગવાન સૂર્યનારાયણ અસ્તાચળે પહોંચવાના થયા ત્યારે એક ગામ દેખાણું, તે પાળિયાદ હતું.

પાદરમાં પહોંચતાં જ પાતા મનને પાળિયાદના દરબારો, આપાં રામા ખાચર, નાજા ખાચર અને રાણા ખાચરનો ભેટો થયો. તેમણે પાતા મનને પ્રયોજન પૂછ્યું. ઠાકર જ્યાં આશરો આપે ત્યાં જવાનું પાતા મને જવાબમાં જણાવ્યું.

ઓહોહો! અમે ભાગશાળી કે તમારા જેવા ગળઢેરા પુરુષ અમને મળી ગયા. તેમ કહી દરબારોએ પાતા મનના ઉચાળા ઉતરાવ્યા. ઓતરાદા બારના બે ઓરડાવાળું મકાન રહેવા આપ્યું. વાડી અને ખેતર નિભાવ માટે આપ્યાં. પાતામન પાળિયાદમાં સ્થિર થઈ ગયા.

યોગીના વચન અનુસાર સંવત ૧૮૨૫માં મહા સુદી પાંચમ રવિવારના શુભ દિને વસંત પંચમીના શુભ અવસરે પાતા મનને ત્યાં પુત્રજન્મ થયો. તે પાળિયાદના પીર, આપા વિસામણ થયા.

રણુજામાં રામદેવજી મહારાજે જ્યારે સમાધિ લીધી, ત્યારે જાહેર કર્યું હતું પોતે હવે પશ્ચિમ ધરાના પાળિયાદ ગામે પ્રગટ થશે.

શરૂઆતમાં, આપા વિસામણનું જીવન આતતાયી દેખાયું. પરંતુ વિક્રમ સંવત ૧૮૬૩માં ચલાળાના ભગત આપા દાના અને સોનગઢના ભગત આપા ગોરખા, પાળિયાદના દરબાર આપા રામા ખાચરના મહેમાન બન્યા. આ બન્ને સંતોના સમાગમ આશીર્વાદથી આપા વિસામણની સંત - ચેતના પ્રગટી ગઈ. આપા ગોરખાના ગુરુપદને વંદી, આપા વિસામણ, આપા દાનાને ભેટી પડ્યા. આપા દાના જેવા સંત પુરુષનો હાથ આપા વિસામણના વાંસામાં ફર્યો. આગળ ઉપર સોનગઢના ગોરખા બાપુએ વિસામણ ભગતને કંઠી બાંધી. આપા વિસામણ ભગતનું નવું જીવન શરૂ થયું.

આતતાયી જીવનમાં અજાણ્યે થયેલ અનિષ્ટોના પાપને પસ્તાવાનાં આંસુથી

આપા વિસામણે ધોવા માંડ્યાં. પોતાની જવાબદારી સંભાળવામાં મોડા પડ્યા હોય તેમ આપા વિસામણે પાળિયાદમાં ધૂણો ધખાવ્યો. ભૂખ્યાને અને આઝારોને સારવાર આપવા લાગ્યા. સત્સંગ અને પ્રભુભક્તિના રંગે પાળિયાદ રંગાવા લાગ્યું.

અયોધ્યાના એક સંત રામદાસ વિસામણ બાપુની જગ્યામાં રહેતા. તે પણ પવિત્ર અને ભક્તિભાવ ધરાવતા સમર્થ સાધુપુરુષ હતા. પાળિયાદની જગ્યામાં દેવ-મંદિરની તેમને ઊણપ જણાતી હતી. બધા જ તીર્થધામોમાં હોય છે. તેમ અહીં પણ એક મંદિર બંધાય તેવી ભાવના જાગી. તેમણે આ વાત વિસામણબાપુને પણ કરી.

વિસામણબાપુની ભક્તિ અને સુકૃત્યોની સુવાસ પ્રસરવા લાગી. જાત્રાળુઓ પ્રગટ પીરના દર્શને આવતા થાકતા નહીં. ભજનકીર્તનથી જગ્યામાં સાધુ-ભક્તો ઊભરાતા રહેતા. સદાવ્રત અને અન્નક્ષેત્રની સુવાસ બધે પ્રસરવા લાગી. વિસામણબાપુના દૈવી આગમને જગ્યાની કીર્તિ ફેલાવા લાગી.

વિસામણબાપુ પાસે એક દિવસે સાધુ રામદાસજીએ જાત્રાએ જવાનો મનસૂબો દાખવ્યો. બાપુએ રજા આપી પણ સાથોસાથ મુરાદાબાદની મુલાકાત લેવા અણસારો આપ્યો.

રામદાસજી જાત્રા કરતાં કરતાં મુરાદાબાદ પણ ગયા. એક તળાવની પાળે મુકામ કર્યો.

મુરાદાબાદમાં એક બાબુમલ નામના શ્રીમંત વહેપારી રહેતા હતા. તેને હંમેશાં એકાદ સાધુને બીનચૂક જમાડીને જમવાના નીમ હતા. કાળે કરીને કોઈ દિવસ સાધુ મળી ન આવે તો શેઠને અપવાસ થતો. રામદાસજી જ્યારે મુરાદાબાદ ગયા હતા ત્યારે, તે દિવસ બહુ તપાસ કરવા છતાં, કોઈ સાધુ મળી આવેલા ન હતા. અનાયાસે ખબર મળ્યા કે, તળાવની પાળે એક સાધુ બિરાજે છે.

શેઠ જાતે વાહન લઈને ગયા. રામદાસજીને માનભેર પોતાની હવેલીએ તેડી લાવ્યા. આદરસત્કાર કર્યો અને સાધુ રામદાસજીને જમાડ્યા. સતસંગ કર્યો. શ્રીમંત શેઠને ઘરે શેર માટીની ખોટ હોવાનું રામદાસજીના ધ્યાને આવ્યું. તમારી ઇચ્છા અમારા પ્રગટ પીર વિસામણબાપુ પૂરી કરશે તેવા રામદાસજીએ શેઠને આશીર્વાદ આપ્યા. પુત્રજન્મ થાય ત્યારે બીનચૂક પાળિયાદ પગે લગાડવા આવજો તેવું ઇજ્જન આપ્યું. શેઠે પાળિયાદનું પાકું સિરનામું લીધું.

સમય પ્રવાહી હોય છે. વખતનાં વહાણાં વહેતાં રહે છે. એક દિવસ શેઠ બાબુમલ ઓચિંતાના પોતાના કાફલા અને કુટુંબપરિવાર સાથે પાળિયાદ વિસામણ બાપુની જગ્યાએ આવ્યા. વિસામણ બાપુને પગે પોતાના નવોદિત પુત્રને લગાડી. સાધુ રામદાસજીના આશીર્વાદ ફળ્યાની જાણ કરી. જગ્યામાં આનંદ આનંદ થઈ રહ્યો. જગ્યામાં લાપસીનાં આંધણ મુકાયાં.

બાબુલાલ શેઠ જગ્યામાં થોડા દિવસ રોકાયા અને સત્સંગ કર્યો. ગયા ત્યાર

પહેલાં, વિસામણ બાપુને ચરણે પોતાની મૂડીનો વીસમો ભાગ રૂા. ૩૧,૦૦૦/- એકત્રીશ હજાર ધરતા ગયા. મંદિર બંધાવવાનો પોતાનો સંકલ્પ રજૂ કરતા ગયા.

શેઠ ગયા. મંદિર બાંધવા રકમ ધરતા ગયા. સાધુ રામદાસજી અને વિસામણ બાપુને કામગીરી સોંપતા ગયા. તે દિવસે આખી રાત આ બન્ને સંતોએ જાગરણ કર્યું. વિસામણબાપુએ પોતાની વિદાય વહેળાનો અણસારો સાધુને આવ્યો પોતે સાધુને મુરાદાબાદ જતા-આવવાનો અણસારો આપ્યો હતો. તે ફળ્યો હતો. મંદિર પોતાના રૂદિયા ઉપર બાંધી ત્યાં ભગવાન બિરાજે તેવી ઇચ્છા વિસામણબાપુએ વ્યક્ત કરી. ઈશ્વરઇચ્છા આગળ પોતે નિરવાણ માટે તૈયારી બતાવી. આવતી કાલનો દિવસ પોતાની વિદાયનો દિવસ ગણાવી રામદાસજીને બાપુએ ચેતવ્યા.

વર્ષો સુધી વિસામણબાપુએ રામદાસજીના સંગાથે જગ્યામાં ભક્તિભાવની જ્યોત પ્રગટાવી હતી. જીવદયાનાં કાર્યો કર્યા હતાં. અન્નક્ષેત્રને ધમધમતું કર્યું હતું. મંદિર ઊભું કરવાની ભાવના મૂર્તિમંત થવામાં હતી. ત્યારે વિસામણબાપુની વિદાય લેવાની વાત રામદાસજીને આકરી લાગી. છેક અયોધ્યાનો વાસી સાધુ વિસામણબાપુની વાતથી એકલતા અનુભવવા લાગ્યો. તેના સાધુ હૃદયને આઘાત થયો. પરંતુ ઈશ્વરની ગહન ગતિ આગળ કોઈનુંયે ચાલ્યું નથી તેથી આખર વેળાની બાપુની ભલામણોનો અમલ કરાવવાની પોતાની ફરજ સ્વીકારી સાધુએ સ્વસ્થતા ઊભી કરી.

બાપુએ પોતાની સમાધિ ઉપર મંદિર બાંધવા, તેમાં ભગવાનની મૂર્તિઓ પધરાવવા, નવા ગાદિપતિ તરીકે સરવા ગામે રહેતા પોતાના ભાણેજ અને સુપાત્ર વ્યક્તિ એવા લક્ષ્મણજી જગ્યાનો કારભાર સંભાળે તેવી રામદાસજીને ભલામણ કરી.

આજુબાજુના પ્રદેશમાં ભાવિકો અને શ્રદ્ધાળુને ખબર પડી એટલે બીજા દિવસે, જળજીલણી એકાદશીના અવસરે લોકસમુદાય ઊભરાયો. વહેલી સવારે પ્રાતઃકાર્ય પૂરાં કરી આપાએ ઢોલિયો ઢાળ્યો ત્યારે લોકસમુદાયને લાગ્યું કે તેના ઠાકર ઢોલિયે પોઢી ગયા. જગ્યાનો કારભાર લક્ષ્મણજીને સોંપી તેના ઉપર રામદાસજીને દેખભાળ સોંપી, સંતે જીવનલીલા સંકેલી લીધી.

રામદાસજીની દેખરેખ નીચે મંદિર બંધાણું. રામ, લક્ષ્મણ અને સિતાજીના રામપરિવારની મૂર્તિઓ ત્યાં પ્રતિષ્ઠા પામી.

વિસામણબાપુએ જગ્યાનો હવાલો લક્ષ્મણજીને સોંપ્યો ત્યારે 'ટુકડો ત્યાં હુંકડો'નું સૂત્ર આપી સાધુ, સંતો અને ગાયોની સેવા કરવા અભ્યાગતોનું ભૂખનું દુઃખ ટાળવાની પ્રવૃત્તિઓમાં જાગૃત રહેવા સલાહ આપી હતી અને કહ્યું હતું કે તે પ્રમાણે થશે તો તમારી પેઢીઓમાં પીરની પરંપરા ચાલશે.

વિસામણબાપુના આશીર્વચનો ફળતાં રહ્યાં છે. આ ધર્મગાદી ઉપર લક્ષ્મણજીબાપુ પછી મોટા ઉનડબાપુ તે પછી દાદાબાપુ થયા. ત્યાર પછી છેલ્લા ઉનડબાપુ થયા. એકથી એક દેવતાઈ મહાપુરુષો અંશાવતાર તરીકે જગ્યાનો વહીવટ ઉજાળી, જગ્યાની મહત્તા વધારતા ગયા છે.

ઉનડબાપુએ જગ્યાનો ખૂબ વિકાસ કર્યો. ધર્મભાવના વધારવા અને સમાજને વ્યસનમુક્ત કરવા અનેરી જેહાદ જગાવી હતી.

વિદ્યમાન ગાદીપતિ અમરાબાપુએ સંસ્કૃતના વિષય સાથે એમ. એ. ની માસ્ટર ડીગ્રી મેળવી છે. તેમના ધાર્મિક અને લોકહિતાકારી પ્રબંધથી પ્રસન્ન થઈ અમદાવાદના જગન્નાથ મંદિરના મહંતશ્રી રામહર્ષદાસજીએ અમરાબાપુને 'સનાતન ધર્માલંકાર'ની પદવીથી વિભૂષિત કર્યા છે.

અમરાબાપુએ પોતાની જાતદેખરેખથી અને પૂરા ઉમંગથી જગ્યાનો ખૂબ વિકાસ કર્યો છે. સેંકડો જાત્રાળુઓ રોજિંદા જગ્યામાં દર્શને આવે છે. અનેક સુવિધાઓ અને પ્રવૃત્તિથી ધમધમતા પાળિયાદની જગ્યામાં તેમને હાજરાહજૂર વિસામણ બાપુ જ જાણે બધામાં પ્રગટ્યા હોય તેવો અહોભાવ થાય છે.

ધર્મલાભની સાથે જીવસેવાનાં ઉમદા કાર્યો ત્યાં ચાલતાં રહે છે. એકી પંગતે સેંકડો યાત્રાળુ જમી શકે તેવા અન્નક્ષેત્રની ત્યાં અદ્ભુત વ્યવસ્થા છે. જગ્યામાં શૈક્ષણિક અને વૈદકીય સેવાઓની સુભગતા છે. દર અમાસે ત્યાં માનવ-મહેરામણ જાત્રા અર્થે ઉમટાય છે. દર અમાસે નેત્રયજ્ઞનું આયોજન થાય છે. સેવાકીય પ્રવૃત્તિઓથી જગ્યા ધમધમતી રહે છે.

ઈ. સ. ૧૯૯૭ના આખરમાં રોજિંદા લાખેક યાત્રાળુની અવરજવરવાળો એક મહાસમૈયો જગ્યામાં યોજાયો હતો. યજ્ઞો, મૂર્તિપ્રતિષ્ઠા અને બીજા અનેકવિધ કાર્યક્રમોમાં ભારતભરના સંતોનો ત્યાં સમાગમ થયો હતો. લાખો માનવીઓનો ત્યાં મેળો જામ્યો હતો. પાળિયાદની જગ્યાનું સ્થાન જે કાઠિયાવાડની ભૂગોળ ઉપર હતું તે ભારતની ભૂગોળ ઉપર મુકાઈ ગયું.

○ ○ ○

મા – મોંઘીમા

ચલાળાના સંત દાનબાપુએ ઊભી કરેલ સંતોની પરંપરામાં સૌથી પહેલાં તેમના ભત્રીજા-જીવણા બાપુ થયા. તેમના પછી દેવાબાપુ અને તે પછી ઉનડબાપુએ આ અમર વારસાને દીપાવ્યો. તેમના પછી ભાણબાપુએ સંતને શોભે તેવા તે સેવાભાવનો વારસો સંભાળ્યો. તેમના સમયકાળની આ વાત છે.

આ ભાણબાપુને બે સત્કર્મી પુત્રો હતા. મોટા તે ભગુબાપુ અને નાના તે મંગળુબાપુ. ભગુબાપુ ઉંમરલાયક થયા ત્યારે ભાણબાપુએ તેમનો સંબંધ કરવાની વાત વિચારી. આજુબાજુમાં તપાસ કરાવતાં કરાવતાં ભાણબાપુનું ધ્યાન ખંડ ખંભાળિયાના ફેદરા ધાધલના ખોરડા ઉપર ગયું. ફેદરો ધાધલ તે બાપુ દાદા ભગતના ઘરના મા માલુબાઈના ભાઈ થાય. એટલે ફેદરા ધાધલના ખોરડા સાથે ભગત કુટુંબનો એક સંબંધ તો હતો જ.

ફેદરો ધાધલ ચલાળાથી માત્ર ત્રણેક ગાઉ દૂર તેવા ખડખંભાળિયાં ગામે રહેતા હતા. તેમનું ઘર સંસ્કારી અને ખાનદાન ગણાતું હતું. આપણે જેની વાત કરીએ છીએ તે મા - મોંઘીમા, આ ફેદરા ધાધલના પુત્રી હતા. ભાણબાપુને ઠેકાણું પસંદ પડ્યું એટલે ભગુબાપુનો સંબંધ મા-મોંઘીમા સાથે થયો હતો. ભગુબાપુની આવરદા ઓછી હશે તેથી આ સંબંધ થયા પછી પોતે દેવ થયા.

સમાજના રિવાજો અનુસાર થવી જોઈતી ક્રિયાઓ થયા પછી સમય પસાર થયો ત્યારે ભાણબાપુએ બે-એક સંબંધીઓને ખડખંભાળિયા ગામે ફેદરા ધાધલ પાસે મોકલ્યા અને કહેવરાવ્યું કે જે બનવાનું હતું તે બની ચૂક્યું છે. આપણાં અંજળ ઓછાં પડ્યાં છે. માટે હવે દીકરી મોંઘીબાઈને સારું ઠેકાણું ગોતી પીળા હાથ કરી વાળો.

આ વાત, ઓરડામાં બેઠેલાં મા-મોંઘીમાના કાને પહોંચી. તેમણે બાપુ-ફેદરા ધાધલને કહેવરાવ્યું કે "બાપુ, મેં ભગતની ચૂંદડી ઓઢી તેથી હું સમાજની મા સ્થાને છું. હવે મારે વહુવારુ થવા નથી જવું."

મા-મોંઘીમાના આવા ઉત્તમ અને સંસ્કારી અભિગમ સામે સૌ મૂંગા થઈ ગયા. કેવું ઊંચું મંતવ્ય! ખીલતી કળી સમા મા - મોંઘીમામાં પણ કેવું ઊંચું સંસ્કરણ ખીલ્યું હતું. દુન્યવી રીતોને અળગી કરી કેવી ત્યાગની વૃત્તિ અપનાવી. લગ્નગ્રંથિથી જોડાયા પછી તો ઘણી સતીઓના સતીત્વને ઝળહળતાં જોયાં છે. પણ કૌમાર્ય અવસ્થામાં, માત્ર સંબંધ જ નક્કી થયા પછી સંસારત્યાગની ભાવનાને ધારણ કરનાર, ધારણ કરીને. દીપાવનાર તો મા - મોંઘીમા હતાં. આજીવન તેમણે સફેદ વસ્ત્રો ધારણ કરી, જિંદગીભર પ્રભુભક્તિમાં અવિરત રહી, પ્રભુમય બની ગયાં.

આજે ખડખંભાળિયા ગામના પાદરમાં મા-મોંઘીમાની ડેરી છે. સંતાન ન થતાં હોય તેવા દુ:ખિયા જીવો તેમની માનતા કરે છે. મા આવા દુખિયાઓનાં દુ:ખ ભાગે છે.

ધાધલ હુંદિ છિયડી,
બાળ કુંવારી બાઈ
ચલાલા દેવળ ચુંદડી
ઓઢી નઈ મોઘીબાઈ

ચોટીલાના મુળુ ખાચર

ભલ ઘોડા કાઠી ભલાં, પેનીઢક પહેરવેશ,
રાજા જાદુ વંશરા, વો ડોલરીયો દેશ.

પાંચાળીના પિયર તરીકે વર્ણવવામાં આવેલ પાંચાળ પ્રદેશની એક વાત કરવી છે. ડુંગરે ડુંગરે જ્યાં દેવસ્થાનો બિરાજે છે તેવી આ કંકુવર્ણી ભોમકા છે. ભૂમિમાં ઘોડાના ડાબલાઓ વજ્રસમ ઘડાય છે. તેથી જ તો ઘોડાઉછેર માટે આ ભૂમિ ઉત્તમ ગણાય છે. કાઠિયાવાડી ઘોડાઓનું તે વતન છે. અહીંના ઘોડા ઝાલર ટાણે નીકળી, અમદાવાદ આજુબાજુથી લૂંટ કરી ભળકડું થાય તે પહેલાં તો ઠાણમાં બંધાઈ જતા. સવારે તેને તપાસવામાં આવે તો કોઈ ન કહી શકે કે આ ઘોડાએ આટલી લાંબી ખેપ કરી હશે. આવા ઉત્તમ ઘોડાઓ ત્યાં પાકતા હતા. ઘોડા ઉછેરવા, વેઠવા, તાલીમબદ્ધ કરવાની કાઠી દરબારો પાસે આગવી સૂઝ હતી. ઘોડેસવારી તે તેમનો શોખનો વિષય હતો.

મા ચામુંડા જ્યાં ટેકરા ઉપર બિરાજી ગામની રક્ષા કરે છે તેવા ચોટીલા ગામની આ વાત છે. જગદીશ પરમાર પાસેથી ચોટીલા લીધા પછી (સં. ૧૬૧૭) આશરે દસ-બાર પેઢીએ, નાગ ખાચરના દીકરા મુળુ ખાચર ચોટીલાના ધણી થયા.

મુળુ ખાચર નેકટેકના શિરોમણિ હતા. સત અને નીતિ તેનો મુદ્રાલેખ હતો. તેણે કદિયેય પરનારી પેખી ન હતી.

એમ કહેવાય છે કે એક વખત ઉદેપુરના રાણાને કોઢ નીકળેલો. કોઈકે તેમને સલાહ આપી કે કાઠિયાવાડમાં ચોટીલાના દરબાર મુળુ ખાચર પરનારીસિદ્ધ પુરુષ છે. તેના નાહેલા પાણીથી રાણા નહાય તો તેનો કોઢ વયો જાય. ઉદેપુરથી રાણાના માણસો ખાનગીમાં ચોટીલા આવ્યા અને દરબાર મુળુ ખાચરના માણસો હાથ ઉપર લઈ દરબાર મુળુ ખાચર નહાય ત્યારે તે પાણી કોઈ વાસણમાં ઝિલાવી ઉદેપુર પહોંચતું કર્યું.

મુળુ ખાચરને આ વાતની ખબર પડી એટલે એ ખાનગીમાં ઉદેપુર પહોંચ્યા. જો રાણાનો કોઢ ન ગયો હોય તો પોતાની મલકમાં ફજેતી થશે તેના કરતાં કમળપૂજા ખાઈ લેવી તેવા નિર્ણય ઉપર તે હતા. પરંતુ ભગવાન સૂર્યનારાયણે પત રાખી. રાણાનો કોઢ ગયો. આવા પુણ્યકર્મી હતા દરબાર મુળુ ખાચર.

એમ કહેવાય છે કે દરબાર મુળુ ખાચર ઘોડે ચડી બહારગામ જતા હોય અને જો કોઈ આવીને કહે કે બાપુ મારી ઘરવાળીને આડું આવ્યું છે તો મુળુ ખાચર ધોમધખતા તાપમાં પણ, ઘોડાના સામાન ઉપરથી ઘાંસિયો ઉતારી, તેના ઉપર ત્યાં ને ત્યાં બેસી જતા. સૂર્ય પોતાના હોકાની ચલમમાંથી ચપટી રાખ કાઢી, પાણીમાં નાખી પીડાતી બાઈને પીવા આપી દેતો. પોતે ભગવાન સૂર્યનારાયણનો બેરખો ત્રણ કલાક બેસી રહેતા. ત્રણ કલાકમાં જો સારા સમાચાર ન આવે તો દેહ પાડી નાખવા હંમેશાં તલવાર સજ્જ રાખતા. પણ દાદાની દયાથી એવો પ્રસંગ ક્યારેય આવ્યો ન હતો.

મુળુ માનવીએ, માંણો કીં મીંઢાવીએ,
અરસ ઇંદ્ર તણે, તું નરખેવો નાગાઉત.

અર્થ : હે નાગ ખાચરના પુત્ર - મુળુ ખાચર તારી સરખામણી કોઈ માનવ સાથે ન થઈ શકે. કારણ કે તું તો દેવ છો.

મુળુ ખાચરની ઉંમર સિતેરેક વર્ષે પહોંચી હતી અને એક વખત બહારગામ જતા હતા સાથે દશ-પંદર માણસોનો તેમનો રસાલો હતો. થોડુંક ચાલ્યા હશે ત્યાં સામે એક અસવારને આવતો જોયો. અસવાર ઉઘાડે માથે હતો; એટલું જ નહિ પણ ચોટીલા આજુબાજુમાં દેવપુરુષ તરીકે પૂજાતા દરબાર મુળુ ખાચર તેની સામે મળે છે તોપણ તેણે તેને રામ રામ સુદ્ધાં ન કર્યા. કોણ હશે આવો ભાભડભૂત તેમ રસાલાના માણસો વિચારતા હતા. ત્યાં અસવાર નજદીક આવ્યો. ઓળખાયો પણ ખરો. તે હતો કેસરદાન ગઢવી. તેની આંખોમાં આંસુ હતાં. હજુ દરબાર કે તેમના દરબારીઓ તેને કંઈ પૂછે તે પહેલાં તો ગઢવો જે કામે આવ્યો તેનો દુહો ફટકાર્યો.

જોગાહર, જાચણ તણી, ધાયું કાન ધર્યે,
કાઠી, કટક કર્યે, મુળવા, ટીકર મારગે.

હે જોગા ખાચરના પૌત્ર, મુળુ ખાચર, મારી અરજ તું સાંભળ. તું વહેલો વહેલો ટીકર ઉપર ચડ અને તેને ધમરોળ.

હે મુળુ ખાચર, આ પંથકમાં કોઈ સૂર્યપુત્ર રહ્યો નથી લાગતો નહિ તો ઠેઠ ટીકરના સાહેબ રાજપૂતો બેન દીકરીયુંના થાન ઉપર નજર ન નાખી શકે અને એટલે જ મેં માથું ખુલ્લું મૂક્યું છે. પછી કથા શૂરવીરની લાજે મારે માથું ઢાંકવું પડે. ગઢવી બોલતો રહ્યો.

તેને દરબારે હળવો પાડીને પૂછ્યું કે કેસરદાનજી આ બધા રોહનું કારણ શું છે? ત્યારે તેણે જણાવ્યું કે ધ્રાંગધ્રા તાબે નંગરા ગામમાં કેસરદાન ગઢવીનાં બેન - બનેવી રહેતાં હતાં. બનેવી ક્યાંક દૂરના પ્રદેશમાં ગયો હતો. તેની બહેનની હાથણી જેવડી ચાર ભેંસો ટીકરના સાહેબ રાજપૂતોએ, બીજા ઢોર વાળ્યા તેની ભેગી વાળી નીકળ્યો. બહેન પાછળ દોડી. ચારણની દીકરીએ દુવા લેવા આજીજી કરી પણ લૂંટારા માન્યા નહિ. નરાધમ માણસોએ એના થાનેલા તરફ નબળી નજરુ કરી. બહેને થાનેલા કાપી રજપૂતો ઉપર ફેંક્યા. છાતીયે પાટો બાંધી પોતાને ગામ પહોંચ્યા. ગાડું જોડાવી કેસરદાન પાસે પહોંચ્યા. પોતાની રાવ ચોટીલા, મુળુ ખાચરને પહોંચાડવા કહ્યું અને છાતીયે બાંધેલ પાટો છોડી નાખ્યો. સાથે દેહ પણ છૂટી ગયો.

તેથી દરબાર હું તમારી પાસે, મારી બહેને કરેલ રાવ લઈને આવ્યો છું તેવી સ્પષ્ટતા કેસરદાને કરી.

દરબાર મુળુ ખાચરના મોઢામાંથી હાયકારો નીકળી ગયો. આંખો તપેલા ત્રાંબા જેવી થઈ ગઈ. ચારણની દીકરી ઉપર અત્યાચાર કરનાર એ લૂંટારાઓના ગામ

ટીકરને હું જો ત્રણ દિવસમાં ઉથલાવીને ઊંધું ન નાખું તો જાણજો કે હું પાણો જન્મ્યો હતો.

મુળુ ખાચરને ખૂબ વસવસો થયો. તેણે મનોમન કહ્યું કે કાઠીઓ ભલે લૂંટફાટ કરે, મારકૂટ કરે પણ તે કદી પારકી સ્ત્રી સામે કુદષ્ટિ ન કરે. તેણે સ્ત્રીજાતને કાયમ જોગમાયા કહી પૂજી છે. આજ પાંચાળની ભોમકા લાજી છે. મુળુ ખાચરને ક્યાંય ચેન પડતું નથી. બહારગામ જવાનું બંધ રાખી ઘેરે પાછા આવ્યા.

દૈવને કરવું છે ને મુળુ ખાચરની છાતીમાં રાત્રે દુઃખાવો ઊપડ્યો. જીવન-મરણ વચ્ચે ઝોલાં આવવા લાગ્યાં. જીવ જાય નહિ. દીકરાએ કારણ પૂછ્યું. મુળુ ખાચરે વિગતવાર કામ સોંપ્યું. બાપુને કોલ આપ્યો - પાણી પાયું અને મુળુ ખાચર દેવ થઈ ગયા.

બાપનું બારમું પતાવી તેના દીકરાએ પોતાના અસવારો લઈ ટીકર ઉપર વાર કરી. મુળુ ખાચરને આપેલ વચન પ્રમાણે જ તેણે તેનું કામ પૂરું કર્યું.

ટેકીલા સતપુરુષોએ જ આ દુનિયાને ટકાવી છે. તેમાં કાઠી વીરબંકાઓ અને સતપુરુષોનો હિસ્સો નાનોસૂનો નથી.

○ ○ ○

આઈ પુનબાઈ

ગિરનારની એક જોગીની જમાત જાત્રા કરી પાછી વળતી હતી. શિવરાત મેળા ઉપર તેને જૂનાગઢ પહોંચવાનું હતું. હાલના અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના ગામ ટીંબલા અને સનાળિયા પાસેથી જમાત પસાર થઈ રહી હતી. ભેગો એકાદ હાથી હતો. તેના ઉપર ખોખડધજ મહાત્મા બિરાજતા હતા. બીજા સાધુઓ પગપાળા ચાલતા હતા.

સનાળિયા અને ટીંબલા ગામોની મધ્યે એક વોંકરા કાંઠે જ્યારે આ જમાત પહોંચી ત્યારે સાધુઓને આશ્ચર્ય થયું. તાજું જ ધિંગાણું થયું હોય તેમ લોહી નીંગળતી હાલતમાં ત્યાં માણસની લોથ્યુ પડી હતી. કોઈ હલનચલનની ક્રિયા તેમાં દેખાતી ન હતી.

બુઝર્ગ સાધુનું તે તરફ ધ્યાન ગયું ત્યારે તેણે તેના પાળા ચાલતા શિષ્યોને આ લોથ્યુ તપાસવા અને તેમાં જો કોઈના ખોળિયામાં જીવ હોય તો જોવા આદેશ કર્યો. શરીરે તલવારોથી વેતરાયેલ એક આદમીમાં જીવ હતો. ઘા બહુ ઊંડા ન હતા પણ લોહી ખૂબ વહી ગયેલું જણાયું. આ પુરુષ બેશુદ્ધ અવસ્થામાં મુડદાની માફક ધરણી ઉપર ઢળેલો હતો. આ વાતની સાધુને જાણ થતાં તેમણે તે ઘાયલ આદમીને હાથીના થડા ઉપર લેવરાવ્યો. ઘાની સાફસૂફી કરી. વગડાની વનસ્પતિ મંગાવી પાટાપીંડી કરી. જમાત રસ્તે આગળ ચાલી. પુરુષ બેભાન જ હતો.

બેએક ગાઉનો પંથ કાપ્યો હશે ત્યારે આ ઘાયલ થયેલા આદમીના શરીરમાં કંઈક ચેતના દેખાંણી. સાધુમહારાજે તેને હલનચલન કર્યા સિવાય આરામ કરવા કહ્યું. જમાત જ્યારે જૂનાગઢ નજદીક ગિરનારની તળેટીમાં પહોંચી ત્યારે આ પુરુષમાં સારી રીતે શુદ્ધિ દેખાણી. સાધુઓની જમાત તેમના અખાડે પહોંચી ત્યારે બીજા સાધુએ ઊંચકીને આ આઝાર આદમીને સાધુના ધૂણા પાસે પહોંચાડ્યો ત્યાં તેને બિછાનું આપી સુવરાવ્યો.

બુઝર્ગ સાધુ મહાત્માએ તેને ફરીથી તપાસ્યો. ફરીથી બીજી દવા - લેપ લગાવ્યા. તેને થોડું દૂધ અપાવી બનતો આરામ લેવા સૂચનાઓ આપી.

બે-ચાર દિવસ પસાર થયા. ઘાયલ થયેલ આદમીનાં ઘા રુઝાતા દેખાયા. થોડું હલનચલન કરતો તે થઈ ગયો. તે માનસિક રીતે બેચેન જણાતો હતો. તેનો પણ ઉપચાર કર્યો.

પછીથી સાધુ મહાત્માએ આ ઘાયલ આદમીનાં નામ-ઠામ પૂછી, શું થયું હતું તે માહિતી પૂછી. આદમીએ પોતાનું નામ વાઘોવાળો હોવાનું જણાવ્યું. પોતે ટીંબલા ગામનો છે. ટીંબલા અને સનાળિયાના કાઠી દરબારો વચ્ચે સીમાડાની તકરાર ઊભી થતાં ધિંગાણું થયું અને પોતે તેમાં ઘાયલ થયો. રસ્તામાં જ્યારે આંખ ઊઘડી ત્યારે ખબર પડી કે પોતે જીવતો છે અને હાથીના થડા ઉપર સૂતો છે.

મહંતે વાઘાવાળાને તેના કુટુંબકબીલા બાબતમાં પૂછપરછ કરી તેને વતનમાં જવા બાબતમાં પૂછ્યું ત્યારે વાઘાવાળાએ પોતાને કોઈ જ નથી અને હવે ફરીથી ત્યાં જવું નથી તેમ જણાવ્યું. સાધુ મહાત્માની પોતાનો જીવ બચાવનારની સેવા-ચાકરી કરી અહીં જ જિંદગી પૂરી કરવા દેવા તેણે આજ્ઞા માગી.

દિવસો વહેવા લાગ્યા. તરવરિયા દેખાતા વાઘાવાળાએ મહંતનું દિલ જીતી લીધું. દિવસ-રાત ખડેપગે સાધુની સેવામાં રહે છે. સાધુ મહાત્માના અંગત મદદનીશ જેવો તે બની રહ્યો.

ચોમાસાની ઋતુ હતી. ઠેકઠેકાણે વનસ્પતિઓ ખીલી ઊઠી હતી. દૂર દૂર દેખાતા ડુંગરા ચોખ્ખા અને નજદીક દેખાતા હતા. દિશાઓ ખુલ્લી હતી. ક્ષિતિજરેખાઓ ઓરી ને ઓરી દેખાતી હતી. ત્યારે સાધુ મહાત્મા અને વાઘાવાળો ગિરનાર ઉપર ચડી રહ્યા હતા. ઊંચા ટેકરા ઉપર પહોંચ્યા ત્યારે વાઘાવાળાની નજર તેના ગામની દિશાએ ગઈ. તેને તેનાં બાળ-બચ્ચાં અને કુટુંબ સાંભર્યું. પાંચેક વર્ષનો સમયકાળ અહીં પસાર થઈ ગયો હતો. આ સાધુમાં સંસારી માણસના મનોભાવ જાગૃત થઈ ગયા. કુટુંબની સ્મૃતિએ વાઘાવાળાનાં નેત્રો ભીનાં કર્યાં.

મહંતની ચપળ આંખોએ વાઘાવાળાના મનોભાવને બદલતા જોયા, આંખમાં સજળતા દેખાણી, તેઓ મનોમન તેનો પાર પામી ગયા. વાઘાવાળાને આમ થવાનું કારણ પૂછ્યું.

સાધુ મહાત્મા સાથે વાઘાવાળાને આત્મીયતા બંધાણી હતી. સાધુ મહારાજના ઉપકારે તેને જીવતદાન આપ્યું હતું. તે હવે જૂઠો જવાબ આપી શકે તેમ ન હતો તેથી ગળગળો થઈને સાધુના ચરણમાં ઢળી ગયો. પોતાની બધી આપવીતી કહી સંભળાવી.

હું ટીંબલાનો ગીરાસદાર કાઠી ગળઢેરો છું. મારું ભર્યુંભાદર્યું કુટુંબ ટીંબલા ગામે છે. બીજા ઘણા કુટુંબીઓ છે. ગીરાસના સીમાડાઓની તકરારો અને વારંવાર આવતા પાળો પછી મરવા મારવા પ્રતિ અબખો આવી ગયો હતો. પોતે સરંભડાવાળાની સાથે બહાદુરીપૂર્વક ધિંગાણામાં લડ્યો હતો પણ જીવતો માંડ રહ્યો તે વાતની મગજ ઉપર ઘેરી અસર હતી તેથી આવેગથી વૈરાગ પેદા થયો. મારી ઇચ્છા અહીં આપના ચરણોમાં જ જીવન વિતાવવાની છે પણ આજે મન કાબૂમાં ન રહ્યું અને આંખ સજળ થઈ ગઈ. કુટુંબ પ્રત્યેની થોડીક લાગણી અવસ્થા પેદા થઈ ગઈ.

સાધુએ બધું સ્વસ્થતાથી સાંભળ્યું. આશ્વાસન આપ્યું અને કહ્યું કે વાઘાવાળા, તું બાળબચ્ચાવાળો સંસારી છો. તારો ધર્મ ત્યાં રહેવાનો છે. તું અહીં ન રહી શકે માટે તું ત્યાં જવા રવાના થા. તારું કુટુંબ તને દેખીને ખુશી થશે.

વાઘાવાળાના પિતા માત્રાવાળા, ચોરાશી ગામના ધણી હતા. તેમની કરડાકી અને બહાદુરી માટે ખ્યાતનામ હતા. બેસતી અંગ્રેજસત્તાને માત્રાવાળા જોખમરૂપ જણાયા હશે.

તેને દગો કરી તેમનું અપમૃત્યુ કરાવેલ. વાઘાવાળા ધિંગાણામાં ઘાયે આવ્યા. પછીથી તેની મનોવૃત્તિએ પલટો લીધો હતો. સાધુ મહાત્માએ તેને જીવનદાન દીધું, આશરો આપ્યો તેથી તેને તો માત્ર શિષ્ય બનીને સાધુ મહાત્માની સેવા જ કરી જિંદગી પૂરી કરવી હતી. પણ આજે પોતાના મનની નબળાઈએ તેને જાહેર થવું પડ્યું. સાધુ આગળ ખોટું બોલી શકાય તેમ ન હતું. તેથી તેમની આજ્ઞાનુસાર તે ટીંબલા આવ્યો.

સાધુના જ વેશમાં વાઘાવાળા ટીંબલા આવ્યો. કુટુંબીઓએ તેને ઓળખ્યો: પોતે બનેલ હકીકતની કુટુંબીઓને વાત કરી. તેની હયાતીએ સૌને હામ પૂરી, સૌ ખુશી થયાં: તેની સૌએ સરભરા કરી.

કુટુંબના મોવડીએ એક અસવારને બગસરે રવાના કર્યા. કારણ કે દરબાર વાઘાવાળા ધિંગાણામાં મરાઈ ગયા છે. તેવી માન્યતાથી તેની પાછળ કરવા પડતા ક્રિયાકાંડ થઈ ચૂક્યા હતા. તેમનાં ઘરવાળાં આઈ પુનબાઈએ ચૂડાકર્મ કરી વૈધવ્ય સ્વીકારી, પોતાના ધણીનું પોત નિચોવી કાળાં ધારણ કરી લીધાં ત્યારે વીશ વરસનાં પુનબાઈ સાઠ વરસનાં દેખાતાં હતાં પણ વાઘાવાળાની હયાતી હોવાથી આઈ પુનબાઈને ફરીથી સૌભાગ્ય ધારણ કરાવવા સૌને તાલાવેલી હતી.

આ વાતની જ્યારે દરબાર વાઘાવાળાના ગઢમાં આઈ પુનબાઈને ખબર પડી. તેમણે, બગસરાથી કપડાં વહોરી લાવનાર અને બીજા ભાઈ ભત્રીજાઓ રૂબરૂ બોલાવ્યા.

બહાર ચોપાટમાં પણ ખબરં મોકલ્યા કે દરબાર ઘરે આવ્યા હોય તો હું તેને જરૂરથી આવકારું છું. માઠા સમાચારે આપણે સૌ જુદું અનુમાન કરી લીધું હતું મેં, દરબાર મરાયા જાણી ક્રિયાઓ કરી; પોત નિચ્રોવ્યું. કાળાં કપડાં ધારણ કર્યાં છે. હવે હું કપડાં બદલાવું તો દુનિયા માનશે કે મને સંસાર સાંભર્યો છે. મેં બાવાસાધુ સાથે કાઠીની દીકરીએ સંસાર માંડ્યો છે. મારાથી તે હવે નહિ બને. મારો અને તેનો હવે ઘરવહેવાર નહિ ચાલે. તેઓ ખુશીથી ચોપાટમાં રહે. ભાઈ દીકરા કે માણસો તેમની સગવડ સાચવશે. હું હવે મારું પૂરું કરીશ.

આઈ પુનબાઈની સ્પષ્ટ વાતો સામે કોઈ જવાબ ન દઈ શક્યા. વાઘાવાળાનો મુકામ પછી તો ચોપાટમાં જ રહ્યો. ત્યાર પછી વાઘાવાળા બે-ત્રણ વર્ષ જ જીવ્યા હશે. પાણિયા ગામના સીમાડાની તકરારમાં તે કામ આવી ગયા.

સુંવાળા જીવનની સુંવાળી જિંદગી કોને ન ગમે. જિંદગીના કોડ-લહાવાથી કોઈ ધરાતું નથી. વળી પોતાના ધણી વાઘાવાળા કોઈ પરાયો પુરુષ તો ન હતો. તેની સાથે સંસાર વિતાવ્યો હોત તો ખોટું શું હતું. પણ આ તો કાઠી નારી હતી. તેની નેકટેક અને નિર્ણયને કોઈ વટાવી શકે નહિ. આઈ પુનબાઈ જીવ્યાં ત્યાં સુધી પ્રભુભક્તિમાં રહી વાઘાવાળાની હયાતીમાં અને તેના મૃત્યુ પછી પણ પોતાના વૈધવ્યને ઊજળું કર્યું.

ભોગની મજા માત્ર તેને ભોગવવાથી જ પૂરી થતી નથી તેને ત્યજીને પણ આ દેશની કંઈક સન્નારીઓ મીરાં રૂપે પ્રભુમય બની છે. તેનું આ એક ઊજળું દૃષ્ટાંત છે.

છતાંય તે વાતમાં કોઈ કારણ પૂછવા માગે તો તેનો જવાબ તો ભક્તકવિ દુલા ભાયા આપે :

જેની ફોરમ ફટકેલી તેને તવા ઉપર ચડવું પડે,
ઓલી આવળ, અલબેલી, તેનું કોઈ ન પુછે કાગડા.

o o o

દીકરી હીરબા

આપણે આગલા પ્રકરણમાં જોગીદાસ ખુમાણ, વીર બાવા વાળા અને વીર ચાંપરાજવાળાનાં અમરચરિત્રોનો અભ્યાસ કર્યો. આ પ્રકરણમાં સ્ત્રીશક્તિનું દર્શન કરી રહ્યા છીએ. મા-મોંઘીમા અને આઈવાલબાઈની અમર કહાનીઓ જોઈ ગયા. લગ્નના માંડવડે પોંખાતા પહેલાં જાન લઈ આવનાર વરરાજાને ભગવા રંગની ભભૂક વ્યાપી હાથસણીના ખુમાણ ગળઢેરાઓમાં ચિંતા વ્યાપી ગઈ. લીધાં લગ્ન અટકે નહિ. તેનો રસ્તો કાઠી કન્યાએ કાઢ્યો. શક્તિસ્વરૂપ જસુબાઈએ શક્તિસ્વરૂપ સમશેર સાથે સાત ફેરા ફરી લીધા. સ્ત્રીશક્તિની આવી ઘણી વાતો છે. પણ મને દીકરાનું કામ દીકરી કરી જાય તેવા પાત્રનો પરિચય આપવાની ઉત્કંઠા છે તેથી તે આલેખું છું.

તેની પાછળ પણ એક ચોક્કસ પ્રકારનું કારણ છે. જોગીદાસ, બાવાવાળા અને

ચાંપરાજવાળાનો પાત્રપરિચય આપ્યો તે ત્રણેય વિભૂતિઓ મારા વતનની આજુબાજુની જ છે. તેથી તેની સાચી અને સ્પષ્ટ માહિતી મેળવવાનું સાનુકૂળ રહે. સતી સ્ત્રીઓ, મા-મોંઘીબાઈ અને આઈ વાલબાઈ પણ ધારીથી બિલકુલ નજદીકનાં જ છે. જેમની વાતની શરૂઆત કરીએ છીએ તે દીકરી હીરબાઈ ધારી બાજુના જ ગામ લાખાપાદરનાં દીકરી હતાં.

- લેખક

•

હા! દીકરી હીરૂબા તે લાખાપાદરનાં જ દીકરી હતાં.

જે લાખાવાળાએ વસાવ્યું તે લાખાપાદર. જ્યાં અંગ્રેજસત્તાના સમયમાં વર્ષો સુધી એજન્સીના થાણાનું સદર સ્ટેશન રહ્યું તે આ જ લાખાપાદર. ત્યાં લાખાવાળા નામનો ધાનાણી વાળા શાખાનો ગલઢેરો થઈ ગયો. દરબાર લાખાવાળાને હીરુબાઈ નામે દીકરી હતી. તેની આપણે વાત કરી રહ્યા છીએ.

દરબાર લાખાવાળાને અને ગુંદાળાના દેવાયત વાંકને થોડીક ચડભડ થઈ ગયેલ હતી. દેવાયત વાંક જોરૂકો માણસ કહેવાતો. તેની વડજે કોઈ ચડવા તૈયાર ન થતું અને કદાચ થાય તો કાંધરોટુ નાખી ગયેલ, ગુંદાળાનો દેવાયત વાંક તેની સામે ઓછો ન ઊતરે.

લાખાવાળો ભલે માત્ર લાખાપાદર ગામનો જ ધણી હતો. તેની પણ સુવાસ હતી. બળિયા માણસ તરીકે તેની પણ ગણત્રી હતી. તેને આંગણે રોજ પાંચ-સાત મહેમાનોના ડાયરા રહેતા. દૂઝાણાની કમીના ન હતી. ઊંચી ઓલાદના બે-ત્રણ કાઠિયાવાડી અશ્વો તેને આંગણે બાંધ્યા રહેતા.

નહિ જેવી વાતમાં લાખાવાળાને દેવાયત વાંક સાથે બોલવું થયું હતું. કાઠીના દીકરા તો સૌ સરખા. તેમાં કોઈ નાનોય નહિ અને કોઈ મોટો પણ નહિ. તેવી લાખાવાળાની માન્યતા દેવાયત વાંકને ગળે ન ઊતરી તેથી થોડી રકઝક થઈ. વાતમાં ને વાતમાં ફાટેલા દેવાયત વાંકે લાખાવાળાને, લાખાપાદર ફરતો ગઢ ચણાવવા એલાન કર્યું. પોતે લાખાપાદર ઉપર ખાબકશે અને ગામ ઉપર આદુ વાવશે તેવી ચેતવણી આપી. લાખાવાળાએ હસતેમોઢે સ્વીકારી અને કહ્યું કે, દેવાત વાંક-તું હલ્યો આવજે. હું કળશ્યો ભરી ઊભો રહીશ. તારું ઘટતું સ્વાગત કરીશ.

દેવાયત વાંક બહોળું પાળ ચલાવતો. ભલભલા ગામોનો તે ભુક્કો બોલાવતો. તપેલા ત્રાંબા સમો તેનો ચહેરો ને આંખો બીહામણાં લાગતાં. તેની ક્રૂરતા તેમાં દેખાઈ આવતી. તેની વડજે ચડવા કોઈ ગીરાસિયા તૈયાર ન હતા. તેવા માણસની વડજે નહિ ચડવા ઊલટાની તેની ખિદમત કરતા. તેના મોઢામાંથી કોઈ વેણ નીકળી જાય તો તેને ખરા કરવાનો તે આગ્રહી હતો.

લાખાવાળાના જાયુભાયુએ પોતાને ટાણે યાદ કરવા આત્મીયતા બતાવી. સાથોસાથ આ વંકા અને અટંકા દુશ્મન સાથે બગાડવા માટે થોડો હિચકિચાટ પણ બતાવ્યો.

લાખાવાળા આ બધી વાતો જાણતો હતો. દેવાયત વાંકને ભરી પીવા તે પોતે તૈયાર હતો. ગમે તેવા કામ પ્રસંગ ઊભા થાય તો લાખાવાળા લાખાપાદર છોડતો નથી અને છોડવું પડે તો ક્યાંય ખોટી થતો નથી. રાત રોકાતો નથી. ઝાલરટાણું થાય ત્યાં ઘરે પહોંચી જતો. આમ ને આમ થોડા દિવસો પસાર થઈ ગયા! બહોળા વલેપાતવાળા દેવાયત વાંકના પછી તો કોઈ વાવડ નથી. લાખાવાળાને જરૂરી કામે એક વખત ચલાળે જવાનું થયું. ભાયુને સાવચેત રહેવા ચેતવતો ગયો હતો.

ભાઈ-ભત્રીજાના વચ્ચે ગીરાસની સમજૂતીનું કામ હતું. કુસંપ ન થાય તે માટે વહેલી પતાવટની જરૂર હતી. પોતાને આગ્રહપૂર્વક કામ સોંપાયું હતું તેથી પતાવ્યા વગર છૂટકો ન હતો. તેથી લાખાવાળા ચલાળા ગયો. સમસાગરા દઈ લાખાવાળાને ત્યાં રોકવામાં આવ્યો. આટલા દિવસ ન દેખાણો તે દેવાયત વાંક ઘડી બઘડીમાં ક્યાં આવી જવાનો છે તેવા મરમ સાથે તેને આગ્રહ થયો. લાખાવાળા મોઢું ન મૂકી શક્યો અને રાત રોકાઈ ગયો.

લાખાપાદરમાં સાંજ ટાણે ખબર મળ્યા કે દેવાયત વાંકનું કટક લાખાપાદર ભણી હાલ્યું આવે છે. ગામના ગલઢેરાઓએ બૂંગિયો વગડાવ્યો. પોતાના માણસો અને ગામેડુને એકઠા કર્યા. સહુને ખબરદાર રહેવા ચેતવ્યા. કાટિયા વર્ણના જુવાનો સાથે ગામનો ઝાંપો રોકવામાં આવ્યો. ગામનાં બળદનાં ગાડાંઓને ઝાંપા આડાં ઠાંસવામાં આવ્યાં. સૌ પોતપોતાની રીતે દેવાયતનું સ્વાગત કરવા તૈયાર થઈ ગયા. પણ લાખાવાળા જેવા લાખાવાળાની ગેરહાજરી બધાને ખૂંચતી હતી. મોભી વગરના હામ જોઈએ તેવી જમાવટ ન કરી શકે.

દેવાયતનું કટક પાદરમાં પહોંચ્યું. કોઈનેય ઓછા ન ઊતરવા દેવાયતે પડકાર દીધો. ગામને ધમરોળીને લૂંટવાની અને સીમાડે સૌએ ભેગા થવા ચેતવણી આપી. ગામ ઉપર કટક ખાબક્યું. બળૂકા કટકે ઝાંપો ખેડવ્યો. ગાડાઓની આડસ હડસેલી કંઈક નરબંધાઓએ સામસામી ધમસાણ બોલાવી. કંઈક મરાણા, કંઈક ઘાયલ થયા અને દેવાયતનું કટક ગામ ઉપર ખાબક્યું. ભર્યાભાદર્યા દેખાણાં તેવાં ઘરો લૂંટ્યાં. લૂંટફાટ ચાલુ કરી.

દેવાયતને અચંબો હતો કે લાખાવાળો કેમ ન દેખાણો. નક્કી લાખાવાળાના રામ હારણ થયા હશે અને ઘરમાં બેસી રહ્યો હશે. તેથી દેવાયત પોતે એકલો લાખાવાળાના ગઢ ઉપર ગયો.

ગઢમાં દાખલ થતાં, દોઢી વળોટી લાખાવાળો આગળ વધ્યો ત્યાં સુધી તેને રોકનારું કોઈ ન મળ્યું. તેણે જોયું તો લાખાવાળાના ગઢના ઊંચી પડથારુંના ઓરડાની ઓસરીની કોરે એક પંદરેક વરસની ગભરુ બાળા ઊભી હતી. તોતિંગ પડથારની કોર પાસે એક જાતવાન ઘોડીનો વચ્છેરો બાંધેલો હતો. લાખાવાળાએ દેગે દૂધ પાઈને ઉછેર્યો હતો. બાપ, દીકરાને ચડવા ન દે તેવો! જેતપુર દરબારના મારૂયા ઘોડાનો જાણે કે પૂર્વ અવતાર સમો તે વચ્છેરો હતો. વચ્છેરાને જોતાં જ દેવાયતની ડાઢ ડળકી. તેને

લાગ્યું કે એક ઘાયે આ તો બે કેરી પડશે. એક તો મલકમાં ગોતવા ગ્યેય ન મળે તેવો વચ્છેરો અને વળી તે લાખાવાળાના ગઢમાંનો. લાખાવાળાને તેની જિંદગીભરની બળતરા સતાવતી રહેશે. દેવાયત વાંકની નજરમાં વચ્છેરો વસી ગયો. તે તેને છોડવા તરફ વળ્યો.

લાખાવાળાની પુત્રી હીરૂબા ઓસરીને કોરે ઊભી ઊભી આ કાળજાળ દેવાયતને નીરખી રહી છે. દેવાયતના ક્રૂર ચહેરામહોરાથી તે લગરીકેય ન ડરી. જગદંબા જેવી હીરલ અડીખમ યોદ્ધાની માફક દેવાયત શું કરવાનો થયો છે તેનો તાગ લેવા મક્કમતાથી તેના તરફ જોતી રહી. હીરલબાની ઉંમર તો હતી માત્ર પંદર વરસની જ પણ તેણે લાખાપાદરના પાદરમાં, નિર્મળ નીર વહાવતી શેલ નદીનું પાણી પીધું હતું. શેલની કરાર ભેખડો ઉપર તેણે સરખી સાહેલીઓ સાથે નાનપણમાં કંઈક રમતો રમી હતી. બળૂકા માણસને બહાવરો કરે તેવી આ ધરામાં ઊછરેલી અને ધીંગા દુઝાણાના બોઘરા મોઢે દૂધ પીને ઊછરેલી હીરબાએ તેના શરીરને વેઠ્યું હતું - તેને કસ્યું હતું. કરડો દેવાયત આ બાળાને મગતરો દેખાયો. બાપુની ગેરહાજરીમાં ગામ લૂંટવા આવનાર દેવાયત તેને કાયર જણાયો. તેની મુખાકૃતિ નવચંડી જેવી બની. તેની આંખમાં લાલ શેરડા પડ્યા.

જગતને ધમરોળતા અને હાક બેસારતા દેવાયતના જીવનનાં અમી સુકાયાં હશે તે ભાનભૂલ્યો - વચ્છેરાની લોલુપતાએ તેને ભાન ભુલાવી. તે પોતાની બરછીને ઓસરીની કોરે ટેકવીને વચ્છેરાની પછાડી છોડવા નીચે બેઠો.

હીરલના હૈયાની હામ આજે હલકે ચડી હતી. બાપુની ગેરહાજરીમાં, બાપુએ ઉછેરેલો પ્રાણપ્યારો વચ્છેરો પોતાની હાજરીમાં, ઉઠાવી જાય તો પોતાના કુટુંબ ઉપર કાયમનું મહેણું રહી જાય. આ વાત હીરૂબાને મંજૂર ન હતી. પળની પણ વાર કર્યા વગર તેણે દેવાયતની જ બરછી ઉપાડી. બેથડ ભરીને તેણે દેવાયત ઉપર ઝીંકી. દેવાયત ભોંય સરસો ચંપાઈ ગયો. દેવાયતને કોઈ વિરલ યોદ્ધો પતાવી ન શકે તેને લાખાવાળાની જગદમ્બા જેવી માત્ર પંદર વરસની પુત્રીએ પતાવી દીધો. ઓસરીમાં ટીંગાતી તલવાર તેણે ખેંચી. દેવાયતના શરીરના કટકા કર્યા અને પોતાની માતાને પડકાર કર્યો કે માડી, એક પછેડી લાવ તો. પછેડી આવી. મા-દીકરીએ સાથે મળીને દુશ્મનના શરીરના કટકાઓને પછેડીમાં બાંધ્યા. બન્નેએ ઉપાડીને પોટલું ઓરડામાં મૂકી દીધું. કોઈનેય આ વાતની ગંધ માત્ર પણ ન આવવા દીધી.

પાળના માણસોએ થઈ શકી તેવી લૂંટ અને ખૂનામરકી ચલાવી. સૌ પોતપોતાની રીતે સીમાડે ભેગા થવા, કામ પતાવી રવાના થઈ ગયા.

અહીં હીરૂબાને વિચાર આવ્યો કે દેવાયત વાંક, લાખાપાદરને ધમરોળી ગયો તેવું જો બાપુ જાણશે તો તે કોઈને લીધા વગર જ દેવાયતના કટક પાછળ ચડી નીકળશે. એટલે પોતે, પોતાના આકરા સમ દઈને, પોતાને મળ્યા સિવાય ચઢી નહિ નીકળવા પોતાના એક ગઢવાને સંદેશો લઈ ચલાળા મોકલ્યો.

લાખાવાળાએ સમાચાર સાંભળ્યા ત્યારે તેનાં રૂંવાડાં અવળાં થઈ ગયાં. માટી છેતરી ગયો તેમ તેને લાગ્યું. હવે જીવવામાં એને રસ ન દેખાણો. દેવાયત સામે જાતે બથ ભીડી આખરના ખેલ ખેલી લેવાં તાલાવેલી થઈ. પણ પોતાની વહાલસોઈ એકની એક દીકરીએ આકરા સોગન દીધા હતા. દીકરીના ડહાપણ ઉપર પણ તેને ભરોસો હતો. અત્યારના ખરાખરીના ખેલે દીકરીને કારણવગર બોલાવી વખત ન બગડાવે તેવો તેને વિશ્વાસ જાગ્યો તેથી તે મારતે ઘોડે લાખાપાદર આવ્યો. ગઢમાં ગયો. લાખાવાળાના મુખ ઉપર ત્યારે શાય ઢળી ગઈ હતી. પણ તે શંકરના ગણ જેવો દૃઢ નિશ્ચયી જણાતો હતો. તે દીકરીનો દોરવ્યો જડભરથની જેમ ઓરડામાં ગયો.

બાળેટી વિરાંગના જેવી હીરૂબાએ દુશ્મનના કટકા કરી ગાંસડી બાંધી હતી તે છોડી અને કહ્યું કે:

"બાપુ, કટક ભલે જતું રહ્યું. પણ આપણા દુશ્મનને તો મેં અહીં જ રોકી દીધો છે."

લાખાવાળાના મુખની રેખાઓ આ જોતાં જ પળવારમાં પલટી ગઈ. પોતાની દીકરી ઉપર તે વારી ગયો. દીકરીને લાખાવાળાએ કહ્યું કે: "બેટા - હીરૂબા, તું મારી દીકરી જ નહિ પણ તું જ મારો દીકરો છે. આજ તેં મને ઊજળો કરી બતાવ્યો છે."

આવી કાઠી ક્ષત્રિય નારીઓને પેટે જ રતન પાકી શકે. તે જ ગામ-ગીરાસ ઘેરે કરી શકે; બાકી તો રજવાડા પરસ્યે કંઈ દી ન વળે. તેમાં ઇતિહાસ ન લખાય.

સિંહણ બચુ એક જણે, તે એક્કે હજારા,
ઓલી કુક્કર બચ્ચા સો જણે ઈ, સોયે ય બિચારા.

o o o

ઉગા ખાચર

ગવર્ન્મેન્ટ ઑફ ઇન્ડિયાના દિલ્હીના સરકારી પ્રિન્ટિંગ પ્રેસે "રુલિંગ પ્રિન્સિસ, ચિફ્સ ઍન્ડ લીડિંગ પરસોનેજીસ ઇન ધ વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સી" નામનું એક અંગ્રેજી પુસ્તક પ્રસિદ્ધ કરેલ છે.

તેમાં સ્વાતંત્ર્યચળવળના નામાંકિત દરબાર ગોપાળદાસની જાગીરમાં રાય અને સાંકળી ગામો ક્યાંથી આવ્યા તે હકીકતના નિરૂપણમાં એક લોકકથા નોંધવામાં આવી છે. તેમાં દરબાર ગોપાળદાસના પ્રપિતા કે જે જસદણ તાબાના ગામ દેવધરીના રહેવાસી હતા તેમને તુરખાના દરબારે આ ગામો (રાય અને સાંકળી) આપ્યાનો ઉલ્લેખ કર્યો છે. તેની સાથે દરબાર ઉગા ખાચરની પાસે રાયસાંકળી ક્યાંથી આવ્યા તે પણ કહેવામાં આવ્યું છે. તેના અનુસંધાને ઉગા ખાચરની લોકકથા તૈયાર કરી શકાય છે.

પાંચાળની ભૂમિ, પાંચાળના ડુંગરાઓ, પાંચાળનાં દેવસ્થાનો, પાંચાળનાં પ્રાણીઓ વિ. બાબતમાં લોકકવિઓ અને લેખકોએ પુસ્તકો ભર્યાં છે. દેવભૂમિ પાંચાળમાં મધુ

નદીને કાંઠે તુરખા નામનું ગામ આવેલ છે. બાજુમાં ડુંગરાની હારમાળા છે. ડુંગરાના પેટાળમાં હકડેઠઠ પાળિયાઓ; જાણે વીરત્વને વારી જનારા શૂરવીરોનો જાણે કે ડાયરો બેઠો હોય તેવો આભાસ ઊભો કરે છે. વીરત્વ વિરમે છે ખરું પરંતુ તે કદિયે અસ્ત પામતું નથી. તે અજરઅમર રહે છે. તુરખાને પાદર અમર શહીદીને વહોરનારા કાઠી રણશૂરાઓએ એક અમર ગાથા સર્જી છે.

પાળિયાદ પાંખીમાંથી દરબાર ઉગા ખાચરની પાંખીને અગિયાર બાર પેઢી પસાર થઈ ચૂકી હતી. દરબાર ઉગા ખાચર તુરખાના સ્વતંત્ર ગામધણી હતા.

તુરખા ગામને પાદર એક દિવસ બાદશાહી સૂબાએ મુકામ કર્યો. તંબુ રાવટીઓથી પાદર ભર્યું ભર્યું લાગતું હતું. બસો-અઢીસો માણસોનું થાણું ઊભું થઈ ગયું હતું. સૂબાએ બહાનું તો ખંડણીનું કર્યું હતું પણ વાત જુદી હતી. કોઈ ચુગલીખોરે સૂબા પાસેથી ઇનામની લાલસાએ વાત કરી હતી કે ઉગા ખાચરની દીકરીનું રૂપ છે તેવું રૂપ બીજે ક્યાંય નહિ હોય. બસ થઈ રહ્યું. મોટી સલ્તનતના હાકેમે પોતાની ફોજ તુરખા તરફ હાંકી. પાદરમાં આવી મુકામ કર્યો.

સવારમાં ચઢતા પહોરે દરબાર ઉગા ખાચરને બોલાવવામાં આવ્યા. લાંબા સમયની, મોટી રકમની ખંડણી માટે સૂબાએ ઉગા ખાચર ઉપર તકાદો કર્યો. એટલી મોટી રકમ એકસામટી તાત્કાલિક ભરી શકું તેમ નથી તેવી ઉગા ખાચરે વાત કરી. સૂબો કહે કે લઈને જ જાઉં. ત્રેવડ ન હોય તો તમારું ગામ લખી દ્યો. દરબાર ઉપર સૂબાએ ભીંસ વધારી.

સૂબા અને ઉગા ખાચરની રકજક વચ્ચે સૂબાના માણસોએ મધ્યસ્થી કરી. ઉગા ખાચરે હપ્તા કરી આપવા માંગણી કરી પણ તેનો ઇન્કાર થયો. પૂર્વયોજિત યુક્તિ હોય તેમ એક મધ્યસ્થીએ ઉગા ખાચરમાં હળવેક રહીને વાત કરી. સૂબાની મહેરબાની ખાટવાનો રસ્તો બતાવ્યો. સાંભળતાં જ ઉગા ખાચરનો ચહેરો તપેલા તાંબા જેવો દેખાયો. પણ બહોળી ફોજની સામે ઉગા ખાચરે પોતાની સમતા જાળવી.

મધ્યસ્થીનું કહેવું એવું હતું કે, દરબાર, સૂબાએ લીધેલ વાત મૂકશે નહિ. કાં ખંડણી ધ્યો, કાં તુરખા દ્યો. તેનો રસ્તો સરળ છે. ખંડણીય દેવી ન પડે અને ગામ પણ રહે. તમે તમારી કુંવરી તેને પરણાવો એટલે આખી ઝંઝટમાંથી છૂટી જાવ.

આ વાત સાંભળતાં તો ઉગા ખાચરને ખોપરે ગઈ હતી. વાત કરનારો જો સૂબો પોતે હોતને તો તો ઉગા ખાચરે એક ઘા અને બે કટકા કરી વાળ્યા હોત. પણ આ તો તેનો દરબારી હતો. 'સમરથ કો દોષ નાંહિ ગુંસાઈ' તે તુલસીદાસની પંક્તિ યાદ આવી ગઈ. ઉગા ખાચરે સમતા પકડી. ધીરજથી કામ લેવા તેણે પ્રયાસ કર્યો.

ઉગા ખાચરે સૂબાના દરબારીને કહ્યું કે તમારી વાત તો વિચારવા જેવી છે. પણ કુટુંબકબીલાને પૂછવું તો પડે. એક બે દિવસની મુદત મળે તો કંઈક વિચારી શકાય. દરબારીએ બે દિવસની મુદત સૂબા પાસે મંજૂર કરાવી.

તે વિસ્તારમાં તે વખતે દેવધરીના દરબાર મિંયાજણ પૂછવા ઠેકાણે હતા. ધીરજ અને બુદ્ધિ તો તેને વર્યાં હતાં. વળી તાકાતવાન પુરુષ હતા. ઉગા ખાચરને થયું કે આ ડાહ્યા માણસની સલાહ લઉં. તેથી તે દેવધરી ગયા. બધી વાત કરી. રસ્તો બતાવવા માંગણી કરી.

ઘડીવાર તો દરબાર મિયાંજણ પણ આકરા થઈ ગયા. ભરી પીવાની વાત ઉપર આંવી ગયા. પણ તાત્કાલિક રીતે સૂબા સામે બાથ ભીડવાનું મુશ્કેલ હતું તેથી કાઠી કળા કરવા વિચાર્યું.

બેય વીરલાઓ સૂબા પાસે ગયા. તમારાથી સારા સગા અમને કોણ મળે તેમ કહી સૂબાને ફુલાવ્યો. તમે રહ્યા મોટા માણસ. બહુ ઝાઝા માણસો લઈને આવો તો અમે સરભરામાં ન પહોંચી શકીએ. વળી તમારા સિપાઈસપરા અને હથિયારો ભાળીને અમારા મહેમાનો ભાગી જ જાય. એવી તેવી શરતોમાં સૂબાને ઉતારી એક મહિને જાન લઈ, સાદાઈથી પરણવા, હથેવાળે પરણવા આવે તેવું કબૂલ્યું. બાદશાહ તો રાજીનો રેડ થઈ ગયો. તેણે આ અટંકી કોમ આટલી સહેલાઈથી સમજી જશે તેમ તો માન્યું જ ન હતું. સૂબાને ગળના ગાડા આવ્યા જેટલો આનંદ થયો. તેથી બધી શરતો કબૂલ રાખી, તમે કહેશો તે પ્રમાણે જ થશે તેવી હૈયાધારણ આપી પોતાનો કૅમ્પ ઉપાડી રવાના થયો.

દરબાર મિંયાજણ અને ઉગો ખાચર ગઢની ડેલીએ પહોંચ્યા. આજુબાજુના બોલાવવા જોગ કાઠી ગળઢેરાઓને અસવારો મોકલી તેડાવ્યા. બેઠક કરી. બધી જ વાતથી તેમને વાકેફ કર્યા.

બધા એકમત થયા. થયું તે થયું. હવે લીધું કામ પૂરું કરવું તેમ નક્કી થયું. આજુબાજુમાં ત્રણેય પરજમાં લાકડિયો તાર મોકલાઈ ગયો. ત્રણેય પરજ એક બાપનાં સંતાન છે. ઉગા ખાચરની દીકરી તમારી દીકરી છે. તેને જીવતી રાખવી કે તેને અમલ પીતી કરવી તે તમારે નક્કી કરવાનું છે. મુદતથી બે દિવસ અગાઉ દેવધરીએ મળવાનું નક્કી થયું.

બધે જ લાકડિયો તાર મોકલાઈ ગયો. ટૂંકી વાતથી આજુબાજુમાં ફરી વળ્યા. સત્તા સામે શાણપણ ન ચાલે તેવી કહેવત છે પણ કાઠી ડાયરાએ આજે શાણપણનો જ રસ્તો લીધો હતો.

લગ્નમુહૂર્તને બે દિવસ બાકી રહ્યાં ત્યાં તો દેવધરીને પાદર કંઈક ચડ્યા ને કંઈક પાળા કાઠી નવયુવાનો આવવા લાગ્યા. આજુબાજુનાં ગામોમાં જુદા જુદા ઉતારાઓ નક્કી થઈ ગયા હતા. ટુકડીઓ ગોઠવાઈ ગઈ હતી. દરેક ટુકડીનો આગેવાન નક્કી થઈ ચૂક્યો હતો. તેણે કોને, ક્યાં અને ક્યારે મળવું તેની સંતલસ થઈ ગઈ હતી. જેમ માણસો આવતા ગયા તેમ આંખના પલકારામાં પાછા અદૃશ્ય થઈ જવા લાગ્યા.

જાન આવવાની આગલી રાત્રે આગેવાનોએ મળી લીધું. કામની વહેંચણ થઈ ગઈ. તુરખા ગામમાં તો માત્ર જરૂર પૂરતા જ મહેમાનો રોકાણા. આખીય યોજના અકબંધ ખાનગી રહી. કોઈનેય અણસારો ન આવે તેવી કુનેહથી ગોઠવાઈ ગયું.

સૂબાને લગ્નનો ખૂબ હરખ ઊપડ્યો હતો. બાદશાહ અકબરથી ક્ષત્રિય કન્યાઓ વરવાનો તુર્કોને મોહ જાગ્યો હતો. તેમાં કંઈક અંશે ફાવ્યા પણ હતા. એટલે સૂબાને વધારે તનમનાટ હતો. પોતે હોશિયારીથી કામ લીધાનું તેને અભિમાન હતું. પોતાનું ધાર્યું થયું હતું. ઉગો ખાચર અને મિયાજણ ખાચરમાં તેને ડહાપણ દેખાયું હતું. તેને હવે કોઈ બાબતમાં નારાજ ન કરવા પણ તેણે ધાર્યું હતું.

સવારના પહોરમાં દશેક વાગ્યાના સુમારે સૂબાની જાન તુરખાના પાદરમાં આવી પહોંચી. જાનમાં કબૂલાત પ્રમાણે જ માણસોની સંખ્યા હતી. વઢવાણ લીંબડી રજવાડાના કુંવરો જાનમાં આવ્યા હતા.

સામૈયાની તૈયારી થવા લાગી. ઢોલ ધડૂકવા લાગ્યાં. શરણાઈઓ ગહેકવા લાગી. માંડવિયા અહીંથી તહીં ફરકવા લાગ્યા. સારા કામમાં સો વિઘન હોય તે કારણે ઢીલ તો કરવાની જ ન હતી. તે પહેલાં દરબાર ડાયરાના દશ વીસ આગેવાનો પાદર સૂબાસાહેબને મળવા અને આવકારવા આવી ગયા હતા. તેમણે જાન જોઈ લીધી હતી. બધું જ સમુસુતર ઊતરવાની ખાત્રી કરી લીધી હતી. પછી જણાવ્યું હતું કે લગ્ન તો અમારી નાત-રિવાજે જ કરવા છે. સૂબા જેવો સૂબો પરણવા આવે પછી બધે જ ભયો ભયો કરાવી દેવો છે. સામૈયા આવે જ છે. સૌ તૈયાર થઈ જાવ. અમારા નાતરિવાજે ફૂલદડે રમવાનું રહેશે. માટે, બાપલા જેની પાસે હથિયાર હોય તે પાદરમાં ભેગા કરી એક ઠેકાણે રાખી દ્યો. તેના ઉપર બે માણસ મૂકો. તેની મદદમાં અમારા પણ બે માણસો દેશું. એટલે હથિયારની ચિંતા ન રાખતા. વિગેરે વાતો અને સૂચનો કર્યાં.

વરરાજા અને જાનૈયા અત્તરની ફોરમે માંડ્યા ફોરાવા. કિંમતી કપડાં અને આભૂષણો ઝગમગવા માંડ્યાં. મોડું કરવાના મતમાં સૂબાસાહેબ પણ ન હતા. જલદી સામૈયાં લાવો. જલદી બધા સાથે આગળ આવો. હથિયારો પાદરમાં ગોઠવી દ્યો. વિ. વિ. હુકમો મંડ્યા થાવા. સામૈયું આવતું દેખાયું. વરરાજા ફાંદ સંકેલી અક્કડ બન્યા. તે મુસલમાની પોશાકમાં કોઈ બજ્જરબટ્ટુ જેવો શોભતો હતો.

સામૈયું આવ્યું. માંડવાપક્ષે જાનૈયાને આવકાર્યા, ગામમાં પ્રથમ હરોળમાં લઈ ચલાવ્યા. નાકાવાર અને ગામની આજુબાજુમાં જાનના સ્વાગતની સંપૂર્ણ તૈયારી થઈ. માણસો હોંશે હોંશે ગોઠવાઈ ગયા હતા. પાદરમાં હથિયાર સાચવવા રોકવામાં આવેલ તરકડાઓને, જ્યાં જાનના માણસોને મોકલવાના હતા ત્યાં મોકલી દીધા છે. જોઈએ તેવા વિણાંવ વિણાવ હથિયારો જુવાનોએ સંભાળી લીધાં છે, વધારે હતાં તે પાદરના કૂવામાં પધરાવી દીધાં. કહેવાય છે કે હમણાં સુધી કૂવામાંથી હથિયારો મળી આવતાં હતાં.

જાન ગરવાઈપૂર્વક ધીરજના ડગલે આગળ વધી રહી છે. ફૂલદડાની આ રીતે પૂરી તૈયારી થઈ ચૂકી છે.

તડકો થયો હતો. પસીના વળ્યા હતા. ગલાલ ઊડતા હતા. તેમ સૌને દેખાયું. અને બટાજટી બોલી. તરધાયો બુંગીયો વાગ્યો. વરરાજાની પોંખણી તો સૌ પહેલાં

થઈ ચૂકી હતી, પણ આ તો જાનૈયા માંડ્યા પોંખાવા. એક પછી એક જાનૈયા જમદૂતના મહેમાન થવા માંડ્યા ત્યારે દરબાર ઉગા ખાચરને યાદ આવી ગયું કે જાનમાં તો વઢવાણ અને લીંબડીના કુંવરો છે. તેમને તરત જ હાથવહા કરી લીધા. વિશ્વાસુ માણસને મોકલી દેવધરી ભેગા કર્યા. તેમની સરભરા અને સલામતી માટે માણસો મૂકી દીધા.

સૂબાના માણસોની દાઢીયું લોહીથી રંગાણી અને એક પછી એકનાં ભોડાં માંડ્યાં ઊડવા. જાનમાંય લોંઠકા માણસો પણ હતા. તેણેય પાંચ-દશ માંડવિયાઓને પતાવ્યા. બહુ થોડા સમયમાં જ મેદાન સાફ થઈ ગયું. હાથી પડ્યો હોય તેમ સૂબો તુરખાની બજારમાં પડ્યો. કાચા પોચા તો પ્રથમથી છૂ થઈ ગયા હતા.

સૂબાને ખંડણીય ન મળી. કન્યાય ન મળી. મળ્યું માત્ર મોત. તુરખા ગામની નજદીકમાં તેની કબર ઊભી છે. પ્રસંગની યાદ આપે છે. પાંચ દશ કાઠી ગરાસિયાઓ ખપી ગયા તેની રણખાંભીઓ પાદરમાં ઊભી છે.

વાત થાળે પડી. ધાર્યું કરી મહેમાનો વિખરાયા. ચાર પાંચ દિવસ પસાર થઈ ગયા. ત્યારે ઉગા ખાચરને સમાચાર મળ્યા કે વઢવાણ અને લીંબડીના કુંવરોના ખરખરે લોકો જાય છે. બન્ને રાજધાનીઓમાં શોક છવાઈ ગયો છે. જુવાન કુંવરોની વાત સાંભળી સાંભળીને ઠેકઠેકાણે અફસોસ થાય છે. એટલે ઉગા ખાચર લીંબડી અને વઢવાણ પહોંચ્યા. મહામુસીબતોએ ઠાકોરોને મળ્યા. તેમના કુંવરો સલામત હોવાનું જણાવ્યું. કાગડો કાગડાની માટી ન ખાય તેવી ખાત્રી કરાવી. કુંવરો રાજાઓને સલામત રીતે પહોંચાડી સોંપી દીધા.

બન્ને રાજવીઓ ખુશી થયા. ઉગા ખાચરની રખાવટથી પસંદ થયા. ઉગા ખાચરને, લીંબડી ઠાકોર રાઈ અને સમળા બે ગામો બક્ષિસ કર્યાં. વઢવાણ ઠાકોરે ટીંબા અને સાંકળી નામે બે ગામોની તેને બક્ષિસ કરી. સમળા અને ટીંબા, વખત જતાં ઉગા ખાચરના વારસદારના હાથમાંથી છૂટી ગયાં. રાય અને સાંકળી તેમણે દેસાઈ-કુટુંબને બક્ષિસ નહોતાં કર્યાં ત્યાં સુધી ભોગવ્યાં હતાં.

સૂબાના ઉધામાએ સૂબાને પૂરો કર્યો. કાઠી ડાયરાની એકતા અને બહાદુરીનાં વખાણ થયાં.

કાઠી રાજવંશની યશગાથા લખાય તો તેમાં તે વાત તો જરૂરથી લખાવી જોઈએ કે જ્યારે ક્ષત્રિય રાજકુળોની કુંવરીઓ લેવા તુરકાણોએ તરખરાટ બોલાવ્યો હતો ત્યારે જાગીર બચાવવા કે વધારે મેળવવાના લોભમાં કદી કાઠી ક્ષત્રિયોએ પોતાની એક પણ કુંવરીને તુર્કોને પરસી ન હતી. જેતપુર અને તુરખા ઉપર આફતોનાં વાદળ છવાયાં છતાં તેનો મુકાબલો કરી લીધો હતો.

૦ ૦ ૦

સેવાના નીમધારી

કાઠી ક્ષત્રિયો પંજાબ-બાજુએથી સિંધ-કચ્છમાં થઈને સૌરાષ્ટ્રમાં આવેલ હતા. પાવરગઢમાં ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે પોતાના પશુધનને બચાવવા તેઓ સૌરાષ્ટ્રમાં આવ્યા. થાન-ચોટીલા તેમનાં પ્રથમ સ્થાનક હતાં. તે તરફમાં મોટા ચરિયાણ વિસ્તાર હજુ પણ નજરે પડે છે. પશુધન તેમને પ્રાણથીય પ્યારું હતું એટલે આ વિસ્તાર તેમને વધુ ગમ્યો હશે.

ગાય, ભેંસ અને જાતવંતા ઘોડા પ્રત્યે ખૂબ મમતા ધરાવતા હતા. તે જમાનામાં તેઓ જાનવરોના સંવર્ધનની પ્રક્રિયાઓથી વાકેફ હશે તેવું એક અનુમાન થાય છે, કારણ કે કાઠિયાવાડી ઘોડાઓની આ દેશને દેણગી આપનારા કાઠી ક્ષત્રિયો જ છે.

માલ ઢોરની મમતાના કારણે તેના ઉપચાર અને સારવારથી પણ તેઓ ખૂબ જાણકાર જણાતા હતા. વારંવાર ધિંગાણાં થતાં તેથી મનુષ્યોના પાટાપીંડા, હાડવૈદું વિ. બાબતોમાં પણ તેઓમાં કાબેલિયત હતી - ઉત્તમ પ્રકારની હિકમત હશે. કંઈક વારસાગત અને કંઈક પ્રત્યક્ષ અનુભવથી પશુઓ અને માણસોનું વૈદું તેઓ જાતે કરી લેતા હતા. વળી ત્યારે વૈદ્ય-ડૉક્ટરો કે દવાખાનાં તો હતાં જ નહિ. તે કારણે તેઓ સ્વાવલંબી બન્યા હશે - અનુભવે તે કામમાં સિદ્ધિ પ્રાપ્ત કરી હશે. જીવાવાળા અને સુરગભાઈ ધાધલની જૂના જમાનાની   હમણાં સુધી આવી સિદ્ધિઓ પ્રત્યક્ષ જોવા મળતી હતી. તાજો દાખલો લઈએ તો ખાંભા તાલુકામાં અત્યારે આવેલ નાની-ધારી ગામના જીવાભાઈ વાળા દરબાર હતા. તેઓની પાસે પશુસારવાર હાડવૈદું, માણસનું હાડવૈદું (અને ક્યારેક સારવાર માટે પણ)નો તેમની પાસે ખૂબ ઊંચા પ્રકારનો કસબ હતો. હાડકાના ભુક્કા બોલી ગયા હોય તેને સાંધીને વખતસર દર્દીઓને તેઓ સાજા કરતા.

બહુ દૂર દૂરના માણસો, માણસ અને પશુના હાડવૈદ્ય માટે અવિરત આવતા હતા. જાનવરની બીમારીનું ચોક્કસપણે તેઓ નિદાન કરી શકતા - સારવાર આપી શકતા - સાજા કરી શકતા. આ તેમની વારસાગત મળેલી હિકમત ઉપરાંત પોતાની કોઠાસૂઝનું પરિણામ ગણાતું. આવા દર્દીઓનો સતત ધસારો રહેતો તેથી તેમણે પોતે તેમની વાડીયેએ મકાન બનાવી ત્યાં જાતે રહેતા કે જેથી દર્દીઓને રોકાવા ઊતરવાની સગવડ આપી શકાય. રોજના ૧૦-૨૦ દર્દીઓ બીનચૂક દૂરથી ત્યાં આવતા અમોએ નજરે જોયા છે. વળી કોઈનીય રાતી પાઈ પણ તેઓ લેતા નહિ તેમનું કુટુંબ ખેતી કરતું હતું. તેઓ સુખી હતાં. પાટાપીંડીનાં સાધનો જેમની પાસે ન હોય તેમને તે વિનામૂલ્યે આપતા. ટંક-બપોર આવેલા માણસો તેમના રસોડે જમતા. જરીકેય આભારની લાગણી વ્યક્ત થવા દીધા સિવાય, જાણે કે આ સેવાકાર્યમાં તેમનું મન કોળામણ પકડતું હોય તેમ આવતું અને આઝારો સાથે હસી-બોલીને તેનું અર્ધું દુઃખ ભુલાવી દેતા હતા. આવા હતા સેવાના એ નીમધારી, નાની ધારીના એ જીવાબાપુ. તેમના પહેલાં દશેક વર્ષ

અગાઉ આવા ઉત્તમ પ્રકારના હાડવૈદ્ય જસદણ પરગણાના સુરગભાઈ ધાધલે થઈ ગયા. તે પણ આવા કામના નિષ્ણાત અને સેવાભાવી હતા.

વિના વળતરે માણસ અને પશુઓની સેવા કરનારાઓનું 'મિશન' હતું. માત્ર વળતર વગર જ નહિ પણ આવા પુણ્યકાર્યની લગરીકેય રેખા ઊપસવા દીધા સિવાય તેઓ આવા દુ:ખિયાનાં દુ:ખ મટાવવા સદાયે તત્પર રહેતા. તેઓના સેવાકાળને કોઈ બંધન ન હતાં. ભલેને દર્દી રાતના બાર વાગે પણ આવે.

o o o

ગોદડવાળા

અનોખા નીમધારી અને અનોખા સેવાધારી એવા હાલના ખાંભા તાલુકાના ગામ સમઢિયાળાના દરબાર ગોદડવાળા એક અલૌકિક પુરુષ થઈ ગયા. પુરુષ કરતાં તેને દેવ ગણવા જેવું તેનું વ્યક્તિત્વ હતું. અત્યારનાં સરકારી દવાખાનાઓ અને સરકારી દાક્તરોની મનોવૃત્તિ તેમજ કામગીરીથી આ વિસ્તારના લોકો તંગ આવી જાય છે ત્યારે હજુ પણ બાપુ ગોદડવાળાને યાદ કરે છે.

ગાયકવાડ સરકારે અમરેલી જિલ્લામાં પોતાની હકૂમતનો પાયો નાખી દીધો હતો અને ગાયકવાડી સૂબો અમરેલીમાં રહી જિલ્લાનો વહીવટ ચલાવતો થયો હશે તે અરસાની આ વાત છે.

ગોદડવાળાએ સમઢિયાળા ગામમાં મનજી પટેલ નામના ખેડૂતને રહેવા માટે પોતાની માલિકીનાં મકાનો આપેલાં. લાંબા સમય સુધી તેનો કબજાહક્ક રહ્યો. ત્યારે ટેનન્સી ધારા કે રેન્ટ ઍક્ટના કાયદા અમલમાં ન હતા છતાં મનજી પટેલે અમરેલીના સૂબાની કોર્ટમાં મકાનની માલિકી પોતાની કરવા દાવો દાખલ કર્યો. બે-ત્રણ તારીખો પડી ચૂકી હતી. બન્ને પક્ષકારોએ હાજર રહી જવાબો કર્યા હતા.

આખરની તારીખ હતી. પક્ષકારોને ફરીથી સાંભળીને આજે સૂબાસાહેબ પોતાનો ઠરાવ આપવાના હતા. ત્યારે મુદતે હાજર રહેવા ગોદડવાળા પોતાનો સાંઢિયો લઈને સમઢિયાળાથી સવારમાં જ રવાના થઈ ગયા હતા.

અમરેલીનો પંથ કાપતાં કાપતાં ગોદડવાળા જ્યારે સાજીયાવદર અને વાંકિયા ગામની પધોરમાં આવ્યા ત્યારે તેમણે ખેતરમાં એક હરણીને પીડાતી ભાળી. તેમણે એક ઝાડવા નીચે પોતાનો સાંઢિયો ઝુકાવ્યો. સાંઢિયાની સરક ઝાડ સાથે થોભાવી. સાંઢિયા ઉપર પાણીની બદક હતી તે ઉતારી હાથમોઢું ધોયાં, થોડુંક પાણી પીધું અને હરણી પડી હતી તે તરફ ચાલ્યા. હરણી અતિશય પીડાથી પીડાતી જણાઈ. પગ ઢસડી-ઢસડી આજુબાજુમાં ખેતરાઉ માટીમાં ખાડા પડી ગયા હતા. હરણીની આંખો અધ્ધર ચડી ગઈ હતી. અર્ધી બેશુદ્ધ અવસ્થામાં તે તેના શરીરના આમળસેટા લેતી હતી.

ગોદડવાળા પાસે પ્રસૂતિપીડા મટાડવાની એક અનોખી હિકમત હતી. પશુ

હોય કે બાઈ માણસ તેને પ્રસૂતિ ન થતી હોય અને પીડાતા હોય તો ગોદડવાળા પોતાની આંગળીઓના કસબથી ઉપચાર કરી, ગણતરીની મિનિટોમાં, પ્રસૂતિ કરાવી તેની પીડા મિટાવી શકતા હતા. આ અલૌકિક વિદ્યા તેમને વારસાગત હતી. ગોદડવાળાએ તેમાં ઊંચી નિપુણતા મેળવી હતી. તેને આંગણે રોજિંદા આવા બે-ચાર કેઈસ આવતા. બને ત્યાં સુધી પોતે બહારગામ ઓછું જતા. આવી તકલીફ જેને ત્યાં ઊભી થઈ હોય તેણે માત્ર ગોદડવાળાને જાણ જ કરવાની હોય. ગમે તે ટાણે તેવી જાણ કરી શકાતી હતી. જાણ થાય કે તુર્ત, પળના વિલંબ વગર ગોદડવાળા, પોતાના સાંઢિયા કે ઘોડા ઉપર સવાર થઈ તુર્તાતુર્ત સ્થળે પહોંચી જતા. બબ્બે કે ત્રણ ત્રણ જીવોને બચાવવાનું મહાપુણ્ય કમાવામાં જરીકેય કસર ન આવવા દેતા. તેમના પ્રયાસો કોઈ ધનલાલસાથી ન હતા. માત્ર માનવતા ખાતર તેઓ પોતાની વિદ્યાનો થઈ શકે તેટલી ત્વરિત ગતિએ ઇલાજ કરતા હતા. બથરા કે ત્રણથરા જીવોને બચાવવા તેમની જીવદયા ચોક્કસપણે કામિયાબ બનતી હતી.

પ્રસૂતાના પેટ ઉપર પોતાના હાથની આંગળીઓથી અવયવો તપાસી, હળવે હળવે તેનાથી માલિસ કરી પેટમાં વિકૃત રીતે સ્થાન પામેલ ગર્ભના બચ્ચાઓને યોગ્ય સ્થળે ગોઠવતા અને સહજવારમાં પ્રસૂતિપીડા મટાડતા હતા.

ગોદડવાળો રિબાતી હરણી પાસે પહોંચીને તેના હાવભાવ જોવા લાગ્યો. હરણી જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતી દેખાઈ. ગોદડવાળા તેની પાસે બેસી ગયા. ખંભેથી પછેડી ઉતારી, પોતાના બન્ને ગોઠણ ઉપર ગોઠવી, હણકી અને પોતાના શરીર વચ્ચે અંતરવાસ ઊભી કરી. હેતુ માત્ર એટલો હતો કે હણકીને પ્રસૂતિ થાય તો પોતાનાં કપડાં ન બગડે. તેમને કપડાં બગડવા દેવાં પાલવે તેમ ન હતું. કારણ કે આજે તેમને અમરેલીના સૂબાસાહેબ સામે ઊભું રહેવાનું હતું.

સમય વહ્યો જતો હતો તેનું તેને ભાન હતું. આજે અગિયારના ટકોરે સૂબાની કોર્ટમાં બીનચૂક પહોંચવાનું છે તે તેઓ જાણતા હતા. જો વખતસર ન પહોંચાય તો દાવો તેમના ગેરફાયદામાં ઊતરે તેમ હતો. મરાઠા અમલદારે છેલ્લી તારીખે તેમને તાકીદ પણ કરી હતી કે કોઈ સંજોગોમાં બીજી મુદત અપાશે નહિ. પક્ષકાર પૈકીના કોઈ ગેરહાજર હશે તો કામ એકતરફી પણ ચલાવીને હવે પૂરું કરવામાં આવશે તેવી આકરી તાકીદથી તેઓ જાણકાર હતા.

પણ ગોદડવાળાને મન હરણી અને તેનાં બે બચ્ચાંની જિંદગી વધુ કિંમતી લાગી હતી. તે કામ ધીરજનું હતું. ઉતાવળ થાય તો જીવહાનિનો સંભવ હતો. ગોદડવાળાનો નિર્ણય હતો કે મકાનો જાય તો ભલે જાય ભગવાને તેને ઘણું આપ્યું છે. દિલ્હીના બાદશાહ સામે ચારણે હોડ બકી ત્યારે ધાનવાળાના સાત પુત્રો બદલ સાત હરણની આંખો દરબારમાં દેખાડવામાં આવી હતી. આ મૂંગાં પશુઓના ભોગને વર્ષો વીતી ગયાં હતાં. છતાં વાળા ગળઢેરાઓ તો તેને કાલનો પ્રસંગ માની કાયમના અહેસાનમંદ રહ્યા છે. તેવો કાઠી ગળઢેરો, પોતાના મકાનલોભની દરકાર કરવા

તૈયાર ન હતો. ભગવાન સૂર્યનારાયણ જે કરે તે, પણ હરણી અને તેનાં બચ્ચાંનો જીવ બચાવવા તે કૃતનિશ્ચયી હતો.

ગોદડવાળાએ હરણીના પેટ ઉપર પોતાની આંગળીઓના સ્પર્શથી પેટમાં બચ્ચાંની સ્થિતિની તપાસ કરી. હરણીને પીડા ન વધે અને બચ્ચાં સલામત રહે તે રીતે હળવા હાથનો માલિસ શરૂ કરી. આસ્તે આસ્તે બચ્ચાંઓ ગર્ભમાં તેને મૂળસ્થાને ગોઠવાતાં થયાં તેમ હરણીની પીડા ઓછી થઈ. મૂંગું પ્રાણી પણ પોતાના ઉપર ઉપકાર કરનારને પોતાના હમદર્દી તરીકે ઓળખી શકે છે. તેણે પોતાની દયાભરી દૃષ્ટિ ગોદડવાળા ઉપર માંડી ત્યારે ગોદડવાળાને અહેસાસ થયો કે હરણીની પીડા ઓછી થઈ ગઈ છે. પ્રસૂતિને હવે વાર નહિ લાગે. ત્રણ જીવ બચી જશે. ગોદડવાળાએ જાણ્યું જ હતું કે હરણીના પેટમાં બે બચ્ચાં અંતિમ શ્વાસ ખેંચતાં હતાં. ગોદડવાળાની કાળાકોપની મહેનત અને મૂંગાં પશુને ગોદડવાળાને જસ દેવા નિર્માણ થયેલ હશે તે હરણીને પ્રસુતિ થઈ ગઈ. બે જીવતાં બચ્ચાંઓએ નિર્જન વગડામાં જન્મ લીધો. હરણી શુદ્ધિમાં આવી. તેણે પોતાના જીવન-દાતા તરફ અહેસાનભરી આંખે દૃષ્ટિ કરી અને પોતાનાં બચ્ચાંઓની ઓળ ચાટવાના કાર્યમાં લાગી ગઈ. શુદ્ધિમાં આવ્યા છતાં તેને ગોદડવાળા કોઈ પરાયો જણ હોય તેવું તેને ન લાગ્યું. તેનો કોઈ પણ જાતનો ભય રાખ્યા વગર તે પોતાનું કાર્ય કરવા લાગી.

પોતાની મહેનત કામયાબ થઈ એટલે ઊભા થઈ ગોદડવાળા સાંઢિયો જૂકાર્યો હતો ત્યાં આવ્યા.

બદકમાંથી પાણી કાઢી હાથ મોં ધોયાં. બગડેલી પછીડી બોરડીના જાળામાં ફેંકી દીધી હતી. પછી નમતા ભગવાન સૂર્યનારાયણનાં દર્શન કરી પોતાની મહેનત ફળ્યાના અહેસાસરૂપ વંદન કરી, સાંઢિયો પલાણી, અમરેલી જવા રવાના થયા.

વખત ઘણો વહી ગયો હતો. કોર્ટમાં હવે કામ ચાલી ગયું હશે તેવો ગોલડવાળાને અણસારો આવ્યો. પણ શું થયું તે જાણવાની તેની ઈંતેજારી ખાતર સૂબાસાહેબની કોરટમાં હાથ જોડી ઊભા રહ્યા.

સૂબાસાહેબે આવનાર વ્યક્તિની ઓળખાણ પૂછી. નામઠામ પૂછ્યાં તે આપ્યાં ત્યારે સૂબાસાહેબ બોલ્યા કે દરબાર તમે મોડા આવ્યા છો. કામ ચાલી ગયું છે. હુકમ એકતરફી થયો છે. મકાન મનજી પટેલને સોંપી આપવા નિર્ણય લેવાણો છે.

જેવી દાદાની મરજી કહી ગોદડવાળાએ અમરેલીથી સાંઢિયો પલાણ્યો. પોતાને મિલકતનું નુકસાન થયું તેનું તેને રજમાત્ર દુઃખ ન થયું. તે વાતને તેણે ધ્યાનમાં જ ન લીધી. તેને તો મનમાં ત્રણ જીવ બચાવ્યાનો આનંદ જ હતો. આનંદ જ હતો. તે સિવાય તેના મગજમાં બીજું કશું જ ન હતું.

તે આનંદમાં ને આનંદમાં ગોદડવાળા ધારગણી ગામના પાદરમાં પહોંચ્યા. પોતાના જાયભાઈ તેવા ધારગણીના ગીરાસદાર દરબાર માત્રાવાળા સાંભર્યા. તેને થયું કે અહીંથી નીકળ્યો જ છું તે તેમને મળતો જાઉં.

લાંબા સમયના અંતર પછી ગોદડવાળા અહીં માત્રાવાળાને મળતાં, બન્ને મિત્રોને આનંદ થયો. કાવા-કસુંબા લેવાણા, થઈ-થાવાની કરી ત્યાં તો વાળુટાણું થઈ ગયું. વાળુપાણી કરી, ચોપાટમાં પથારીઓ તૈયાર થઈ ગઈ ત્યાં બન્ને મિત્રો પહોંચી ગયા.

માત્રાવાળાના ભાવે આજે ગોદડવાળાને ધારગણી રોકી દીધા હતા. દિવસ આખાની સાંઢિયા-સવારી પછી ગોદડવાળાનું શરીર આરામ માગતું હતું. શરીરને બીજી પણ કાહટી પડી હતી તેથી મીઠી ઊંઘ આવી ગઈ.

અધરાત ભાંગવાના ટાણે કોઈકે માત્રાવાળાના ગઢના દરવાજાની સાંકળ ખખડાવી દરવાજામાં જ ચોપાટનું બારણું પડતું હતું. તેથી માત્રાવાળાએ, કોણ છે તેમ પૂછી દરવાજો ઉઘાડ્યો. દરવાજો ઉઘાડતાં જ, માત્રાવાળાને, કોઈ કબરમાંથી ઊભો થયેલ માનવી હોય, તેવો મુખ ઉપરના હોંશકોશ વગરનો આદમી ઘોડું લઈ ઊભેલો દેખાયો. તેનાં નામ-ઠામ પૂછ્યાં તો તેણે પોતાને સમઢિયાળાનો મનજી પટેલ તરીકે ઓળખાવ્યો. ત્યાં તો પથારીમાંથી સફાળા ઊભા થઈ ગોદડવાળા પણ ત્યાં આવી પહોંચ્યા. તેણે આવેતુને મનજી નામે ઉદ્દેશી કેમ અત્યારે આવવું થયું તેમ પૂછ્યું. મનજીએ કહ્યું કે બાપુ હું તમારો ગુનેગાર છું. પણ બે જીવ અત્યારે મરણપથારીએ છે એટલે આવ્યો છું. હમણાં જો આવો તો મારું ઘર ભાંગતું આળશે અને બાળક બચી જાય.

દરબાર ગોદડવાળાનું મકાન જેણે પચાવી પાડ્યું તે મનજી, પોતાનું ઘર ભાંગતું બચાવવા અત્યારે ગોદડવાળા સામે આવી કાકલૂદી કરતો હતો. તેના મોંઢા ઉપર પોતે કરેલ અપકારની શરમના શેરડા દેખાઈ આવતા હતા. તેને ભય હતો કે બાપુ આવશે કે નહિ? તેથી તે વિવશ પણ હતો.

પણ ગોદડવાળો તો સેવાનો વ્રતધારી-નીમધારી પુરુષ હતો. તેણે મનજીને સૂબાના ફેંસલાની એક પણ પૂછી નહિ અને માત્રાવાળાને કહ્યું કે હવે મેં થી નહિ રોકાવાય. તેણે મનજીને રવાના થવા કહ્યું. પોતે તુર્ત જ સાંઢિયો છોડ્યો અને સમઢિયાળા પહોંચવા સાંઢિયાને ઝડપથી હંકારી મૂક્યો. સમઢિયાળા પહોંચીને ગોદડવાળાએ સીધો જ સાંઢિયો મનજી પટેલની ડેલી આગળ ઝુકાર્યો.

મનજી પટેલનાં મા ડેલીએ વાટ જોઈને જ ઊભાં હતાં. છોરું કછોરું થાય પણ માવતર કદી કમાવતર ન જ થાય તે હું જાણતી જ હતી તેમ કહી તેમણે બાપુને આવકાર્યા.

ગોદડવાળાએ કહ્યું કે બીજી વાતો પછી થાશે. તેમ કહી તેણે, પોતાની પાસેના પનિયાને ઊભું સંકેલી તેના પોટ પાડી પાટો બનાવ્યો અને મનજી પટેલનાં માને કહ્યું કે બેન આ પાટો મારી આંખ ઉપર બાંધી દ્યો. પ્રસૂતાની એબ ન જોવા આ ભેખધારીએ પોતાની આંખ ઉપર પાટો બંધાવ્યો અને પછી પોતાને બાવડું ઝાલીને પ્રસૂતાના ખાટલા પાસે લઈ જવા કહ્યું. તેમ કરવામાં આવ્યું.

પ્રસુતાના ખાટલે પહોંચી દરબાર ગોલણવાળાએ પોતાના આંગળાનો કસબ અજમાવ્યો. વર્ષોની તેમની કાબેલિયતે તેમને સફળતા આપી અને મનજીના ઘરે દીકરો જન્મ્યો. જન્મ-મરણ વચ્ચે જોલાં ખાતા બે જીવ બચી ગયા.

ઘર આખું ખુશીમાં આવી ગયું. નીમધારી સેવાભાવી દરબાર ગોદડવાળાએ ખીસામાંથી પાંચ રૂપિયા કાઢી બાળકના કડિયાના કરીને આપ્યા.

આજે ગોદડવાળાનો નશ્વરદેહ ભલે અસ્તિત્વ નથી ધરાવતો પણ આ નીમધારી અને સેવાના વ્રતધારી દરબાર ગોદડવાળાને આ પંથકમાં સૌ યાદ કરે છે, તેમની સેવાને બિરદાવે છે. આવા વ્રતધારીઓથી જ કાઠી ક્ષત્રિય સમાજ ઊજળો છે. લઘુતાગ્રંથિથી પીડાતાં કંઈક પરિબળો કામ કરી ગયાં તોય આજે ગામડે ગામડે તેની મહોબત ગહેકા લઈ રહી છે. તેના નાના છોકરાનેય સૌ બાપુ કહીને નવાજે છે.

પાદટીપ – અનુક્રમ

૧. ફાર્બસ રાસમાળા પાન ૧૨૨ની ફૂટનોટ ઉપરથી.
૨. કર્નલ ટોડનો રાજસ્થાનનો ઇતિહાસ ગ્રંથ-૧ના પાન ૧૨૨ની ફૂટનોટ ઉપરથી
૩. શંભુપ્રસાદ દેસાઈનો સૌરાષ્ટ્રનો ઇતિહાસ
૪. - એજન -
૫. ઇન્ડિયન એન્ટિક્વિટી, નવેમ્બર ૧૮૭૮ (કાઠી વિષે) પાન ૩૨૧, લે. કર્નલ વૉટ્સન
૬. વિદ્વાન ઇતિહાસકાર શંભુપ્રસાદ દેસાઈનો સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પાન ૪૬૪.
૭. - એજન -
૮. કર્નલ ટૉડનો રાજસ્થાનનો ઇતિહાસ ગ્રંથ - ૧, પાન ૬૫૫.
૯. વિદ્વાન લેખક ગુણવંતરાય આચાર્યની 'ભલે ઉગાભાણ'ની પ્રસ્તાવનામાંથી.
૧૦. કાઠિયાવાડના બહારવટીઓના ઘોડાઓ પરત્વે આઈ. એસ. અંગ્રેજ અફસર, સી. એફ કીનકેઈડ સબંધે, ઝવેરચંદ મેઘાણીના લોકસાહિત્ય વિવેચનના પાન ૨૦થી ૨૨ ઉપરથી.
૧૧. કાઠિયાવાડનો ઇતિહાસ, કેપ્ટન બેલ.
૧૨. કાઠિયાવાડ સર્વસંગ્રહ, કર્નલ વૉટ્સન
૧૩. શ્રી યદુવંશ પ્રકાશ, માવલદાનજી રત્નુ.
૧૪. કર્નલ વૉટ્સનકૃત કાઠિયાવાડ સર્વસંગ્રહ.
૧૫. - એજન -
૧૬. માવલદાનજી રત્નુ લિખિત : યદુવંશ પ્રકાશ.
૧૭. કર્નલ વૉટ્સનકૃત કાઠિયાવાડ સર્વસંગ્રહ.
૧૮. જેમ્સ એમ. કેમ્પ બેલના 'હિસ્ટ્રી ઑફ ગુજરાત', પાન ૯૯.
૧૯. કર્નલ ટોડના રાજસ્થાનના ઇતિહાસનું ગુજરાતી ભાષાંતર રણછોડભાઈ ઉદયરામે કર્યું છે.
૨૦. શ્રી અજીતસિંહજી ગોહિલ, રાજપૂત વંશ સાગરના વિદ્વાન લેખક
૨૧. કર્નલ ટોડનો રાજસ્થાનનો ઇતિહાસ, ભાગ ૧લો.
૨૨. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, શંભુભાઈ દેસાઈ.
૨૩. રાજસ્થાનનો ઇતિહાસ, ગ્રંથ ૧, કર્નલ ટોડ.
૨૪. 'ગોરખકુળ' ટોડ સન્યાય, પા. નં. ૪૯ અને રાજપૂતોનો ઇતિહાસ, પા. નં. ૧૯.

૨૫. દરબાર અનકવાળાનો 'સૌરાષ્ટ્રના શૂરાઓ' એ નામક તા. ૧૨-૧૨-૬૪નો અંગ્રેજી લેખ.

૨૬. શ્રી શંભુભાઈ દેસાઈ, સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પા. નં. ૧૮૬થી ૧૮૮.

૨૭. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, શંભુભાઈ દેસાઈ.

૨૮. દુહામાં બતાવેલ સંવત સાલની ખાત્રી ન હોવા છતાં હકીકત દર્શાવવાના હેતુથી ટાંક્યા છે.

૨૯. વળા.

૩૦. વઢવાણ.

૩૧. ઓરા.

૩૨. કાઠિયાવાડ સર્વસંગ્રહ, કર્નલ વૉટ્સન, પાન ૫૬૭.

૩૩. ફાર્બસ રાસમાળા.

૩૪. શંભુપ્રસાદ દેસાઈ, સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પાન ૩૨૨.

૩૫. History of Gujarat by James M. Campbel, Page 99 - 100.

૩૬. કાઠિયાવાડ સર્વસંગ્રહ, લે. કર્નલ વૉટ્સન, પાન ૮૦.

૩૭. ફાર્બસ રાસમાળા, પાન ૫૫૯.

૩૮. સુરસિંહજી, રાઠોડ દર્શન, પાન ૧૮.

૩૯. શંભુભાઈ દેસાઈ, સૌ. નો ઇતિહાસ પાન ૩૧૭ની ફૂટનોટ.

૪૦. ફાર્બસ રાસમાળા, પાન ૫૫૦.

૪૧. સૌરાષ્ટ્રના સુરા નામક, ભાયાવદર દ. શ્રી અનકવાળાના ઈ. સ. ૧૯૬૪ના લેખમાંથી.

૪૨. શંભુભાઈ દેસાઈ, સૌ.નો ઇતિહાસ, પાન ૪૬૭.

૪૩. યદુવંશ પ્રકાશ, કવિ માવલદાનજી રત્નુ, પાન ૭૨.

૪૪. યદુવંશ પ્રકાશ, કવિ માવલદાનજી રત્નુ, પાન ૧૬૮.

૪૫. "સિંધ ઔર કચ્છ - કાઠિયાવાડ કે પારસ્પરિક સંબંધ" નામક સિંધ અકાદમી, દિલ્હીની પુસ્તિકા, લે. જયંત રેલવાણી.

૪૬. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સૌપ્રથમ કુલપતિ ડોલરરાય માંકડે ઈ. સ. ૧૯૭૧ આસપાસ જૂના સૂરજદેવળની મુલાકાત લીધેલ. ત્યાં તેમણે લખાણો ઉપરથી એક પાળિયાને મુળચંડ વાળાના પાળિયા તરીકે ઓળખ્યો હતો. તેની વંશાવળી જાણવા સાંથળી દરબાર પુંજા વાળા પાસે આવેલા. વાળાઓના વહીવંશા પાસેથી તે યુનિવર્સિટીમાં લઈ ગયેલા.

૪૭. કવિ માવલદાનજી રત્નુ, યદુવંશ, પાન ૮૦ થી ૮૪ ઉપરની હકીકતથી.

૪૮. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, શંભુભાઈ દેસાઈ.

૪૯. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, શ્રી શંભુભાઈ દેસાઈ.

૫૦. કાઠિયાવાડ સર્વસંગ્રહ, કર્નલ વૉટ્સન.

૫૧. ધાનવાળાથી સૌરાષ્ટ્રમાં ઊતરી આવેલા, વલ્લભીના વારસ વાળાઓની અસલિયત જાળવવા, તેઓ મૂળ અને અસલ વાળા છે તેના નિરદેશકપણા માટે તેમની શાખાને શાખાયત કહી છે, જ્યારે અવરતિયા શબ્દમાં, તે સિવાયના બધા તેવો સૂચિતાર્થ છે.

૫૨. કઠ પ્રદેશમાંથી સૌરાષ્ટ્રમાં ઊતરી આવેલા, કાઠક કોમોને ટૂંકાણમાં કાઠ તરીકે ઓળખવામાં આવે છે.

૫૩. ભૂપત શબ્દ 'વરરાજા'ના સ્થાને વપરાયો જણાય છે.

૫૪. 'હિસ્ટ્રી ઑફ કાઠિયાવાડ', લે. કેપ્ટન એચ. વિલ્બર ફોર્સ બેલ (પ્રીફેસ)

૫૫. કાઠિયાવાડ સર્વસંગ્રહ, લે. કર્નલ વૉટ્સન, પાન ૭૯.

૫૬. એજન, પાન ૭૯.

૫૭. ચુડાસમા રાજવંશનો ઇતિહાસ, લે. ડા. વિક્રમસિંહ બી. રાયજાદા, પાન નં. ૧૨.

૫૮. - એજન, પાન ૨૧૧.

૫૯. દીકરા પછીથી દીકરાની પેઢી ચાલી કહેવાય છે તેમ દીકરી પછીની દીકરીને 'ધુણી' કહેવાય છે.

૬૦. કાઠિયાવાડ સર્વસંગ્રહ, પાન ૭૯.

૬૧. રાજસ્થાનનો ઇતિહાસ, ગ્રંથ ૧લો, પાન. ૭૧૮.

૬૨. શ્રી શંભુપ્રસાદ દેસાઈ, સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પા. નં. ૫૧૪

૬૩. દુહાઓમાં સંવત - સાલ આપવામાં આવ્યા છે તે વજૂદવાળા હોવાની ખાત્રી ન ગણાય છતાં હકીકતમાં સમર્થન માટે ટાંક્યા છે.

૬૪. ફાર્બસ રાસમાળા

૬૫. કર્નલ વૉટ્સનનો કાઠિયાવાડ સર્વસંગ્રહ.

૬૬. યદુવંશ પ્રકાશ, માવલદાનજી રત્નુ.

૬૭. કે. વિલ્બરફોર્સ-બેલ - કાઠિયાવાડનો ઇતિહાસ, પાન ૬૭.

૬૮. શ્રી શંભુપ્રસાદ દેસાઈનો સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પાન ૪૭૪

૬૯. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, શંભુપ્રસાદ દેસાઈ, પાન ૪૬૯.

૭૦. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, શંભુપ્રસાદ દેસાઈ, પાન ૪૭૨.

૭૧. - એજન -

૭૨. - એજન -

૭૩. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, શ્રી શંભુપ્રસાદ દેસાઈ.

૭૪. વિલ્બરફોર્સ બેલનો કાઠિયાવાડનો ઇતિહાસ (અંગ્રેજી).

૭૫. કેપ્ટન બેલનો કાઠિયાવાડનો ઇતિહાસ, પ્પોાન ૧૩૯.

૭૬. - એજન -

૭૭. કર્નલ વૉટ્સન, કાઠિયાવાડ સર્વસંગ્રહ.

૭૮. કર્નલ વૉટ્સનના કાઠિયાવાડ સર્વસંગ્રહ પાન ૨૮૩થી ૨૯૨ ઉપરથી.

૭૯. તે માસંગાનો કિલ્લો હશે.

૮૦. શંભુપ્રસાદ દેસાઈનો સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પાન ૪૬૭ની ફૂટનોટ ઉપરથી.

૮૧. ચંદ બરદાઈએ રચેલા 'પૃથ્વીરાજ રાસામાં' સોમેશ્વરનો નાશ અને પ્રીથીરાજને રાજ્યાભિષેક તેવા નામના ફાર્બસ ગુજરાતી ગ્રંથમાળાના એક હસ્તલિખિત પુસ્તકની પ્રસ્તાવના ઉપરથી (ફાર્બસ ગ્રંથમાળાના હસ્તલિખિત પુસ્તકોની સૂચિમાંથી)

૮૨. કર્નલ વૉટ્સનનું કાઠિયાવાડ સર્વસંગ્રહ, પાન ૫૮૦.

૮૩. શિહોરની નદીને કાંઠે ધુણાજીનો પાળિયો છે. તેની પાછળ સતી થનાર બે રાણીના પણ પાળિયા છે. તેમાં એક કર્માવતીનું નામ વંચાય છે.

૮૪. કર્નલ વૉટ્સનનું કાઠિયાવાડ સર્વસંગ્રહ, પાન ૨૯૫ ઉપરથી.

૮૫. ફાર્બસ રાસમાળા, પાન. ૭૧૬.

૮૬. કેપ્ટન એચ. વિલ્બરફોર્સ બેલના અંગ્રેજી પુસ્તક કાઠિયાવાડનો ઇતિહાસ, પાન. ૧૦૬.

૮૭. કેપ્ટન એચ. વિલ્બરફોર્સ બેલનો અંગ્રેજી કાઠિયાવાડનો ઇતિહાસ, પાન ૧૦૬.

૮૮. શ્રી માવલદાન રત્નુકૃત યદુવંશ પ્રકાશ, પાન ૧૯૧.

૮૯. માવલદાનજી રત્નુકૃત યદુવંશ પ્રકાશ, પાન ૧૯૨ (દશામી કળા)

૯૦. કર્નલ વૉટ્સનકૃત કાઠિયાવાડનો સર્વસંગ્રહ, પાન ૨૯૫.

૯૧. ફારબસકૃત રાસમાળા, ભાષાંતરકાર રણછોડરાય ઉદયરામ, પાન ૭૧૬.

૯૨. માંચા વાળા ભાયા વાળાએ ઈ. સ. ૧૬૨૫માં બગસરા લીધું.

૯૩. માવલદાનજી રત્નુકૃત યદુવંશ પ્રકાશ, દ્વિતીય ખંડ, પાન ૩૮.

૯૪. માવલદાનજી રત્નુકૃત યદુવંશ પ્રકાશ, દ્વિતીય ખંડ, પાન ૪૨.

૯૫. 'હિસ્ટ્રી ઑફ કાઠિયાવાડ' - કેપ્ટન બેલ, પાન ૧૮૬.

૯૬. ફાર્બસ રાસમાળા.

૯૭. શંભુપ્રસાદ દેસાઈનો સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પાન ૩૨૬.

૯૮. શંભુભાઈ દેસાઈનો સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પાન ૬૬૭ પાદનોંધ.

૯૯. - એજન, પાન ૪૭૮.

૧૦૦. - એજન, પાન ૬૬૬.

૧૦૧. - એજન, પાન ૬૬૬.

૧૦૨. શંભુભાઈ દેસાઈનો સૌ. નો ઇતિ, પાન ૬૬૬.

૧૦૩. કાઠી અભ્યુદય પુસ્તક = ૧ ચૈત્ર શુદ સંવત ૧૯૮૭ તંત્રી નાજાભાઈ રાવતભાઈ ખાચર.

૧૦૪. કાઠિયાવાડ ડિરેક્ટરી, ઈ. સ. ૧૮૭૫, મુંબઈ.

૧૦૫. ભોળો ગોવાળિયો તે ગોવાળિયા શાખનો કાઠી હતો.

૧૦૬. સોવેનિયર 'પ્રયાણ'ના અંકમાંના શ્રી હરસુરભાઈ વાળા, લુંધિયાના લેખ ઉપરથી.

૧૦૭. લોકગાથા પ્રકરણમાં આ મુળુ ખાચરની વિશેષ હકીકતો નોંધી છે.

૧૦૮. ચારણી સાહિત્યપ્રદીપ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૧૦૯. પાળિયાદના કનુભાઈ ખાચર તરફથી અપાયેલ માહિતી અનુસાર.

૧૧૦. ખાચર દરબારોની ઘણી માહિતી, પ્રદ્યુમ્નભાઈ ખાચરના કાઠી ઇતિહાસ અને સંસ્કૃતિના પુસ્તકમાંથી તેમના સૌજન્યથી લીધી છે.

૧૧૧. સંગ્રહક : કનુભાઈ વી. ખાચર, પાળિયાદ.

૧૧૨. રાઠોડ દર્શન, લે. સુરસિંહજી રાઠોડ, પાન ૧૬.

૧૧૩. રાઠોડ દર્શન, લે. સુરસિંહજી, પાન ૨૧.

૧૧૪. અમરનગરના વહીવંચા બારોટ રામભાઈની વહી આધારે.

૧૧૫. કાળાવડ અંગેની અમુક વિગત, કવિ માવલદાનજીકૃત યદુવંશ પ્રકાશમાંથી લીધી છે.

૧૧૬. ઇતિહાસપ્રેમી શ્રી બી. એન. વરુ, મુ. કોટડી તરફથી મળેલ માહિતી અનુસાર.

(સમાપ્ત)



શ્રી નાજભાઈ હ. વાળા

મારા શુભેચ્છક મિત્ર અને જ્ઞાતિહિતનાં સારા કામ કરવા સદાય તત્પર એવા નાજભાઈ હરસુરભાઈ વાળા આપણી જ્ઞાતિના વિદ્યમાન વ્યક્તિ છે. મારો એમની સાથેનો પરિચય જ્ઞાતિનાં સાહિત્યનાં કારણોસર અવારનવાર થતો રહ્યો છે. એમણે જ્ઞાતિનાં-વ્યક્તિગત અને સામૂહિક હિતકર કામો કાયમ હૈયે રાખ્યાં છે એનો હું ઘણી રીતે સાક્ષી છું.

સમાજની ઊછરતી પેઢીને, આ પુસ્તકમાંથી ગૌરવભર્યું જ્ઞાન મળશે અને પોતે કેવા પ્રતાપી પુરુષોના વારસદાર છે તેનો બોધ પણ થશે. ઉપરાંત એ થોડા સાવધાન પણ બનશે કે અમારા થકી થતો સામાજિક વહેવાર અને વર્તન કેવાં હોવા જોઈએ. કમ સે કમ દુર્વ્યવહાર તો ન જ કરાય એવું આત્મભાન પણ પ્રગટશે.

કાઠી ક્ષત્રિયોનો ઇતિહાસ વાંચીને, એના સમર્પણ અને શહીદીને કારણે અન્ય જ્ઞાતિઓ પણ પોતાની સમજણ સુધારશે. જ્ઞાતિ માટેના આડેધડનાં વિધાનો અને પૂર્વગ્રહો માટે પુનઃવિચારણા કરતા થશે. **ભવિષ્યમાં આ જ્ઞાતિ પ્રત્યેની પૂર્વગ્રહયુક્ત માન્યતાઓમાં પરિવર્તન આવશે.** આમ પરસ્પરની સમજણથી શાંતિ અને સંપ જળવાતાં સામાજિક સમતુલા સ્થપાશે. આપણા ઇતિહાસનું હાર્દ અને હેતુ આ હોવાં ઘટે....

કોઈ પણ વિદ્યાવાન વિદ્વાન જ્ઞાતિજન સહજ રીતે એવું ઇચ્છે કે આ ઇતિહાસ વાંચીને, એના મંથન પછી, વર્તમાન સંજોગો અને સ્થિતિનો સમજણપૂર્વક સ્વીકાર થાય અને ધરાતળે જિવાતાં જીવનનો વાસ્તવિક વિચાર થાય, કલ્પનાના તરંગો અને અતિશયોક્તિ બાદ થાય. ભૂતકાળની ઘટનાઓ વાગોળી, શકાય પણ અમલી ન બનાવાય, અને જો આમ થાય તો જ, પાછળની પેઢીઓ, પૂર્વજોનો ઐતિહાસિક ભાર ઝીલી શકે અને જાળવી શકે.

- નાનાભાઈ હ. જેબલિયા